# ખંડ બીજો

# પરમ રહસ્ય

પ્રકરણ તેરમું

# ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ*

અર્જુનને જે જ્ઞાન શરૂઆતમાં આપવામાં આવ્યું છે તેનો છેલ્લા છ અધ્યાયોમાં જુદા સ્વરૂપમાં ગીતા ફરીથી ઉલ્લેખ કરે છે, જેથી કરીને નિમ્ન પ્રકૃતિમાંથી દિવ્ય પ્રકૃતિમાં માનવના આત્માના આરોહણનો માર્ગ વિશદ અને સંપૂર્ણ જ્ઞાનના ઉપર પ્રતિષ્ઠિત થાય. મૂળ સ્વરૂપમાં, એ જ્ઞાન તો એનું એ જ છે, પરંતુ હવે એની વિગતોને તથા જુદાજુદા સંબંધોને વધારે આગળ લાવવામાં આવે છે તથા એમનો સંપૂર્ણ અર્થભાર પણ વહેંચી આપવામાં આવે છે. જે વિચારોનું અને સત્યોનું અત્યાર પહેલાં ફક્ત ગૌણ અને અછડતું સૂચન કરવામાં આવ્યું હતું, અથવા તો, કોઈ જુદા જ ઉદ્દેશના સંબંધમાં જેમનો સામાન્ય ઉલ્લેખ માત્ર કરવામાં આવ્યો હતો તેમને હવે એમનું પૂરેપૂરું મૂલ્ય યાને અગત્ય આપવામાં આવે છે. ઉદાહરણ તરીકે, — ગીતાના પહેલા છ અધ્યાયોમાં અક્ષર પુરુષ અને ક્ષર, એટલે પ્રકૃતિના આવરણમાં ઢંકાયેલો પુરુષ એ બે વચ્ચેના ભેદ સમજવા માટે જે જ્ઞાન જરૂરી છે તેને પૂરેપૂરું અગ્રસ્થાન આપવામાં આવેલું છે, એમાં પરમાત્માના અને ઉત્તમ પુરુષના નિર્દેશો મળી આવે છે તે અતિ સંક્ષિપ્ત છે અને બિલકુલ ખુલ્લેખુલ્લી રીતે કરવામાં આવેલા નથી. ત્યાં, જગતમાં કરવાનાં કર્મોને સકારણ ઠરાવવા માટે પુરુષોત્તમનું અસ્તિત્વ સ્વીકારી લેવામાં આવ્યું છે, તથા સર્વ સત્-તાઓનો એ સાહજિક સ્વામી છે એવું વિધાન પણ કરવામાં આવ્યું છે. પરંતુ તે ઉપરાંત પુરુષોત્તમ પોતે કોણ છે તે જાણવાનું કાંઈ જ સાધન નથી, તથા વિશ્વના અન્ય પદાર્થો સાથે તેનો શો સંબંધ છે એ વિષે કશું સૂચન મળતું નથી, તો પછી એ વિચારનો વિકાસ તો ક્યાંથી જ થયો હોય? ગીતાના બાકીના અધ્યાયો આ અણપ્રકાશિત જ્ઞાનને બુદ્ધિના સ્પષ્ટ પ્રકાશમાં લાવે છે તથા તેમને સમર્થ અગ્રસ્થાને મૂકી આપે છે. આમ ગીતાના હવે પછીના છ અધ્યાયોમાં — ૭થી ૧૨માં — ઈશ્વરને, અવિદ્યા અને વિદ્યા પ્રકૃતિ વચ્ચેના ભેદને, પ્રકૃતિમાં સર્વ-સર્જક અને સર્વરૂપ તરીકે વ્યાપી રહેલાં પ્રભુનાં દર્શનને, સર્વ પ્રાણીઓમાં રહેલા એક આત્માને અગ્રસ્થાન આપવામાં આવે છે જેથી કરીને કર્મ અને ભક્તિની જ્ઞાનયોગ સાથે મૌલિક એકતા સ્થપાય. પણ હવે, પરમ પુરુષ એટલે પુરુષોત્તમ

---

*ગીતા, અધ્યાય ૧૩મો

અને અક્ષર પુરુષ વચ્ચે, જીવ અને કર્મ તથા ગુણોવાળી પ્રકૃતિ વચ્ચે ચોક્કસ સંબંધ કેવો છે તે વધારે નિર્ણયાત્મક રીતે બહાર લાવવાની જરૂર છે. આથી કરીને અર્જુનની પાસે એવો પ્રશ્ન પુછાવવામાં આવે છે જેથી અસ્પષ્ટપણે પ્રકાશિત એ મુદ્દાઓનું વધારે સ્પષ્ટીકરણ કરવાની તક મળે. અહીં અર્જુન પુરુષ અને પ્રકૃતિ વિષે જ્ઞાન મેળવવાને પ્રશ્ન પૂછે છે; સત્-તાનું ક્ષેત્ર અને એ ક્ષેત્રને જાણનાર ક્ષેત્રજ્ઞ તથા જ્ઞાન અને જ્ઞેય વિષે તે જાણવા માગે છે. અહીં આત્મા વિષેના અને જગત વિષેના સઘળા જ્ઞાનનો સમુચ્ચય આપણને જાણવા મળે છે. એટલે કે, માનવના અંતરમાં જે સ્વાભાવિક અજ્ઞાન રહેલું છે તેને દૂર ફેંકી દેવું હોય, અને જ્ઞાન, જીવન તથા કર્મનો તથા એ વસ્તુઓમાં રહેલા પ્રભુ સાથે માનવના સંબંધોનો સાચો ઉપયોગ કરવાને માર્ગે માનવે દૃઢપણે પગલાં ભરવાં હોય તો તેને માટે એ જ્ઞાન પ્રાપ્ત કરવું આવશ્યક છે.

ગીતામાં રહેલા વિચારતત્ત્વનો આખરી વિકાસ કેવો થશે તેનો ક્યાસ કાઢીને ઉપર જણાવેલા મુદ્દાઓ વિષે ગીતાના વિચારોનું તત્ત્વ અમુક અંશે આપણે અત્યાર પહેલાં સુસ્પષ્ટ કરેલું છે. પરંતુ ગીતાનું જ ઉદાહરણ અનુસરીને, આપણે અત્યારના એના મુખ્ય કાર્યના દૃષ્ટિબિંદુથી એ વિચારોને ફરીને અહીં રજૂ કરીશું. કર્મનો સ્વીકાર કરીને, આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને, પ્રભુની દિવ્ય સંકલ્પશકિતના કરણ તરીકે વિશ્વમાં દિવ્ય કર્મનું આચરણ કરવું એ બ્રાહ્મી સ્થિતિ સાથે સંપૂર્ણપણે બંધબેસતું છે એમ આપણે સ્વીકારી શકીએ છીએ. ઈશ્વર પ્રત્યે માનવ-આત્માના આરોહણની ક્રિયાનો એવાં દિવ્ય કર્મો એક અનિવાર્ય ભાગ છે, તથા ભકિત સહિત કરેલાં કર્મો અંતરમાં યજ્ઞની આહુતિ તરીકે પુરુષોત્તમને ઊર્ધ્વમાં અર્પણ કરવામાં આવે છે એ આપણે જાણીએ છીએ. તોપણ, પ્રશ્ન રહે છે કે અધોમુખ પ્રકૃતિમાંથી ઊર્ધ્વ પ્રકૃતિમાં, મર્ત્ય ચેતનામાંથી અમરતામાં આરોહણ કરવાનો આધ્યાત્મિક જીવનનો જે મહાન ઉદ્દેશ છે તેના ઉપર આ ગીતાના માર્ગની વ્યવહારુ અસર કેવા પ્રકારની થશે? સઘળું જીવન, સર્વ કર્મો પુરુષ અને પ્રકૃતિ વચ્ચેનો વ્યાપાર છે. એ પુરુષ-પ્રકૃતિના વ્યાપારનું અસલ સ્વરૂપ કેવું છે? જ્યારે એ વ્યાપાર એના ઉત્કૃષ્ટ આધ્યાત્મિક બિંદુએ પહોંચે છે ત્યારે તે કેવા પ્રકારનો થાય છે? જે માણસ જીવનના અધોગામી અને બાહ્ય ઉદ્દેશોથી મુકત થઈને અંતરમાં આત્માની સૌથી ઊંચી ભૂમિકામાં આરોહણ કરે છે તથા વિશ્વમાં એ આત્માની શકિતનાં કાર્યોનાં ઊંડામાં ઊંડાં પ્રેરક બળો સાથે પોતે એકતા કરીને તેમાં વિકાસ પામે છે તેને કેવા પ્રકારની પૂર્ણતા પ્રાપ્ત થાય છે? આ પ્રશ્નો અહીં અધ્યાહાર રહેલા છે. બીજા પ્રશ્નો પણ છે જે ગીતા ઉપસ્થિત કરતી નથી, અથવા તો, તેમના પ્રત્યુત્તર આપતી નથી, કારણ કે તે જમાનાના માનસના ઉપર એ પ્રશ્નો દબાણ કરતા ન હતા, અને વેદાંત, સાંખ્ય અને યોગના જીવન વિષેના વિચારોમાંથી જે વિશાળ

દૃષ્ટિવાળો સમન્વય કરીને તેને પોતાના સમગ્ર તત્ત્વદર્શનના આરંભબિંદુ તરીકે લઈને ગીતા આગળ ચાલે છે તેમાં એ બધા પ્રશ્નોના ઉકેલ અને ઉત્તરો એક રીતે આવી જાય છે.

અહીં વિશ્વ-પ્રકૃતિમાં દેહ લઈને વ્યક્ત થયેલો જે પુરુષ છે તેના પોતાના આત્મસાક્ષાત્કારની ત્રિપુટ વાસ્તવિકતા રહેલી છે. પ્રથમ, એ પુરુષ એક આધ્યાત્મિક સદ્‌વસ્તુ છે જે બાહ્ય દૃષ્ટિથી જોતાં, પ્રકૃતિનાં બહિર્મુખ કાર્યોને અજ્ઞાનને લઈને વશ હોય એમ જણાય છે. ત્યાં એ પુરુષ પ્રકૃતિની ગતિશીલતામાં કર્મ કરનાર, વિચાર કરનાર, ક્ષર, વ્યક્તિતા રૂપે, — પ્રકૃતિના એક જંતુ તરીકે, અહં રૂપે પ્રતીત થાય છે. બીજું, જ્યારે પુરુષ એ સર્વ ક્રિયાની અને ગતિની પાછળ જાય છે ત્યારે તેને પોતાની વધારે ઉચ્ચ પ્રકારની વાસ્તવિકતા પ્રાપ્ત થાય છે; એને જ્ઞાન થાય છે કે પોતે શાશ્વત, વ્યક્તિતાથી પર, એવો આત્મા છે, અક્ષર પુરુષ છે. એટલે કે, પોતાની સન્નિધિ વડે પ્રકૃતિનાં કર્મો અને ગતિને ટેકો આપવા સિવાય તથા પોતે અક્ષુબ્ધ, સમ, સાક્ષીરૂપ થઈને તેમને જોવા સિવાય એ અક્ષર પુરુષ પ્રકૃતિનાં કાર્યોમાં કશો ભાગ લેતો નથી. ત્રીજું, અને આખરી સ્વરૂપ જ્યારે તે આ બે — ક્ષર અને અક્ષર — સામસામે છેડે ઊભેલા પુરુષોથી ઊર્ધ્વમાં દૃષ્ટિ કરે છે ત્યારે તેને પ્રતીત થાય છે: એ પુરુષોત્તમ છે જેમાંથી ક્ષર અને અક્ષર બન્નેનો ઉદ્‌ભવ થાય છે, તથા એ પોતે એ બન્નેથી પર અને અનિર્વચનીય છે. એ સત્ય તે શાશ્વત પરમ પોતે છે જે આપણા આત્માનો પણ આત્મા છે, વિશ્વ-પ્રકૃતિનાં સર્વ કર્મોનો સ્વામી છે. વળી તે કેવળ સ્વામી નથી પરંતુ વિશ્વ-પ્રકૃતિનું આદિમૂળ છે, તેનો આધ્યાત્મિક આધાર છે તથા વિશ્વમાં રહેલી તેની પોતાની શક્તિના કાર્યનું ક્ષેત્ર છે. વળી તે શાશ્વત ઉત્તમ પુરુષ વિશ્વ-પ્રકૃતિનું આદિમૂળ છે તથા તેને પોતાનામાં ધારણ કરનાર આધ્યાત્મિક આધાર છે; એટલું જ નથી પરંતુ સર્વ શક્તિઓ, સર્વ પદાર્થો તથા સર્વ પ્રાણીઓની અંદર રહેલો આધ્યાત્મિક નિવાસી પણ તે છે. અને એ શાશ્વત ઘટઘટનો વાસી છે, એટલું જ નથી પરંતુ એની પોતાની સત્-તાની શાશ્વત શક્તિ, જેને આપણે "પ્રકૃતિ" કહીએ છીએ તેના અનેક પ્રકારના વિકાસો વડે તે પોતે જ સર્વ શક્તિઓ, સર્વ પદાર્થો અને સર્વ પ્રાણીઓ બને છે. આ પ્રકૃતિ પોતે બે પ્રકારની છે: એક, અધો પ્રકારની અને ગૌણ, બીજી, આદ્યા અને પરા. વિશ્વરૂપી યંત્રનું સંચાલન કરનારી પ્રકૃતિ જે અધો પ્રકારની છે તેની જોડે આત્માનો સંબંધ થાય છે તેને લઈને માયામાંથી અજ્ઞાન જન્મે છે તેમાં માણસ જીવે છે. આ માયા તે त्रैगुण्यमयी माया છે. એ નિમ્ન પ્રકૃતિમાં જ્યારે આત્મા અવતરે છે ત્યારે સ્થૂલ દેહને ધારણ કરનાર પ્રાણમય અને માનસિક 'અહં' તરીકે તે પોતાને જાણે છે, એ પ્રકૃતિના ગુણોના પ્રભાવમાં આવીને પોતે કર્મ કરે છે, પોતાની જાતને બંધનમાં

પડેલી, દુ:ખી, વ્યકિતતાથી મર્યાદિત, જન્મ-મરણની ફરજિયાત સાંકળે બંધાયેલી, કર્મના ચક્રની ગતિને વશ માને છે; ટૂંકામાં, પોતે કામનાઓનું બનેલું એક પોટલું છે, ક્ષણિક છે, મર્ત્ય છે, પોતાની પ્રકૃતિનો ગુલામ છે એમ તે અનુભવે છે. જીવનની અધોમુખ પ્રકૃતિથી પર આત્માની પોતાની સત્-તાની એક વધારે ઉચ્ચ અને દિવ્ય એવી આધ્યાત્મિક પ્રકૃતિ પણ રહેલી છે. એમાં માનવનો આત્મા પોતે શાશ્વતનો, પુરુષોત્તમનો સનાતન અને સચેતન દિવ્ય અંશ છે એમ અનુભવે છે. એ દિવ્ય પ્રકૃતિમાં તે સદા આનંદમય, મુક્ત તથા પોતાના આવિર્ભાવના સ્વરૂપથી ઊર્ધ્વમાં, અમર, અવિનાશી હોય છે, — પ્રભુની જ દિવ્ય શકિત રૂપે હોય છે. એ દિવ્ય પ્રકૃતિનો આશ્રય લઈને આધ્યાત્મિક, વિશ્વમય વિશાળતા ઉપર પ્રતિષ્ઠિત ભકિત, જ્ઞાન અને કર્મ દ્વારા એ દિવ્ય પ્રકૃતિમાં આરોહણ કરવું તે એ પ્રકારની સંપૂર્ણ આધ્યાત્મિક મુકિત માટેની ચાવી છે. આટલું તો અત્યાર સુધીમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. હવે પછી, ચેતનાના એ પ્રકારના રૂપાંતરથી માનવમાં કેવા પ્રકારના ફેરફારો થવા જોઈએ તથા એ ફેરફારો પરથી જે મુદ્દાઓ ઉપસ્થિત થાય છે તેમના વિષે વધારે વિગતવાર વિચાર કરવો પ્રાપ્ત થાય છે, અને ખાસ કરીને તો આ બે પ્રકૃતિઓ — અવિદ્યા અને વિદ્યા — વચ્ચે શો ભેદ રહેલો છે, તથા મુકિત પ્રાપ્ત કરવાથી આપણાં કર્મ અને આત્માની સ્થિતિના ઉપર શી અસર થાય છે તે આપણે જાણવાનું છે. આ હેતુ સાધવા માટે ઉત્કૃષ્ટ પ્રકારના જ્ઞાનની કેટલીક વિગતો ગીતા અહીં વિશાળતાપૂર્વક રજૂ કરે છે જે અત્યાર સુધી તેણે પાછળ રાખી મૂકી હતી. તેમાં પણ સત્ અને ભવત્, — આત્મા અને તેનો આવિર્ભાવ કરનાર પ્રકૃતિ એ બેનો સંબંધ કેવો છે, ત્રણ ગુણોનું કાર્ય કેવા પ્રકારનું છે, સૌથી ઊંચા પ્રકારની મુકિત કઈ છે, માનવ-આત્માનું સૌથી વિશાળ અને સૌથી સંપૂર્ણ આત્મસમર્પણ કેવા પ્રકારનું હોય છે તે વિષે ગીતા અહીં ખાસ ઉલ્લેખ કરે છે. અને છેલ્લા છ અધ્યાયોમાં ગીતા જે કાંઈ કહે છે તેમાં ઘણુંઘણું અતિશય અગત્યનું છે, પરંતુ એ બધામાં યે જે છેવટના વિચાર સાથે તે પોતાના ઉપદેશનો અંત લાવે છે તે તો સૌથી વધારે રસાત્મક છે, કારણ કે એમાં આપણને એના ઉપદેશનો કેન્દ્રસ્થ વિચાર મળે છે, માનવના આત્માને તેણે આપેલો પ્રેરણાપ્રેરિત શબ્દ સંભળાય છે, એનો ઉત્કૃષ્ટ સંદેશ મળે છે.

પ્રથમ, સમગ્ર અસ્તિત્વને આપણે જડ પ્રકૃતિની વચ્ચે આત્માની રચના તથા કર્મ કરવા માટેનું ક્ષેત્ર ગણવાનું છે. 'ક્ષેત્ર' શબ્દનો અર્થ ગીતા "શરીર" કરે છે, કારણ કે તે આત્માનું ક્ષેત્ર છે. વળી, આ શરીરમાં કોઈ રહેલો છે જે એ ક્ષેત્રનો જાણનાર છે, પ્રકૃતિ-સમસ્તનો જાણનાર છે, જે "ક્ષેત્રજ્ઞ" છે. પરંતુ એ વ્યાખ્યા આપ્યા પછી બીજી જે વ્યાખ્યાઓ આવે છે તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે ક્ષેત્રનો અર્થ કેવળ સ્થૂલ શરીર થતો નથી, પરંતુ સ્થૂલ કલેવર જેને આધાર આપે

છે, સ્થૂલમાં પ્રકૃતિ સમસ્તનું જે કાર્ય થતું હોય છે, — મનોમયતા, સ્વાનુભવજન્ય જ્ઞાન, અને વસ્તુનિષ્ઠ જ્ઞાન પ્રાપ્ત કરવાની આપણા અંતઃકરણની ક્રિયાઓનો પણ ક્ષેત્રમાં સમાવેશ થાય છે.* આ સ્થૂલ કોશથી વિશાળ કોશવાળું જે સૂક્ષ્મ શરીર હોય છે તે પણ વ્યક્તિનું ક્ષેત્ર છે; અને એનાથી પણ વધારે વિશાળ એવો વૈશ્વિક જગતનો કોશ પણ છે અને તે પણ એ જ ક્ષેત્રજ્ઞનું જગત — ક્ષેત્ર છે. કારણ કે પ્રત્યેક દેહધારી પ્રાણીમાં ક્ષેત્રજ્ઞ એક જ છે : પ્રત્યેક સત્-તામાં એ ક્ષેત્રજ્ઞ પોતાના સ્વભાવની શક્તિનું એકમાત્ર બાહ્ય પરિણામ જે એનું વ્યક્તિગત ક્ષેત્ર હોય છે તેનો મુખ્યત્વે અને કેન્દ્રસ્થ રીતે તે ઉપયોગ કરે છે. એ ક્ષેત્ર તેણે પોતાના નિવાસ તરીકે બનાવેલું છે. — ईशावास्यं सर्वं यत्कि च. પોતાની ગતિમાન શક્તિના જે છૂટાછૂટા વમળોને ટકાવી રાખે છે તે પ્રત્યેકને એ ક્ષેત્રજ્ઞ પોતાની વિકાસ પામતી સંવાદિતાઓ માટેના શરૂઆતના આધાર તરીકે અને ક્ષેત્ર તરીકે ઉપયોગમાં લે છે. આ જગત ક્ષેત્રજ્ઞના એક, મર્યાદિત દેહ રૂપી ક્ષેત્રમાં રહેલી ચેતના ઉપર જે અસર કરે છે તથા એ ચેતનામાં તે જેવું પ્રતિબિંબ ધારણ કરે છે તે પ્રમાણે એ ક્ષેત્રજ્ઞ તેને જાણે છે. આપણા પોતાના મનને જગત જેવું દેખાય છે તેવું તે આપણે માટે હોય છે. અને છેવટે, આપણી દેખીતી નાની સરખી, સ્થૂલ દેહવાળી ચેતના પણ પોતાનો વિસ્તાર એટલો તો કરી શકે છે કે તે પોતાનામાં સમગ્ર વિશ્વને સમાવે છે — आत्मनि विश्वदर्शनम्. પરંતુ સ્થૂલ દૃષ્ટિએ, એ ક્ષેત્ર બ્રહ્માંડમાં કેવળ એક પિંડ હોય છે. અને એ બ્રહ્માંડ, જે વિશાળ સૃષ્ટિરૂપ છે, તે પણ એક આધ્યાત્મિક ક્ષેત્રજ્ઞનો દેહ છે, તેને રહેવાનું ક્ષેત્ર છે.

જ્યારે સચેતન દેહ રૂપી આ ક્ષેત્રનાં લક્ષણો, એની પ્રકૃતિ, એનું મૂળ, એના વિકારો વગેરેનો ઉલ્લેખ ગીતા કરે છે ત્યારે ઉપરનો મુદ્દો સ્પષ્ટ થઈ જાય છે. ત્યારે આપણે સમજી શકીએ છીએ કે ક્ષેત્રમાં અધોમુખ પ્રકૃતિની સમગ્ર પ્રવૃત્તિનો સમાવેશ થાય છે. જે આત્માએ દેહને ધારણ કર્યો છે તેને માટે પ્રકૃતિ સમગ્ર કર્મ કરવાનું ક્ષેત્ર છે, એ ક્ષેત્રનું જ્ઞાન મેળવનાર આત્મા ક્ષેત્રજ્ઞ બને છે. પ્રકૃતિના બનેલા એ જગતનું વિવિધ પ્રકારનું અને વિગતવાર જ્ઞાન મેળવવા માટે, આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી પ્રકૃતિનું મૌલિક કાર્ય કેવું દેખાય છે તે જાણવા માટે ગીતા આપણને પ્રાચીન ઋષિઓનાં, વેદ અને ઉપનિષદના દ્રષ્ટાઓનાં સૂત્રોનો નિર્દેશ કરે છે. એ શાસ્ત્રોમાં પ્રેરણાત્મક અને સહજ જ્ઞાનની ભાષામાં બ્રહ્મની સૃષ્ટિઓનાં વર્ણન આપણને મળે છે. બ્રહ્મસૂત્રોમાં એ જ જ્ઞાન તર્કપ્રધાન દાર્શનિક પૃથક્કરણ

* ઉપનિષદમાં પ્રકૃતિના પંચકોશવાળા શરીરનો ઉલ્લેખ છે — અન્નમય, પ્રાણમય, મનોમય, આદર્શમય અને દિવ્ય; આ પાંચે મળીને સમગ્ર ક્ષેત્ર બને છે એમ આપણે માની શકીએ.

દ્વારા આપવામાં આવ્યું છે. ગીતા પોતે સાંખ્ય દાર્શનિકોની ભાષામાં અધોમુખ પ્રકૃતિ વિષે ટૂંકો અને વ્યવહારુ ઉલ્લેખ કરીને સંતોષ માને છે. એમાં સૌથી પ્રથમ અવ્યાકૃત અવ્યક્ત શક્તિ છે, એમાંથી જડ તત્ત્વની પાંચ મૌલિક સ્થિતિઓ જેને "ભૂતો" કહેવામાં આવે છે તેની વસ્તુ તરીકે સમુત્ક્રાંતિ થાય છે. એ પછી, સ્વાનુભવના કરણ રૂપ ઇન્દ્રિયો, બુદ્ધિ અને અહં એ તત્ત્વોની સમુત્ક્રાંતિ આવે છે. છેવટે, પાંચ ઇન્દ્રિયોના વિષયો, અથવા તો, જગતને ગ્રહણ કરવાના ઇન્દ્રિયોના પાંચ પ્રકારો આવે છે. વિષયો એટલે વૈશ્વિક શક્તિના મૂળમાં જે સત્ત્વ રહેલું છે તેણે પંચ મહાભૂતોનું સ્વરૂપ ધારણ કરીને તેમની સાથે એ વિશ્વશક્તિ વ્યવહાર કરી શકે એટલા ખાતર પદાર્થોનાં જે જુદાં જુદાં સ્વરૂપો ઉત્પન્ન કર્યાં તે. એ સંબંધો જીવંત છે અને એ સંબંધોનો આશ્રય લઈને બુદ્ધિ, તથા ઇન્દ્રિયોવાળો 'અહં' વિશ્વનાં જુદાં જુદાં ઘડતરો ઉપર કાર્ય કરી શકે છે. ક્ષેત્રનું બંધારણ એ પ્રકારનું છે. ત્યાર પછી, વિશ્વ-શક્તિ જે કાર્ય કરતી હોય છે તેમાં સામાન્ય ચેતના વ્યાપીને રહે છે તથા તે કાર્યને પ્રકાશિત કરે છે. એ ચેતનાની એક શક્તિ એવી છે કે જેનો આશ્રય લઈને વસ્તુઓ વચ્ચેના સંબંધોને વિશ્વ-શક્તિ ટકાવી રાખે છે. વળી, આપણી ચેતના, અને તેના જ્ઞેય વિષયરૂપ પદાર્થો એ બેની વચ્ચે જે સ્વાનુભવનું અને વસ્તુનિષ્ઠ અનુભૂતિનું સાતત્ય હોય છે તે આપણે ધ્યાનમાં લેવાનું છે. ક્ષેત્રની આ શક્તિઓ આવશ્યક છે. એ બધી માનસિક, પ્રાણમય અને અન્નમય પ્રકૃતિની સામાન્ય અને વૈશ્વિક શક્તિઓ છે. સુખ અને દુ:ખ, રાગ દ્વેષ, એ ક્ષેત્રના મુખ્ય વિકારો છે. વેદાંતના દૃષ્ટિબિંદુથી આપણે કહી શકીએ કે પુરુષનો સાહજિક આનંદ જ્યારે અધોમુખ પકૃતિની ક્રિયાઓ સાથે સંપર્કમાં આવે છે ત્યારે એ નિમ્ન શક્તિ જે પ્રાણમય અથવા તો, સંવેદનજન્ય વિકૃતિઓનું સ્વરૂપ તેને આપે છે તે સુખ અને દુ:ખની અનુભૂતિ બને છે. એ જ દૃષ્ટિબિંદુથી આપણે કહી શકીએ કે રાગ અને દ્વેષ પણ એ જ અધોમુખ પ્રકૃતિની માનસિક વિકૃતિઓ છે. આત્માની જે સંકલ્પ-શક્તિ પ્રકૃતિના સંસ્પર્શો પ્રત્યે પોતાનું પ્રતિકાર્ય નિર્માણ કરે છે તેને એ માનસિક પ્રકૃતિ રાગ-દ્વેષ રૂપે પ્રત્યુત્તર આપે છે. આ દ્વંદ્વો ખરું જોતાં, ભાવાત્મક અને અભાવાત્મક સ્વરૂપો છે જેનો આશ્રય લઈને અધો પ્રકૃતિમાં અહંભાવવાળો આત્મા આ વિશ્વનો ભોગ યાને આનંદ લે છે. એમાં, દુ:ખ, દ્વેષ, શોક, ઘૃણા વગેરે જે અભાવાત્મક સ્વરૂપો છે તે મૂળના વિકારો છે, યા તો અજ્ઞાનપણે અપાયેલાં પ્રતિકાર્યો છે. ભાવાત્મક સ્વરૂપો જેવાં કે, રાગ, સુખ, હર્ષ, આસક્તિ વગેરે પ્રત્યુત્તરો ચેતનાની ખોટી દોરવણીનાં પરિણામ રૂપ, અથવા તો, સારામાં સારાં હોય છે ત્યારે પણ, અપૂર્ણ — અપર્યાપ્ત તથા સાચી આધ્યાત્મિક અનુભૂતિથી ઘણા જ ઊતરતા પ્રકારના હોય છે.

આ બધી વસ્તુઓ એકસામટી લઈએ તો વિશ્વપ્રકૃતિ સાથેના આપણા

પ્રારંભના વ્યાપારનું મૌલિક સ્વરૂપ એમાં આવી જાય છે એમ આપણે જોઈ શકીશું. પરંતુ આપણી સત્-તાનું એ કાંઈ સંપૂર્ણ વર્ણન નથી એ પણ સ્પષ્ટ છે. એ સ્થિતિ આપણા અંતરની પ્રત્યક્ષ અવસ્થા છે, પરંતુ આપણી શકયતાઓની કાંઈ એ મર્યાદા નથી. એ બધાથી પર જાણવાનું એવું કાંઈક, કોઈ જ્ઞેય, રહેલું છે. જ્યારે ક્ષેત્રનો જાણનાર ક્ષેત્ર પરથી ક્ષેત્રમાં રહેલ પોતાના સ્વરૂપ ઉપર દૃષ્ટિ કરે છે, તથા તેના બાહ્ય સ્વરૂપની પાછળ જે સઘળું જાણવા જેવું હોય છે તે જાણવા માટે પ્રયત્ન કરે છે ત્યારે સાચા 'જ્ઞાન'નો આરંભ થાય છે — અને ત્યાર પછી જ ક્ષેત્રજ્ઞના તેમજ ક્ષેત્રના પણ સાચા જ્ઞાનનો આરંભ થાય છે. ક્ષેત્રજ્ઞની એ અંતર્દૃષ્ટિ થાય તો જ અજ્ઞાનમાંથી મુકિત મળી શકે છે. કારણ કે જેમજેમ આપણે અંતરમાં વધારે ને વધારે ઊંડા જઈએ છીએ તેમતેમ વસ્તુઓની વધારે મહાન અને વધારે સંપૂર્ણ વાસ્તવિકતાઓને આપણે સમજતા થઈએ છીએ તથા ઈશ્વર, જીવ અને જગત અને તેની ગતિઓના સંપૂર્ણ સત્યને આપણે પ્રાપ્ત કરીએ છીએ. એટલા માટે દિવ્ય ગુરુ ગીતામાં કહે છે કે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બન્નેનું એકીવખતે પ્રાપ્ત થતું જ્ઞાન — क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानम् — એટલે કે એ બન્નેનું એકત્ર જ્ઞાન, — આત્મજ્ઞાન અને વિશ્વજ્ઞાનના સમન્વયવાળું જ્ઞાન — એ જ સાચું દિવ્ય જ્ઞાન અને એકમાત્ર પ્રજ્ઞા છે. કારણ એ છે કે પુરુષ અને પ્રકૃતિ બન્ને બ્રહ્મ છે, પરંતુ પ્રકૃતિના જગતનું સાચામાં સાચું જ્ઞાન તો તે જ મુકતાત્માને, તે જ મુકત ઋષિને, પ્રાપ્ત થાય છે જેણે આત્માનું યાને બ્રહ્મનું સત્ય પણ પ્રાપ્ત કરેલું હોય છે. એકમેવાદ્વિતીય બ્રહ્મ, — આત્મામાં અને પ્રકૃતિમાં રહેલી એક જ વાસ્તવિકતા એ સર્વ જ્ઞાનનો વિષય છે, — એકમાત્ર જ્ઞેય છે.

ત્યાર પછી ગીતા આધ્યાત્મિક જ્ઞાન એ શી વસ્તુ છે તે આપણને કહે છે, અથવા વધારે સાચી રીતે, જ્ઞાન પ્રાપ્ત કરવાની શરતો કઈ છે, જે માણસનો આત્મા અંતર્મુખ થયો હોય તેની નિશાનીઓ, તેનાં લક્ષણો કયાં છે તે એ આપણને કહે છે. એ લક્ષણો પરંપરાથી ચાલતાં આવેલાં જ્ઞાનીનાં લક્ષણો છે, — જગતની અને બાહ્ય વસ્તુઓ માટેની આસકિતથી એવા માણસનું અંતર બળપૂર્વક પાછું પડે છે, એનો અંતરાત્મા અંતર્મુખ અને ચિંતનશીલ હોય છે, એનું મન સ્થિર તથા શાંત સમતાવાળું હોય છે. એના વિચાર અને સંકલ્પની ધૃતિ — યાને ધારણા — અંતરનાં મહાનમાં મહાન સત્યો પ્રત્યે, વાસ્તવિક અને શાશ્વત વસ્તુઓ માટે, સ્થિર થયેલી હોય છે. શરૂઆતમાં, એક પ્રકારની નીતિની અવસ્થા, પ્રાકૃતિક જીવનનું સાત્ત્વિકતા વડે સંચાલન કરવાની સ્થિતિ આવે છે. એવી આધ્યાત્મિક વ્યકિતમાં દુનિયાદારીમાં જોવામાં આવે છે તેવું અભિમાન અને દર્પ હોતાં નથી, એનો આત્મા સીધોસાદો — ઋજુ — હોય છે, તે ક્ષમાવાન, સ્થિરતાવાળો, ધૈર્યવાન, શરીર અને મનની વિશુદ્ધિવાળો — આત્મસંયમી, તથા અથો પ્રકૃતિના ઉપર પ્રભુત્વવાળો હોય

છે, અંતરની ભક્તિથી ગુરુની ઉપાસના કરનારો હોય છે. એ ભક્તિ પોતાના અંતરમાં રહેલા દિવ્ય ગુરુ પ્રત્યે, અથવા તો, જે માનવ-ગુરુમાં દિવ્ય જ્ઞાન મૂર્ત થયું હોય તેના પ્રત્યે, હોય છે. કારણ કે ગુરુને જે ભક્તિ અર્પણ કરવામાં આવે છે તેનો અર્થ જ એ હોય છે. ત્યાર પછી વધારે ઉદાત્ત અને વધારે મુક્ત એવું વલણ તેનામાં જાગ્રત થાય છે. એનામાં સંપૂર્ણ અનાસક્તિ અને સમતા તથા ઇન્દ્રિયોના અર્થો પ્રત્યે સામાન્ય પ્રકૃતિનું જે આકર્ષણ હોય છે તેના પ્રત્યે વિરાગ હોય છે; અહંભાવ, અહંબુદ્ધિ તથા અહંના હેતુઓનું જે સતત ભુમરાણ સ્વાભાવિક સ્થિતિના માણસના ઉપર જુલમ કરતું હોય છે તેની આગ્રહી માગણીઓથી તે સંપૂર્ણપણે મુક્ત થઈ જાય છે. કુટુંબ અને ગૃહ પ્રત્યે તે અનાસક્ત હોય છે અને એમનામાં તે રત થઈ જતો નથી. એ પ્રકારની પ્રાણમય અને પશુત્વવાળી ક્રિયાઓને બદલે અનાસક્ત સંકલ્પશક્તિ, ઇન્દ્રિયો અને બુદ્ધિ તેનામાં જાગ્રત હોય છે. વળી, સ્થૂલ માનવના સામાન્ય જીવનનું ખામીભર્યું સ્વરૂપ પણ તે સ્પષ્ટપણે જોઈ શકે છે. એનું જીવન લક્ષ વગરનું હોઈ જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધિને વશ હોય છે તે એ જાણે છે. ઇષ્ટ કે અનિષ્ટ ઘટનાઓ પ્રત્યે તેનું મન સતત સમતાવાળું હોય છે, — કારણ કે એનો આત્મા બાહ્ય ઘટનાઓના આઘાતોથી તદ્દન સલામત અંતરમાં સ્થિર હોય છે — એવા જ્ઞાનીનું મન ધ્યાનપરાયણ હોઈ એકાંતપ્રિય બને છે, અને લોકોનાં ટોળાંથી, તેમના મિથ્યા કોલાહલથી દૂર રહેવાની વૃત્તિવાળું હોય છે. આખરે, જે વસ્તુઓ ખરેખર અગત્યની છે તેમના પ્રત્યે તેની અંતર્-વૃત્તિ વળે છે, — અસ્તિત્વની સાચી દિશા અને તેના વિશાળ સિદ્ધાંતોનું દાર્શનિક જ્ઞાન, અંતરના આધ્યાત્મિક જ્ઞાન તથા જ્યોતિનું પ્રશાંત સાતત્ય, અવ્યભિચારી એવી ભક્તિનો યોગ, પ્રભુ માટે પ્રેમ, વિશ્વવ્યાપી અને શાશ્વત એવી પ્રભુની સન્નિધિની અંતરનાં ઊંડાણમાંથી ગભીર ભક્તિ.

આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવાની જિજ્ઞાસાવાળા મનનું એકમાત્ર ધ્યેય શાશ્વત પરમ છે, એટલે વ્યક્તિએ મનને તેના પ્રત્યે સ્થિર કરવું જોઈએ. શાશ્વત પરમમાં દૃઢપણે સ્થિર થવાથી માનવનો આત્મા અહીં જે અંધકારમાં અને પ્રકૃતિના ધુમ્મસમાં ઘેરાયેલો હોય છે તેમાંથી મુક્ત થઈને પોતાની મૂળ અમરતા અને પરાત્પરતાને પ્રાપ્ત કરે છે અને તેનો ભોગ કરે છે. અનિત્યમાં, નશ્વરમાં સદા માટે રહેવું, દૃશ્ય વાસ્તવિકતામાં પુરાયેલા રહેવું એટલે તો મર્ત્ય દશાનો સ્વીકાર કરવો એમ જ ગણાય. નાશવંત વસ્તુઓની અંદર જે સ્થાયી સત્ય રહેલું હોય છે તે એમનામાં રહેલું અક્ષર અને અંતર્ગામી સત્ય હોય છે. જ્યારે પ્રકૃતિના બાહ્ય આભાસોને આત્મા પોતાના પર જુલમ કરવા દે છે ત્યારે તે પોતાનું અસલ સ્વરૂપ ભૂલી જાય છે અને પોતાના દેહના જન્મ અને મરણની ઘટમાળમાં ગોળગોળ ફર્યા કરે છે. એ બહિર્મુખ ચેતનામાં, પોતાની વ્યક્તિતામાં અને તેની આસક્તિને લઈને

થતા વિકારોની પાછળ અતિરાગપૂર્વક અને અટકયા વગર માણસ ભટકયા જ કરતો હોય છે એટલે નિર્વૈયક્તિક અને અજન્મા એવા પોતાના આત્માની પ્રાપ્તિ કરવા માટે તે પોતાની જાતને પ્રકૃતિમાંથી પાછી ખેંચી લઈ શકતો નથી. એ પ્રમાણે પોતાની જાતને પ્રકૃતિના ચક્રમાંથી પાછી ખેંચી લેવાની શક્તિ આવે છે ત્યારે માણસને આત્માનું જ્ઞાન થાય છે, તે પોતાના સત્ય સ્વરૂપને પાછો પ્રાપ્ત કરે છે. એટલે કે જે અહીં જન્મોને ધારણ કરે છે ખરો, પરંતુ પોતાનાં સ્વરૂપોના વિનાશ સાથે જે વિનાશ પામતો નથી એવા શાશ્વતને તે પામે છે. જન્મ અને જીવન જેના બાહ્ય સંજોગો માત્ર છે એવી શાશ્વતીના આનંદનો ભોગ લેવો એમાં આત્માની સાચી અમરતા રહેલી છે, એની વિશ્વાતીતતા રહેલી છે. એ શાશ્વત અથવા તો એ શાશ્વતી તે જ બ્રહ્મ છે. બ્રહ્મ એ તત્-તે-છે જે વિશ્વાતીત — પરાત્પર છે, તથા વિશ્વરૂપ પણ તત્-તે-છે. એ મુક્ત બ્રહ્મ પ્રકૃતિ સાથેની પુરુષની લીલાને તેની સપાટી ઉપર આધાર આપે છે તથા એ લીલાની પાછળ એ બેની અવિનાશી એકતાને દૃઢ કરે છે, સુનિશ્ચિત કરે છે, એ એકીવખતે ક્ષર અને અક્ષર છે, તે સર્વ છે જે એક છે. વિશ્વાતીત એવા એના પદમાં બ્રહ્મ પોતે પરાત્પર શાશ્વતી છે, તેનો કોઈ આદિ નથી, અથવા તો એનામાં કોઈ વિકાર નથી,— સત્ અને અસત્‌ના, સ્થિતિ અને વિનાશના જે પરસ્પર વિરોધ વચ્ચે આ બાહ્ય જગત ગતિ કરી રહ્યું છે તેનાથી તો એ કયાંયે પર હોય છે. પરંતુ એક વાર આ શાશ્વતીનાં સત્ત્વમાં અને એના પ્રકાશમાં આપણે આ જગતને જોઈશું તો તે પણ આપણા મનને અને ઇન્દ્રિયોને જેવું દેખાય છે તેના કરતાં જુદું જ થઈ જાય છે. કારણ કે ત્યાર પછી આ વિશ્વ આપણને મન, પ્રાણ અને જડ તત્ત્વના એક વંટોળિયા જેવું, અથવા તો, શક્તિ અને પદાર્થના ઉત્પન્ન કરેલા અનેક નિર્માણોના સમુદાય જેવું દેખાતું નથી, પરંતુ તે પણ એ શાશ્વત બ્રહ્મથી અભિન્ન વસ્તુ તરીકે પ્રતીત થાય છે. આ વિશ્વની સઘળી ગતિને એ બ્રહ્મ પોતાની અમેયતા વડે ભરપૂર, છલોછલ ભરે છે તથા તેને પોતાની અંદર સમાવે છે — કારણ કે એ ગતિ પણ તે પોતે જ છે — તથા જે કાંઈ સાંત છે, મર્યાદિત છે તે સર્વને તે પોતાની અનંતતાના અંબરની ભવ્યતા અર્પે છે, એ શાશ્વત અજ, અશરીરી અને સહસ્રાવધિ શરીરોને ધારણ કરનાર છે, તેના સમર્થ બાહુ અને વેગીલાં ચરણ આપણી ચારે બાજુ આવી રહેલાં છે, એનાં મસ્તકો, નેત્રો અને ચહેરાઓ જ્યાં જ્યાં નજર કરીએ છીએ ત્યાં ત્યાં અસંખ્ય વદનો રૂપે આપણે જોઈએ છીએ. એના કર્ણો સર્વત્ર શાશ્વતીની નીરવતાનું તથા બ્રહ્માંડોના સંગીતનું શ્રવણ કરી રહ્યા છે. એ બ્રહ્મ પોતે જ વિશ્વરૂપ છે જેના આશ્લેષમાં આપણે જીવી રહ્યા છીએ.

પુરુષ અને પ્રકૃતિના જે સઘળા પરસ્પર સંબંધો છે તે બ્રહ્મની શાશ્વતીમાં બનતા પ્રસંગો માત્ર છે. ઇન્દ્રિય અને ગુણ, એમનું પ્રતિબિંબ કરનારાં અને

એમના અંગભૂત યાને ઘટક-તત્ત્વો છે તે બધાં ય એ પરમ શાશ્વત પરબ્રહ્મની યોજનાનાં અંગો છે. એ યોજના વડે બ્રહ્મની શક્તિ જે કાર્યોના રૂપમાં સતત વહેતી હોય છે ને કાર્યો એની પોતાની સમક્ષ આવે છે, બાહ્ય રૂપ ધારણ કરીને એની સમક્ષ પ્રગટ થાય છે. બ્રહ્મ પોતે ઇન્દ્રિયોની મર્યાદાઓથી પર હોય છે, અલબત્ત, એ સઘળી વસ્તુઓને જુએ છે પણ સ્થૂલ ચક્ષુ વડે નહિ, એ સઘળું સાંભળે છે પણ કાન વડે નહિ, સઘળી વસ્તુઓ વિષે સચેતન હોય છે, પણ મર્યાદિત મન વડે નહિ, — મન વસ્તુઓનું પ્રતિનિધિત્વ કરે છે પણ સાચી રીતે જાણી શકતું નથી. બ્રહ્મ પોતે કોઈ ગુણોથી નિર્મિત થતું નથી, છતાં પોતાના સત્ત્વમાં તે સર્વ ગુણોને ધારણ કરે છે અને તેમનું નિર્માણ કરે છે, તથા પોતાની પ્રકૃતિના એ ગુણાત્મક કર્મનો આનંદ પણ તે લે છે. બ્રહ્મને કોઈ વસ્તુ માટે આસક્તિ નથી હોતી, કશાનું બંધન નથી હોતું, પોતે જે કાંઈ કર્મ કરે છે તેનાથી બંધાતો નથી. તે સ્થિર હોય છે, અને પોતાની વિશાળ અને અમર મુક્તિમાં દૃઢ રહીને પોતાની વૈશ્વિક શક્તિનાં કાર્ય, ગતિ તથા આવેગને ટકાવી રાખે છે. આ વિશ્વમાં જે કાંઈ છે તે સઘળું એ પોતે બને છે. આપણા અંતરમાં જે છે તે એ બ્રહ્મ છે અને આપણાથી બહાર જે વસ્તુઓને આપણે અનુભવીએ છીએ તે સઘળી પણ એ બ્રહ્મ છે. અંતરનું અને બહારનું, દૂર અને સમીપ, ચર અને અચર, એ સઘળું એકીવખતે બ્રહ્મ છે. સૂક્ષ્મતાવાળા માનવોની આપણા જ્ઞાનથી પર એવી સૂક્ષ્મતા બ્રહ્મ છે, તેમ આપણા મનની ગ્રાહક શક્તિ આગળ જડ પદાર્થ રૂપે પ્રગટ થતી શક્તિની અને સત્ત્વની ઘનતા પણ બ્રહ્મ પોતે છે. બ્રહ્મ અવિભાજ્ય અને એક છે, પરંતુ અનેક સ્વરૂપોમાં, પ્રાણીઓમાં અને આ વિશ્વની જુદીજુદી સત્-તાઓમાં પોતાની જાતને વિભક્ત કરી નાખતો હોય એમ દેખાય છે. સઘળા પદાર્થો બ્રહ્મમાં પાછા વિલય પામે છે, — એટલે કે બ્રહ્મની અવિભાજ્ય એવી એકતામાં પોતાની સત્-તાને ફરીને પ્રાપ્ત કરે છે. સઘળું બ્રહ્મમાંથી શાશ્વત કાળમાં ઉદ્‌ભવે છે, એની શાશ્વતીમાં સ્થિતિ ધારણ કરે છે, તથા શાશ્વત કાળમાં એની એકતામાં પાછું લય પામે છે. બ્રહ્મ જ્યોતિઓની જ્યોતિ છે, આપણા અજ્ઞાનથી સદા પર એવી પરમ જ્યોતિ બ્રહ્મ છે. એ જ્ઞાન છે અને જ્ઞાનનો વિષય, જ્ઞેય પણ છે. જ્ઞાનથી પ્રકાશિત બુદ્ધિમાં જે આધ્યાત્મિક વિજ્ઞાનમય જ્યોતિનું પૂર અવતરે છે અને તેનું રૂપાંતર કરે છે તે પણ એ બ્રહ્મ છે.

પ્રકૃતિના કાર્યમાં નિમ્ન શક્તિના કાર્યથી તમોગ્રસ્ત એવા જે પુરુષનો આવિર્ભાવ બ્રહ્મ કરે છે તેનામાં વિજ્ઞાનની સત્ય જ્યોતિ રૂપે બ્રહ્મ પોતે પ્રગટ થાય છે. આ સનાતન જ્યોતિ પ્રત્યેક પ્રાણીના હૃદયમાં વસે છે, પ્રકૃતિરૂપી ક્ષેત્રનો ગુપ્ત ક્ષેત્રજ્ઞ પણ એ બ્રહ્મ છે. અને પ્રકૃતિના ક્ષેત્રમાં પદાર્થોના અંતરમાં રહેલા ઈશ તરીકે, તથા પોતાના આવિર્ભાવના સર્વ પ્રકારોના

અને કાર્યના પણ ઈશ તરીકે તે અધ્યક્ષ રૂપે રહેલો છે. જ્યારે માનવને પોતાના અંતરમાં આ શાશ્વત અને વિશ્વરૂપ પ્રભુનાં દર્શન થાય છે તથા સર્વ પદાર્થમાં રહેલા આત્માને અને પ્રકૃતિમાં વ્યાપી રહેલા બ્રહ્મને તે જુએ છે, આ વિશ્વસમસ્તને બ્રહ્મની શાશ્વતીમાંથી ઊઠતી એક ઊર્મિ રૂપે જુએ છે, તથા જે કાંઈ છે તે સર્વને એક સત્ તરીકે અનુભવે છે ત્યારે તેનામાં દેવની જ્યોતિ પ્રગટે છે, તથા જડ પ્રકૃતિનાં બનેલાં વિશ્વોમાં એવો માણસ મુક્ત બનીને ઊભો રહે છે. દિવ્ય જ્ઞાનમાં તથા પુરુષોત્તમ પ્રત્યે અનન્ય ભક્તિપૂર્વક અંતરને વાળવામાં આ મહાન આધ્યાત્મિક મુક્તિનું રહસ્ય રહેલું છે. મુક્તિ, ભક્તિ અને આધ્યાત્મિક જ્ઞાન આપણને મર્ત્ય પ્રકૃતિમાંથી અમર અનંતમાં આરોહણ કરાવે છે.

પુરુષ અને પ્રકૃતિ એ બન્ને સનાતન બ્રહ્મનાં કેવળ બે સ્વરૂપો છે,— એના વૈશ્વિક જીવનનાં સઘળાં કાર્યોના પાયામાં એ પુરુષ-પ્રકૃતિનું દેખીતું દ્વૈત રહેલું છે. પુરુષ અનાદિ તથા સનાતન છે, પ્રકૃતિ પણ અનાદિ અને સનાતન છે. પરંતુ પ્રકૃતિના ગુણો તથા જે અધોગામી સ્વરૂપો આપણા સચેતન અનુભવના આગળ એ પ્રકૃતિ ધારણ કરે છે તેમનું મૂળ પુરુષ-પ્રકૃતિના પરસ્પર વ્યવહારમાં રહેલું છે. દ્વંદ્વનાં એ સ્વરૂપો પ્રકૃતિમાંથી જ આવતાં હોય છે, અને કાર્ય-કારણ ભાવની બાહ્ય સાંકળનું સ્વરૂપ, કર્મ અને કર્મનાં ફળનું, શક્તિ અને તેનાં કાર્યોનું, જે કાંઈ નાશવંત અને ક્ષર છે તે સઘળાંનું રૂપ પણ તેઓ પ્રકૃતિને લઈને ધારણ કરે છે. એ સ્વરૂપો સતત વિકાર પામતાં હોય છે, તથા પુરુષ અને પ્રકૃતિ પણ એમની સાથે વિકાર પામતાં લાગે છે. પરંતુ એમના પોતાના અસલ સ્વરૂપમાં આ શક્તિઓ— પુરુષ અને પ્રકૃતિ—શાશ્વત અને સદા એક જ છે. પ્રકૃતિ સર્જન કરે છે, કર્મ કરે છે, પુરુષ એ સૃષ્ટિનો અને કર્મનો આનંદ લે છે. પરંતુ પ્રકૃતિનું અધોગામી કે ઊતરતા પ્રકારનું જે કાર્ય અહીં થાય છે તેમાં પુરુષના એ ભોગને પ્રકૃતિ તમોગ્રસ્ત અને ક્ષુદ્ર એવું સુખ અને દુ:ખરૂપી દ્વંદ્વનું સ્વરૂપ આપે છે. પ્રકૃતિના ગુણોના કાર્યમાં વ્યક્તિરૂપ બનેલ ક્ષર પુરુષ બળપૂર્વક આકર્ષાય છે અને પ્રકૃતિના ગુણોનું એ આકર્ષણ ક્ષર પુરુષને સતત સર્વ પ્રકારના જન્મો લેવડાવે છે અને એ જન્મોમાં ચડતાઊતરતી અવસ્થાઓ અને વિકારોને, પ્રકૃતિમાં જન્મને પરિણામે મળતાં શુભ અને અશુભનો ભોગ કરવાની તેને ફરજ પાડે છે. પરંતુ ક્ષર પ્રકૃતિ સાથે એકતા કરવાને પરિણામે ક્ષર પુરુષને જે અનુભૂતિ થાય છે તેનું એ તો માત્ર બાહ્ય સ્વરૂપ છે. આ શરીરમાં પુરુષ અને પ્રકૃતિ બન્નેનો પ્રભુ રહેલો છે, પરમાત્મા, પ્રકૃતિનો સમર્થ ઈશ્વર જે પ્રકૃતિના કાર્ય પર દૃષ્ટિ રાખે છે, એની પ્રક્રિયાઓને અનુમતિ આપે

છે, તથા તે જે કાંઈ કરે છે તેને આધાર આપે છે, એની અનેક પ્રકારની સૃષ્ટિઓનું શાસન કરે છે, તથા પોતાના વૈશ્વિક આનંદ વડે પ્રકૃતિનાં સ્વરૂપો જે એની પોતાની સત્-તામાંથી આવેલાં છે તેમની લીલાનો ભોગ કરે છે. આપણી જાતને આપણે શાશ્વતના સનાતન અંશ તરીકે સાચી રીતે જાણી શકીએ તે પહેલાં આ આત્મજ્ઞાન આપણા માનસમાં સ્વાભાવિક થઈ જવું જોઈએ. એક વાર એ જ્ઞાન દૃઢપણે સ્થાપન થઈ જાય ત્યાર પછી પ્રકૃતિ સાથેના વ્યવહારમાં બાહ્ય રીતે આપણો આત્મા ગમે તે રીતે ભલે વર્તતો હોય તોપણ એ પોતે તો મુક્ત હોય છે, અને જન્મ લેવાની એને ફરજ પડતી નથી, કારણ કે આત્માની નિર્વ્યક્તિતા વડે તે અસ્તિત્વમાત્રમાં રહેલા અજ એવા અંતરના અસલ પરબ્રહ્મ જોડે એક થયેલ હોય છે. એટલે કે, વ્યક્તિનો આત્મા ગમે તે કાર્ય કરતો દેખાય, અથવા તો વ્યક્તિતાનું એક કે બીજું સ્વરૂપ, સક્રિય શક્તિ તથા દેહધારી અહંનું સ્વરૂપ ધારણ કરે તોપણ એ તો મુક્ત જ હોય છે. આ વિશ્વમાં જે કાંઈ છે તે સમસ્તનો જે અહંતારહિત એવો પરમ 'અહં' રહેલો છે તેની સાથે આપણી એકતા એ નિર્વ્યક્તિતા દ્વારા સધાય છે.

અંતરમાં ધ્યાનનો અભ્યાસ કરવાથી આ જ્ઞાન પ્રાપ્ત થાય છે. એને લઈને શાશ્વત બ્રહ્મ આપણી પોતાની સત્-તામાં આપણને પ્રતીત થાય છે. અથવા તો, સાંખ્ય યોગનો અભ્યાસ કરવાથી એ જ્ઞાન મળે છે. એમાં પુરુષને પ્રકૃતિથી જુદો પાડવાનો અભ્યાસ કરવાનો હોય છે. અથવા તો કર્મયોગના અભ્યાસથી પણ એ જ્ઞાન મળી શકે છે. એમાં વ્યક્તિની પોતાની સંકલ્પશક્તિનો લય કરવામાં આવે છે. એ લય કરવા માટે આપણું મન તથા હૃદય, તથા આપણી સઘળી સક્રિય શક્તિઓ આપણે પ્રભુ પ્રત્યે ખુલ્લી કરવાની હોય છે. એ પ્રભુ પ્રકૃતિમાં કરવાનાં આપણાં સર્વ કર્મો પોતાના હાથમાં લઈ લે છે. આપણામાં જે અંતરાત્મા રહેલો છે તેની પ્રેરણાના દબાણને લઈને, એક કે બીજા પ્રકારનો યોગ કરવાની અભીપ્સા જાગ્રત થવાને પરિણામે, અથવા તો પરબ્રહ્મ સાથે એકતા કરવાના કોઈ માર્ગનું આકર્ષણ થવાથી પણ આધ્યાત્મિક જ્ઞાન મળી શકે છે. અથવા તો, બીજા કોઈ પાસેથી સત્યનું શ્રવણ કરવાથી તથા શ્રદ્ધા અને એકાગ્રતાપૂર્વક જે વસ્તુનું પોતે શ્રવણ કરે છે તદનુસાર પોતાના મનને આકાર આપવાથી પણ એ જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. ગમે તે રીતે પ્રાપ્ત થાય, પરંતુ એ જ્ઞાન આપણને મૃત્યુની પેલે પાર અમરતામાં લઈ જાય છે. આપણો આત્મા પ્રકૃતિની મર્ત્યતા સાથે જે ક્ષર—વિકારી વ્યવહારો કરી રહેલો હોય છે તેમનાથી પર આપણું સૌથી ઉત્તમ આત્મસ્વરૂપ, પ્રકૃતિનાં કર્મોના ઈશ્વર તરીકે, સર્વ પદાર્થોમાં અને

પ્રાણીઓમાં એક અને સમ રૂપે આવી રહેલું હોય છે, તેની અનુભૂતિ એ જ્ઞાન આપણને આપે છે. એ પરમાત્મા દેહને ધારણ કરવાથી જન્મમાં અવતરતો નથી, અને આ સર્વ દેહોના વિનાશને લઈને તે મૃત્યુને વશ થતો નથી. આ દૃષ્ટિ તે સાચી દૃષ્ટિ છે, આપણી અંદર જે શાશ્વત અને અમર વસ્તુ છે તેનું એ દર્શન છે. સર્વ પદાર્થોમાં રહેલા આ સમબ્રહ્મને આપણે જેમ વધારે ને વધારે અનુભવીએ છીએ, તેમ આપણે પોતે બ્રહ્મની સમતામાં આરોહણ કરીએ છીએ. એ વિશ્વરૂપમાં આપણે જેમજેમ વધારે ને વધારે નિવાસ કરીએ છીએ, તેમતેમ આપણે પોતે એ વિશ્વરૂપ-આત્મા બનીએ છીએ. જેમજેમ આપણે એ શાશ્વત વિષે સચેતન થઈએ છીએ, તેમતેમ આપણે આપણી પોતાની શાશ્વતીને ધારણ કરીએ છીએ અને સદાને માટે અમર જીવનમાં સ્થિર થઈએ છીએ. આપણે આત્માની શાશ્વતી સાથે તલ્લીન બનીએ છીએ તથા આપણી માનસિક અને શારીરિક અજ્ઞાન દશાની મર્યાદા અને ક્લેશ સાથેની એકતા દૂર થઈ જાય છે. ત્યાર પછી આપણે જોઈએ છીએ કે આપણાં સઘળાં કર્મો સમુત્ક્રાંતિમાં બનતાં કાર્યો છે તથા પ્રકૃતિની પ્રક્રિયારૂપ છે. અને આપણો વાસ્તવિક આત્મા એ કર્મોનો કાર્યવાહક કર્તા નથી પણ મુક્ત સાક્ષી અને ઈશ્વર છે, તથા કર્મનો અનાસક્ત ભોક્તા છે. આ વિશ્વની સઘળી ક્રિયાની સપાટી એક શાશ્વત પરબ્રહ્મમાં પ્રાકૃતિક સત્-તાઓનો વિવિધ આવિર્ભાવ છે, આ સઘળું વિશ્વ એ શાશ્વતના અસ્તિત્વમાં ગૂઢપણે રહેલી દિવ્ય મનીષાનાં બીજોમાંથી વિશ્વ-શક્તિએ વિસ્તારેલું છે, અભિવ્યક્ત કરેલું છે, ઉદ્ઘાટિત કરેલું છે. પરંતુ આપણા આ દેહમાં પ્રકૃતિનાં કાર્યોનો બ્રહ્મ સ્વીકાર કરે છે તથા તેનો ભોગ કરે છે તે છતાં એની મર્ત્યતાની એને અસર થતી નથી, કારણ જન્મ અને મરણ બન્નેથી પર એવો તે શાશ્વત છે. વળી જે અનેક વ્યક્તિ-સ્વરૂપો તે પ્રકૃતિમાં ધારણ કરે છે તેમનાથી પણ તે બ્રહ્મ મર્યાદિત થતો નથી, કારણ કે આ સઘળી વ્યક્તિતાઓનો પરમ આત્મા તે પોતે છે. વળી પ્રકૃતિના ગુણોના વિકારોથી એ પોતે વિકાર પામતો નથી, કારણ કે એ પોતે ગુણોના નિર્માણથી પર છે, ગુણોથી અનિર્મેય છે. એ પોતે કર્મ કરતો છતાં અકર્મ છે, — कर्तारं अपि अकर्तारम् (૪.૧૩) — કારણ કે કર્મની સઘળી અસરથી સંપૂર્ણ આધ્યાત્મિક મુક્તિમાં સ્થિર રહીને તે પ્રકૃતિના કર્મને આધાર આપે છે. પ્રકૃતિની સઘળી પ્રવૃત્તિઓનો આદિસૂત્ર એ પરબ્રહ્મ છે, પરંતુ પોતાની પ્રકૃતિની લીલાથી તે જરા પણ બદલાતો નથી યા તો તેના પર કંઈ જ અસર થતી નથી. જેમ સર્વવ્યાપી આકાશ-તત્ત્વ પોતે જે અસંખ્ય રૂપો ધારણ કરે છે તેનાથી તે કોઈ અસર કે વિકારને પામતું નથી, પરંતુ પોતે હમેશાં શુદ્ધ, અસલ, સૂક્ષ્મ સત્ત્વરૂપ જ રહે છે, તે

જે પ્રમાણે, આ પરબ્રહ્મ જ્યારે સર્વ શક્ય કાર્યો કરે છે અને વસ્તુરૂપ બને છે ત્યારે પણ એ જ શુદ્ધ, અક્ષર, સૂક્ષ્મ, અનંત સારરૂપ વસ્તુ તરીકે કાયમ રહે છે. આત્માની આ परा गति — સૌથી ઉચ્ચ સ્થિતિ — છે, આ પ્રભુની દિવ્ય સત્-તા અને એની દિવ્ય પ્રકૃતિ, — मद्भाव — છે, અને જે કોઈ વ્યક્તિ આધ્યાત્મિક જ્ઞાનને પ્રાપ્ત કરે છે તે શાશ્વતની પરમ અમરતામાં પોતે આરોહણ કરે છે.

આ બ્રહ્મ, આ પોતાની પ્રકૃતિરૂપી ક્ષેત્રનો શાશ્વત અને આધ્યાત્મિક ક્ષેત્રજ્ઞ, આ પ્રકૃતિ, જે એ બ્રહ્મની પોતાની સનાતન શક્તિ છે, પોતાનું ક્ષેત્રમાં રૂપાંતર કરે છે, મર્ત્ય પ્રકૃતિમાં આત્માની આ અમરતા પ્રગટે છે, — આ સઘળી વસ્તુઓ એકસામટી લઈએ તો આપણા અસ્તિત્વનું સમગ્ર સત્ય તેમાં સમાઈ જાય છે. આપણા અંતરમાં જે આત્મા રહેલો છે તેના પ્રત્યે આપણે અભિમુખ થઈએ છીએ ત્યારે પ્રકૃતિના સમગ્ર ક્ષેત્રને તે પોતાનાં કિરણોની ભવ્યતા વડે પ્રકાશિત કરે છે. જ્ઞાનરૂપી સૂર્યના એ પ્રકાશમાં આપણા અંતરમાં જ્ઞાનની દૃષ્ટિ જાગ્રત થાય છે, અને આપણે એ સત્યમાં, અને નહિ કે અત્યારના અજ્ઞાનમાં, જીવીએ છીએ. ત્યાર પછી આપણને જ્ઞાન થાય છે કે આપણી માનસિક અને શારીરિક પ્રકૃતિમાં મર્યાદિત થઈ રહેવાની આપણી સ્થિતિ તો અજ્ઞાનરૂપી અંધકારની એક ભૂલ, એક માયા હતી. ત્યાર પછી, અધોમુખ પ્રકૃતિના નિયમમાંથી આપણે મુક્ત થઈએ છીએ, મન અને દેહના નિયમને વટાવી જઈએ છીએ. ત્યાર પછી આપણે આત્માની પરા પ્રકૃતિને પામીએ છીએ. એ ભવ્ય અને ઉદાત્ત રૂપાંતર છેવટનો, દિવ્ય અને અનંત આવિર્ભાવ છે. અર્થાત્, મર્ત્ય પ્રકૃતિને દૂર મૂકી દેવી, અને અમર જીવનને ધારણ કરવું એ જ તે રૂપાંતર છે.

# ગુણાતીત*

તેરમા અધ્યાયના શ્લોકોમાં પુરુષ અને પ્રકૃતિ વચ્ચેનો ભેદ ઝપાટાબંધ થોડાં નિશ્ચયાત્મક વિશેષણો વડે, એ બન્નેની જુદીજુદી શક્તિઓ અને ધર્મોની થોડી, પણ અર્થઘન, લાક્ષણિકતાઓ આપીને સ્પષ્ટ કરવામાં આવ્યો છે. તેમાં ખાસ કરીને ક્ષર અને અક્ષર એ બે પુરુષ વચ્ચેનો ભેદ પણ દર્શાવવામાં આવ્યો છે. એમાંનો ક્ષર પુરુષ પ્રકૃતિના ગુણોનો ભોગ કરતો હોવાથી પ્રકૃતિના કાર્યને વશ હોય છે અને અક્ષર પુરુષ ગુણોનો ભોગ કરે છે પરંતુ ગુણોથી પોતે પર હોવાથી પ્રકૃતિને વશ હોતો નથી. આ બે પુરુષ વચ્ચે જે ભેદ છે તેના ઉપર આધાર રાખીને ગીતા અહીં પ્રતિપાદન કરે છે કે મુક્તાત્મા પ્રભુની સાથે સાધર્મ્યને પ્રાપ્ત કરે છે. સાધર્મ્ય એટલે પોતાના જીવનના સચેતન ધર્મની પ્રભુના અસ્તિત્વના દિવ્ય ધર્મ સાથે એકતા કરવી તે. એ પ્રકારની મુક્તિ, એ એકતા, દિવ્ય પ્રકૃતિને પોતાનામાં ધારણ કરવી, અર્થાત્ પ્રભુ સાથે સાધર્મ્ય પ્રાપ્ત કરવું એ જ આધ્યાત્મિક મુક્તિનો સાર છે, તથા અમરતાનો સમગ્ર અર્થ છે એમ ગીતા કહે છે. આ સાધર્મ્યની સ્થિતિને જે ઊંચામાં ઊંચું મૂલ્ય આપવામાં આવે છે તે ગીતાના ઉપદેશનું એક સૌથી અગત્યનું અંગ છે.

અમર થવું એટલે સ્થૂલ દેહના મૃત્યુ પછી વ્યક્તિ તરીકે જીવન ટકાવી રાખવું એમ પ્રાચીન આધ્યાત્મિક ઉપદેશમાં કદી મનાતું નહીં. એ અર્થમાં તો સઘળાં સત્ અમર છે જ, અને નાશ પામે છે તે તો એમનાં બાહ્ય સ્વરૂપો માત્ર, એટલે કે કલેવરો, જે આત્માઓ મોક્ષને પ્રાપ્ત થતા નથી તેઓ પણ કાલના યુગચક્રમાં સતત જીવન ધારણ કરતા હોય છે. જ્યારે વ્યક્ત બ્રહ્માંડનો પ્રલય થાય છે ત્યારે સર્વ સત્-તાઓ બ્રહ્મની અંદર અવ્યક્તપણે કે ગુપ્તપણે રહે છે, અને નવા યુગનો આરંભ થાય છે ત્યારે એ બધી પાછી જન્મ ધારણ કરે છે. પ્રલય એટલે યુગોના ચક્રનો અંત. એ અંત એટલે અસ્તિત્વનું જે વિશ્વરૂપ છે તેનો અને બ્રહ્માંડના પરિવર્તનમાં ગતિ કરતાં સર્વ વ્યક્તિગત સ્વરૂપોનો તાત્કાલિક વિનાશ યાને વિલય. પરંતુ એ સ્થિતિ તો

---

* ગીતા, અધ્યાય ૧૪મો

ક્ષણિક વિરામ જેવી, નીરવતાવાળા વિશ્રામ જેવી હોય છે. એની પાછળ નવસર્જનનો બહાર પ્રગટે છે, પુનઃ સંયોજન અને નવઘટના થાય છે, અને એ સમયે સુષુપ્ત સત્-તાઓ ફરીને પ્રગટે છે અને ફરીથી પોતાની પ્રગતિના વેગને પ્રાપ્ત કરે છે. આપણા સ્થૂલ દેહનું મૃત્યુ પણ એક પ્રકારનો પ્રલય જ છે,—ગીતા એ શબ્દને મૃત્યુના અર્થમાં વાપરે પણ છે—प्रलयं याति देहभृत् . (૧૪.૧૪) "દેહને ધારણ કરવાવાળો પ્રલયને પામે છે." એ પ્રલય એટલે જડ તત્ત્વના બનેલા જે સ્વરૂપ સાથે માનવનું અજ્ઞાન પોતાની એકતા કરતું હોય છે તે સ્વરૂપનો વિનાશ,—એ સ્વરૂપ પોતાના અસલ સ્વાભાવિક તત્ત્વોમાં વિલય પામે છે. દેહ જ્યારે વિનાશને પામે છે ત્યારે પણ આત્મા તો હોય છે અને થોડા સમય પછી તે સ્થૂલ તત્ત્વોમાંથી બનેલો નવો દેહ ધારણ કરીને યુગચક્રમાં પોતાના જન્મોની ઘટમાળ શરૂ કરે છે. જેમ પ્રલયના વિરામ અને નિવૃત્તિ પછી વૈશ્વિક-સત્ પોતાના અનંત કાળચક્રનો ફરીથી આરંભ કરે છે તે જ પ્રમાણે વ્યક્તિ પણ જન્મ-મરણનું ચક્ર શરૂ કરે છે. સઘળા દેહધારી આત્માઓ માટે આ પ્રકારની, કાળચક્રની ગતિમાં મળતી, અમરતા સામાન્ય છે.

વધારે ગહન અર્થમાં, અમર થવું એટલે મૃત્યુ પછીથી પોતાનું અસ્તિત્વ કાયમ રાખવું અને સતત પુનર્જન્મ પામ્યા કરવો એના કરતાં કોઈ જુદી જ વસ્તુ છે. અમરતા એટલે એક એવું પદ, એક એવી ભૂમિકા, જેમાં આત્મા જન્મ અને મરણ બન્નેથી પોતે પર છે એમ જાણે છે. એ અનુ-ભૂતિમાં પોતાના આવિર્ભાવના પ્રકારથી આત્મા મર્યાદિત થતો નથી, એ પોતે તો અનંત છે, અવિનાશી છે, અવ્યયપણે શાશ્વત છે, અમર છે એમ અનુભવે છે. કારણ કે અસલ સ્વરૂપમાં એ પોતે અજ—કદી જન્મેલો નહિ એવો—છે એટલે તે કદી મરણને પણ પામતો નથી. પરમેશ્વર અને પરબ્રહ્મરૂપ પુરુષોત્તમ સદાને માટે એ અમર શાશ્વતીને ધારણ કરે છે, અને વ્યક્તિગત દેહને ધારણ કરે છે તે કારણે, અથવા તો, પોતે વૈશ્વિક સ્વરૂપો અને શક્તિઓને સતત ધારણ કરતો હોય છે તે કારણે, એ પોતે જરા પણ વિકાર પામતો નથી. એનામાં એનું આત્મજ્ઞાન સદા જાગ્રત હોય છે. પોતાની દિવ્ય પ્રકૃતિથી જ પુરુષોત્તમ પોતાની શાશ્વતી વિષે—જરા પણ વિકાર પામ્યા વગર—સચેતન હોય છે. આદિ કે અંત વિના, પુરુષોત્તમ પોતાને વિષે સદા સચેતન રહે છે. અહીં, આ વિશ્વમાં, સર્વ દેહોમાં તે વસી રહેલો છે, પરંતુ પ્રત્યેક દેહમાં તે અજ છે, પોતે સ્વીકારેલા આવિર્ભાવથી પોતાની ચેતનામાં તે મર્યાદિત થતો નથી,—પોતે જે સ્થૂલ પ્રકૃતિ ધારણ કરે

છે તેની સાથે સંપૂર્ણપણે એક થઈ જતો નથી. કારણ કે અસ્તિત્વની એની સક્રિય વિશ્વલીલાનો એ તો કેવળ ગૌણ પ્રસંગ હોય છે. પુરુષોત્તમની* આ સ્થિરભાવે સચેતન અને શાશ્વત એવી સત્-તામાં જીવન ધારણ કરવું એનું નામ મુક્તિ, એનું નામ અમરતા. પરંતુ એ પ્રકારની વધારે ઊંચી અમરતા પ્રાપ્ત કરવી હોય તો દેહધારી આત્માએ અધોમુખ પ્રકૃતિના નિયમન પ્રમાણે ચાલવાનું મૂકી દેવું જોઈએ. જીવનનો જે દિવ્ય માર્ગ પ્રભુ પોતાની દિવ્ય પ્રકૃતિમાં સ્વીકારે છે તે એણે પણ સ્વીકારવો જોઈએ. ખરું જોતાં, વ્યક્તિના અંતરમાં એનું જે શાશ્વત પરમ સત્ય રહેલું છે તેનો એ સાચો ધર્મ છે. એટલે કે વ્યક્તિએ પોતાની અત્યારે ગુપ્ત એવી અસલ સત્-તામાં જ કેવળ પ્રભુ જોડે સામ્ય પ્રાપ્ત કરવાનું છે; એટલું જ નહિ પરંતુ પોતાના આવિર્ભાવના આધ્યાત્મિક વિકાસમાં — એટલે, પોતાની પ્રકૃતિમાં પણ — પ્રભુનું સાદૃશ્ય તેણે પ્રાપ્ત કરવું જોઈએ.

માનવ-પ્રકૃતિમાંથી દિવ્ય પ્રકૃતિમાં આરોહણ કરવાનું આ મહાન કાર્ય આપણે ઈશ્વરાભિમુખ જ્ઞાન, સંકલ્પ અને ભક્તિ વડે જ સિદ્ધ કરી શકીએ છીએ. કારણ કે વિશ્વ-પ્રકૃતિના કાર્યસમૂહમાં પોતાના સનાતન અંશ તરીકે, પોતાના અમર પ્રતિનિધિ તરીકે, પરમ પુરુષોત્તમે જીવાત્માને મોકલ્યો છે તેને પ્રકૃતિના કાર્યના પ્રભાવને લઈને — अवशं प्रकृते र्वशात् (૯.૮) — અવશપણે પ્રકૃતિને વશ થઈને — પોતાની બાહ્ય ચેતનામાં પ્રકૃતિની મર્યાદિત કરનાર પરિસ્થિતિ સાથે એકતા કરવાની ફરજ પડે છે. આમ એક બાજુએ તે

---

*અહીં વાંચનારે ધ્યાનમાં રાખવાનું છે કે ગીતામાં કોઈ પણ જગાએ એવો ઉલ્લેખ નથી કે વ્યક્તિની આધ્યાત્મિક સત્-તાનો અવ્યક્ત, અને અનિર્દેશ્ય બ્રહ્મમાં લય સાધવો એ અમરતાનો સાચો અર્થ છે, યા તો તેની પ્રાપ્તિની શરત છે, કે યોગનો સાચો ઉદ્દેશ છે; ઊલટું, આગળ જતાં અમરતા એટલે પ્રભુના પરમ ધામમાં નિવાસ કરવો એવું વર્ણન ગીતા આપે છે. — मयि निवसिष्यसि — परं धाम. (૧૨.૮) અને અહીં અમરતા એટલે પ્રભુ સાથે સાધર્મ્ય પામવું એને જ परां सिद्धिम् (૧૪.૧) કહે છે. એ સ્થિતિ પરમ સંપૂર્ણતાની અવસ્થા છે, — એમાં પ્રભુની સત્-તા સાથે અને એની દિવ્ય પ્રકૃતિ સાથે એકધર્મ-વાળા બનવાનું હોય છે. એટલે કે જીવનમાં ચાલુ રહીને તથા વૈશ્વિક ગતિ વિષે સચેતન બનીને તેનાથી પર રહેવાનું છે, — જેમ બધા મુનિઓ હજી પણ પોતાનું જીવન શાશ્વતીમાં ધારણ કરે છે, — मुनयः सर्वे, (૧૪.૧) અને છતાં સૃષ્ટિમાં થતા પોતાના જન્મનું બંધન એમને નડતું નથી, તથા વિશ્વનો પ્રલય થતાં પણ એવા આત્માને શોક થતો નથી.

પોતાની અસલ દિવ્યતામાંથી પ્રકૃતિમાં જઈ પડે છે. વળી, એના પોતાના અંતરમાં જે આધ્યાત્મિક વાસ્તવિકતા, જે સ્વભાવજન્ય પ્રભુતા રહેલી છે, તેને તદ્દન ભૂલી જનારાં એવાં મન, પ્રાણ અને સ્થૂલ દેહ જોડે પણ તે પોતે એક થઈ જાય છે. આ સ્થિતિમાંથી ઉપર જણાવેલી મહાન પૂર્ણતા એટલે કે પ્રભુ સાથે સાધર્મ્ય — પ્રાપ્ત કરવું હોય તો આત્માનું જ્ઞાન તથા પુરુષ અને પ્રકૃતિના આભાસિક સંબંધોથી સ્વતંત્ર એવા સંબંધોનું જ્ઞાન પ્રાપ્ત કરવું આવશ્યક છે, તથા ઈશ્વરને આપણી જાતને તથા જગતને, સ્થૂલ બહિર્મુખ અનુભૂતિ વડે નહિ પરંતુ આધ્યાત્મિક અનુભૂતિ વડે જાણવાં જોઈએ. અર્થાત્, એ વસ્તુઓને ઇન્દ્રિયોને વશ મનના તથા બહિર્મુખ બુદ્ધિના ખોટે રસ્તે દોરી જનારા, આભાસિક સંસ્કારો વડે નહિ, પરંતુ અંતરમાં રહેલી ચૈત્ય-ચેતનાના ગહનમાં ગહન સત્યની પ્રાપ્તિ કરીને આપણે જાણવી જોઈએ. આત્મજ્ઞાન અને ઈશ્વર-જ્ઞાન વિના, તથા આપણા સ્વાભાવિક જીવન પ્રત્યે એક પ્રકારનું આધ્યાત્મિક વલણ ધારણ કર્યા વિના પૂર્ણતા મળી શકે નહીં. એટલા માટે, પ્રાચીન યોગ-પદ્ધતિમાં જ્ઞાન વડે મુક્તિની પ્રાપ્તિ થાય છે એ વસ્તુ પર આટલો બધો ઝોક દેવામાં આવતો. એ જ્ઞાનનો અર્થ વસ્તુઓનું બુદ્ધિ વડે ગ્રહણ કરવું એવો થતો નથી. એ જ્ઞાન એટલે માનવ અત્યારે એક માનસિક-સત્ છે તેનો મનથી મહત્તર એવી આધ્યાત્મિક ચેતનામાં વિકાસ. આત્માની પૂર્ણતા પ્રાપ્ત કર્યા વિના, -- દિવ્ય પ્રકૃતિમાં આત્માનો વિકાસ થયા વિના, — આત્માની મુક્તિ મળી શકે નહીં. પરમાત્મા નિષ્પક્ષપાત હોઈ પોતાના કોઈ સ્વચ્છંદી તરંગ વડે કે પોતાની કૃપાની આપખુદ સનદ વડે એ કાર્ય આપણે માટે કરશે નહીં. જ્ઞાનની પેઠે દિવ્ય કર્મો પણ મુક્તિ પ્રાપ્ત કરવા માટે અસરકારક નીવડે છે, કારણ કે આત્માની દિવ્ય પૂર્ણતા પ્રત્યે એ આપણને લઈ જાય છે, તથા આપણા જીવનનો જે સ્વામી અંતરમાં રહેલો છે તેની સાથે વધારે ને વધારે એકતા સાધીને આત્માનું, પ્રકૃતિનું તથા ઈશ્વરનું જ્ઞાન પણ તે આપણને આપે છે. દિવ્ય પ્રેમ અથવા તો ભક્તિ પણ એ પૂર્ણતા પ્રાપ્ત કરવામાં સફળ નીવડે છે, કારણ કે એના વડે આપણી ભક્તિના એકમાત્ર અને પરમ આસ્પદ પુરુષોત્તમ જોડે આપણે સામ્યને પ્રાપ્ત કરીએ છીએ તથા આપણી પ્રેમ-ભક્તિના પ્રત્યુત્તર તરીકે, એના દિવ્ય પ્રેમનું આપણામાં અવતરણ કરાવી શકીએ છીએ, જેને પરિણામે આપણો આધાર એની જ્ઞાન-જ્યોતિ વડે, તથા સનાતન બ્રહ્મની ઉદ્ધારક શક્તિ અને વિશુદ્ધિ વડે છલોછલ થઈ રહે છે. એટલા માટે, ગીતા કહે છે કે આ જ્ઞાન પરમ જ્ઞાન છે, ઉત્તમોત્તમ જ્ઞાન છે, કારણ કે તે ઊંચામાં ઊંચી પરાં सिद्धिम् (૧૪.૧) — સિદ્ધિ, પરમ આધ્યાત્મિક પદ, તથા પ્રભુનું સામ્ય — साधर्म्य — પ્રાપ્ત કરાવે છે. આ

જ્ઞાન શાશ્વત જ્ઞાન છે, એ જ્ઞાન વડે સર્વ મુનિઓએ ઊંચામાં ઊંચી સિદ્ધિ યાને પૂર્ણતા પ્રાપ્ત કરી હતી, પરમ શાશ્વત જોડે સાધર્મ્યને પહોંચ્યા હતા, અને એની શાશ્વતીમાં સદા અસ્તિત્વને ધારણ કરી રહ્યા છે, છતાં તેઓ આ સૃષ્ટિમાં જન્મેલા નથી, વિશ્વના પ્રલયથી એમને કોઈ પ્રકારની વ્યથા થતી નથી. આ પૂર્ણતા, પ્રભુ સાથેનું આ સાધર્મ્ય, એ અમરતા પ્રાપ્ત કરવાનો માર્ગ છે, અને શાશ્વતમાં આત્માએ જીવન ધારણ કરવું હોય તો એ સાધર્મ્યની પ્રાપ્તિ એની અનિવાર્ય શરત છે.

માનવનો આત્મા એના ગુપ્ત મૂળમાં પ્રભુ સાથે સનાતન એકતા ધારણ ન કરતો હોત, તથા એની દિવ્યતાનો અવિભાજ્ય અંશ ન હોત તો પ્રભુની દિવ્ય પ્રકૃતિ સાથે તે સામ્ય યાને, સાધર્મ્ય પ્રાપ્ત કરી શકત નહીં. જો માનવ કેવળ માનસિક, પ્રાણમય અને સ્થૂલ પ્રકૃતિનું જ એક જંતુ હોય તો તે કદી અમર હોઈ કે બની શકત નહીં. અસ્તિત્વ માત્ર પ્રભુના દિવ્ય અસ્તિત્વનો આવિર્ભાવ છે, અને આપણા પોતાના અંતરમાં જે વસ્તુ છે તે શાશ્વત પુરુષોત્તમનો આત્મા છે. એ ખરું છે કે આપણે આ અધોમુખી, જડ પ્રકૃતિમાં અવતર્યા છીએ તથા એની અસર નીચે આપણે રહીએ છીએ, પરંતુ આપણે અસલ પરા અને આધ્યાત્મિક પ્રકૃતિમાંથી અહીં અવતર્યા છીએ. અત્યારની આપણી અધમ અજ્ઞાન અવસ્થા આપણું દેખીતું, આભાસિક, સત્ય છે, પરંતુ આપણું વાસ્તવિક સત્ય સ્વરૂપ તો એ દિવ્ય પ્રકૃતિમાં છે. શાશ્વત પરમ આ બધી ગતિઓનો પોતાના આત્મ-સર્જન તરીકે પ્રક્ષેપ કરે છે. એ પરમ આ વિશ્વનો એકીવખતે પિતા અને માતા બન્ને છે. અનંત એવી દિવ્ય મનીષાનું સત્ત્વ, એટલે કે વિજ્ઞાન, જેને ગીતા 'મહદ્ બ્રહ્મ' કહે છે, તે એની યોનિ છે. એમાં એ શાશ્વત પુરુષોત્તમ પોતાના આત્મ-કલ્પનોનું બીજ નાખે છે. અતિ-મનસના વિજ્ઞાનમય પુરુષ તરીકે પોતે બીજ નાખે છે અને માતા તરીકે, પ્રકૃતિના આત્મા તરીકે, પુરુષની સચેતન શક્તિથી પ્લાવિત પ્રકૃતિ તરીકે, એ પોતે જ તે બીજને ધારણ કરે છે. એટલે કે, અપરિમેય, છતાં જાતને મર્યાદામાં પ્રગટ કરનાર એવા દિવ્ય મનીષાના કલ્પનનો ગર્ભ ધારણ કરનાર અનંત સત્ત્વમાં પણ તે પોતે જ એનો સ્વીકાર કરે છે. પોતાના અનંત આત્મ-કલ્પનોના બનેલા એ બૃહત્‌માં તે બીજને ધારણ કરે છે તથા અસલ કલ્પનની સૃષ્ટિમાંથી જન્મેલાં માનસિક, પ્રાણમય અને અન્નમય સ્વરૂપોમાં એ દિવ્ય ગર્ભનો વિકાસ કરે છે. આ વિશ્વમાં આપણે જે કાંઈ જોઈએ છીએ તે સઘળું એ સર્જક ક્રિયામાંથી ઉદ્‌ભવેલું છે, પરંતુ અહીં જે વસ્તુ જન્મ લે છે તે તો અજ અને અનંત પરબ્રહ્મનું સાંત આત્મકલ્પન અને સ્વરૂપ છે. પરબ્રહ્મ પોતે શાશ્વત છે અને પોતાના સર્વ પ્રકારના આવિર્ભાવથી પર

છે. પ્રકૃતિ પણ પરબ્રહ્મમાં શાશ્વત છે, અનાદિ છે; અને અંત વગરનો સર્જન-વ્યાપાર કદી આખરી નથી હોતો એવો પ્રલયનો વ્યાપાર યુગચક્રોની નિયમિત ગતિના સંવાદનો આશ્રય લઈને તે ચલાવે છે. પ્રકૃતિમાં એક કે બીજું સ્વરૂપ ધારણ કરનાર પુરુષ પણ, પ્રકૃતિની પેઠે, શાશ્વત છે, અનાદિ છે— अनादि उभावपि (૧૩.૧૯). પ્રકૃતિની અંદર, જ્યારે એ પુરુષ અંત વગરના યુગચક્રમાં ગોળગોળ ફરતો હોય છે ત્યારે પણ તે શાશ્વતીમાંથી જ પ્રકૃતિનાં એ સ્વરૂપોમાં અવતરતો હોય છે, અને તે કારણે, જન્મ-મરણની અવસ્થાથી સદા પર હોય છે અને અહીં એની જે પ્રત્યક્ષ, મર્યાદિત ચેતના છે તેમાં પણ તે પોતાની સહજ અને સતત પરાત્પરતા વિષે સચેતન બની શકે છે.

તો પછી, એ બે વચ્ચેનો ભેદ શેને લઈને ઉપસ્થિત થાય છે? એવી કઈ વસ્તુ છે જેને લઈને આત્મા જન્મ-મરણના અને પ્રકૃતિના બંધનમાં, એના આભાસમાં, સપડાય છે? અલબત્ત, એ બધાં આભાસિક છે એ તો સ્પષ્ટ છે. બંધનની એ પરિસ્થિતિ એક પ્રકારની ગૌણ ક્રિયા છે, અથવા કહો, ગૌણ ચેતનાવસ્થા છે. એ અવસ્થાનું કારણ એ છે કે આ અધોમુખ પ્રવૃત્તિનાં મર્યાદિત કાર્યોમાં પ્રકૃતિના ગુણો સાથે તથા મન, પ્રાણ અને શરીરના કોશોની બનેલી, પોતાની આજુબાજુ વીંટળાઈ રહેલી અને 'અહં'થી મર્યાદિત એવી જે ગ્રંથિ છે તેની સાથે એક પ્રકારનું એવું તાદાત્મ્ય થાય છે કે તેને લઈને આત્માની—પોતાના અસલ સ્વરૂપની—વિસ્મૃતિ થઈ જાય છે. પ્રકૃતિના આ અધો પ્રકારના કાર્યની શક્તિ જે આપણા ઉપર પ્રભાવ જમાવે છે તેનાથી મુક્ત થઈને આપણા સંપૂર્ણપણે સચેતન એવા આત્મજીવનને ફરીથી પ્રાપ્ત કરવું હોય, તથા આત્માની મુક્તિને તથા શાશ્વત અમરતાને ધારણ કરવી હોય તો પ્રકૃતિના આ ત્રણ ગુણોથી પર જવું, त्रैगुण्यातीत થવું, અનિવાર્ય છે. પ્રભુની દિવ્ય પ્રકૃતિ સાથે સાધર્મ્ય પ્રાપ્ત કરવાની શરતો વિષે ગીતા હવે પછી વિસ્તાર-પૂર્વક ઉલ્લેખ કરે છે. આગળના એક અધ્યાયમાં એનો નિર્દેશ કરવામાં આવેલો છે તથા ત્યાં, એનું વિધાન અતિ ટૂંકાણમાં પરંતુ ભારપૂર્વક કરવામાં આવ્યું છે. પરંતુ હવે એ ગુણો કયા છે, આત્માને તેઓ કેવી રીતે બંધનમાં નાખે છે, તથા મુક્તિ પ્રાપ્ત કરતાં આત્માને કેવી રીતે અટકાવે છે તથા પ્રકૃતિના ગુણોથી પર થવું એનો શો અર્થ થાય છે, એ બધા મુદ્દાઓ ગીતાએ હવે વધારે ચોકસાઈપૂર્વક સ્પષ્ટ કરવાના છે.

પ્રકૃતિની સઘળી ક્રિયા-પદ્ધતિઓ મૂળમાં ગુણાત્મક હોય છે અને એ કારણને લઈને એમને "ગુણો" કહેવામાં આવે છે. આ વિશ્વ વિષેના કોઈ પણ આધ્યાત્મિક દર્શનમાં પ્રકૃતિ ગુણાત્મક જ હોઈ શકે, કારણ કે આત્મા અને જડ તત્ત્વ એ બેને જોડી આપનારી સાંકળ તો ચૈત્ય પ્રકારની એટલે કે

આધ્યાત્મિક હોવી જોઈએ. એ શકિતનું પ્રાથમિક કાર્ય સ્થૂલ અને પરિમાણ-પ્રધાન નહિ પરંતુ ચેતસિક અને ગુણપ્રધાન જ હોવું જોઈએ. કારણ કે વૈશ્વિક શકિતનાં સર્વ કાર્યોમાં, એની શરૂઆતથી ક્રિયાત્મકતામાં, ગુણ એ જ વધારે અમૂર્ત અને વધારે આધ્યાત્મિક તત્ત્વ છે. અત્યારના સમયમાં ભૌતિક શાસ્ત્રો આગળ પડતાં હોવાને લીધે આપણે પ્રકૃતિને જુદા સ્વરૂપમાં જોવાને ટેવાયા છીએ. ભૌતિક શાસ્ત્રોમાં પ્રકૃતિનાં કાર્યોના પરિમાણની અગત્ય,— એમનાં તોલ, માપ અને માત્રાની અગત્ય,—વધારે આંકવામાં આવે છે, તથા નવાં સ્વરૂપોનું સર્જન કરવા માટે તત્ત્વોને ચોક્કસ સ્થિતિમાં અને માત્રામાં— પ્રમાણમાં—લઈને તેમનું સંયોજન કરવાનું હોય છે, એટલે આજકાલનાં ભૌતિક શાસ્ત્રોમાં પ્રકૃતિનું એ ચોક્કસ પ્રમાણવાળું, સંખ્યાત્મક, સ્વરૂપ સૌથી પ્રથમ આપણું ધ્યાન ખેંચે છે. અને છતાં, એ જ ભૌતિક શાસ્ત્રના ક્ષેત્રમાં પણ જડ શકિત કોઈ સ્વયંભૂ એવા જડ પદાર્થની ક્રિયાશીલતા છે અથવા તો જડ પદાર્થમાં રહેલું સાહજિક બળ છે એ વિચાર સ્વીકારાયો નથી, પરંતુ ઊલટું જડ તત્ત્વ પોતે શકિતનું કાર્ય છે એમ મનાવા લાગ્યું છે; એ બતાવે છે કે વિશ્વ-પ્રકૃતિ વિષે પ્રાચીન કાળમાં જે ખ્યાલ પ્રચલિત હતો તેનો ફરીથી સ્વીકાર થવા લાગ્યો છે. હિંદના પ્રાચીન દાર્શનિકો પણ પ્રકૃતિના પરિમાણાત્મક યાને સંખ્યાત્મક કાર્યનો અને સ્વરૂપનો સ્વીકાર કરતા હતા. પરંતુ એને તેઓ વધારે વસ્તુનિષ્ઠ અને સ્વરૂપની અંદર થતી કાર્યવાહક પ્રક્રિયાનો એક ભાગ ગણતા હતા. મુખ્ય નિર્ણાયક બલ તો "ગુણ"ને—"સ્વભાવ"-ને—જ માનતા હતા. તેઓ એમ માનતા કે "ગુણ"—"સ્વભાવ"—અનુસાર પ્રકૃતિની સક્રિય શકિત વસ્તુઓની વ્યવસ્થા કરે છે. પદાર્થમાં પોતાનામાં રહેલી દિવ્ય મનીષાની સક્રિય શકિત જ તેનો ગુણ કે સ્વભાવ બને છે. અર્થાત્ પ્રમાણના યાને સંખ્યાના આપણા સઘળા વ્યાપારોના પાયામાં આ ગુણનું કાર્ય હમેશાં રહેલું હોય છે. આપણી સ્થૂલ સૃષ્ટિના પાયામાં આ સત્ય ઉપર તરી આવતું નથી, કારણ કે ત્યાં દિવ્ય કલ્પના કરનારો આત્મા, એટલે કે "મહદ્ બ્રહ્મ", જડ તત્ત્વ અને ભૌતિક શકિતની ક્રિયા તળે દટાઈ ગયેલો હોઈ, ગુપ્ત હોય છે. પરંતુ સ્થૂલ સૃષ્ટિમાં પણ એકનાં એક તત્ત્વોનાં, —જુદાંજુદાં સંયોજનોનાં —અને માત્રાના યાને પ્રમાણના ભેદોને લઈને જે ચમત્કારિક વિવિધ પરિણામો નીપજે છે તેની સમજૂતી, એ જડ વ્યાપારોનો અનુકૂળ યાંત્રિક વ્યવસ્થા તરીકે ઉપયોગ કરનાર, કોઈ ઘડિયાની, વિવિધતા લાવનારી, ગુણની શકિતનો સ્વીકાર કર્યા સિવાય આપી શકાય તેમ નથી. અથવા તો, આપણે એમ કહી શકીએ કે વૈશ્વિક શકિતની અંદર ગુપ્ત એવી કલ્પના-શકિત—એટલે કે વિજ્ઞાન—રહેલી હોવી જોઈએ જે એનું ગણિત

અને બાહ્ય વ્યાપારોનાં પરિણામો નક્કી કરે છે, — એ વૈશ્વિક શક્તિ અને એના કરણ તરીકે કાર્ય કરનાર બુદ્ધિ એ બન્ને અચેતન છે એમ માનીએ તોપણ એમાં એવું ગુપ્ત વિજ્ઞાન શક્ય છે. જડથી ઊર્ધ્વમાં પ્રાણમય અને મનોમય જીવનમાં તો ગુણની શક્તિ જ ખુલ્લી રીતે મુખ્ય શક્તિ તરીકે પ્રગટ થાય છે અને શક્તિની માત્રા એ ભૂમિકાઓમાં ગૌણ તત્ત્વ બને છે. પરંતુ હકીકતમાં, મનોમય, પ્રાણમય અને અન્નમય ત્રણે ભૂમિકાઓ પ્રકૃતિના ગુણોની મર્યાદાઓને વશ છે, ગુણોના નિર્માણ વડે એમનું શાસન થાય છે, જોકે આ સત્ય આપણે અસ્તિત્વના સોપાનમાં જેમજેમ નીચે ઊતરીએ છીએ તેમતેમ ઝાંખું થતું જાય છે, વધારે ને વધારે અસ્પષ્ટ બને છે. પ્રકૃતિથી નિર્મિત ન થનાર વસ્તુ તે પુરુષ છે, બ્રહ્મ છે. એ આત્મા પોતાની **મહત્ અને વિજ્ઞાનની** અતિ-મનસના જ્ઞાન અને તેની શક્તિ વડે પ્રકૃતિની શરતોને નક્કી કરે છે. એ આત્મા પ્રકૃતિના ગુણોની કે પરિમાણની શક્તિની મર્યાદાઓને વશ નથી હોતો, કારણ કે એ પોતે અપરિમેય છે, અનિર્મેય અનંતતા છે, તથા જે ગુણો તે પોતે વિકસાવે છે અને પોતાના સર્જનને માટે વાપરે છે તેમનાથી એ પોતે ઊર્ધ્વમાં છે, ચડિયાતો છે.

પ્રકૃતિના સમગ્ર ગુણાત્મક કાર્યની અનંત પ્રકારની જટિલતાવાળી અને વિવિધતાવાળી વિગતોના આખા સમૂહને ત્રણ સામાન્ય ગુણોના બીબામાં ઢાળેલો કલ્પવામાં આવે છે. એ ત્રણે ગુણો — એટલે, સત્ત્વ, રજસ્ અને તમસ્ — સર્વત્ર હાજર છે. એકબીજા સાથે ભળી ગયેલા હોય છે, લગભગ છૂટા ન પાડી શકાય તેમ એકબીજામાં અટવાઈ ગયેલા હોય છે. ગીતામાં આ ગુણોનું વર્ણન, માનવના માનસમાં એમનાં જે પ્રતિકાર્યો થાય છે તે વડે, અથવા તો, આહાર જેવા સ્થૂલ પદાર્થો માનવના ઉપર માનસિક કે પ્રાણમય અસર ઉત્પન્ન કરે છે તેનો આધાર લઈને, પ્રાસંગિક રીતે, આપવામાં આવ્યું છે. એ ગુણોની વધારે સામાન્ય વ્યાખ્યા હિંદુ ધર્મમાં વિશ્વના ત્રિદેવની — બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રની — ત્રિમૂર્તિમાંના પ્રત્યેકમાં એ ત્રણ ગુણોમાંના એકનું આરોપણ કરવામાં આવેલું છે, એમાં આપણને જોવા મળે છે. વિશ્વની સ્થિતિના આધાર વિષ્ણુમાં સત્ત્વગુણ છે, સર્જન કરનાર બ્રહ્મા રજોગુણવાળા છે, વિનાશ કરનાર રુદ્રનો તમો-ગુણ છે. આ ત્રણ પ્રકારના આરોપણની પાછળ બુદ્ધિગ્રાહ્ય સત્ય શું છે તેનો વિચાર કરતાં આપણે પ્રકૃતિના ત્રણ ગુણોની સમજૂતી વૈશ્વિક શક્તિની ત્રણ ગતિ તરીકે આપી શકીએ. અર્થાત્ એ ત્રણ ગુણો સહવર્તી, સહચારી અને અવિભાજ્ય એવી સમતુલાની, સક્રિયતાની અને જડતાની વિશ્વ-શક્તિઓ છે, પરંતુ બળના બહિર્મુખ કાર્યના સ્વરૂપમાં ત્રણ ગુણો એ પ્રકારના આપણને દેખાય છે. પરંતુ આપણે ચેતના અને શક્તિને એક જ સત્‌ના દ્વિદલ સ્વરૂપ

તરીકે ગણીએ અને સત્‌ની વાસ્તવિકતામાં સદા એકીવખતે અસ્તિત્વમાં છે એમ સ્વીકારીએ તો એ ગુણોનું સ્વરૂપ જુદું જ જણાશે. પરંતુ એ ખરું છે કે જડ પ્રકૃતિની આરંભની, બાહ્ય અને રૂપાત્મક વાસ્તવિકતા પ્રત્યે જોતાં ચેતનાનો પ્રકાશ આપણને દેખાતો જ નથી,—અચિત્‌ અને અપ્રકાશિત એવી શક્તિના વિરાટ કાર્યમાં તે તદ્દન લુપ્ત થઈ જતો જણાય છે. વળી જડ પ્રકૃતિમાં આત્માની નિષ્ક્રિયતાના સામા છેડા તરફ દૃષ્ટિ કરીશું તો ત્યાં વિરાટ શક્તિનું કાર્ય દૃષ્ટા તરીકે, યા તો સાક્ષી તરીકે, રહેલી ચેતનાની પ્રશાંતિમાં લુપ્ત થતું દેખાય છે. આ બે સામસામી અવસ્થાઓ દેખીતી રીતે છુટ્ટા પડેલા પુરુષ અને પ્રકૃતિના આખરી છેડાઓ જેવી છે, પરંતુ એ બેમાંની પ્રત્યેક જ્યારે પોતાના આખરી બિંદુએ પહોંચે છે ત્યારે પણ પોતાના શાશ્વત સાથીનો સમૂળો ઉચ્છેદ કરતી નથી. વધારેમાં વધારે તે એટલું કરે છે કે પોતાના અસ્તિત્વની ખાસ રીતિમાં પોતાના સંગાથીને ગુપ્ત રાખે છે, ઢાંકે છે. તેથી બાહ્ય દૃષ્ટિએ અચેતન દેખાતી શક્તિમાં પણ ચેતના સદા રહેલી હોય છે. એટલે આપણે આ ત્રણે ગુણોના વધારે બહિર્મુખ અને કાર્યવાહક વ્યાપારોમાં પણ જે સમાંતર માનસિક શક્તિઓ વ્યાપીને રહેલી છે તેમને શોધી કાઢવી જોઈએ. મનોવિજ્ઞાનની બાજુથી જોતાં પ્રકૃતિના આ ત્રણ ગુણોની વ્યાખ્યા આપણે આ પ્રમાણે આપી શકીએ: તમસ્‌ એટલે પ્રકૃતિની અચિત્‌ શક્તિ, અથવા તો, પ્રતિચિત્‌ શક્તિ. રજસ્‌ એટલે કર્મમાં ઉદ્યુક્ત ફાંફાં મારતી અજ્ઞાનની શક્તિ જેને કામના અને આવેગ કાંઈક અંશે પ્રકાશિત કરે છે. સત્ત્વ એટલે સઘળું સ્વાયત્ત કરનાર અને સંવાદ ઉપજાવનારી પ્રકૃતિની જ્ઞાનની શક્તિ.

વિશ્વસમસ્તના અસ્તિત્વમાં સર્વત્ર પ્રકૃતિના આ ત્રણ ગુણો છૂટા ન પાડી શકાય એવી રીતે પરસ્પર સંકળાયેલા છે. જડતાનો સાર તમસ્‌ છે, તે ક્રિયાવિહીન અને જડ એવા અચિત્‌નું જ કાર્ય છે, જે સર્વ પ્રકારના આઘાતોને અને સ્પર્શોને કેવળ સહન કરી લે છે,—એમની સામે થઈને, પ્રતિકાર્ય કરીને એમના ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપન કરવાનો કોઈ પણ પ્રયત્ન તમોગુણ કરતો નથી. એકલો તમોગુણ જ કાર્ય કરતો હોય છે તો પરિણામે શક્તિના સમસ્ત કાર્યનો વિલય થઈ જાય છે તથા પદાર્થ વિનાશ પામે છે અને પોતાનાં મૂળ તત્ત્વોમાં વિખરાઈ જાય છે. પરંતુ રજોગુણની ક્રિયાશક્તિ તમસ્‌ને સતત હાંકતી હોય છે. વળી પદાર્થ-તત્ત્વની અચિત્‌ અવસ્થાની અંદર પણ તેનું સંરક્ષણ કરનાર સંવાદિતા, સમતુલા અને જ્ઞાન વગેરે સત્ત્વગુણનાં તત્ત્વો, જડ તત્ત્વના જાગ્રત કાબૂમાં નહિ, પરંતુ પદાર્થના બંધારણમાં સાહજિકપણે રહેલાં આપણને જણાય છે. જડ શક્તિનું મૌલિક કાર્ય આપણને તામસિક લાગે છે, તે ચેતના વગરનું, યાંત્રિક હોય છે, તથા એ વિલય કરનારું છે ખરું, પરંતુ એ જડ શક્તિના ઉપર એક પ્રકારની વિરાટ મૂગી

રાજસિક ક્રિયાશકિત અને આવેગ અધિષ્ઠાન કરે છે, અને તમોગુણની વિલય કરનારી અને વિખેરી નાખનારી પ્રવૃત્તિ છતાં એને નવરચના અને નવસર્જન કરવાને પ્રેરે છે. વળી બહારથી અચેતન દેખાતા એના બળમાં રહેલું જ્ઞાનપ્રધાન સાત્ત્વિક તત્ત્વ એના ઉપર સદા સંવાદિતા અને સંરક્ષક વ્યવસ્થા જાળવવાનું દબાણ રજસ્ અને તમસ્‌ના ઉપર કરે છે. સર્જક પ્રયત્નનું તત્ત્વ, ગતિ અને પ્રવૃત્તિની શકિત, એ રજસ્ છે. જડ તત્ત્વમાં રહેલ રજસ્‌ને એ દૃષ્ટિએ જોઈશું તો જણાશે કે પ્રાણનું યાને જીવનનું તે આગળ પડતું લક્ષણ છે અને વધારે ખુલ્લી રીતે તે, સચેતન કે અર્ધસચેતન એવા, જિજ્ઞાસાના, કામનાના અને કર્મના આવેગ રૂપે પ્રગટ થાય છે. એ પ્રકારનો આવેગ સઘળા પ્રાણમય અસ્તિત્વની પ્રકૃતિ છે. એકલો રજોગુણ જ કાર્ય કરે તો એની પ્રકૃતિ પ્રમાણે તે સતત, પરંતુ સદા બદલાયા કરતું અને અસ્થિર જીવન ઉત્પન્ન કરે, એવી પ્રવૃત્તિ અને એવું જ સર્જન કરે, પરંતુ કશા પણ સ્થાયી પરિણામ વગરનું જ એ નીવડે. પરંતુ એક બાજુ એ તમોગુણની વિલયકારી શકિત મૃત્યુ, જીર્ણતા, જડતા વગેરે વડે એની સામે થાય છે, તો બીજી બાજુએ, રજોગુણની અજ્ઞાની પ્રવૃત્તિ સત્ત્વની શકિત વડે સ્થિર અને સંવાદી પણ બને છે. સત્ત્વગુણનું એ કાર્ય જીવનના અધો સ્વરૂપમાં અવચેતન હોય છે અને માનસિક ચેતના જેમજેમ વધારે પ્રગટ થતી જાય છે તેમતેમ તેનું કાર્ય વધારે સચેતન બનતું જાય છે, અને જ્યારે બુદ્ધિની સમુત્ક્રાંતિ થઈને સંપૂર્ણપણે વિકાસ પામેલા મનોમય સત્‌માં તર્કશકિત તથા સંકલ્પશકિત પ્રગટ થાય છે ત્યારે સત્ત્વગુણનું કાર્ય સૌથી વધારે સચેતન બને છે. સત્ત્વગુણનો સાર ગ્રહણ કરનાર જ્ઞાન છે, અને પરિપાક, પ્રમાણ અને સમતુલાને એ જ્ઞાન અનુસાર તે પ્રગટ કરે છે. સત્ત્વ એકલું જ જો કાર્ય કરે તો પ્રકાશિત અને સ્થિર એવી ચિરંજીવી સંવાદિતાઓનું સર્જન કરી આપે. પરંતુ આ સ્થૂલ જગતની ગતિઓના પ્રવાહોમાં સત્ત્વગુણને શાશ્વત ક્રિયાશકિતવાળા રજોગુણના વિકારી સંઘર્ષનું અને કર્મનું અનુસરણ કરવાની ફરજ પડે છે. વળી જડતા અને અચિત્‌ની શકિતઓ વડે સત્ત્વગુણ સતત પરાજય પામે છે અથવા તો મર્યાદિત થાય છે. પરસ્પર મિશ્ર થઈ ગયેલા અને એકબીજાની લીલાને મર્યાદિત કરનારા પ્રકૃતિના ત્રણ ગુણો વડે શાસિત આ જગતનું બાહ્ય દૃશ્ય આવું છે.

વૈશ્વિક શકિતનું ઉપર જણાવેલું સર્વસામાન્ય એવું પૃથક્કરણ છે. તેને ગીતા માણસના માનસતંત્રને અને પ્રકૃતિમાં થતા એના બંધનને તથા આધ્યાત્મિક મુકિતના સાક્ષાત્કારને લાગુ કરે છે. એ સંબંધમાં ગીતા કહે છે કે સત્ત્વગુણમાં વિશુદ્ધિ રહેલી છે તે કારણે એ ગુણ પોતે પ્રકાશ આપે છે અને માનવના માનસને જ્ઞાનથી પ્રકાશિત કરે છે. એ વિશુદ્ધિની શકિતને લઈને સત્ત્વ ગુણવાળી પ્રકૃતિમાં વ્યાધિ કે અસ્વસ્થતા, કે ક્લેશ ઉત્પન્ન થતાં નથી. જ્યારે દેહનાં સર્વ દ્વારોમાં

જ્યોતિની રેલ આવે, — જાણે કે બંધ ઘરનાં બારીબારણાં સૂર્યના તેજ પ્રત્યે ખુલ્લાં કરવામાં આવ્યાં હોય — અને બુદ્ધિ, સંવેદના અને જ્ઞાનનો પ્રકાશ સર્વત્ર રેલાય, જ્યારે બુદ્ધિ શીઘ્રગામી અને પ્રકાશમય, ઇન્દ્રિયો વેગીલી, અને સમગ્ર માનસતંત્ર સંતુષ્ટ અને જ્યોતિર્મય થાય, તથા નાડીમય સત્ સ્થિર અને પ્રસાદમય, એટલે કે જ્યોતિર્મય આરામ અને વિશદતા વડે પૂર્ણ થાય ત્યારે જાણવું કે સત્ત્વગુણ વૃદ્ધિને પામ્યો છે. કારણ કે જ્ઞાન અને સંવાદમય આરામ તથા સુખ અને આનંદ એ સત્ત્વગુણનાં ખાસ પરિણામો છે. સાત્ત્વિક સુખ એટલે સંતુષ્ટ સંકલ્પશક્તિ અને બુદ્ધિને પરિણામે જે અંતરની વિશદતાનો સંતોષ પ્રાપ્ત થાય છે તે જ કેવળ સમજવાનો નથી. પરંતુ આત્મા જ્યારે જ્ઞાનજ્યોતિમાં "સ્વ"ની પ્રાપ્તિ કરે ત્યારે જે આનંદ થાય છે તે, અથવા તો, સાક્ષી પુરુષ, તેની આજુબાજુની પ્રકૃતિ અને કામના અને સંવેદન માટેના જે પદાર્થો પ્રકૃતિ રજૂ કરે છે તેમની વચ્ચે સંવાદ અથવા તો, પર્યાપ્ત અને સાચું સમાધાન સ્થાપન થાય છે તેને પરિણામે જે સુખની લાગણી થાય છે, તે પણ સાત્ત્વિક સુખની ગણતરીમાં આવે છે.

રજસ્‌નો સાર રાગ અને કામના પ્રત્યેનું આકર્ષણ છે એમ ગીતા કહે છે. કામનાના પદાર્થો માટેની આત્માની આસક્તિમાંથી, અને હજી સુધી અપ્રાપ્ત એવા સંતોષ માટેની પ્રકૃતિની તૃષામાંથી રજોગુણ જન્મે છે. એટલે એ ગુણ અશાંતિ, જ્વર, કામ, લોભ વગેરેથી ભરેલો હોય છે. રજોગુણ એટલે પોતાનો સંતોષ શોધતી વાસના. જ્યારે આપણામાં રજોગુણ વૃદ્ધિ પામે છે ત્યારે આ બધી વસ્તુઓ પણ વધે છે. કર્મ કરવા માટેના સામાન્ય, વ્યક્તિગત આરંભના મૂળમાં તથા પ્રકૃતિમાંથી કર્મ પ્રત્યે જે પ્રવૃત્તિ થાય છે તેના મૂળમાં જે કામના રહેલી હોય છે તેનું બળ રજોગુણ છે. પ્રવૃત્તિ એટલે આપણી પ્રકૃતિમાં ધમાલ, ખોજ અને આવેગની અનુભૂતિ જે આપણને કર્મ કરવા પ્રત્યે પ્રેરે છે તે. પ્રકૃતિના ગુણોમાં રજોગુણ ક્રિયાત્મક શક્તિવાળો છે. એનું પરિણામ કર્મ કરવા માટેની પ્રબળ કામના હોય છે, પરંતુ શોક, દુ:ખ અને સર્વ પ્રકારના ક્લેશ પણ એમાંથી જ આવે છે. એનું કારણ એ છે કે રજોગુણ જે પ્રાપ્તિ કરે છે તે સાચી રીતે કરેલી હોતી નથી, — ખરું જોતાં, ઇચ્છા થવી એ જ પદાર્થની અપ્રાપ્તિ બતાવે છે — અને રજોગુણમાં પ્રાપ્તિનો જે આનંદ હોય છે તે પણ અશાંત અને ચંચલ હોય છે, કારણ કે એમાં જ્ઞાનની વિશદતા હોતી નથી. પદાર્થની પ્રાપ્તિ કેવી રીતે કરવી તેનું જ્ઞાન રજોગુણમાં હોતું નથી તેથી સાચા ભોગનું તથા સંવાદિતાનું રહસ્ય પણ તેના હાથમાં આવતું નથી. જીવનમાં જે અજ્ઞાનમય, આવેગભરેલી કામનાની વૃત્તિનું કાર્ય જણાય છે તે સઘળું પ્રકૃતિના રજોગુણને આભારી છે.

જડતા અને અજ્ઞાનમાંથી તમસ્ જન્મે છે અને એનું પરિણામ પણ જડતા અને અજ્ઞાન હોય છે. તમોગુણનો અંધકાર જ્ઞાનને ઢાંકી દે છે અને સર્વ પ્રકારની

અવ્યવસ્થા અને મોહને ઉત્પન્ન કરે છે. તેથી કરીને તમસ્ સત્ત્વનો વિરોધી છે, કારણ કે સત્ત્વગુણનું મુખ્ય કાર્ય પ્રકાશ આપવાનું છે અને તમસ્‌નો સાર પ્રકાશનો અભાવ છે, અચિત્‌પણું છે. પરંતુ તમસ્ જેમ એક બાજુ ભૂલ, બેદરકારી, ગેરસમજૂતી, મિથ્યા જ્ઞાન અથવા તો બુદ્ધિની અશકિત લાવે છે તેમ કર્મ કરવામાં પણ તે અશકિત અને પ્રમાદ લાવે છે. પ્રમાદ, એશઆરામ, આળસ અને નિદ્રા તમોગુણમાંથી આવે છે. આ રીતે તમોગુણ રજોગુણનો પણ વિરોધી છે. કારણ કે રજોગુણની મૌલિક શકિત, ગતિ, આવેગ, — પ્રવૃત્તિ — છે. જ્યારે તમસ્‌નો સાર જડતા છે, અપ્રવૃત્તિ છે. તમસ્ એટલે અચિત્‌ની — જ્ઞાનના અભાવની — જડતા તથા અકર્મની જડતા, એમ એનામાં બેવડો અભાવ રહેલો છે.

સર્વ માનવોમાં આ ત્રણે ગુણો હાજર તથા સક્રિય હોય છે એ તો દેખીતું છે, અને એમાંના કોઈ એક વિનાની કે એ ત્રણમાંના એકથી તદ્દન મુકત કોઈ પણ વ્યકિત છે એમ આપણે કહી શકીશું નહીં. બે ગુણોને બાતલ કરીને એક જ ગુણના બીબામાં ઢાળવામાં આવેલી હોય એવી એક પણ વ્યકિત નથી. સઘળામાં થોડેઘણે અંશે પણ કામના અને પ્રવૃત્તિ રૂપે રજોગુણ, જ્ઞાન અને સુખના રૂપમાં, અમુક પ્રકારની અંતરની સમતુલા, મનનું પોતાની સાથે તથા પોતાની પરિસ્થિતિ તથા પદાર્થો સાથે એક પ્રકારનું સમાધાન કરનાર સત્ત્વગુણ હોય છે, તથા સઘળામાં તમોગુણની અશકિતનો અને એના અજ્ઞાનનો ભાગ પણ રહેલો હોય છે. પરંતુ કોઈ પણ માણસમાં આ ગુણોની માત્રા — એમની શકિતના કાર્યનું પરિણામ, — અથવા તો, એમનાં તત્ત્વોનો સંયોગ સતત એક જ પ્રકારનો રહેતો નથી. કારણ કે એ ગુણોના પ્રમાણમાં ફેરફાર થયા કરે છે, — અને તેઓ પરસ્પર આઘાત કરતા હોય છે, પરસ્પર પ્રતિકાર્ય કરતા હોય છે તથા એકબીજાનું સ્થાન લેતા હોય છે. એક વાર એક ગુણ આગળ પડતો હોય છે, બીજી વાર બીજો વૃદ્ધિ પામે છે અને પોતાનો પ્રભાવ જમાવે છે અને પ્રત્યેક ગુણ આપણને એના વિશિષ્ટ કાર્યને વશ થવાની ફરજ પાડે છે, તેનાં પરિણામો ભોગવાવે છે. કોઈ પણ માણસને સાત્ત્વિક, રાજસિક કે તામસિક કહેવામાં આવે છે તે ફકત એનામાં એ ત્રણમાંનો એક ગુણ વધારે આગળ પડતો અને સામાન્ય હોય છે તે અર્થમાં જ સાચું હોય છે. એટલે કે એ વર્ણન એની પ્રકૃતિનું સામાન્ય વર્ણન છે, નિરપેક્ષ કે અન્ય ગુણોને બાતલ કરનારું વર્ણન નથી. એ ત્રણે ગુણો ત્રિપુટ શકિત છે અને પરસ્પર કાર્ય-પ્રતિકાર્ય કરીને તેઓ સ્વાભાવિક માનવના શીલનું અને વલણનું નિર્માણ કરે છે. અને એ શીલ દ્વારા અને તેનાં વિવિધ કાર્યો દ્વારા માનવનાં કર્મોનું પણ તેઓ નિર્માણ કરે છે. પરંતુ એ ત્રિપુટ શકિત માનવને બંધન કરનાર ત્રિપુટ દોરડું પણ બને છે. ગીતા કહે છે: 'પ્રકૃતિમાંથી જન્મેલા ત્રણ ગુણો અવિનાશી એવા દેહીને દેહમાં બાંધે છે.' (૧૪.૫) અમુક અર્થમાં આપણે એકદમ સમજી શકીએ છીએ કે ગુણોના

કાર્યનું અનુસરણ કરવાને પરિણામે એવું બંધન પ્રાપ્ત થવું જોઈએ. કારણ કે એ બધા પોતાના ગુણની માત્રા વડે અને કાર્ય વડે મર્યાદિત થયેલા હોય છે અને તેથી આત્માને પણ મર્યાદિત કરે છે. તમસ્ બન્ને બાજુએથી અશક્તિ રૂપ છે અને એ મર્યાદાનું બંધન ઊભું કરે છે એ દેખીતી વસ્તુ છે. રાજસિક કામના કર્મનો આરંભ કરનાર છે અને તેથી વધારે ભાવાત્મક શક્તિ છે ખરી, પરંતુ તે છતાં આપણે જોઈ શકીએ છીએ કે કામનાની પકડ ચેતનાને મર્યાદિત કરે છે, વ્યાકુળ કરી મૂકે છે તથા સમગ્ર માનસમાં વ્યાપી જનારી હોય છે એટલે તે હમેશાં બંધનરૂપ હોવી જોઈએ. પરંતુ પ્રશ્ન એ છે કે જ્ઞાન અને સુખના પ્રાધાન્યવાળો સત્ત્વગુણ કેવી રીતે બંધનકર્તા થાય છે? એ બંધનકારી થાય છે કારણ કે સત્ત્વગુણ પોતે માનસિક પ્રકૃતિનું તત્ત્વ છે. એટલે કે, એ પોતે મર્યાદિત છે અને માનવને મર્યાદિત કરનાર જ્ઞાનનું તત્ત્વ છે. વળી સાત્ત્વિક સુખ પણ અમુક ઉદ્દેશના કે લક્ષના યથાર્થ અનુસરણ ઉપર, અથવા તો, અમુક માનસિક કે અંતરની સ્થિતિના ઉપર — મતલબ કે માનસિક ચેતનાના પ્રકાશ ઉપર આધાર રાખનું હોય છે. માનસિક ચેતનાનો પ્રકાશ, વધારે કે ઓછા પ્રમાણમાં, સંધ્યાનો પ્રકાશ હોય છે. એ સાત્ત્વિક સુખ એક પ્રકારની તાત્કાલિક સઘનતા, કે સાપેક્ષ આરામ માત્ર હોય છે. સત્ત્વ ગુણથી ઊર્ધ્વમાં અનંત આધ્યાત્મિક જ્ઞાન તથા મુક્ત સ્વયંભૂ આનંદ બન્ને આપણા આધ્યાત્મિક સત્‌નાં તત્ત્વો છે.

પણ આ એક પ્રશ્ન રહે છે કે આપણા અંતરમાં રહેલો અવિનાશી આત્મા, ભલે પ્રકૃતિમાં અંતર્હિત હોય તોપણ, પ્રકૃતિના અધોગામી કાર્યમાં પુરાઈ કેવી રીતે રહે છે અને એના બંધનમાં કેવી રીતે પડે છે? અર્થાત્ જેમ પુરુષોત્તમ — જેનો અંશ માનવનો આત્મા છે — આ વિશ્વરૂપી પોતાના સક્રિય આવિર્ભાવનો ઉપભોગ કરે છે ત્યારે પણ પોતાની અનંતતામાં પોતે મુક્ત રહે છે તેમ માનવનો આત્મા પણ પ્રકૃતિમાં રહ્યો કેમ પોતાની મુક્તિનો ઉપભોગ કરતો નથી? કરી શકતો નથી? ગીતા કહે છે કે એમ થવાનું કારણ એ છે કે આપણામાં ગુણોને માટે તથા એમનાં કાર્યનાં પરિણામો માટે આસક્તિ હોય છે. ગીતા કહે છે, સત્ત્વ સુખ પ્રત્યે, રજસ્ કર્મ પ્રત્યે આસક્ત હોય છે અને તમસ્ જ્ઞાનને ઢાંકી દે છે તથા અસત્ પ્રત્યે અને અકર્મના પ્રમાદ પ્રત્યે આસક્ત હોય છે. અથવા, 'સત્ત્વ જ્ઞાન અને સુખ પ્રત્યેની આસક્તિ વડે બંધનકારક થાય છે, દેહધારી આત્માને રજોગુણ કર્મ પ્રત્યે આસક્તિથી બાંધે છે, તમસ્ પ્રમાદ, આળસ અને નિદ્રા વડે બંધનકર્તા થાય છે.' અર્થાત્, ગુણોના ભોગ તથા તેમનાં પરિણામો પ્રત્યેની આસક્તિને લઈને પ્રકૃતિમાં રહેલા તેનાં મન, પ્રાણ અને દેહનાં બહિર્મુખ અને નિમ્ન પ્રકારનાં કર્મોના ઉપર માનવનો આત્મા પોતાની ચેતનાની એકાગ્રતા કરે છે, એમના બાહ્ય સ્વરૂપના કારાગારમાં પોતાની જાતને નાખે છે, અને એ બધાની પાછળ પોતાની

વધારે મહાન ચેતના આવી રહેલી છે તેની એને વિસ્મૃતિ થઈ જાય છે. પોતાની અંદર મુક્તિ અપાવનાર પુરુષની જે મુક્ત શક્તિ અને ક્ષેત્ર હોય છે તેનું એને ભાન રહેતું નથી. એટલું તો સ્પષ્ટ છે કે જો આપણે મુક્ત અને પૂર્ણ થવું હોય તો આ બધી વસ્તુઓમાંથી આપણી જાતને પાછી ખેંચી લેવી જોઈએ, ગુણોથી આપણે દૂર અને પર થઈ જવું જોઈએ, તથા પ્રકૃતિથી પર રહેલી મુક્ત આધ્યાત્મિક ચેતનાની શક્તિને ફરીથી પ્રાપ્ત કરવી જોઈએ.

પરંતુ એનો અર્થ તો સર્વ કર્મોમાંથી વિરત થઈ જવું એવો જ થાય, કારણ કે સર્વ સ્વાભાવિક કર્મો ગુણોનાં જ કાર્યો હોય છે, એટલે કે, ગુણોની મારફત પ્રકૃતિ જ કાર્ય કરતી હોય છે. આત્મા પોતે એકલો કાર્ય કરી શકતો નથી, એ તો પ્રકૃતિ અને તેના ગુણો દ્વારા જ કાર્ય કરી શકે છે. અને છતાં, ગુણોથી મુક્ત થવાની માગણી કરે છે ત્યારે પણ ગીતા કર્મ કરવાં આવશ્યક છે એવું ભારપૂર્વક કહે છે! અહીં કર્મના ફલનો ત્યાગ કરવાનો જે આગ્રહ ગીતા કરે છે તેની અગત્ય આપણને સમજાય છે. કારણ કે કર્મના ફળની ઇચ્છા આત્માના બંધનનું સૌથી સમર્થ કારણ બને છે અને એનો ત્યાગ કરવાથી આત્મા કર્મ કરવા છતાં મુક્ત બની શકે છે. તમોગુણી કર્મનું ફળ અજ્ઞાન છે, રજોગુણી કર્મનું ફળ દુ:ખ — એટલે કે નિષ્ફળતા, પ્રતિકાર્ય, અસંતોષ, અથવા તો ક્ષણિકતાનું દુ:ખ — હોય છે. એ પ્રકારની પ્રવૃત્તિમાં ફળ પ્રત્યેની આસક્તિને પરિણામે આવું અનિષ્ટ પરિણામ આવે છે એટલે એમાં કશો લાભ હોઈ શકે નહીં. પરંતુ યથાર્થ રીતે કરેલાં કર્મોનું પરિણામ શુદ્ધ અને સાત્ત્વિક, તથા એનું અંતરનું પરિણામ જ્ઞાન અને સુખ હોય છે. પરંતુ એ સુખદાયક વસ્તુઓ માટેની આસક્તિનો પણ સંપૂર્ણપણે ત્યાગ કરી દેવો જોઈએ. એનું પહેલું કારણ એ છે કે આપણા મનમાં સત્ત્વનું એ સુખ મર્યાદિત હોય છે અને આપણને મર્યાદિત કરનાર બને છે, બંધનમાં નાખવાનું સાધન બને છે. અને બીજું કારણ એ છે કે સત્ત્વગુણ હમેશાં રજસ્ અને તમસ્ સાથે અટવાયેલો હોય છે એટલે કોઈ પણ કાળે એ ગુણો સત્ત્વનો પરાજય કરી શકે છે અને એ રીતે એ ગુણોનાં કાર્યમાં સલામતીનો સનાતન અભાવ હોય છે. પરંતુ એમ બની શકે કે માણસ કર્મનાં ફળની આસક્તિથી મુક્ત હોય, પરંતુ તેનામાં કર્મને માટે આસક્તિ હોઈ શકે છે. એટલે કે કર્મને પોતાને માટે રાજસિક બંધન, અથવા તો પ્રકૃતિમાં રહેલા કર્મ કરવાના આવેગનું નિર્બળ, તામસિક દાસત્વ કે પછી, પોતે જે કર્મ કર્યું હોય તેની આકર્ષક સચ્ચાઈને ખાતર, સાત્ત્વિક આસક્તિ હોઈ શકે છે. એ સાત્ત્વિક કારણ સદ્‌ગુણી અને નીતિમાન મનુષ્યોના ઉપર અથવા તો જ્ઞાનીના ઉપર ઘણી સબળ અસર કરે છે. અહીં ગીતાની બીજી આજ્ઞાનો આપણે આધાર લેવાનો છે કે આપણાં સઘળાં કર્મો પણ કર્મમાત્રના

સ્વામી પ્રભુને સમર્પણ કરી દેવાં જોઈએ, અને આપણે તો માત્ર એની ઇચ્છાના કામનારહિત અને સમતાવાળા કરણરૂપ થઈ રહેવું જોઈએ. આપણે જાણવાનું છે કે કર્મ કરવાની એકમાત્ર નિયોજક શકિત પ્રકૃતિના ગુણો છે અને એ ગુણોથી જે પર છે, જે પુરુષોત્તમ છે, તેને આપણે જાણવો જોઈએ, અને તેના પ્રત્યે અભિમુખ થવું જોઈએ. અધોગામી પ્રકૃતિથી ઊર્ધ્વમાં આરોહણ કરવાનો માર્ગ આ છે. એ માર્ગે જ આપણે પ્રભુના પદને અને એની ગતિને, એટલે કે મદ્ભાવને (૧૪.૧૯) પ્રાપ્ત કરી શકીશું. એ સાક્ષાત્કારને પરિણામે જન્મ અને મરણ તથા એનાં સહગામી પરિણામો જરા, દુઃખ, જીર્ણતા વગેરેની ગુલામીથી મુકત થયેલો આત્મા આખરે અમૃતત્વનો, શાશ્વત છે તે સકલનો આનંદ પ્રાપ્ત કરે છે.

અર્જુન અહીં પૂછે છે કે એવા મુકત આત્માનાં લક્ષણો કયાં છે? એ કયું કર્મ કરશે અને કર્મ કરતો હોવા છતાં, કર્મની વચ્ચે પણ, તે ત્રણ ગુણોથી પર હોય છે એમ કેવી રીતે કહી શકાય? શ્રીકૃષ્ણ ઉત્તર આપે છે કે અત્યાર સુધી વારંવાર જે સમતા વિષે મેં કહેલું છે તે સમતા એવા મુકતાત્માનું લક્ષણ છે. એની નિશાની એ છે કે એના અંતરમાં એ સુખ અને દુ:ખને સમાન ગણે છે, સોનું, માટી અને પથ્થરને સરખી કિંમતનો ગણે છે, અને એવા મુકતાત્માને મન, સારું અને નરસું, સ્તુતિ અને નિંદા, માન અને અપમાન, મિત્રોનો પક્ષ અને શત્રુઓનો પક્ષ સરખાં હોય છે. એક પ્રકારની જ્ઞાનપૂર્ણ, અટલ અને અવ્યય એવી અંતરની સ્થિરતા અને શાંતિમાં એવો માણસ ધીર થયેલો હોય છે. એ પોતે કોઈ કર્મનો આરંભ કરતો નથી પરંતુ પ્રકૃતિના ગુણોને સર્વ કર્મો કરવા દે છે. એના બહિર્મુખ માનસમાં અને એની સ્થૂલ ક્રિયાઓમાં સત્ત્વ, રજ કે તમ ગમે તે ગુણ ઉદ્ભવે કે શમે અને પ્રકાશ, આવેગ કે અપ્રવૃત્તિ તથા મન અને નાડીઓમાં તમોગુણનું ગ્રહણ વગેરે પરિણામો પણ આવે, પરંતુ એક આવે કે બીજું જાય, તેથી તે આનંદ પામતો નથી, તેમ ગુણનાં એ કર્મનો કે કર્મના અભાવનો તે તિરસ્કાર કરતો નથી, કે તેનાથી ઘૃણા પામીને દૂર જતો નથી. ગુણોની બનેલી પ્રકૃતિથી કોઈ જુદા જ તત્ત્વના સચેતન પ્રકાશમાં તેણે પોતાનું આસન જમાવ્યું હોય છે અને એ મનથી વધારે મહાન ચેતના એનામાં દૃઢ રહે છે. અને વાતાવરણમાં ઊંચે ચડેલા માણસને જેમ સૂર્ય હમેશાં વાદળાંઓથી ઉપર સતત, સ્થિર આવી રહેલો દેખાય છે તેમ પ્રકૃતિની શકિતઓથી પર ગયેલા માણસમાં એ ઊર્ધ્વ ચેતના પ્રકૃતિની બધી શકિતઓની ગતિઓથી જરા પણ ચલિત થયા વિના સ્થિર રહે છે. પોતાની ઊંચી ભૂમિકામાંથી એ મુકતાત્મા જોઈ શકે છે કે કર્મનું નિર્વહન પ્રકૃતિના ગુણો કરે છે અને એમનામાં જે ઝંઝા અને શાંતિ થયાં કરતાં હોય છે તે એનો આત્મા નથી, પરંતુ પ્રકૃતિની કેવળ એક ગતિ છે. એનો આત્મા તો

પ્રકૃતિથી ઊર્ધ્વમાં અચલ રહેલો છે અને અસ્થિર વસ્તુઓની વારેવારે બદલાયા કરતી અવસ્થામાં એનો આત્મા કશો ભાગ લેતો નથી. બ્રાહ્મી સ્થિતિમાં જે બિનંગતતા છે તે આ છે. એ મનથી ઊર્ધ્વમાં રહેલું તત્ત્વ, એ વધારે મહાન, વિશાળ અને ઊર્ધ્વમાં સ્થિર ચેતના કૂટસ્થ છે, અક્ષર-બ્રહ્મ છે.

પરંતુ અહીં પણ બેવડી અવસ્થા આપણે સમજવાની છે, એટલે કે અહીં બે વિરોધી વસ્તુઓમાં જીવનના વિભાગ પડી જાય છે: અક્ષર અને ક્ષર. અક્ષરબ્રહ્મમાં સ્થિર થયેલો મુક્તાત્મા અમુક્ત એવી પોતાની પ્રકૃતિમાં થતાં ક્ષરનાં કર્મોને નિહાળે છે. હવે પ્રશ્ન એ છે કે એ ક્ષર અને અક્ષર બન્નેથી વધારે મહાન હોય એવી અવસ્થા છે કે નહીં? એ બન્નેના કરતાં વધારે નિરપેક્ષ હોય એવી પૂર્ણતાનું કોઈ તત્ત્વ છે કે નહીં? કે પછી, દેહ ધારણ કરનાર માનવને માટે આ અક્ષર-ક્ષરનો ભેદ જ ઊંચામાં ઊંચી ચેતના છે? તથા આ ક્ષર પ્રકૃતિનો અને પ્રકૃતિમાં દેહ ધારણ કરવાને પરિણામે ઉદ્‌ભવેલા ગુણોનો ત્યાગ કરી દઈને બ્રહ્મની અક્ષરતામાં અને સનાતન શાંતિમાં લય પામી જવો એ જ શું યોગસાધનાનો ઉદ્દેશ છે? એ લય, એટલે કે વ્યક્તિરૂપ થયેલ પુરુષનું નિર્વાણ, એ જ શું મુક્તિનું ઉત્તમોત્તમ સ્વરૂપ છે? ગીતાના ઉપદેશ પરથી લાગે છે કે ક્ષર-અક્ષર એ બન્નેથી સ્વતંત્ર એવું કાંઈક છે. કારણ કે છેવટના ભાગમાં ગીતા કહે છે:*

"જે કોઈ માણસ અવ્યભિચારી, અનન્ય ભક્તિયોગ વડે મારી સેવા કરે છે, મારી ઉપાસના કરે છે તે ત્રણે ગુણોથી અતીત — પર — થાય છે અને બ્રહ્મરૂપ થવાનો તે અધિકારી બને છે."

અહીં જે "માં" — "મને" — સર્વનામ છે તે પુરુષોત્તમવાચક છે. એ પુરુષોત્તમ નીરવ બ્રહ્મનો, અમૃતત્વનો અને અવિનાશી આધ્યાત્મિક સત્‌-તાનો તથા સનાતન ધર્મનો પાયો છે. પોતે અટલ રહીને ગુણોના સંઘર્ષને જોનાર અક્ષર-બ્રહ્મની શાંતિના કરતાં વધારે મહાન આધ્યાત્મિક સાક્ષાત્કાર રહેલો છે, તે પુરુષોત્તમનો સાક્ષાત્કાર છે. એ ઊંચામાં ઊંચું આધ્યાત્મિક અસ્તિત્વ છે, બ્રહ્મની અક્ષરતાનો પાયો છે, કર્મ કરવા માટેની રાજસિક પ્રેરણાના કરતાં ઘણો વધારે મહાન એવો પ્રવૃત્તિનો એક શાશ્વત ધર્મ છે, તથા નિરપેક્ષ આનંદની અનુભૂતિ છે. એ પુરુષોત્તમના નિરતિશય આનંદને રાજસિક શોકનો સ્પર્શ પણ થયો નથી. તે સત્ત્વગુણના સુખની અનુભૂતિથી પર છે. આ બધી

---

*मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ।
स गुणान्समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ।। (१४.२६)

વસ્તુઓ પુરુષોત્તમની સત્‌-તામાં અને એની દિવ્ય શક્તિમાં નિવાસ કરવાથી મળી શકે છે અને સદાને માટે પોતાની કરી શકાય છે. એ સાક્ષાત્કાર ભક્તિ વડે પ્રાપ્ત થઈ શકે છે તેથી એનું પદ દિવ્ય આનંદનું હોવું જોઈએ.* એમાં નિરતિશય પ્રેમનો યોગ તથા અંતરાત્માને આવિષ્ટ કરે એવી એકતા અનુભવાય છે. આ સ્થિતિ ભક્તિનો મુકુટ છે. એ દિવ્ય આનંદમાં આરોહણ કરવું, એ અનિર્વચનીય એકતામાં ગતિ કરવી તે આધ્યાત્મિક પૂર્ણતાની પણ પૂર્ણતા અને શાશ્વત, અમર ધર્મની પણ સાર્થકતા હોવી જોઈએ.

## પ્રકરણ પંદરમું

# ત્રણ પુરુષો

ગીતાના સિદ્ધાંતની બધી વિવિધ રેખાઓ અને એના વિચારના વળાંકોની સઘળી નમનીયતા, પહેલેથી આખર સુધી એક કેન્દ્રસ્થ વિચાર પ્રત્યે આપણને સઘળી બાજુએથી દોરી જાય છે. તત્ત્વજ્ઞાનના વિરોધોનું સમાધાન અને તેમની સમતુલા કરીને તથા આધ્યાત્મિક સાક્ષાત્કારનાં સત્યોનો કાળજીપૂર્વક સમન્વય કરીને ગીતા પોતે એ કેન્દ્રસ્થ વિચારને પહોંચે છે. આ બધા જ્ઞાન આપનારા દીપકોને જ્યારે છૂટાછૂટા લેવામાં આવે છે, અને એમના પ્રસારના બાહ્ય વળાંક અને વર્તુલના અંશનું અન્ય સર્વને બાતલ કરીને અનુસરણ કરવામાં આવે તો મોટે ભાગે તો તેઓ પરસ્પર વિરોધી જ દેખાય છે, અથવા તો કાંઈ નહિ તો, એકબીજાથી જુદા તો પડે જ છે. પરંતુ અહીં ગીતા એ બધાંને એકત્ર કરનાર દર્શનના પ્રકાશ કેન્દ્રમાં ભેગાં લાવી મૂકે છે. ગીતાનો આ કેન્દ્રસ્થ વિચાર ત્રિપુટ ચેતનાનો એનો ખ્યાલ છે, ત્રણ દલવાળી, છતાં એક એવી એ ત્રિપુટ ચેતના અસ્તિત્વના સમગ્ર સમકમાં હાજર રહેલી છે.

અસંખ્ય દૃશ્ય સ્વરૂપોની અંદર જે એક છે તે સચ્ચિદાનંદ આ જગતની અંદર કાર્ય કરી રહેલો છે. જન્મ અને કર્મનો વિકાસ કરનાર એ સચ્ચિદાનંદ છે, જીવનની સંચાલક શક્તિ તે છે, અને પ્રકૃતિનાં કોટયાવધિ ક્ષર સ્વરૂપોમાં નિવાસ કરનાર અને તેનો સંગ કરનાર ચેતના પણ તેની છે. કાલ અને દિશામાં જે ઉત્તેજના જણાય છે તે સમસ્તના પાયામાં રહેલી વાસ્તવિકતા એ સચ્ચિદાનંદ છે. એ સચ્ચિદાનંદ પોતે જ કાલ, દિશા અને પરિસ્થિતિ છે. આ વિશ્વનાં જગતોમાં આત્માઓનો જે સમૂહ છે તે પણ એ સચ્ચિદાનંદ છે. દેવો, માનવો, પ્રાણીઓ અને પદાર્થો, શક્તિઓ, ગુણો અને સન્નિધિઓ પણ તે જ છે. એ સચ્ચિદાનંદ પોતે પ્રકૃતિ છે, કારણ કે પ્રકૃતિ બ્રહ્મની શક્તિ છે. અને પદાર્થો જે નામ અને વિચારનાં તથા રૂપ અને સત્-તાનાં દૃશ્ય રૂપો છે તે બધાં, એ એક જ, સ્વયંભૂ આધ્યાત્મિક વસ્તુની સત્-તાનાં અંશો અને જન્મો તથા આવિર્ભાવો છે. તે એક છે, શાશ્વત છે. પરંતુ અહીં વિશ્વમાં આપણી દૃષ્ટિ આગળ જે વસ્તુને કાર્ય કરતી જોઈએ છીએ તે કાંઈ એ શાશ્વત અને તેની સચેતન શક્તિ નથી; પરંતુ એક એવી પ્રકૃતિને કાર્ય કરતી જોઈએ છીએ જેની પોતાની પ્રક્રિયાઓમાં રહેલા અંધ આવેગને લઈને પોતાના કર્મમાં રહેલા સચ્ચિદાનંદ વિષે તે અજ્ઞાન છે. એ

અજ્ઞાનવાળી પ્રકૃતિનું કાર્ય અમુક મૌલિક ગુણોની, યંત્રની પેઠે અચેતનપણે કાર્ય કરનાર શક્તિનાં તત્ત્વોની અવ્યવસ્થિત, અજ્ઞાની અને મર્યાદિત કરનારી લીલા હોય છે. અને પ્રકૃતિના એ કાર્યમાં સચેતન આત્માનું જે કાંઈ તત્ત્વ સપાટી ઉપર આવે છે તેનું દૃશ્ય સ્વરૂપ અજ્ઞાની, દુઃખી તથા અધોગામી પ્રકૃતિની અપૂર્ણ અને અસંતોષકારક લીલામાં બંધાયેલું જણાય છે. પ્રકૃતિની પોતાની ખરી શક્તિ તે જેવી દેખાય છે તેના કરતાં જુદી જ છે, કારણ કે એનું પોતાનું સત્ય સ્વરૂપ ગુપ્ત રહે છે, અને દૃશ્ય સ્વરૂપોમાં જ્યારે તે વ્યક્ત થાય છે ત્યારે તે ક્ષરનું, વૈશ્વિક આત્માનું, — અર્થાત્, વિશ્વના દૃશ્ય સ્વરૂપમાં અને આવિર્ભાવની ક્ષરતામાં રહેલા સચ્ચિદાનંદનું — સ્વરૂપ ધારણ કરે છે. એ ક્ષર પુરુષ અક્ષર અને પરમ પુરુષ સાથે એક છે. એનાં વ્યક્ત થયેલાં દૃશ્ય રૂપોની પાછળ જે સત્ય ગુપ્ત રહેલું છે તેને આપણે પ્રાપ્ત કરવાનું છે. વિશ્વના આ પરદાઓ પાછળ જે સચ્ચિદાનંદ રહેલો છે તેને આપણે શોધી કાઢવાનો છે, તથા આપણે સર્વને એક આત્મા તરીકે જોવાના છે — **वासुदेवः इति सर्वम्** (૭.૧૯) એટલે કે વ્યક્તિ, વિશ્વાત્મા અને પરાત્પર ત્રણે સ્વરૂપે તે એક જ છે, પરંતુ જ્યાં સુધી આપણે અધો પ્રકૃતિમાં એકાગ્ર થઈને જીવતા હોઈએ ત્યાં સુધી એ સાક્ષાત્કાર એની આંતરિક સંપૂર્ણતા સહિત પ્રાપ્ત કરવો અશક્ય છે, કારણ કે એ અધો ગતિમાં પ્રકૃતિ અજ્ઞાનવાળી છે, માયા છે. પોતાના અજ્ઞાનની ગડીઓમાં તે પ્રભુને આશ્રય આપે છે, અને પોતાનાથી તથા પોતાનાં પ્રાણીઓથી એ પ્રભુને ગુપ્ત રાખે છે. પોતાની જ આ સર્વસર્જક યોગમાયાથી પ્રભુ ઢંકાયેલો છે, — શાશ્વત સચ્ચિદાનંદ નશ્વરનું રૂપ ધારણ કરે છે, સત્ પોતે જે દૃશ્ય વાસ્તવિકતામાં પ્રગટ થાય છે તેમાં જ પોતે નિમગ્ન થઈ જાય છે, તેનાથી આવૃત થઈ જાય છે. ક્ષરને પોતાની આગવી હસ્તી ધરાવતા એક મૂળ પદાર્થ તરીકે લઈએ — એટલે કે અવિભક્ત અક્ષરથી અને પરાત્પરથી છૂટો વિશ્વમાં રહેલો ક્ષર લઈએ, — તો આપણને જ્ઞાનની પૂર્ણતા નહિ મળે, આપણા સત્-ની પૂર્ણતા પણ નહિ સધાય, અને તેથી આપણને મુક્તિ નહિ મળે.

પણ ક્ષરથી બીજો એક પુરુષ છે જેનું આપણને જ્ઞાન થાય છે. એ પુરુષ ઉપર જણાવેલી કોઈ વસ્તુ નથી, એ તો આત્મા છે અને કેવળ આત્મા જ રહે છે. એ આત્મા શાશ્વત છે, સદા એનો એ જ રહે છે. આવિર્ભાવથી એનામાં કદાપિ કશો વિકાર કે કશી અસર થતી નથી, તે એક છે, સ્થાણુ છે, અવિભક્ત આત્મ-સત્-તા છે, તથા વસ્તુઓના અને શક્તિઓના ભેદથી દેખાવ પૂરતો પણ એનામાં ભેદ પડતો નથી. પ્રકૃતિનાં કર્મમાં તે અકર્મ રહે છે, સર્વ ગતિમાં ગતિ વગરનો રહે છે. એ સર્વનો આત્મા છે છતાં સ્થિર, ઉદાસીન, અસ્પર્શ્ય રહે છે, — જાણે કે એના ઉપર આધાર રાખનારી આ બધી વસ્તુઓ અનાત્મા ન હોય! એ બધી

વસ્તુઓને તે પોતાનાં કાર્ય, શકિતઓ અને પરિણામો લેખતો નથી, પરંતુ લાગણીશૂન્ય અને નાટકમાં કશો ભાગ ન લેનાર એવા પ્રેક્ષકની નજર આગળ કર્મનો નાટક વિકાસ પામેલો ન હોય એમ તે ગણે છે. એ નાટક ઊભું કરનાર અને એમાં ભાગ લેનાર મન આ આત્મા કરતાં જુદું છે. આત્મા તો એ કર્મને ઉદાસીન ભાવે પોતાની અંદર ધારણ કરે છે. એ આત્મા કાલથી અતીત છે, જોકે આપણે એને કાલમાં જોઈએ છીએ. એ દિશામાં વિસ્તાર પામેલો નથી છતાં જાણે કે એ દિશામાં વ્યાપેલો હોય એમ આપણે તેને જોઈએ છીએ. જેટલા પ્રમાણમાં બહિર્મુખતાથી આપણી ચેતનાને અંતર પ્રત્યે ખેંચી લઈએ છીએ, અથવા તો, કર્મની અને ગતિની પાછળ કોઈ શાશ્વત ધ્રુવતત્ત્વ માટે દૃષ્ટિ ફેરવીએ છીએ, અથવા તો, કાલથી અને તેની સૃષ્ટિથી અસર્જિત પ્રત્યે, દૃશ્ય વાસ્તવિકતામાંથી સત્ પ્રત્યે, વ્યકિતતાથી નિર્વૈયકિતકતા પ્રત્યે, આવિર્ભાવમાંથી અવિકારી આત્મા પ્રત્યે જવાનો પ્રયત્ન કરીએ છીએ તેટલા પ્રમાણમાં એ આત્મા વિષે આપણે સચેતન બનીએ છીએ. એ પુરુષ તે અક્ષર પુરુષ છે, વિકારી ક્ષરમાં અવિકારી અક્ષર તે છે, તે ગતિમાનમાં ગતિમુકત રહે છે, નાશવંતમાં અવિનાશી છે. અથવા તો વધારે સાચી રીતે, એની સર્વવ્યાપકતા પણ કેવળ દેખાવ પૂરતી જ હોય છે. તે કારણે એ અક્ષર છે, અગતિવાન અને અવિનાશી છે, જેમાં ક્ષરની અને નશ્વરની સર્વ ગતિ અને ક્રિયા ઊપજે છે.

પ્રકૃતિના સઘળા જીવનમાં અને સઘળા અસ્તિત્વના એકત્ર સમુચ્ચયમાં જે ક્ષર પુરુષ આપણે જોઈએ છીએ તે ગતિ વગરના અને શાશ્વત એવા અક્ષરની અંદર રહીને ગતિ અને ક્રિયા કરે છે. આત્માની આ ગતિમાન શકિત, અર્થાત્ ક્ષર, આત્માની પોતાની મૌલિક સ્થિરતાની અંદર કાર્ય કરે છે. જે પ્રમાણે પ્રકૃતિનાં પંચભૂતોમાંના વાયુતત્ત્વમાં સ્પર્શની શકિત રહેલી છે તેને લઈને તે પદાર્થોના સંયોગો અને વિયોગો કરાવે છે, તેમનામાં આકર્ષણ અને પ્રત્યાકર્ષણ પેદા કરે છે, અને એ રીતે અગ્નિની રૂપસર્જક શકિતને તથા અન્ય ભૂતોની ક્રિયાને ટેકો આપે છે; પરંતુ આખો ય વખત પોતે તો આકાશતત્ત્વની ઘનસ્થિરતાની અંદર જ પોતાની સઘળી ગતિ કરતું હોય છે, તે જ પ્રમાણે ક્ષર અક્ષરમાં ગતિ કરે છે. આ અક્ષર બુદ્ધિથી પર વસ્તુ છે. અર્થાત્, બુદ્ધિ એ આપણી પ્રકૃતિમાં સ્વાનુભવનું સૌથી ઊંચું તત્ત્વ છે, તે આપણને મુકિત અપાવે છે, તેનાથી પણ આ અક્ષર પર છે, અતીત છે. એ બુદ્ધિની સહાય વડે પોતાની ક્ષુબ્ધ અને અશાંત ગતિવાળી માનસિક ચેતનામાંથી પોતાના સ્થિર, શાશ્વત આધ્યાત્મિક આત્મસ્વરૂપ પ્રત્યે આરોહણ કરતાં માનવ જન્મનાં અને કર્મનાં બંધનથી મુકત થાય છે. અક્ષર બ્રહ્મનું પરં ધામ, ઊંચામાં ઊંચું ધામ, અવ્યકત છે. અલબત્ત, વિશ્વની મૌલિક પ્રકૃતિમાં જે અવ્યકતનું તત્ત્વ રહેલું છે તેનાથી અક્ષરનું એ અવ્યકત ધામ

ઊર્ધ્વમાં છે. એટલે માનવનો આત્મા જો અક્ષર પુરુષ પ્રત્યે અભિમુખ થાય તો એના પરથી વિશ્વજીવનની અને પ્રકૃતિની પકડ છૂટી જાય છે અને તે જન્મ-મરણથી પેલે પાર અવિકારી શાશ્વતમાં આરોહણ કરે છે. આપણે આ જગતમાં આ બે પુરુષોને — ક્ષરને અને અક્ષરને, — જોઈએ છીએ. ક્ષર પોતાનાં કર્મની આગળ આવીને ઊભો રહે છે, જ્યારે અક્ષર પોતાની સનાતન નીરવતામાં સ્થિર રહે છે, અને એની એ નીરવતામાંથી સઘળાં કર્મ ઉદ્ભવે છે, એમાં તેમનો લય થાય છે અને કાલથી અતીત એની સત્-તામાં તેઓ નિર્વાણ પામે છે. *द्वौ इमौ पुरुषौ क्षरश्चाक्षर एव च* (૧૫.૧૬).

અહીં આપણી બુદ્ધિને હંફાવે એવી મુશ્કેલી એ રહેલી છે કે આ બે પુરુષો — ક્ષર અને અક્ષર — એવાં તો વિરોધી તત્ત્વોના બનેલા છે કે એમનો વિરોધ કોઈ રીતે મટી શકે તેવો નથી. કારણ કે એમની વચ્ચે સાચા સંબંધની કોઈ ગાંઠ નથી, અથવા તો, સંપૂર્ણ વિચ્છેદ કે વિયોગ સિવાય, એકમાંથી બીજામાં સંક્રમણ કરવા માટે બીજો કોઈ ઉપાય પણ નથી. ક્ષર પોતે કર્મ કરે છે, અથવા, કર્મનો હેતુ પૂરો પાડે છે, પણ તે પોતે અક્ષરથી છૂટો રહીને એ કાર્ય કરે છે. અક્ષર તો છુટ્ટો જ છે, સ્વ-કેન્દ્રિત છે, ક્ષરથી જુદો પોતાની અક્રિયતામાં તે સ્થિર હોય છે. આ સ્થિતિમાં, સાંખ્યવાદીઓની પેઠે પુરુષોની અનેકતાનો નહિ, પરંતુ પુરુષ અને પ્રકૃતિના શાશ્વત, આદિ દ્વૈતનો સ્વીકાર કરવો વધારે સારો છે અને વધારે તર્કસંગત છે એમ આપણને પહેલી નજરે લાગે પણ ખરું. એ દૃષ્ટિએ પ્રત્યેક પુરુષ પોતાની અંદર પોતાને પાછો ખેંચી લે, પ્રકૃતિ પ્રત્યે પીઠ ફેરવે અને પરિણામે, જીવનના વિવિધ સંબંધોમાં બીજા આત્માઓ સાથેના પોતાના સંબંધોનો સદંતર ત્યાગ કરી દે એટલે આપણે જેને અક્ષર કહીએ છીએ તેનો અનુભવ એને પ્રાપ્ત થાય. કારણ કે પ્રત્યેક પુરુષ પોતે સ્વ-પર્યાપ્ત, અનંત અને પોતાના મૌલિક સત્ત્વમાં પૂર્ણતાવાળો છે. પરંતુ આખરી અનુભૂતિ અદ્વૈતની છે, સર્વ સત્-તાઓ એક છે એ સાક્ષાત્કાર છેવટનો છે. એ અદ્વૈતનો અર્થ એવો નથી કે પ્રકૃતિની એક શકિત આગળ સર્વ આત્માની એકસરખી પરવશતા છે, પરંતુ ચેતનતત્ત્વની એકતા છે. આપણે વિશ્વમાં જે અંત વગરની નિર્માણોની વિવિધતા જોઈએ છીએ તેનાથી પર, અને આ સાપેક્ષ જીવનના દેખીતા ભેદભાવની પાછળ, સચેતન સત્-તાની વિશાળ એકતા આવી રહેલી છે. અદ્વૈતની એ સૌથી ઊંચી અનુભૂતિ ઉપર ગીતા પોતાના ઉપદેશની પ્રતિષ્ઠા કરે છે. સનાતન અદ્વૈતને આધીન અને એ અદ્વૈત વડે ટકી રહેલી એવી આત્માની શાશ્વત અનેકતાનો ગીતા સ્વીકાર કરતી હોય એમ લાગે છે. કારણ કે આ વિશ્વ એક સનાતન વસ્તુ છે, અને અનંત યુગચક્રોમાં આવિર્ભાવ તો થયા જ કરે છે. ઉપરાંત, ગીતામાં કોઈ ઠેકાણે એવો વિચાર કે એવો શબ્દપ્રયોગ નથી જેથી વ્યકિતના આત્માનો અનંતમાં કેવળ

લય કરવાનો આદર્શ ગીતા સ્વીકારે છે એમ આપણે કહી શકીએ. પણ ગીતા એ વિધાન ભારપૂર્વક કરે છે કે આ અનેક ક્ષર પુરુષોનો આત્મા એક, અક્ષર છે. એટલે આ બે — ક્ષર અને અક્ષર — એક, શાશ્વત અને વૈશ્વિક અસ્તિત્વની દ્વિપુટ — બેવડી અવસ્થા છે. આ મંતવ્ય ઘણું પ્રાચીન છે. ઉપનિષદના વિશાળ ક્રાંતદર્શનના પાયામાં સર્વત્ર એ સત્ય રહેલું જણાય છે, ઉ.ત. બ્રહ્મનું વર્ણન કરતાં ઈશોપનિષદ આપણને કહે છે કે તે ગતિ કરે છે, અને ગતિ કરતું નથી — સ્થિર છે, તે એક છે અને અનેક છે, તે આત્મા છે અને સર્વભૂતાનિ પણ છે, વિદ્યા અને અવિદ્યા બન્ને છે, શાશ્વત અને અજ છે તથા સર્વભૂતોનો જન્મ છે. આગળ જઈને ઈશોપનિષદ કહે છે કે એ જોડકામાંના બ્રહ્મના એક સ્વરૂપનો કે એક બાજુનો સ્વીકાર કરવો, એના પર જ બધો મદાર બાંધવો તથા એના સનાતન સંગીને બાજુ પર મૂકી દેવો એ તો એકપક્ષી જ્ઞાનનો અંધકાર છે, અર્થાત્ અજ્ઞાનનો અંધકાર છે. ઈશ પણ, ગીતાની પેઠે, આગ્રહ કરે છે કે અમૃતનો ભોગ કરવો હોય, શાશ્વતમાં જીવન ધારણ કરવું હોય, તો માણસે એ બન્નેને જાણવાં જોઈએ, બન્નેનો સ્વીકાર કરવો જોઈએ, અને પરબ્રહ્મને તેની સમગ્રતામાં જાણવો જોઈએ — समग्रं माम्. (૭.૧) આ મુદ્દા વિષે ગીતા અને ઉપનિષદ બન્નેના બોધની એકવાક્યતા છે, કારણ કે એમાં અંતિમ સત્યની બન્ને બાજુઓનો સ્વીકાર છે છતાં બન્ને અદ્વૈતને આખરી સાક્ષાત્કાર તરીકે, જીવનના ઊંચામાં ઊંચા સત્ય તરીકે ગણે છે.

પરંતુ અંતિમ અદ્વૈતનું આ ઉચ્ચતર જ્ઞાન અને અનુભૂતિ આપણી ઊંચામાં ઊંચી જ્ઞાનદર્શનની શક્તિને ગમે તેટલું ઇષ્ટ અને સમર્થપણે આકર્ષણ કરનારું લાગે તોપણ એનો સ્વીકાર કરતાં પહેલાં એક ખૂબ વાસ્તવિક અને જલદી જ નિકાલ કરવાનું દબાણ કરનારી મુશ્કેલીનો આપણે ઉકેલ લાવવાનો છે. વળી એના સ્વીકારમાં એક વ્યવહારુ અને તર્કનો પણ વિરોધ રહેલો છે, અને પહેલી નજરે તો, આધ્યાત્મિક સાક્ષાત્કારની ઊંચામાં ઊંચી ભૂમિકા સુધી તે ચાલુ રહે છે એમ લાગે છે તેનું પણ સમાધાન કરવાનું છે. શાશ્વત પરબ્રહ્મ આ વિકારી એવા 'સ્વ'-નિષ્ઠ અને વસ્તુનિષ્ઠ અનુભવથી, એટલે કે ક્ષરથી, જુદી જ વસ્તુ છે, એનાથી કોઈ ઘણી વધારે મહાન ચેતના છે — न इदं यत् उपासते, (કેન) — 'આ ક્ષર જેની ઉપાસના થાય છે તે એ નથી.' અને છતાં, આ સઘળું જે કાંઈ છે તે એ શાશ્વત પરબ્રહ્મ પોતે છે. આ સઘળું — વિશ્વ — આત્માનું પોતાનું સતત ગતિમાન એવું સનાતન આત્મદર્શન છે. सर्वं खलु इदं ब्रह्म, अयमात्मा ब्रह्म (માંડુક્ય). આ બધાં ભૂતોરૂપે એ શાશ્વત પરબ્રહ્મ પ્રગટ થયેલો છે — आत्मा अभूत् सर्वभूतानि । (ઈશ) શ્વેતાશ્વતર એ જ સત્યને આ પ્રમાણે મૂકે છે :* 'તું આ

* त्वं कुमार उत वा कुमारी । त्वं जीर्णो दण्डेन वंचसि—(શ્વેતાશ્વતર, ૪.૩)

યુવાન છે, અને પેલી કુમારી પણ તું છે, તથા લાકડીનો ટેકો લઈને ચાલતો વૃદ્ધ માણસ પણ તું જ છે.' ગીતામાં પણ ભગવાન એ જ કહે છે કે 'હું પોતે કૃષ્ણ છું, અર્જુન છું, વ્યાસ અને ઉશનસ કવિ છું, સિંહ છું અને અશ્વત્થ વૃક્ષ છું, ચેતના બુદ્ધિ અને બીજા સર્વે ગુણો હું છું, સર્વ પ્રાણીઓનો આત્મા પણ હું છું.' પરંતુ આ બન્ને — ભગવાન અને ક્ષર સ્વરૂપ — એક કેવી રીતે હોઈ શકે? કારણ કે એ બન્નેની પ્રકૃતિમાં પરસ્પર વિરોધ રહેલો છે; એટલું જ નથી પરંતુ પ્રત્યક્ષ અનુભવમાં પણ એ બન્નેનું સમાધાન પ્રાપ્ત કરવું અતિશય મુશ્કેલ છે. કારણ કે જ્યારે આવિર્ભાવની ગતિશીલતામાં — આ વિશ્વમાં — આપણે હોઈએ ત્યારે કાલથી અતીત એવા આપણા આત્માની અમરતાનું ભાન કદાચ આપણામાં જાગ્રત રહે — રહી શકે — પરંતુ એમાં આપણે જીવન ધારણ કરી શકતા નથી. અને જ્યારે કાલથી અતીત બ્રહ્મમાં આપણી પ્રતિષ્ઠા કરીએ છીએ ત્યારે કાલ, દિશા અને પરિસ્થિતિ આપણાથી દૂર થઈ જાય છે, જાણે ખરી પડે છે, અને અનંત બ્રહ્મમાં ઉત્પન્ન થયેલાં અશાંત સ્વપ્ન જેવાં એ બધાં લાગે છે. પહેલી દૃષ્ટિએ જોતાં સૌથી વધારે સમાધાન અને સંતોષ આપે એવો નિર્ણય તો એ લાગે છે કે પ્રકૃતિમાં આત્માની જે ગતિ છે તે માયા છે, એટલે કે આપણે એમાં હોઈએ ત્યાં સુધી જ તે સત્ય છે, પરંતુ મૂળમાં, પરમાર્થમાં, તે સત્ય નથી. એટલે જ્યારે આપણે આત્મામાં પ્રવેશ કરીએ છીએ ત્યારે આપણા અક્ષય સત્ત્વમાંથી તે ખરી પડે છે. વિશ્વના કોયડાની ગાંઠને કાપી નાખવાનો આપણને પરિચિત આ નિર્ણય છે — ब्रह्म सत्यं जगत् मिथ्या.

ઉપર માયાવાદની જે સમજૂતી આપી છે તેનો આશ્રય ગીતા લેતી નથી. એ વાદમાં માયા ક્યાંથી અને કેવી રીતે આવી એ વિષે કશી સમજૂતી નથી, તે ઉપરાંત પણ એ વાદની પોતાની બીજી પણ ભારે મુશ્કેલીઓ રહેલી છે. એ વાદ આપણને એટલું જ કહે છે કે માયા રહસ્યમયી છે, અનિર્વચનીય છે, સમજી ન શકાય તેવી છે. પણ તો પછી, આપણે સામી બાજુથી એમ પણ કહી શકીએ કે આ જગત એક રહસ્યમય, અનિર્વચનીય એવી બેવડી વાસ્તવિકતાનું બનેલું છે. એમાં બ્રહ્મ પોતાની જાતથી પોતાને છુપાવે છે. ગીતા 'માયા'નો ઉલ્લેખ કરે છે, પણ એ તો મોહ ઉત્પન્ન કરનારી, સંપૂર્ણ સત્યને ગ્રહણ કરવાને અસમર્થ એવી આંશિક ચેતના માટે એ શબ્દ વાપરે છે. એ ચેતના ગતિમાન પ્રકૃતિની દૃશ્ય વાસ્તવિકતામાં જીવે છે, અને જે આત્માની તે સક્રિય શક્તિ છે, —मे प्रकृतिः છે, તે આત્માને તે જોતી પણ નથી. જ્યારે આપણે એ માયાથી પર થઈએ છીએ ત્યારે જગતનો લય થઈ જતો નથી, કેવળ એના અર્થનું રહસ્ય આખું ય બદલાઈ જાય છે. આધ્યાત્મિક દર્શનમાં આ બધું વિશ્વ ખરેખર અસ્તિત્વમાં નથી એવો અનુભવ થતો નથી. ઊલટું, સઘળું અસ્તિત્વમાં છે એમ લાગે છે, પરંતુ અત્યારે

એનો જે ખોટો અર્થ આપણને દેખાય છે તેના કરતાં તદ્દન જુદા જ અર્થમાં તે અસ્તિત્વમાં છે એમ અનુભવાય છે. જે છે તે સઘળું પ્રભુનો આત્મા, એનું જ આવિર્ભૂત વ્યકિતત્વ, એની જ પ્રકૃતિ છે,—સઘળું વાસુદેવ છે, ગીતા તો જગતને સત્ય ગણે છે, તેને ભગવાનની સૃષ્ટિ તરીકે જુએ છે; શાશ્વતની શકિત તરીકે, પરબ્રહ્મના આવિર્ભાવ તરીકે ગણે છે. અને આપણી આ ત્રિગુણમયી અધોમુખ પ્રકૃતિ પણ પરા પ્રકૃતિમાંથી ઊતરી આવેલી છે, તેની જ ગૌણ ક્રિયા છે. વધારામાં, એક બાજુ, અધોમુખ, સક્રિય અને કાલમાં પ્રગટ થતી વાસ્તવિકતા છે અને બીજી બાજુ, ચડિયાતી, સ્થિર અને શાંત, કર્મથી પર શાશ્વત વાસ્તવિકતા છે, એમ બેવડી વાસ્તવિકતા વચ્ચે ભેદ કરીને એ ભેદમાં આપણે આશ્રય લઈ શકતા નથી. તેમ મુકિત પ્રાપ્ત કરવા માટે આ ખંડ વાસ્તવિકતામાંથી મહાન અને અખંડ વાસ્તવિકતામાં, કર્મમાંથી નીરવતામાં આરોહણ કરવાનું છે એ નિર્ણય પણ આપણે સ્વીકારી શકતા નથી. કારણ કે ગીતા તો એવો આગ્રહ કરે છે કે આપણે સ્થૂલ શરીરમાં છીએ તે દરમિયાન આત્મા વિષે, તથા એની નીરવતા વિષે સચેતન બનવું શકય છે અને તે પ્રમાણે બનવું આવશ્યક પણ છે, અને છતાં તે જ સમયે પ્રકૃતિના બનેલા જગતમાં સામર્થ્યપૂર્વક કર્મ કરવાં એ પણ શકય છે. એ બાબતમાં ગીતા પ્રભુનું પોતાનું ઉદાહરણ આપે છે કે પ્રભુ જન્મ લેવાની ફરજથી બંધાયેલો નથી, આખા વિશ્વથી તે ઊર્ધ્વમાં છે છતાં સદાકાળ તે કર્મ કરતો રહે છે—**वर्त एव च कर्मणि.** (૩.૨૨) એટલે પ્રભુની દિવ્ય પ્રકૃતિનું સાધર્મ્ય એની સંપૂર્ણતાપૂર્વક ધારણ કરવાથી એ બેવડી અનુભૂતિને એક અદ્વૈતમાં સમન્વિત કરી શકાય છે. પરંતુ પ્રશ્ન એ છે કે એ અદ્વૈતના પાયામાં કયું તત્ત્વ રહેલું છે?

પુરુષોત્તમના દર્શનમાં ગીતા આપણને એ તત્ત્વ શોધી આપે છે. ગીતાના સિદ્ધાંત પ્રમાણે પુરુષોત્તમનું કાંતજ્ઞાન તે સંપૂર્ણ અને પરમ સાક્ષાત્કાર છે, એ જ્ઞાન તે "સમગ્ર"ને જાણનારાઓનું—**कृत्स्नविद:**—(૩.૨૯)—નું જ્ઞાન છે. અક્ષરબ્રહ્મ પર છે, વિશ્વ-પ્રકૃતિનાં તત્ત્વોના અને એનાં કર્મના સંબંધમાં એ અક્ષર પરમ છે. સર્વનો અક્ષર આત્મા તે છે; સર્વનો અક્ષર આત્મા પુરુષોત્તમ છે. પુરુષોત્તમ પોતે જ અક્ષર છે, કારણ કે પોતાની આત્મ-સત્-તામાં એ સદા મુકત છે, અને એની પોતાની શકિત પ્રકૃતિમાં જે કાર્ય કરે છે તેનાથી એ પોતે અલિપ્ત છે, પોતાના આવિર્ભાવની પ્રેરણાના આવેગથી એના પર આઘાત થતો નથી, પોતાના ગુણોની લીલાથી એનામાં ક્ષોભ થતો નથી. આ અક્ષરનું જ્ઞાન તે ગીતાના સમગ્ર જ્ઞાનની કેવળ એક બાજુ છે, જોકે તે ઘણી વિશાળ બાજુ છે. પુરુષોત્તમ અક્ષર કરતાં વધારે મહાન છે, કારણ કે અક્ષર કરતાં તે કાંઈ વધારે છે અને સત-તાના પરમ સનાતન પદથી—**परं धाम** થી—પણ તે મર્યાદિત નથી. છતાં, આપણી પોતાની અંદર જે કાંઈ અક્ષર અને શાશ્વત છે તેના વડે આપણે

એવા આધ્યાત્મિક પદને પ્રાપ્ત કરીએ છીએ જેમાંથી જન્મના ફેરામાં પાછા આવવાનું થતું નથી. પ્રાચીન મુનિઓ જે મોક્ષની ઇચ્છા કરતા હતા તે એ પ્રકારનો હતો. પરંતુ મુક્તિ પ્રાપ્ત કરવાનો આ પ્રયત્ન જ્યારે કેવળ અક્ષરનો જ આશ્રય લઈને કરવામાં આવે છે ત્યારે તે અનિર્દેશ્ય બ્રહ્મની શોધ બની રહે છે. અને એ કાર્ય આપણી માનવ-પ્રકૃતિ માટે ઘણું મુશ્કેલ છે, કારણ કે આપણે અહીં જડ તત્ત્વમાં દેહ ધારણ કરેલો છે. જે અનિર્દેશ્ય બ્રહ્મ પ્રત્યે આપણામાં રહેલો શુદ્ધ અસ્પર્શ્ય આત્મા આરોહણ કરે છે તે ખરું જોતાં परो अव्यक्त (૮.૨૦) — "પરમ અવ્યક્ત" છે. એ સૌથી પરમ અવ્યક્ત અક્ષર પણ પુરુષોત્તમ પોતે જ છે. એટલા માટે, ગીતા કહે છે કે, જે લોકો અનિર્દેશ્ય અક્ષરની ઉપાસના કરે છે તેઓ પણ શાશ્વત પુરુષોત્તમ એવા મને જ પ્રાપ્ત કરે છે. અને છતાં, એ પરમ અવ્યક્ત, અક્ષર કરતાં પણ પુરુષોત્તમ અનેક ગણો વધારે છે, અનેક ગણો મહાન છે — કોઈ પણ પ્રકારના અભાવાત્મક કેવલના કરતાં — नेति नेति કરતાં — ઘણો વધારે છે. કારણ કે એ પુરુષોત્તમને આપણે આ સમગ્ર વિશ્વનો પોતાનામાં વિસ્તાર કરનાર એવા પરમ પુરુષ તરીકે પણ જાણવાનો છે. પુરુષોત્તમ પોતે પરમ રહસ્યમય સર્વ છે, અહીં જે કાંઈ છે તે સર્વનો ભાવાત્મક અનિર્વચનીય કેવલ તે પોતે છે. ક્ષરમાં રહેલો ઈશ્વર તે છે, ત્યાં ઊર્ધ્વમાં જ કેવળ નહિ પરંતુ અહીં પ્રત્યેક પ્રાણીના હૃદયમાં પણ તે પુરુષોત્તમ છે. અને ત્યાં, સૌથી પરમ શાશ્વત પદમાં, —परो अव्यक्तः સ્થિતિમાં — પણ તે પરમેશ્વર છે. મતલબ કે તે અતદ્રૂપ, સંગવર્જિત અનિર્દેશ્ય માત્ર નથી, પરંતુ આત્માનો અને વિશ્વનો આદિ છે, તે એ સર્વનો પિતા છે, માતા છે, પ્રથમ પ્રતિષ્ઠા છે અને શાશ્વત આશ્રય છે. એ પુરુષોત્તમ સર્વ પ્રાણીઓનો શાસક છે, તથા યજ્ઞ અને તપનો ભોક્તા છે. એને એકીવખતે ક્ષરમાં અને અક્ષરમાં જાણવાથી, તે અજ છે છતાં સર્વ જન્મમાં પોતાનો આંશિક આવિર્ભાવ કરે છે તથા સ્વયં પણ સતત અવતાર ધારણ કરે છે, એ પ્રમાણે જાણવાથી અધો પ્રકૃતિના આભાસોમાંથી માનવનો આત્મા સહેલાઈથી મુક્ત થાય છે તથા અણુચિતવ્યો વિશાળ આધ્યાત્મિક વિકાસ અને અમેય એવું ચેતનાનું આરોહણ સાધીને પુરુષોત્તમની દિવ્ય સત્-તામાં અને તેની પરા પ્રકૃતિમાં પ્રવેશ કરે છે. કારણ કે ક્ષરમાં જે સત્ય છે તે પુરુષોત્તમનું જ સત્ય છે. પ્રત્યેક પ્રાણીના હૃદયમાં પુરુષોત્તમ છે, અને પોતાની અસંખ્ય વિભૂતિઓમાં તે પ્રગટ પણ થાય છે. કાલમાં વ્યક્ત થતો વિશ્વ-પુરુષ તે પુરુષોત્તમ છે, અને મુક્ત થયેલા માનવ-આત્માને દિવ્ય કર્મ કરવાનો આદેશ એ પુરુષોત્તમ આપે છે. તે ક્ષર અને અક્ષર બન્ને છે અને છતાં તે જુદો છે, કારણ કે એ બે પરસ્પર વિરોધી તત્ત્વોમાંના કોઈ એકના કરતાં એ પોતે વધારે છે, મહાન છે.

"પણ આ બે કરતાં જુદો એવો એક સૌથી ઉચ્ચ પુરુષ છે જે પરમ આત્મા

કહેવાય છે, તે આ ત્રણે લોકમાં પ્રવેશ કરે છે અને તેમને ધારણ કરે છે, એ અવ્યય ઈશ્વર છે."* આપણા અસ્તિત્વનાં બે દેખીતી રીતે સમાધાન ન પામી શકે એવાં સ્વરૂપોનું સમાધાન કરનાર ગીતાની ચાવી આ શ્લોકમાં રહેલી છે.

પુરુષોત્તમનો વિચાર તો છેક શરૂઆતથી ગીતામાં તૈયાર કરવામાં આવ્યો છે, એના વિષે સૂચનો થયેલાં છે, અપૂર્ણપણે તે રજૂ પણ થયો છે, ગૃહીત તરીકે સ્વીકારવામાં આવ્યો છે, પરંતુ અહીં પંદરમા અધ્યાયમાં એને ખુલ્લી રીતે પ્રગટ કરવામાં આવે છે, તથા એનો ભેદ કરીને ભેદને જુદું નામ આપીને સ્પષ્ટ કરવામાં આવે છે. આ અધ્યાયના સંજોગોમાં પુરુષોત્તમના વિચારની સમીપ ગીતા કેવી રીતે જાય છે અને એનો વિકાસ કેવી રીતે કરે છે તે જાણવું ઉપયોગી છે. આપણને એમ કહેવામાં આવ્યું છે કે દિવ્ય પ્રકૃતિમાં આરોહણ કરવું હોય તો માણસે પ્રથમ પોતાની જાતને સંપૂર્ણ આધ્યાત્મિક સમતામાં દૃઢપણે સ્થાપન કરવી જોઈએ, તથા ત્રિગુણની બનેલી અધો પ્રકૃતિથી તેણે ઉપર ઊઠવું જોઈએ. એ પ્રમાણે નીચેની પ્રકૃતિમાંથી આરોહણ કરીને આપણે નિર્વૈયક્તિકતામાં, સર્વ કર્મોથી પર એવી અચલ શ્રેષ્ઠતામાં, ગુણની વ્યાખ્યા અને મર્યાદાથી મુક્ત એવી વિશુદ્ધ સ્થિતિમાં આપણી જાતને સ્થાપન કરી શકીએ છીએ. આ સાક્ષાત્કાર પુરુષોત્તમની વ્યક્ત પ્રકૃતિની એક બાજુ છે. આત્માની એકતા અને તેની શાશ્વતી રૂપે પુરુષોત્તમનો આવિર્ભાવ છે, એ જ અક્ષર છે. પરંતુ પુરુષોત્તમની શાશ્વત અનિર્વચનીય અનેકતાનું, વ્યક્તિગત અંતરાત્માના આવિર્ભાવના પ્રાથમિક રહસ્ય પાછળ ગુપ્ત રહેલી એની અનેકતાનું પણ એક પરમ અને વાસ્તવિક સત્ય છે. અનંત સચ્ચિદાનંદ પાસે શાશ્વત શક્તિ રહેલી છે, એની પોતાની દિવ્ય પ્રકૃતિનું અનાદિ અને અનંત એવું કર્મ પણ છે, અને પરા શક્તિના એ કર્મમાં દેખીતી રીતે ભિન્નંગત એવી શક્તિઓની લીલામાંથી વ્યક્તિત્વવાળા અંતરાત્માનો ચમત્કાર પ્રગટ થાય છે — **प्रकृतिर्जीवभूता**. (૭.૫) આ થવું શક્ય છે, કારણ કે પ્રભુના દિવ્ય સ્વરૂપમાં વ્યક્તિત્વને સ્થાન છે, અને એ વ્યક્તિત્વ અનંતમાં પોતાની પરમ આધ્યાત્મિક સાર્થકતાને અને સત્યને પ્રાપ્ત કરે છે. પરંતુ અનંતમાં જે દિવ્ય વ્યક્તિતા હોય છે તે અહંકારી, ભેદવાળી અને અધો પ્રકૃતિમાં રહેલી અજ્ઞાનવાળી વ્યક્તિતાના જેવી હોતી નથી. ત્યાં જે વ્યક્તિતા હોય છે તે ઉન્નત, — ગૌરવશાળી — વિશ્વમય અને પરાત્પરવાળી હોય છે, અમર અને દિવ્ય હોય છે. આધ્યાત્મિક વ્યક્તિત્વ એટલે પુરુષ. આપણી અંદર જે શાશ્વત અંતરાત્મા છે તેનું પોતાનું જે કાંઈ હોય છે તે અને પોતે જે કાંઈ છે તે શાશ્વત પરમાત્માને અર્પણ કરે છે. એ શાશ્વત

* उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥ (१५,१७)

પરમાત્મા પોતે પરમ પુરુષ છે, દેવાધિદેવ છે, જેનો જીવ અંશ છે. જ્ઞાનની પરિપૂર્ણતા આ આત્મસમર્પણમાં સિદ્ધ થાય છે. અર્થાત્ પ્રેમ અને ભક્તિ વડે આપણા અંતરાત્માના અને એનાં કર્મોના અનિર્વચનીય સ્વામી પ્રત્યે આપણી વ્યક્તિગત પ્રકૃતિને આપણે આરોહણ કરાવીએ છીએ. કર્મનો યજ્ઞ સમર્પણ વડે એની ચરિતાર્થતાને અને પ્રભુની સંપૂર્ણ અનુમતિને પ્રાપ્ત કરે છે. આ ઉપાયો વડે માનવના આત્માને સૌથી વધારે સંપૂર્ણ સાર્થકતા પ્રાપ્ત થાય છે. પુરુષોત્તમની દિવ્ય પ્રકૃતિના, અક્ષરથી અન્ય, મહાન અને અતિ નિકટતાવાળા સ્વરૂપમાં એ પ્રકારની ભક્તિથી લભ્ય ચરિતાર્થતા મળી શકે છે. જ્યારે એ સિદ્ધિ માનવમાં સ્થાપિત થાય છે ત્યારે અમરતાનો પાયો, પરમ આનંદ અને સનાતન ધર્મ તેને મળી આવે છે. આ પ્રકારની બેવડી આવશ્યકતાને રજૂ કરીને — આત્મામાં સમતા અને પુરુષોત્તમની અનન્ય ભક્તિ — પહેલાં તો જાણે બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરવા માટેના — ब्रह्मभूयाय — (૧૪.૨૬) એ બે જુદાજુદા માર્ગો હોય એમ એમનો જુદોજુદો ઉલ્લેખ ગીતા કરે છે. એક અક્રિયતાવાળા સંન્યાસનું રૂપ લે છે, બીજો દિવ્ય પ્રેમભક્તિ અને દિવ્ય કર્મનું રૂપ ધારણ કરે છે. હવે વ્યક્તિતા અને નિર્વૈયક્તિકતા — ક્ષર અને અક્ષર — બન્નેને પુરુષોત્તમમાં એક કરી આપવાનો અને એમના પરસ્પર સંબંધની વ્યાખ્યા આપવાનો પ્રયત્ન અહીં ગીતા કરે છે. કારણ કે એકબીજાને દૂર રાખનાર અતડાપણાનો, અને ભેદ પાડનારી અતિશયતાઓનો ત્યાગ કરીને જ્ઞાન અને સાક્ષાત્કારની આ બે બાજુઓને ઓગાળીને પરમ પૂર્ણતા પ્રત્યે લઈ જનાર એક અને સંપૂર્ણ માર્ગ તૈયાર કરવાનો ગીતાનો ઉદ્દેશ છે.

સૌથી પ્રથમ વિશ્વજીવનનું વર્ણન વેદાંતમાં પ્રચલિત અશ્વત્થ વૃક્ષના રૂપક વડે આપવામાં આવે છે. આ વિશ્વજીવન રૂપી અશ્વત્થને, કાલમાં કે દિશામાં, કોઈ આદિ નથી, અંત નથી — नान्तो न चादिः (૧૫.૩). કારણ કે એ અશ્વત્થ શાશ્વત છે, અવિનાશી છે, अव्यय (૧૫.૧) છે. દેહધારી માનવને માટેની આ સૃષ્ટિમાં આ વિશ્વજીવનનું સાચું સ્વરૂપ જાણી શકાય તેમ નથી, તેમ એની કોઈ સ્થિર પ્રતિષ્ઠા આ સૃષ્ટિમાં હોય એમ પણ જણાતું નથી. એ વિશ્વજીવન એક અનંત ગતિ છે જેનું મૂળ, જેની પ્રતિષ્ઠા, ઊર્ધ્વમાં — અનંતની પશ્ચાત્પરતામાં રહેલી છે. આદિ પુરુષમાં પ્રવૃત્તિ માટેની સનાતન પ્રેરણા રહેલી છે તે આ વિશ્વની પાછળ રહેલું તત્ત્વ છે. એ પ્રવૃત્તિ આદિ કે અંત વગર આદ્ય પુરુષમાંથી સદા પ્રસર્યા જ કરે છે — आद्यं पुरुषं यतः प्रवृत्तिः प्रसृता पुराणी । (૧૫.૪) એટલા માટે, વિશ્વરૂપી અશ્વત્થનું મૂળ કાળ અને દિશાથી પર શાશ્વત પરબ્રહ્મમાં છે. પણ એની શાખાઓ અહીં આપણા અધોલોકમાં પ્રસરેલી છે. અને એ વૃક્ષ આસક્તિ અને કામનાનાં તથા તેનાં પરિણામો તરીકે વધારે ને વધારે કામના અને તેને લઈને અંત વગરની કર્મની પ્રવૃત્તિના પ્રસાર રૂપે આપણી માનવ-સૃષ્ટિમાં

પોતાનાં દૃઢ અને દૃઢ પકડ લેનારાં બીજાં મૂળો — લટકતી વડવાઈઓ — અહીં નાખે છે. વેદના છંદો તે એ વિશ્વરૂપી અશ્વત્થનાં પાંદડાં છે અને વિશ્વરૂપી અશ્વત્થનું જેને જ્ઞાન છે તે 'વેદવિદ્' — વેદને જાણનારો છે. ગીતાના આરંભમાં વેદ વિષે, અથવા તો વેદવાદ વિષે, જે હલકા અભિપ્રાયની આપણે નોંધ લીધી હતી તેનો મર્મ આપણને અહીં સમજાય છે. વેદ જે જ્ઞાન આપે છે તે દેવતાઓનું જ્ઞાન છે, વિશ્વમાં કાર્ય કરી રહેલાં તત્ત્વો અને શક્તિઓનું જ્ઞાન છે. અને એ જ્ઞાનનું ફળ એટલે કામનાસહિત કરેલા યજ્ઞનું ફળ હોય છે. એટલે કે, આ ત્રિલોકની — સ્વર્ગ, અંતરીક્ષ અને પૃથ્વીની — ત્રિગુણમયી પ્રકૃતિમાં ભોગ અને ઐશ્વર્યરૂપી ફળ સકામ યજ્ઞ કરવાથી મળે છે. આ વિશ્વરૂપી અશ્વત્થ વૃક્ષની શાખાઓ ઊર્ધ્વમાં અને નીચે એમ બંને દિશાઓમાં પ્રસરેલી છે: અધોલોકમાં, આ જડ તત્ત્વની અંદર, ઊર્ધ્વમાં, સ્થૂલથી પર એવી આધ્યાત્મિક ભૂમિકાઓમાં. એ ડાળીઓ પ્રકૃતિના ગુણોથી ખીલે છે. વેદનો આખો વિષય આ ત્રણ ગુણો સંબંધી જ છે. त्रैगुण्यविषया वेदाः । (૨.૪૫) વેદના છંદો વિશ્વરૂપી અશ્વત્થનાં પાંદડાં છે, અને યજ્ઞનું વિધિસર અનુષ્ઠાન કરવાને પરિણામે મળતા કામનાને સંતોષનારા સ્થૂલ, — ઇન્દ્રિયગ્રાહ્ય પદાર્થો એ અશ્વત્થનાં પાંદડાંના સતત ખીલતા અંકુરો છે. એથી કરીને, જ્યાં સુધી માનવ ગુણોની લીલાનો ભોગ કરવામાં રચ્યો-પચ્યો રહે છે અને કામનાને આસાન હોય છે ત્યાં સુધી પ્રવૃત્તિનાં બંધનમાં જકડાયેલો રહે છે, જન્મ અને કર્મની ગતિમાં પડીને પાર્થિવ જગત, પ્રાણમય અંતરીક્ષ અને મનોમય સ્વર્ગ એ ત્રણ લોકમાં આવજા કર્યા કરે છે. એ પોતાના અસલ સ્વરૂપની પરમ અનંતતાઓને પ્રાપ્ત કરી શકતો નથી. આ બાબતનું પ્રાચીન ઋષિઓને જ્ઞાન હતું. એટલે મોક્ષ પ્રાપ્ત કરવા માટે એમણે નિવૃત્તિનો, કર્મ કરવાની આદ્ય પ્રેરણાનો અંત લાવવાનો, માર્ગ સ્વીકાર્યો. એ માર્ગનું આખરી પરિણામ જન્મના ફેરાનો અંત અને શાશ્વતના વિશ્વાતીત પરાત્પર પદમાં ચિર સ્થિતિની પ્રાપ્તિ હતું. પરંતુ એ ઉદ્દેશ પાર પાડવા માટે અનાસક્તિરૂપી દૃઢ શસ્ત્ર વડે કામનાનાં રૂઢ થઈ બેઠેલાં મૂળોને કાપી નાખવાની ફરજ પડે છે, અને ત્યાર પછી એ પરમ પદ માટે શોધ કરવાની હોય છે, જેની પ્રાપ્તિ કર્યા પછી મર્ત્ય જીવનમાં પાછા ફરવાની ફરજ આત્માને પડતી નથી. એ પરમ અનંતતાને પહોંચવાના માર્ગનાં પગલાંઓ આ પ્રમાણે આપી શકાય: અધો પ્રકૃતિના મોહથી મુક્ત થવું, અહંકારનો સદંતર ત્યાગ કરવો, આસક્તિના મહાદોષના ઉપર વિજય મેળવવો, કામનાઓની સંપૂર્ણ નિવૃત્તિ કરવી, દ્વંદ્વથી મુક્ત થઈ જવું, અને આધ્યાત્મિક ચેતનામાં સદા સ્થિર રહેવું. ત્યાર પછી, આપણે કાલથી અતીત એવા એક પરમ સત્યને પ્રાપ્ત કરી શકીએ છીએ જેને સૂર્ય, ચંદ્ર કે અગ્નિ કોઈ પ્રકાશિત કરી શકતું નથી; પરંતુ એ સત્ય શાશ્વત પુરુષની પોતાની સન્નિધિનો જ પ્રકાશ છે.

વેદાંતનો શ્લોક કહે છે કે હું તો કેવળ તે આદિ પુરુષની ઉપાસના કરું છું અને પરમ પદ પ્રત્યે જવાના માર્ગમાં એને પહોંચવા ધારું છું. આ વિશ્વાતીત સત્-ના, આ પરાત્પર પદ તે પુરુષોત્તમનું પોતાનું પદ છે.

પરંતુ એ ઉદ્દેશ ઘણી સારી રીતે, અથવા તો સૌથી ઉત્તમ રીતે પણ, અને સીધેસીધી સંન્યાસની અકર્મણ્યતા વડે સાધી શકાય તેમ છે એમ આપણને લાગે છે. એ ઉદ્દેશ સાધવાનો નિર્દિષ્ટ માર્ગ અક્ષરનો છે; એટલે કે કર્મનો અને જીવનનો સંપૂર્ણ ત્યાગ કરવો, સંન્યાસીનું સંગવર્જિત એકાંત જીવન ગાળવું, અને સંન્યાસીની નિષ્કર્મ સ્થિતિ પ્રાપ્ત કરવી. હવે, એ માર્ગ કર્મ કરવાના આદેશને માટે સ્થાન જ ક્યાં છે, કે એને માટે સાદ કે જરૂર પણ ક્યાં રહે છે? તથા "લોકસંગ્રહ" સાથે, વિશ્વજીવન ટકાવી-નભાવી રાખવા સાથે, કુરુક્ષેત્રની ખૂનામરકી સાથે, કાલમાં બ્રહ્મના આવિર્ભાવ સાથે તથા ઊંચે અવાજે અર્જુનને અપાયેલા "ઊઠ, શત્રુઓનો વિનાશ કર, સમૃદ્ધ રાજ્યનો ભોગ કર" — એ આદેશ સાથે એ અક્ષરના માર્ગને શી લેવાદેવા છે? અને પ્રકૃતિમાં પ્રગટ થતો આ ક્ષર પુરુષ આખરે કોણ છે? એ પુરુષ, એ ક્ષર, આપણા ક્ષર જીવનનો ઉપભોગ કરનારો, પણ પુરુષોત્તમ છે. ગીતા કહે છે કે એ ક્ષર પુરુષ પણ પુરુષોત્તમની સનાતન અનેકતાનું સ્વરૂપ છે. "ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।" (૧૫.૭) "મારો જ સનાતન અંશ અહીં આ જીવલોકમાં જીવરૂપ થયો છે." આ વિશેષણ, આ આખું વિધાન એક અત્યંત દૂરગામી અને મહાન પરિણામસૂચક વિધાન છે. કારણ કે એનો અર્થ એ થાય છે કે પ્રત્યેક જીવ, પ્રત્યેક સત્-માં રહેલી આધ્યાત્મિક વાસ્તવિકતા પુરુષોત્તમ પોતે છે, — પ્રકૃતિમાં એ જીવનો પ્રત્યક્ષ આવિર્ભાવ ગમે તેટલો આંશિક કે મર્યાદિત હોય તોપણ. અને શબ્દોનો જો કાંઈ પણ અર્થ થતો હોય તો એનો અર્થ એવો પણ થાય છે કે અભિવ્યક્ત થનાર પ્રત્યેક જીવ, અનેકમાંનો પ્રત્યેક, સનાતન વ્યક્તિ છે, એક જ દિવ્ય સત્‌ની શાશ્વત અજ અને અમર એવી શક્તિ છે. અભિવ્યક્તિ કરનાર એ પુરુષને આપણે "જીવ" કહીએ છીએ, કારણ કે અહીં જીવતાં પ્રાણીઓના જગતમાં તે જાણે એક પ્રાણી હોય એવો દેખાય છે. વળી માનવમાં રહેલા એ પુરુષને આપણે આત્મા અથવા અંતરાત્મા કહીએ છીએ અને એના વિષેના વિચાર પણ આપણે માનવતાના સ્વરૂપમાં જ કરીએ છીએ તેથી પણ એને "જીવ" કહીએ છીએ. પરંતુ હકીકતમાં, એના અત્યારના બાહ્ય સ્વરૂપથી એ જીવ પોતે કોઈ મર્યાદિત નથી. ભૂતકાળમાં એક એવો વખત હતો જ્યારે એ જીવનો આવિર્ભાવ નીચેની કોટિનો હતો, અને ભાવિમાં એ જીવ માનસિક ચેતનાવાળા માનવ કરતાં કોઈ ઘણી મહાન વસ્તુ બની શકે તેમ છે. જ્યારે એ જીવ સર્વ પ્રકારની અજ્ઞાનની મર્યાદાઓથી પર થઈ જાય છે, ત્યારે તે પોતાની દિવ્ય પ્રકૃતિને ધારણ કરે છે. જીવની જે માનવતા છે તે તો

ફક્ત થોડા સમય માટેનો એનો બુરખો છે, એ તો એક અપૂર્ણ અને આંશિક સ્થિતિ છે. વ્યક્તિત્વવાળો પુરુષ, અર્થાત્ જીવ, ખરેખર હયાતીમાં છે, અને શાશ્વત પરમની પરાત્પરતામાં તે સદા યે હતો જ, — કારણ કે જીવ પોતે "સનાતન" છે. એ તો સ્પષ્ટ છે કે જીવની સનાતનતાના આ વિચારને લઈને ગીતા કોઈ જગાએ મોક્ષનું, એટલે કે બ્રહ્મમાં જીવના સંપૂર્ણ લયનું સૂચન કરે એવો વાક્યપ્રયોગ કરતી નથી. વળી આત્માની પરમ આધ્યાત્મિક સ્થિતિનો ઉલ્લેખ કરતાં તેને "પુરુષોત્તમમાં નિવાસ" કરવા રૂપે, — निवसिष्यसि मय्येव (१२.८) — "મારી જ અંદર તું નિવાસ કરશે" એ રીતે વર્ણવે છે. એ ખરું છે કે જ્યારે સર્વમાં રહેલા એક જ આત્મા વિષે ગીતા ઉલ્લેખ કરે છે ત્યારે તે કેવલાદ્વૈતવાદની ભાષાનો પ્રયોગ કરતી હોય એમ જણાય છે. છતાં પણ, "સનાતન જીવનું" સ્થાયી સત્ય — ममैवांश: सनातन: (१५.७) — એમાં એક એવા તત્ત્વનો ઉમેરો કરે છે જેને લઈને અદ્વૈતવાદ સાપેક્ષ બને છે અને વિશિષ્ટાદ્વૈત દર્શનના લગભગ સ્વીકાર જેવો તે બને છે. અલબત્ત, આટલા ઉપરથી આપણે એ નિર્ણય પર એકદમ કૂદી પડવું ન જોઈએ કે ગીતામાં નિર્ભેળ વિશિષ્ટાદ્વૈતવાદનું પ્રતિપાદન થયેલું છે, અથવા તો ગીતાનો સિદ્ધાંત રામાનુજના પાછળથી આવેલા દર્શન સાથે એક જ છે. અને છતાં આટલું તો સ્પષ્ટ છે કે એક દિવ્ય સત્‌ના આધ્યાત્મિક અસ્તિત્વમાં અનેકતાનું શાશ્વત અને વાસ્તવિક, — નહિ કે માયાની ભ્રમણા ઉત્પન્ન કરનારું, તત્ત્વ રહેલું છે.

એ જીવ પુરુષોત્તમથી કોઈ ભિન્ન પુરુષ છે, અથવા તો, તેનાથી ખરેખર છૂટો પડેલો કોઈ પુરુષ છે એવું નથી. પુરુષોત્તમ પોતે જ જીવ છે, પોતાની એકતામાં રહેલી સનાતન અનેકતા ધારણ કરવાની શક્તિ અનુસાર ઈશ્વર પોતે સદા જીવનું અસ્તિત્વ ધારણ કરે છે. અનંતની બહુ થવાની શક્તિના સત્યનો પ્રકાશ એ જ છે ને સમસ્ત જીવન? એ જીવ આપણા અંતરમાં અમર આત્મા તરીકે વસે છે, આ દેહ તેણે ધારણ કર્યો છે તથા જ્યારે પ્રકૃતિનાં તત્ત્વોમાં વિલય કરવા માટે દેહનો ત્યાગ માનવ કરે છે ત્યારે નશ્વર દેહમાંથી જીવ પ્રયાણ કરી જાય છે, જ્યારે માનવ જન્મ લે છે ત્યારે એ જીવ મનના વિષયોના ભોગ કરવા ખાતર પોતાની સાથે પ્રકૃતિની સ્વાનુભવ કરાવનારી શક્તિઓને લઈને આવે છે અને તેમનો વિકાસ કરે છે. અર્થાત્ તે મન અને પાંચ જ્ઞાનેન્દ્રિયોને પોતાની સાથે લાવે છે, અને, ફૂલદાનીમાંથી જેમ વાયુ સુગંધને લઈ જાય છે તેમ, શરીરનો ત્યાગ કરે છે ત્યારે એ શક્તિઓને સાથે લઈ જાય છે. પરંતુ ક્ષર પ્રકૃતિમાં પ્રગટ થયેલા જીવ અને પરાત્પર પુરુષોત્તમ વચ્ચેનું જે અદ્વૈત છે તે બહારનાં દૃશ્ય સ્વરૂપોને લઈને આપણી દૃષ્ટિથી ગુમ રહે છે, તથા પ્રકૃતિની ગતિમાન અને ઢગલાબંધ વંચનાઓમાં એ અદ્વૈત નષ્ટ થઈ જાય છે. જે લોકો પ્રકૃતિના, — માનવતાના કે એવા બીજા કોઈ — બાહ્ય સ્વરૂપને

પોતાના ઉપર શાસન કરવા દે છે તેઓ જીવ અને પુરુષોત્તમના અદ્વૈતને કદી જોઈ શકવાના નથી; ઊલટા, માનુષી તનુમાં આશ્રય લેનારા પ્રભુની તેઓ અવજ્ઞા અને તિરસ્કાર કરશે. જન્મ અને મરણની, આવવા-જવાની એની ક્રિયામાં, અથવા તો, અહીં જીવન ધારણ કરીને ગુણોનો સ્વીકાર અને તેમનો ભોગ કરવાની ક્રિયામાં તેઓ એને જોઈ શક્યા નથી. તેઓ તો આ સૃષ્ટિરૂપી આવિર્ભાવમાં પોતાનાં મનને અને ઇન્દ્રિયોને જે કાંઈ દેખાય છે તેટલું જ ફક્ત જુએ છે. જ્ઞાનની દૃષ્ટિ વડે જ જોઈ શકાય એવા મહાન સત્યને, ક્ષરમાં રહેલા પુરુષોત્તમને, તેઓ જોતા નથી. એ તો જ્યારે બહિર્મુખ ચેતનાની મર્યાદાઓને દૂર કરવાનું શીખે, આધ્યાત્મિક જીવનનું પોતાના અંતરમાં ઘડતર કરે, અને પોતાની પ્રકૃતિમાં એ આધ્યાત્મિક સત્-ના માટે એક પ્રકારનો ઘાટ તૈયાર કરે — બીબું તૈયાર કરે, — ત્યારે જ બની શકે. પોતાની જાતને જાણવા માટે માણસે कृतात्मा (કંડક, છાંદોગ્ય) એટલે કે આધ્યાત્મિક બીબામાં તૈયાર અને સંપૂર્ણ, થવું જોઈએ, આધ્યાત્મિક દર્શન વડે આલોકિત થવું જોઈએ. જ્ઞાનદૃષ્ટિવાળો યોગી પોતાના અંતરમાં થતા અનંતના આધ્યાત્મિક સત્યના સાક્ષાત્કાર વડે, પોતાના જ શાશ્વત આત્માની પ્રતીતિથી આપણે સર્વે જે અસલ દિવ્ય સત્ છીએ તેને જોઈ શકે છે. જ્ઞાનથી પ્રકાશિત એ યોગીઓ પોતાની અંદર પુરુષોત્તમને જુએ છે અને પાર્થિવતાની ગ્રામ્ય સંકુચિતતાઓથી મુક્ત થઈ જાય છે, માનસિક વ્યક્તિતાના સ્વરૂપથી, નશ્વર જીવનના બાહ્ય સ્વરૂપથી તેઓ બંધાતા નથી. તેઓ અંતરાત્માના અને પુરુષના સત્યમાં અમર થઈને જીવે છે. તેઓ પુરુષોત્તમને કેવળ પોતાની જ અંદર જોતા હોય છે એમ નથી, પરંતુ સમસ્ત વિશ્વમાં તેને જુએ છે. આ સકલ સૃષ્ટિને પ્રકાશિત કરનાર સૂર્યના તેજમાં તેઓ આપણી અંદર જે દેવાધિદેવ રહેલો છે તેનો પ્રકાશ જુએ છે; ચંદ્રમાં અને અગ્નિમાં જે પ્રકાશ છે તે પણ પ્રભુનો પ્રકાશ છે. આ પૃથ્વીના જડ સ્વરૂપોમાં પુરુષોત્તમે પ્રવેશ કર્યો છે અને પૃથ્વીની જડ શક્તિઓની પાછળ રહેલો આત્મા તે પોતે છે. પોતાનાં અતુલ સામર્થ્ય વડે આ અસંખ્ય પ્રાણીગણોનાં જીવનને તે ટકાવી રહેલો છે. એ પ્રભુ પોતે સોમરસ છે, જે પૃથ્વીમાતાના અંતરમાં રસરૂપે વહીને પૃથ્વીનું આચ્છાદન કરનાર વનસ્પતિને પોષણ આપે છે. જીવંત પ્રાણીઓનાં સ્થૂલ શરીરને ટકાવી રહેલ વૈશ્વાનર અગ્નિ તે પુરુષોત્તમ સિવાય બીજું કોઈ નથી. અને પ્રાણીઓ જે આહાર કરે છે તેને પચાવીને એમના દેહની પ્રાણશક્તિના આધારરૂપ બનાવી આપનાર પણ પુરુષોત્તમ છે. પ્રત્યેક શ્વાસ લઈ રહેલા પ્રાણીના હૃદયમાં એનો નિવાસ છે, એનામાંથી જ સ્મૃતિ, જ્ઞાન અને તર્કના વાદો પ્રગટે છે. સર્વે વેદો વડે જેને જાણવાનો છે તે એ પુરુષોત્તમ છે, અને જ્ઞાનના અન્ય પ્રકારો વડે પણ એ જ જ્ઞેય છે. એ પુરુષોત્તમ પોતે જ 'વેદવિદ્' છે, અને વેદાંતનો કર્તા છે. અર્થાત્, પુરુષોત્તમ જડ તત્ત્વમાં

રહેલો તેનો આત્મા છે, પ્રાણનો આત્મા છે, મનનો આત્મા છે તથા મનથી અને તર્ક કરનાર મર્યાદિત બુદ્ધિથી પેલે પાર વિજ્ઞાનમય જ્ઞાનની જ્યોતિનો પણ આત્મા તે જ છે.

આમ, પોતાની અગમ્યતામાં પુરુષોત્તમ બેવડા પુરુષ તરીકે પ્રગટ થાય છે — द्वौ इमौ पुरुषौ. (૧૫.૧૬) ક્ષરમાં જે પુરુષ છે તેને, એટલે આ બધાં ભૂતોને, — क्षरः सर्वाणि भूतानि —(૧૫.૧૬) તથા પોતાની શાશ્વત નીરવતાની અને શાંતિની અચલ અક્રિયતામાં સર્વ ભૂતોથી પર, ઊર્ધ્વમાં રહેલ, એવા અક્ષર પુરુષને — બન્નેને, પુરુષોત્તમ એકીવખતે પોતાનો આધાર આપે છે. માનવોનાં મન, હૃદય અને સંકલ્પ આ બે પુરુષો પ્રત્યે સામસામી દિશામાં આટલા સામર્થ્યપૂર્વક આકર્ષાય છે તે એમનામાં રહેલી પુરુષોત્તમની શકિતને લઈને છે; — એ આકર્ષણ વડે જાણે પરસ્પર વિરોધી અને વિસંવાદી તત્ત્વો એકબીજાને મિટાવી દેવાના આગ્રહી ન હોય એવું પણ આપણને લાગે છે. પરંતુ પ્રભુ પોતે, અર્થાત્ પુરુષોત્તમ, સંપૂર્ણપણે ક્ષર પણ નથી, તેમ સંપૂર્ણપણે અક્ષર પણ નથી. એ પોતે અક્ષર પુરુષ કરતાં મોટો છે, અને ક્ષર કરતાં ઘણો મહાન છે. તેનામાં એકીવખતે ક્ષર અને અક્ષર બન્ને થવાની શકિત છે. કારણ કે એ પોતે એ બન્નેથી જુદો अन्यः (૧૫.૧૭) છે. એ સમસ્ત વિશ્વથી પર એવો પુરુષોત્તમ છે છતાં આત્મજ્ઞાન રૂપે વેદમાં અને વૈશ્વિક અનુભવ રૂપે વિશ્વમાં વ્યાપેલો છે. જે માણસ પ્રભુને એ પુરુષોત્તમ સ્વરૂપે જાણે છે અને જુએ છે તે આ સૃષ્ટિના દૃશ્ય સ્વરૂપથી, કે આ વિરોધી દેખાવવાળાં બે તત્ત્વોનાં — ક્ષર અને અક્ષરનાં — જુદાં જુદાં આકર્ષણથી મોહમાં પડતો નથી. શરૂઆતમાં એના અંતરમાં એ બન્ને વિરોધી સ્વરૂપો લઈને પ્રતીત થાય છે: એક, ક્ષર, — વૈશ્વિક કર્મનું ભાવાત્મક સ્વરૂપ લે છે, તો બીજું અક્ષર, સંપૂર્ણપણે અજ્ઞાની પ્રકૃતિના, અથવા તો, પ્રકૃતિનું હોય એવા દેખાતા વૈશ્વિક કર્મનો ઇનકાર કરનાર આત્માના અભાવાત્મક તત્ત્વનું સ્વરૂપ ધારણ કરે છે. અથવા તો, એ બે તત્ત્વો એની ચેતનાને જુદી જ રીતે પડકાર કરે છે: એને શાશ્વત, સ્વયંભૂ, શુદ્ધ, અનિર્મેય, સ્થિર એવું આત્માનું સ્વરૂપ ભાવાત્મક લાગે છે, — અને એ આત્મતત્ત્વનો ઇનકાર કરનાર, મિથ્યા નિર્માણો, સંબંધો, વિચારો, સ્વરૂપો, તથા અસ્થિર સનાતન આવિર્ભાવની બનેલી, કર્મ અને સમુત્ક્રાંતિના જાળાની, સર્જન અને વિસર્જનની, મૃત્યુ અને જીવનની ક્રિયાની બનેલી વિશ્વલીલા તેને અભાવાત્મક લાગે છે. પુરુષોત્તમને જાણનાર જ્ઞાની બન્નેનો સ્વીકાર કરે છે અને બન્નેથી બચી જાય છે, એમના વિરોધને દૂર કરી દે છે, અને 'સર્વવિદ્' — સમગ્ર જ્ઞાનવાળો બને છે. આત્મા અને જડ, પદાર્થતત્વ બન્નેનો પૂરેપૂરો અર્થ અને મર્મ તે સમજે છે. પ્રભુની સમગ્રતાવાળી વાસ્તવિકતાને — समग्रं माम्‌ने, — તે પુનઃ પ્રાપ્ત કરે છે. તે ક્ષર અને અક્ષર બન્નેને પુરુષોત્તમમાં

અદ્વૈતને પમાડે છે. પોતાના અને સર્વના જીવનમાં વ્યાપી રહેલા પરમ પુરુષને, પોતાની તથા વિશ્વની સઘળી શક્તિઓના સ્વામીને અતિ સમીપ અને અતિ દૂર એવા શાશ્વતને,—આ જગતમાં અને જગતથી પર રહેલા શાશ્વતને—તે ચાહે છે, તેની ભક્તિ કરે છે, એને આસક્ત થાય છે, એની પૂજા કરે છે. અને એ ભક્તિ પોતાની પ્રકૃતિના એક કરણ કે એક બાજુ વડે નહિ,—આધ્યાત્મિકતાના રંગમાં રૂપાંતર પામેલી કેવળ બુદ્ધિ વડે નહિ, દૃષ્ટિને ઝંખવી નાખે એવી હૃદયની તીવ્ર પરંતુ વિશાળતાથી—ઉદારતાથી—વંચિત પ્રેમજ્યોતિ વડે જ કેવળ નહિ, અથવા તો કર્મમાં પ્રગટતી કેવળ સંકલ્પશક્તિ વડે નહિ,—પરંતુ પોતાના જીવનના સર્વ જ્યોતિર્મય કરણો વડે તે પુરુષોત્તમને ભજે છે. અર્થાત્ પોતાના સત્‌માં, અને આવિર્ભાવમાં, પોતાના આત્મામાં અને પ્રકૃતિમાં, બન્નેમાં તે સમગ્રપણે તેની ભક્તિ કરે છે. એના પોતાના અચલ આત્મસ્વરૂપની સમતા દિવ્ય હોય છે અને સર્વ પદાર્થો અને પ્રાણીઓ સાથે તેનો આત્મા એક હોય છે. એ અસીમ સમતા અને ગભીર એકતાને તે ઊર્ધ્વ આધ્યાત્મિક ભૂમિકામાંથી પોતાની માનસિક ચેતનામાં, પોતાના હૃદયમાં, પ્રાણમાં અને શરીરમાં પણ અવતરણ કરાવે છે. અને એ તત્ત્વો ઉપર, એક અવિભાજ્ય સમગ્રતામાં તે દિવ્ય પ્રેમ, દિવ્ય કર્મો અને દિવ્ય જ્ઞાનની ત્રિપુટીનો પાયો રચે છે. ગીતાના મોક્ષનો આ માર્ગ છે.

અને આખરે જોવા જાઓ તો આ જ સાચું અદ્વૈત નથી? કારણ કે એક શાશ્વત સત્‌માં એ જરા સરખો ભેદ કે વિચ્છેદ કરતું નથી. આ ભેદ નહિ કરનારી અદ્વૈતવાદની પરાકાષ્ઠા પ્રકૃતિની અનેકતાઓમાં, એનાં સર્વે સ્વરૂપોમાં પણ એકમેવાદ્વિતીયને એક તરીકે જ જુએ છે. વિશ્વાતીત પરાત્પરની સૌથી મહાન વાસ્તવિકતા, જેમાં જીવના અને જગતના સત્ત્વનું મૂળ છે, તેમાં એ પુરુષોત્તમ જેટલો એક છે તેટલો જ આત્માની અને વિશ્વની વાસ્તવિકતામાં પણ તે એકમેવાદ્વિતીય છે. અર્થાત્, વિશ્વના આવિર્ભાવના ભાવાત્મક વિધાનથી અથવા તો, એના વૈશ્વિક કે નિરપેક્ષ ઇનકારથી પુરુષોત્તમ બંધાયેલો નથી—બંધાતો નથી. કોઈ નહિ તો, ગીતાનું અદ્વૈત તો આ છે. અર્જુનને શ્રીકૃષ્ણ કહે છે કે આ સૌથી વધારે પરમ રહસ્યવાળું ગુહ્ય શાસ્ત્ર છે: આ પરમ બોધ છે, પરા વિદ્યા છે. એ આપણને જીવનના પરમ રહસ્યના હાર્દ પ્રત્યે દોરીને લઈ જાય છે. એ સત્તાને નિરપેક્ષપણે જાણવું, જ્ઞાન વડે, ભાવ વડે, સંકલ્પશક્તિ વડે તથા અનુભૂતિ વડે એનું ગ્રહણ કરવું એટલે તો રૂપાંતર પામેલી જ્ઞાનશક્તિમાં સંપૂર્ણતા મેળવવી, હૃદયમાં દિવ્યતાનો સંતોષ પ્રાપ્ત કરવો, તથા સર્વ સંકલ્પશક્તિ અને કર્મનો પરમ હેતુ સિદ્ધ કરવામાં સફળ થવું. પરમ દિવ્ય પ્રકૃતિ પ્રત્યે આરોહણ કરવું, અને સનાતન ધર્મને પામવો એ અમર થવાનો માર્ગ છે.

## પ્રકરણ સોળમું

# આધ્યાત્મિક કર્મની પરિપૂર્ણતા

ગીતાની વિચારધારાનો વિકાસ હવે એ સ્થિતિએ પહોંચ્યો છે જ્યારે એક જ પ્રશ્ન ઉકેલવાનો બાકી રહે છે. પ્રશ્ન એ છે કે આપણી બંધનમાં પડેલી અને ત્રુટીઓથી ભરેલી પ્રકૃતિનો અધો ભૂમિકામાંથી ઊર્ધ્વમાં કર્મ કરવાના એના અત્યારના અપૂર્ણ ધર્મમાંથી શાશ્વત ધર્મમાં વિકાસ કેવી રીતે સાધવો? અને તે પણ અમુક તત્ત્વ પરત્વે નહિ, પરંતુ પ્રકૃતિની બધી ક્રિયાઓમાં તેને કેવી રીતે વ્યવહારુ બનાવવો? અત્યાર પહેલાં ગીતાએ ચોક્કસ પરિસ્થિતિઓ રજૂ કરેલી છે તેમાં એ પ્રશ્ન અધ્યાહાર રહેલો છે ખરો, પરંતુ હવે એના કરતાં વધારે નજરે ચડે એ પ્રકારે એને આપણી બુદ્ધિ સમક્ષ લાવવાનો છે. તે જમાનાના માનસને પરિચિત એવા મનોવિજ્ઞાનના જ્ઞાનના ઉપર ગીતાએ પોતાના ઉપદેશનો આરંભ કર્યો છે અને એની વિચારણામાં આવતાં પરિવર્તો તે ટૂંકામાં આપી દે છે, ઘણુંઘણું સ્વીકૃત કરી લે છે, અને અત્યારના જમાનામાં આપણે જે વસ્તુઓને પ્રખર જ્ઞાનના પ્રકાશમાં મૂકવા ઇચ્છીએ અને જેમને સ્પષ્ટ કરવાની આપણને જરૂર લાગે તેવી ઘણી બાબતો વ્યક્ત કર્યા વગર જ ગીતા રહેવા દે છે. એક નવા જ મૂળમાંથી, એક જુદી જ ચેતનાની ભૂમિકામાંથી જગતમાં — જીવનમાં — કર્મ કરી શકાય છે એવા નિર્ણય સાથે ગીતા પોતાના ઉપદેશનો આરંભ કરે છે. આરંભનો એ નિર્ણય એના ઉપદેશના અંતમાં આગળ પડતો હેતુ બને છે. ગીતાના ઉપદેશનો આરંભ મોક્ષ પ્રાપ્ત કરવાનો માર્ગ દર્શાવવા માટે થયો છે એમ આપણે કહી શકતા નથી. પરંતુ મોક્ષ-પ્રાપ્તિના પ્રયત્ન સાથે જીવનનાં કર્મનું સામંજસ્ય, અને એક વાર આધ્યાત્મિક મુક્તિ પ્રાપ્ત કર્યા પછી જગતમાં — જીવનમાં — કર્મનું સતત આચરણ — मुक्तस्य कर्म — મુક્તિ સાથે સંવાદી છે એ બતાવી આપવાનો તેનો ઉદ્દેશ છે. આ પ્રશ્નનો ઉકેલ કરતાં, પ્રસંગવશાત્, આધ્યાત્મિક જ્ઞાન અને પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે એક સમન્વય યુક્ત, અથવા તો માનસશાસ્ત્રના ઉપર પ્રતિષ્ઠિત, એવી યોગ-પદ્ધતિનો વિકાસ ગીતામાં થાય છે તથા કેટલાક તાત્ત્વિક નિર્ણયો વ્યક્ત કરવામાં આવે છે, આપણા અસ્તિત્વનાં અને આપણી પ્રકૃતિનાં કેટલાંક સત્યો પણ રજૂ કરવામાં આવે છે જેના ઉપર એ યોગ-પદ્ધતિ ઊભેલી છે. પરંતુ એ બધું છતાં, પોતાના મૂળ ઉદ્દેશ વિષેની એની લગની ચાલુ જ છે, — મૂળ મુશ્કેલી અને પ્રશ્ન તે પોતાની નજર સામે રાખે છે. એ પ્રશ્ન આ છે: અર્જુનના વિચારોમાં

અને લાગણીઓમાં જબરી ધૂણા થઈ આવવાને લીધે પોતાના કર્મના સ્થાપિત થયેલા સ્વાભાવિક અને બુદ્ધિગ્રાહ્ય પાયાઓ અને ધોરણો હાલી ગયાં છે. હવે, એને કર્મ કરવાનો એક નવો અને એને સંતોષ આપે એવો ધર્મ કેવી રીતે આપવો? અથવા તો, આધ્યાત્મિક સત્યમાં જીવન કેવી રીતે ધારણ કરવું અને છતાં, — કારણ કે હવે સામાન્ય તર્કની યુક્તિ અને માનવની પ્રકૃતિ ઉપર આધાર રાખીને તે કર્મ કરી શકે તેમ નથી એટલે, — કુરુક્ષેત્રના મેદાન પર એને સોંપાયેલું નિર્દિષ્ટ કર્મ કેવી રીતે પાર પાડવું? અંતરમાં સ્થિર, અનાસક્ત રહીને અક્ષર પુરુષની અને વિશ્વાત્માની નીરવતા અનુભવવી અને છતાં સંપૂર્ણ ક્રિયાશીલતા-પૂર્વક પ્રકૃતિનાં કાર્યો કેવી રીતે કરવાં? વધારે વિશાળ સ્વરૂપે જોતાં, આપણા અંતરમાં જે શાશ્વત, પરમ રહેલો છે તેની સાથે અદ્વૈત સાધવાનું છે અને જગતમાં એ શાશ્વતની સમગ્ર પ્રકારની ઇચ્છા પ્રમાણે કર્મો કરવાનાં છે; અલબત્ત, આપણી (સાધારણ માનવ-પ્રકૃતિની નહિ પરંતુ) ઉન્નત થયેલી શક્તિ વડે, ઉચ્ચ કોટિને પ્રાપ્ત થયેલી વ્યક્તિગત પ્રકૃતિને તેના દિવ્ય શિખરે પહોંચાડીને, — મુક્ત અને વિશ્વમય બનેલ, પ્રભુની દિવ્ય પ્રકૃતિ સાથે સાધર્મ્યને પ્રાપ્ત થયેલી વ્યક્તિની પ્રકૃતિ દ્વારા એ કાર્યો કરવાનાં છે. આ ગીતાનો ઉકેલ છે.

હવે, એ ઉકેલનો ભાવાત્મક અર્થ સાદામાં સાદી ભાષામાં શો થાય છે તે અને અર્જુનની મુશ્કેલી અને લડવાના નકારના મૂળમાં જે કોયડો રહેલો છે તેની દૃષ્ટિએ એ ઉકેલ કેવો નીવડે છે તે આપણે જોઈએ. માણસ તરીકે અને સમાજની એક વ્યક્તિ તરીકે અર્જુનની ફરજ એ છે કે એણે ક્ષત્રિયનો ઉચ્ચ ધર્મ બજાવવો જોઈએ, કારણ કે એના વગર સમાજનું બંધારણ ટકાવી શકાય નહીં, પ્રજાના આદર્શોનું રક્ષણ થઈ શકે નહીં, તથા જુલમ, અન્યાય અને પાપરૂપી અવ્યવસ્થા ઉત્પન્ન કરનાર હિંસાની સામે ધર્મની અને ન્યાયની સુઘટિત વ્યવસ્થા જાળવી શકાય તેમ નથી. અને છતાં ફરજ અદા કરવાની કેવળ આગ્રહી માગણી કરવાથી કુરુક્ષેત્રના સંગ્રામના નાયકને સંતોષ થાય તેમ નથી, કારણ કે કુરુક્ષેત્રની ભયંકર વાસ્તવિકતા તરફ જોતાં એને એ ફરજ ક્રૂર ભ્રમણામાંથી ઉત્પન્ન થયેલી અને અસ્પષ્ટ લાગે છે. અહીં સામાજિક ફરજ બજાવવી એનો અર્થ તો પાપ, શોક અને દુ:ખનાં પ્રચંડ પરિણામ ઉપજાવવાને પોતાની અનુમતિ આપવી એવો થાય છે એમ અર્જુનને ઓચિંતું દેખાય છે. સામાજિક વ્યવસ્થા અને ન્યાયને ટકાવી રાખવાના એ સામાન્ય રૂઢ ઉપાયને પરિણામે તો ઊલટી વધારે સંકરતા અને વધારે અવ્યવસ્થા થાય છે. ન્યાયી હક્ક અને પોતાના સ્વાર્થનો નિયમ જેને આપણે હક્કો કહીએ છીએ તે એને આ સ્થિતિમાં કામ લાગે તેમ નથી. એ ખરું છે કે જે રાજ્ય એણે પોતાને માટે, પોતાના ભાઈઓને માટે અને પોતાના પક્ષને માટે જીતવાનું છે તે ન્યાયથી એમનું છે અને હક્ક કરીને તે જીતી લેવાથી આસુરિક જુલમ દૂર

થશે, અને ન્યાયની જીત થશે. પરંતુ એ ન્યાય લોહીનીગળતો ન્યાય થવાનો છે, અને મળ્યા પછી એ રાજ્ય શોક આપનારું અને મહાપાપના કલંકવાળું રહેશે. એ રાજ્ય પ્રાપ્ત કરતા સમાજને એક ભારે હાનિ અને પ્રજાની સામે ખરેખર એક ગુનો જ કરવો પડશે. ધર્મનો નિયમ, નીતિની નજરે 'સાચું' હોય તે કરવાનો નિયમ પણ ક્ષત્રિયની ફરજના ધર્મ કરતાં વધારે ઉપયોગી થઈ શકે તેમ નથી. કારણ કે અહીં તો ધર્મોનો જ પરસ્પર વિરોધ આવી રહેલો છે. એટલે એક નવો જ અને બન્નેથી મહાન એવો, અત્યાર સુધી અકલ્પિત ધર્મ શોધી કાઢવો આવશ્યક છે: પરંતુ એ ધર્મ તે કયો?

કારણ કે કર્મમાંથી પોતાની જાતને પાછી ખેંચી લેવી, કર્મ-સન્યાસ લેવો, સાધુના જેવી અક્રિયતાનો આશ્રય લેવો, અને અપૂર્ણ જગતને તેની અસંતોષકારક પદ્ધતિઓ અને હેતુઓનો ઉપયોગ કરીને પોતાનું ફોડી લેવા દેવું એ ઉકેલ શક્ય છે અને સહેલાઈથી કલ્પી અને આચરણમાં મૂકી શકાય તેવો પણ છે. પરંતુ એ રીતે કોયડાની ગૂંચને કાપી નાખીને તેનો ઉકેલ લાવવાનો ગીતાના ગુરુ નિષેધ કરતા રહ્યા છે. આ વિશ્વનો નાથ જે માનવનાં કર્મનો પણ સ્વામી છે અને જેનું જગત માનવને કરવાનાં કર્મનું ક્ષેત્ર છે તે માનવ પાસે કર્મ કરવાની માગણી કરે છે, પછી તે કર્મ ચહાય તો અજ્ઞાનમાં અને અહં દ્વારા, યા તો મર્યાદિત માનવ-બુદ્ધિના આછા પ્રકાશમાં કરવામાં આવ્યાં હોય, કે પછી, દર્શનની અને ઉદ્દેશની કોઈ ઉચ્ચ ભૂમિકામાંથી, એટલે કે વધારે ઉચ્ચ અને વિશાળ ચેતનામાંથી, એની પ્રેરણા જાગ્રત થઈ હોય. આ કોયડાનો એક બીજો ઉકેલ પણ શક્ય છે: તે એ કે આ લડાઈના વિશેષ કર્મને અનિષ્ટ ગણીને તેનો ત્યાગ કરવો. એ ઉકેલ ટૂંકી દૃષ્ટિવાળા, નીતિના પાઠો ઉચ્ચારનારા માનવ-મનનો સદા હાજર આશ્રય છે. પરંતુ એ પ્રમાણે મૂળ પ્રશ્નનો છદ્મ ઉત્તર આપીને તેને ઉડાવવાની પણ ગુરુએ મના કરી છે. કર્મમાંથી વિરત થઈને અર્જુન ઊલટો વધારે મહાન પાપ અને અનિષ્ટનું કારણ બનશે. એના કર્મ-સન્યાસની જો કાંઈ પણ અસર થાય તો તેનો અર્થ અસત્યનો અને અન્યાયનો વિજય થશે તથા પ્રભુનું કાર્ય સાધવાના દિવ્ય કરણ તરીકે પોતાના જીવન-કાર્યનો તે ઇનકાર કરશે. પ્રજાના ભાવિમાં એક ઉગ્ર કટોકટીનો જે પ્રસંગ આવીને ઊભો છે તે કાંઈ શક્તિઓના અંધ કાર્યનું પરિણામ નથી, અથવા તો, કેવળ માણસના વિચારો, સ્વાર્થો, આવેશો અને અહંતાઓની ભ્રમિત અથડામણમાંથી તે ઉત્પન્ન થયો નથી. પરંતુ એ બધાં બાહ્ય સ્વરૂપોની પાછળ રહેલી એક દિવ્ય સંકલ્પશક્તિએ તેની યોજના કરેલી છે. આ સત્યની અર્જુનને પ્રતીતિ કરાવવાની જરૂર છે. એણે બિનંગતપણે કર્મ કરતાં શીખવાનું છે; પોતાની ક્ષુદ્ર કામનાઓના, માનવની દુર્બળ ધૃણાઓના કરણ તરીકે નહિ, પરંતુ એક ઘણી વિશાળ અને મહત્તર જ્યોતિવાળી શક્તિના, એક સર્વજ્ઞ, દિવ્ય, વૈશ્વિક સંકલ્પ-

શક્તિના કરણ તરીકે નિશ્ચલપણે કર્મ કરતાં તેણે શીખવાનું છે. પોતાના અંતરમાં અને બહાર જગતમાં રહેલા પ્રભુ જોડે ઊર્ધ્વગામી એકતા સાધીને પોતાના પરમ પ્રભુમાં અને વિશ્વના વ્યાપક પુરુષ જોડે યોગમાં સ્થિર થઈને અર્જુને બિનંગત-પણે અને વિશ્વભાવ સહિત કર્મ કરવાં જોઈએ.

પરંતુ જ્યાં સુધી માણસ પોતાના 'અહં'થી દોરાતો હોય છે, અને તર્કની અને બુદ્ધિની અર્ધ પ્રકાશિત શક્તિથી, સત્ય જ્ઞાન રહિત સાત્ત્વિક 'અહં'થી દોરાતો હોય છે ત્યાં સુધી ઉપર જણાવેલું સત્ય સાચી રીતે જોઈ શકાતું નથી, તથા એ પ્રકારના કર્મનો સાચા ભાવથી આરંભ કરી શકાતો નથી. કારણ કે એ સત્ય આત્માનું સત્ય છે, અને એ કર્મ આધ્યાત્મિક પાયા ઉપર આચરવાનું કર્મ છે. એ પ્રકારનાં કર્મો કરવા માટે આધ્યાત્મિક, નહિ કે બૌદ્ધિક, જ્ઞાન અનિવાર્ય છે. એ જ્ઞાન જ એવાં કર્મોની એક માત્ર જ્યોતિ, વાહન અને પ્રેરક તત્ત્વ હોય છે. એટલે, શરૂઆતમાં તો ગુરુ અર્જુનને એ વસ્તુ શીખવે છે કે અર્જુનને જે મુશ્કેલીઓ નડે છે તે બધી માણસની ચેતના સ્વાભાવિક અજ્ઞાનને વશ હોય છે તેમાંથી ઉદ્ભવે છે. અર્થાત્, જે વિચારો અને લાગણીઓ અર્જુનને દુ:ખ આપે છે, મોહમાં નાખે છે, મૂંઝવે છે તે બધી, એનાં હર્ષ, શોક, કામના અને પાપ, ફળની કામના પર નજર રાખીને કર્મ કરવાની વૃત્તિ, વિશ્વપુરુષ આ જગત સાથે વ્યવહાર કરે તેનાં કર્મોને પ્રચંડ અને ભયંકર ગણીને તેમની ઘૃણા કરવાની વૃત્તિ, એ બધી વસ્તુઓ એની ચેતના અજ્ઞાનને વશ છે તેને લઈને ઉત્પન્ન થાય છે; પ્રકૃતિની એ અધોમુખ લીલામાં આત્મા જકડાય છે, તથા પોતાની જાતને એક જુદા જ 'અહં' તરીકે જુએ છે અને પોતાના પ્રત્યે થતાં કાર્યો પ્રત્યે દ્વંદ્વમાં — એટલે કે, સુખ-દુ:ખ, પાપ અને પુણ્ય, સત્ય-અસત્ય, ઇષ્ટ અને અનિષ્ટ એવાં — પ્રતિકાર્યો એ "અહં" કરે છે. 'અહં'નાં એ પ્રતિકાર્યો એક પ્રકારનું એવું એક ગૂંચવાયેલું જાળું ઊભું કરે છે કે એમાં અંતરાત્મા ખોવાઈ જાય છે. એ ત્યાં પોતાના જ અજ્ઞાન વડે ભ્રમમાં પડે છે. એ સ્થિતિમાં માનવના અંતરાત્માને એકતરફી અને અપૂર્ણ એવા ઉકેલોનો આશ્રય લઈને ચાલવું પડે છે જે એના રોજબરોજના જીવનમાં કામચલાઉ રીતે પૂરતા હોય છે. પરંતુ જ્યારે એવા ઉકેલોને વધારે વિશાળ દૃષ્ટિબિંદુ અને વધારે ગહન અનુભૂતિની કસોટીએ ચડાવવામાં આવે છે ત્યારે તેઓ નિષ્ફળ નીવડે છે. કર્મનો અને જીવનનો ખરો અર્થ સમજવા માટે આ બધાં એમનાં બહારનાં સ્વરૂપોમાંથી આત્માના સત્ય પ્રત્યે માણસે જવું જોઈએ. સાચા વિશ્વ-જ્ઞાનનો પાયો તૈયાર થવા માટે આત્મજ્ઞાનનો પાયો પહેલો નંખાવો જોઈએ.

આને માટે પહેલી જરૂરી વસ્તુ એ છે કે અંતરાત્માએ કામના અને આવેગને તથા કષ્ટ આપનાર ઊર્મિને પોતાની પાંખો ફફડાવીને ખંખેરી નાખવી જોઈએ. એ પ્રમાણે મુક્ત થયેલી પાંખો વડે માનવ-મનના ક્ષુબ્ધ અને વક્રતા પેદા

કરનાર વાતાવરણમાંથી ઊર્ધ્વમાં રાગથી મુકત એવી સમતાના આકાશમાં, બિનંગત તટસ્થતા, અને સ્થિરતાના સ્વર્ગમાં, અહંથી મુકત એવા ભાવો અને દર્શનની ભૂમિકામાં પહોંચી જવું જોઈએ. કારણ કે વાદળાં અને વંટોળથી મુકત એ ઊંચેના સ્વચ્છ વાતાવરણમાં આત્મજ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે અને જગતના સંચાલનનો ધર્મ તથા પ્રકૃતિનું સત્ય અક્ષુબ્ધ અને સર્વને જાણનાર તથા સર્વમાં પ્રવેશ કરનાર પ્રકાશમાં સ્થિરપણે, તથા સર્વગ્રાહી દૃષ્ટિ વડે જોઈ શકાય છે. આપણું ક્ષુદ્ર વ્યકિતત્વ પ્રકૃતિનું નિઃસહાય કરણ છે, નિષ્ક્રિય, અથવા તો નિરર્થક, વિરોધ કરનાર પૂતળું છે. પરંતુ એની પાછળ એક વ્યકિતત્વથી મુકત એવો આત્મા છે, તે સર્વમાં એક છે, તે સઘળી વસ્તુઓને જુએ છે અને જાણે છે. એક સમ, સમાન — નિષ્પક્ષપાત — એવી વિશ્વવ્યાપી સન્નિધિ છે જે પ્રકૃતિને સ્વભાવ પ્રમાણે, એટલે કે પોતપોતાના પ્રકાર અનુસાર, વસ્તુઓનો આવિર્ભાવ કરવા દે છે, પરંતુ પોતે જે કર્મનો આરંભ કરે છે તેમાં પોતે આસકત થતી નથી, અથવા તો, પોતાની જાતનું ભાન ગુમાવી દેતી નથી. 'અહં'માંથી અને ક્ષુબ્ધ વ્યકિતતામાંથી પોતાની જાતને આ સ્થિર, સમતાયુકત, સનાતન, વૈશ્વિક, નિર્વૈયકિતક આત્માની ચેતનામાં પાછી ખેંચી લેવી એ યોગમાં યુકત રહીને જાગ્રત કર્મો કરવા માટેનું પહેલું પગલું છે. એટલે કે, પ્રભુની ચેતના સાથે સચેતન એકતામાં રહીને, તથા અત્યારે આપણને ગમે તેટલી આચ્છાદિત લાગે તોપણ જે એક અમોઘ સંકલ્પશકિત આ વિશ્વમાં પોતાનો આવિર્ભાવ કરી રહી છે તેની સાથે એકતા સાધીને કર્મ કરવાં એ યૌગિક કર્મ કરવા માટેનું પહેલું પગલું છે.

જ્યારે આ બિનંગત વિશાળતામાં રહેલા આત્માની અંદર પ્રશાંતપણે જીવન ધારણ કરીએ છીએ ત્યારે એ આત્મા અફાટ, સ્થિર, શાંત અને નિર્વૈયકિતક હોવાથી આપણી ક્ષુદ્ર અને ખોટી જાત, આપણો કર્મ કરનારો 'અહં', એ આત્માની વિશાળતામાં લય પામી જાય છે. અને ત્યારે આપણે જોઈ શકીએ છીએ કે પ્રકૃતિ કર્મ કરે છે, નહિ કે આપણે. બધાં કર્મો પ્રકૃતિનાં કર્મો છે, અને બીજું કંઈ પણ તે હોઈ શકતાં નથી એ સત્ય આપણને દેખાય છે. આપણે જેને "પ્રકૃતિ" કહીએ છીએ તે વસ્તુ પણ એક શાશ્વત સત્‌ની ગતિમાન એવી, વિશ્વનાં કર્મો કરનારી કાર્યવાહક શકિત છે. એ શકિત પોતાના પ્રાણીઓના જુદાજુદા વર્ગોમાં જરૂર પ્રમાણે જુદાજુદા આકારો અને સ્વરૂપો ધારણ કરે છે અને પ્રત્યેક જાતિની પ્રત્યેક વ્યકિતમાં તેના સ્વાભાવિક જીવનને પરિણામે પ્રગટતા ધર્મ અને કર્મના નિયમ અનુસાર તે કાર્ય કરે છે. પ્રત્યેક પ્રાણીએ પોતાની પ્રકૃતિ પ્રમાણે જ ચાલવું પડે છે અને બીજા કશાનો આધાર લઈને તે કર્મ કરી શકતું નથી. અહં અને વ્યકિતની પોતાની સંકલ્પશકિત તથા કામના એ સઘળાં એક વૈશ્વિક બળનાં જ જીવંતપણે સચેતન સ્વરૂપો અને પ્રકૃતિની મર્યાદિત એવી ક્રિયાઓ જ માત્ર છે. એ વૈશ્વિક

શકિત પોતે એ સ્વરૂપો અને ક્રિયાઓ કરતાં તો ક્યાંયે ચડિયાતી હોય છે. તર્કશકિત, બુદ્ધિ, મન તથા ઇન્દ્રિયો, પ્રાણશકિત અને શરીર — જે બધી વસ્તુઓ વિષે આપણે અભિમાન ધરાવીએ છીએ, અથવા તો જેમને આપણે પોતાની માનીએ છીએ, તે બધી પ્રકૃતિની સામગ્રી છે, અને તેનું જ સર્જન છે. પરંતુ અક્ષર-બ્રહ્મ, નિર્વૈયકિતક આત્મા કર્મ કરતો નથી. તથા તે પોતે પ્રકૃતિનો અંશ પણ હોતો નથી. એ પોતે પ્રકૃતિની પાછળ અને તેનાથી ઊર્ધ્વમાં રહીને તેનાં સર્વ કર્મોને જુએ છે. તથા તે પોતે પ્રભુ છે. મુકત અને અક્રિય એવો જ્ઞાતા અને સાક્ષી છે. એ પ્રકારની અક્ષરતામાં, એ નિર્વૈયકિતકતામાં રહેનારો આત્મા, આપણી પ્રકૃતિ કરણ તરીકે જે કર્મો કરે છે તેનાથી નિર્લિપ્ત રહે છે; એ કર્મો પ્રત્યે, અથવા તો, એમનાં પરિણામ પ્રત્યે, તે હર્ષશોક કે રાગદ્વેષ, કામના-અકામનાનાં, અથવા તો બીજાં સેંકડો દ્વંદ્વનાં પ્રતિકાર્યો સામાન્ય જીવનમાં આપણને આકર્ષે છે, હલાવી નાખે છે, વિવશ કરી મૂકે છે, દુ:ખ આપે છે તેવાં, પ્રતિકાર્યો તે કરતો નથી. એ આત્મા તો સર્વ માનવોને, સઘળી વસ્તુઓને તથા ઘટનાઓને સમાન દૃષ્ટિ વડે જુએ છે, પ્રકૃતિના ગુણોને ગુણોના ઉપર કાર્ય કરતા અવલોકે છે, એની આખી યાંત્રિક યોજનાનું રહસ્ય પણ તે સમજે છે, પરંતુ પોતે એ ગુણોથી પર, શુદ્ધ, કેવળ સત્-સ્વરૂપ, અક્રિય, મુકત અને શાંત રહે છે. પ્રકૃતિ પોતાનું કાર્ય પાર પાડે છે અને નિર્વૈયકિતક વિશ્વાત્મા પ્રકૃતિને આધાર આપે છે ખરો, પરંતુ પોતે એમાં આસકત થતો નથી, ક્ષુબ્ધ થતો નથી, મોહ પામતો નથી. એ સમતાયુકત આત્મામાં જો આપણે વસી શકીએ તો આપણે પણ શાંતિમાં રહી શકીએ છીએ, આપણાં કરણોમાં પ્રકૃતિનું પ્રેરક બળ હોય છે ત્યાં સુધી કર્મો ચાલુ રહે છે, પરંતુ આપણને આધ્યાત્મિક મુકિત અને નિવૃત્તિ પ્રાપ્ત થયેલી હોય છે.

પુરુષ અને પ્રકૃતિના આ દ્વૈતમાં — એટલે કે અક્રિય પુરુષ અને સક્રિય પ્રકૃતિમાં — આપણું આખું અસ્તિત્વ સમાઈ જતું નથી. ખરી રીતે જોતાં, એ બે તત્ત્વો જીવન વિષેની આખરી સમજૂતી આપતાં નથી. એ દ્વૈત જ આખરી સત્ય હોય તો પુરુષને માટે સઘળાં કર્મો સંપૂર્ણપણે ઉદાસીનતાવાળાં જ રહેત અને એક કર્મ કે બીજું કર્મ કરવું અથવા તો કર્મમાંથી તદ્દન નિવૃત્ત થઈ જવું એનો નિર્ણય પ્રકૃતિના ગતિમાન વિકારોના અસંયત પલટાના ઉપર જ આધાર રાખત; અર્જુન પોતાની પ્રકૃતિનાં કરણોમાં રહેલી રજોગુણની વૃત્તિને પરિણામે યુદ્ધ કરવાને પ્રેરાત, અથવા તો તમોગુણની જડતાને કે સત્ત્વગુણની ઉદાસીનતાને પરિણામે યુદ્ધમાંથી વિરત થાત, અથવા તો, કર્મ કરવાનું એને માટે નક્કી જ હોત, અને અમુક પ્રકારે જ કર્મ કરવાનું એને માટે નિર્મિત હોત, તો એવો નિર્ણય પ્રકૃતિમાં રહેલી કોઈ યાંત્રિક નિયતિને પરિણામે જ બની આવત. વળી માનવનો આત્મા પોતાની જાતને નિર્વૈયકિતક, અક્રિય, અક્ષરમાં વધારે પાછી ખેંચી લેતો

હોવાથી તે ક્રિયાવાન પ્રકૃતિમાં ભાગ લેતો બંધ પડશે, અને એનું છેવટનું પરિણામ અક્રિયતા, અકર્મણ્યતા, નિર્વાણ, જડતા એ રૂપે આવશે, — ગીતા જે કર્મ કરવાનો આદેશ આપે છે તે કર્મ તો નહિ હોય. અને આખરે, પુરુષ પ્રકૃતિમાં આસક્ત જ શા માટે થાય છે એ પ્રશ્નની ખરી સમજૂતી એ દ્વૈત આપણને આપતું નથી. કારણ કે, એમ તો ન જ બને કે પુરુષ જે પોતે નિત્ય અનાસક્ત અને સચેતન છે તે આસક્ત થઈ જાય છે અને આત્મજ્ઞાન ગુમાવી બેસે છે, અને એ જ્ઞાન એણે પાછું મેળવવાનું છે. ઊલટું એ શુદ્ધ આત્મા તો હમેશાં હાજર હોય છે જ. તે હમેશાં એકનો એક છે, સદા એવો ને એવો આત્મચેતનાવાળો, બિનંગતતાવાળો, કર્મનો તટસ્થ સાક્ષી, અથવા તો, સર્વ કર્મોને સમાનપણે ટેકો આપનાર, ભર્તા હોય છે. આસક્ત અને મુક્ત પુરુષ એ બેની વચ્ચે રહેલો આ ભેદ, આ અશક્ય જેવી શૂન્યતા દૂર કરવા માટે આપણે બે પુરુષો છે, અથવા તો, એક જ પુરુષની બે સ્થિતિઓ છે એમ સ્વીકારીએ. એક ભાગ ગૂઢ, અંતરમાં રહેલો છે જે પોતાની સ્વયંભૂ સ્થિતિમાંથી સર્વ વસ્તુઓનું અવલોકન કરે છે, અથવા, કદાચ કશાનુંય અવલોકન ન કરનારો એવો છે, — બીજો ભાગ એવો છે જે પ્રકૃતિમાં પોતાનો પ્રક્ષેપ કરે છે, કર્મમાં ભાગ લે છે, અને પ્રકૃતિનાં સર્જનો સાથે એકતા કરે છે. પરંતુ આ પ્રકારના પુરુષ પ્રકૃતિના દ્વૈતનો સ્વીકાર કરીને આપણે વિચારદોષ સુધારી લઈએ તોપણ એમાં ગીતાની સમસ્ત તાત્ત્વિક માન્યતા સમાઈ જતી નથી. ગીતા એનાથી પર ઉત્તમ પુરુષની સર્વગ્રાહી પરમ એકતા સુધી પુરુષોત્તમના અદ્વૈત સુધી ઊર્ધ્વમાં પહોંચે છે.

ગીતા એક પરમ રહસ્યનો, એક ઊંચામાં ઊંચી વાસ્તવિકતાનો સ્વીકાર કરે છે જે આ બન્ને પ્રકારના આવિર્ભાવમાં રહેલા સત્યને ટેકો આપે છે અને તેમનો સમન્વય કરી આપે છે. તે એક, કેવળ, પરમાત્મા છે, જે બ્રહ્મ છે, ઈશ્વર છે. તે નિર્વૈયક્તિક અને વૈયક્તિક બન્ને છે: પરંતુ પોતે એ બન્નેથી જુદો, વધારે મહાન અને બન્નેને એકત્ર કરવામાં આવે તોપણ તેનાથી વધારે એવો એ પુરુષ છે. તે ઉત્તમ પુરુષ આપણી સત્-તામાં રહેલો આત્મા છે, તથા તે પ્રકૃતિ સ્વરૂપ પણ છે. કારણ કે પ્રકૃતિ એટલે વિશ્વાત્માની શક્તિ, કર્મ અને સર્જન કરવાને સંચાલિત થતી શાશ્વત અને અનંતની શક્તિ. પરમ, અનિર્વચનીય, કેવળ, વિશ્વવ્યાપી પુરુષ પોતાની પ્રકૃતિનો આશ્રય લઈને આ સર્વ પ્રાણીસ્વરૂપ બને છે. પોતે બ્રહ્મ-સ્વરૂપ પરમાત્મા હોઈને આત્મજ્ઞાનની અને અજ્ઞાનની પોતાની બેવડી માયા વડે આ વિશ્વરૂપી કોયડાનું બેવડું સત્ય પ્રગટ કરે છે. પરમેશ્વર તરીકે તે પોતાની શક્તિનો સ્વામી છે, અને એ સ્વરૂપે આ સમગ્ર પ્રકૃતિને, સર્વ વ્યક્તિ-સ્વરૂપોને, શક્તિઓને, અસંખ્ય પ્રાણીઓનાં કર્મોને તે સર્જે છે, પ્રેરે છે તથા તેમનું શાસન કરે છે. પ્રત્યેક વ્યક્તિરૂપ થયેલ આત્મા આ સ્વયંભૂ પરમ સત્-નો અંશ છે.

સર્વાત્મારૂપ થયેલ પરમનો શાશ્વત જીવાત્મા છે, પરમ ઈશ્વર અને તેની વૈશ્વિક પ્રકૃતિનો આંશિક આવિર્ભાવ છે. અહીં જે કાંઈ છે તે સઘળું આ પ્રભુસ્વરૂપ છે, આ દેવાધિદેવ, વાસુદેવસ્વરૂપ છે. કારણ કે પ્રકૃતિનો અને પ્રકૃતિમાં રહેલા આત્માનો આશ્રય લઈને આ જે કાંઈ છે તેનું સ્વરૂપ એ વાસુદેવ બને છે. સઘળું તેનામાંથી પ્રવર્તે છે, તેની અંદર અને તેને લઈને જીવન ધારણ કરે છે, — જોકે વાસુદેવ પોતે તો પોતાના સૌથી વિશાળ એવા આવિર્ભાવથી, ગંભીરમાં ગંભીર ચેતન સ્વરૂપથી, કોઈ પણ વૈશ્વિક રૂપથી કેટલો યે વધારે મહાન હોય છે; જીવનનું સંપૂર્ણ સત્ય આ છે, અને ગીતાના છેવટના અધ્યાયોમાંથી વિશ્વકર્મનું જે સમગ્ર રહસ્ય આપણે છૂટું તરી આવતું જોઈ શકીએ છીએ તે આ છે.

પરંતુ એ વધારે મહાન આધ્યાત્મિક કર્મ કરવાના ગીતાના સિદ્ધાંતના ઉપર કેવા પ્રકારની અસર કરે છે, એમાં કેવા પ્રકારનો ફેરફાર કરે છે? આ પ્રશ્નના ઉત્તરમાં કહી શકાય કે શરૂઆતમાં જ એક ઘણી મૌલિક બાબતમાં તે અસર કરે છે: એ અસર એવી છે કે જેને પરિણામે આત્મા, પુરુષ, અંતરાત્મા અને પ્રકૃતિ એમના પરસ્પર સંબંધનો સઘળો અર્થ જ બદલાઈ જાય છે, અને એક નવીન સત્યનું એમાં દર્શન થાય છે. એ વસ્તુઓના પરસ્પર સંબંધમાં જે ખાલી જગ્યા હતી તે બધી ભરાઈ જાય છે, વધારે વિશાળ બને છે, તથા એ સંબંધો આધ્યાત્મિક દૃષ્ટિએ વધારે ભાવાત્મક અને સાચો તથા ભૂલરહિત સમગ્રતાવાળો અર્થ પ્રાપ્ત કરે છે. અત્યાર સુધી આ જગતમાં એક બાજુ નિર્વૈયકિતક આત્મ-સત્-તા રહેલી આપણે જાણી છે. એનામાં કોઈ પ્રકારનું આત્મ-નિર્માણ કરવાનો ગુણ કે શકિત નથી, તેમ એનામાં સર્જન કરવાની શકિત કે વૃત્તિ નથી. સામી બાજુએ પ્રકૃતિનું બનેલું જગત છે, તે કેવળ યાંત્રિક, જડ ગુણોથી સંચાલિત કર્મની અને પ્રકૃતિની નિયતિ હોય એવું લાગે છે. પુરુષ-પ્રકૃતિના અસંતોષકારક દ્વૈતને લીધે એ બે વચ્ચે જે મોટો ભેદ પડેલો રહે છે તે ઉપરના ગીતાના દૃષ્ટિબિંદુથી દૂર થઈ જાય છે. તથા જ્ઞાન અને કર્મ વચ્ચે, પુરુષ અને પ્રકૃતિ વચ્ચે એક પ્રકારનું ઉન્નતિપ્રેરક અદ્વૈત સ્થપાય છે. નિષ્ક્રિય અક્ષર-પુરુષમાં એક સત્ય રહેલું છે: એ સત્ય તે પ્રભુમાં રહેલી સ્થિરતા, શાશ્વતની નીરવતા, જન્મ, કર્મ અને આવિર્ભાવમાં પણ રહેલી પોતાના સર્જનથી ક્ષુબ્ધ, કે તેનામાં લિપ્ત ન થનારી, પોતાની પ્રકૃતિનાં કાર્ય-પ્રતિકાર્યોથી નિર્લેપ રહેનારી એવી આત્મ-સત્-તામાં રહેલી તેની મુકિતમાં રહેલું સત્ય છે. આ સમગ્રતાવાળું પરમ સત્ય જાણ્યા પછી પ્રકૃતિ પોતે કાંઈ દુર્બોધ્ય એવી માયા, પુરુષથી વિખૂટી અને એની વિરોધી વસ્તુ રહેતી નથી, પરંતુ શાશ્વતની પોતાની એક ગતિ બને છે. એની સર્વ પ્રવૃત્તિ અને વિવિધતા તથા અનેકતા અક્ષર-પુરુષની અને બ્રહ્મની અનાસકત અને તટસ્થ એવી શાંતિના ઉપર પ્રતિષ્ઠિત થાય છે, એના ટેકા વડે તે ટકી રહે છે. પ્રકૃતિનો સ્વામી પરમાત્મા પણ

એ અક્ષર-પુરુષ રૂપે રહે છે, એટલે કે પોતે એક અને અનેક એમ એકીવખતે વિશ્વનો આત્મા બને છે ત્યારે પણ, તથા આંશિક આવિર્ભાવનું રૂપ ધારણ કરીને આ બધી શકિતઓ, બળો, દેવો, પશુઓ, વસ્તુઓ અને માનવોનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે પણ, તે અક્ષર-બ્રહ્મરૂપે કાયમ રહે છે. આ ગુણાત્મક પ્રકૃતિ પ્રભુની પોતાની શકિતનું ઊતરતા પ્રકારનું, સ્વમર્યાદિત કાર્ય છે. અપૂર્ણપણે સચેતન એવા આવિર્ભાવની એ પ્રકૃતિ હોવાથી તેમાં અમુક પ્રકારનું અજ્ઞાન રહે છે. એ પ્રકૃતિની સપાટી ઉપર કાર્ય કરવામાં મગ્ન થઈ ગયેલી એની શકિતથી આત્માનું અને પ્રભુનું સત્ય ગુપ્ત રાખવામાં આવે છે, જેમ માણસની સપાટી ઉપરની ચેતનાથી એની વધારે ઊંડી સત્-તાનું જ્ઞાન ગુપ્ત રાખવામાં આવે છે તે જે પ્રમાણે એ સ્થિતિ જ્યાં સુધી પ્રકૃતિમાં રહેલો આત્મા એ ગુપ્ત સત્ય શોધવા માટે તત્પર થાય છે, પોતાના જ સ્વરૂપમાં પ્રવેશ કરે છે, અને પોતાનામાં રહેલાં વાસ્તવિક સત્યોને, તેનાં ઉન્નત શિખરોને અને ગહરાઈઓને શોધી કાઢે છે ત્યાં સુધી ચાલુ રહે છે. એ કાર્યમાં સફળ થવા માટે, આત્મજ્ઞાન મેળવવાનો અધિકાર પ્રાપ્ત કરવા માટે, એણે પોતાના ક્ષુદ્ર, વ્યકિતગત, અહંપ્રધાન સ્વરૂપમાંથી જાતને પાછી ખેંચી લઈને વિશાળ, નિર્વૈયકિતક, અક્ષર એવા વૈશ્વિક આત્મામાં તેને એકાગ્ર કરવી જોઈએ. પરંતુ પ્રભુ કેવળ આત્મામાં જ નહિ પ્રકૃતિમાંય હાજર છે. તે પ્રત્યેક પ્રાણીના હૃદયમાં રહેલો હોઈ પોતાની સન્નિધિને પ્રતાપે પ્રકૃતિના આ મહાન યંત્રના ચક્રને ચલાવી રહ્યો છે. પ્રભુ સર્વમાં છે, સઘળું તેનામાં જીવે છે, સઘળું એનું સ્વરૂપ છે, કારણ કે જે કાંઈ છે તે એની સત્-તાનો આવિર્ભાવ છે, એની સત્-તાનો અંશ અથવા તો તેનું સ્વરૂપ છે. પરંતુ અહીં આ જગતમાં જે થાય છે તે સઘળું ઊતરતા પ્રકારના, મર્યાદિત કાર્યરૂપ હોય છે, તે બધું પ્રભુની વધારે પૂર્ણતાવાળી, વધારે ઉચ્ચ અને મહત્તર પ્રકૃતિમાંથી પ્રગટે છે. એ દિવ્ય પ્રકૃતિ તે **देवात्मशक्ति** છે, (શ્વેતાશ્વર ૧.૩) — પરમાત્માની પોતાની શાશ્વત અને અનંત પ્રકૃતિ યાને એની નિરપેક્ષ આત્મશકિત છે. માનવનો સંપૂર્ણ અને સમગ્ર સચેતનતાવાળો અંતરાત્મા ગુપ્ત રહેલો છે, જે એનામાં પ્રભુનો સનાતન અંશ છે, શાશ્વત દિવ્ય સત્-નું આધ્યાત્મિક સત્ છે. કર્મના અને આપણા અસ્તિત્વના વાસ્તવિક સત્યમાં જીવન ધારણ કરીએ તો એ અંતરાત્મા આપણામાં જાગ્રત થઈ શકે છે તથા તે આપણને પરમાત્મા પ્રત્યે ખુલ્લા પણ કરી આપી શકે છે. પ્રભુના ઉપાસકે એના અક્ષર અને શાશ્વત, નિર્વૈયકિતકતાવાળા અક્ષર-બ્રહ્મની વાસ્તવિકતાને પોતાનામાં પ્રાપ્ત કરવાની છે અને સાથેસાથે જેમાંથી પોતે ઉદ્ભવેલો છે તે પ્રભુને તેણે સર્વત્ર, સર્વરૂપમાં જોવાનો છે. આ વિકારી, ક્ષર પ્રકૃતિમાં, તેના સમગ્ર સ્વરૂપમાં તથા એકેએક ભાગમાં અને પરિણામમાં, એની સર્વે ક્રિયાઓમાં પણ તેણે પ્રભુને જોવાનો છે, અને ત્યાં પણ પ્રભુ સાથે પોતાની

એકતા સાધવાની છે, ત્યાં પણ પોતે પ્રભુમાં જીવવાનું છે, ત્યાં પણ એની સાથે અદ્વૈતમાં પ્રવેશ કરવાનો છે. એ પ્રકારની સમગ્રતાવાળા સાક્ષાત્કારમાં પ્રભુની દિવ્ય સત્-તાની સ્થિરતા અને મુક્તિનો અને દિવ્યતામાં રૂપાંતર પામેલી પ્રકૃતિમાં, આત્માના કરણ તરીકે, કર્મ કરવાની શક્તિનો મેળ મેળવી શકાય છે.

પરંતુ એ કાર્ય કેવી રીતે કરવાનું છે? સૌથી પ્રથમ, કર્મ કરવાના આપણા સંકલ્પમાં સાચો ભાવ સ્થાપન કરવાથી એ કાર્ય જ થઈ શકે છે. સાધકે પોતાનાં સઘળાં કર્મોને સર્વ કર્મોના સ્વામી પ્રભુને અર્પણ થયેલા યજ્ઞની આહુતિ તરીકે ગણવાં જોઈએ. એ પ્રભુ પોતે જ શાશ્વત વૈશ્વિક સત્-તા છે, સાધકનો પોતાનો ઉત્તમોત્તમ આત્મા છે, સર્વનો આત્મા છે, તથા આ વિશ્વમાં સર્વમાં વસી રહેલો, સર્વને પોતાનામાં સમાવનારો, અને સર્વનું શાસન કરનારો દેવાધિદેવ છે. પ્રકૃતિ-સમસ્તનું સઘળું કાર્ય પણ એક યજ્ઞ જ છે. શરૂઆતમાં, જે દેવતાઓ પ્રકૃતિને ગતિ આપે છે, તથા એનામાં પોતે ગતિ કરે છે તેમને પ્રકૃતિનો એ યજ્ઞ અર્પણ થતો હોય છે. પરંતુ એ દિવ્ય શક્તિઓ એક અમેય પરમાત્માનાં જ મર્યાદિત સ્વરૂપો અને નામો હોય છે. સામાન્ય રીતે પોતાનાં કર્મોનો યજ્ઞ ખુલ્લી રીતે, અથવા તો કોઈ વેશ તળે, માનવ પોતાના અહંને અર્પણ કરતો હોય છે; એના કર્મયજ્ઞની આહુતિ પોતાની સ્વચ્છંદી સંકલ્પશક્તિ અને અજ્ઞાનનું અસત્ય કાર્ય હોય છે. અથવા, પોતાનું જ્ઞાન, કર્મ, અભીપ્સા, શક્તિનું કાર્ય તથા તપસ્યા વગેરે કોઈ આંશિક, ઐહિક અને અંગત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે તે દેવતાઓને સમર્પણ કરે છે. જે જ્ઞાની હોય છે, જે મુક્તાત્મા હોય છે, તે કર્મનાં ફળની અથવા તો પોતાની અંગત અધોગામી કામનાઓના સંતોષ માટે કશી આસક્તિ રાખ્યા વગર એક, શાશ્વત, દેવાધિદેવને પોતાની બધી પ્રવૃત્તિ સમર્પણ કરે છે. તે પ્રભુને ખાતર કર્મ કરે છે, પોતાને ખાતર નહિ, સમગ્ર વિશ્વના કલ્યાણને ખાતર, વિશ્વના આત્માને ખાતર, પોતાના સર્જેલા કોઈ વિશિષ્ટ ખાસ ઉદ્દેશને સિદ્ધ કરવા, અથવા પોતાના માનસિક સંકલ્પના કોઈ ઘડતરને ખાતર કે પ્રાણની કોઈ વાસનાના પદાર્થને ખાતર તે કર્મ કરતો નથી. જગતના વ્યાપારમાં પ્રભુના વાણોતર તરીકે તે વર્તે છે, કોઈ આગવો વેપાર કરનાર કે નફો કરનાર વ્યક્તિ તરીકે નહીં. અને આપણે એ ધ્યાનમાં રાખવાનું છે કે જેટલે અંશે મન સમતા, વિશ્વમયતા, વિશાળ નિર્વૈયક્તિકતાને પ્રાપ્ત કરે છે તથા દુરાગ્રહી અહંના પ્રત્યેક વેશપલટાથી મુક્તિ મેળવે છે તેટલે અંશે જ એ સમર્પણ ખરેખર કરી શકાય છે: કારણ કે એ વસ્તુઓ વિના એ પ્રમાણે પ્રભુના વાણોતર તરીકે કર્મ કરવાનો દાવો કરવો એ એક દંભ છે, અથવા મોહ કે અજ્ઞાન હોય છે. આ સમગ્ર જગતનું કર્મ વિશ્વના સ્વામીનું પોતાનું કર્મ છે, સ્વયંભૂ આત્માનું અવિરત સર્જન છે,—પરમનો પોતાનો અર્થપૂર્ણ અને પ્રગતિશીલ આવિર્ભાવ છે, અને પ્રકૃતિમાં અભિવ્યક્ત એક સજીવ

પ્રતીક છે. સર્વ કર્મોનાં ફળ પણ તેનાં જ છે, એ પોતે જે પરિણામો નિર્માણ કરે છે તે આવે છે અને આપણું અંગત કર્મ તો એક ગૌણ ફાળા જેવું હોઈ જેટલે અંશે એનો ઉદ્દેશ અહંનો હક્ક સાધવાનો હોય છે તેટલે અંશે, આપણા અંતરમાં રહેલો એ આત્મા અને બ્રહ્મ તેને અનુમતિ આપે છે અથવા તો નામંજૂર કરે છે. એ આત્મા સર્વના અંતરમાં રહેલો આત્મા અને બ્રહ્મતત્ત્વ છે, અને વિશ્વસમસ્તનો હેતુ અને તેનું કલ્યાણ સાધવા માટે, નહિ કે આપણા અહંને ખાતર, સર્વ વસ્તુઓનું સંચાલન કરતો હોય છે, એમના પર શાસન ચલાવતો હોય છે. આ પ્રમાણે વ્યકિતતાથી મુકત થઈને, ફળ માટે આસકિત રાખ્યા વિના, પ્રભુને ખાતર અને વિશ્વને ખાતર, કોઈ વધારે મહાન આત્માના પ્રાગટ્યને ખાતર, વિશ્વમાં કાર્ય કરી રહેલા સંકલ્પને ખાતર કર્મ કરવાં એ મુકિત અને પૂર્ણતા પ્રાપ્ત કરવા માટેનું પહેલું પગલું છે.

એ પહેલું પગલું ભર્યા પછી તેનાથી આગળ આપણા અંતરમાં રહેલ પ્રભુને અંતરમાં ને અંતરમાં સઘળાં કર્મો સમર્પણ કરી દેવાની વધારે મોટી સાધના કરવાની હોય છે. કારણ કે અનંત પ્રકૃતિ આપણાં કર્મોને પ્રેરે છે, અને પ્રકૃતિની અંદર અને તેનાથી પર પ્રભુની જે દિવ્ય સંકલ્પશકિત રહેલી છે તે આપણી પાસેથી કર્મની માગણી કરે છે. એ ક્રિયાને આપણો 'અહં' જે પસંદગી અને વલણ આપે છે તે તામસિક, રાજસિક કે સાત્ત્વિક ગુણનો ફાળો હોય છે, નિમ્ન પ્રકૃતિની કરેલી વિકૃતિ હોય છે. "અહં" પોતે કર્તા છે એમ માને છે તેમાંથી એ વિકૃતિ આવે છે; એને લઈને કર્મનું સ્વરૂપ એક મર્યાદિત, વ્યકિતગત પ્રકૃતિનું બની જાય છે અને પુરુષ એની સાથે અને એના સંકુચિત સ્વરૂપ સાથે બંધાય છે, અને પોતાનામાં રહેલી અનંત શકિતમાંથી કર્મને મુકતપણે અને વિશુદ્ધપણે પ્રગટ થવા દઈ શકતો નથી. "અહં" એ કર્મ તથા એનાં પરિણામો સાથે બંધાય છે; કર્મ કરવા માટેની સંકલ્પશકિતને અને તેના જવાબદાર આરંભને જેમ "અહં" પોતાનાં છે એવો હક્ક કરતો હોય છે તેમ એ કર્મનાં સર્વે પરિણામો અને પ્રતિકાર્યો પણ એણે પોતે સહન કરવાં જ પડે છે. આપણાં સઘળાં કર્મો અને તેનો આરંભ આપણા જીવનના પ્રભુને પૂછીને કરવાથી અને છેવટે તે સઘળાં સંપૂર્ણપણે સમર્પણ કરી દેવાથી જીવનમાં મુકત અને પૂર્ણતાવાળાં કર્મ કરી શકાય છે. કારણ કે આપણી અંદર જે દિવ્ય સન્નિધિ રહેલી હોય છે તે કર્મોને ક્રમેક્રમે પોતાના હાથમાં લઈ લે છે એવો અનુભવ આપણને થાય છે, તથા આપણો અંતરાત્મા અંતરની કોઈ ગૂઢ શકિત અને પરમાત્મા સાથે અહન નિકટતા અને ગાઢ એકતા પ્રત્યે આકર્ષાય છે. એ વધારે મહાન આત્મામાંથી, કોઈ શાશ્વત સત્-તાની સર્વ જ્ઞાનમય, અનંત વિશ્વમય શકિતમાંથી કર્મો સીધેસીધાં, નહિ કે નાની સરખી વ્યકિતગત 'અહં'ના — અજ્ઞાન-માંથી પ્રગટે છે. એ કર્મની પસંદગી પ્રકૃતિ અનુસાર થાય છે, તથા પ્રકૃતિ

અનુસાર તે સ્વરૂપ ધારણ કરે છે ખરાં, પરંતુ પ્રકૃતિમાં રહેલી પ્રભુની દિવ્ય સંકલ્પશકિત એ પસંદગી સંપૂર્ણપણે પોતે કરે છે, અને એને સ્વરૂપ પણ પોતે આપે છે. આમ હોવાથી એ કર્મનું બહારનું સ્વરૂપ ગમે તેવું હોય તોપણ તે અંતરમાં મુકત અને સંપૂર્ણ હોય છે; અંતરમાં રહેલ અનંતની મુદ્રા સહિત, 'આ કર્તવ્ય છે' એવી મુદ્રા સહિત એ કર્મ આવે છે. તેની સમગ્ર ગતિ અને ગતિનું પ્રત્યેક પગલું કર્મના સર્વજ્ઞ સ્વામીએ નિર્માણ કરેલી રીતે સધાય છે. મુકત પુરુષનો અંતરાત્મા તેની નિર્વૈયકિતકતામાં મુકત હોય છે, કર્મ કરવાનાં સાધન અને પ્રસંગ તરીકે તે પોતાના કરણસમૂહ વડે અંગત સર્જનનો અને પોતાની પ્રકૃતિના વિશિષ્ટ સંકલ્પ અને શકિતનો ફાળો આપતો હોય છે તોપણ. એનો સંકલ્પ અને એની શકિત હવે કોઈ જુદી, એની અહંતાની આગવી, શકિત હોતી નથી, પરંતુ વ્યકિતતાથી પર રહેલી એના પોતાના આવિર્ભાવનું કર્મ કરી રહેલી પ્રભુની શકિત બની રહે છે. એ દિવ્ય શકિત એનાં અનંત કોટિ વ્યકિતસ્વરૂપોમાંના આ એક સ્વરૂપમાં એની પ્રકૃતિની સત્-તાના વિશિષ્ટ બંધારણ અનુસાર, એટલે કે તેના સ્વ-ભાવ પ્રમાણે, કર્મ કરે છે. મુકત આત્માના કર્મનું આ પરમ અને ગહન રહસ્ય છે, उत्तमम् रहस्यम् (૪.૩) છે. માનવનો આત્મા પ્રભુની દિવ્ય જ્યોતિમાં વિકાસ પામે છે તેનું, અને એની પ્રકૃતિ સૌથી ઉન્નત એવી વિશ્વ-પ્રકૃતિ જોડે એકતા પામે છે તેનું એ પરિણામ હોય છે.

આ પરિવર્તન જ્ઞાન વિના થવું સંભવિત નથી. એને માટે આત્માનું અને પરમાત્માનું તથા જગતનું સાચું જ્ઞાન થવું જોઈએ. તથા એ જ્ઞાન આપણને જે મહત્તર ચેતનામાં પ્રવેશ કરાવે છે તેમાં જીવન ધારણ કરવું અને તેમાં વિકાસ પામવો એ પણ આવશ્યક છે. એ જ્ઞાન શી વસ્તુ છે તે આપણે જાણીએ છીએ. માનવની માનસિક ચેતના કરતાં કોઈ જુદા જ અને વધારે વિશાળ દર્શનના ઉપર એ જ્ઞાન આધાર રાખે છે એટલું આપણે યાદ રાખવું પૂરતું છે. એ પરિવર્તનશીલ દર્શનમાં અને એ અનુભૂતિને લઈને પ્રથમ તો માનવ તેની અહં-બુદ્ધિની મર્યાદાઓથી અને અહં-કેન્દ્રિત સંસ્પર્શોથી મુકત થઈ જાય છે. તે સર્વમાં એક જ આત્માને જુએ છે, અનુભવે છે, સર્વને પ્રભુમાં જુએ છે, સર્વ પ્રાણીઓને વાસુદેવ રૂપે, સર્વેને પ્રભુનાં કરણરૂપે તથા પોતાની જાતને પણ એ જ દેવાધિદેવની વિશિષ્ટ સત્-તા અને આત્મશકિત તરીકે અનુભવે છે. બીજાઓના જીવનની ઘટનાઓને એવો મુકતાત્મા જાણે પોતાના જ જીવનની ઘટનાઓ હોય એમ સર્વની એકતા કરનારી આધ્યાત્મિક ચેતનામાં અનુભવે છે. કોઈ પ્રકારના ભેદની ભીંતને તે સ્વીકારતો નથી, અને સર્વ સત્-તાઓ સાથે વિશ્વવિરાટ સહાનુભૂતિ રાખીને જીવન ધારણ કરે છે. અને છતાં, તે જ સમયે જગતની ગતિમાં સર્વ ભૂતોના હિતનું કાર્ય, પ્રભુએ નિર્માણ કરેલે માર્ગે, અને કાલના સ્વામીની આજ્ઞા

જેટલા પ્રમાણમાં કરવાનો આદેશ આપે તેટલા પ્રમાણમાં કરવામાં તે રચ્યો રહે છે. — सर्वभूतहिते रताः (૫.૨૫) આ જ્ઞાન અનુસાર જીવન જીવતાં અને કર્મ કરતાં માનવનો આત્મા વ્યકિતતામાં અને નિર્વૈયકિતકતામાં — ક્ષરમાં અને અક્ષરમાં —બન્નેમાં શાશ્વતની સાથે એકતા સાધે છે અને શાશ્વત પરમ જે પ્રમાણે કાળમાં કર્મ કરે છે તે પ્રમાણે એ પણ કાળમાં કર્મ કરતો છતો શાશ્વતમાં જીવે છે; અને તે મુકત, પૂર્ણ અને આનંદમય હોય છે, ભલે પછી પ્રકૃતિમાં એણે કરેલાં કર્મનું સ્વરૂપ અને નિર્માણ ગમે તે પ્રકારનાં હોય.

મુકત પુરુષ સંપૂર્ણ અને સમગ્ર પ્રકારના જ્ઞાનવાળો — कृत्स्नविद् (૩.૨૯) — હોય છે, તથા મન જે કાંઈ બંધનો ઊભાં કરે તે બધાંથી મુકત રહીને, પોતાના અંતરમાં રહેલ પ્રભુના સંકલ્પની અનંત શકિત, સામર્થ્ય અને મુકિત અનુસાર સર્વ પ્રકારનાં કર્મો તે કરે છે, તે कृत्स्नकृत् (૪.૧૮) હોય છે. વળી શાશ્વત પરમ સાથે યુકત થયેલો હોવાથી તે એ શાશ્વત સત્-તાનો વિશુદ્ધ, આધ્યાત્મિક અને અપરિમેય આનંદ પણ ભોગવે છે. પોતે જે પરમાત્માનો અંશ છે, જે પ્રભુ એનાં સર્વ કર્મોનો સ્વામી છે, તથા એના અંતરાત્માનો અને પ્રકૃતિનો પ્રણયી છે, તેના પ્રત્યે અપૂર્વ ભકિતપૂર્વક તે ઢળે છે. જીવનમાં તે નિષ્ક્રિય તથા ઉદાસીન દ્રષ્ટામાત્ર રહેતો નથી; શાશ્વત પ્રત્યે તે કેવળ પોતાનાં જ્ઞાન અને સંકલ્પને નહિ, પરંતુ પ્રેમ, ભકિત અને ભાવભર્યા પોતાના હૃદયને પણ પ્રભુ પ્રત્યે આરોહણ કરાવે છે. કારણ કે એ પ્રમાણે ભાવોની ઊર્ધ્વ ગતિ કરાવ્યા વિના એની સમગ્ર પ્રકૃતિ ચરિતાર્થ થતી નથી, પ્રભુ સાથે સંપૂર્ણ મિલન પામતી નથી. આત્માની સ્થિરતા અને શાંતિના આનંદનું અંતરાત્માના આનંદમાં રૂપાંતર થવાની જરૂર રહે છે. વ્યકિતરૂપ જીવ અને અક્ષર-બ્રહ્મ એ બન્નેથી પર રહેલા વિશ્વાતીત ઉત્તમ પુરુષને એવો યોગી પ્રાપ્ત કરે છે; એ પુરુષોત્તમ તેની નિર્વૈયકિતકતામાં અક્ષર છે અને વ્યકિતતામાં પોતાની સાર્થકતા પ્રાપ્ત કરે છે અને એ બન્નેના જુદા પ્રકારના આકર્ષણ વડે તે આપણને પોતાના પ્રત્યે આકર્ષે છે. મુકત આત્મા પોતાના અંતરાત્માની પ્રભુ પ્રત્યે ભકિત અને પ્રેમ વડે તથા પોતાના કર્મના સ્વામીને માટે સંકલ્પશકિતની ભકિત વડે ઉત્તમ પુરુષની વાસ્તવિકતા પ્રત્યે વ્યકિત તરીકે આરોહણ કરે છે. વળી એને જે નિર્વૈયકિતક અને વૈશ્વિક જ્ઞાનની શાંતિ અને વિશાળતા મળ્યાં હોય છે તેમાં એ સર્વશ્રેષ્ઠ, વિશ્વરૂપ પ્રભુની ગાઢ અને પરિચિત એવી સમગ્ર, સ્વયંભૂ વાસ્તવિકતામાં રહેલો આનંદ ભળે છે તેને લઈને એ શાંતિ અને વિશાળતા પૂર્ણ બને છે. એ આનંદ એના જ્ઞાનને કીર્તિવંત બનાવે છે અને પોતાના આત્મામાં અને આવિર્ભાવમાં પરબ્રહ્મ જે શાશ્વત આનંદ લે છે તેની સાથે એને યુકત કરી આપે છે. વળી એ સાક્ષાત્કાર એની વ્યકિતતાને પણ સર્વ વ્યકિતત્વથી ઊર્ધ્વમાં રહેલા દિવ્ય પુરુષમાં પૂર્ણતાને પ્રાપ્ત કરાવે છે, તથા એની પ્રકૃતિમાં પ્રગટ થતી

સત્-તાને તથા એનાં કર્મને શાશ્વત સૌંદર્ય, શાશ્વત સંવાદ, પ્રેમ અને આનંદ સાથે એક કરે છે.

પરંતુ આ પરિવર્તન સાધવું એટલે તો અધોગામી માનવ-પ્રકૃતિમાંથી દિવ્ય પ્રકૃતિમાં આરોહણ કરવું. એ રૂપાંતર સાધતાં આપણી સમગ્ર સત્-તા ઊર્ધ્વમાં ગતિ કરે છે, અથવા તો, કાંઈ નહિ તો, સંકલ્પ કરનારી, જ્ઞાન પ્રાપ્ત કરનાર તથા અનુભવ કરનાર માનસિક સત્-તા કોઈ ઊંચામાં ઊંચી આધ્યાત્મિક ચેતનામાં ઉન્નત થાય છે, સત્-ની સંતોષ આપનારી એવી કોઈ સંપૂર્ણ શકિતમાં, આત્માના કોઈ ગહનતમ, સૌથી વધારે વિશાળ આનંદમાં તે ઉન્નત થાય છે. અત્યારના આપણા સ્વાભાવિક જીવનથી પર જવાથી એ પ્રકારનું રૂપાંતર શકય બને છે. પાર્થિવ જીવનથી પર કોઈ સ્વર્ગીય સ્થિતિમાં, અથવા તો, વિશ્વથી પર કોઈ પરાત્પર ચેતનામાં એ જાતનું પરિવર્તન શકય હોય, અથવા, બ્રહ્મની કેવળ અને અનંત શકિતમાં પ્રવેશ કરવાથી એ રૂપાંતર બની આવે, પરંતુ જયાં સુધી આપણે અહીં સ્થૂલ દેહમાં છીએ, અહીં પાર્થિવ જીવનમાં અને કર્મના ક્ષેત્રમાં રહીએ છીએ તે દરમિયાન નિમ્ન પ્રકૃતિમાં આ રૂપાંતરથી શો ફેરફાર થાય છે? એ પ્રશ્ન થાય છે. કારણ કે અત્યારે આપણી સઘળી પ્રવૃત્તિઓનું વલણ અને સ્વરૂપ આપણી પ્રકૃતિ નિર્માણ કરે છે અને એ પ્રકૃતિ ત્રિગુણાત્મક છે તથા પ્રકૃતિની સઘળી સત્-તાઓમાં અને તેની સર્વે ક્રિયાઓમાં એ ત્રણ ગુણો સદા હાજર હોય છે. તમોગુણ એનાં અજ્ઞાન અને જડતા સહિત, સક્રિયતા અને કર્મ માટે, આવેગ, શોક તથા વિકારવાળો રજોગુણ તથા જ્યોતિ અને સુખની લાગણી સહિત સત્ત્વગુણ, એ ત્રણે તથા એમનું બંધન પ્રકૃતિમાં હોય છે. હવે આપણે સ્વીકારી લઈએ કે માનવનો અંતરાત્મા પોતાના અંતરમાં, આત્મા તરીકે, પ્રકૃતિના ગુણોથી પર થઈ જાય તોપણ કરણ તરીકેની પોતાની પ્રકૃતિમાં તે પ્રકૃતિના ગુણોનાં કાર્ય, પરિણામ અને બંધનથી કેવી રીતે મુકત થાય? ગીતા પોતે કહે છે કે જ્ઞાનીને પણ પોતાની પ્રકૃતિ અનુસાર વર્તન કરવાની ફરજ પડે છે. જીવનના બાહ્ય સ્વરૂપમાં ગુણોનાં કાર્યો અનુભવવાં તથા તેમને સહન કરવાં, પરંતુ તેમની પાછળ રહેલા, તેમને સચેતન સાક્ષી તરીકે જોનાર આત્મામાં એ બધાં પ્રતિકાર્યોથી મુકત રહેવું એટલું પૂરતું નથી; કારણ કે એ સ્થિતિમાં મુકિત અને બંધનનું દ્વૈત ચાલુ રહે છે, — તથા એક પ્રકારનો વિરોધ પણ કાયમ રહે છે. એટલે કે આપણે અંતરમાં હોઈએ છીએ તે અને આપણું બહારનું જીવન એ બેની વચ્ચે વિરોધ રહે છે: આત્મા અને પ્રકૃતિ વચ્ચે, — આપણી જાતને જે સ્વરૂપે જાણતા હોઈએ છીએ તેની અને આપણે જે સંકલ્પ, જે કર્મ કરીએ છીએ તેની વચ્ચે ભેદ રહે છે. એ સ્થિતિમાં મોક્ષ કયાં છે? એમાં માનવતાથી ઊર્ધ્વ એવી આધ્યાત્મિક પ્રકૃતિમાં સંપૂર્ણ આરોહણ અને માનવ-પ્રકૃતિનું રૂપાંતર કયાં થાય છે? શાશ્વત ધર્મ, —

દિવ્ય પરમ પુરુષની અનંત વિશુદ્ધિ અને શકિતને માટે યોગ્ય એવો શાશ્વત ધર્મ — એમાં ક્યાં જણાય છે? સ્થૂલ દેહમાં જીવન હોય છે તે દરમિયાન એ પ્રકારનું રૂપાંતર સાધી ન શકાતું હોય તો આપણે એમ જ કહેવું જોઈએ કે સમગ્ર પ્રકૃતિનું, ટોચથી તળિયા સુધીનું રૂપાંતર શક્ય નથી. અને માનવનો આત્મા એનું મર્ત્ય જીવન એક નકામી થઈ ગયેલી કાચલીની પેઠે ફેંકી દે નહિ ત્યાં સુધી એને માટે કદી મિટાવી ન શકાય એવું દ્વૈત રહેવાનું છે. પણ એમ જો હોય તો ગીતાનો કર્મ કરવાનો બોધ સાચો કે આખરી ઉકેલ હોઈ શકે નહીં. સંપૂર્ણ અકર્મણ્યતા એ અથવા જેટલી શક્ય હોય તેટલી અક્રિયતા, ક્રમેક્રમે વધતો સંન્યાસ, કર્મનો ત્યાગ એ જ પૂર્ણતા પ્રાપ્ત કરવાનો સાચો ઉપાય લાગે છે, — માયાવાદી તો એ પ્રમાણે કહેતો આવ્યો જ છે. એ એમ કહે છે કે જ્યાં સુધી તમે કર્મના ક્ષેત્રમાં રહો ત્યાં સુધી ગીતાનો માર્ગ સાચો છે. પરંતુ એમ છતાં યે, આખરે, કર્મો સઘળાં માયા છે, મિથ્યા છે, અને અક્રિયતા એ જ સૌથી ઉચ્ચ માર્ગ છે. ગીતા કહે છે કે ભકિતભાવ સહિત કર્મો કરવાં એ સારું છે. પણ તે કર્મનો સંન્યાસ કરવા માટેની, નિર્વાણ કે સંપૂર્ણ અક્રિયતા માટેની પૂર્વ તૈયારી રૂપે જ હોઈ શકે.

આ મુશ્કેલી ગીતાએ હજી ઉકેલવાની છે: આત્માની ખોજ કરનાર જિજ્ઞાસુને માટે કર્મનો માર્ગ સકારણ ઠરાવવામાં રહેલી મુશ્કેલી તેણે ઉકેલવાની છે. નહિ તો, એણે અર્જુનને એમ કહેવું જોઈએ: "આ પ્રમાણે, તાત્કાલિક કર્મ તું કર, પણ પછીથી કર્મોનો ત્યાગ કરવાનો વધારે ઉચ્ચ માર્ગ અનુસરજે." એને બદલે ઊલટું ગીતા કહે છે કે કર્મનો ત્યાગ નહિ પરંતુ કામનાનો ત્યાગ એ વધારે ઉચ્ચ માર્ગ છે. ગીતા તો **मुक्तस्य कर्म** — "મુકત થયેલા પુરુષનાં કર્મ" — નો ઉલ્લેખ કરે છે. ગીતા સર્વ કર્મો કરવાનો આગ્રહ પણ કરે છે — **सर्वाणि कर्माणि** અને **कृत्स्नकृत्**. (૪.૧૮) ગીતા તો એમ કહે છે કે એવી પૂર્ણતાવાળો યોગી ગમે તે પ્રકારે જીવતો હોય અને ગમે તે કર્મ કરતો હોય તોપણ તે ઈશ્વરમાં જીવન ધારણ કરતો હોય છે અને ઈશ્વરની ચેતનામાં સ્થિર રહીને તે કર્મ કરતો હોય છે. આ પ્રમાણે ત્યારે બની શકે જ્યારે એની પ્રકૃતિ પણ એના ક્રિયાશીલ અને કાર્યવાહક ભાગોમાં દિવ્ય બને, નિમ્ન પ્રકૃતિનાં પ્રતિકાર્યોથી અક્ષુબ્ધ, શુદ્ધ, અસ્પર્શ્ય, અક્ષર એવી એક શકિતરૂપ બને. કયા ઉપાયો વડે અને ક્યાં પગલાંઓને લઈને આ સૌથી કઠણ રૂપાંતર સાધવું શક્ય બને? આત્માની પૂર્ણતાનું આ આખરનું રહસ્ય શું છે, અને તે શેમાં રહેલું છે? આપણી માનવ અને પાર્થિવ પ્રકૃતિના આ રૂપાંતરનો સિદ્ધાંત અથવા તો પ્રક્રિયા કઈ છે?

# દેવ અને અસુર*

માનવની અજ્ઞાની અને બંધનમાં જકડાયેલી સામાન્ય પ્રકૃતિનું દિવ્ય અને આધ્યાત્મિક સત્-તાની ક્રિયાત્મક મુક્તિમાં રૂપાંતર કરવામાં જે વ્યવહારુ મુશ્કેલી રહેલી છે તે આપણે, વધારે સંકુચિત બનીને, એક પ્રશ્ન પૂછીશું તો એકદમ સ્પષ્ટ થશે. ત્રણ ગુણોના બંધનમાં પડેલા તથા પરસ્પર ગૂંથાઈ ગયેલા માનવ-પ્રકૃતિના કાર્યમાંથી ગુણોને વશ નહિ પરંતુ તેથી સ્વતંત્ર એવા મુક્ત આત્માના અનંત કાર્યમાં એનું રૂપાંતર કેવી રીતે સાધી શકાય છે? એ પ્રકારનું સંક્રમણ કરવું અનિવાર્ય છે; કારણ કે ગીતા સ્પષ્ટ કહે છે કે એવો મુક્ત માણસ ત્રણ ગુણોથી પર — त्रिगुणातीत, અથવા, ત્રણે ગુણો વિનાનો, — निस्त्रैगुण्य (૨.૪૫) હોવો જોઈએ. બીજી બાજુએ, એટલી જ સ્પષ્ટતા અને એટલા જ ભારપૂર્વક ગીતા કહે છે કે આ જગતની પ્રત્યેક સ્વાભાવિક સત્-તામાં એ ત્રણ ગુણો છૂટા ન પાડી શકાય એ રીતે એકઠા મળીને કાર્ય કરતા હોય છે, તથા એમ પણ કહેવામાં આવેલું છે કે માણસનાં, પશુનાં કે કોઈ પણ શક્તિનાં સઘળાં કર્મો આ ત્રણ ગુણોના પરસ્પર કાર્યનું પરિણામ હોય છે, જેમાં એક કે બીજો ગુણ આગળ પડતો હોય છે અને બાકીના ગુણો એ પ્રધાન ગુણના કાર્યમાં અને પરિણામોમાં માત્ર ફેરફાર કરે છે — गुणा गुणेषु वर्तन्ते. (૩.૨૮) એમ જો હોય, તો વળી એક બીજી મુક્ત, ક્રિયાશીલ અને સક્રિય પ્રકૃતિ, અથવા, કોઈ અન્ય પ્રકારનાં કર્મો કેવી રીતે સંભવે છે? કર્મ કરવાં એટલે પ્રકૃતિના આ ત્રણ ગુણોને વશ થવું; પ્રકૃતિની એ કાર્ય કરવાની પરિસ્થિતિમાંથી પેલે પાર જવું એટલે આત્મામાં નીરવ થઈ જવું. પ્રકૃતિનાં કર્મોનો અને ધર્મોનો સ્વામી પરમેશ્વર છે જે પોતાની દિવ્ય સંકલ્પશક્તિ વડે એમનું નિર્માણ અને સંચાલન કરે છે. તે પોતે ગુણોની યાંત્રિકતાથી પર છે. પ્રકૃતિના ગુણોથી એ લેપાતો કે મર્યાદિત થતો નથી, એ સાચું છે. પરંતુ તે છતાં એમ તો લાગે છે કે એ પરમેશ્વર હંમેશાં એ ગુણો દ્વારા કર્મ કરે છે, સ્વભાવની શક્તિ વડે અને ગુણોની ચૈતસિક યંત્રરચના મારફત તે કર્મોને સાકાર કરે છે. પ્રકૃતિના એ ત્રણ ગુણો મૌલિક છે, કાર્યસાધક પ્રકૃતિની શક્તિ જે અહીં આપણામાં સાકાર બને છે

* ગીતા અધ્યાય ૧૬

તેની આવશ્યક પ્રક્રિયાઓ છે, તથા જીવ પોતે આ પ્રકૃતિમાં પડેલો પ્રભુનો અંશ છે. એટલે, મુક્ત થયેલો આત્મા મુક્ત થાય પછી પણ કર્મ કરવાં ચાલુ રાખે, સક્રિય ગતિમાં ભાગ લે તો તે પ્રકૃતિમાં જ કર્મ કરે છે, ગતિ કરે છે તથા એના ગુણોની મર્યાદાને લઈને એ મુક્તાત્મા પણ ગુણોના પ્રતિકાર્યને વશ બને છે. એટલે કે, એની પ્રકૃતિનાં કરણો જેટલે અંશે કાર્ય કરવાનું ચાલુ રાખે છે તેટલે અંશે તે પ્રભુની મુક્તિમાં રહીને કર્મ કરતો નથી. પરંતુ ગીતાએ એનાથી બરાબર ઊલટું જ કહેલું છે કે મુક્ત થયેલો યોગી ગુણોના પ્રતિકાર્યથી મુક્ત થઈ જાય છે અને જે કાંઈ કર્મ તે કરે, ગમે તે પ્રકારે તે જીવે, ગતિ કરે તો—પણ તે પ્રભુમાં રહીને કર્મ કરે છે, પ્રભુની મુક્તિની શક્તિમાં અને અમરતામાં પરમ શાશ્વત અનંતના ધર્મ પ્રમાણે તે વર્તતો હોય છે—**सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते ।** (૬.૩૧) અહીં એક પ્રકારનો વિરોધ, એક પ્રકારની મડાગાંઠ રહેલી છે.

પરંતુ એવું તો જ્યારે આપણે પૃથક્કરણ કરનારી બુદ્ધિના કડક તાર્કિક વિરોધોમાં આપણી જાતને બાંધી રાખીએ છીએ ત્યારે જ બને છે. જ્યારે આત્માની પ્રકૃતિ પ્રત્યે તથા પ્રકૃતિમાં રહેલા આત્મા પ્રત્યે મુક્તપણે અને સૂક્ષ્મ દૃષ્ટિ વડે જોઈએ છીએ ત્યારે એવો કોઈ વિરોધ આપણને નડતો નથી. આ જગતને ખરેખર જે વસ્તુ ચલાવી રહી છે તે પ્રકૃતિના ગુણો નથી,—એ ગુણો તો નિમ્ન ભૂમિકાનું સ્વરૂપ છે, આપણી સામાન્ય પ્રકૃતિની યાંત્રિક રચના છે. ખરેખરી સંચાલક શક્તિ એક દિવ્ય આધ્યાત્મિક સંકલ્પ શક્તિ છે જે અત્યારની સ્થિતિમાં આ પ્રકૃતિની ઊતરતા પ્રકારની પરિસ્થિતિનો ઉપયોગ કરે છે ખરી, પરંતુ તે પોતે એનાથી મર્યાદિત નથી, એનાથી શાસિત નથી, એ સંચાલક શક્તિ પોતે યંત્ર જેવી પણ નથી. એટલે ગુણોને લઈને જેમ માનવની સંકલ્પશક્તિ યાંત્રિક બની જાય છે તેવી તે નથી. એ તો નક્કી છે કે પ્રકૃતિના ગુણોનું કાર્ય આટલું બધું વિશ્વવ્યાપી છે એટલે બ્રહ્મની સંકલ્પશક્તિમાં કાંઈક એવું સ્વયંભૂ તત્ત્વ રહેલું હોવું જોઈએ જેમાંથી એ ગુણો ઉદ્‌ભવે છે; પ્રભુની દિવ્ય સંકલ્પશક્તિમાં એવી શક્તિઓ રહેલી હોવી જોઈએ જેમાંથી પ્રકૃતિનાં એ સ્વરૂપો પ્રગટ થાય છે. કારણ કે, નીચેની સામાન્ય પ્રકૃતિમાં જે કાંઈ છે તે સઘળું પુરુષોત્તમની ઉચ્ચતર આધ્યાત્મિક આત્મ-શક્તિમાંથી જન્મે છે—**मत्तः प्रवर्तते** (૧૦.૮); એટલે આ સામાન્ય પ્રકૃતિ કોઈ પણ વધારે ઉચ્ચ મૂળ વગર, પોતાની મેળે તથા કોઈ આધ્યાત્મિક કારણ સિવાય, અસ્તિત્વમાં આવતી નથી. બ્રહ્મની મૌલિક શક્તિમાં એવું કાંઈક હોવું જોઈએ જેમાંથી આપણી પ્રકૃતિના સત્ત્વગુણનાં પ્રકાશ અને સંતોષ, રજોગુણની ક્રિયાશીલતા, તમોગુણની જડતા ઉત્પન્ન થયેલાં છે અને જેનાં એ અપૂર્ણ, અથવા તો

અધમતાને પામેલાં સ્વરૂપો છે. પરંતુ એક વાર એમનાં આ અપૂર્ણતા અને પતનને પામેલાં સ્વરૂપ જેમાં આપણે અત્યારે જીવીએ છીએ તેનાથી પર થઈને એમનાં આદિ શુદ્ધ મૂળને આપણે પ્રાપ્ત કરીએ છીએ ત્યારે આપણને જણાય છે કે જેવા આપણે આત્મામાં જીવન ધારણ કરીએ છીએ તેવી જ પ્રકૃતિની એ ક્રિયાઓ જુદે જ સ્વરૂપે દેખાય છે. સત્ અને કર્મ તથા સત્‌ના અને કર્મના ગુણો તદ્દન જુદી જ વસ્તુઓ બની જાય છે, એમના અત્યારના મર્યાદિત સ્વરૂપોથી તો ઘણા ઊર્ધ્વમાં તેમને આપણે જોઈએ છીએ.

આ વિશ્વના સર્વે કલહો અને અથડામણોના અશાંત ક્રિયાશીલ સ્વરૂપની પાછળ દિવ્ય આધ્યાત્મિક સંકલ્પશકિતનું કયું તત્ત્વ આવી રહેલું છે? એ કઈ વસ્તુ છે જે મનનો સ્પર્શ કરે છે ત્યારે, તથા જ્યારે માનસિક મૂલ્યો સ્વીકારે છે ત્યારે કામના, પ્રયત્ન, ચેષ્ટા, અસત્ય સંકલ્પ, શોક, પાપ, દુ:ખ વગેરેનાં પ્રતિકાર્યો ઉત્પન્ન કરે છે? એ વસ્તુ તે જગતમાં, વિશ્વની સર્વ ગતિમાં રહેલી આત્માની સંકલ્પશકિત છે, એ વસ્તુ એક વિશાળ દિવ્ય સંકલ્પ છે જે પોતે ક્રિયા કરે છે પરંતુ આ અપૂર્ણ વસ્તુઓ તેનો સ્પર્શ કરી શકતી નથી. એ વસ્તુ તે તપસ્ છે, ચિત્-શકિત છે, એટલે કે મુકત અને અનંત એવા સચેતન પ્રભુની ચિતિ છે જેનામાં કામના હોતી નથી, કારણ કે સમગ્ર વિશ્વની તે માલિક છે, તથા એની ગતિમાં સ્વયંભૂ આનંદ રહેલો હોય છે. કોઈ પણ પ્રયત્ન કે ચેષ્ટાથી કલાંત થયા વગર તે પોતાનાં કરણો અને પદાર્થો પર મુકત પ્રભુતાનો આનંદ લેતી હોય છે. એ સંકલ્પશકિત કદી ભૂલ કરતી નથી, ખોટી દિશામાં ગતિ કરતી નથી, પરંતુ પોતાની અંદર આત્માનું તથા પદાર્થોનું જ્ઞાન તે ધારણ કરે છે, એ જ્ઞાન તેના પ્રભુત્વનું અને તેના આનંદનું મૂળ હોય છે. કોઈ શોક, પાપ કે દુ:ખથી તે વિવશ થઈ જતી નથી, એનામાં પોતાની સત્-તાનો આનંદ અને વિશુદ્ધિ બન્ને હોય છે, તથા પોતાની શકિતનો પણ આનંદ અને વિશુદ્ધિ હોય છે. જે આત્મા પ્રભુમાં જીવન ધારણ કરતો હોય છે તે આ આધ્યાત્મિક સંકલ્પશકિત એટલે કે ચિત્-શકિત વડે કર્મ કરે છે, અમુકત એવા મનની સામાન્ય સંકલ્પશકિતથી તે કર્મમાં પ્રેરાતો નથી. એની જે ક્રિયાશીલતા હોય છે તે એ આધ્યાત્મિક શકિતમાંથી પ્રગટે છે, પ્રકૃતિના રજોગુણમાંથી નહીં. કારણ કે એવો આત્મા અધોમુખ પ્રકૃતિ જે એનો વિકાર હોય છે તેમાં જીવતો નથી હોતો, પરંતુ તેણે દિવ્ય પ્રકૃતિમાં આરોહણ કરેલું હોય છે તેથી તે ક્રિયાશીલતાની વિશુદ્ધ અને મુકત સ્થિતિને પહોંચેલો હોય છે.

વળી, પ્રકૃતિમાં તમોગુણ છે તેનામાં જડતા રહેલી છે. એ જડતાની પાછળ દિવ્ય સંકલ્પશકિતનું કયું તત્ત્વ રહેલું છે? જ્યારે એ જડતા પૂરેપૂરી

જામેલી હોય છે ત્યારે પ્રકૃતિના કર્મને તે એક યંત્રની અંધ ગતિના જેવું બનાવી મૂકે છે. એટલે કે તે એક યાંત્રિક પ્રેરણાનું રૂપ ધારણ કરે છે તથા ગોળગોળ ચક્રમાં ગતિ કરવા માટે જે ખોભણ કરેલી હોય છે તે સિવાય બીજી કશી વસ્તુને તે જોતી નથી, તથા એની પોતાની ગતિના નિયમ વિષે પણ તે સચેતન હોતી નથી. આ તમસ્ રોજિંદા અભ્યાસરૂપ થઈ ગયેલા કર્મના રોકાણને મૃત્યુ અને વિલયમાં ફેરવી નાખે છે, તથા મનની ચેતનામાં આવીને એ તમોગુણ અકર્મની અને અજ્ઞાનની શક્તિ બને છે. આ તમોગુણ એક આચ્છાદિત અવસ્થા છે જે આત્માની અંદર રહેલા સ્થિરતા અને આરામના શાશ્વત તત્ત્વને શક્તિની અકર્મ સ્થિતિમાં અને જ્ઞાનના અકર્મમાં રૂપાંતર કરીને આપણને આપે છે. એ આરામ પ્રભુ જ્યારે કર્મ કરે છે ત્યારે નષ્ટ થઈ જતો નથી, એ શાશ્વત આરામ એના જ્ઞાનના સમગ્ર કર્મને તથા સર્જક સંકલ્પની તેની શક્તિને ત્યાં ઊર્ધ્વમાં, એની પોતાની અનંતતાઓમાં, અને અહીં જીવનમાં એના કાર્યની અને આત્મચેતનાની દેખીતી મર્યાદાઓમાં પોતાનો ટેકો આપે છે. પ્રભુની શાંતિ એટલે કોઈ શક્તિનું વીખરાઈ જવું કે તેનો વિલય, અથવા તો, શૂન્યાત્મક જડતા નથી. એ શાંતિ તો પ્રભુની અનંતતાએ જે કાંઈ જાણ્યું અને કર્યું હોય છે તેને એકત્ર કરીને એના વિષે પોતાની સર્વશક્તિમાન નીરવતામાં તે એકાગ્રતાપૂર્વક સચેતન હોય છે. અર્થાત્ એની ચિત્-શક્તિ થોડો સમય સક્રિયપણે જાણવાનું અને સર્જન કરવાનું સર્વત્ર બંધ કરે તોપણ એની શાંતિ એ વ્યાપારો વિષે સચેતન હોય છે. શાશ્વત પરમ પુરુષોત્તમને આરામની જરૂર પડતી નથી; તે કદી ક્લાંત થતો નથી, કર્મમાં શિથિલ થતો નથી, પોતાની શ્રાંત થયેલી શક્તિઓને ફરીને તાજી કરવાને અને પુનર્જીવિત કરવાને તેને અટકવાની જરૂર પડતી નથી. કારણ કે એની શક્તિ ક્લાંત થયા વગર એક સ્વરૂપની રહે છે, અમોઘ અને અનંત હોય છે. પોતાના કર્મની વચ્ચોવચ પ્રભુ પોતે સ્થિર અને આરામમાં રહે છે. બીજી રીતે જોતાં, કર્મમાંથી એ નિવૃત્ત થાય તો એ નિવૃત્તિમાં પણ પોતાની ક્રિયાશીલતાની સંપૂર્ણ શક્તિ અને સર્વ સંભાવ્યતાઓ અને શક્તિબીજોને તે કાયમ રાખે છે. મુક્ત થયેલો આત્મા એ દિવ્ય સ્થિરતામાં પ્રવેશ કરે છે તથા બ્રહ્મના શાશ્વત આરામમાં તે ભાગીદાર બને છે. જેણે મુક્તિના આનંદનો જરા પણ સ્વાદ ચાખ્યો છે તે દરેક માણસ આ વસ્તુને જાણે છે કે મુક્તિમાં સ્થિરતાની શાશ્વત શક્તિ રહેલી છે. એ ગહન પ્રશાંત અવસ્થા કર્મની વચ્ચે પણ જાગ્રત રહી શકે છે, શક્તિઓની સૌથી ઉગ્ર ગતિમાં પણ તે ટકી રહી શકે છે. વિચાર, કર્મ, સંકલ્પ, ગતિ વગેરેની દુર્દમ્ય ભરતી ધસી આવે, પ્રેમનો ઊભરાઈ જતો પ્રસારો થાય, સ્વયંભૂ એવા આધ્યાત્મિક આનંદની

લાગણીની સઘનમાં સઘન અનુભૂતિ જાગ્રત થાય તથા એ લાગણી પદાર્થોના અને પ્રાણીઓના તથા પ્રકૃતિની પ્રક્રિયાઓના જ્વલંત આધ્યાત્મિક ભોગ રૂપે જગતસમગ્રમાં વિસ્તારને પામે તે છતાં આ શાંતિ અને આરામની સ્થિતિ એ મહાન ગતિની પાછળ અને તેની વચ્ચોવચ્ચ હાજર રહેશે, સદા તે પોતાની ગહનતા વિષે સચેતન હશે, સદા એક સ્વરૂપે જ રહેશે. મુક્તાત્માની સ્થિરતા એશઆરામ, અશક્તિ, લાગણી-શૂન્યતા, ભાવની અશક્તિ, કે જડતારૂપ નથી હોતી. એ સ્થિરતા અમર શક્તિથી સંપન્ન હોય છે, સર્વ કર્મ કરવાને સમર્થ હોય છે. ઊંડામાં ઊંડા આનંદ સાથે તે મેળમાં હોય છે, ગહનમાં ગહન પ્રેમ અને દયા પ્રત્યે તથા આનંદના પ્રત્યેક પ્રકાર પ્રત્યે તે ખુલ્લી હોય છે.

એ જ પ્રમાણે પ્રકૃતિના શુદ્ધમાં શુદ્ધ સાત્ત્વિક ગુણનાં તત્ત્વોની ઊતરતા પ્રકારનાં જ્યોતિની અને સુખાનુભૂતિની પેલે પાર પ્રભુની દિવ્ય પ્રકૃતિમાં એનું ઉચ્ચ અને સુદૂર એવું મૂળ એક વધારે મહાન પ્રકારના અને મુક્ત એવા પ્રકાશ અને આનંદમાં રહેલું છે. સત્ત્વગુણમાં કાર્ય કરતી શક્તિની બહારની વસ્તુઓને આત્મસાત્ કરવાની ક્રિયા અને સમાનતા, સત્ય જ્ઞાન, સત્ય વ્યવહાર, સૂક્ષ્મ સંવાદિતા, દૃઢ સમતુલા, કર્મનો સત્ય ધર્મ, સત્ય-પ્રાપ્તિ વગેરેના નિયમને ચેતનામાં સ્થાપન કરે છે તથા મનને સામાન્ય પ્રકૃતિમાં પ્રાપ્ત થતી ઊંચામાં ઊંચી વસ્તુથી તો ક્યાંયે વધારે સંતોષ આપે છે. એ સંતોષ જ્યાં સુધી ટકાવી રાખી શકાય ત્યાં સુધી અને જેટલે અંશે મળી શકે તેટલા પ્રમાણમાં સુંદર હોય છે. પરંતુ એ સંતોષ અસ્થિર હોઈ એની સલામતી મર્યાદાઓના સ્વીકાર ઉપર અવલંબે છે, નિયમો અને શરતો ઉપર આધાર રાખે છે. પરંતુ એનું મૂળ ઉપર કહ્યા પ્રમાણે એનાથી ઊર્ધ્વમાં સુદૂર એક મહત્તર જ્ઞાનપ્રકાશમાં અને મુક્ત આત્માના મુક્ત આનંદમાં રહેલું છે. એ ઊર્ધ્વમાં રહેલો આત્મા પોતે મર્યાદિત નથી, મર્યાદાઓના સ્વીકાર ઉપર, નિયમ કે પરિસ્થિતિના ઉપર તે આધાર રાખતો નથી; તે સ્વયંભૂ છે, અવિકારી છે, આપણી પ્રકૃતિના વિસંવાદોમાં એક પ્રકારની સંવાદિતા સ્થાપન કરવાના પરિણામ રૂપે તે હોતો નથી. પરંતુ એ પોતે જ સંવાદિતાનો ઝરો, તથા તેનું મૂળ છે, અને પોતે ધારે તે સંવાદિતાને ઉત્પન્ન કરવાને સમર્થ હોય છે. એ શક્તિ આધ્યાત્મિક પ્રકાશવાળી હોઈ એના અસલ ધર્મમાં તે વિજ્ઞાનમય શક્તિ છે, તે આપણો ગૌણ વિકૃત માનસિક પ્રકાશ હોતો નથી. એ જ્ઞાન અને આનંદ સૌથી વિશાળ આત્મ-સત્-તામાંથી પ્રગટે છે, સ્વાભાવિક આત્મજ્ઞાનમાંથી, ગાઢ વૈશ્વિક તાદાત્મ્યમાંથી, ગહનમાં ગહન આત્મા સાથે વિનિમય સાધવાથી જન્મે છે, બહારનું કોઈ તત્ત્વ આત્મસાત્ કરવાથી, બહારનો મેળ મેળવવાથી, પ્રયત્ન-પૂર્વક પ્રગટાવેલી સમાનતાથી તે જાગ્રત થતો નથી. એ પ્રકાશ તેજસ્વી

આધ્યાત્મિક સંકલ્પશક્તિથી યુક્ત હોય છે અને તેથી એના જ્ઞાન કે કર્મની વચ્ચે ભેદ કે વિસંવાદ હોતો નથી. એ સ્થિતિનો આનંદ માનવ-મનમાં જે સુખની અસ્પષ્ટ લાગણી હોય છે તેવો નથી હોતો; પરંતુ ગહન, એકાગ્ર અને સઘન એવી સ્વયંભૂ અનુભૂતિ હોય છે, જે આપણી સર્વ પ્રવૃત્તિઓમાં — સર્જનોમાં, ભાવિના દર્શનમાં સ્થિરપણે વ્યાપીને રહે છે. મુક્ત આત્મા એ જ્યોતિ અને આનંદમાં જેમજેમ વધારે ને વધારે ગહન રીતે ભાગીદાર બનતો જાય છે, તથા વધારે પૂર્ણતાપૂર્વક એ બન્નેમાં વિકાસ પામે છે તેમતેમ પ્રભુ સાથે વધારે સમગ્રતાપૂર્વક તે યુક્ત બને છે. અધોમુખ પ્રકૃતિના ગુણોમાં તો સમતુલાનો ભંગ આવશ્યક હોય છે, ગુણોના પરસ્પર પ્રમાણમાં સતત બદલાતી અસ્થિરતા પ્રવર્તતી હોય છે તથા એકબીજા ઉપર સત્તા ચલાવવા માટે એમનામાં સનાતન કસાકસી ચાલુ હોય છે. પરંતુ ઊર્ધ્વ જ્યોતિ અને આનંદ, આ સ્થિરતા અને આત્માની ક્રિયાશીલ સંકલ્પશક્તિ એકબીજાને બાતલ કરતી નથી, — એ વસ્તુઓ પરસ્પર ઝઘડતી નથી, એ તત્ત્વો પરસ્પર સમતુલામાં હોય છે, એટલું જ નહિ પરંતુ એમાંનું પ્રત્યેક બીજાં બેનું સ્વરૂપ જ હોય છે અને જ્યારે એ સઘળાં તત્ત્વો સંપૂર્ણપણે કાર્ય કરતાં હોય છે ત્યારે અવિભાજ્ય અને એક થઈ રહે છે. જ્યારે આપણું મન પ્રભુની સમીપ જાય છે ત્યારે એ ત્રણમાંની કોઈ એક સ્થિતિમાં બીજી બેને બાજુ પર રાખીને પ્રવેશ કરતું જણાય એ શક્ય છે. ઉદાહરણ તરીકે, તે કેવળ સ્થિરતાને પ્રાપ્ત કરે, અને કર્મની ગતિશીલતાને દૂર રાખે એમ બને, પરંતુ એનું કારણ એ છે કે સૌથી પ્રથમ આપણે મનમાં રહેલા પુરુષ દ્વારા એની સમીપ જઈએ છીએ. પછીથી જ્યારે આપણે આધ્યાત્મિક મનથી પર ઊર્ધ્વમાં, આરોહણ કરી શકીએ છીએ ત્યારે આપણને જણાય છે કે પ્રભુની પ્રત્યેક દિવ્ય શક્તિ, એના ઐશ્વર્યનો પ્રત્યેક ગુણ બાકીના બધાને પોતાનામાં ધારણ કરે છે અને શરૂઆતની એકતરફી વૃત્તિની ભૂલને તે દૂર કરી દે છે.*

---

*સૌથી ઉચ્ચ, દિવ્ય પરા પ્રકૃતિનાં આધ્યાત્મિક અને અતિમનસનાં સ્વરૂપો જે નિમ્ન પ્રકૃતિના ગુણોને સમાન્તર હોય છે તેમનું વર્ણન ગીતામાંથી લીધેલું નથી પરંતુ આધ્યાત્મિક સાક્ષાત્કારમાંથી અહીં મૂકવામાં આવ્યું છે. સૌથી ઉચ્ચ એવી પરા પ્રકૃતિના કાર્યનું વિગતવાર વર્ણન ગીતા આપતી નથી. એનું એ **रहस्यं उत्तमम्** (૪.૩) છે, પોતાના આધ્યાત્મિક અનુભવ દ્વારા શોધી કાઢવાને સાધકને માટે એ વસ્તુ ગીતા રહેવા દે છે. જેમના દ્વારા એ પરમ રહસ્યને પહોંચવાનું છે તે ઉચ્ચ સાત્ત્વિક પ્રકૃતિ અને તેનાં કર્મ કેવાં હોય છે તેટલું જ ફક્ત ગીતા વર્ણવે છે, તથા ગીતા એ વસ્તુ પણ ભારપૂર્વક જણાવે છે કે સત્ત્વગુણને તથા ત્રણે ગુણોને વટાવીને સાધકે ઉપર જવાનું છે.

આ પ્રમાણે આપણે જોઈ શકીએ છીએ કે પ્રકૃતિના સામાન્ય ગુણોના અધોગામી કાર્યને વશ થયા વગર કર્મ કરવાં શક્ય છે. એ સામાન્ય કાર્ય આપણે જે માનસિક પ્રાણમય અને અન્નમય મર્યાદાઓના બીબામાં ઢળાયેલા છીએ તેના ઉપર આધાર રાખે છે. એ પ્રકૃતિનું કાર્ય એક વિકૃતિ છે, અશક્તિ છે,- જડ પદાર્થતત્ત્વમાં પ્રગટ થયેલ મન અને પ્રાણનું આપણા ઉપર લાગેલું ખોટું અથવા ઊતરતા પ્રકારનું મૂલ્ય છે. જ્યારે આપણે આત્મામાં વિકાસ પામીએ છીએ ત્યારે આ અધોમુખ પ્રકૃતિના ધર્મનું સ્થાન આત્માનો સનાતન ધર્મ લે છે. ત્યારે એક મુક્ત, અમર કર્મનો, અપરિમેય દિવ્ય જ્ઞાનનો, એક પરાત્પર શક્તિનો તથા અગાધ આરામનો અનુભવ થાય છે. તોપણ, એ બે સ્થિતિઓની વચ્ચેની અંતર્દશાનો પ્રશ્ન રહે છે; એવી પગલે પગલે આગળ વધતી મધ્યમાવસ્થા હોવી જોઈએ, કારણ કે આ જગતમાં પ્રભુના કાર્યમાં કોઈ પ્રકારની પદ્ધતિ કે પાયા વિના એકદમ ઓચિંતું કશું જ બની આવતું નથી. આપણે જે વસ્તુ શોધી રહ્યા છીએ તે આપણા અંતરમાં રહેલી છે; પરંતુ વ્યવહારમાં આપણે તેને આપણી પ્રકૃતિના ઊતરતા પ્રકારનાં સ્વરૂપોમાંથી સમુત્ક્રાંત કરવી પડે છે.* એટલે પ્રકૃતિના ગુણોના કાર્યમાં કોઈ ઉપાય, કે સાધન, કોઈ ઉચ્ચાલનશક્તિ લગાડવાનું બિંદુ હોવું જોઈએ જેનો આશ્રય લઈને આપણે આ રૂપાંતર સાધી શકીએ. ગીતાને એ ઉપાય, એ સાધન સત્ત્વગુણનો સંપૂર્ણ વિકાસ કરવામાં દેખાય છે. સત્ત્વગુણનો એટલો વિકાસ કરવો જોઈએ કે તે પોતે પોતાનાથી પર થઈ જઈ શકે તથા પોતાના ઊર્ધ્વ મૂળમાં અદૃશ્ય થઈ જાય. એ પ્રમાણે થવાનું કારણ સ્પષ્ટ છે, કારણ કે સત્ત્વ એ જ્યોતિ અને સુખને પેદા કરનાર ગુણ છે, એને લઈને સ્થિર જ્ઞાન મળે છે અને એના સૌથી ઉચ્ચ શિખરે જ્યારે એ પહોંચે છે ત્યારે એ પોતે જેમાંથી ઉત્પન્ન થયેલ છે તે આધ્યાત્મિક જ્યોતિ અને આનંદનું અમુક પ્રકારનું પ્રતિબિંબ ઝીલે છે,— એ મૂળ સાથે લગભગ માનસિક તાદાત્મ્ય સાધે છે. બીજા બે ગુણો રજસ્ અને તમસ્ આ પ્રકારનું રૂપાંતર સાધી શકે તેમ નથી. એટલે કે સત્ત્વગુણની અવસ્થામાંથી પસાર થયા વિના રજોગુણ દિવ્ય સંકલ્પશક્તિમાં

---

*આ વિધાન આપણી પ્રકૃતિ આત્મસંયમ, તપસ્યા અને પ્રયત્ન દ્વારા ઊર્ધ્વ પ્રત્યે આરોહણ કરે છે તે દૃષ્ટિબિંદુએ કરેલું છે. પરંતુ પછીથી, ઊર્ધ્વમાંથી દિવ્ય જ્યોતિ, પ્રભુની સન્નિધિ, અને શક્તિનું માનવની પ્રકૃતિનું રૂપાંતર કરવા માટે વધારે ને વધારે પ્રમાણમાં અવતરણ થવું જોઈએ; નહિ તો, સૌથી ઉચ્ચ બિંદુએ અને તેનાથી પર અવસ્થામાં જે પરિવર્તનની જરૂર છે તે સધાતું નથી. એટલે કરીને આખરી ક્રિયા તરીકે સંપૂર્ણ આત્મસમર્પણની જરૂર ઊભી થાય છે.

કે તમોગુણ દિવ્ય આરામ અને સ્થિરતામાં રૂપાંતર પામી શકે તેમ નથી. તમસ્‌નું તત્ત્વ હમેશાં શકિતની જડતાભરી અક્રિયતા રૂપે, અથવા તો, જ્ઞાનની અશકિત રૂપે હોય છે. એટલે એનું અજ્ઞાન જ્યોતિર્મય અવસ્થામાં તથા એની મંદ, અશકિત સર્વશકિતમાન દિવ્ય સંકલ્પશકિતના આરામની જ્યોતિ અને સામર્થ્યમાં રૂપાંતર પામી જાય ત્યાં સુધી એવું જ રહે છે. ત્યાર પછી જ આપણને પરમ સ્થિરતા અને શાંતિ મળી શકે છે. એટલે તમસ્‌ના ઉપર સત્ત્વનું વર્ચસ્વ સ્થાપન થવું આવશ્યક છે. એ જ કારણને લઈને રજોગુણ હમેશાં અશાંત, ક્ષુબ્ધ, જ્વર જેવો અથવા તો દુ:ખપૂર્ણ ચેષ્ટાવાળો રહે છે; કારણ કે એનામાં સત્ય જ્ઞાનનો પ્રકાશ હોતો નથી. એ ગુણની પોતાની ગતિ ખોટી અને વિકૃતિવાળી હોય છે, એટલે કે તે અજ્ઞાનને લઈને વિકૃત હોય છે. આપણી સંકલ્પશકિતની જ્ઞાન વડે શુદ્ધિ કરવી જોઈએ; દિવ્ય સંકલ્પશકિતમાં એનું રૂપાંતર થાય તે પહેલાં એણે વધારે ને વધારે સત્ય અને પ્રકાશમય કાર્ય કરતાં શીખવું જોઈએ. એમ થવા માટે સત્ત્વગુણને વચમાં લાવવો પડશે. ઊર્ધ્વ, પરા પ્રકૃતિ અને અધરા પ્રકૃતિ એ બેની વચ્ચે સત્ત્વગુણ સંબંધ સ્થાપન કરનાર મધ્યસ્થ છે. સત્ત્વગુણે એક અમુક ઉત્કર્ષ સુધી પહોંચીને પોતાનું રૂપાંતર કરી નાખવું જોઈએ, અથવા પોતામાંથી છુટકારો સાધવો જોઈએ, એના પોતાના મૂળમાં લય પામી જવું જોઈએ. એનામાં જે શરતી અને ગૌણ, શોધ કરનાર પ્રકાશ તથા મનના ચોકઠામાં ઢળેલું કર્મ હોય છે તેને ઠેકાણે આત્માની મુકત, સીધેસીધી ક્રિયાશીલતા અને સાહજિક જ્ઞાનજ્યોતિ આવવાં જોઈએ. પરંતુ એ પ્રમાણે થઈ શકે ત્યાં સુધીમાં સત્ત્વગુણમાં ઘણી વૃદ્ધિ કરવાથી તમોગુણ અને રજોગુણની ખામીઓથી આપણે ઘણે અંશે મુકત થઈ શકીએ છીએ. એક વાર આપણે રજસ્‌ અને તમસ્‌થી અધોમાર્ગે બળપૂર્વક આકર્ષાઈએ નહિ તો સત્ત્વગુણની પોતાની ખામીથી પર થઈ જવું વધારે સહેલાઈથી થઈ શકે છે. પહેલી અવસ્થામાં સત્ત્વગુણનો એટલો વિકાસ કરવો કે તે આધ્યાત્મિક પ્રકાશથી, સ્થિરતા અને સુખની લાગણી પૂર્ણ થાય, એ પ્રકૃતિને તૈયાર કરનાર સાધનાની પહેલી અવસ્થા છે.

આપણે જોઈશું કે ગીતાના બાકીના અધ્યાયોનો ઉદ્દેશ આ સાધનાના માર્ગનો વિકાસ કરવાનો છે. પરંતુ એ જ્ઞાનનો પ્રકાશ આપનારી ગતિનો આરંભ કરતાં પહેલાં, એની પ્રસ્તાવના તરીકે — દેવ અને અસુર — એમ બે પ્રકારની સત્‌-તાઓ વચ્ચેનો ભેદ તે વર્ણવે છે. કારણ કે દેવમાં પોતાનું રૂપાંતર કરી શકે એવું સાત્ત્વિક કાર્ય શક્ય હોય છે, જ્યારે અસુરને માટે તે અશક્ય છે. આ પ્રસ્તાવના કરવાનો શો ઉદ્દેશ છે, તથા દેવ અને અસુરના આ ભેદનું ચોક્કસ સ્થાન શું છે તે આપણે જાણવું જોઈએ. બધા માણસોની સામાન્ય પ્રકૃતિ એક સરખી જ,

ત્રણ ગુણોના મિશ્રણની બનેલી, હોય છે. તે ઉપરથી એમ લાગે છે કે પ્રત્યેક માણસમાં સત્ત્વગુણનો વિકાસ કરવાની અને તેને સમર્થ બનાવવાની, ઊર્ધ્વમાં વાળવાની તથા દિવ્ય રૂપાંતરનાં શિખરો સાધવાની શક્તિ રહેલી હોવી જોઈએ. અત્યારે સાધારણ માણસની પ્રકૃતિનું વલણ એની બુદ્ધિ તથા સંકલ્પશક્તિને પોતાની રાજસિક અથવા તો તામસિક અહંતાના સેવક બનાવવા પ્રત્યે છે. અર્થાત્, તે પોતાની અશાંત ક્રિયાત્મક કામનાઓના, અથવા તો આત્મ-લાલન કરનાર પ્રમાદ અને અક્રિય જડતાના સેવક તરીકે પોતાની બુદ્ધિ અને સંકલ્પ-શક્તિને વાપરે છે. આ પરિસ્થિતિ માટે આપણે એમ ધારી શકીએ કે આપણી અણવિકસિત આધ્યાત્મિક સ્થિતિનો એ તાત્કાલિક ગુણ છે, આપણી અપૂર્ણ સમુત્ક્રાંતિની ક્યાશ છે, અને જ્યારે આપણી ચેતના આધ્યાત્મિક ભૂમિકામાં ઊંચે ચડશે ત્યારે તે દૂર થઈ જશે. પરંતુ આપણે વ્યવહારમાં જોઈએ છીએ કે માણસો, ખાસ કરીને જેમણે અમુક કક્ષાથી ઉપર આરોહણ કરેલું હોય છે તેઓ, બે વર્ગમાં વહેંચાઈ જાય છે: એક જેમનામાં સત્ત્વગુણ પ્રધાન હોય છે, જેઓ જ્ઞાન, આત્મસંયમ, પરોપકાર, પૂર્ણતા વગેરે પ્રત્યે ઢળતા હોય છે તેઓ; બીજા, જેમનામાં રજોગુણ આગળપડતો હોય છે, જેઓ અહંતા પર આધાર રાખનારી મહત્તા, કામનાનો સંતોષ, પોતાની સમર્થ સંકલ્પશક્તિ અને વ્યક્તિતાનું લાલન કરતા હોય છે તથા જેઓ એ સંકલ્પ અને વ્યક્તિતાને જગતના ઉપર લાદવા માગતા હોય છે, અને તે માનવની કે પ્રભુની સેવા કરવાને ખાતર નહિ, પરંતુ પોતાનાં અભિમાન, કીર્તિ અને સ્વેચ્છાને ખાતર. આ બન્ને દેવોના અને દાનવોના માનવ પ્રતિનિધિઓ હોય છે. હિંદનાં ધાર્મિક પ્રતીકોમાં દેવ અને અસુરોનો આ ભેદ ઘણો પ્રાચીન છે. જ્યોતિર્મય દેવો અને તેમના કાળા વિરોધીઓ વચ્ચે, જ્યોતિના સ્વામીઓ, અનંત અદિતિના પુત્રો, અને ભેદભાવના અને રાત્રિના અંધકારનાં સંતાનો વચ્ચે સતત સંગ્રામ ચાલુ છે એ ઋગ્વેદનો મૌલિક વિચાર છે. એ યુદ્ધમાં માનવ ભાગ લે છે તથા એના અંતરના જીવનમાં અને કાર્યમાં એ યુદ્ધનું પ્રતિબિંબ પડે છે. જરથોસ્તી ધર્મમાં પણ એ સિદ્ધાંત મૌલિક ગણાય છે. ત્યાર પછીના સાહિત્યમાં પણ એ વિચાર આગળપડતો જણાય છે. રામાયણનો નૈતિક ઉદ્દેશ જોઈશું તો માનવનું સ્વરૂપ ધારણ કરેલા દેવ અને મૂર્તિમંત રાક્ષસ, — એક બાજુ ઉચ્ચ સંસ્કાર અને ધર્મના પ્રતિનિધિઓ અને સામી બાજુ અહંની અતિશયતાવાળી રાક્ષસી સંસ્કૃતિના અને અસંયત સામર્થ્યના પ્રતિનિધિઓ વચ્ચે થયેલા ભયંકર યુદ્ધનું તે એક રૂપક જણાશે. ગીતા જેનો એક ભાગ છે તે મહાભારત માનવરૂપે પ્રગટ થયેલા દેવો અને અસુરો વચ્ચે જીવનભર યુદ્ધ થયું તેને પોતાના વિષય તરીકે લે છે અને એમાં એક બાજુ ઉચ્ચ નૈતિક ધર્મના પ્રકાશ વડે પોતાનું જીવન નિયત કરનારા દેવતાના પુત્રો છે; બીજી બાજુ, સત્તાધારી, પોતાની બુદ્ધિના,

પ્રાણના અને દેહના અહંની સેવા કરવા માટે ઉદ્યુક્ત થયેલા માનવ દેહધારી અસુરો છે. સ્થૂલતાના પડદા પાછળ રહેલી વસ્તુઓના ગુપ્ત સત્ય પ્રત્યે પ્રાચીન લોકોનું માનસ આપણા કરતાં વધારે ખુલ્લું હતું. તેઓ માનવ-જીવનના પડદા પાછળ વિશ્વશક્તિના વિશિષ્ટ પ્રકારને કે ગુણને મૂર્ત કરનાર, એટલે કે, દૈવી, આસુરી કે રાક્ષસી એવી પ્રચંડ વિરાટ શક્તિઓને, અથવા, સત્ત્વોને જોતા, અને વિશ્વ-પ્રકૃતિના એ ગુણોમાંના જેને માણસો પોતાની પ્રકૃતિમાં સામર્થ્યપૂર્વક રજૂ કરતા તે પ્રમાણે માણસોને પણ તેઓ દેવ, અસુર, રાક્ષસ અને પિશાચ ગણતા. પોતાના હેતુ પૂરતો, ગીતા પણ આ ભેદને સ્વીકારે છે અને આ બે પ્રકારના સત્ત્વો — द्वौ भूतसर्गौ (૧૬.૬) — વચ્ચેના ભેદનો વિસ્તાર કરે છે. આગળના એક અધ્યાયમાં ગીતાએ આસુરી અને રાક્ષસી પ્રકૃતિ વિષે ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે એવી પ્રકૃતિ પ્રભુ વિષેનું જ્ઞાન, મુક્તિ અને પૂર્ણતા પ્રાપ્ત કરવામાં બાધા કરે છે; અહીં હવે દૈવી પ્રકૃતિ જે વસ્તુઓ પ્રત્યે અભિમુખ હોય છે તેની સાથે તેને સરખાવે છે.

શ્રીકૃષ્ણ કહે છે કે અર્જુન દૈવી પ્રકૃતિવાળો છે. યુદ્ધ અને વિનાશ કરવાનું કાર્ય સ્વીકારવાથી એ પોતે આસુરી વૃત્તિને વશ થશે એવા વિચારથી એણે શોક કરવાની જરૂર નથી. જે કાર્ય કરવા ઉપર બધી પરિસ્થિતિ અવલંબે છે તે કાર્ય કરવાનો આદેશ કાલ-પુરુષ તરીકે જગતના સ્વામી અવતાર રૂપે આવીને, એના સારથિ બનીને, અર્જુનને આપે છે. એ આજ્ઞા પ્રમાણે એણે હવે કાર્ય કરવાનું છે, અને એ યુદ્ધ ધર્મનું રાજ્ય, સત્ય ધર્મ અને ન્યાયનું સામ્રાજ્ય સ્થાપવા માટે કરવાનું છે. અર્જુન પોતે દૈવી પ્રકૃતિમાં જન્મેલો છે; એણે પોતાની અંદર સાત્ત્વિકતાનો એટલો વિકાસ સાધ્યો છે કે હવે પ્રકૃતિના ત્રૈગુણ્યમાંથી ઉચ્ચ પ્રકારનું આધ્યાત્મિક રૂપાંતર અને મુક્તિ તે પ્રાપ્ત કરી શકે તેમ છે. આ દેવ અને અસુરના ભેદમાં સમગ્ર માનવજાતિનો સમાવેશ કરી શકાતો નથી, માનવજાતિની બધી વ્યક્તિઓને એ ભેદ કડક રીતે લાગુ પાડી શકાય તેમ નથી, તેથી અમુક પ્રજાના નૈતિક અને આધ્યાત્મિક ઇતિહાસની સઘળી ભૂમિકાઓમાં, અથવા તો વ્યક્તિની સમુત્ક્રાંતિની સઘળી અવસ્થાઓમાં એ ભેદ તીવ્ર અને નિશ્ચિત પ્રકારનો હોતો નથી. સમગ્ર માનવજાતિનો ઘણો મોટો ભાગ જે તમોગુણી મનુષ્યોનો બનેલો હોય છે તેને એ બેમાંથી એકેયમાં મૂકી શકાય તેવો નથી, જોકે એનામાં એ બન્નેનાં તત્ત્વો ઘણી જ ઊતરતી માત્રામાં હોઈ શકે તથા ઘણુંખરું એવા મનુષ્યો અધોગામી વૃત્તિઓને નિર્બળપણે અનુસરતા હોય છે. સામાન્ય રીતે, સરેરાશ માનવ ત્રણ ગુણોના મિશ્રણનો બનેલો હોય છે. પણ એમાંનો એકાદ વધારે આગળપડતો હોય છે તેને પરિણામે માણસ રજસ્-તમસ્ કે સત્ત્વ-રજસ્‌ના બંધારણવાળો બને છે. એ અવસ્થા માણસને દેવ કે અસુર —

દિવ્ય પવિત્રતા અથવા તો આસુરી ઉદ્ધતાઈ — બેમાંથી કોઈ એક માટે તૈયાર કરે છે એમ કહી શકાય. ગીતાએ આ અધ્યાયમાં જે વર્ણન આપ્યું છે તે પરથી સ્પષ્ટ થાય છે કે અહીં દેવ અને અસુરના ભેદમાં ગુણપ્રધાન સામાન્ય પ્રકૃતિની સમુત્ક્રાંતિનું અમુક શિખર પ્રાપ્ત કરવાનો પ્રશ્ન રહેલો છે. એક બાજુ, સત્ત્વગુણનો ઉદય, એની ઉન્નતિ, જન્મ લીધા વગરના કોઈ દેવનો આવિર્ભાવ કે ઉત્કર્ષ હોઈ શકે છે. સામી બાજુએ, પ્રકૃતિમાં પ્રગટ થયેલા આત્મામાં રજોગુણનો ઉત્કર્ષ પણ સંભવે છે, પૂરેપૂરા અસુરનો જન્મ પણ એવા માનવમાં થઈ શકે છે. ગીતા એ વસ્તુ ઉપર ભાર મૂકે છે કે દૈવી સંપત્તિ માનવને — विमोक्षाय (૧૬.૫) — મુક્તિ પ્રાપ્ત કરવા પ્રત્યે પ્રેરે છે; દેવની સત્ત્વગુણને વટાવીને પેલે પાર જવાનું તથા પ્રભુની દિવ્ય સત્-તાના સાધર્મ્યવાળું પ્રકૃતિનું રૂપાંતર સાધવું શક્ય બનાવે છે. આસુરી પ્રકૃતિ એ વૈશ્વિક શક્યતાથી માનવને દૂર લઈ જાય છે, — અહંના બંધનની અતિશયોક્તિ પ્રત્યે લઈ જઈને તેને ફેંકે છે. બેમાં રહેલા ભેદનું મૂળ આ છે.

દૈવી પ્રકૃતિમાં સત્ત્વગુણપ્રધાન ટેવોનો અને શક્તિઓનો ઉત્કર્ષ હોય છે: એમાં આત્મસંયમ, સ્વાર્થત્યાગ, ધાર્મિકતા, શૌચ, ઉદારતા, ઋજુતા, સર્વભૂતો પ્રત્યે દયા, મૃદુતા, નમ્રતા, ક્ષમા, ધૈર્ય, ખંતીલાપણું હોય છે, સર્વ પ્રકારની અશાંતિથી, ફૂલણજીપણાથી, અતિચપલતાથી અને અસામંજસ્યથી ઊંડી, મધુર અને ગંભીર મુક્તિ તેણે પ્રાપ્ત કરી હોય છે. આસુરી ગુણો જેવા કે ક્રોધ, લોભ, દંભ, દ્રોહ, પરુષતા — ઇરાદાપૂર્વક અન્યને હાનિ, અભિમાન, દર્પ અને અતિશય આત્મસન્માન વગેરેને દૈવી સંપત્તિના બંધારણમાં સ્થાન હોતું નથી, પરંતુ એના નમ્રતા, આત્મોત્સર્ગ અને આત્મસંયમના ગુણો સર્વ પ્રકારની નિર્બળતાથી પણ મુક્ત હોય છે. એનામાં શક્તિ અને તેજ, એટલે આધ્યાત્મિક સામર્થ્ય, ધૃતિ એટલે દૃઢ સંકલ્પ, સત્ય ધર્મ અને સત્ય તથા તેની નિર્દોષતા — અહિંસાપૂર્વક જીવન ગાળવાની નિર્ભયતા હોય છે — तेजः अभयं धृतिः अहिंसा અને सत्यम् (૧૬.૩) તેનામાં હોય છે. એની સમસ્ત સત્-તા, એની સમગ્ર પ્રકૃતિ સમગ્રપણે વિશુદ્ધ હોય છે. એનામાં જ્ઞાન માટે જિજ્ઞાસા તથા જ્ઞાનમાં સ્થિર સ્થિતિ હોય છે. દૈવી પ્રકૃતિવાળા માણસની આ સંપત્તિ હોય છે.

આસુરી પ્રકૃતિને પણ એની પોતાની સંપત્તિ હોય છે. એનામાં પણ સામર્થ્યની સંપત્તિ હોય છે પણ તે જુદા પ્રકારનું, હાનિ કરનારું સામર્થ્ય હોય છે. આસુરી પ્રકૃતિવાળા માણસને કર્મ કરવાની સાચી રીતનું જ્ઞાન હોતું નથી, અથવા તો, કર્મમાંથી વિરત થવાનું, પ્રકૃતિને ચરિતાર્થ કરવાનું કે સંયમપૂર્વક અથવા સંયમ વડે તેને પાછળ ખેંચી રાખવાનું જ્ઞાન હોતું નથી. એમનામાં આચાર-શુદ્ધ શાસ્ત્રપૂત ક્રિયા, કે શ્રદ્ધાયુક્ત વિધિપાલન હોતું નથી. એમને મન આ જગત પોતાની જાતને સંતુષ્ટ કરવાનું મહાન ક્ષેત્ર હોય છે. એમના જગતનું કારણ અને

બીજા, એની સંચાલક શકિત અને નિયમ કામના હોય છે. એમને મન આ જગત એક અકસ્માત, યથાર્થ સંબંધો અને કર્મની સાંકળ વગરનું, — કોઈ પણ સત્ય કે પ્રતિષ્ઠા વિનાનું હોય છે. એમની પાસે બુદ્ધિની કે ધર્મની ગમે તેવી માન્યતાઓ હોય, પરંતુ વ્યવહારમાં મન અને સંકલ્પની આ એક જ સાચી માન્યતા હોય છે. એવા લોકો કામના અને અહંનો માર્ગ અનુસરતા હોય છે. ખરું જોતાં, જીવનને એ રીતે જોવાની દૃષ્ટિના ઉપર એમનો આધાર હોય છે અને એમાં રહેલા અસત્યને લઈને તેઓ પોતાના આત્માનો અને બુદ્ધિનો વિનાશ કરે છે. આસુરી પ્રકૃતિના માણસ ઉગ્ર હિંસક કર્મનું કરણ કે કેન્દ્ર હોય છે, જગતમાં તે વિનાશની શકિતરૂપ થાય છે, હાનિ અને અનિષ્ટનું મૂળ બને છે. દર્પવાળા, આત્મગૌરવ અને અભિમાનના નશામાં ચકચૂર એવા ઊંધે રસ્તે ચડેલા એ લોકો મોહમાં સપડાયેલા હોય છે, પોતાના અશુભ અને અસત્ય ઉદ્દેશો સાધવામાં દુરાગ્રહી હોય છે અને પોતાની કામના સંતોષવાના દૃઢ અને અશુદ્ધ સંકલ્પને તેઓ અનુસરતા હોય છે. એવા લોકો કામનાઓના ઉપભોગને જ જીવનનો પરમ અને સમગ્ર ઉદ્દેશ માનનારા હોય છે અને એ કદી ન છિપાવી શકાય એવી કામનાનું અનુસરણ કરતાં સર્વનું ભક્ષણ કરી જનારી એવી ચિંતા અને પ્રયત્ન કરવામાં મરણની ઘડી સુધી સતત રચ્યાપચ્યા રહે છે. સેંકડો આશાઓના બંધનથી બંધાયેલા, કામ ક્રોધથી પૂરેપૂરા આવિષ્ટ, જેમના વડે પોતાની વાસનાના ભોગો અને સંતોષો મેળવી શકાય એવા અન્યાયથી પ્રાપ્ત કરેલા લાભો મેળવવામાં સતત ગૂંથાયેલા લોકો તેઓ હમેશાં એમ ધારતા હોય છે: "આજે કામનાનો આ પદાર્થ મેં મેળવ્યો છે, આવતી કાલે બીજો પણ મેળવીશ, આજે મારી પાસે આટલું ધન છે, કાલે એનાથી વધારે મળશે. હું માણસોનો માલિક છું, રાજા છું, હું પૂર્ણ છું,, સમર્થ છું, સુખી છું, નસીબદાર છું, સંસ્કારી છું, જગતનો ભોગ ભોગવવાનો ખાસ હકદાર છું. હું ધનવાન છું, અભિજાત—કુળવાન છું. મારા જેવો બીજો કોણ છે? હું યજ્ઞ કરીશ, હું દાન કરીશ, હું ભોગ ભોગવીશ." આ પ્રમાણે હું-પણાથી ભરેલા વિચારોમાં મગ્ન થયેલા, મોહ પામેલા, ખોટી રીતે કામનાઓ કરનારા અને સ્વાર્થને ખાતર, ભોગને ખાતર, — નહિ કે પોતાનામાં તથા માનવમાં રહેલા પ્રભુને ખાતર, — સમર્થપણે કાર્ય કરનારા આસુરી પ્રકૃતિવાળા લોકો પોતાના અનિષ્ટના જ અશુચિ નર્કમાં પડે છે. એવા લોકો યજ્ઞ તથા દાન પણ કરે છે, પરંતુ પોતાની જાતને કેન્દ્રમાં રાખીને દેખાવને ખાતર, દંભપૂર્વક પોતાના મિથ્યાભિમાનને પોષવા માટે કરે છે, — અક્કડાઈ અને મૂર્ખાઈભર્યા અભિમાનપૂર્વક કરે છે. એમના સામર્થ્ય અને બલના દર્પમાં, એમની કોપની તથા ઉદ્ધતાની ઉગ્રતામાં એ લોકો ઈર્ષા કરે છે, અન્યને ધિક્કારે છે, પોતાના અંતરમાં અને માનવોમાં રહેલા પ્રભુને અલ્પમૂલ્ય ગણીને તેની અવગણના કરે છે. એ આસુરી પ્રકૃતિના લોકોમાં દરેક સારી વસ્તુઓ અને પ્રભુ પ્રત્યે

અભિમાનભર્યો તિરસ્કાર અને ઈર્ષા હોય છે તેથી, એ લોકો ક્રૂર અને દુષ્ટ હોય છે તેથી પ્રભુ એમને વધારે ને વધારે આસુરી યોનિઓમાં નાખે છે. એ લોકો પ્રભુની શોધ કરતા નથી હોતા એટલે એમને પ્રભુ જડતો નથી; આખરે, પ્રભુ પ્રત્યેનો માર્ગ ગુમાવીને अधमां गतिम् (૧૬.૨૦) — અધમ ગતિને તેઓ પ્રાપ્ત થાય છે.

દેવ અને અસુરની પ્રકૃતિનું અને તેના ભેદનું મૂલ્ય સંપૂર્ણપણે પ્રગટ કરનારું એવું હૂબહૂ વર્ણન ગીતા આ અધ્યાયમાં આપે છે, તેના સ્પષ્ટ અર્થ કરતાં વધારે અર્થ એમાં મૂકવાનો આપણે પ્રયત્ન કરવો જોઈએ નહીં. જ્યારે ગીતા કહે છે કે આ સ્થૂલ જગતમાં દૈવી અને આસુરી એવી બે પ્રકારની સૃષ્ટિઓ છે ત્યારે એનો અર્થ એવો નથી લેવાનો કે પ્રકૃતિમાં અનિવાર્ય એવી કારકિર્દી પહેલેથી નિર્માણ કરીને પ્રભુએ માનવના આત્માઓને ઉત્પન્ન કર્યા છે, અથવા, એનો અર્થ એવો નથી કે જગતમાં આધ્યાત્મિક પ્રારબ્ધનો કડક નિયમ પ્રવર્તે છે, તથા જેઓનો પ્રભુ શરૂઆતથી જ ત્યાગ કરે છે તેમને એ પોતે અંધ બનાવે છે જેથી કરીને તેઓ શાશ્વત વિનાશને તથા અશુદ્ધ નર્કને પ્રાપ્ત કરે. બધા આત્માઓ — અસુરો તેમજ દેવો — પ્રભુના શાશ્વત અંશો છે; બધા જ મોક્ષના અધિકારી થઈ શકે છે. ઘોરમાં ઘોર પાપી પણ પ્રભુ પ્રત્યે અભિમુખ થઈ શકે છે. પણ પ્રકૃતિમાં આત્માની સમુત્ક્રાંતિ એ એક સાહસ છે અને સ્વભાવ તથા સ્વભાવ વડે નિયત થતાં કર્મ એ હમેશાં સમુત્ક્રાંતિની મુખ્ય શક્તિઓ છે. એ સ્વભાવને પ્રગટાવવામાં, આત્માના આવિર્ભાવમાં, એની લીલામાં કોઈ અવ્યવસ્થા થઈ જવાથી પ્રકૃતિ વિકૃતિ તરફ ગતિ કરે છે. જો સમુત્ક્રાંતિમાં રાજસિક પ્રકૃતિને પ્રાધાન્ય આપવામાં આવે છે, સત્ત્વના ભોગે એનો વિકાસ કરવામાં આવે છે તો કર્મની ગતિ અને તેનાં પરિણામો મુક્તિ અપાવનારી ગતિની શક્યતા જેમાં રહેલી છે તે સત્ત્વગુણના ઉત્કર્ષમાં નહિ, પરંતુ અધો પ્રકૃતિની વિકૃતિની ઉગ્ર અતિશયતામાં આવે છે. એ પતનને માર્ગે જતાં જો માનવ અટકતો નથી, અને ભૂલભરેલા એ માર્ગનો ત્યાગ કરતો નથી તો છેવટે તે અસુર તરીકે જન્મ પામે છે, અને એક વાર જ્યોતિથી વિરુદ્ધ દિશામાં એ એક જબ્બર વળાંક લે છે, ત્યાર પછી પોતાના કારમા વેગને તે રોકી શકતો નથી, કારણ કે તેનામાં જે દિવ્ય શક્તિનો દુરુપયોગ થયેલો હોય છે તે પ્રચંડ હોય છે. એટલે જે ઊંડી પતનની ખાઈમાં તે પડે છે તેને તળીએ પહોંચ્યા વિના, અને પોતે કેટલો નીચે પડયો છે તે અનુભવ્યા વિના, — એ શક્તિ ખોટે રસ્તે પૂરેપૂરી ખર્ચાઈ જાય અને એ પોતે અધમમાં અધમ નર્કમાં પડે ત્યાં સુધી, — તે અટકતો નથી. જ્યારે તેને જ્ઞાન થાય છે અને જ્યારે તે પ્રભુની જ્યોતિ પ્રત્યે વળે છે, ત્યારે ગીતા જે બીજું સત્ય ઉચ્ચારે છે તે સક્રિય બને છે. અધમાધમ પાપી, અશુદ્ધમાં અશુદ્ધ ઉગ્ર દુષ્કર્મી જે ક્ષણે પોતાની અંદર રહેલા પ્રભુની ભક્તિ કરવા પ્રેરાય છે અને તેને અનુસરે છે

તે જ ક્ષણે તે બચી જાય છે. એવા અંતરના પલટાને લઈને તે સાત્ત્વિક માર્ગમાં જલદી પ્રવેશ કરે છે અને એ માર્ગે તેને પૂર્ણતા અને મુક્તિ મળે છે.

આસુરી પ્રકૃતિની પરાકાષ્ઠા રજોગુણમાં આવે છે. એને પરિણામે પ્રકૃતિમાં પ્રગટ થયેલો આત્મા કામ, ક્રોધ અને લોભની ગુલામીમાં જઈ પડે છે. એ ત્રણે રાજસિક અહંની શક્તિઓ છે, નર્કનાં એ ત્રિવિધ દ્વાર છે. જ્યારે માનવ અશુદ્ધિનું, તથા નિમ્ન પ્રકૃતિના અનિષ્ટોનું અને ભૂલોનું અથવા તો વિકૃત વાસનાઓનું લાલન કરે છે ત્યારે એ નર્કમાં એની પ્રકૃતિની સત્-તા જઈ પડે છે, કામ, ક્રોધ અને લોભ એ ત્રણે અંધકારનાં, તમોગુણનાં દ્વાર છે, આદિ-અજ્ઞાનની વિશિષ્ટ પ્રકારની શક્તિનાં દ્વાર છે. કારણ કે જ્યારે રાજસિક પ્રકૃતિની અસંયત શક્તિ ક્લાંત થઈ જાય છે ત્યારે તે નિર્બળતાની, ઢગલો થઈ પડવાની, તમોગુણની અધમમાં અધમ દશામાં જઈ પડે છે. એ પતનમાંથી બચવું હોય તો માણસે આ ત્રણ અશુદ્ધ શક્તિઓનો ત્યાગ કરવો જોઈએ, તથા પોતે સાચા સંબંધોમાં, સત્ય અને ધર્મ પ્રમાણે જીવન જીવવું જોઈએ. એ રીતે માનવ પોતાના કલ્યાણનો ઉન્નત માર્ગ અનુસરી શકે છે તથા ઊંચામાં ઊંચી આત્માની સ્થિતિને પ્રાપ્ત કરી શકે છે. કામનાઓનું અનુસરણ કરવું એ કાંઈ આપણી પ્રકૃતિનો સાચો નિયમ નથી. કર્મ કરવાનો એના કરતાં વધારે ઊંચો, વધારે સાચો ધર્મ રહેલો છે. પરંતુ એ નિયમ ક્યાં મૂર્ત થયેલો છે, અથવા કેવી રીતે તેને શોધી કાઢવાનો છે? પ્રથમ તો, માનવજાતિ હમેશાં એ સાચો ઊર્ધ્વગામી ધર્મ શોધતી રહેલી છે અને એણે જે કાંઈ શોધ એ દિશામાં કરેલી છે તેને શાસ્ત્રોમાં મૂર્ત કરી છે. એટલે કે, એણે ભૌતિક શાસ્ત્રના, જ્ઞાનના, નીતિના, ધર્મના, ઉત્તમોત્તમ સામાજિક જીવનના, વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના, પ્રભુ સાથેના, અને પ્રકૃતિ સાથેના સાચા સંબંધના નિયમો શાસ્ત્રમાં મૂક્યા છે. શાસ્ત્ર એટલે તમોગુણી માણસનાં રોજિંદાં કર્મોના અભ્યાસને વશ એવા માનસે બુદ્ધિનો ઉપયોગ કર્યા સિવાય અનુસરવાનો કેટલીક સારી અને કેટલીક ખરાબ એવી રૂઢીઓનો ઢગલો એમ સમજવાનું નથી. શાસ્ત્ર એટલે સહજ જ્ઞાન, અનુભવ અને પ્રજ્ઞા વડે સુનિશ્ચિત થયેલું જ્ઞાન અને ઉપદેશ, જીવન જીવી જાણવાની વિદ્યા, કલા અને નીતિ, પ્રજા સમગ્રની આગળ મુકાયેલું ઉત્તમોત્તમ ધોરણ. અર્ધજાગ્રત માનવ શાસ્ત્રના નિયમના પાલનનો ત્યાગ કરી દઈને પોતાની વાસનાઓ અને કામનાઓનું અનુસરણ કરે તો એને ખુશાલી મળી શકે, પણ સુખ નહિ મળે, કારણ કે અંતરનું સુખ સત્ય ધર્મ પ્રમાણે જીવન ગાળવાથી જ મળી શકે છે. કામનાને જે માણસ વશ હોય છે તે પૂર્ણતા પ્રત્યે ગતિ કરી શકતો નથી, ઉત્તમોત્તમ આધ્યાત્મિક પદને પ્રાપ્ત કરી શકતો નથી. વાસના અને કામનાનું અનુસરણ કરવાનો ધર્મ પશુજગતમાં પહેલવહેલો જોવામાં આવે છે, પરંતુ માનવની માનવતા સત્યનું, ધર્મનું, જ્ઞાનનું અને ઋત જીવનનું અનુસરણ કરવાથી

વિકાસ પામે છે. એટલે પ્રથમ, એણે પોતાના અધોગામી કરણોનું નિયમન કરવા માટે જે શાસ્ત્રનો એટલે કે ધર્મનો સ્વીકાર કરેલો છે તેનું એણે અનુસરણ કરવું જોઈએ તથા પોતાના વર્તનનો, શું કાર્ય છે અને શું અકાર્ય છે, તેનો નિર્ણય કરવામાં શાસ્ત્રને પ્રમાણ માનવું જોઈએ. જ્યાં સુધી અંધપ્રેરણાની વાસનાઓ ભરેલી પ્રકૃતિ નિયમનમાં આવે, તેની વાસનાઓ ઓછી થઈ જાય, તથા આત્મસંયમના અભ્યાસથી તેમનો પરાજય કરવામાં આવે તથા વ્યકિત પોતે બુદ્ધિની વધારે મુકત પ્રકારની દોરવણી અનુસરવાને તૈયાર થાય ત્યાં સુધી એ પ્રમાણે કરવું જોઈએ. ત્યાર પછી, આધ્યાત્મિક પ્રકૃતિના ઊંચામાં ઊંચા પરમ ધર્મને માટે તથા તેની પરમ મુકિતને માટે તે અધિકારી થાય છે.

સામાન્ય દૃષ્ટિએ જોતાં શાસ્ત્રમાં આધ્યાત્મિક ધર્મ મૂર્ત થયેલો હોતો નથી, જોકે એ કહેવું જોઈએ કે જ્યારે શાસ્ત્ર સૌથી ઉચ્ચ પરાકાષ્ઠાને પહોંચે છે, જ્યારે તે આધ્યાત્મિક જીવનની વિદ્યા અને કલા એટલે કે અધ્યાત્મશાસ્ત્ર બને છે (ગીતા પોતે પોતાના ઉપદેશને સૌથી ઊંચું અને સૌથી ગહન "શાસ્ત્ર" તરીકે વર્ણવે છે), ત્યારે સાત્ત્વિક પ્રકૃતિથી પર થવાના નિયમને તે ઘડી આપે છે તથા આધ્યાત્મિક રૂપાંતર પ્રત્યે લઈ જનાર સાધનાના માર્ગનો વિકાસ પણ તે કરે છે. અને છતાં, બધાં શાસ્ત્રો અમુક પ્રકારની શરૂઆતની પરિસ્થિતિના ઉપર, અમુક ધર્મોના સ્વીકારના ઉપર આધાર રાખે છે; શાસ્ત્ર એ સાધન છે, સાધ્ય નથી. આત્માની મુકિત પ્રાપ્ત કરવી એ પરમ ઉદ્દેશ્ય છે. જ્યારે સર્વ ધર્મોનો ત્યાગ કરીને માનવનો આત્મા પ્રભુ પ્રત્યે વળે છે અને તેને જ પોતાના કર્મના એકમાત્ર નિયામક ધર્મ તરીકે સ્વીકારે છે તથા પ્રભુના દિવ્ય સંકલ્પમાંથી સીધેસીધાં કર્મ કરે છે અને દિવ્ય, પરા પ્રકૃતિની મુકિતમાં જીવે છે, એટલે કે કોઈ ધર્મમાં નહીં પરંતુ આત્મામાં જીવે છે ત્યારે એ પરમ ઉદ્દેશ્ય સિદ્ધ થાય છે. અર્જુનનો હવે પછીનો પ્રશ્ન ગીતાના ઉપદેશનો આ પ્રકારનો વિકાસ કરવાને સ્થાન આપે છે.

# ગુણ, શ્રદ્ધા અને કર્મ *

વ્યક્તિની અંગત કામનાઓ પ્રમાણે કરેલાં સ્વચ્છંદી અને શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે કરેલાં નિયત કર્મો વચ્ચે ગીતાએ ભેદ પાડયો છે. શાસ્ત્ર એટલે જીવન ગાળવાની પ્રમાણભૂત બનેલી વિદ્યા અને કલા. એ શાસ્ત્ર માનવજાતિના સમષ્ટિગત જીવનનું, તેની સંસ્કૃતિનું, ધર્મનું, ભૌતિક શાસ્ત્રોનું, જીવનના સૌથી ઉત્તમ ધર્મની ખોજમાં તેણે કરેલી, ક્રમેક્રમે આગળ વધતી શોધનું પરિણામ હોય છે. પણ આપણે યાદ રાખવાનું છે કે એ માનવજાતિ પોતે હજી અજ્ઞાનમાં છે, અજ્ઞાનમાં ગતિ કરે છે, અને અર્ધ પ્રકાશવાળી અવસ્થામાંથી તે જ્ઞાન પ્રત્યે પ્રગતિ કરે છે. કામનાઓને વશ થઈને કર્મ કરવાનો ધર્મ આપણી ઉદ્ધાર થયા વગરની પતિત પ્રકૃતિનો ધર્મ છે, અને એની પ્રેરણા અજ્ઞાનમાંથી, અથવા અસત્ય જ્ઞાનમાંથી તથા અનિયંત્રિત કે ખોટી રીતે નિયત એવી રાજસિક અહંતામાંથી આવે છે. શાસ્ત્ર વડે નિયત કર્મ બૌદ્ધિક, નૈતિક, સૌંદર્યગ્રાહી, સામાજિક અને ધાર્મિક સંસ્કૃતિમાંથી પરિણમે છે. એમાં અમુક સત્ય ધર્મ, સંવાદિતા, યોગ્ય અવસ્થા અનુસાર જીવન જીવવાનો પ્રયત્ન મૂર્ત થાય છે. એ પ્રયત્નમાં પરિસ્થિતિ પ્રમાણે આગળ વધેલું સાત્ત્વિક તત્ત્વ પ્રગટ થાય છે અને માનવની રાજસિક અને તામસિક અહંતાના ઉપર તે અધ્યક્ષ બને છે, એમનું નિયમન કરે છે, અથવા તો જ્યાં જ્યાં એમનો સ્વીકાર કરવો ફરજિયાત હોય છે ત્યાં ત્યાં એમને દોરવણી આપે છે. આગળ પ્રગતિ કરવા માટેનું આ એક પગલું છે, એટલે માનવજાતિએ શરૂઆતમાં એ સ્થિતિમાંથી પસાર થવાનું હોય છે અને પોતાની કામનાઓના આવેગને ઠેકાણે શાસ્ત્રને પોતાનાં કર્મને નિયત કરનાર ધોરણ તરીકે સ્વીકારવું એને માટે સારું છે. જ્યાં જ્યાં માનવજાતિ સ્થિર અને વિકાસ પામેલો સમાજ મેળવી શકી છે ત્યાં ત્યાં આ સામાન્ય નિયમ તેણે હમેશાં સ્વીકારેલો છે. એવા સમાજને વ્યવસ્થાનો વિશિષ્ટ ખ્યાલ હોય છે, પૂર્ણતાનું એનું પોતાનું ધોરણ હોય છે. અર્થાત્ માનવની કામનાઓની દોરવણી કરતાં, અથવા એની અપક્વ વાસનાઓના આવેગ કરતાં કોઈ જુદી જ વસ્તુને તે નિયામક તરીકે સ્વીકારે છે. એવો વધારે મહાન ધર્મ સમગ્ર પ્રજાના અનુભવ અને જ્ઞાનના, થોડા કે વધારે પ્રમાણમાં, દૃઢ થઈ ગયેલા

* ગીતા, અધ્યાય—૧૭

સાર તરીકે પોતાનાથી બહાર વ્યક્તિને પ્રાપ્ત થાય છે, અને તેને તે સ્વીકારે છે. અર્થાત્, એનું મન તથા એની પ્રકૃતિનાં બીજાં કરણો તેને પોતાની અનુમતિ આપે છે તથા પોતાના મનમાં, સંકલ્પમાં અને કર્મમાં એ ધર્મના ધોરણ પ્રમાણે જીવન ખાળીને તેને પોતાનો કરવાનો પ્રયત્ન તે કરે છે. આ પ્રમાણે વ્યક્તિની પ્રકૃતિ જે અનુમતિ આપે છે તેને, એના અંતરના એ સચેતન સ્વીકારને, "અમુક થવું જોઈએ" એવી માન્યતાને તથા એ સાક્ષાત્કારના સંકલ્પને ગીતા 'શ્રદ્ધા'નું નામ આપે છે તે આપણે પણ સ્વીકારી શકીશું. જે ધર્મ, જે મીમાંસા, જે નૈતિક ધોરણ, જે સામાજિક આદર્શ, સંસ્કૃતિના જે ખ્યાલમાં હું શ્રદ્ધા મૂકું છું તે મને મારી પ્રકૃતિને માટે અને તેનાં કાર્યો કરવા માટેનો નિયમ આપે છે, સાપેક્ષપણે સત્ય શું છે, અથવા તો, સાપેક્ષ કે નિરપેક્ષ પૂર્ણતા કેવી હોય તેનો એ મને આદર્શ આપે છે. અને જેટલા પ્રમાણમાં મારા અંતરમાં એ આદર્શ વિષે દિલની સચ્ચાઈ અને શ્રદ્ધાની પૂર્ણતા હોય છે તથા એ શ્રદ્ધા પ્રમાણે જીવન ગાળવાની સંકલ્પ-શક્તિ જેટલી સઘન હોય છે તેટલા પ્રમાણમાં એ આદર્શ મને જેવો બનાવવા માગતો હોય છે તેવો હું બની પણ શકું છું, હું મારી જાતને એ સત્યના સ્વરૂપમાં ઢાળી શકું છું, અથવા તો એ પૂર્ણતાના ઉદાહરણ રૂપ બની શકું છું.

પરંતુ આપણે એ પણ જોઈએ છીએ કે એની કામનાઓની દોરવણીથી અને કોઈ નિયમ, કોઈ નિશ્ચિત વિચાર, શાસ્ત્રના વિધિનિષેધ કરતાં સલામત નિયમ વગેરેનો સ્વીકાર કરનાર સંકલ્પથી વધારે મુક્ત એવી વૃત્તિ માણસમાં હોય છે. શાસ્ત્રના શાસનથી વ્યક્તિ વારેવારે અને સમષ્ટિ પોતાના જીવનની કોઈ પણ ક્ષણે વિમુખ થઈ જતી જણાય છે, એ બન્ને શાસ્ત્ર પ્રત્યે અધીર પણ બને છે, શાસ્ત્રમાં પોતાની શ્રદ્ધા અને એનું પાલન કરવાના સંકલ્પનું સ્વરૂપ ગુમાવી દે છે તથા કોઈ બીજા જ ધર્મને માટે, કોઈ બીજા જ નિયમને માટે શોધ આદરે છે. ત્યાર પછી એ નવા નિયમને પોતાના જીવનના સાચા ધર્મ તરીકે સ્વીકારવાને એ વધારે તત્પર હોય છે, તથા તેને જીવનના વધારે પ્રાણદાયી અને વધારે ઉચ્ચ સત્ય તરીકે ગણે છે. આ પ્રમાણે ત્યારે બને છે જ્યારે સ્થાપિત થયેલું શાસ્ત્ર એક જીવંત વસ્તુ તરીકે મટી જાય છે તથા અધોગતિને પામીને રૂઢિઓ અને આચારોનું રૂપ ધારણ કરે છે, અથવા તો પ્રાણહીન અચલાયતન થઈ જાય છે. અથવા, એમ પણ બને કે શાસ્ત્ર અપૂર્ણ હોય, કે પછી, માનવ તરફથી પ્રગતિની માગણી થાય છે તેને પૂરી પાડવા માટે તે ઉપયોગી રહ્યું ન હોય તેથી એક નવીન સત્ય, જીવનનો એક વધારે પૂર્ણતાવાળો ધર્મ અનિવાર્ય છે એમ માણસને લાગે છે. એવો નવો ધર્મ જો અસ્તિત્વમાં ન હોય તો પ્રજાના પ્રયત્ન વડે, અથવા, સમગ્ર પ્રજાની કામના અને જિજ્ઞાસાને મૂર્ત કરનાર કોઈ મહાન, જ્ઞાનપ્રકાશિત વ્યક્તિએ પોતાની બુદ્ધિ વડે કે મન વડે તેને શોધી કાઢવાનો હોય છે. વૈદિક ધર્મ જ્યારે રૂઢ

વિધિ અને આચારનું રૂપ ધારણ કરે છે ત્યારે પોતાના અષ્ટાંગ માર્ગના નવા ધર્મ અને નિર્વાણના નવા ઉદ્દેશ સાથે ગૌતમ બુદ્ધ પ્રગટ થાય છે. વળી, અહીં આપણે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે ગૌતમ બુદ્ધ પોતાના ધર્મને પોતાની અંગત શોધ તરીકે નહીં, પરંતુ આર્યસંસ્કૃતિના સાચા ધર્મ તરીકે જાહેર કરે છે, જેની શોધ અનેક બુદ્ધો — પ્રબુદ્ધ ચેતનાવાળા, જાગૃત આત્માઓ ફરીફરીને કરતા આવ્યા છે. આ વસ્તુનો વ્યવહારુ અર્થ તો એ થાય છે કે એક આદર્શ છે, એક શાશ્વત ધર્મ છે જેને ધર્મો, મીમાંસા, નીતિશાસ્ત્ર તથા સત્ય અને પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરનારી માનવની બધી શક્તિઓ સતત પ્રયત્ન કરીને અંતરના અને બહારના જીવનની વિદ્યા અને કલાના રૂપમાં, નવા શાસ્ત્રના રૂપમાં વારેવારે મૂર્ત કરવાનો પ્રયત્ન કરી રહી છે. મોઝીઝનો ધાર્મિક, નૈતિક અને સામાજિક સદાચારનો નિયમ સંકુચિત અને અપૂર્ણ પુરવાર થાય છે અને વધારામાં તે એક રૂઢ આચાર-માત્ર બની જાય છે ત્યારે ક્રાઈસ્ટનો ધર્મ એને સ્થાને આવે છે, મોઝીઝના ધર્મનો ઇન્કાર કરવાનો તથા એને ચરિતાર્થ કરવાનો દાવો તે એકીવખતે કરે છે. અર્થાત્, તે એના અપૂર્ણ સ્વરૂપનો ઇન્કાર કરે છે અને વધારે ગહન અને વિશાળ જ્ઞાન-જ્યોતિ લાવીને એ ધર્મ જે ઉદ્દેશ સાધવા પ્રયત્ન કરતો હતો, જીવનના જે દિવ્ય ધર્મની ખોજ કરતો હતો તે અસલ ઉદ્દેશને તે ચરિતાર્થ કરે છે. અને માણસની ખોજ આટલેથી અટકી જતી નથી, તે પોતાનાં ઘડેલાં ઘડતરોને છોડી દે છે, તથા ભૂતકાળમાં પોતે જેનો ઇન્કાર કર્યો હતો એવા કોઈ સત્ય પ્રત્યે પાછો ફરે છે, અથવા આગળ જઈને કોઈ નવા સત્યની, કોઈ નવી જ શક્તિની શોધ તે કરે છે. પરંતુ બધો સમય એની ખોજ એક જ વસ્તુ માટે હોય છે: પોતાની પૂર્ણતાનો નિયમ, સત્ય જીવનનો ધર્મ. એ ખોજ એના પોતાના પૂર્ણતાવાળા, ઉત્તમ અને અસલ આત્માની તથા પ્રકૃતિની ખોજ હોય છે.

આ ક્રિયાની શરૂઆત જે વ્યક્તિને શાસ્ત્રનો ધર્મ સંતોષ આપતો નથી તેનાથી થાય છે. કારણ કે એવી વ્યક્તિને પોતાની જાતનો તથા પોતાના અસ્તિત્વનો જે ખ્યાલ તથા તેની વિશાળમાં વિશાળ કે સૌથી સઘન જે અનુભૂતિ હોય છે તેની જોડે શાસ્ત્ર બંધબેસતું થતું નથી, એટલે એમાં શ્રદ્ધા મૂકવા માટે કે એને જીવનમાં ઉતારવા માટે તે પોતાની સંકલ્પશક્તિને સમજાવી શકતો નથી. એ શાસ્ત્ર એના અંતઃકરણના બંધારણ જોડે સંવાદી હોતું નથી, એને માટે તે સત્ એટલે કે ખરેખર અસ્તિત્વમાં રહેલી વસ્તુ નથી, ભદ્ર એટલે કે ઊંચામાં ઊંચું, સારામાં સારું કે સૌથી વધારે વાસ્તવિક કલ્યાણ-સ્વરૂપ તે હોતું નથી. એ શાસ્ત્ર એને માટે સત્ય નથી હોતું તથા એના જીવનનો તે ધર્મ નથી બની શકતું. શાસ્ત્ર વ્યક્તિથી સ્વતંત્ર એવી એક નિર્વૈયક્તિક વસ્તુ છે અને એ કારણે વ્યક્તિનાં કરણોના અનુસરણના સંકુચિત નિયમ કરતાં તે વધારે પ્રમાણભૂત ગણાય છે. પરંતુ બીજી રીતે જોતાં,

સમષ્ટિને માટે એ શાસ્ત્ર એની એક વ્યક્તિગત વસ્તુ હોય છે, તથા સમિષ્ટના અનુભવનું, તેના સંસ્કારનું, અથવા તો તેની પ્રકૃતિનું તે પરિણામ હોય છે. પરંતુ શાસ્ત્રનાં બાહ્ય સ્વરૂપો અને તેની વાસ્તવિકતા જોતાં, માનવના આત્માની ચરિતાર્થતા સિદ્ધ કરવા માટે કોઈ પણ શાસ્ત્ર આદર્શ નિયમ, કે આપણી પ્રકૃતિમાં રહેલા પ્રભુનો શાશ્વત નિયમ બની શકતું નથી, જોકે એ વધારે મહાન વસ્તુમાં, વધારે કે ઓછા પ્રમાણમાં, સૂચનો, ઈંગિતો, પ્રાથમિક તૈયારીઓ તથા જ્યોતિ આપનાર ઝાંખીઓ હોઈ શકે છે. વળી એવું પણ બને કે વ્યક્તિ સમષ્ટિથી વધારે આગળ ગઈ હોય, તેણે વધારે પ્રગતિ કરી હોય, તથા જીવનમાં પ્રગટતા આત્મ-તત્ત્વના શાસ્ત્રથી વધારે મહાન સત્ય માટે, તેની વિશાળ ગતિ માટે તથા વધારે ગંભીર હેતુ માટે તે વધારે તૈયાર થયેલી હોય. એવી વ્યક્તિને શાસ્ત્રથી દૂર લઈ જનારો તેની પ્રકૃતિનો આગળપડતો ભાગ હમેશાં કોઈ ઉચ્ચ પ્રકારની ગતિને પ્રગટ કરતો હોય છે એવું નથી. કોઈ વાર અહંપ્રધાન કે રાજસિક પ્રકૃતિના વિદ્રોહનું સ્વરૂપ તે હોય છે. કારણ કે એવી રાજસિક પ્રકૃતિ પોતાની પરિપૂર્ણતાની અને 'સ્વ'ની ખોજની સ્વતંત્રતાને દબાવનાર કોઈ વસ્તુની ધૂસરી-માંથી મુક્ત થવા માગતી હોય છે. પરંતુ એમ હોય છે ત્યારે પણ શાસ્ત્રમાં રહેલી કોઈ પ્રકારની સંકુચિતતા કે અપૂર્ણતાને કારણે, અથવા જીવનના ચાલુ આચારમાં અધોગતિને પામીને તે કેવળ નિષેધાત્મક કે પ્રાણહીન પ્રણાલી થઈ ગઈ હોય છે તે કારણે એવો બળવો ઘણી વાર સકારણ અને ન્યાયી લાગે છે. જેટલે અંશે તે વાજબી હોય છે તેટલે અંશે તે સત્યને જાગ્રત કરે છે, તેટલે અંશે તેનું અસ્તિત્વ પણ હિતકારક અને સકારણ કરે છે. એ ખરું છે કે એવો વિદ્રોહ વ્યક્તિને સાચે માર્ગે લઈ જવામાં નિષ્ફળ નીવડે છે તોપણ રાજસિક અહંતાના નિર્બન્ધ કાર્યમાં પ્રાણ અને સ્વતંત્રતા વધારે પ્રમાણમાં હોય છે તે કારણે જડ પ્રણાલિકાના પ્રાણહીન, અક્કડ અને તમોગુણી અનુસરણ કરતાં તે વધારે હિતકર હોય છે. રાજસિક પ્રકૃતિ હમેશાં તામસિક કરતાં વધારે બળવાન, વધારે સમર્થ પ્રેરણાયુક્ત હોય છે અને તમોગુણ કરતાં એનામાં શક્યતાઓ પણ વધારે હોય છે. પરંતુ શાસ્ત્રથી પર થવામાં માનવને દોરનારી શક્તિ સત્ત્વગુણ પણ હોઈ શકે છે. અર્થાત્, અત્યાર સુધી અનુસરેલા આદર્શ કરતાં વધારે વિશાળ અને વધારે મહાન આદર્શ પ્રત્યે માણસનું મન આકર્ષાય અને એને પરિણામે પોતે સ્વીકારેલ શાસ્ત્રના નિયમ કરતાં આત્માના અને વિશ્વજીવનના વધારે સંપૂર્ણ અને વધારે વિશાળ સત્ય પ્રત્યે તે તેને લઈ જાય એમ પણ બને. એવી સાત્ત્વિક પ્રગતિ દિવ્ય મુક્તિ અને જીવનનો ધર્મ એ બન્ને જેમાં એક બને છે એવા સૌથી ઉચ્ચ ધર્મની વધારે સમીપ માનવને લઈ જાય છે. હકીકતમાં આ પ્રકારની સાત્ત્વિક પ્રગતિ કોઈ ભુલાઈ ગયેલા સત્યની ફરીને થતી પ્રાપ્તિનું સ્વરૂપ લે છે, અથવા અત્યાર સુધી અણશોધાયેલા કે નહિ

અનુસરાયેલા એવા કોઈ સત્યનું સ્વરૂપ લે છે. એ જાતની પ્રવૃત્તિ અનિયંત્રિત પ્રકૃતિની માત્ર સ્વચ્છંદી ગતિ હોય છે એવું નથી. એની આધ્યાત્મિક સકારણતા પણ હોય છે અને આપણી આધ્યાત્મિક પ્રગતિ માટે તે એક જરૂર છે. અને શાસ્ત્ર એક પ્રાણવાન વસ્તુ હોય તથા સાધારણ માણસને માટે તે ઊંચામાં ઊંચો ધર્મ હોય તોપણ જેણે અંતરનો વિકાસ સાધ્યો છે એવો આધ્યાત્મિક માણસ અપવાદ હોય છે અને તેને માટે શાસ્ત્ર બંધનકર્તા નથી, એને શાસ્ત્રની મર્યાદાનું ઉલ્લંઘન કરવાનો પ્રસંગ આવી શકે છે. એનું કારણ એ છે કે શાસ્ત્ર સામાન્ય અને અપૂર્ણ માનવને દોરવણી આપવા માટે, એને સંયમમાં રાખવા અને સાપેક્ષ પ્રકારની પૂર્ણતા પ્રાપ્ત કરાવવા માટે હોય છે. આધ્યાત્મિક માણસે તો એનાથી વધારે ઊંચી, નિરપેક્ષ એવી, પૂર્ણતાનો માર્ગ અનુસરવાનો હોય છે: શાસ્ત્રની પદ્ધતિ નિશ્ચિત થઈ ચૂકેલા ધર્મોની છે જ્યારે આધ્યાત્મિક માણસે આત્માની સ્વતંત્રતામાં જીવતાં શીખવાનું છે.

પણ તો પછી, કામના અને શાસ્ત્રના નિયમ એ બન્નેની દોરવણીનો ત્યાગ કરીને જે કર્મ કરવામાં આવે તેનો સલામત પાયો કયો હશે? કારણ કે, કામનાના નિયમમાં એની પોતાની સત્તા રહેલી છે,—અલબત્ત, પશુયોનિમાં કે પ્રાથમિક, અણવિકસિત માનવજાતિમાં હોય છે તેમ આપણે માટે તે સલામત કે સંતોષકારક નથી; તે છતાં જેટલે અંશે તે કાર્ય કરે છે તેટલે અંશે આપણી પ્રકૃતિના અત્યંત પ્રાણવાન ભાગના ઉપર તે પ્રતિષ્ઠિત હોય છે અને એના પોતાના અતિ સમર્થ ઇંગિતોથી તે સુરક્ષિત હોય છે. શાસ્ત્રની પાછળ લાંબા સમયથી સ્થાપન થયેલા નિયમનું પ્રામાણ્ય હોય છે, જૂની સફળ અનુમતિઓ અને ભૂતકાળનો સલામત અનુભવ પણ એને પ્રમાણિત કરે છે. પરંતુ બન્નેથી સ્વતંત્ર એવી નવી પ્રવૃત્તિ અજ્ઞાત, કે અપૂર્ણ જ્ઞાત પ્રદેશમાં એક પ્રકારના સાહસ જેવી હોય છે. તે સાહસિક વિકાસ અને કોઈ નવો વિજય પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિ જેવી લાગે છે. એમાં કયા સૂત્રનું અવલંબન કરવાનું હોય છે, કઈ ધ્રુવ જ્યોતિ ઉપર આધાર રાખવાનો હોય છે, અથવા, આપણી સત્-તામાં રહેલા કયા દૃઢ પાયા ઉપર તે આધાર રાખી શકે તેમ છે? એનો ઉત્તર એ છે કે એ સૂત્ર, એ આધાર માણસના અંતરમાં રહેલી શ્રદ્ધા છે, અમુક વસ્તુમાં માનવાની એની સંકલ્પશક્તિ છે, પોતાનું અને જીવનનું જે સત્ય તે જુએ કે વિચારે તેને જીવનમાં જીવવાની એની સંકલ્પ-શક્તિ છે. બીજી રીતે કહીએ તો, એ પ્રવૃત્તિ એટલે માનવનું પોતાની જાતને જ સત્ય ઠરાવવા માટે આહ્વાન છે. અથવા, પોતાની અંદર વિશ્વસત્-તામાં રહેલી, પોતાના આત્માનું સત્ય શોધી કાઢવાની, પોતાના જીવનનો ધર્મ શોધી કાઢવાની, સંપૂર્ણતા અને પ્રફુલ્લતાવાળું જીવન પ્રાપ્ત કરવાનો માર્ગ જાણવાની એને ફરજ પાડનાર સમર્થ કોઈ તત્ત્વની જાગ્રતિ છે. સઘળો આધાર એ શ્રદ્ધા કેવા પ્રકારની

છે, પોતાના અંતર પ્રત્યે કે વિશ્વાત્મા પ્રત્યે તે શ્રદ્ધા પ્રેરે છે તેના ઉપર તથા એ શ્રદ્ધાનો આશ્રય લઈને તે પોતાના અંતરાત્માની કે વિશ્વના સાચા આત્માની કેટલો નજીક પહોંચી શકે છે તેના ઉપર છે. જો તે પોતે તામસિક, અંધકારમાં ડૂબેલો, વાદળાંઓથી ઢંકાયેલા જેવો હશે, જો એની શ્રદ્ધા અજ્ઞાન ભરેલી હશે, એનો સંકલ્પ અયોગ્ય હશે તો કશી સાચી વસ્તુ તે પ્રાપ્ત નહિ કરી શકે અને પોતાની અધોમુખ પ્રકૃતિમાં પડશે, અવનતિને પામશે. જો તે ખોટા રાજસિક પ્રકાશથી આકર્ષાયો હશે તો સ્વચ્છંદી સંકલ્પ તેને બાજુ પરની કેડી પર ચડાવી દેશે અને તે એને કાદવવાળા પ્રદેશોમાં કે ખાઈની કોર ઉપર લઈ જશે. એ બેમાંથી ગમે તે પ્રકારની ગતિમાં માણસની મુક્તિની તક સત્ત્વગુણનો ઉદય એનામાં થાય તેના ઉપર અવલંબે છે. એ સત્ત્વગુણ તેના અંતરમાં એક નવી પ્રકાશમય વ્યવસ્થા અને નિયંત્રણ સ્થાપન કરશે, અને એના સ્વચ્છંદી સંકલ્પની પ્રચંડ ભૂલથી અથવા, એના આચ્છાદિત અજ્ઞાનની મંદતાથી તે એને મુક્ત કરશે. પરંતુ જો માણસની પ્રકૃતિ મૂળથી જ સાત્ત્વિક હશે અને એનામાં સાત્ત્વિક શ્રદ્ધા જાગ્રત થઈને તેના દ્વારા દિશાસૂચન થયું હશે તો તે માણસ સત્ત્વથી પણ વધારે ઉચ્ચ, પરંતુ અત્યાર સુધી અપ્રાપ્ત, એવા આદર્શ નિયમની સમીપ પહોંચી જઈ શકશે. વિરલ વ્યક્તિઓની બાબતમાં એ નિયમ તેમને સાત્ત્વિક પ્રકાશથી પેલે પાર થોડે માર્ગે દોરી લઈ જાય છે અને એ રીતે ઊંચામાં ઊંચી જ્ઞાનજ્યોતિને રસ્તે તથા દિવ્ય પ્રકારના જીવન પ્રત્યે માનવ પ્રગતિ કરી શકે છે. જો માનવમાં સત્ત્વનો પ્રકાશ એને સત્ત્વગુણના શિખર સુધી પહોંચાડે એટલો સમર્થ હોય તો એ બિંદુથી આગળ પ્રગતિ કરીને પ્રભુના, પરાત્પરના અને નિરપેક્ષ કેવલના શરૂઆતના કિરણોવાળા પ્રદેશનું દ્વાર તે શોધી શકશે. આત્માની શોધ કરવાના પ્રત્યેક પ્રયત્નમાં આ શક્યતાઓ રહેલી હોય છે જ; ગીતાના આ આધ્યાત્મિક સાહસની એ શરતો છે.

હવે આપણે જોવાનું એ છે કે ગીતા પોતાના આધ્યાત્મિક ઉપદેશ અને સાધનાની દૃષ્ટિએ આ પ્રશ્નનો કેવો ઉકેલ લાવે છે. કારણ કે તરત જ અર્જુન એક સૂચક પ્રશ્ન કરે છે જેમાંથી એ પ્રશ્ન, અથવા એની એક બાજુ, ઉપસ્થિત થાય છે. જ્યારે માણસો શ્રદ્ધાપૂર્વક, પરંતુ શાસ્ત્રની વિધિનો ત્યાગ કરીને— **अविधिपूर्वकम्** (૯.૨૩) કોઈ દેવનું કે દેવોનું યજન કરે છે ત્યારે એમની નિષ્ઠા ભક્તિ માટે એકાગ્ર થયેલી સંકલ્પશક્તિ કેવા પ્રકારની હોય છે? એમને એ શ્રદ્ધા આપનાર અને એ પ્રકારનાં કર્મોમાં પ્રેરનાર નિષ્ઠા કેવા પ્રકારની હોય છે? તે સાત્ત્વિક, કે રાજસિક, કે તામસિક હોય છે? આપણી પ્રકૃતિના ક્યા ભાગમાં તેનો સમાવેશ કરી શકાય તેમ છે? ગીતાનો ઉત્તર પ્રથમ તો એક સામાન્ય સિદ્ધાંત રજૂ કરે છે કે પ્રકૃતિની બધી વસ્તુઓ પેઠે શ્રદ્ધા પણ આપણી અંદર ત્રિવિધ હોય છે, અને આપણી પ્રકૃતિમાં જે ગુણ આગળ પડતો હોય તે પ્રમાણેની શ્રદ્ધા હોય છે.

પ્રત્યેક માનવની શ્રદ્ધા એનામાં રહેલા સત્ત્વ પ્રમાણે — सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा (૧૭.૩) — એનો સ્વભાવ, એનું માનસ જે તત્ત્વોનું બનેલું હોય એવા સત્‌માં જે સહજાત શક્તિ હોય તે પ્રમાણેની હોય છે. ત્યાર પછી એક ઘણી જ નોંધ કરવા લાયક લીટી આવે છે જેમાં ગીતા કહે છે કે આ પુરુષ, માનવમાં રહેલો અંતરાત્મા, જાણે કે, શ્રદ્ધાનો બનેલો છે. અર્થાત્‌, પોતે જે થવા ધારે છે તે સંકલ્પનો, એના પોતાનામાં અને જીવનમાં વિશ્વાસનો બનેલો સંકલ્પ તે શ્રદ્ધા છે; અને માણસમાં એ સંકલ્પ, શ્રદ્ધા કે માન્યતા જેવા પ્રકારની હશે તે જ તે માનવ છે અને માનવ તે શ્રદ્ધા છે: श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः (૧૭.૩). આ અર્થભારવાળા વાક્યને વધારે ઝીણવટથી જોઈશું તો જણાશે કે આ એક જ વાક્ય થોડા પણ સમર્થ શબ્દોમાં આધુનિક ઉપયોગિતાવાદના સમસ્ત વિચારસત્ત્વને પ્રગટ કરી આપે છે. કારણ કે કોઈ પણ માણસ, અથવા, માણસનો અંતરાત્મા, એનામાં રહેલી શ્રદ્ધાનો બનેલો હોય તો એ શબ્દોનો વધારે ઊંડો અર્થ લેતાં જણાશે કે જે સત્યને તે જુએ છે તથા જીવનમાં જીવવા સંકલ્પ કરે છે તે એને માટે જીવનનું, એના પોતાના આત્માનું, એણે પોતે સર્જેલું કે જે સર્જવાની પોતે ક્રિયામાં છે તેવું, સત્ય છે. એને માટે બીજું કોઈ સત્ય વાસ્તવિક હોઈ શકતું નથી. એ સત્ય એના અંતરના અને બહારના કર્મની બનેલી વસ્તુ છે, એ સત્ય એના આવિર્ભાવની, એના આત્માની ક્રિયાત્મકતાની બનેલી એક વસ્તુ છે. અર્થાત્‌, એ સત્ય એનામાં રહેલી કોઈ અવિકારી વસ્તુ નથી. આજે એ માણસ જેવો છે તે એની પ્રકૃતિએ ભૂતકાળમાં કરેલા સંકલ્પનું પરિણામ છે અને એ સંકલ્પને અત્યારનો એનો જ્ઞાનપ્રાપ્તિનો સંકલ્પ — બુદ્ધિમાં અને પ્રાણમાં અમુક સ્વરૂપ થવાનો, અને એ પ્રમાણે થઈ શકાશે એવી શ્રદ્ધા — ટેકો આપી રહ્યો છે, એ સંકલ્પની ધારાને વહાવી રહ્યો છે. વળી એના સત્ત્વમાં સક્રિય એવી આ શ્રદ્ધા અને સંકલ્પ જે કોઈ નવો ઝોક લેશે તેવો તે ભાવિમાં બનતો જશે. આપણા પોતાના મન અને પ્રાણમાં કર્મ કરીને આપણા જીવનનું સત્ય આપણે પોતે સર્જીએ છીએ. અર્થાત્‌, આપણે જ આપણી જાતને સર્જીએ છીએ, આપણે જ આપણા પોતાના વિધાતા છીએ.

પણ એ તો દેખીતું છે કે આ તો સત્યની એક બાજુ છે, અને એક બાજુ ઢળતા ઉલ્લેખોને વિચારક હમેશાં શંકાની નજરે જુએ છે. આપણી વ્યક્તિતા અત્યારે જે કાંઈ છે, અથવા તો સર્જે છે, એટલામાં જ એનું સંપૂર્ણ સત્ય આવી જતું નથી. એ તો આપણા આવિર્ભાવનું સત્ય છે, એક વિશાળતમ વિરાટ ગતિ-સમૂહમાં ભાર દેવાનું, દબાણ કરવાનું, એક બિંદુ છે, અગત્ય આપવાની એક રેખા છે. આપણી વ્યક્તિતાની પેલી તરફ, સૌથી પ્રથમ, વિશ્વાત્મા અને વિશ્વાત્માનો આવિર્ભાવ રહેલાં છે, જેનો આપણો આવિર્ભાવ એક નાનો સરખો

ભાગ છે, નાની ક્રિયા છે. અને એ વિશ્વાત્મામાંથી પણ પેલી તરફ શાશ્વત-સત્, સનાતન કેવલ છે જેમાંથી સઘળો આવિર્ભાવ પ્રગટે છે, એ અભિવ્યકિતની સઘળી શક્યતાઓ અને તત્ત્વો, એના આદિ અને આખરી ઉદ્દેશો છે એ સનાતન સત્માંથી આવે છે. આપણે એમ કહી શકીએ છીએ કે સર્વ પ્રકારના આવિર્ભાવ વૈશ્વિક ચેતનાની જ ક્રિયા છે, માયા છે, આવિર્ભાવ કરવાના સંકલ્પનું સર્જન છે અને કોઈ પણ વાસ્તવિકતા જો હોય તો તે શુદ્ધ શાશ્વત-સત્ છે જે ચેતનાથી પર છે, લક્ષણ વગરનું છે, અવ્યક્ત છે, અવર્ણ્ય છે. માયાવાદીનું અદ્વૈત વ્યવહારમાં આ જ દૃષ્ટિબિંદુ સ્વીકારે છે, અને આવિર્ભાવનું વ્યાવહારિક સત્ય જેને તે મિથ્યા, અથવા તો તાત્કાલિક અને થોડે અંશે જ વાસ્તવિક, ગણે છે તેનો પણ એ જ અર્થ છે. આધુનિક ઉપયોગિતાવાદ એ આવિર્ભાવના સત્યને આખરી સત્ય, અથવા તો ઓળખી શકાય એવી એકમાત્ર વાસ્તવિકતા ગણે છે, કારણ કે એક બાજુ વ્યવહારુ માયા અને બીજી બાજુ સર્જન કરનારી એ માયાથી પર, એકલ, કેવલ, લક્ષણહીન અને અનિર્વચનીય શાશ્વત એ બેમાં પહેલીની વાસ્તવિકતાને જ આપણે વ્યવહારમાં ઉતારી શકીએ તેમ છીએ તથા જાણી શકીએ તેમ છીએ. પરંતુ ગીતા તો નિરપેક્ષ બ્રહ્મને પરમ પુરુષ પણ ગણે છે, અને પુરુષ એટલે હમેશાં સચેતન આત્મા. અલબત્ત, એ પુરુષની સૌથી ઊંચા પ્રકારની ચેતના, અને આપણે ઉમેરી શકીએ કે, એનો સૌથી નીચેનો છેડો જેને આપણે અચિત્ કહીએ છીએ તે આપણે જેને 'ચેતના'નું નામ આપવાને ટેવાયા છીએ એવી એકલી માનસિક ચેતનાથી ઘણી જ જુદી વસ્તુ છે. એ પરમ ચેતનામાં એક ઊંચામાં ઊંચું સત્ય તથા એક અમરતાનો ધર્મ એટલે કે એક દિવ્ય અસ્તિત્વ અને અનંતનો શાશ્વત ધર્મ રહેલાં છે. એ શાશ્વત ધર્મ, જીવનની દિવ્ય રીતિ, પુરુષોત્તમની શાશ્વતીમાં તો ક્યારની યે આવી રહેલી છે. પરંતુ અત્યારે આપણે એને અહીં આપણા પાર્થિવ આવિર્ભાવમાં પણ સર્જવાનો પ્રયત્ન કરીએ છીએ. આપણો પ્રયત્ન દિવ્ય બનવાનો છે, દેવ થવાનો છે, પ્રભુ જેવો છે તેવા થવાનો છે, મદ્ભાવને (૪.૧૦) પામવાનો છે. એનો આધાર પણ શ્રદ્ધા ઉપર છે. અર્થાત્, આપણા સચેતન સત્ત્વના કાર્ય વડે તથા તેમાં રહેલા સત્યમાં વિશ્વાસ મૂકવાથી, એ સત્યને જીવનમાં ઉતારવાથી કે તેની સાથે તદ્રૂપ થવાથી, ઊંડી સંકલ્પશકિત વડે આપણે તેને પ્રાપ્ત કરી શકીએ છીએ. પણ એનો અર્થ એવો નથી કે આપણાથી ઊર્ધ્વમાં રહેલી એ વસ્તુઓ ક્યારની યે અસ્તિત્વમાં નથી. આપણે જાતે એ દિવ્યતાને જોઈએ નહીં અને એનાં બીબાંમાં જાતનું નવસર્જન કરીએ નહીં તોપણ શાશ્વતમાં તો એ વસ્તુ હાજર હોય છે અને આપણે એમ પણ કહી શકીએ કે આપણા પોતાના ગુપ્ત સ્વરૂપમાં પણ તે ક્યારની રહેલી છે. કારણ કે આપણા અંતરમાં, આપણા અંતરની ગહનતામાં પણ પુરુષોત્તમ હમેશાં છે. એ સત્યમાં આપણો વિકાસ કરવો,

એનું આપણામાં સર્જન કરવું એ પુરુષોત્તમનો, અને આપણા અંતરાત્માનો પણ આપણામાં આવિર્ભાવ છે. સર્જન માત્ર શાશ્વતના સચેતન સત્ત્વમાંથી પ્રગટ થાય છે એટલે આપણામાં થતો આવિર્ભાવ પણ એ શાશ્વતનો જ આવિર્ભાવ છે અને એક પ્રકારની શ્રદ્ધા વડે, સ્વીકૃતિ વડે, આદ્ય ચિત્-શક્તિમાં આરોહણ કરવાની સંકલ્પશક્તિ વડે એ પ્રાગટ્યની ક્રિયા આગળ ચાલે છે.

અત્યારે આપણે આ વિષયની વિચારણા કરતા નથી, પરંતુ દિવ્ય પ્રકૃતિની સિદ્ધિમાં આપણો વિકાસ થવાની જે શક્યતા છે તેની સાથે આપણી સત્-તાના આ સંકલ્પનો, અથવા શ્રદ્ધાનો શો સંબંધ છે તે વિચારવા માગીએ છીએ. એ વિકાસ સાધવાના કાર્યમાં આ શ્રદ્ધા આપણો પાયો છે. જ્યારે આપણે કામનાઓને વશ જીવન ગાળીએ છીએ, કામના સાથે એક બનીએ છીએ તથા તેમના આવેગ પ્રમાણે કર્મ કરીએ છીએ ત્યારે તે આખી ક્રિયા આપણી પ્રાણમય અને સ્થૂલ પ્રકૃતિની, આપણી તામસિક અને રાજસિક પ્રકૃતિની શ્રદ્ધાનું પરિણામ હોય છે. અને જ્યારે આપણે શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે જીવન ગાળવા પ્રયત્ન કરીએ છીએ, એની સાથે એક થઈએ છીએ, અને એની આજ્ઞા પ્રમાણે કર્મ કરીએ છીએ ત્યારે પણ આપણે એક પ્રકારની શ્રદ્ધા અનુસાર જ વર્તીએ છીએ. અને એ શ્રદ્ધા રોજના અભ્યાસ જેવી ન થઈ ગઈ હોય તો આપણી પ્રકૃતિના રાજસિક અને તામસિક ભાગો પર પોતાનો અધિકાર સ્થાપન કરવા સતત મથતા સાત્ત્વિક ગુણનું તે પરિણામ હોય છે. જ્યારે એ બન્ને ધોરણોને છોડી દઈને કોઈ આદર્શ પ્રમાણે, અથવા, આપણે પોતે શોધી કાઢેલા, કે વ્યક્તિ તરીકે આપણે સ્વીકારેલા સત્યના કોઈ નવા જ વિચાર પ્રમાણે પ્રકૃતિને ઘડવાનો, જીવન ગાળવાનો કે કર્મ કરવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે તે પણ આપણા વિચાર, સંકલ્પ, લાગણી અને કર્મનું સતત શાસન કરી રહેલ પ્રકૃતિના ત્રણ ગુણોમાંના એકથી પ્રેરાયેલી એવી સતત સક્રિય શ્રદ્ધાનું જ કાર્ય હોય છે. વળી, જ્યારે આપણે દિવ્ય પ્રકૃતિ અનુસાર આપણી પ્રકૃતિને બનાવવાનો, તે પ્રમાણે જીવન ગાળવાનો અને કર્મ કરવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે પણ આપણે સતત ક્રિયાશીલ એવી શ્રદ્ધાથી આરંભ કરવાનો હોય છે. ગીતાના કથન પ્રમાણે સાત્ત્વિક પ્રકૃતિ પોતાનો સૌથી વધારે વિકાસ પ્રાપ્ત કરે અને પોતાની સ્પષ્ટ રેખાવાળી મર્યાદાઓનો ત્યાગ કરવાને તૈયારી કરતી હોય છે ત્યારે પણ એવી આધ્યાત્મિક શ્રદ્ધા પ્રગટ થાય છે. પરંતુ આ સઘળી વસ્તુઓ, કે એમાંની કોઈ પણ એક, પ્રકૃતિમાં એક પ્રકારની ક્રિયાશીલતા અથવા તો તત્ત્વોની ફેરબદલી સૂચવે છે. શ્રદ્ધાના એ પ્રકારોમાં અંતરનું અથવા તો બહારનું, અથવા તો સામાન્ય રીતે, અંતરનું અને બહારનું બન્ને પ્રકારનું કર્મ અનિવાર્ય બને છે. એ કર્મ કેવા પ્રકારનું હશે? આપણું જે **कर्तव्यं कर्म** — આવશ્યક કર્મ છે તેનાં ત્રણ મુખ્ય તત્ત્વો ગીતા ગણાવે છે. એ ત્રણ એટલે યજ્ઞ,

દાન અને તપ. જ્યારે અર્જુન શ્રીકૃષ્ણને ત્યાગ અને સંન્યાસ વચ્ચેના ભેદ વિષે પ્રશ્ન પૂછે છે ત્યારે શ્રીકૃષ્ણ ભાર દઈને જણાવે છે કે આ ત્રણ પ્રકારનાં — યજ્ઞ, દાન અને તપ — કર્મોનો બિલકુલ ત્યાગ કરવો જોઈએ નહીં પરંતુ તેમના પ્રમાણે આચરણ કરવું આવશ્યક છે, આપણે માટે એ કર્તવ્ય છે તથા જ્ઞાની લોકોને તો વિશુદ્ધ કરનારું છે. બીજી રીતે કહીએ તો એ કર્મો આપણી પૂર્ણતાનાં સાધનરૂપ છે. પરંતુ અજ્ઞાની લોકો એ કર્મો અશુદ્ધ પ્રકારે, અથવા તો ઓછા જ્ઞાનપૂર્વક કરે એ સંભવિત છે. સર્વ સમર્થ કર્મોમાં જે આવશ્યક એવાં મૌલિક તત્ત્વો હોય છે તેમને આપણે આ ત્રણ તત્ત્વોમાં વહેંચી શકીએ છીએ. કારણ કે પ્રકૃતિની કોઈ પણ સમર્થ ક્રિયાશીલ પ્રવૃત્તિમાં જ્ઞાન સહિત કે અજ્ઞાનપણે તપસ્યા કરવી જ પડે છે. અર્થાત્, આપણી શકિતઓને સક્રિય અને એકાગ્ર કરવી પડે છે, અથવા તો, એવી કોઈ ખાસ શકિતને એકાગ્ર કરવી પડે છે જે આપણો ઉદ્દેશ સાધવામાં, કે આપણામાં કોઈ નવો આવિર્ભાવ જાગ્રત કરવામાં, આપણને મદદ કરે. ટૂંકામાં, તપ કરવું પડે છે. આપણાં સર્વ કર્મોમાં આપણે છીએ તે, અથવા, આપણી પાસે જે કાંઈ છે તેનું દાન કરવું પડે છે, કોઈ પણ સિદ્ધિનું, પ્રાપ્તિનું કે અંતરની શકિત જાગ્રત કરવાનું મૂલ્ય આપવું પડે છે. વળી, સઘળાં કર્મોમાં ભૌતિક શકિતઓને કે વૈશ્વિક શકિતઓને, અથવા તો, આપણા કર્મોના સ્વામીને યજ્ઞ અર્પણ કરવો પડે છે. સવાલ ફકત એ હોય છે કે એ કાર્યો આપણે અચેતનપણે, અક્રિય વૃત્તિપૂર્વક, અથવા બહુબહુ તો, બુદ્ધિહીન, અજ્ઞાન, અર્ધચેતન સંકલ્પપૂર્વક કે અજ્ઞાની, કે વિકૃત એવી અચેતન કે અક્રિયતા વડે કરીએ છીએ કે પછી જ્ઞાનસહિત સચેતન સંકલ્પપૂર્વક — એટલે કે, જ્ઞાનમાં પ્રતિષ્ઠિત થઈને, કરીએ છીએ. આપણાં યજ્ઞ, દાન અને તપ તામસિક, રાજસિક કે સાત્ત્વિકમાંથી ક્યા પ્રકારનાં છે એ આપણે જોવાનું છે.

આ જગતમાં જે કાંઈ છે તે બધી વસ્તુઓને, સ્થૂલ પદાર્થોને પણ પ્રકૃતિના ત્રણ ગુણો લાગુ પડે છે. ઉદાહરણ તરીકે, ગીતા કહે છે કે આહારના પ્રકાર પ્રમાણે અને શરીર પર એની અસર થાય છે તે પ્રમાણે, આહાર સાત્ત્વિક, રાજસિક કે તામસિક હોય છે. મન અને સ્થૂલની પ્રકૃતિ સાત્ત્વિક હોય તો જીવનની વૃદ્ધિ કરે, અંતરની અને બહારની શકિતઓનો વિકાસ કરે, તથા માનસિક, પ્રાણમય અને સ્થૂલ શકિતઓને એકીવખતે પોષણ આપે તથા એ ત્રણેનાં સુખ, સંતોષ અને પ્રીતિમાં વધારો કરે એવા પદાર્થોનો આહાર કરવા પ્રત્યે માણસ આકર્ષાય છે. એવા પદાર્થો સ્નિગ્ધ, ગરમ, પોષક અને સંતોષ આપનારા હોય છે. રાજસિક પ્રકૃતિ-વાળા માણસો સ્વાભાવિક રીતે જ અતિ ઉગ્ર, ખટાશવાળા, તીખા, ગરમ અને કટુ તથા શરીરની અને મનની અસ્વસ્થતામાં અને વ્યાધિમાં વધારો કરે એવો આહાર પસંદ કરે છે. તમોગુણી પ્રકૃતિ ઠંડા, અશુદ્ધ, ઊતરી ગયેલા, કોહી ગયેલા,

બેસ્વાદ એવા આહારમાં એક પ્રકારનો વિકૃત આનંદ માને છે, અથવા પશુઓની પેઠે અન્યનું ઉચ્છિષ્ટ પણ ખાય છે. આ ત્રણ ગુણોનું તત્ત્વ સર્વવ્યાપી છે. એ ગુણો માનસિક અને આધ્યાત્મિક વસ્તુઓને પણ લાગુ પડે છે — અર્થાત્ યજ્ઞ, દાન અને તપને પણ. પ્રાચીન ભારતની સંસ્કૃતિમાં વપરાયેલાં પ્રતીકો પ્રમાણે એ વસ્તુઓનું પણ એ ત્રણ પ્રકારમાં વર્ગીકરણ કરવામાં આવ્યું હતું તે ગીતા પણ અહીં આપે છે. પરંતુ ગીતા 'યજ્ઞ'ના ખ્યાલનો કેટલા બધા વિશાળ અર્થમાં પ્રયોગ કરે છે તે યાદ રાખીશું તો એણે આપેલી બાહ્ય સૂચનાઓને આપણે વિશાળ અર્થમાં લઈ શકીશું, અને તેમાં રહેલા વધારે ઊંડા અર્થ પ્રત્યે એ ત્રણેને ખુલ્લા કરી શકીશું. એ ત્રણને ગીતા મૂકે છે તેનાથી ઊલટા ક્રમમાં, એટલે તમથી સત્ત્વ પ્રત્યે લેવા વધારે સગવડભર્યું પણ થઈ પડશે; કારણ કે આપણી નિમ્ન પ્રકૃતિમાંથી ઊર્ધ્વમાં સત્ત્વગુણનો ઉત્કર્ષ સાધી તેનાથી પર થઈ દિવ્ય પ્રકૃતિમાં અને કર્મમાં ત્રણ ગુણોથી પેલે પાર આરોહણ કેવી રીતે કરવું એ વિષે આપણે અહીં વિચાર કરીએ છીએ.

શ્રદ્ધા વગર કરેલો યજ્ઞ તે તામસિક છે. એવો યજ્ઞ એટલે જે કરવાનું હોય તે કાર્ય વિષે સચેતન થયા વગર, એના ઉદ્દેશનો સ્વીકાર કર્યા વગર, તેને માટેની સંકલ્પશક્તિ જાગ્રત કર્યા વગર પ્રકૃતિ માણસ પાસે ફરજિયાત કરાવે છે તેવી રીતે કરવામાં આવતો યજ્ઞ. એવો યજ્ઞ કેવળ બાહ્ય યાંત્રિક પ્રકારે કરવામાં આવે છે, કારણ કે જીવનની ક્રિયા તેને માટે માગણી કરતી હોય છે તે માટે, અથવા તો, બીજા લોકો કરતા હોય છે તે માટે, અથવા, એ ન કરવાથી કોઈ વધારે મુશ્કેલી આવે તેને ટાળવા માટે, અથવા બીજા કોઈ તામસિક હેતુને ખાતર તે કરવામાં આવે છે. માનવની પ્રકૃતિ જો સંપૂર્ણપણે તામસિક હોય તો એવો યજ્ઞ પણ તે બેદરકારીપૂર્વક, કશા પણ રસ વગર, તથા ખોટી રીતે, અવિધિપૂર્વક કરે છે. જીવનની વિદ્યા અને કલા પ્રમાણે જે સાચી પદ્ધતિનો આશ્રય લેવો જોઈએ તેનો તે આશ્રય લેતો નથી. એવા યજ્ઞમાં અન્નદાન હોતું નથી. હિંદના કર્મકાંડમાં સાચા યજ્ઞરૂપ પ્રત્યેક કર્મમાં અન્યને સહાય કરનારું દાનનું તત્ત્વ રહેલું છે તેના પ્રતીક તરીકે અન્નદાન કરવામાં આવે છે. અન્યને દાન આપવું અનિવાર્ય છે, — અન્યને, જગતને — આપેલું દાન એ ઊગી નીકળનારી ક્રિયા છે જેના વિના આપણું કર્મ કેવળ એક સ્વકેન્દ્રી વસ્તુ બની રહે છે, અને સંગીનતાના અને આદાન-પ્રદાનના સાચા નિયમનું ઉલ્લંઘન કરે છે. એ દક્ષિણા વગરનું, અર્થાત્ યજ્ઞ-કાર્યના નેતાઓને, તેને બાહ્ય પ્રકારની સહાય કરનાર માણસોને, કે પછી અંતરમાં પ્રગટ કે પ્રચ્છન્ન રહેલા પ્રભુને — દાન આપવાની અથવા તો સમર્પણ કરવાની જે ઘણી જરૂર છે તેના વિનાનું કાર્ય છે. એવો યજ્ઞ મંત્રહીન હોય છે, અર્થાત્ એમાં યજમાનની સમર્પણની ભાવનાને, એના

સમર્પણના સંકલ્પને અને જ્ઞાનને પ્રગટ કરનાર પવિત્ર શબ્દદેહ હોતો નથી. એવા મંત્ર વડે આપણે ઉપાસ્ય દેવતાઓ પ્રત્યે આપણા માનસને આરોહણ કરાવીએ છીએ. તમોગુણી માણસ પોતાનો યજ્ઞ દેવોને નહિ, પરંતુ ઊતરતા પ્રકારની ભૌતિક શકિતઓને, અથવા એ કર્મના ઉપર પુષ્ટ થનાર પડદા પાછળ ગુમ રહેલા તમોગુણી સત્ત્વોને સમર્પણ કરે છે અને એ સત્ત્વો પોતાના અજ્ઞાન વડે એના જીવન પર અધિકાર ભોગવે છે.

રાજસિક માણસ ઊતરતા પ્રકારના દેવોને અથવા પ્રભુની વિરોધી શકિત-ઓને, યક્ષોને, ધનના રક્ષકોને અથવા તો આસુરી અને રાક્ષસી સત્ત્વોને પોતાનો યજ્ઞ અર્પણ કરે છે. એનો યજ્ઞ બાહ્ય રીતે શાસ્ત્રવિધિ પ્રમાણે કરવામાં આવે છે, પણ એનો હેતુ દેખાવ કરવાનો હોય છે; અથવા અભિમાન, કર્મ કરવા માટે ભારી કામના, કર્મ માટેનાં ફળની સમર્થ માગણી વગેરે પણ એના યજ્ઞના હેતુઓ હોય છે. અતિ સમર્થ અને અહંકારી કામનામાંથી, અથવા તો, અંગત હેતુ સાધવા માટે જગતના ઉપર પોતાનો અમલ બળજોરીથી સ્થાપવા માગનાર દર્પવાળા સંકલ્પ-માંથી જે કાર્ય ઉદ્ભવે છે તે રાજસિક પ્રકારનું છે, ભલે તે પોતાની જાતને અન્ય પ્રકારનાં નિશાનો તળે ઢાંકે અને બહારથી જોતાં ભલે યજ્ઞના જેવું દેખાતું પણ હોય! એવું કર્મ દેખીતી રીતે ભગવાનને અથવા તો દેવતાઓને સમર્પિત થયેલું હોય છે તોપણ મૂળમાં તે આસુરી કર્મ રહે છે. આપણાં કર્મોનાં મૂલ્યનો આધાર ચેતનાની આંતર સ્થિતિ, હેતુ અને ગતિની દિશા પર અવલંબે છે, નહિ કે બહારની દેખીતી દિશા ઉપર, કે એ કાર્યને અનુમતિ આપવા માટે આપણે જે દિવ્ય નામોને સંબોધતા હોઈએ છીએ તેના પર. વળી એ કાર્યના આચરણમાં આપણને સકારણતા બતાવીને ટેકો આપનાર સાચા દિલની બૌદ્ધિક માન્યતા હોય છે તેના પર પણ એના મૂલ્યનો આધાર નથી. જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં આપણાં કર્મોમાં અહંતા આગળપડતી હોય છે ત્યાં ત્યાં આપણું કર્મ રાજસિક બને છે. સાચા સાત્ત્વિક યજ્ઞને જાણવાની ત્રણ નિશાનીઓ છે; એ ત્રણે એની શાંત સ્થિર મુદ્રા જેવી છે. પહેલું, એ કર્મનો આદેશ, એની પ્રેરણા સત્યમાંથી આવે છે અને યોગ્ય વિધિ પ્રમાણે એનું નિર્વહન થાય છે, — સાચા સિદ્ધાંત, ચોક્કસ પદ્ધતિ અને નિયમ, યોગ્ય સંવાદ અને વસ્તુના પોતાના ધર્મ પ્રમાણે એ કર્મ કરવામાં આવે છે. અર્થાત્, એ કર્મના હેતુ અને સાધનનું નિર્માણ કરનારી શકિત બુદ્ધિ અને જ્ઞાનથી પ્રકાશિત હોય છે. બીજું, જે કાર્ય કરવાનું હોય છે તેના પર મનને એકાગ્ર કરીને આપણા જીવનનું સંચાલન કરનાર કોઈ દિવ્ય ધર્મ આપણા ઉપર એ કાર્યરૂપી યજ્ઞ કરવાની ફરજ પાડે છે એમ સમજીને કરવામાં આવે છે. અર્થાત્, એવું કાર્ય અંતરમાં કોઈ ઉચ્ચ પ્રકારની ફરજની લાગણીપૂર્વક કે સત્યના અનિવાર્ય અનુસરણ તરીકે, ફળની કામના વગર કરવામાં આવે છે. કર્મનો ઉદ્દેશ અને તેના

પર મૂકેલી પોતાની પ્રકૃતિની શકિત જેટલી વધારે બિનંગત તેટલી તે વધારે સાત્ત્વિક ગણાય. ત્રીજું, એવું કર્મ યજ્ઞ તરીકે દેવતાઓને કોઈ પણ પ્રકારની શરત વગર અર્પણ કરવામાં આવે છે, અને દેવો પ્રભુનાં પોતાનાં વ્યકિત-સ્વરૂપો અને વેશપલટાઓ હોય છે જેમના દ્વારા જીવનનો સ્વામી વિશ્વના ઉપર પોતાનું શાસન ચલાવે છે તેઓ એ યજ્ઞનો સ્વીકાર કરે છે.

ગીતા જે પ્રકારનું કર્મ કરવાની માણસ પાસે માગણી કરે છે તેના આદર્શની ઘણો જ સમીપ આ સાત્ત્વિક યજ્ઞ આવે છે, અને માણસને સીધેસીધો તેના પ્રત્યે લઈ જાય છે. એ પણ કાંઈ છેવટનો અને સૌથી ઉચ્ચ પ્રકારનો આદર્શ નથી; એટલે કે, દિવ્ય પ્રકૃતિમાં રહેનારા સિદ્ધ પુરુષનું કર્મ એ પ્રકારનું હોતું નથી. કારણ કે સાત્ત્વિક કર્મ એક સ્થાપિત ધર્મ તરીકે કરવામાં આવે છે અને તે દેવોને યજ્ઞ કે સેવા તરીકે અર્પણ થયેલું હોય છે. એટલે કે, આપણી અંદર કે આ વિશ્વમાં પ્રગટ થયેલા પ્રભુના આંશિક ભાવને, એના કોઈ મર્યાદિત સ્વરૂપને, તે સમર્પણ થયેલું હોય છે. સ્વાર્થ વગરનો, ધાર્મિક શ્રદ્ધાપૂર્વક કરેલું કર્મ, અથવા, માનવ-જાતિને માટે નિ:સ્વાર્થપણે, કે સત્ય વસ્તુ પ્રત્યે ભકિતપૂર્વક, બિનંગતપણે કરેલું કર્મ એ બધાં કર્મો સાત્ત્વિક પ્રકારનાં છે. એ પ્રકારનાં કર્મો આપણી પૂર્ણતાને માટે આવશ્યક છે, કારણ કે એને લઈને આપણા વિચાર, સંકલ્પ અને પ્રકૃતિના સત્ત્વની શુદ્ધિ થાય છે. આપણે સાત્ત્વિક કર્મની જે ઊંચામાં ઊંચી સ્થિતિ પ્રાપ્ત કરવાની છે તે હજી વધારે વિશાળ અને વધારે મુકત પ્રકારની છે. એ સૌથી ઉચ્ચ પ્રકારનો આખરી યજ્ઞ પરમાત્માની સમગ્રતાવાળી સત્-તાને અર્પણ કરવાનો છે, અને તે પુરુષોત્તમની પ્રાપ્તિ કરવાના સંકલ્પસહિત, અથવા તો, જે કાંઈ છે તે સર્વમાં વાસુદેવનાં દર્શન કરીને કરવાનો હોય છે. એવું કર્મ બિનંગત, વિશ્વભાવથી કરેલું, જગતના હિતને ખાતર, વિશ્વમાં પ્રભુના સંકલ્પને પાર પાડવા માટે કરવામાં આવે છે. સાત્ત્વિકતાનું એ શિખર માણસને આપોઆપ એનાથી પર લઈ જાય છે, અને અમર ધર્મને પ્રાપ્ત કરાવે છે. ત્યાર પછી મુકિતની એવી સ્થિતિ આવે છે જેમાં અંગત પ્રકારનું કર્મ હોતું જ નથી, સાત્ત્વિક ધર્મના પાલનનો નિયમ કે શાસ્ત્રની મર્યાદા કશું રહેતું નથી. ત્યાર પછી સામાન્ય બુદ્ધિ અને સંકલ્પ પાછળ રહી જાય છે અને એ કરણોને બદલે કોઈ ઉચ્ચ પ્રકારનું જ્ઞાન કર્મનો આદેશ આપે છે, તેને દોરે છે, તથા તેના ઉદ્દેશનું નિર્માણ કરે છે. એમાં અંગત ફળ પ્રાપ્ત કરવાનો પ્રશ્ન પણ રહેતો નથી, કારણ કે કર્મના અનુષ્ઠાનમાં જે સંકલ્પ કાર્ય કરતો હોય છે તે આપણો પોતાનો નહીં, પરંતુ આપણો અંતરાત્મા જેનું કરણ છે તે પરમાત્માનો પરમ, દિવ્ય સંકલ્પ હોય છે. એમાં સ્વનો અર્થ કે નિ:સ્વાર્થપણું બેમાંનું કશું જ હોતું નથી; કારણ કે ભગવાનનો સનાતન અંશ — જીવ — એ દિશામાં પોતાના સૌથી ઉચ્ચ દિવ્ય સ્વરૂપ સાથે અદ્વૈતમાં હોય છે અને

એ પોતે તથા અન્ય સર્વે પરબ્રહ્મમાં એકતાને પામેલાં હોય છે. અર્થાત્ એવા માણસને અંગત કાર્ય રહેતું નથી, કારણ કે સર્વ કર્મો આપણા કર્મોના સ્વામી પરમાત્માને સમર્પિત થયેલાં હોય છે, અને દિવ્ય થયેલી આપણી પ્રકૃતિ દ્વારા પ્રભુ જ કર્મ કરતો હોય છે. ખરું જોતાં, એવા માણસનું કર્મ યજ્ઞરૂપ પણ હોતું નથી — સિવાય કે આપણે એમ કહીએ કે યજ્ઞમાત્રનો મહેશ્વર જીવની અંદર પોતાની જ શક્તિનાં કાર્યો પોતાના વિશ્વરૂપને અર્પણ કરે છે. યજ્ઞ તરીકે કર્મો કરતાં કરતાં સત્ત્વગુણનું ઉલ્લંઘન કરનારી પરમ સ્થિતિને સાધક પ્રાપ્ત કરે છે, દિવ્ય પ્રકૃતિમાં જે આત્માએ પોતાની સંપૂર્ણ ચેતના પ્રાપ્ત કરેલી છે તેની પૂર્ણતા તે આ છે.

તામસિક તપસ્યા અજ્ઞાનભરેલા મૂઢ વિચારનું દુરાગ્રહપૂર્વક અનુસરણ કરે છે, કોઈ પોતાને ગમતા અસત્યમાં અજ્ઞાની શ્રદ્ધા તે વિચારને ટેકો આપતી હોય છે. એવી તપસ્યા બહુ ચેષ્ટાપૂર્વક જાતનું દમન કરીને કોઈ મહાન કે સત્ય આદર્શ સાથે કશા પણ સંબંધ વગરનો એવો કોઈ સંકુચિત, ગ્રામ્ય, અહંતાવાળો ઉદ્દેશ સાધવા માટે, અથવા તો, કોઈને હાનિ કરવાના સંકલ્પની એકાગ્રતાસહિત કરવામાં આવે છે. આ તપને તામસિક બનાવનાર વસ્તુ કાંઈ જડતાનું તત્ત્વ નથી. કારણ કે તપસ્યા માટે જડતા તદ્દન વિદેશી વસ્તુ છે. પરંતુ પ્રકૃતિમાં અને મનમાં અંધકાર, કાર્ય કરવામાં ગ્રામ્ય સંકુચિતતા, અભદ્રતા, અથવા તો, એના ઉદ્દેશમાં કે પ્રેરક ભાવમાં કોઈ પાશવી વાસના કે કામના રહેલી હોય છે. રાજસિક તપસ્યા કીર્તિ અને માણસોની ભક્તિ મેળવવા માટે, જાતને માટે ખાસ નામના કરવા અથવા બહારની કીર્તિ અને મહત્તા મળે એટલા માટે, અહંપ્રધાન સંકલ્પ અને અભિમાનના અનેક ઉદ્દેશોમાંથી કોઈ એકાદ સાધવા માટે કરવામાં આવે છે. આ જાતનું તપ ક્ષણિક, વિશિષ્ટ પદાર્થો પ્રત્યે વળેલું હોઈ આત્માના દિવ્યતા પ્રત્યેના વિકાસમાં અને પૂર્ણતામાં કશો ઉમેરો ન કરે એવું ક્ષણજીવી, અને આસક્ત હોય છે. એવી તપસ્યા કોઈ પ્રકારના સ્થિર અને સહાયકારક સિદ્ધાંત વિનાની, ક્ષણિક પ્રસંગ જોડે સંકળાયેલી અને પોતે પણ એવા જ પ્રકારની એક શક્તિ હોય છે. અથવા એમ પણ હોય કે તપસ્યાનો ઉદ્દેશ વધારે આધ્યાત્મિક અને ઉદાત્ત હોય તથા એનાં શ્રદ્ધા અને સંકલ્પ વધારે ઉચ્ચ પ્રકારનાં હોય છતાં પણ તેમાં જો કોઈ પ્રકારનો દર્પ કે અભિમાન કે ઉગ્ર આત્મસંકલ્પનું મહાન બળ પ્રગટ થાય, કે કામના પ્રવેશ કરે, અથવા, શાસ્ત્રની વિરુદ્ધ કોઈ પ્રચંડ, અનિયંત્રિત કે ભીષણ કર્મ કરી બેસે તો તે તપસ્યા રાજસિક બને છે. વળી, જીવનના અને કર્મના સત્ય ધર્મની વિધિથી વિરુદ્ધ હોય, પોતાની જાતને તથા અન્ય લોકોને દુ:ખ દેનારું હોય, કે પછી જાતના ઉપર, એક પ્રકારનો જુલમ હોય શરીર, પ્રાણ કે મનના કોઈ તત્ત્વને હાનિ કરે કે અંતરમાં રહેલા પ્રભુની આણ ઉથાપે એવું તપ અજ્ઞાની, આસુરી અર્થાત્, રજસ્-તમસ્‌ના મિશ્રણરૂપ તપ કહેવાય છે.

સાત્ત્વિક તપસ્યા એટલે જ્ઞાનથી પ્રકાશિત, ઊંચી શ્રદ્ધાસહિત, અંતરના ઊંડાણમાં સ્વીકારેલા ધર્મ તરીકે અથવા નૈતિક, આધ્યાત્મિક કે કોઈ ઉચ્ચ હેતુ સાધવા માટે, તથા બાહ્ય, કે અત્યંત અંગત એવા કોઈ સંકુચિત ફળની કામના સિવાય કરેલું તપ. એવા તપમાં આત્મસંયમ અને શિસ્ત આવશ્યક હોય છે, તથા પ્રકૃતિમાં સંવાદ પણ હોવો જોઈએ. ગીતા ત્રણ પ્રકારની સાત્ત્વિક તપસ્યાનું વર્ણન કરે છે. પ્રથમ, સ્થૂલ યાને બાહ્ય કર્મનું, શારીર તપ આવે છે. આ વર્ગમાં ખાસ કરીને ભક્તિને લાયક હોય તેમને માન અને ભક્તિ અર્પણ કરવાનું, જીવનમાં, કર્મમાં અને દેહપૂરતું શૌચ, શુદ્ધ વ્યવહાર, બ્રહ્મચર્ય અને અહિંસા, અર્થાત્ અન્ય કોઈની હિંસા કે હાનિ કરવી નહિ તે, આવે છે. ત્યાર પછી બીજું, વાચાનું તપ છે. એમાં અભ્યાસ કરવો, માયાળુ, સત્ય અને હિતકર વાણી બોલવી, અન્યને ભય, શોક તથા દુઃખ થાય એવી વાણીનો ત્યાગ એ વસ્તુઓ આવે છે. માનસિક અને નૈતિક પૂર્ણતા માટેની તપસ્યા છેવટે આવે છે. એનો અર્થ એ છે કે માણસે પોતાની સમગ્ર પ્રકૃતિની શુદ્ધિ કરવાની છે. નમ્રતા, પ્રસન્નતા, આત્મસંયમ અને મૌન પ્રાપ્ત કરવાનાં છે. આ ત્રીજા વર્ગમાં રાજસિક અને અહં-પ્રધાન પ્રકૃતિને શાંત કરનારી તથા તેને શિસ્તમાં લાવીને તેને ઠેકાણે ભદ્રનાં અને પુણ્યનાં સુખદ અને શાંત તત્ત્વોને સ્થાપન કરનારી વસ્તુઓ આવી જાય છે. પ્રાચીન હિંદની સંસ્કૃતિની પદ્ધતિમાં જેનું બહુ મૂલ્ય કરવામાં આવ્યું છે તે સાત્ત્વિક ધર્મની તપસ્યા આ છે. બુદ્ધિ અને સંકલ્પની એક વધારે ચડતા પ્રકારની વિશુદ્ધિ કરવાથી, આત્મામાં સમતા સ્થાપન કરવાથી, અને ગહન શાંતિ અને સ્થિરતામાં અને વ્યાપક સહાનુભૂતિ સહિત અદ્વૈત સાધવા માટે તૈયારી કરવાથી એ તપસ્યાની વધારે ઉચ્ચ પ્રકારની ચરિતાર્થતા સિદ્ધ થાય છે. વળી, એમાં મન, પ્રાણ અને શરીરમાં અંતરાત્માના દિવ્ય આનંદનું પ્રતિબિંબ પડે છે. સાત્ત્વિકતાના એ ઉચ્ચ શિખર ઉપર પ્રકૃતિનો નૈતિક પ્રકાર આધ્યાત્મિકતાના પ્રકારમાં પરિવર્તન પામતો જણાય છે. એ આધ્યાત્મિક પરિવર્તનને એનાથી પણ વધારે ઊર્ધ્વમાં, વધારે મુક્ત પ્રકાશમાં આરોહણ કરાવી શકાય તેમ છે. એ સ્થિતિમાં તે પરા પ્રકૃતિની દૃઢ સ્થાપિત દૈવી શક્તિમાં રૂપાંતર પામી જઈ શકે છે. ત્યાર પછી પરમાત્માનું પોતાનું નિષ્કલંક તપસ્ જ રહેશે. અર્થાત્, એવા માનવની પ્રકૃતિનાં બધાં ય કરણોમાં સૌથી ઊર્ધ્વ સંકલ્પ અને પ્રકાશમય શક્તિ સદા જાગ્રત રહેશે અને તે એક વિશાળ, ઘન સ્થિરતામાં સ્થાપિત થઈ શુદ્ધ આધ્યાત્મિક આનંદપૂર્વક કાર્યમાં પ્રવૃત્ત થશે. ત્યાર પછી તપસ્યાની જરૂર નહિ રહે, કારણ કે સઘળું સહજપણે દિવ્ય જ હોય છે, સઘળું તે દિવ્ય તપઃશક્તિનું કાર્ય હોય છે. ત્યાર પછી અધોમુખ પ્રકૃતિની જુદી ચેષ્ટા રહેશે નહિ, કારણ કે પ્રકૃતિની શક્તિને પુરુષોત્તમના પરાત્પર સંકલ્પમાં પોતાનું મૂળ અને પાયો હાથ લાગ્યાં હશે. આ

પ્રમાણે પરા પ્રકૃતિની દીક્ષા મળવાથી નિમ્ન ભૂમિકા ઉપરનાં એનાં કાર્યો પણ એક સહજ અને સંપૂર્ણ સંકલ્પમાંથી તથા જન્મથી જ સિદ્ધ એવી સંપૂર્ણ દોરવણી તળે સાકાર બનશે. અત્યારનો કોઈ ધર્મ એના કાર્યને મર્યાદિત નહિ કરી શકે, કારણ કે રાજસિક અને તામસિક પ્રકૃતિથી ઘણે ઊંચે એનું મુક્ત કાર્ય થતું હોય છે, એટલું જ નહિ પરંતુ સાત્ત્વિક કર્મના અતિ કાળજીવાળા અને સાંકડી મર્યાદાઓવાળા ધર્મથી પણ ઘણે ઊંચે એ મુક્ત કર્મ સાકાર બને છે.

તપસ્યા પેઠે દાન પણ અજ્ઞાનપૂર્વક કરેલું દાન તામસિક, દેખાવ માટે કરેલું રાજસિક અને નિઃસ્વાર્થ અને જ્ઞાનપૂર્વક કરેલું સાત્ત્વિક ગણાય છે. તામસિક દાન દેશ, કાળ અને પાત્રનો વિચાર કર્યા વગર કરવામાં આવે છે. એવું દાન મૂર્ખાઈ-ભરેલું, સત્કાર વગરનું, પોતાના "અહં"ના ઉપર કેન્દ્રિત, ઉદારતા વગરનું અને અવજ્ઞાવાળું હોય છે. સાચી ઉદારતા કે સહાનુભૂતિ વગરનું એ દાન જેને કરવામાં આવે છે તેની લાગણીનો વિચાર કર્યા વગર અપાય છે અને એનો સ્વીકાર કરનાર પરિગ્રહ કરતાં પણ તેનો તિરસ્કાર કરતો હોય છે. રાજસિક દાનમાં "ક્યાં દાન કર્યું?" એવી શોકની લાગણી થાય છે, એવું દાન ઇચ્છા વગર કે પોતાની જાતના ઉપર દબાણ કરીને, કે પછી, અંગત, અહંપ્રધાન કોઈ લાભને ખાતર અથવા, બદલાની આશા રાખીને, જેને આપ્યું હોય તેની પાસેથી સરખા કે વધારે લાભની આશાપૂર્વક કરેલું હોય છે. સાત્ત્વિક દાન એટલે આવશ્યક ગણીને શુભ સંકલ્પ-પૂર્વક સહાનુભૂતિસહિત, વિધિપૂર્વક, યોગ્ય માર્ગે, દેશ, કાળ અને પાત્ર જોઈને —દાનને પાત્ર માણસ લાયક છે અથવા તો, દાન તેને ખરેખર સહાય કરી શકે તેમ છે એ જોઈને—કરેલું દાન છે. એવું દાન હિતને ખાતર કરવામાં આવે છે. સાત્ત્વિક પ્રકારની દાનવૃત્તિની પરાકાષ્ઠા થતાં અન્યને, જગતને તથા પ્રભુને પોતાની વિશાળ આત્મસમર્પણ કરવાની ક્રિયા જાગ્રત થશે. કર્મરૂપી યજ્ઞની એક ઉચ્ચ આહુતિ તરીકે એ પ્રકારનું સમર્પણ કરવાની ગીતા આજ્ઞા કરે છે. દિવ્ય પ્રકૃતિમાં આરોહણ થાય એ જીવનના વિશાળમાં વિશાળ અર્થ ઉપર સ્થાપેલા આત્મસમર્પણની મહાનમાં મહાન સિદ્ધિ હશે. પ્રભુ પોતાની જાતને, અને પોતાની જાતનું દાન કરી રહ્યો છે, શક્તિઓને પોતાનું અર્પણ કરી રહ્યો છે, પોતાના આત્માને આ બધી અસંખ્ય સત્-તાઓમાં છૂટથી વહાવી, રેલાવી, રહ્યો છે. તેને પરિણામે આ અનેકવિધ બ્રહ્માંડો ઉત્પન્ન થયાં છે. વેદ કહે છે કે આ વિશ્વનું અસ્તિત્વ પુરુષે પોતાનો યજ્ઞ કર્યો છે તેને આભારી છે. જે આત્માએ પૂર્ણતા પ્રાપ્ત કરી છે તેનાં બધાં જ કર્મો પ્રભુની પેઠે પોતાની જાતનું અને પોતાની શક્તિઓનું દાન, તેમનું સમર્પણ હશે, એનાં બધાં કર્મો જ્ઞાન, જ્યોતિ, સામર્થ્ય, પ્રેમ, આનંદ વગેરેના પ્રવાહરૂપ હશે. વળી તેણે પ્રભુ સાથે એકતા સાધેલી હોવાથી તેનામાં

અન્યને સહાય કરવાની શકિતનો પ્રવાહ રેલાશે. એ સહાયકારી શકિતપ્રવાહ વડે તથા પોતાના પ્રભાવથી અને આજુબાજુના માણસો ઉપર — એમની ગ્રહણશકિતના પ્રમાણમાં — અથવા સમગ્ર પૃથ્વી અને તેનાં પ્રાણીઓ ઉપર તે પોતાની અસર ફેલાવશે. પ્રભુને સંપૂર્ણ આત્મદાન કરવાનું એ સંપૂર્ણ પરિણામ હશે.

આ અધ્યાયનો અંત પહેલી નજરે ગુમ જણાય એવા ઉદ્‌ગાર સાથે ગીતા આણે છે: "ૐ તત્ સત્." ગીતા કહે છે કે આ ૐ તત્ સત્ એ બ્રહ્મની ત્રિપુટ વ્યાખ્યા છે, એણે બ્રાહ્મણો, વેદો અને યજ્ઞનું વિધાન કરેલું છે. અને એ સઘળાનો સમસ્ત અર્થ એ મંત્રમાં સમાયેલો છે. तत् = તે, એ નિરપેક્ષનો, કેવળ બ્રહ્મનો સૂચક છે. सत् એનાં મૂળ તત્ત્વોમાં એ પરમ અને વૈશ્વિક સત્-તાનો વાચક છે. ૐ એ ત્રિવિધ બ્રહ્મનો પ્રતીક છે: ૧. જાગ્રત યાને બહિર્મુખ, ૨. અંતર્મુખ યાને સૂક્ષ્મ અને ૩. પરાચિતિમાં રહેલો કારણ-પુરુષ. અ, ઉ અને મ એમાંનો દરેક અક્ષર એ ત્રણ અવસ્થાઓને અનુક્રમમાં દર્શાવે છે, તથા સમગ્ર રીતે, "ઓમ્" શબ્દ આખો ચતુર્થ — તુરીય — અવસ્થાનો વાચક છે. એ તુરીય નિરપેક્ષને, કેવળ બ્રહ્મને, પહોંચે છે. મંગલવાચક 'ૐ' શબ્દનો ઉચ્ચાર કરીને યજ્ઞ, દાન અને તપની સઘળી ક્રિયાઓનો આરંભ કરવામાં આવે છે. એ ઉચ્ચાર આપણને સ્મરણ કરાવે છે કે આપણા અંતરમાં રહેલા ત્રિવિધ બ્રહ્મના આવિર્ભાવ તરીકે આપણે સઘળાં કર્મો કરવાં જોઈએ, તથા સર્વ કર્મનો સંકલ્પ અને લક્ષ્ય બ્રહ્મની પ્રાપ્તિ હોવી જોઈએ. મુકિતની આકાંક્ષા કરનારાઓ એટલે મુમુક્ષુઓ પોતાની પ્રકૃતિની પાછળ કેવળ બ્રહ્મના આનંદનો ખ્યાલ રાખીને કશા પણ ફળની આશા રાખ્યા વિના સર્વ કર્મો કરતા હોય છે. પોતાનાં કર્મોમાં આ વિશુદ્ધિ અને બિનંગતતા લાવીને, આ ઉચ્ચ પ્રકારનો નિષ્કામભાવ ધારણ કરીને, અહંની વિશાળ શૂન્યતા અને આત્માની દિવ્ય સંપત્તિ પોતાનામાં પ્રગટાવીને પણ મુમુક્ષુ એ આનંદની જ શોધ કરતો હોય છે. सत् એટલે "ભદ્ર" અને "અસ્તિત્વ હોવું" એમ બન્ને અર્થ થાય છે. ત્રણે પ્રકારનાં કાર્યોની પાછળ 'ભદ્ર' અને 'સત્ય' એ બન્નેનું તત્ત્વ હાજર હોવું જોઈએ. બધાં 'સાધુ' કર્મો સત્ છે. કારણ કે આપણા અસ્તિત્વના વધારે ઉચ્ચ પ્રકારના સત્યને પ્રાપ્ત કરવા માટે તે આપણને તૈયાર કરે છે. સર્વ પ્રકારનાં યજ્ઞ, દાન અને તપમાં દૃઢ નિષ્ઠા રાખીને કરેલાં કાર્યો બધાં જ સત્ છે, કારણ કે આપણા આત્માના સૌથી ઉચ્ચ સત્યની સ્થાપનાનો પાયો તે તૈયાર કરે છે. આપણા જીવનનું કેન્દ્રસ્થ સત્ય શ્રદ્ધા છે એટલે શ્રદ્ધા વગરનું એ ત્રણેમાંનું કોઈ કાર્ય અસત્ય બની જાય છે, એનો સાચો અર્થ જ સરતો નથી. એવાં કર્મોમાં એમને ટકાવી રાખનારી જીવનશકિત ઓછી હોય છે, અથવા આપણા પાર્થિવ જીવનમાં, કે મર્ત્ય જીવનની પેલે પાર રહેલા આત્માના મહાન પ્રદેશોમાં કોઈ સર્જન કરવાની

શકિત તેમનામાં હોતી નથી. આત્માની શ્રદ્ધા — કેવળ બુદ્ધિની માનસિક માન્યતા નહીં — જાણનારી, જોનારી અને માનનારી, એકત્ર સંકલ્પશકિત અને તે જ્ઞાન અનુસાર કર્મ કરવાની અને પોતે બનવાની સંકલ્પશકિત આપણા આવિર્ભાવની શક્યતા સર્જે છે. આ શ્રદ્ધા અને આ સંકલ્પ આપણા આંતર અને બાહ્ય સ્વરૂપમાં, આપણી પ્રકૃતિમાં અને કર્મમાં સૌથી ઉચ્ચ, સૌથી દિવ્ય, સૌથી વાસ્તવિક અને શાશ્વત પ્રત્યે અભિમુખ થતાં તે આપણને પરમ સિદ્ધિ અપાવશે.

પ્રકરણ ઓગણીસમું

# ગુણ, મન અને કાર્યો*

ત્રણ ગુણોના મૌલિક તત્ત્વના અને સૌથી ઉચ્ચ સાત્ત્વિકતાના શિખરને વટાવીને તેનાથી પેલે પાર રહેલા નિસ્ત્રૈગુણ્યના પ્રકાશમાં કર્મનું પૃથક્કરણ હજી ગીતાએ પૂરું કર્યું નથી. શ્રદ્ધા, એટલે પોતાને જે સત્યનું દર્શન થયું હોય તેને માનવાનો, તદ્રૂપ થવાનો, એ સત્યને જાણવાનો, તેને જીવનમાં ઉતારવાનો, કર્મમાં પ્રત્યક્ષ કરવાનો સંકલ્પ; એ જ આપોઆપ વિકાસ પામી રહેલ કર્મની પાછળ રહેલું અનિવાર્ય બળ છે, મુખ્ય વસ્તુ છે; ખાસ કરીને, કર્મ દ્વારા સંપૂર્ણ આધ્યાત્મિક વિકાસ સિદ્ધ કરવાની પાછળ એવી શ્રદ્ધા જ હોય છે. પરંતુ માનસિક શક્તિઓ, બીજાં કરણો અને અવસ્થાઓ પણ રહેલાં છે જે એ કર્મનાં વેગ, દિશા તથા પ્રકાર આપણને આપે છે અને તેથી આ અંતરની સાધનાની સંપૂર્ણ સમજૂતી પ્રાપ્ત કરવા માટે અગત્યનાં છે. એ વસ્તુઓનું મનોવિજ્ઞાનની દૃષ્ટિએ પૃથક્કરણ ગીતા આરંભમાં સંક્ષેપમાં આપી દે છે. અને ત્યાર પછી પોતાના મહાન અંતભાગને,—પોતાના સમગ્ર બોધના ઉત્કૃષ્ટ બિંદુને,—જેમાં સર્વ ધર્મોથી આધ્યાત્મિક રીતે પર થઈ જવાનું છે એવા ઉત્તમ રહસ્યને, એક પ્રકારની દિવ્ય પરાત્પર સ્થિતિને તે પહોંચે છે. આપણે પણ એ ટૂંકાં વર્ણનો સંક્ષેપમાં જ અનુસરીશું, તથા મુખ્ય વિચારનો બોધ થાય એટલા પ્રમાણમાં જ આપણે તેમનો વિસ્તાર કરીશું; કારણ કે એ વસ્તુઓ ગૌણ છે, પરંતુ પોતાને સ્થાને અને પોતાના હેતુ પૂરતી તેમાંની પ્રત્યેક ઘણી અગત્યની પણ છે. ગીતાના પાઠનાં ટૂંકાં ટૂંકાં વર્ણનમાંથી ગુણના બીબામાં એ વસ્તુઓ કેવે પ્રકારે કાર્ય કરે છે તે આપણે પ્રગટ કરવાનું છે; નિસ્ત્રૈગુણ્ય, યાને ગુણોથી પર અવસ્થાના સામાન્ય સ્વરૂપમાંથી એમાંથી કોઈની કે પ્રત્યેકની પરાકાષ્ઠા કેવા પ્રકારની હોઈ શકે તે આપોઆપ સ્પષ્ટ થશે.

વિષયના આ અંગનો આરંભ સંન્યાસ અને ત્યાગ વિષેના અને એ બેમાં રહેલા ભેદ વિષેના અર્જુનના છેલ્લા પ્રશ્નથી થાય છે. એ બેમાં જે ઘણો અગત્યનો ભેદ છે તે વિષે ગીતા ફરીફરીને કહે છે અને વારંવાર એના પર ભાર મૂકે છે. એ પુનરાવર્તન અને એ ભાર સાચો હતો એમ પાછળના યુગોના ભારતના માનસનો

---

* ગીતા—૧૮ (૧.૩૯)

ઇતિહાસ પૂરતા પ્રમાણમાં સાબિત કરી આપે છે. સંન્યાસ અને ત્યાગ એ બે તદ્દન જુદી વસ્તુઓમાં ભારતનું માનસ સતત ગૂંચવાડો ઉત્પન્ન કરતું રહ્યું છે, તથા ગીતા જે પ્રકારનાં કર્મો કરવાનો ઉપદેશ આપે છે તે જાતનાં કર્મની પ્રવૃત્તિનું મૂલ્ય ઉતારી પાડવાની તેની વૃત્તિ રહેલી છે, અને વધારેમાં વધારે, સંન્યાસની પરમ ઉચ્ચ એવી સ્થિતિ પ્રાપ્ત કરતાં પહેલાં તેને માટેની પ્રાથમિક તૈયારી કરવાની ભૂમિકા તરીકે તેને ગણી કાઢે છે. હકીકતમાં, જ્યારે લોકો ત્યાગનો ઉલ્લેખ કરે છે ત્યારે હમેશાં સંસારનો સ્થૂલ ત્યાગ એ શબ્દથી સમજે છે, અથવા, કાંઈ નહિ તો, એના પર તેઓ ભાર દે છે. જ્યારે ગીતા એનાથી તદ્દન વિરુદ્ધનું જ દૃષ્ટિબિંદુ સ્વીકારે છે કે સાચા ત્યાગના પાયામાં જગતમાં કર્મ કરવાનું અને જીવન જીવવાનું હોય છે, નહિ કે કોઈ મઠમાં, ગુફામાં કે પર્વતને શિખરે નાસી જવાનું. ખરો ત્યાગ એટલે કામનાના ત્યાગસહિત કરેલું કર્મ, અને સાચો સંન્યાસ પણ એ જ છે. સાત્ત્વિક આત્મસંયમની મુક્તિ અપાવનારી પ્રવૃત્તિમાં ત્યાગનો ભાવ વ્યાપક હોવો આવશ્યક છે: પરંતુ કેવા પ્રકારનો ત્યાગ, કેવા ભાવપૂર્વક, કઈ રીતે કરેલો ત્યાગ એ પ્રશ્નો રહે છે. એ ત્યાગ એટલે જગતમાં કરવાનાં કર્મનો ત્યાગ નથી, કોઈ બાહ્ય પ્રકારનો સંન્યાસ, અથવા, ભોગના ત્યાગનો બાહ્ય દેખાવ નથી, પરંતુ પ્રાણની કામનાનો અને અહંનો ત્યાગ, જુદા કામનામય પુરુષના અંગત પ્રકારના જીવનનો અને અહંથી શાસિત મન અને પ્રાણની રાજસિક પ્રકૃતિનો સંન્યાસ, — અર્થાત્ તેને બાજુ પર મૂકી દેવી, તે સાચો ત્યાગ છે. યોગની ઉચ્ચ અવસ્થાઓને પ્રાપ્ત કરવાની એ સાચી શરત છે. પછી તે ઉચ્ચ અવસ્થા નિર્વૈયક્તિક આત્મા અને બ્રહ્મના અદ્વૈત દ્વારા હો, કે વિશ્વવ્યાપી વાસુદેવ દ્વારા હો, કે અંતરમાં પરમ પુરુષોત્તમમાં હો. "સંન્યાસ" શબ્દને એના વધારે રૂઢ થયેલા અર્થમાં લઈએ તો કામ્ય એવાં કર્મોનો સ્થૂલ ત્યાગ અથવા તો તેમને બાજુ પર મૂકી દેવાની ક્રિયા એવો થાય છે. "ત્યાગ"નો અર્થ માનસિક અને આધ્યાત્મિક સંન્યાસ, સર્વ કર્મોનાં ફળની આસક્તિનો સંપૂર્ણ પરિત્યાગ, (ફળ પ્રત્યેની જ નહિ પરંતુ) કર્મ પ્રત્યેની આસક્તિનો પણ, અથવા તો કર્મના અંગત આરંભના રાજસિક આવેગનો પણ ત્યાગ, એમ વિચક્ષણ જ્ઞાનીઓ કહે છે. સંન્યાસ અને ત્યાગ વચ્ચે ગીતા આ પ્રકારનો ભેદ કરે છે. આ બન્નેના અર્થ જોતાં 'ત્યાગ', નહિ કે સંન્યાસ, એ વધારે સારો માર્ગ છે. એટલે કે માત્ર કામ્ય કર્મોને બાજુ પર મૂકી દેવાનાં નથી પરંતુ એમને "કામ્ય' બનાવનાર કામનાને આપણે દૂર કરી દેવાની છે. સર્વ કર્મોના સ્વામી પ્રભુ આપણા કર્મોનું જે કંઈ ફળ નિર્માણ કરે છે તે મળે છે ખરું, પરંતુ બદલા તરીકે એને માટે અહં-પ્રધાન માગણી કે હક્ક કરવામાં આવતો નથી અને કર્મ કરવાની શરત તરીકે તે મૂકવામાં આવતી નથી. અથવા, એમ પણ બને કે પરિણામ યાને ફળ આવે જ નહીં, છતાં કર્મ તો "કર્તવ્ય-કર્મ" તરીકે કરવાનું હોય,

એવું જ કર્મ કરવાની માગણી આપણા અંતરમાંથી પ્રભુ કરતો હોય છે. સફળતા કે નિષ્ફળતા પ્રભુના હાથમાં છે અને એના સર્વજ્ઞ સંકલ્પ અને અજ્ઞેય ઉદ્દેશ પ્રમાણે તે એમનું નિર્માણ કરે છે. કર્મ, સર્વ કર્મ આખરે તો છોડી દેવાનાં છે, જડતાથી નહીં, પરંતુ આધ્યાત્મિક રીતે પ્રભુને સમર્પણ કરી દઈને, કારણ કે એની શકિત વડે જ કોઈ પણ કાર્ય સિદ્ધ થાય છે. આપણે પોતે કર્તા છીએ એ ખોટા ખ્યાલનો આપણે ત્યાગ કરવાનો છે; કારણ કે આપણી વ્યકિતતા અને આપણા અહં દ્વારા ખરું જોતાં વિશ્વશકિત જ કાર્ય કરતી હોય છે. આપણાં સઘળાં કાર્યોને પ્રભુને તથા તેની શકિતને નામે કરી આપવાં એ ગીતાના ઉપદેશ પ્રમાણેનો સાચો સંન્યાસ છે.

હજી પણ એક પ્રશ્ન રહે છે: કયાં કાર્યો કરવાં જોઈએ? જે લોકો કર્મોનો સ્થૂલ અને આખરી ત્યાગ કરવાની હિમાયત કરે છે તેઓ પણ આ મુશ્કેલ બાબતમાં એકમત નથી. કેટલાક એમ કહે છે કે જીવનમાંથી સર્વે કર્મોનો સદંતર ત્યાગ કરી દેવો જોઈએ, જાણે કે તે શકય હોય! જ્યાં સુધી આપણે દેહમાં છીએ અને જીવીએ છીએ ત્યાં સુધી તો એવો ત્યાગ શકય નથી; તેમ, આપણા સક્રિય વ્યકિતત્વને સમાધિ વડે માટી અને પથ્થરની જીવનહીન અક્રિયતા પ્રાપ્ત કરાવવામાં મુકિત હોઈ શકે નહીં. સમાધિની નિશ્ચલ નીરવ અવસ્થા પણ આ મુશ્કેલીને દૂર કરતી નથી, કારણ કે સમાધિ છૂટીને દેહમાં શ્વાસનો સંચાર થતાં વેંત આપણે પાછા કર્મમાં આવી પડીએ છીએ, અને આધ્યાત્મિક નિદ્રાનો આશ્રય લઈને મુકિતનાં જે ઉચ્ચ શિખરોને આપણે પહોંચ્યા હતા ત્યાંથી નીચે ગબડી પડીએ છીએ. પરંતુ સાચી મુકિત, એટલે કે અહંનો અંતરથી ત્યાગ કરીને પુરુષોત્તમ સાથે એકતા કરવાને પરિણામે મળતી મુકિત, ગમે તે સ્થિતિમાં સ્થિર રહે છે. આ જગતમાં કે સર્વ જગતોથી બહાર પણ તે સ્થાયી ટકી રહે છે, सर्वथा वर्तमानोऽपि (૬.૩૧) એવી બધી સ્થિતિમાં કાયમ રહેનારી એ મુકિત સ્વયંભૂ હોય છે, તે કર્મ કે અકર્મના ઉપર આધાર રાખતી નથી. તો પછી, કયાં કર્મો કરવાં જોઈએ? સંપૂર્ણ ત્યાગની દૃષ્ટિનો — કદાચ, તે જમાનામાં પૂરેપૂરો સ્વીકૃત અને પ્રચલિત નહિ હોય તેવો — ઉત્તર જે ગીતાએ નોંધ્યો નથી તે તો એ હોઈ શકે કે ત્યાગીએ કેવળ ભિક્ષા, આહાર અને ધ્યાન એટલાં કર્મો સ્વેચ્છાપૂર્વક અને તે સિવાય દેહનાં ફરજિયાત હોય તેવાં કર્મો કરવાં જોઈએ. પરંતુ વધારે ઉદાર અને સર્વગ્રાહી ઉકેલ એ છે કે વધારેમાં વધારે સાત્ત્વિક એવી — યજ્ઞ, દાન અને તપની — ત્રણ પ્રવૃત્તિઓ ચાલુ રાખવી જોઈએ. ગીતા પણ કહે છે કે આ ત્રણ પ્રકારનાં કર્મો જરૂર ચાલુ રાખવાં જોઈએ, કારણ કે એ કર્મો જ્ઞાની પુરુષને વિશુદ્ધ કરનારાં છે. પરંતુ વધારે સામાન્ય રીતે જોતાં અને આ ત્રણ પ્રકારનાં કર્મોને તેમના સૌથી વિશાળ અર્થમાં સમજીશું તો માણસે नियतं कर्म (૧૮.૯; ૩.૮) — નિયત

થયેલાં કર્મો કરવાં જોઈએ એમ ફલિત થશે. એ નિયત કર્મો શાસ્ત્રથી, એટલે કે સત્ય જ્ઞાન, સત્ય કર્મ અને સમ્યક્ જીવન જીવવાની વિદ્યા અને કલા વડે, નિયત થયેલાં હોય, કે પછી **स्वभावनियतं कर्म** (૧૮.૪૭)—સ્વભાવ, એટલે વ્યકિતની મૌલિક પ્રકૃતિ વડે નિયત થયેલાં કર્મો હોય. અથવા તો, આપણા અંતરમાં અને આપણાથી ઊર્ધ્વમાં રહેલા પ્રભુએ નિયત કરેલાં કર્મો કરવાં તે આખરી અને સૌથી ઉત્તમ ઉકેલ છે. આ છેવટનું કર્મ જ **मुक्तस्य कर्म**—મુકત પુરુષનું સાચું અને એકમાત્ર કાર્ય ગણાય. એ કર્મનો ત્યાગ કરવો એ બરાબર નથી. છેવટના ભાગમાં ગીતા સ્પષ્ટપણે અને ભારપૂર્વક જણાવે છે કે **नियतस्य तु संन्यासः कर्मणो नोपपद्यते** (૧૮.૭)—"નિયત એવાં કર્મોનો સંન્યાસ કરવો યોગ્ય નથી." અજ્ઞાનભરેલા મોહવાળા વિશ્વાસથી નિયત કર્મોનો સંન્યાસ સાચો મોક્ષ અપાવી શકે એમ માનીને તેમનો ત્યાગ કરવો એ તો તામસિક સંન્યાસ જ છે. આપણે જોઈ શકીએ છીએ કે કર્મના સંન્યાસમાં અને કર્મ કરવામાં, બન્નેમાં, પ્રકૃતિના ગુણો આપણને છોડતા નથી. અકર્મ પ્રત્યે આસકત થઈને—**संगो अकर्मणि** (૨.૪૭)—કર્મનો સંન્યાસ કરવો તે પણ એ જ પ્રમાણેનો તામસિક સંન્યાસ છે. વળી, કર્મ કરવાથી શોક થાય છે, અથવા દેહને દુ:ખ તથા મનને કલાંતિ થાય છે, અથવા તો, સઘળું મિથ્યા છે, આત્માને દુ:ખ દેનારું છે, એવા ભાવને લઈને કર્મનો સંન્યાસ કરવો એ રાજસિક સંન્યાસ છે, અને એનાથી ઉચ્ચ આધ્યાત્મિક ફળ પ્રાપ્ત થતું નથી. એ પણ સાચો ત્યાગ નથી. એવો ત્યાગ બુદ્ધિના નિરાશાવાદનું અથવા પ્રાણની કલાંતિનું પરિણામ હોય છે, એનાં મૂળ અહંમાં હોય છે. અહંપ્રધાન વૃત્તિથી જે સંન્યાસ નિયત થયો હોય તેને પરિણામે મુકિત મળી શકે નહીં.

સંન્યાસનો સાત્ત્વિક સિદ્ધાંત કર્મમાંથી વિરત થવું એવો નથી, પરંતુ કર્મમાં જે અંગત માગણી, એની પાછળ જે અહંનો અંશ, અહંનું તત્ત્વ રહેલું છે તેનાથી મુકત થવું એવો છે. એટલે કે કામના જેમને માટે દબાણ કરે તે કર્મો નહીં પરંતુ જીવનનો સત્ય ધર્મ, અથવા તો પોતાની મૌલિક પ્રકૃતિનું જ્ઞાન, એનો આદર્શ, પોતાનામાં અને પોતાને જે સત્યનું દર્શન થયું હોય તેમાં પોતાની શ્રદ્ધા જે કર્મ કરવાની માગણી કરે, તે કર્મો કરવાં. એ પ્રકારનાં નહિ તો, વધારે ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકા ઉપર, પ્રભુની સંકલ્પશકિત માનવને કરવાનાં કર્મો નિર્દેશે છે, અને એવાં કર્મો એની સાથે મનનો યોગ કરીને એ કર્મ માટે કે એનાં ફળ માટે કોઈ પણ પ્રકારની અંગત આસકિત વગર કરવામાં આવે છે. સર્વ કામનાઓનો સંપૂર્ણ ત્યાગ, સંપૂર્ણ સંન્યાસ થઈ જવો જોઈએ, તથા પોતાની જાતને કેન્દ્રમાં રાખનાર અહંની પસંદગીનો અને વૃત્તિનો, તથા છેવટે તો પેલી ઘણી વધારે સૂક્ષ્મ એવી સંકલ્પની અહંતા જે કહે છે, "આ કામ મારું છે, હું કર્તા છું" અથવા તો કહે છે, "કામ પ્રભુનું છે પણ કર્તા હું છું"—તેનો પણ સંપૂર્ણ ત્યાગ થઈ જવો

જોઈએ. મનને પસંદ હોય, ઇષ્ટ હોય, ધનપ્રાપ્તિ કરાવે તેવાં કે સફળ હોય એવાં કર્મો માટે આસક્તિ ન હોવી જોઈએ, અને કર્મો એ પ્રકારનાં છે તેટલા માટે કરવાં ન જોઈએ. પરંતુ એવાં કાર્યો કરવાં પણ પડે,—સંપૂર્ણતાપૂર્વક, નિઃસ્વાર્થપણે, આત્માની અનુમતિસહિત—ક્યારે? જ્યારે એમને માટે ઊર્ધ્વમાંથી અને અંતરમાંથી માગણી કરવામાં આવે, જ્યારે તે कर्तव्यं कर्म બને ત્યારે. ન ગમતાં, અનિષ્ટ કે સંતોષ ન આપનારાં કર્મો માટે, અથવા તો, જે કર્મો દુઃખ, જોખમ, કઠણ પરિસ્થિતિ કે અમંગળ પરિણામો લાવે તેવાં હોય તેમને માટે ઘૃણા કે તિરસ્કાર હોવો ન જોઈએ. કારણ કે એવાં કર્મો પણ સ્વીકારવાનાં હોય છે—સંપૂર્ણપણે અને નિઃસ્વાર્થતાપૂર્વક, એમની જરૂર અને એમના અર્થની ઊંડી સમજૂતીપૂર્વક સ્વીકારવાં જોઈએ,—ક્યારે? જ્યારે એવાં કર્મો कर्तव्यं कर्म બને ત્યારે. જ્ઞાની પુરુષ કામનામય પુરુષની ઘૃણા અને દ્વિધાને, તથા સામાન્ય માનવબુદ્ધિ જે ક્ષુદ્ર અંગત, રૂઢ અથવા તો બીજી રીતે મર્યાદિત, ધોરણ વડે માપનારું કરણ છે તેની શંકાઓને દૂર મૂકી દે છે. તે અંતરનાં ત્યાગની શક્તિ વડે આત્માને એક નિર્વ્યક્તિતાની ભૂમિકામાં આરોહણ કરાવીને સંપૂર્ણપણે સાત્ત્વિક થયેલા મનના પ્રકાશનું અનુસરણ કરે છે. તે પ્રભુ પ્રત્યે, વૈશ્વિકતા પ્રત્યે તથા શાશ્વત પ્રત્યે, પોતાની પ્રકૃતિના ઊંચામાં ઊંચા આદર્શ ધર્મ પ્રત્યે, અથવા તો, સર્વ કર્મોના સ્વામી પ્રભુની પોતાના ગૂઢ અંતરાત્મામાં જાગ્રત એવી સંકલ્પશક્તિ પ્રત્યે આરોહણ કરે છે. એવો જ્ઞાની માણસ કોઈ અંગત ફળ પ્રાપ્ત કરવા માટે, આ જીવનમાં કોઈ બદલો મેળવવા ખાતર, કે સફળતા, લાભ અથવા તો પરિણામ માટે આસક્તિસહિત કર્મ કરશે નહીં. તેમ અદૃષ્ટ પરલોકમાં, અથવા તો, અન્ય જન્મમાં કોઈ બદલો મળે તેટલા ખાતર, કે મરણ પછી ફળ ભોગવવાનાં મળે એટલા માટે—અર્થાત્ જે લાભો માટે અર્ધદગ્ધ ધાર્મિક માણસ ભૂખ્યું હોય છે તેમને ખાતર,—પણ તે કર્મ કરતો નથી. એવાં પ્રિય, અપ્રિય અને મિશ્ર, કર્મનાં ત્રિવિધ પરિણામ આ લોકમાં કે પરલોકમાં, આ જીવનમાં કે અન્ય જીવનમાં, કામના અને અહંના ગુલામો માટે હોય છે; એ વસ્તુઓ મુક્ત આત્માને બંધન કરતી નથી. મુક્ત કર્મયોગી જેણે અંતરના સંન્યાસ વડે પોતાનાં કર્મોને કોઈ વધારે મહાન શક્તિને સમર્પણ કરી દીધાં છે તે કર્મનાં બંધનથી મુક્ત છે. એવો આત્મા કર્મ કરશે, કારણ કે નાનું કે મોટું, ઓછું કે વધારે, કોઈ પ્રકારનું કર્મ દેહધારી આત્માને માટે અનિવાર્ય છે, સ્વાભાવિક છે, ધર્મ્ય છે,—કર્મ એ જીવનના દિવ્ય ધર્મનું એક અંગ છે, આત્માની ઉચ્ચ ક્રિયાત્મકતા એમાં રહેલી છે. સંન્યાસનો સાર, સાચો ત્યાગ, સાચો સંન્યાસ અકર્મ રહેવાના જડ નિયમમાં નથી, પરંતુ નિઃસ્વાર્થ આત્મા અને મનની પ્રાપ્તિમાં, અહંથી મુક્ત બિનંગત અને આધ્યાત્મિક પ્રકૃતિમાં ઉત્થાન કરવામાં સમાયેલો છે. આ અંતરના સંન્યાસનો ભાવ હોવો એ

સાત્ત્વિક સંયમની ઊંચામાં ઊંચી સ્થિતિને પ્રાપ્ત કરવા માટેની પહેલી માનસિક અવસ્થા છે.

ત્યાર પછી, સાંખ્યમત પ્રમાણે કર્મની સિદ્ધિ પ્રાપ્ત કરવાનાં પાંચ કરણોનો, અથવા તો, અનિવાર્ય આવશ્યકતાઓનો ગીતા ઉલ્લેખ કરે છે. એમાં પહેલું દેહ, પ્રાણ અને મનનું બનેલું ચોકઠું, એટલે કે अधिष्ठान (૧૮.૧૪) છે. પ્રકૃતિમાં ઊભા રહેવા માટેનો આત્માનો એ પાયો છે, પગ મૂકવાની જગ્યા છે. બીજું कर्ता (૧૮.૧૪) છે, ત્રીજું પ્રકૃતિનાં જુદાં જુદાં કરણો; ચોથું, चेष्टा (૧૮.૧૪) એટલે અનેક પ્રકારના પ્રયત્નો જે કર્મનું સામર્થ્ય બને છે અને છેલ્લું, दैवम् (૧૮.૧૪), અર્થાત્ માનવથી સ્વતંત્ર એવી શક્તિ કે શક્તિઓની અસર, પ્રકૃતિના દૃશ્ય યંત્રથી જુદી એવી જે શક્તિઓ દૃશ્યની પાછળ રહીને કર્મમાં ફેરફાર કરે છે અને કર્મ તથા તેનાં પરિણામ રૂપે તેનાં ફળોની વહેંચણી કરે છે તેમનું કાર્ય. આ પાંચ વસ્તુઓ ભેગી મળીને માણસ મન, વાચા અને દેહ વડે જે કોઈ કર્મનો આરંભ કરે છે તેનું સ્વરૂપ અને પરિણામ નિર્માણ કરે છે.

સામાન્ય રીતે ચેતનાની સપાટી ઉપરનો આપણો "અહં" કર્મનો કર્તા ગણાય છે. પરંતુ એ તો જ્ઞાન પ્રાપ્ત થયા વગરની બુદ્ધિનો એક ખોટો ખ્યાલ છે. અહં તો માત્ર દેખાવ પૂરતો કર્તા છે; અહં અને તેનો સંકલ્પ પ્રકૃતિનું સર્જન અને તેનાં હથિયાર છે અને આપણી અજ્ઞાની બુદ્ધિ આપણી જાતને ખોટી રીતે એની સાથે એક ગણે છે. હવે જ્યારે માનવના કર્મનું નિર્માણ કરનારાં માત્ર એ તત્ત્વો જ છે એવું નથી તો પછી કર્મની દિશાના અને પરિણામના નિર્માતા તો એ તત્ત્વો કયાંથી હોઈ શકે? જ્યારે આપણે અહંમાંથી મુક્ત થઈએ છીએ ત્યારે પ્રકૃતિની પાછળ રહેલો આપણો આત્મા મોખરે આવે છે; તે ભિન્નંગત અને વૈશ્વિક હોય છે અને પોતાના શાંત દર્શનમાં અદ્વૈતમાં વિશ્વાત્મા જોડે એકતા અનુભવે છે અને વિશ્વ-પ્રકૃતિને કર્મના કર્તા તરીકે જુએ છે અને તેની પાછળ પ્રભુની દિવ્ય સંકલ્પશક્તિને એ વિશ્વ-પ્રકૃતિના સ્વામી તરીકે જુએ છે. જ્યાં સુધી આપણને આ જ્ઞાન હોતું નથી ત્યાં સુધી આપણે અહં અને તેના કર્તાપણાના સંકલ્પના પ્રકારથી બંધાયેલા રહીએ છીએ અને સારાં-નરસાં કર્મો કરીએ છીએ તથા આપણી તામસિક, રાજસિક કે સાત્ત્વિક પ્રકૃતિનો સંતોષ ભોગવીએ છીએ. પરંતુ એક વાર આપણે આ વધારે વિશાળ જ્ઞાનમાં પ્રવેશ કરીએ છીએ ત્યાર પછી કર્મના પ્રકાર અને તેનાં પરિણામોને લઈને આત્માની મુક્તિમાં કશો ફેર પડતો નથી. બાહ્ય દૃષ્ટિએ કામ કુરુક્ષેત્રના મહાન યુદ્ધ અને સંહારના જેવું ભીષણ પ્રકારનું હોય, પરંતુ મુક્ત આત્મા એવા યુદ્ધમાં ભાગ લે તે છતાં, અને બધા લોકોનો સંહાર કરે તે છતાં, તે કોઈ માણસને મારતો નથી અને પોતાના કર્મને લઈને બંધનમાં પડતો નથી. કારણ કે એ કાર્ય વિશ્વના સ્વામીનું છે અને પોતાના

ગુપ્ત સર્વશક્તિમાન સંકલ્પમાં એ બધાં લશ્કરોને એણે પોતે ક્યારનાં મારી મૂક્યાં છે. સંહારનું આ કાર્ય એટલા માટે આવશ્યક હતું કે એને લઈને માનવજાતિ એક નવા સર્જન પ્રત્યે ગતિ કરી શકે, નવા ઉદ્દેશ્યને પામે, પોતાના ભૂતકાળના અધર્મ, ક્રૂરતા અને અન્યાયને યુદ્ધના એ અગ્નિ-સ્નાનમાં ભસ્મ કરીને ધર્મના સામ્રાજ્યની સ્થાપના પ્રત્યે પ્રગતિ કરી શકે. મુક્ત પુરુષ પોતાને માટે નિયત થયેલું કાર્ય વિશ્વપુરુષ સાથે પોતાનું અદ્વૈત સાધીને તેના કરણ તરીકે કરે છે. અને આ બધું બનવું આવશ્યક છે એમ જ્ઞાનપૂર્વક જાણીને કર્મના બાહ્ય સ્વરૂપથી પેલે પાર દૃષ્ટિ કરીને એવો પુરુષ પોતાને માટે નહિ પરંતુ પ્રભુને ખાતર, અને માનવને માટે તથા માનવ-જીવનની અને વિશ્વ-જીવનની વ્યવસ્થાને* (નિયમને) માટે કર્મ કરે છે. ખરું જોતાં, એ પોતે કર્મ કરતો નથી પરંતુ પોતાનાં કર્મોની અંદર વિશ્વ-પ્રકૃતિની સન્નિધિ અને તેના સામર્થ્ય વિષે તે સચેતન હોય છે. તે જાણે છે કે એના મનોમય, પ્રાણમય અને અન્નમય શરીરમાં, એના અધિષ્ઠાનમાં, કોઈ દૈવે નિર્માણ કરેલું કાર્ય પ્રભુની પરા શક્તિ કરી રહી છે. અને એ દૈવ ખરું જોતાં કોઈ યાંત્રિક વિધાન કે નિર્માણ નથી, પરંતુ પ્રજ્ઞાવાળી, સર્વદર્શી સંકલ્પશક્તિ છે, જે માનવના કર્મની પાછળ રહીને કાર્ય કરતી હોય છે. આ "ભીષણ કાર્ય" જેના ઉપર ગીતાના સમગ્ર ઉપદેશનો આધાર રહેલો છે તે બહારથી જોતાં असुखम् — અમંગળ અને દુ:ખ આપનાર છે, પરંતુ એના બાહ્ય દેખાવની પાછળ કોઈ મહાન મંગળ અને સુખને પ્રગટ કરનાર એવા કર્મનું એક આખરી ઉદાહરણ છે. પ્રભુએ નિર્માણ કરેલા માનવે લોકસંગ્રહને ખાતર બિનંગતપણે કોઈ જાતનો હેતુ કે કામના વગર તે પ્રભુએ નિયત કરેલી સેવા છે એમ જાણીને એ કાર્ય કરવાનું છે.

આથી એટલું તો સ્પષ્ટ થાય છે કે કર્મ એકલાનું જ મૂલ્ય ગણવાનું નથી; જે જ્ઞાનપૂર્વક આપણે કર્મ કરીએ છીએ તેને લઈને ઘણો મહાન આધ્યાત્મિક ફેર પડી જાય છે. ગીતા કહે છે કે કર્મ કરવાની માનસિક પ્રેરણા કરનારી ત્રણ વસ્તુઓ છે: સંકલ્પમાં રહેલું જ્ઞાન, જ્ઞાનનો વિષય, જ્ઞેય અને જ્ઞાતા. એ જ્ઞાનમાં ત્રણ ગુણોનું કાર્ય હમેશાં આવે છે. એ ગુણોનું તત્ત્વ આપણે જે વસ્તુ જાણતા હોઈએ છીએ તે જાણવાની દૃષ્ટિમાં, અને જ્ઞાતા જે ભાવથી પોતાનું કર્મ કરે છે — તેમાં સંપૂર્ણપણે ફેરફાર કરી આપે છે. તામસિક અને અજ્ઞાનભર્યું જ્ઞાન લઘુક અને સંકુચિત, પ્રમાદી અથવા તો મંદતાભર્યા દુરાગ્રહવાળી દૃષ્ટિ વડે વસ્તુઓને જુએ છે અને એને જગતની વાસ્તવિક પ્રકૃતિ માટે, અથવા તો પોતે કરેલા કર્મ માટે, કે

---

*અહીં વિશ્વની વ્યવસ્થાનો પ્રશ્ન પ્રસ્તુત બને છે, કારણ કે માનવજાતિમાં અસુરનો વિજય એટલે જગતમાં કાર્ય કરી રહેલી શક્તિઓની સમતુલામાં તેટલે અંશે અસુરનો વિજય ગણાય.

ક્ષેત્ર માટે કે તેની શરતો માટે દૃષ્ટિ જ હોતી નથી. તામસિક મન સાચાં કાર્ય અને કારણ માટે શોધ કરતું નથી, પરંતુ એક જ ઘરેડમાં કે એક જ નિત્યકાર્યમાં પોતાની આગ્રહી આસક્તિ સહિત ડૂબેલું રહે છે તથા પોતાની દૃષ્ટિ સમક્ષ જે અંગત પ્રવૃત્તિ હોય છે તે સિવાયનું બીજું કશું તે જોઈ જ શકતું નથી. અને ખરું જોતાં પોતે શું કરે છે તેનું પણ જ્ઞાન તેને હોતું નથી. એવું મન પ્રકૃતિની અંધ પ્રેરણાઓને પોતાનામાં કાર્ય કરવા દે છે અને પોતાને જેનો કશો ખ્યાલ નથી, પૂર્વ દૃષ્ટિ નથી, કે વિશાળ સમજૂતી નથી એવાં પરિણામો ઉત્પન્ન કરવા દે છે. રાજસિક જ્ઞાન પદાર્થોની અનેકતાને જુએ છે, તેમના કાર્યના છૂટાપણાને અને ભેદને જુએ છે, પરંતુ તેમના અદ્વૈતના સાચા સિદ્ધાંતને પામી શકતું નથી અથવા તો, પોતાના સંકલ્પ અને કર્મ વચ્ચે સાચો સંબંધ સ્થાપન કરી શકતું નથી, અહં અને કામનાની દિશાને અનુસરે છે તથા બહુ શાખામાં વહેંચાઈ ગયેલા પોતાના અહંપ્રધાન સંકલ્પની પ્રવૃત્તિને તથા અંતરમાંથી અને આજુબાજુની પરિસ્થિતિમાંથી પોતાનો સ્વીકાર કરવાને માગણી કરતા આવેગો અને શક્તિઓના પ્રત્યુત્તર રૂપે જુદાજુદા અને મિશ્ર ઉદ્દેશોને તે અનુસરે છે. આ જાતનું જ્ઞાન ખરું જોતાં જ્ઞાનના વિવિધ પ્રકારોનો ખીચડો હોય છે, ઘણી વાર તે આગ્રહી પણ હોય છે તથા આપણી અર્ધ-જ્ઞાન અને અર્ધ-અજ્ઞાનવાળી અવસ્થામાંથી કોઈ પ્રકારનો રસ્તો કાઢવા માટે એ જ્ઞાનને આપણું મન બળપૂર્વક એકત્ર કરે છે. અથવા તો, એ જ્ઞાનનું કાર્ય અશાંત, સક્રિય અને અનેક પ્રકારમાં વહેંચાયેલું હોય છે પરંતુ એનું સંચાલન કરનાર કોઈ દૃઢ આદર્શ, તથા સત્ય જ્યોતિ અને સત્ય શક્તિનો કોઈ સ્વાયત્ત નિયમ હોતો નથી. સાત્ત્વિક જ્ઞાન સમગ્ર સત્‌-ને તેના અસંખ્ય વર્ગો અને ભેદો સહિત એક અને અવિભાજ્ય વસ્તુ તરીકે જુએ છે,—એક જ અવિનાશી સત્‌-તાને સર્વ આવિર્ભાવોમાં તે નિહાળે છે. કર્મ કયા સિદ્ધાંત પર કરવું તે એવા જ્ઞાનવાળો માણસ બરાબર સમજે છે તથા અમુક વિશિષ્ટ કર્મનો સમગ્ર અસ્તિત્વના ઉદ્દેશ સાથેનો સંબંધ પણ તે જાણે છે. સંપૂર્ણ સફળતા સિદ્ધ કરવાના પ્રત્યેક પગલાને તે તેને યોગ્ય સ્થાને મૂકે છે. આ સાત્ત્વિક દૃષ્ટિ જ્યારે જ્ઞાનના સૌથી ઊંચા શિખરના ઉપર ચડે છે ત્યારે સમગ્ર વિશ્વમાં જે એક આત્મા છે, અનેક સત્‌-તાઓમાં જે એક છે, સર્વ કર્મોનો જે એકમાત્ર સ્વામી છે તેના જ્ઞાનમાં પરિણમે છે —તેનું જ્ઞાન બની રહે છે, વિશ્વની શક્તિઓને તે પ્રભુની અભિવ્યક્તિ તરીકે જુએ છે, તથા કર્મમાત્રને પણ માનવમાં, તેના જીવનમાં અને મૌલિક પ્રકૃતિમાં કાર્ય કરી રહેલ કોઈ પરમ સંકલ્પશક્તિની અને દિવ્ય પ્રજ્ઞાની પ્રક્રિયા તરીકે જાણે છે. એ પ્રકારના જ્ઞાનના દર્શનમાં વ્યક્તિની પોતાની સંકલ્પશક્તિ સંપૂર્ણપણે સચેતન, પ્રકાશિત અને આધ્યાત્મિક દૃષ્ટિએ જાગ્રત બને છે તથા એકમેવાદ્વિતીય પરમાત્મામાં તે જીવે છે અને કાર્ય કરે છે તથા તેના આદેશને વધારે ને વધારે

સંપૂર્ણપણે અધીન રહી વર્તે છે, પોતાની માનવ-વ્યકિતતાની અંદર એ પ્રભુની જ્યોતિનું અને શકિતનું વધારે ને વધારે દોષરહિત કરણ બની રહે છે. સંપૂર્ણપણે મુકત એવું કર્મ આ પ્રકારની સાત્ત્વિક જ્ઞાનની પરાકાષ્ઠામાંથી પ્રગટે છે.

વળી બીજી ત્રણ વસ્તુઓ પણ છે: ૧. કર્તા, ૨. કરણ અને ૩. કાર્ય. એ ત્રણ કર્મને એક સૂત્રમાં બાંધી રાખે છે અને તેને શકય બનાવે છે. અહીં પણ, ગુણના ભેદ પ્રમાણે એ પ્રત્યેક તત્ત્વનું સ્વરૂપ બંધાય છે. સત્ય જ્ઞાનની અને સાચા સંવાદની હમેશાં શોધ કરનારું એવું સાત્ત્વિક મન સાત્ત્વિક માણસનું શાસન કરનારું કરણ હોય છે. અને બાકીના તેના કરણ-સમૂહને પણ એ જ ચલાવે છે. કામનામાં રહેલો અહં-પ્રધાન સંકલ્પ જેને કામનામય પુરુષ ટેકો આપે છે તે રાજસિક કર્તાનું મુખ્ય કરણ હોય છે. તે જ પ્રમાણે તમોગુણી કર્તાનું મુખ્ય કરણ અજ્ઞાની વાસના, કે સ્થૂલ મનમાંથી અને ગ્રામ્ય, પ્રાણમય પ્રકૃતિમાંથી ઉદ્‌ભવતો પ્રકાશરહિત આવેગ હોય છે. પરંતુ એ ત્રણે ગુણોથી મુકત થયેલા માનવનું કરણ કોઈ વધારે મહાન આધ્યાત્મિક જ્યોતિ અને શકિત હોય છે, જે ઊંચામાં ઊંચી સાત્ત્વિક બુદ્ધિ કરતાં તો ક્યાંયે મહાન વસ્તુ હોય છે. અને સ્થૂલથી પર રહેલા ચેતનાના કેન્દ્રમાંથી એવા કર્તાની આજુબાજુ ફરી વળીને અને એનામાં અવતરણ કરીને તે જ્યોતિ અને શકિત કાર્ય કરે છે તથા વિશુદ્ધ થયેલાં અને ગ્રાહકતાવાળાં મન, પ્રાણ અને શરીરને તે પોતાના વાહન તરીકે ઉપયોગ કરે છે.

તમોગુણી કર્મ એટલે અવ્યવસ્થિત, મૂઢ અને અજ્ઞાની મન વડે, જડપણે વાસનાને વશ થઈને કરેલું તથા અપ્રકાશિત વિચાર વડે, ખોટે માર્ગે દોરાયેલા પ્રયત્નપૂર્વક — સામર્થ્યનો, યોગ્યતાનો કે નુકસાન કે નિરર્થક વ્યયનો વિચાર કર્યા વિના — કે વૃત્તિ, પ્રયત્ન કે મહેનતની પૂર્વાવસ્થા અને પરિણામ તથા યોગ્ય પરિસ્થિતિનો ખ્યાલ કર્યા વિના કરેલું કર્મ. કામનાના પ્રાધાન્યને લઈને જે કર્મ માણસ શરૂ કરે, તથા કર્મનાં અને તેનાં ઇચ્છિત ફળના ઉપર જ નજર રાખીને જે કર્મ કરે તે રાજસિક કર્મ છે. અથવા તો, કર્મના નિર્વહનમાં અહંપ્રધાન વ્યકિતતાના ભાન સહિત, અતિશય પ્રયત્નપૂર્વક, આવેગવાળી ચેષ્ટાપૂર્વક, કામનાના પદાર્થને કે ઉદ્દેશને પ્રાપ્ત કરવા માટેની પોતાની સંકલ્પશકિતને ખૂબ જ ખેંચીતાણીને કરવામાં આવતું કર્મ પણ રાજસિક કર્મ હોય છે. સાત્ત્વિક કર્મ એટલે સ્વસ્થતાપૂર્વક, બુદ્ધિના અને જ્ઞાનના સ્પષ્ટ પ્રકાશમાં, તથા સત્ય વસ્તુના બિનંગત જ્ઞાનસહિત કે ફરજ તરીકે, કે આદર્શની માગણીના પ્રત્યુત્તર તરીકે, તથા આ જગતમાં કે અન્ય જગતમાં ગમે તે પરિણામ આવે તેની દરકાર કર્યા વિના, આસકિત વિના, એ કર્મને પ્રેરણા કે પ્રેરકબળ માટે રાગ કે એના વિરોધ માટે દ્વેષ વગર, પોતાનાં જ્ઞાન અને સત્યની ભાવનાને ખાતર, વિશદ બુદ્ધિ અને જ્યોતિર્મય સંકલ્પને ખાતર, નિ:સ્વાર્થ મન અને સંતુષ્ટ આત્માને ખાતર કરેલું કર્મ. જ્યારે સાત્ત્વિક કર્મ

એની પરાકાષ્ઠાને પ્રાપ્ત કરે છે ત્યારે ત્રણે ગુણોથી પર રહેલા આત્માના આદેશમાંથી, — નહિ કે બુદ્ધિમાંથી — પ્રગટતું બિનંગત કાર્ય તે બની રહે છે. એટલે કે એવું કર્મ પ્રકૃતિના ઊંચામાં ઊંચા ધર્મમાંથી પ્રગટ થાય છે, નિમ્ન પ્રકૃતિના અહંભાવનાં હલકાં કે ભારે પોટલાંથી તે મુક્ત હોય છે, તથા સારામાં સારા અભિપ્રાયથી, ઉદાત્તમાં ઉદાત્ત કામનાથી અને વિશુદ્ધિમાં વિશુદ્ધ અંગત સંકલ્પ અને ઊંચામાં ઊંચા માનસિક આદર્શથી પણ તે મુક્ત હોય છે. એની જગાએ વિશુદ્ધ આધ્યાત્મિક જ્ઞાન અને પ્રકાશ તથા અમોઘ શક્તિની અવિરોધ્ય અને ગાઢ નિકટતાનો ભાવ કાર્ય કરતો જણાશે, જગતને માટે તથા જગતના નાથને માટે કયું કર્મ કરવું જોઈએ તેનું જ્ઞાન પણ એ સ્થિતિમાંથી જાગ્રત થશે.

માનવને જે પ્રકારની અને જે પ્રમાણમાં પ્રકૃતિની બક્ષિસો મળેલી હોય છે તે પ્રમાણે તેના અંતરમાં રહેલી સચેતન સંકલ્પવાળી તર્કશક્તિ, અર્થાત્ બુદ્ધિ કાર્ય કરે છે. અને એ પ્રમાણે કાર્ય કરતાં તે સાચી અથવા તો વિકૃત, આચ્છાદિત કે પ્રકાશિત, સંકુચિત અને લઘુ અથવા તો, વિશાળ અને મહાન — જેવું તેની પ્રકૃતિનું બંધારણ તે પ્રમાણેની — બને છે. માનવની પ્રકૃતિની આ જ્ઞાનશક્તિ, એટલે બુદ્ધિ, માનવને માટે તેનું કામ પસંદ કરે છે, અથવા તો, ઘણી વાર તો, તેની સંકુલ વાસનાઓ, આવેગો, વિચારો, કામનાઓ વગેરેમાંથી આવતી અનેક સૂચનાઓમાંથી એક યા બીજાને અનુમતિ તથા પોતાની મંજૂરીની મહોર આપે છે તે પ્રમાણે તે કામ કરે છે. એટલે માણસને માટે સાચું અને ખોટું, શું કરવું અને શું ન કરવું, ધર્મ કે અધર્મ એ બુદ્ધિ જ નક્કી કરી આપે છે. એ કાર્ય કરવા માટે સંકલ્પનું જે સાતત્ય, એટલે કે "ધૃતિ" હોય છે તે એ કાર્યને ટકાવી રાખનાર સતત વહેતો માનસિક શક્તિનો પ્રવાહ હોય છે, અને એ જ કાર્યને એકરૂપતા અને સાતત્ય અર્પણ કરે છે. અહીં પણ ગુણોનું કાર્ય નજરે ચડે છે. તામસિક ધૃતિ અસત્ય, અજ્ઞાની અને અંધકારવાળું કરણ હોય છે. જે આપણને બધી વસ્તુઓ મંદ અને ખોટા પ્રકાશમાં બનાવે છે, ખોટા ખ્યાલનાં વાદળાંઓમાં અને વસ્તુઓના તથા માનવોનાં ચાલુ મૂલ્યની મૂર્ખતાભરી અવગણના કરીને તે આપણને બધું બતાવે છે. એવી ધૃતિ પ્રકાશને અંધકાર અને અંધકારને પ્રકાશ કહે છે, જે સત્ય ધર્મ નથી તેને સત્ય ધર્મ તરીકે સ્વીકારે છે તથા જે ન કરવું જોઈએ તે કરવામાં આગ્રહી રહે છે તથા આપણને તે કરવા જેવું છે એમ બતાવે છે. એવી ધૃતિનું અજ્ઞાન જીતી શકાય તેવું નથી હોતું, કારણ કે એનામાં પોતાના સંકલ્પને સંતોષવાની વૃત્તિનું તથા મૂઢ અભિમાનનું સાતત્ય હોય છે. એ ધૃતિના કાર્યની અભાવાત્મક બાજુ થઈ. પરંતુ એવી તામસિક ધૃતિની પાછળ જડતાનું ભારે ખેંચાણ, પોતે અશક્ત છે એવી અનુભૂતિ, મંદતા અને નિદ્રાનું સાતત્ય, માનસિક ફેરફાર અને પ્રગતિ માટે તિરસ્કાર (કંટાળો), તથા મનના ભય, દુઃખ

અને નિરાશાઓના ઉપર એકાગ્રતા હોય છે જે આપણને આધ્યાત્મિક માર્ગમાં બાધા કરે છે, અથવા તો, એ તામસિક ધૃતિ આપણને અધમ, નિર્બળ અને કાયરતાવાળા માર્ગોમાં પૂરી રાખે છે. વળી, કાયરતા, વેઠ તરીકે કરવાની, કામ ટાળવાની, આંખ આડા કાન કરવાની, પ્રમાદની ખોટી શંકાઓને, ચેતવણીઓને, તથા ભયને સકારણ ઠરાવવાની મનોવૃત્તિ, ધર્મનો ઇન્કાર અને ધર્મમાંથી ભ્રષ્ટ થવું, ઊર્ધ્વ પ્રકૃતિના સાદ પ્રત્યે પૂઠ ફેરવવી, તથા જે દિશામાં ઓછામાં ઓછો વિરોધ હોય તેનું સલામત અનુસરણ કરવું જેથી કરીને મહેનતનું ફળ મેળવવામાં ઓછામાં ઓછી તકલીફ, પ્રયત્ન અને જોખમ વહોરવાં પડે, એવું પણ એ તામસિક ધૃતિનું કાર્ય હોય છે. એ વૃત્તિ તો માનવને એમ કહે છે કે મહાન અને ઉદાત્ત પ્રયત્નના ક્લેશ, અને પ્રયત્ન, કે જોખમી અને ખૂબ મહેનત કરાવે એવા મહાન આદર્શ કે સાહસ કરતાં તો કોઈ પણ ફળ ન મળે કે ક્ષુદ્ર ફળ મળે તે વધારે સારું છે! તામસિક બુદ્ધિની અને ધૃતિની આ વિશિષ્ટતાઓ છે.

રાજસિક બુદ્ધિ જ્યારે ભૂલ કે અનિષ્ટને જાણી જોઈને પસંદ કરતી નથી ત્યારે સત્ય અને અસત્ય વચ્ચે, કર્તવ્ય અને અકર્તવ્ય વચ્ચે ભેદ કરી શકે છે, પણ તે સાચી રીતે નહીં. એમનાં સાચાં પરિમાણોને ખેંચી તાણીને અને એમનાં મૂલ્યોને સતત વિકૃત કરીને તે એ વિવેક કરે છે. એનું કારણ એ છે કે એની બુદ્ધિ અહંની બુદ્ધિ અને એનો સંકલ્પ કામનાનો સંકલ્પ હોય છે અને એ શક્તિઓ સત્યને ખોટી રીતે રજૂ કરે છે તથા તેને વિકૃત કરે છે. વળી, પોતાના અહં-પ્રધાન હેતુઓને પાર પાડવાના પોતાના હક્કને પણ તે ખોટી રીતે વ્યક્ત કરે છે તથા વિકૃત કરે છે. જ્યારે આપણે કામના અને અહંથી છૂટીએ છીએ અને સ્થિર, શુદ્ધ અને નિઃસ્વાર્થ મન દ્વારા કેવળ સત્યપ્રાપ્તિ અને તેનાં પરિણામો માટે જ પ્રયત્ન કરીએ છીએ ત્યારે જ આપણે વસ્તુઓને સાચી રીતે અને એમના યોગ્ય પ્રમાણમાં જોઈ શકીએ છીએ. પરંતુ રાજસિક સંકલ્પ તો પોતાને જેમાં રસ હોય અને પોતાને જે પ્રિય હોય એવી વસ્તુઓની પાછળ પડે છે, અને પોતે જે સાચું અને ન્યાય માનતો હોય, કે માનવું પસંદ કરતો હોય, ધર્મ માનતો હોય, તેનું અનુસરણ કરવામાં સતત એકાગ્રતા કરે છે. હમેશાં એ વસ્તુઓના અર્થ કરવામાં તે પોતાની કામનાઓને યોગ્ય ઠરાવે, અને તેમની સૌથી વધારે ખુશામત કરે એવો જ અર્થ ઘટાવી લે છે, તથા પોતાના કાર્યનાં અને પ્રયત્નનાં વાંછિત ફળ મેળવવામાં જે ઉપાયો સૌથી વધારે મદદ કરે એવા હોય તેમને સાચા અથવા તો યોગ્ય ઠરાવવાનો તે પ્રયત્ન કરે છે. માનવની બુદ્ધિમાં તથા એના સંકલ્પમાં જે ઝૂકાણ હોય છે તથા એમાંથી જે ખોટી વર્તણૂક પ્રગટે છે તેમાંના ત્રણ ચતુર્થાંશનું કારણ ઉપર જણાવ્યું તે હોય છે. પ્રાણમય અહંના ઉપર રજસ્ ની દારુણ પકડ હોઈને તે જ મહાન પાપી અને ખાસ કરીને ખોટે માર્ગે દોરનાર હોય છે.

સાત્ત્વિક બુદ્ધિ જગતની ગતિને, કર્મ કરવાના તથા કર્મમાંથી નિવૃત્ત થવાના નિયમને, કર્તવ્ય અને અકર્તવ્યને, આત્માને માટે સલામત અને જોખમી વસ્તુને, શેનાથી ભય પામવાનું છે, શેને દૂર રાખવાનું છે તથા કઈ વસ્તુને આવકારવાની છે, કઈ વસ્તુ આત્માને બંધનમાં નાખે છે તથા કઈ મુક્ત કરે છે તે સર્વને સાત્ત્વિક બુદ્ધિ યોગ્ય સ્થાને, યોગ્ય રૂપમાં અને યોગ્ય પ્રમાણમાં જુએ છે. પોતાના સચેતન સંકલ્પની ધૃતિ વડે, પોતાની જ્ઞાનજ્યોતિના પ્રમાણમાં, તથા ઊર્ધ્વમાં રહેલા આત્મા અને પરમાત્મા પ્રત્યે આરોહણ કરવામાં એણે વિકાસની જે સ્થિતિ પ્રાપ્ત કરી હોય છે તેના પ્રમાણમાં, એ વસ્તુઓનું તે કાં તો અનુસરણ કરે છે અથવા તો, તેમનાથી દૂર રહે છે. જ્યારે આધ્યાત્મિક અભીપ્સાવાળી બુદ્ધિ સામાન્ય તર્કથી તથા માનસિક સંકલ્પથી પર જે વસ્તુ રહેલી છે તેના પર એકાગ્ર થાય છે, આધ્યાત્મિક જ્ઞાનજ્યોતિનાં ઊર્ધ્વ શિખરો પ્રત્યે અભિમુખ બને છે તથા ઇન્દ્રિયોના ઉપર અને પ્રાણના ઉપર સ્થિર સંયમ સ્થાપન કરે છે તથા પોતાના ઊંચામાં ઊંચા આત્મસ્વરૂપ સાથે, — પરાત્પર પ્રભુ સાથે અદ્વૈત કરે છે ત્યારે આ સાત્ત્વિક બુદ્ધિ પોતાની પરાકાષ્ઠાને પ્રાપ્ત કરે છે. સત્ત્વગુણ વડે એ ઉચ્ચ શિખર પર આરોહણ કરીને સાધક ગુણોથી પર થઈ જાય છે. તથા સત્ત્વગુણ પોતે પણ ગુણોથી પર રહેલા સત્યમાં આરોહણ કરીને તથા કરણ તરીકેની પોતાની પ્રકૃતિ વટાવીને ગુણાતીત થઈ જાય છે. એ ગુણાતીત અવસ્થામાં આત્મા દિવ્ય જ્યોતિમાં પ્રતિષ્ઠા પામે છે, તથા પરમાત્મા સાથે દૃઢ યોગમાં સ્થિર થાય છે. ચેતનાના એ ઉચ્ચ શિખર ઉપર પહોંચીને આપણે પ્રકૃતિનાં કરણોને દિવ્ય કર્મની મુક્ત સ્વાભાવિકતાપૂર્વક દોરવાનું કાર્ય પ્રભુના હાથમાં સોંપી દઈ શકીએ છીએ; કારણ કે ત્યાર પછી અસત્ય કે અવ્યવસ્થિત કર્મ રહેતું નથી, પરાત્પરની જ્યોતિર્મય પૂર્ણતાને અને શક્તિને આચ્છાદિત કે વિકૃત કરનારું ભૂલનું કે અશક્તિનું તત્ત્વ રહેતું નથી. એ બધી નીચેની અવસ્થાઓની, નિયમોની અને ધર્મોની આપણા ઉપર કશી પકડ રહેતી નથી; મુક્ત થયેલા માનવમાં અનંત પોતે કાર્ય કરે છે. ત્યાં કોઈ નિયમ હોતો નથી, પરંતુ તેને ઠેકાણે મુક્ત આત્માનું સનાતન સત્ય અને ઋત હોય છે, ત્યાં કર્મ રહેતું નથી, કોઈ પ્રકારનું બંધન હોતું નથી.

સંવાદ અને સુવ્યવસ્થા, શાંત સુખની લાગણી, તથા અંતરનો આરામ અને શાંતિ, શુદ્ધ અને સ્થિર સત્ત્વ—એ વસ્તુઓ સાત્ત્વિક મનનાં અને પ્રકૃતિનાં ખાસ લક્ષણ છે. માનવ-પ્રકૃતિની ખુલ્લી રીતે કે આડકતરી એવી સર્વસામાન્ય ખોજ સુખપ્રાપ્તિને માટે હોય છે, — પછી તે ખરેખરું સુખ હોય કે સુખની સૂચના હોય, અથવા તો એનો બનાવટી સિક્કો હોય, કે સુખભોગ કે વિલાસ હોય, યા તો મનનો, સંકલ્પનો, આવેગનો કે દેહનો કોઈ સંતોષ હોય. દુઃખનો અનુભવ આપણી પ્રકૃતિને ફરજ પડે છે ત્યારે, વગર ઇચ્છાએ, જરૂર તરીકે સ્વીકારવો

પડે છે. અથવા તો, જે વસ્તુ આપણે માટે ઇષ્ટ હોય છે તે પ્રાપ્ત કરવાના ઉપાય તરીકે દુ:ખનો ઇચ્છાપૂર્વક સ્વીકાર કરવામાં આવે છે. પરંતુ દુ:ખના અનુભવને ખાતર દુ:ખનો સ્વીકાર કરવામાં આવતો નથી,—સિવાય કે એક પ્રકારની વિકૃત અવસ્થામાં કે દુ:ખમાં પોતાનામાં એક પ્રકારનો ક્રૂર આનંદ મળતો હોય છે તેને ખાતર, અથવા તો દુ:ખની અનુભૂતિ જે શક્તિને ઉત્પન્ન કરે છે તેને ખાતર દુ:ખને ઉત્સાહપૂર્વક ભેટવામાં આવે છે. આપણી પ્રકૃતિમાં જે ગુણ આગળપડતો હોય તે પ્રમાણે સુખ પણ જુદાજુદા પ્રકારનું હોય છે. ઉદાહરણ તરીકે તામસિક મન પોતાનાં પ્રમાદ અને આળસમાં, નિદ્રા અને મોહમાં, અંધતામાં અને સ્ખલનમાં સુખી રહી શકે છે. એવા માનસને તેની મૂર્ખાઈ અને અજ્ઞાનમાં, અંધારી ગુફાના તેના ઝાંખા તેજમાં, તથા તમોગુણી સંતોષમાં, તેના નીચા પ્રકારના આનંદોમાં, અને ગ્રામ્ય સુખોમાં, મોજમજાહોમાં, નાનકડો સરખો આત્મસંતોષ માણવાનો હક્ક પ્રકૃતિએ આપ્યો છે. મોહ એવા તામસિક સંતોષનો આરંભ હોય છે અને મોહ એનું પરિણામ હોય છે. પરંતુ અંધારી એ ગુફામાં રહેનાર વ્યક્તિને એક પ્રકારની મંદ—બહુ ઉત્તમ પ્રકારની તો નહિ જ, પરંતુ એના મોહને માટે પૂરતા પ્રમાણમાં ગણાય એવી—મોજની લાગણી હાજર હોય છે. તામસિક સુખની એ લાગણી અજ્ઞાન અને જડતાના ઉપર પ્રતિષ્ઠિત હોય છે.

રાજસિક માણસનું માનસ વધારે જ્વલંત અને વધારે નિશો ચડાવે એવી મદિરા પીએ છે; એવું માનસ આતુર, ગતિશીલ અને સક્રિય એવાં ઇન્દ્રિયોનાં અને દેહનાં સુખોને, તથા ઇન્દ્રિયોમાં ગૂંચવાઈ ગયેલાં, અથવા તો ઉગ્ર, સક્રિય એવાં સંકલ્પ અને બુદ્ધિને જીવનના સમગ્ર આનંદરૂપ તથા તેના સારરૂપ ગણે છે. એવાં સુખો પ્રથમ સ્પર્શે તો હોઠને અમૃત જેવાં (મીઠાં) લાગે છે, પરંતુ એ પ્યાલાને તળિયે ગુપ્ત ઝેર રહેલું હોય છે. અને તેના પછી કડવી નિરાશા, અતિ સંતોષ, ક્લાંતિ—શાક, વિદ્રોહ, પાપ, દુ:ખ, હાનિ અને અનિત્યતાની લાગણી જ બાકી રહે છે. અને એ પ્રમાણે હોય એ વાજબી પણ છે, કારણ કે આપણા અંતરમાં જે આત્મા રહેલો છે તે જીવન પાસેથી સુખનાં એ બાહ્ય સ્વરૂપો માટે માગણી કરતો નથી, રૂપ માત્રની અનિત્યતાથી પર, તેની પેલી તરફ અને તેની પાછળ કાંઈક વસ્તુ છુપાઈ રહેલી છે, કોઈ નિત્ય સંતોષ આપનારી, સ્વપર્યાપ્ત એવી વસ્તુ રહેલી છે તેની તે માગણી કરતો હોય છે. સાત્ત્વિક પ્રકૃતિ ઊર્ધ્વ મન અને આત્માના ઊર્ધ્વ પ્રકારના સંતોષની ખોજ કરતી હોય છે. અને જ્યારે પોતાની એ ખોજનો મહાન પદાર્થ તેને મળી આવે છે ત્યારે આત્માને વિશુદ્ધ અને વિશદ એવી સુખની, એક પ્રકારની પ્રફુલ્લતાની, સ્થિર આરામ અને શાંતિની અનુભૂતિ થાય છે. એ સુખ કોઈ બહારની વસ્તુ ઉપર આધાર રાખતું નથી, પરંતુ

કેવળ આપણા પોતાના ઉપર, તથા આપણા અંતરમાં જે ઉત્તમોત્તમ વસ્તુ હોય છે, જે સૌથી અંતરતમ વસ્તુ છે તેના વિકાસના ઉપર આધાર રાખે છે. પરંતુ એ સ્થિતિ પહેલાં જ વખત આપણી સહજ અવસ્થા બની જતી નથી. એને આત્મસંયમ વડે, આત્માના પ્રયત્ન વડે, ઉન્નત અને કઠણ તપસ્યા વડે જીતવી પડે છે. એ પ્રયત્નની શરૂઆતમાં આપણા અભ્યાસરૂપ થઈ રહેલાં ઘણાં સુખોની હાનિ થાય છે, ઘણું સહન કરવાનું આવે છે, ઘણી હાડમારી વેઠવી પડે છે, આપણી પ્રકૃતિનું મંથન થવાને પરિણામે એમાંથી હળાહળ ઝેર પ્રગટે છે, પ્રકૃતિમાં વિવિધ પ્રકારની શક્તિઓ વચ્ચે દુઃખદાયી ઝઘડો થાય છે, પ્રકૃતિનાં કરણોના વિરોધી સંકલ્પને લઈને, અથવા તો, પ્રાણની ક્રિયાના આગ્રહી દબાણને લઈને ઘણો વિદ્રોહ અને વિરોધ ઊભો થાય છે; પરંતુ એ સર્વને પરિણામે આખરે એ કટુતાને ઠેકાણે અમૃતની સુધા પ્રગટે છે અને જ્યારે આપણે ઊર્ધ્વ આધ્યાત્મિક પ્રકૃતિમાં આરોહણ કરીએ છીએ ત્યારે દુઃખનો છેડો આવી જાય છે, શોક અને દુઃખ બન્ને વિરામ પામે છે. સાત્ત્વિક સંયમના સૌથી ઉન્નત બિંદુ ઉપર કે રેખા ઉપર આ સર્વોત્કૃષ્ટ સુખ આપણામાં અવતરણ કરે છે.

સાત્ત્વિક પ્રકૃતિ આપોઆપ પોતાની મર્યાદાઓને ત્યારે વટાવી જાય છે જ્યારે મહાન, પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ ઊતરતા પ્રકારનાં, સાત્ત્વિક સુખોથી, માનસિક જ્ઞાન અને સદ્‌ગુણોથી મળતાં સુખ અને શાંતિની પેલી તરફ આપણો આત્મા શાશ્વત સ્થિરતામાં અને પ્રભુ સાથેના અદ્વૈતના આનંદની પરાકાષ્ઠામાં પ્રવેશ કરે છે. એ આધ્યાત્મિક આનંદ સાત્ત્વિક સુખની લાગણી નથી હોતો, પરંતુ નિરપેક્ષ આનંદ હોય છે. આનંદના એ ગુપ્ત તત્ત્વમાંથી સઘળું જન્મે છે, એ આનંદને લઈને સઘળું અસ્તિત્વમાં ટકી રહેલું છે. અને આધ્યાત્મિક પરાકાષ્ઠામાં સઘળું એ આનંદમાં આરોહણ કરે છે. અને જ્યારે મુક્ત પુરુષ, — અહં અને કામનાઓથી મુક્ત થઈને, — પોતાના ઉત્તમોત્તમ આત્મસ્વરૂપ સાથે, સર્વ પ્રાણીઓ સાથે તથા પ્રભુ સાથે પોતાના આત્માની નિરપેક્ષ એકતા સ્થાપન કરીને તેમાં પોતાનું જીવન ધારણ કરે છે ત્યારે એ આનંદને પ્રાપ્ત કરી શકાય છે, ધારણ કરી શકાય છે.

પ્રકરણ વીસમું

# સ્વભાવ અને સ્વધર્મ*

ત્રણ ગુણોવાળી અધોમુખ પ્રકૃતિમાંથી આત્માને મુક્તિ અપાવનાર વિકાસ સાધીને ત્રણ ગુણોથી પર રહેલી પરમ દિવ્ય, પરા-પ્રકૃતિમાં આરોહણ કરવું એ આપણી આધ્યાત્મિક પૂર્ણતા અને મુક્તિ પ્રાપ્ત કરવાનો સૌથી ઉત્તમ ઉપાય છે. એવો વિકાસ સાધવા માટે, સાત્ત્વિક ગુણની માત્રા વધારીને તેને આપણી પ્રકૃતિમાં આગળપડતો ગુણ બનાવવો જોઈએ. સત્ત્વગુણનો એ વિકાસ એટલા બધા પ્રમાણમાં કરવો જોઈએ કે સત્ત્વગુણનું ઉલ્લંઘન થઈ જાય, પોતાની મર્યાદાઓથી તે પર જતો રહે તથા પરમ મુક્તિમાં અને નિરપેક્ષ જ્યોતિમાં તે પ્રવેશ કરે, તથા પરસ્પર ઝઘડતા ત્રણ ગુણો જેમાં કશું નિર્માણ કરતા નથી એવી સચેતન આત્માની એક પ્રશાંત શક્તિમાં તે સ્થિર થાય. આપણી સ્વતંત્ર બુદ્ધિમાં આપણી પોતાની અંતરની શક્યતાઓનો જે ઊંચામાં ઊંચો ખ્યાલ આપણે બાંધી શકીએ તદનુસાર સૌથી ઉચ્ચ પ્રકારની સાત્ત્વિક શ્રદ્ધા અને આદર્શ આપણા જીવનને નવો આકાર આપે છે. જ્યારે સત્ત્વગુણમાંથી ઊર્ધ્વમાં આરોહણ કરીએ છીએ ત્યારે આપણી વાસ્તવિક સત્‌-તાનું આપણને દર્શન થાય છે, આધ્યાત્મિક આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. ત્યાર પછી ઊંચામાં ઊંચી આદર્શશીલતાનો અથવા તો ધર્મનો નિયમ, આપણા સ્વાભાવિક જીવનના સત્યધર્મનું અનુસરણ વગેરે જીવનનાં ધોરણોમાં પલટો થઈ જાય છે, અને એક પ્રકારની મુક્ત, ખાતરીભરી, સ્વયંભૂ પૂર્ણતા પ્રાપ્ત થાય છે, જેમાં કોઈ પણ ધોરણના ઉપર આધાર રાખવાનો રહેતો નથી, અને અમર આત્માનો સાહજિક નિયમ અધોમુખ કરણોના નિમ્ન પ્રકારના ધર્મનું સ્થાન લે છે. સાત્ત્વિક મન અને સાત્ત્વિક સંકલ્પનું રૂપાંતર થઈને તેને સ્થાને એકમેવ સત્‌નાં આધ્યાત્મિક જ્ઞાન અને સક્રિય શક્તિ આવે છે. એ સ્થિતિમાં સમગ્ર પ્રકૃતિનો વેશ દૂર થઈ જાય છે અને અંતરમાં રહેલા પ્રભુની તે મુક્ત અભિવ્યક્તિ બની રહે છે. આપણી અંદરના સાત્ત્વિક કર્તાને ઠેકાણે પોતાના આદિ મૂલની સાથે સંપર્કમાં છે એવો, પુરુષોત્તમ સાતે યુક્ત થયેલો જીવ અનુભવાય છે. એ જીવ પોતે કર્મનો કર્તા નથી હોતો, પરંતુ પરાત્પરના અને વિશ્વમય પુરુષના કર્મનું તે માત્ર વાહન હોય છે. એવા માણસની પ્રકૃતિનું બીજું રૂપાંતર પામી જાય છે, અને જ્યોતિથી

---

*ગીતા, અ. ૧૮, શ્લોક ૪૦—૪૮.

પ્રકાશિત બને છે તથા બિનંગત અને વૈશ્વિક કર્મનું કરણ, દિવ્ય બાણાવળીનું ધનુષ્ય બને છે. પહેલાં જે સાત્ત્વિક કર્મ હતું તે પૂર્ણતાને પ્રાપ્ત થયેલી એવી પ્રકૃતિની મુકત પ્રવૃત્તિમાં રૂપાંતર પામી જાય છે જેમાં કોઈ પ્રકારની અંગત મર્યાદાને સ્થાન હોતું નથી, કોઈ ગુણનું બંધન રહેતું નથી, પાપ અને પુણ્યનું, આત્માનું અને અન્યનું બંધન નડતું નથી. એમાં તો ફકત સૌથી ઉચ્ચ આધ્યાત્મિક આત્મ-નિર્ણય જ કાર્ય કરે છે. જ્યારે એકમાત્ર દિવ્ય કર્તા, પ્રભુ પ્રત્યે ઈશ્વરની શોધ કરનારું આધ્યાત્મિક જ્ઞાન આરોહણ કરે છે ત્યારે ઉપર જણાવી તે કર્મની પરાકાષ્ઠા પ્રાપ્ત થાય છે.

ભારતની સંસ્કૃતિની પદ્ધતિમાં ઘણો અગત્યનો એવો એક પ્રાસંગિક પ્રશ્ન હજી ઊભેલો છે. અને એ વિષેનું પ્રાચીન દૃષ્ટિબિંદુ હોવા ઉપરાંત એ પ્રશ્નની સામાન્ય અગત્ય પણ ઘણી છે. ગીતાએ એ પ્રશ્નના ઉપર જે અછડતા ઉલ્લેખો કર્યા છે તે આપણે જાણીએ છીએ અને હવે એ પ્રશ્ન પોતાને યોગ્ય સ્થાને આવીને ગોઠવાય છે. માનવની સામાન્ય ભૂમિકામાં ઉપરનાં બધાં કર્મો પ્રકૃતિના ગુણો વડે નિર્માય છે; **કર્તવ્ય કર્મ** એટલે કે જે કર્મ કરવાનું છે તે દાન, યજ્ઞ અને તપ, એમ ત્રણ પ્રકારનું સ્વરૂપ ધારણ કરે છે તથા એમાંનું પ્રત્યેક, અથવા તો એ ત્રણે સામટાં, ત્રણ ગુણોમાંથી કોઈ પણ એકનું સ્વરૂપ ધારણ કરી શકે છે. એટલે એ વસ્તુઓને એમનાથી જઈ શકાય તેટલી સાત્ત્વિક ઉન્નતિએ લઈ જવી જોઈએ અને તેનાથી પર, તેનાથી પેલે પાર, એક એવી વિશાળતામાં તેમને લઈ જવી જોઈએ કે જ્યાં આગળ સર્વ કર્મો મુકત આત્મદાન રૂપ, દિવ્ય તપસ્‌ની શકિતરૂપ તથા આધ્યાત્મિક જીવનના સતત યજ્ઞ રૂપ બની રહે. પરંતુ આ નિયમ સામાન્ય છે અને ઉપર જણાવેલા વિચારો એ સામાન્ય સિદ્ધાંતની વ્યાખ્યા જેવા છે એટલે બધાંય કર્મોને અને બધાંય માણસોને તે લાગુ પડે છે. બધાં માણસો આધ્યાત્મિક વિકાસ સાધીને છેવટે એ કઠણ તપસ્થાને, એ વિશાળ પૂર્ણતાને, એ ઊંચામાં ઊંચી આધ્યાત્મિક અવસ્થાને પ્રાપ્ત કરી શકે છે. પરંતુ મનનો અને કર્મનો સામાન્ય નિયમ બધાં માણસો માટે એક જ છે તે છતાં આપણે એ પણ જોઈએ છીએ કે પ્રત્યેક વ્યકિતનો, વિવિધતાનો પણ સતત નિયમ કાર્ય કરી રહેલો છે, તથા પ્રત્યેક વ્યકિત માનવ-આત્માનાં મન, સંકલ્પ વગેરેનો સર્વસામાન્ય નિયમો પ્રમાણે વર્તે છે, એટલું જ નહિ પરંતુ પોતાની વિશિષ્ટ, અંગત, પ્રકૃતિ પ્રમાણે પણ વર્તે છે. પ્રત્યેક માનવ પોતાના સંજોગો, શકિતઓ, વલણ કે વૃત્તિ, ચારિત્ર અને સામર્થ્ય અનુસાર જુદાજુદા ધર્મો આચરે છે, અથવા તો જુદીજુદી વૃત્તિને અનુસરે છે. હવે, આપણે વિચારવાનું એ છે કે આ વિવિધતાને, પ્રકૃતિના આ વ્યકિતગત નિયમને આધ્યાત્મિક સાધનામાં કયું સ્થાન આપવું જોઈએ?

આ મુદ્દા ઉપર ગીતાએ થોડો ભાર મૂક્યો છે તથા એને ઘણી મોટી પ્રારંભિક અગત્ય પણ આપી છે. છેક શરૂઆતમાં ક્ષત્રિયના ધર્મ અને જીવનના

નિયમનો અર્જુનના સ્વ-ધર્મ — "પોતાના ધર્મ" તરીકે ગીતાએ ઉલ્લેખ કર્યો છે. અને ધ્યાન ખેંચે એવા ભાર સહિત ગીતાએ એવો નિયમ પણ ઉચ્ચાર્યો છે કે પ્રત્યેકે પોતાનો સ્વભાવ, પ્રકૃતિનો નિયમ, પોતાનો ધર્મ પાળવો જોઈએ, એનું અનુસરણ કરવું જોઈએ, — ભલે તે દોષવાળો હોય. પરધર્મના સફળ આચરણ કરતાં સ્વધર્મનું સદોષ આચરણ પણ વધારે સારું છે, હિતકારક છે. સ્વ-ધર્મના આચરણમાં મરણ થાય તે વિજાતીય ધર્મના, એટલે કે પરધર્મના, આચરણમાં વિજય પ્રાપ્ત કરવા કરતાં વધારે સારું છે.* પરધર્મનું અનુસરણ આત્માને માટે ભયાવહ છે. આપણે એમ કહીશું કે આત્માની સમુત્ક્રાંતિના સ્વાભાવિક માર્ગનો એવું પરધર્મનું આચરણ વિરોધ કરે છે. એવો પારકાનો ધર્મ જડ રીતે લાદવામાં આવેલો હોઈ બહારથી આણેલી વસ્તુ જેવો વિજાતીય રહે છે, કૃત્રિમ હોય છે તથા અંતરાત્માના સાચા બંધારણ પ્રત્યેના વિકાસને નિષ્ફળ બનાવે છે. સત્-તામાંથી જે વસ્તુ પ્રગટે છે તે સાચી અને તંદુરસ્ત વસ્તુ હોય છે. એવી ક્રિયા અંતરથી પ્રમાણિત થયેલી હોય છે, — બહારથી લાદેલી કે જીવનના દબાણને કે મનની ભૂલને પરિણામે તેના પર મૂકવામાં આવેલી વસ્તુ હોતી નથી. માનવનો આ સ્વ-ધર્મ ચાર સામાન્ય પ્રકારનો હોય છે. હિંદની પ્રાચીન સામાજિક સંસ્કૃતિમાં એ ચાર સ્વધર્મોને ચાર વર્ણોના ધર્મોમાં બાહ્ય રીતે સંગઠિત કરવામાં આવ્યા હતા. ગીતા કહે છે કે એ પદ્ધતિ દિવ્ય ધર્મ અનુસાર છે. चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः (४.१३) — 'એ ચાતુર્વર્ણ્ય ગુણ અને કર્મના વિભાગ પ્રમાણે મેં સર્જેલું છે,' — એટલે કે જીવનના સ્વામીએ સૃષ્ટિના આરંભથી એ સર્જન કરેલું છે. એનો અર્થ એ થાય છે કે સક્રિય પ્રકૃતિના ચાર જુદાજુદા વર્ગો, અથવા તો, પ્રકૃતિમાં પ્રગટ થયેલા આત્માના સ્વ-ભાવના ચાર મૌલિક પ્રકારો છે. પ્રત્યેક માનવનું કર્મ, એનો ધર્મ પ્રકૃતિના એ વર્ગોમાંના એકમાં પડે છે. આ વસ્તુ અહીં હવે વધારે ચોક્કસ વિગતપૂર્વક અને છેવટના સ્વરૂપમાં સમજાવવામાં આવે છે. ગીતા કહે છે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રનાં કર્મોનાં, એમની પોતાની આંતર પ્રકૃતિમાંથી પ્રગટ થતા ગુણો પ્રમાણે, આધ્યાત્મિક સ્વભાવ તથા મૌલિક શીલ પ્રમાણે, વિભાગો કરવામાં આવ્યા છે. શમ, દમ, તપ, શૌચ, ક્ષાંતિ, ઋજુતા, જ્ઞાન અને આધ્યાત્મિક સત્યનો સ્વીકાર, એ બ્રાહ્મણના સ્વભાવમાંથી પ્રગટતાં કર્મોનો પ્રકાર હોય છે. શૌર્ય, તેજ, ધૃતિ, દૃઢનિશ્ચય, દક્ષતા, રણમાંથી પાછાં પગલાં ન કરવાં, દાન, ઈશ્વરભાવ એટલે અન્યના ઉપર શાસન કરવાનો ભાવ, એ ક્ષત્રિયના સ્વભાવનાં સ્વાભાવિક કર્મો છે. કૃષિ — ખેતી, ગોરક્ષા, વેપાર, — જેમાં કારીગરનું અને

---

* श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।। (३.३५)

કસબીનું કાર્ય પણ આવી જાય છે, તે વૈશ્યનાં સ્વાભાવિક કર્મો છે. સેવાનું બધું જ કાર્ય શૂદ્રના સ્વાભાવિક કાર્યમાં ગણાય છે. ગીતા આગળ કહે છે કે જે માણસ જીવનમાં પોતાના કર્મમાં અભિરત રહે છે તે સંસિદ્ધિને મેળવે છે, અલબત્ત, કેવળ કર્મ કરવાથી નહિ, પરંતુ જો તેને સત્ય જ્ઞાનપૂર્વક અને શુદ્ધ હેતુ સહિત કરે, એ કર્મને આ સૃષ્ટિમાં વ્યાપેલા પરમાત્માની ભક્તિ અને પૂજાના રૂપમાં ફેરવી શકે તથા કર્મ કરવાની સઘળી પ્રેરણા જે વિશ્વના સ્વામી પાસેથી આવતી હોય છે તેને એ કર્મ સાચા હૃદયથી અર્પણ કરે તો. સર્વ કર્મોને, સર્વ સ્થૂલ કાર્યને અને ધર્મોને — ગમે તે પ્રકારનાં હોય તેમને — આ પ્રમાણે સમર્પણ કરી શકાય છે, તથા એને પરિણામે આપણું સમગ્ર જીવન, અંતરમાં અને બહાર જે પ્રભુ વ્યાપીને રહેલો છે તેને અર્પણરૂપ, અંજલિરૂપ, બની જઈ શકે છે. અને એવું કર્મ પોતે આધ્યાત્મિક પૂર્ણતા પ્રાપ્ત કરવાના સાધનરૂપ બની જાય છે પરંતુ જે કામ પોતાના સ્વભાવમાંથી પ્રગટતું ન હોય તે કદાચ વધારે સારી રીતે કરવામાં આવે, બહારનાં અને સ્થૂલ ધોરણો વડે માપતાં એ કર્મ ઉપરઉપરથી સારું પણ દેખાય, અથવા તો, જીવનમાં સફળતા પણ અપાવે છતાં અંતરના વિકાસના સાધન તરીકે તે ઊતરતા પ્રકારનું છે — એ બાહ્ય હેતુ અને સ્થૂલ પ્રેરણાને કારણે જ ઊતરતા પ્રકારનું બને છે. બીજા દૃષ્ટિબિંદુથી જોતાં, દોષવાળું જણાય તોપણ વ્યક્તિનું પોતાનું હોય એવું કાર્ય વધારે સારું છે. પોતાના સ્વ-ભાવ અને સ્વ-ધર્મ પ્રમાણે વર્તન કરવાથી માણસને પાપ લાગતું નથી, અથવા તો દોષ લાગતો નથી. ત્રણ ગુણોમાં રહીને કરેલાં સઘળાં કર્મો અપૂર્ણ હોય છે માનવનાં સર્વ કર્મો ખામીવાળાં, ભૂલભરેલાં કે મર્યાદાવાળાં હોય છે. પણ તેથી આપણા પોતાના ધર્મનો — સ્વ-ધર્મનો — આપણે ત્યાગ ન કરવો જોઈએ. આપણું કર્મ नियतं कर्म (૧૮.૯) — એટલે સાચી રીતે 'નિયત થયેલું કર્મ' — હોવું જોઈએ, પરંતુ તે પોતાના અંતરમાંથી પ્રગટેલું, પોતાના જીવનના સત્ય સાથે સંવાદી અને स्वभावनियतं कर्म (૧૮.૪૭) — 'સ્વ-ભાવમાંથી નિર્માણ થયેલું કર્મ' હોવું જોઈએ.

આ પ્રમાણે ઉલ્લેખ કરવામાં ગીતાનો ખાસ શો ઉદ્દેશ છે? પ્રથમ, આપણે એના બાહ્ય અર્થમાં એને લાગુ કરીશું. અને એ જે સિદ્ધાંત અહીં જાહેર કરે છે તેને તે પ્રજાના અને જમાનાના વિચારોએ કેવો રંગ આપ્યો હતો એટલે કે તે જમાનાના સંસ્કારિતાના વાતાવરણમાં એનો રંગ કેવો હતો, એનું પ્રાચીન અર્થઘટન કેવું હતું તે આપણે વિચારીશું. આ શ્લોકો અને ગીતાના આગળના ઉલ્લેખો જ્ઞાતિના પ્રશ્ન સંબંધી વર્તમાન ચર્ચાઓમાં કેટલાક લોકોએ ઝડપી લીધા છે અને આજકાલની જ્ઞાતિવ્યવસ્થાને મંજૂરી તરીકે તેમનો અર્થ પણ કરવામાં આવેલો છે, જ્યારે બીજા કેટલાક લોકો જ્ઞાતિનો પાયો વંશપરંપરાગત નથી એવો નિર્ણય એ શ્લોકો પરથી તારવે છે. ખરું જોતાં, ગીતાના શ્લોકોને અત્યારની

જ્ઞાતિવ્યવસ્થા જોડે કશો જ સંબંધ નથી, કારણ કે પ્રાચીન કાળમાં આર્યસમષ્ટિના જે ચાર સ્પષ્ટ વિભાગો હતા, ચતુર્વર્ણનો જે સામાજિક આદર્શ હતો તેના કરતાં એ ઘણી જ જુદી વસ્તુ છે, અને ગીતા જેનું વર્ણન કરે છે તેની સાથે તે બંધબેસતી નથી. ખેતી, ગોરક્ષા, પ્રત્યેક પ્રકારનો વેપાર વૈશ્યનું કર્મ ગણાય છે; પરંતુ પ્રચલિત જ્ઞાતિવ્યવસ્થામાં ધંધાઓ, ગોરક્ષા, કારીગીરી, કસબ વગેરે કર્યો કરનારા લોકોનો મોટો ભાગ — જ્યાં એને સમાજની બહાર મૂકવામાં આવતો નથી ત્યાં — શૂદ્ર ગણાય છે. અને અમુક અપવાદો સિવાય એકલા વેપારી વર્ગને, — અને તે પણ સર્વત્ર નહીં, — વૈશ્ય ગણવામાં આવે છે. આજકાલ ખેતી, રાજ્યવ્યવસ્થા અને નોકરી એ બ્રાહ્મણથી માંડીને શૂદ્ર સુધી તમામ વર્ણના ધંધાઓ છે. અને જુદાજુદા વર્ગોના ધર્મોનો આર્થિક પાયો એટલો બધો અવ્યવસ્થિત થઈ ગયો છે કે તેને ફરીને સુધારી શકાય એવી સ્થિતિમાં તે રહ્યો નથી. તો બીજી બાજુ અત્યારની જ્ઞાતિવ્યવસ્થાના મૂળમાં ગુણનો નિયમ તો એથી પણ ઓછો ભાગ ભજવે છે. અત્યારે તો બધું અચલાયતન, રૂઢિ અને આચાર પ્રમાણે ચાલે છે અને વ્યકિતની પ્રકૃતિની જરૂર સાથે એને કશો સંબંધ હોતો નથી. વળી આજકાલ જે જ્ઞાતિ-બંધારણ પ્રચલિત છે તેના હિમાયતીઓ જે દલીલ કરે છે તેની ધાર્મિક બાજુ તપાસીશું તો ગીતાના શબ્દોમાં, તેઓ કહે છે તેમ, અર્થ વગરનો વિચાર આપણે નહિ જ ઠોકી બેસાડી શકીએ. એટલે કે વ્યકિતએ પોતાની અંગત વૃત્તિ કે વલણ તથા શકિતઓનો વિચાર કર્યા વિના પોતાના માબાપનો કે પોતાના નિકટના કે દૂરના પૂર્વજોનો ધંધો જ અનુસરવો, દૂધવાળાના છોકરાએ દૂધવાળા જ થવું, દાકતરના છોકરાએ દાકતર બનવું અને મોચીના છોકરાઓએ કાલના અંત સુધી મોચી જ રહેવું એવો માનવ-પ્રકૃતિનો નિયમ છે એમ આપણે કહી શકીશું નહીં. અને એ પ્રમાણે બીજા કોઈની (એટલે કે માબાપની) પ્રકૃતિનું પોતાની અંગત જરૂર કે અંતરના સાદ કે ગુણોની દરકાર કર્યા વિના બુદ્ધિહીન અને યાંત્રિક પુનરાવર્તન કરવાથી માણસ આપોઆપ જ પોતાની પૂર્ણતા પ્રત્યે આગળ વધે છે અને આધ્યાત્મિક પૂર્ણતાને પ્રાપ્ત કરે છે એમ માનવું તો એથી પણ ઓછું તર્કસંગત લાગે છે. ગીતાનું કથન પ્રાચીન ચતુર્વર્ણની પદ્ધતિ જેવી તેની આદર્શ વિશુદ્ધિમાં હતી, અથવા તો હતી એમ ધારવામાં આવતું હતું — કારણ કે એ પદ્ધતિ એક આદર્શ કરતાં, કે એક સામાન્ય નિયમ જેનું અનુસરણ વર્તનમાં વધારે કે ઓછી શિથિલતાપૂર્વક કરવામાં આવ્યું હતું તેના કરતાં, કોઈ પણ સમયે, વિશેષ વસ્તુ હતી કે કેમ એ ચર્ચાસ્પદ છે — તેને લગતું છે; અને એ સંબંધમાં જ આપણે એનો વિચાર કરવો જોઈએ. એમાં પણ એનો ચોક્કસ, બાહ્ય અર્થ નક્કી કરવા વિષે ઘણી મોટી મુશ્કેલી રહેલી છે.

પ્રાચીન ચાતુર્વર્ણ્યની પદ્ધતિની સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક તથા

આધ્યાત્મિક એવી ત્રણ બાજુઓ હતી. આર્થિક બાજુમાં સમાજની અંદર રહેલા સામાજિક માણસના ચાર ધર્મો તેણે સ્વીકાર્યા હતા: ૧. ધર્મના ગુરુનું, વિધિ કરાવનાર આચાર્ય, પઠન યાને ભણતર, સાહિત્ય અને જ્ઞાન; ૨. રાજ્યશાસન, રાજવિદ્યા, યુદ્ધ અને રાજ્યવ્યવસ્થા; ૩. પેદાશ, ધનોપાર્જન, વિનિમય; ૪. સેવાનાં અને ભાડૂતી મજૂરીનાં કાર્યો. સમાજની આખી વ્યવસ્થા ધર્મોના આ ચાર વિભાગવાળા ચાર સ્પષ્ટ વર્ગો પર રચવાનો અને સ્થાયી કરવાનો પ્રયત્ન પ્રાચીન કાળમાં થયો હતો. આ પદ્ધતિ હિંદની એક ખાસ વસ્તુ ન હતી. પરંતુ પ્રાચીન અને મધ્ય યુગના સમાજોની પણ સામાજિક સમુત્ક્રાંતિની ચોક્કસ અવસ્થાનું — જોકે એમાં અમુક ફેરફારો હતા તોપણ — આગળપડતું લક્ષણ હતું. સઘળા સ્વસ્થ સમાજોના જીવનમાં એ ચાર ધર્મો આજે પણ અંતર્ગત રહેલા છે ખરા, પરંતુ એવા સ્પષ્ટ જ્ઞાતિ-વિભાગો કોઈ જગ્યાએ જીવંત જોવામાં આવતા નથી. પ્રાચીન પદ્ધતિ સઘળે સ્થળે ભાંગી પડી તથા વધારે સ્થિતિસ્થાપક વ્યવસ્થા એની જગ્યાએ આવી, અથવા તો હિંદમાં બન્યું તેમ, અવ્યવસ્થિત અને સંકીર્ણ એવી સામાજિક અક્કડાઈ તથા આર્થિક અક્રિયતા આવી અને તે છેવટે જ્ઞાતિઓની અંધાધૂંધી રૂપી અધોગતિને પ્રાપ્ત થઈ. આ આર્થિક ભેદની સાથેસાથે સાંસ્કારિક વિચારનો પણ સંબંધ રહેલો હતો, જેને પરિણામે પ્રત્યેક વર્ગને એનો ધાર્મિક રિવાજ, રૂઢિ, મોભાનું ધોરણ, નૈતિક નિયમ, યોગ્ય કેળવણી, ધંધાનું શિક્ષણ, ચારિત્ર્યનો પ્રકાર, કુટુંબનો આદર્શ અને શિસ્ત એને મળતાં હતાં. જીવનમાં બનતી ઘટનાઓ એ વ્યવસ્થાની પાછળ રહેલા આદર્શ સાથે હમેશાં મેળમાં હતી એવું ન હતું, — માનસિક આદર્શ અને પ્રાણ તથા સ્થૂલના આચરણ વચ્ચે હમેશાં અમુક અંતર તો રહે છે જ. પરંતુ એ બન્ને વચ્ચે મેળ જાળવવા માટે બની શકે તેટલો ભારે પ્રયત્ન કરવામાં આવતો હતો. ભૂતકાળના એ પ્રયત્નની અને એને લઈને સંસ્કારિતાનાં જે આદર્શ અને વાતાવરણ સામાજિક માનવને તૈયાર કરવા માટે ઉત્પન્ન થયાં હતાં તેની અગત્ય જેટલી આંકીએ તેટલી ઓછી છે. પરંતુ આજે એ મૂલ્ય કેવળ ઐતિહાસિક છે, — ભૂતકાળ અને સમુત્ક્રાંતિ પૂરતું એનું મૂલ્ય છે. છેવટે, જ્યાં જ્યાં એ પદ્ધતિ પ્રચલિત હતી ત્યાં ત્યાં એને, ઓછા-વધારે પ્રમાણમાં, ધાર્મિક મંજૂરી મળી હતી (પૂર્વમાં વધારે, યુરોપમાં ઓછી) તથા હિંદમાં એનો એક વધારે ગહન આધ્યાત્મિક અર્થ અને ઉપયોગ કરવામાં આવ્યો હતો. એ આધ્યાત્મિક અર્થ એ ગીતાના બોધનો ખરેખરો ઉપયોગી ભાગ છે.

ગીતાને તો ચાતુર્વર્ણ્યની પદ્ધતિ જીવનમાંથી મળી આવી અને તેણે એનો આદર્શ હિંદના માનસમાં વ્યાપેલો જોયો. એણે એ બન્નેનો — આદર્શનો અને પદ્ધતિનો — અને એને મળેલી ધાર્મિક અનુમતિનો સ્વીકાર કર્યો. શ્રીકૃષ્ણ કહે છે: चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः (૪.૧૩) — 'ચતુર્વર્ણની વ્યવસ્થા ગુણ

અને કર્મના વિભાગ અનુસાર મેં સર્જેલી છે.' કેવળ આટલા વાક્યના જોરના ઉપર આપણે એવો નિર્ણય કરી નથી શકતા કે ગીતા એ પદ્ધતિને શાશ્વત અને વિશ્વવ્યાપી યોજના તરીકે ગણતી હતી. બીજાં પ્રાચીન પ્રમાણો એને એવી ગણતાં ન હતાં, એ તો સ્પષ્ટ કહે છે કે આરંભમાં એ વ્યવસ્થા હતી નહીં, ભાવિ કલ્પના છેડામાં એનો અંત આવી જશે. છતાં, એ વાક્ય ઉપરથી આપણે એટલું સમજી શકીશું કે સામાજિક માનવના ચાર પ્રકારના ધર્મને પ્રત્યેક સમષ્ટિની ચેતસિક અને આર્થિક જરૂરિયાતો સંબંધી સ્થિતિમાં અંતર્ગત રહેલો ગણવામાં આવતો હતો. અને તેથી કરીને જે બ્રહ્મ, — જે ઈશ્વર — માનવના વ્યક્તિગત અને સામાજિક પિંડમાં પોતાનો આવિષ્કાર કરે છે તેણે એનું વિધાન કરેલું હોવું જોઈએ એમ માની શકાય. ગીતાનું વાક્ય, ખરું જોતાં, વેદના પુરુષસૂક્તમાં જે પ્રતીક છે તેનો બુદ્ધિની ભાષામાં રજૂ કરેલો અનુવાદ છે. પણ તો પછી, એ ધર્મોના અભ્યાસનો સ્વાભાવિક પાયો અને સ્વરૂપ કેવાં હોવાં જોઈએ? પ્રાચીન કાળમાં એ વ્યવહારુ પાયો વંશપરંપરાગત રહેલો હતો. વ્યક્તિનો સામાજિક ધર્મ અને સમાજમાં તેનું સ્થાન અસલ તો, — હાલ પણ વધારે મુક્ત અને ઓછી વિગતોમાં સંગઠિત સમાજોમાં બને છે તેમ — એની પરિસ્થિતિ, પ્રસંગ, જન્મ અને એની શક્તિ વડે નક્કી કરવામાં આવતાં હતાં. પરંતુ જેમજેમ સામાજિક સ્તરનું બંધારણ કડક થવા માંડયું તેમતેમ સમાજમાં વ્યક્તિનું સ્થાન વ્યવહારમાં કેવળ, કે મુખ્યત્વે કરીને, જન્મ વડે નિયત થવા માંડયું અને જ્ઞાતિની પદ્ધતિની છેવટની સ્થિતિમાં કેવળ જન્મ જ સામાજિક સ્થાન નક્કી કરવાનો નિયમ થઈ પડયો. બ્રાહ્મણનો પુત્ર હમેશાં બ્રાહ્મણનું સ્થાન લે છે, જોકે તેનામાં બ્રાહ્મણના ખાસ ગુણો કે શીલ ન હોય, બુદ્ધિની શિક્ષા કે આધ્યાત્મિક અનુભૂતિ કે ધાર્મિક તત્ત્વ કે જ્ઞાન સાથે — એની વર્ણના સાચા, અંતરના ધર્મ સાથે — એને કશો પણ સંબંધ ન હોય, એના કાર્યમાં અને એની પ્રકૃતિમાં બ્રાહ્મણત્વ ન હોય તોપણ.

આ પ્રમાણેનો ક્રમવિકાસ થવો અનિવાર્ય હતો, કારણ કે બહારની નિશાનીઓ જ કેવળ એવી વસ્તુઓ છે જે સહેલાઈથી અને સગવડતાપૂર્વક નક્કી કરી શકાય, અને તેથી કરીને એક યાંત્રિક, સંકુલ અને રૂઢિવશ એવી સામાજિક વ્યવસ્થામાં જન્મ એ સૌથી સગવડભરી અને વ્યવહારુ નિશાની થઈ પડી. થોડા સમય માટે ઓધે ઊતરેલા ગુણોની કલ્પના અને વ્યક્તિનું પોતાનું સહજ એવું શીલ અને શક્તિ એ બેની વચ્ચે રહેલા શક્ય અંતરને કેળવણી અને શિક્ષા વડે દૂર કરવામાં અથવા તો ઘટાડવામાં આવ્યું હતું. પરંતુ આખરે એ પ્રયત્ન ચાલુ રહી શકયો નહિ અને પરંપરાગત રૂઢિ જ નિરપવાદ નિયમરૂપ થઈ પડી. પ્રાચીન સ્મૃતિકારોએ વંશના ગુણો ઓધે ઊતરે છે એ સિદ્ધાંતનો સ્વીકાર કરવા છતાં પણ એવો આગ્રહ સેવ્યો હતો કે ગુણ, શીલ અને શક્તિ એ જ જ્ઞાતિના ખરા પાયા છે

અને એના વિનાનું વંશપરંપરાગત સામાજિક સ્થાન આધ્યાત્મિકના વગરનું એક જૂઠાણું બની જાય છે, કારણ કે એનો સાચો અંતરનો અર્થ બાતલ થઈ ગયો હોય છે. ગીતા પણ પોતાના વિચાર-તત્ત્વને અંતરના અર્થના ઉપર જ હમેશાં પ્રતિષ્ઠિત કરે છે. એક શ્લોકમાં ગીતા **सहजं कर्म** (૧૮.૪૮) — વ્યકિતના 'જન્મની સાથે જન્મેલાં કર્મ'નો ઉલ્લેખ કરે છે; પરંતુ એમાં વર્ણનો પાયો પરંપરાગત છે એવો અર્થ રહેલો નથી. હિંદમાં પુનર્જન્મનો જે વાદ પ્રચલિત છે તે પ્રમાણે — અને ગીતા તેનો સ્વીકાર કરે છે — વ્યકિતનો સહજ સ્વભાવ અને એના જીવનનું વહેણ એના પોતાના ભૂતકાળના જીવન વડે નિર્મિત થાય છે. એટલે કે એનાં ભૂતકાળનાં કર્મોને લીધે તથા એની માનસિક અને આધ્યાત્મિક ઉત્ક્રાંતિ વડે એણે જે આત્મવિકાસ સાધ્યો છે તે જ એનો અત્યારનો સહજ સ્વભાવ અને જીવન બનેલાં છે. અને એ વસ્તુઓ એનાં પૂર્વજોના કે માતાપિતાના ઉપર કે સ્થૂલ જન્મ જેવાં બાહ્ય અને સ્થૂલ કારણો ઉપર જ આધાર રાખી શકે નહીં. એ કારણો ગૌણ મૂલ્યવાળાં હોઈ શકે, કદાચ સચોટ નિશાની હોઈ શકે, પણ શાસન કરનાર સિદ્ધાંત નહીં. **सहज** શબ્દનો અર્થ 'સાથે જન્મેલું', જે કાંઈ સ્વાભાવિક છે, અંતરનું છે, અંતરમાંથી ઉદ્ભવેલું છે તે, એવો થાય છે. એનો સમાનાર્થ શબ્દ બીજા શ્લોકોમાં આવે છે તે **स्वभावज** — 'સ્વભાવમાંથી જન્મેલું' — છે. માણસનું કાર્ય અથવા તો એનો ધર્મ ગુણો વડે નિર્મિત થાય છે, કર્મ ગુણો વડે નિર્યંત્રિત થાય છે; એ કર્મ **स्वभावजं कर्म** (૧૮.૪૩) — એના 'સ્વભાવમાંથી જન્મેલું', — હોય છે. અને એના સ્વભાવ વડે નિયત થાય છે, — **स्वभावनियतं कर्म** (૧.૪૭) હોય છે. આ પ્રમાણે કર્મમાં કે ધર્મમાં જે અંતરના ગુણો અને આવિર્ભાવનું તત્ત્વ પ્રગટ થાય છે તેના ઉપર ગીતા જે ભાર મૂકે છે તેનાથી ગીતાના કર્મના ખ્યાલનો સમગ્ર અર્થ આપણને મળી રહે છે.

ચાતુર્વર્ણ્યના બહારના સ્વરૂપના ઉપર નહિ પરંતુ તેના અંતરના સત્યના ઉપર ગીતા જે ભાર મૂકે છે તેમાંથી સ્વ-ધર્મનું અનુસરણ કરવામાં આધ્યાત્મિક સાર્થકતા અને શકિત રહેલાં છે એમ જે ગીતા પ્રતિપાદન કરે છે તે સિદ્ધાંત ફલિત થાય છે. એ શ્લોકોની પ્રસ્તુતતા ખરેખરી રીતે એ સિદ્ધાંતમાં રહેલી છે. બાહ્ય સામાજિક વ્યવસ્થા સાથે એનો જે સંબંધ છે તેના મૂલ્યની અતિશયોકિત કરવામાં આવેલી છે, જાણે કે ગીતાનો ઉદ્દેશ જ્ઞાતિવ્યવસ્થાને તેને પોતાને ખાતર ટેકો આપવાનો ન હોય, અથવા તો, ધાર્મિક અને દાર્શનિક વાદ વડે એને સપ્રમાણ ઠરાવવાનો એનો ઉદ્દેશ ન હોય! હકીકતમાં, વર્ણની પદ્ધતિ જે સિદ્ધાંતને નિયમિત બાહ્યાચારમાં મૂકવાનો પ્રયત્ન કરતી હતી તેના બહારના નિયમ ઉપર ગીતા ઘણો જ ઓછો ભાર દે છે, અને તેના અંતરના નિયમના ઉપર ઘણો વધારે ભાર મૂકે છે. ગીતાના આ શ્લોકોમાં વિચારની દૃષ્ટિ એ નિયમના વ્યકિતગત અને આધ્યાત્મિક

મૂલ્યના ઉપર, નહિ કે એની સામાજિક અને આર્થિક કે બીજા સામાજિક કે સાંસ્કૃતિક તત્ત્વના ઉપર એકાગ્ર થયેલી છે. ગીતા વેદના યજ્ઞવાદને સ્વીકારે છે, પરંતુ તેને એક ગહન મરોડ, એક અંતરનો સ્વાનુભવ-પ્રધાન અને વિશ્વવ્યાપી અર્થ આપે છે, એક આધ્યાત્મિક અર્થ અને દિશા આપે છે જે એનાં સઘળાં મૂલ્યોનું પરિવર્તન કરી નાખે છે. અહીં પણ એ જ રીતે, ચાતુર્વર્ણ્યના વાદનો તે સ્વીકાર કરે છે, પરંતુ તેને એક ગંભીર મરોડ, અંતરનો સ્વાનુભવપ્રધાન અને વિશ્વવ્યાપી અર્થ, એક આધ્યાત્મિક અર્થ અને દિશા આપે છે. એમ થતાં જ એ વાદની પાછળનો વિચાર પણ બદલાઈ જાય છે અને તે એક સ્થાયી અને જીવંત સત્ય બની જાય છે અને એક વિશિષ્ટ સામાજિક સ્વરૂપ અને વ્યવસ્થાની અનિત્યતા સાથે તે, પછીથી, સંકળાયેલું રહેતું નથી. આર્ય લોકોની લગભગ મટી ગયેલી, અથવા તો અવનતિની સ્થિતિમાં હતી એવી સામાજિક વ્યવસ્થાની સપ્રમાણતા ઠરાવવા માટે ગીતા સચિંત નથી — જો એ જ એનું સમગ્ર કાર્ય હોય તો સ્વભાવ અને સ્વધર્મના એના સિદ્ધાંતમાં ધ્રુવ સત્ય કે મૂલ્ય હોત નહીં. પરંતુ માનવના બાહ્ય જીવનનો એના અંતરની સત્-ના જોડેનો સંબંધ, એના અંતરાત્મામાંથી કર્મની સમુત્ક્રાંતિ અને પ્રકૃતિનો અંતરનો નિયમ — એ વસ્તુઓ ગીતાના ઉલ્લેખનો વિષય છે.

અને આપણે જોઈ પણ શકીએ છીએ કે ગીતા પોતે બ્રાહ્મણ અને ક્ષત્રિયના કાર્યનું વર્ણન કરે છે ત્યારે બાહ્ય ધર્મના સ્વરૂપમાં નહીં — એટલે કે પઠન, અધ્યાપન અને પુરોહિતપણું અથવા તો, રાજ્ય, યુદ્ધ, રાજનીતિ એ પ્રમાણે નથી વર્ણવતી — પરંતુ સંપૂર્ણપણે અંતરના શીલના રૂપમાં વર્ણવે છે તે ઉપરથી એનો ઉદ્દેશ આપણે ઘણી સ્પષ્ટતાપૂર્વક સમજી શકીએ છીએ. એની ભાષા આપણને વિચિત્ર જેવી લાગે છે. શમ, દમ, તપ, શૌચ, શાંતિ, આર્જવ, જ્ઞાન, આધ્યાત્મિક સત્યનો સ્વીકાર, સાધનાનો અભ્યાસ, એ વસ્તુઓને સામાન્ય રીતે આપણે માણસના ધર્મ તરીકે, એના કર્મ કે ધંધા તરીકે નથી વર્ણવતા. પરંતુ ગીતા એ જ કહેવા માગે છે અને કહે છે પણ ખરી. એટલે કે બ્રાહ્મણનો ખરો ધર્મ એ વસ્તુઓનો, એ તત્ત્વોનો વિકાસ, વર્તનમાં એમની અભિવ્યક્તિ કરવામાં, સાત્ત્વિક પ્રકૃતિના નિયમને અમુક રૂપમાં ઢાળવાની શક્તિ હોવી એમાં રહેલો છે. શિક્ષા, પુરોહિતપણું, ઉપાધ્યાયપણું, અને એવાં બીજાં બહારનાં કાર્યો તો એ વસ્તુઓના પ્રકાશ માટે સૌથી સગવડભરેલું ક્ષેત્ર છે, અંતરનાં એ વિકાસ માટે સહાયક ઉપાયો છે, એ તત્ત્વોને માટે યોગ્ય અભિવ્યક્તિ છે, અમુક જાતિ કે પ્રકારની દૃઢતામાં અને શીલની બાહ્ય સંગીનતામાં પોતાની જાતને ઢાળવાનો એનો માર્ગ છે. યુદ્ધ, રાજ્યવ્યવસ્થા, રાજનીતિ, નેતાપણું, પ્રભુત્વ એ ક્ષત્રિયને માટે આ પ્રકારનાં ક્ષેત્ર અને ઉપાય છે, માર્ગ છે. પરંતુ એનું ખરું કાર્ય, એનો સાચો

ધર્મ રાજ્યના કે યોદ્ધાના આત્મામાં રહેલો સક્રિય યુદ્ધના ધર્મનો વિકાસ કરવો, વર્તનમાં એની અભિવ્યક્તિ કરવી, અને રૂપમાં અને ગતિના સક્રિય સંવાદમાં એ ધર્મને મળવાની શક્તિ પ્રગટ કરવી તે છે. વૈશ્યના અને શૂદ્રના ધર્મનું વર્ણન બાહ્ય આચારના સ્વરૂપમાં આપવામાં આવ્યું છે અને એ — બ્રાહ્મણ, ક્ષત્રિયના ધર્મના વર્ણનથી — વિરોધી પ્રકારમાં કાંઈ અર્થ રહેલો હોય એ શક્ય છે, કારણ કે પેદાશ, ધનોપાર્જન, અથવા તો મજૂરી અને સેવાના વર્તુળમાં મર્યાદિત એવી માનવ-પ્રકૃતિ ઘણુંખરું બહિર્મુખ હોય છે, પોતાના કાર્ય માટે આવશ્યક ચારિત્ર્યની શક્તિ પ્રાપ્ત કરવા કરતાં તેનું બાહ્ય મૂલ્ય આંકવામાં તે વધારે રસ લેતી હોય છે. વળી એવી વૈશ્ય કે શૂદ્ર મનોદશા પ્રકૃતિના સાત્ત્વિક કે આધ્યાત્મિક કાર્યને માટે એટલી બધી અનુકૂળ હોતી નથી. એ જ કારણને લીધે વેપાર અને ઉદ્યોગના પ્રાધાન્યવાળો જમાનો કે સમાજ જેનું માનસ કામ અને મજૂરીના વિચારોમાં ગૂંથાયેલું રહે છે તે પોતાની આજુબાજુ નાસ્તિકવાદી, જડવાદને વધારે અનુકૂળ, જીવન ઉત્પન્ન કરે છે, — ઉચ્ચગામી મન અને આત્માની પૂર્ણતાના કરતાં પ્રાણમય જીવનની કુશળતા ઉત્પન્ન કરનારું જીવન પ્રગટ કરે છે. આમ હોવા છતાં પણ વૈશ્ય અને શૂદ્ર પ્રકૃતિ અને તેના ધર્મોનો પણ આંતરિક અર્થ, એનું પણ આધ્યાત્મિક મૂલ્ય રહેલું છે. અને તેને પણ પૂર્ણતા પ્રાપ્ત કરવા માટેનાં સાધન અને શક્તિ તરીકે ઉપયોગ કરી શકાય તેમ છે. બીજી જગ્યાએ ગીતા પોતે કહે છે તેમ, આદર્શ આધ્યાત્મિકતા, નૈતિક પવિત્રતા અને જ્ઞાનવૃત્તિવાળો બ્રાહ્મણ તથા ઉદાત્તતા, દાક્ષિણ્ય અને ઉચ્ચ ચારિત્ર્યવાળો ક્ષત્રિય જ કેવળ નહિ, પરંતુ ધનની શોધમાં પડેલો વૈશ્ય અને મજૂરીના બંધનમાં પડેલો શૂદ્ર, સંકુચિત, બંધિયાર અને પરાધીન જીવન ગાળનારી સ્ત્રીઓ, પાપમાંથી જન્મેલો — पापयोनयः (૯.૩૨) એવો ચાંડાલ પણ આ માર્ગે એકીવખતે અંતરની ઊંચામાં ઊંચી મહત્તા અને આધ્યાત્મિક મુક્તિ પ્રત્યે, પૂર્ણતા પ્રત્યે, માનવની સત્-તામાં રહેલાં દિવ્ય તત્ત્વોની મુક્તિ અને ચરિતાર્થતા પ્રત્યે, આરોહણ કરી શકે છે.

અહીં ત્રણ સિદ્ધાંતો પહેલી નજરે આપણે જોઈ શકીએ છીએ, અને આ શ્લોકોમાં ગીતા જે કાંઈ કહે છે તે બધામાં એ ત્રણે અધ્યાહાર રહેલા છે એમ પણ આપણે માની લઈ શકીએ. પ્રથમ, સર્વ કર્મો અંતરમાંથી નિર્મિત થવાં જોઈએ; કારણ કે પ્રત્યેક માનસમાં એનું પોતાનું હોય એવું કાંઈક છે, એનું અંગત હોય એવું લાક્ષણિક તત્ત્વ છે તથા એની પ્રકૃતિમાં રહેલી સહજ શક્તિ છે. એ એના આત્માની સફળતા સાધનારી શક્તિ છે, અને તે એની પ્રકૃતિમાં અંતરાત્માનું ક્રિયાત્મક સ્વરૂપ ઉત્પન્ન કરે છે. અને કર્મનો આશ્રય લઈને એ સ્વરૂપને પ્રગટ કરવું, પૂર્ણતાવાળું બનાવવું, શક્તિમાં, વર્તનમાં અને જીવનમાં એને અસરકારક બનાવવું એ તેનું કાર્ય છે, એ વ્યક્તિનું સાચું કર્મ છે. એ સહજ -શક્તિ

વ્યક્તિના અંતરનો અને બાહ્ય જીવનનો સાચો માર્ગ બતાવે છે, તથા વધારે આગળનો વિકાસ સાધવા માટે એ સાચું આરંભબિંદુ છે. બીજું વિશાળ દૃષ્ટિએ જોતાં, પ્રકૃતિના ચાર પ્રકારો છે, તેમાંના પ્રત્યેકનો પોતાનો ખાસ ધર્મ હોય છે, કર્મનો અને શીલનો આદર્શ નિયમ હોય છે અને એ પ્રકાર માનવને તેના કર્મનું સાચું ક્ષેત્ર કયું છે તે બતાવે છે, તથા એના ધર્મનું વર્તુળ સામાજિક જીવનમાં પ્રકૃતિનો એ પ્રકાર એને દોરી આપે છે. ત્રીજું, માનવ ગમે તે કાર્ય કરે, પણ જો તે એની પ્રકૃતિના સત્ય પ્રમાણેનું, એના સ્વધર્મ પ્રમાણેનું હોય તો તેને ઈશ્વર પ્રત્યે વાળી શકાય છે અને એવા કર્મને આધ્યાત્મિક મુક્તિ અને પૂર્ણતા પ્રાપ્ત કરવાનું સાધન બનાવી શકાય છે. આ ત્રણમાં પહેલો અને ત્રીજો સિદ્ધાંત સત્ય અને ન્યાયના સનાતન તત્ત્વમાંથી સ્ફુરે છે. માણસનું અત્યારનું વ્યક્તિગત અને સામાજિક જીવન જોતાં એ સિદ્ધાંતોનો વિરોધ જ એમાં થતો જોવામાં આવે છે; કારણ કે જીવનમાં બહારની જરૂરનો, બહારની રૂઢિ અને નિયમનો અસહ્ય ભાર આપણે વહન કરીએ છીએ તથા આત્માની અભિવ્યક્તિની આપણી જરૂર પૂરી પાડવામાં દખલ થાય છે; આપણામાં રહેલા સત્ય પુરુષના, સાચા વ્યક્તિત્વના વિકાસની, — જીવનમાં આપણી પ્રકૃતિના અંતરતમ લાક્ષણિક નિયમને વિકસાવવાની જે જરૂર આપણને લાગે છે તેમાં પગલે પગલે દખલ થાય છે, એ જરૂરને નિરાશ કરવામાં આવે છે, આત્માના ઉપર દબાણ કરીને એના માર્ગમાંથી એને ચલિત કરવામાં આવે છે, તથા આજુબાજુની પરિસ્થિતિની અસરો તેને ઘણી જ ક્ષુદ્ર તકો આપે છે. જીવન, રાજ્યવ્યવસ્થા, સમાજ, કુટુંબ, વ્યક્તિની આજુબાજુની બધી શક્તિઓ તેના અંતરાત્માના ઉપર પોતાની ધૂંસરી મૂકવા માટે એકસંપ થયેલી હોય એમ લાગે છે. એ બધી આપણને એમનાં બીબાંમાં ઢાળવા માટે દબાણ કરે છે, — એમનાંમાં રહેલી યાંત્રિક ઉપયોગિતા અને તરતની ગ્રામ્ય સગવડ આપણને ફરજ પાડવા પ્રયત્ન કરે છે. આ રીતે આપણે એક યંત્રના ભાગ બની જઈએ છીએ. સાચા અર્થમાં આપણે મનુષ્ય — મનોમય સત્-તા, — કે પુરુષ રહેતા નથી, કહો કે, આપણને થવા દેવામાં આવતા નથી. પોતાની સત્-તાની સૌથી ઉચ્ચ સિદ્ધિનો વિકાસ કરવાને અને માનવજાતિની સેવા કરવાના આપણા સાધન તરીકે એ સિદ્ધિ વાપરવાને જેને સત્તા આપવામાં આવી હોય એવા અનંતના મુક્ત બાળકો આપણે નથી રહેતા. એમ લાગે છે કે આપણે જાતને જેવા બનાવીએ તેવા આપણે નથી, પરંતુ પરિસ્થિતિ આપણને જેવા બનાવે છે તેવા આપણે છીએ. છતાં, જ્ઞાનમાં આપણે જેમજેમ આગળ વધીશું, તેમતેમ ગીતાના નિયમમાં રહેલું સત્ય આપણને પ્રતીત થયા વિના રહેશે નહીં. બાળકની કેળવણીનું કાર્ય એની પ્રકૃતિમાં જે કાંઈ ઉત્તમોત્તમ, જે કાંઈ સૌથી વધારે નિકટનું અને જીવંત તત્ત્વ હોય તેને બહાર પ્રગટ કરવાનું હોવું જોઈએ; માનવનાં કર્મ અને એનો વિકાસ

જે બીબામાં ઢળાવો જોઈએ તે એની સહજ શકિતનો અને ગુણોનો બનેલો હોવો જોઈએ. એણે નવી વસ્તુઓ પણ પ્રાપ્ત કરવાની છે ખરી, પરંતુ એ કામ પણ તે પોતાની સહજ શકિત અને વિકાસ પામેલા પ્રકૃતિના પ્રકારના પાયા ઉપર સૌથી વધારે સારી રીતે અને વધારે જીવંત રીતે પ્રાપ્ત કરી શકે છે. એ જ પ્રમાણે માણસના ધર્મો પણ એની પ્રકૃતિની વૃત્તિ, બક્ષિસ અને શકિતઓ અનુસાર નિર્મિત થવા જોઈએ. જે વ્યકિત એ પ્રમાણે સ્વતંત્રપણે પોતાનો વિકાસ કરે છે તેનો આત્મા અને મન જીવંત રહે છે અને માનવજાતિની સેવા કરવાની એનામાં વધારે શકિત હશે. અને હવે આપણે વધારે સ્પષ્ટપણે એ પણ જોઈ શકીએ છીએ કે એ નિયમ વ્યકિતને માટે જ નહિ પરંતુ સમષ્ટિને માટે, સમાજના આત્મા માટે, વિશ્વ-પુરુષ માટે પણ, સાચો છે. જે બીજો સિદ્ધાંત ચાતુર્વર્ણ્ય અને તેમના ધર્મોનો છે તે વધારે ચર્ચાસ્પદ હોઈ શકે છે. એમ કહી શકાય કે એ નિયમ બહુ જ સાદો અને અતિ આગ્રહાર્થક અને ભાવાત્મક છે, એમાં જીવનની સંકુલતાનો અને માનવ-પ્રકૃતિમાં રહેલી નમનીયતાનો પૂરતો ખ્યાલ રાખવામાં આવ્યો નથી. એ યોજનાની પાછળનો વાદ, કે એના ખાસ લાભો અને ગુણો, ગમે તે હોય તોપણ, સમાજમાં એનો બાહ્ય પ્રયોગ કરવાને પરિણામે તો જડ, અચલાયતન નિયમનો જુલમ અને તેની ગુલામી ચોક્કસપણે આવે છે એ તો નક્કી છે. એવી સ્થિતિ સ્વ-ધર્મના નિયમથી તદ્દન વિરોધી છે. પરંતુ ચતુર્વર્ણની એ યોજનાની સપાટી તળે એનો વધારે ગહન અર્થ રહેલો છે જેને લઈને એનું મૂલ્ય ઓછું ચર્ચાસ્પદ બને છે. અને આપણે એનો અસ્વીકાર કરીએ તોપણ, ત્રીજો સિદ્ધાંત એના સામાન્ય અર્થમાં સકારણ ઠરે છે. એમાં વસ્તુ એ છે કે જીવનમાં વ્યકિતનું કામ અને ધર્મ ગમે તે હોય, પરંતુ જો તેણે અંતરથી નિર્ણય કર્યો હોય, અથવા તો, જો એને પોતાની પ્રકૃતિની અભિવ્યકિત કરવા દેવામાં આવે, તો એ કામને કે ધર્મને પોતાના વિકાસના અને કોઈ વધારે મહાન એવી અંતરની પૂર્ણતાના સાધનમાં તે ફેરવી નાખી શકે છે. અને પોતાનું કામ કે ધર્મ ગમે તે હોય, પરંતુ જો વ્યકિત પોતાના સ્વ-ધર્મનું સાચા ભાવથી આચરણ કરે, જો તે આદર્શ મન વડે તે સ્વ-ધર્મને પ્રકાશિત કરે, સ્વધર્મનાં કર્મોને એના અંતરમાં રહેલા પ્રભુના ઉપયોગમાં લાવે, જો એ કર્મો વડે વિશ્વમાં પ્રગટ થયેલ સદ્‌વસ્તુની સેવા કરે, અથવા તો, માનવજાતિમાં રહેલા પ્રભુના હેતુઓ સાધવા માટે સ્વધર્મનાં કાર્યોને સચેતન કરણ તરીકે બનાવી શકે, તો તે કર્મોનો, સૌથી ઊંચામાં ઊંચી આધ્યાત્મિક પૂર્ણતા અને મુકિતના ઉપાય તરીકે, ઉપયોગ કરી શકે.

પરંતુ ગીતાના ઉપદેશનો અહીં વધારે ઊંડો અર્થ થાય છે. એટલે કે આ શ્લોકોને સ્વપર્યાપ્ત એવા અર્થવાળા છુટ્ટા અવતરણ તરીકે — ઘણી વાર કરવામાં આવે છે તે પ્રમાણે, — ગણવાને બદલે આખા પુસ્તકમાં અને ખાસ કરીને છેલ્લા

બાર અધ્યાયમાં ગીતા જે વસ્તુ કહી રહી છે તેના સંબંધમાં જોડીને તેને જોઈશું — અને એમ કરવું એ આપણી ફરજ પણ છે — તો એમાં વધારે ગૂઢ અર્થ રહેલો જણાશે. ગીતાની જીવનની અને કર્મની ફિલસૂફી એ છે કે સઘળું પ્રભુની દિવ્ય સત્-તામાંથી, પરાત્પર અને વૈશ્વિક પુરુષમાંથી ઉત્પન્ન થાય છે. સઘળું વાસુદેવરૂપ પ્રભુનો આવિર્ભાવ છે — यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् (૧૮.૪૬) — "એનામાંથી ભૂતોની સર્વ પ્રવૃત્તિ પ્રગટે છે અને આ બધું એણે જ વિસ્તારેલું છે." આપણા અંતરમાં અને જગતમાં રહેલા અમર આત્માને પ્રગટ કરવો, વિશ્વના આત્મા સાથે અદ્વૈતમાં સ્થિર થવું, તથા ચેતના, જ્ઞાન, સંકલ્પ, પ્રેમ, આધ્યાત્મિક આનંદ વગેરે શક્તિઓને આરોહણ કરવાની તેમના વડે પ્રભુ સાથે એકતા સ્થાપવી, ઊંચામાં ઊંચી દિવ્ય પ્રકૃતિમાં જીવન ધારણ કરવું તથા પોતાની વ્યક્તિગત અને સ્વાભાવિક સત્-તાને સ્ખલનો અને અજ્ઞાનમાંથી મુક્ત કરીને દિવ્ય શક્તિના સચેતન કરણ રૂપ બનાવવી — એ જાતની પૂર્ણતાની માનવજાતિ અધિકારી છે. એવી પૂર્ણતા પ્રાપ્ત થાય તો જ અમરતા અને મુક્તિ મળે. પરંતુ આપણે સ્વભાવના અજ્ઞાન વડે ઘેરાયેલા છીએ, આપણો આત્મા અહંના કારાગારમાં પુરાયેલો છે, હારી ગયેલો અને ચારે તરફથી ઘેરાયેલો છે, આજુબાજુની પરિસ્થિતિ એને હથોડા વડે ટીપે છે અને ઘડે છે તથા પોતાના બીબામાં ઠોકીને બેસાડે છે, પ્રકૃતિમાં રહેલી જડતા એને વશ કરે છે, એના ઉપર પ્રભુત્વ જમાવે છે, અને આપણા પોતાનામાં રહેલી આધ્યાત્મિક વાસ્તવિકતા ઉપર આત્માનો કાબૂ હતો તે દૂર થઈ ગયો છે — એવી સ્થિતિમાં એવી પૂર્ણતા પ્રાપ્ત કરવી કેવી રીતે શક્ય છે? એનો ઉત્તર એ છે કે આ સઘળું સ્વાભાવિક કર્મ હમણાં ગમે તેટલી આચ્છાદિત અને વિરોધી પ્રક્રિયાઓ વડે ઢંકાયેલું હોવા છતાં એમાં એની પોતાની ક્રમેક્રમે વિકાસ પામતી મુક્તિનું અને પૂર્ણતાનું તત્ત્વ રહેલું છે. પ્રત્યેક માનવના હૃદયમાં ભગવાન બિરાજે છે અને પ્રકૃતિના આ રહસ્યમય કર્મનો સ્વામી એ ભગવાન છે. વિશ્વનો એ સ્વામી, એ એક જે સર્વ છે, તે આપણને આ સંસારના ચક્રના ઉપર જાણે કોઈ યંત્ર ઉપર બેસાડયા ન હોય તેમ આપણને પોતાની માયા વડે ફેરવે છે એમ આપણને લાગે છે, અને જેમ કુંભાર માટલું ઘડે છે, વણકર કપડું વણે છે તેમ અજ્ઞાનની દશામાં પણ, કોઈ કુશળ યાંત્રિક સિદ્ધાંત પ્રમાણે આપણને આકાર આપી રહ્યો છે. આમ જાણે એ આપણાથી જુદો લાગે છે તોપણ એ આપણને આકાર આપી રહેલો આત્મા — એટલે વાસુદેવ, — આપણું સૌથી મહિમામય સ્વરૂપ છે અને એના પોતાના જ્ઞાનપ્રચુર વિચાર પ્રમાણે, આપણા અંતરાત્મામાં રહેલા સત્ય પ્રમાણે, જન્મ-જન્માંતરમાં હમેશાં અવનવાં અને વધારે પર્યાપ્ત સ્વરૂપોને તે પ્રાપ્ત કરે છે, આપણાં પાશવ, માનવ અને દિવ્ય જીવનમાં, આપણાં ભૂત, વર્તમાન અને ભાવિમાં, જે

વસ્તુ આપણી અંદર વિકાસ પામતી રહેલી છે તે અંતરાત્માના સત્યને અનુસાર હોય છે. જ્યારે આપણને જ્ઞાન પ્રાપ્ત થશે ત્યારે આપણી જાગ્રત થયેલી દૃષ્ટિને એ સત્યનું દર્શન થશે કે આપણી અંદર જે ઈશ્વર રહેલો છે તેનું સર્વજ્ઞતાવાળું સર્વશક્તિમાનપણું આપણને ક્રમેક્રમે રૂપ ધારણ કરાવી રહ્યું છે, આપણને આકાર આપી રહ્યું છે. અહંનું આ યંત્ર, ત્રણ ગુણોની પરસ્પર ગૂંચવાયેલી સંકુલતા, મન, પ્રાણ, શરીર, ભાવ, કામના, ચેષ્ટા, પ્રયત્ન, વિચાર, અભીપ્સા, સુખ અને દુ:ખનું, પાપ અને પુણ્યનું, પ્રયત્ન, સફળતા અને નિષ્ફળતા, આત્મા અને તેની પરિસ્થિતિ, હું અને અન્ય એ બધાંનું છૂટું ન પાડી શકાય એવું કાર્ય-પ્રતિકાર્યનું ગૂંછળું — સઘળું મારામાં રહેલી આધ્યાત્મિક શક્તિએ ધારણ કરેલું બહિર્મુખ અને અપૂર્ણ સ્વરૂપ છે; અને પોતાની તડકી-છાંયડી મારફત મારા આત્મસ્વરૂપમાં હું જે દિવ્ય વાસ્તવિકતા છું — જે મહિમા છું તેનું ક્રમેક્રમે વિકાસ પામતું પ્રાગટ્ય છે, અંતરાત્માની અભિવ્યક્તિ છે. એક વખત, હું મારી પ્રકૃતિમાં પ્રગટ રીતે એ દિવ્ય વાસ્તવિકતા બનીશ. અત્યારનું કર્મ પોતાની સફળતા સાધનારું તત્ત્વ પોતાનામાં ધારણ કરી રહેલું છે, એમાં સ્વ-ભાવ અને સ્વ-ધર્મનું તત્ત્વ હાજર છે.

પોતાના આવિર્ભાવની બાજુમાં જીવ પુરુષોત્તમનો અંશ છે. વિશ્વ-પ્રકૃતિમાં એ જીવ પરમાત્માની શક્તિનો પ્રતિનિધિ છે, એનું વ્યક્તિત્વ પરમાત્માની શક્તિનું બનેલું છે, દિવ્ય શક્તિનું સ્વરૂપ છે. વિશ્વના આત્માની અંદર જે શક્યતાઓ ગર્ભિત રહેલી છે તેમને જીવ વ્યક્તિગત જીવનમાં પ્રગટ કરે છે, બહાર લાવે છે. એ જીવ પોતે પુરુષ છે, પ્રકૃતિમાં જે અહં છે તે એ નથી. આપણા અંતરાત્માનું તત્ત્વ, અને આપણી વાસ્તવિકતા પુરુષ છે — અહં આપણું સત્ય સ્વરૂપ નથી. આપણે જે કાંઈ છીએ, અને થઈ શકીએ તેમ છીએ તેની સાચી શક્તિ એ ઊર્ધ્વતર આધ્યાત્મિક શક્તિમાં રહેલી છે અને ત્રણ ગુણોવાળી યાંત્રિક માયા એની ગતિઓનું સૌથી અંતરનું અને મૌલિક સત્ય નથી. એ ત્રણ ગુણની માયા તો ફક્ત અત્યારની સ્થિતિમાં કાર્યવાહક શક્તિ છે, બાહ્ય પ્રયોગની અને અભ્યાસની એક યોજના માત્ર છે. જે આધ્યાત્મિક દિવ્ય શક્તિ આ વિશ્વમાં અનેક વ્યક્તિસ્વરૂપ બનેલી છે, परा प्रकृतिर्जीवभूता (૭.૫) — તે આપણી સત્-તાનું મૌલિક સત્ત્વ છે: બાકીનું બધું નિમ્નતર, ગૌણ વસ્તુઓ છે તથા ઈશ્વરની સૌથી ઉચ્ચ, પરંતુ પ્રચ્છન્ન પ્રવૃત્તિમાંથી ફલિત થયેલ નિમ્નતર ગૌણ સ્વરૂપ છે, તેનું બાહ્ય સ્વરૂપ માત્ર છે. વિશ્વ-પ્રકૃતિમાં આપણામાંના પ્રત્યેકના આવિર્ભાવનું એક તત્ત્વ અને એક સંકલ્પ રહેલાં છે. પ્રત્યેક આત્મા, પ્રત્યેક પુરુષ, આત્મચેતનાની એક શક્તિ છે અને તે પોતાની ચેતનામાં પ્રભુની એક મનીષા તૈયાર કરે છે અને તેના વડે તેનાં કર્મને અને સમુત્ક્રાંતિને દોરે છે; તથા એ ચેતનાની ક્રમેક્રમે

આગળ વધતી આત્માની ખોજને, સતત વિકારી એની અભિવ્યક્તિને અને, બહારથી અનિશ્ચિત પરંતુ ગુપ્તપણે અનિવાર્ય એવા, પૂર્ણતા પ્રત્યેના એના વિકાસને દોરે છે. એ આપણો સ્વ-ભાવ છે, આપણી સાચી પ્રકૃતિ છે. આપણા અસ્તિત્વનું આ સત્ય છે જે અત્યારે સંસારમાં આપણા આવિર્ભાવમાં તદ્દન થોડા અંશમાં જ તે સતત પ્રગટ કરી શકે છે. આ સ્વ-ભાવથી નિયત થયેલો કર્મનો નિયમ, આપણા આત્માને સ્વરૂપ આપવાનો ધર્મ, આપણો સ્વ-ધર્મ નક્કી કરનાર સાચો નિયમ છે.

સ્વભાવ અને સ્વધર્મનો આ સિદ્ધાંત વિશ્વમાં સર્વત્ર કાર્ય કરતો જણાય છે. વિશ્વમાં સર્વત્ર એક શક્તિ અનેક કાર્યો કરતી જણાય છે, સર્વને સામાન્ય એવી એક વિશ્વપ્રકૃતિ છે, પરંતુ પ્રત્યેક વર્ગમાં, રૂપમાં, શક્તિમાં, જાતિમાં અને વ્યક્તિમાં એ વિશ્વશક્તિ એક મુખ્ય વિચારને અમલમાં મૂકે છે તથા સાથેસાથે ગૌણ વિચારો અને તત્ત્વો પણ મૂકે છે, જે સતત અને સંકીર્ણ વિવિધતા પ્રગટાવે છે. આમ પ્રત્યેકનો સનાતન ધર્મ અને તાત્કાલિક ધર્મ બન્ને હોય છે. આ મુખ્ય અને ગૌણ તત્ત્વો પ્રત્યેક વસ્તુના આવિર્ભાવની સત્-તાના નિયમને સ્થાપન કરી આપે છે, એના જન્મનો વળાંક, સ્થિતિ અને વિકાર, આત્મસંરક્ષણની અને આત્માના સંવર્ધનની શક્તિ, એની પોતાની અભિવ્યક્તિની અને આત્મશોધની રેખાઓ તથા વિશ્વમાં અન્ય સર્વમાં આત્માની જે અભિવ્યક્તિ થાય છે તેની સાથેના તેના સંબંધના નિયમો વગેરે સ્થિર કરી આપે છે. પોતાની સત્-તાના નિયમને એટલે કે સ્વધર્મને અનુસરવો એ એની સલામતીનો પાયો છે, એની સાચી ગતિ અને સાચી કાર્યપદ્ધતિ છે. એ પ્રમાણે સ્વધર્મનું અનુસરણ કરવાને પરિણામે અંતરાત્મા પોતાની પ્રકૃતિના કોઈ પ્રવર્તમાન ઘડતર સાથે બંધાઈ જતો નથી. પરંતુ ઊલટું એ પ્રમાણેના વિકાસના માર્ગનું અનુસરણ કરવાથી પોતાના સ્વધર્મમાં અને સત્ત્વમાં નવા અનુભવોને આત્મસાત્ કરીને તે પોતાની જાતને, જરૂર, વધારે સમૃદ્ધ બનાવે છે. અને જ્યારે એનો યોગ્ય સમય આવે છે ત્યારે અત્યારના બધા સ્વધર્મોના ઢાંચાને — બંધારણોને, ઘાટોને ભાંગી નાખીને સૌથી વધારે શક્તિશાળી રીતે આત્માની ઉચ્ચતર અભિવ્યક્તિમાં વિકાસ પામી જઈ શકે છે. પોતાના ધર્મને, આત્મતત્ત્વને ટકાવવામાં અશક્તિમાન નીવડવું, પોતાની પરિસ્થિતિને એવી રીતે અનુકૂળ થઈ રહેવું જેથી પરિસ્થિતિ આત્માને અનુકૂળ અને પ્રકૃતિને ઉપયોગી થાય — એ કાર્યમાં નિષ્ફળ જવું, એટલે તો પોતાના આત્માને ગુમાવી દેવો જ ગણાય. એવી નિષ્ફળતા એટલે પુરુષ તરીકેના પોતાના હક્કોને જતા કરવા, આત્મપ્રાપ્તિને માર્ગેથી ચલિત થવું જ ગણાય. એનું જ નામ **विनष्टि** — મહાન વિનાશ છે, જૂઠાણું છે, મૃત્યુ છે, અધોગતિની અને વિલયની યાતના છે, અને ઘણી વાર તો, અંતરાત્માનું ગ્રહણ થઈ ગયા પછી, વિલય પામ્યા પછી આત્માની

દુ:ખદાયક પુનર્પ્રાપ્તિની જરૂર ઊભી કરવા જેવું છે. એ માર્ગ ખરું જોતાં ખોટા માર્ગનું નિરર્થક ચક્ર છે; તેનાથી આપણી સાચી પ્રગતિ મંદ પડી જાય છે. આ નિયમ સઘળી પ્રકૃતિમાં કોઈ ને કોઈ સ્વરૂપમાં કાર્ય કરતો જણાય છે. આપણા ભૌતિક શાસ્ત્રે વૈશ્વિકતાના — સાધારણીકરણના અને વિવિધતાના જે નિયમ શોધી કાઢયા છે તેનાં સઘળાં કર્મોના પાયામાં ઉપર જણાવેલો સ્વધર્મનો નિયમ રહેલો છે. માનવના જીવનમાં તેનાં ઘણાં જીવનોની શ્રેણીમાં, એ નિયમ કાર્ય કરતો જણાય છે. અહીં માનવ-જીવનમાં એની બાહ્ય ક્રિયા તથા આંતરિક આધ્યાત્મિક સત્ય બન્ને હાજર હોય છે; જ્યારે આપણે એ અંતરનું આધ્યાત્મિક સત્ય શોધી કાઢી શકીએ છીએ અને જ્યારે આપણાં કર્મોને આત્માના મૂલ્યથી સજ્જિત કરીએ છીએ ત્યારે એની બાહ્ય લીલા પણ તેનો સંપૂર્ણ અને વાસ્તવિક અર્થ પ્રાપ્ત કરે છે. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં આપણે જેટલા પ્રમાણમાં પ્રગતિ કરીશું તેટલા પ્રમાણમાં આ મહાન અને ઇષ્ટ રૂપાંતર ઝડપથી અને સામર્થ્યપૂર્વક સાધી શકાય છે.

સૌથી પહેલાં આપણે એ જોવાનું છે કે ઊંચામાં ઊંચી આધ્યાત્મિક પ્રકૃતિમાં સ્વ-ભાવનો એક અર્થ છે, જ્યારે ત્રણ ગુણોની બનેલી અધિ પ્રકૃતિમાં એનો અર્થ તદ્દન જુદો જ થાય છે. ત્યાં નિમ્ન પ્રકૃતિમાં પણ એ સ્વ-ભાવ કાર્ય તો કરતો હોય છે, પરંતુ ત્યાં તેણે પોતાની જાતને સંપૂર્ણપણે પ્રાપ્ત કરેલી હોતી નથી, ત્યાં જાણે કે અર્ધ જ્યોતિ અને અંધકારમાં પોતાના ધર્મ વિશે એ ખોજ કરતો હોય એમ લાગે છે, અને પોતાને માર્ગે જતાં ઘણાં અધોગામી સ્વરૂપોમાં થઈને, જૂઠાં સ્વરૂપોમાં થઈને તથા અસંખ્ય અપૂર્ણતાઓ, વિકૃતિઓ, આત્મ-વિસ્મૃતિઓ, આત્મશોધ તથા પોતાના નિયમની અને ધર્મની ખોજમાં થઈને પસાર થયા પછી જ તે પોતાના સત્ય સ્વરૂપને અને પૂર્ણતાને પ્રાપ્ત કરે છે. આપણી અત્યારની અજ્ઞાની પ્રકૃતિ જ્ઞાન અને અજ્ઞાનના, સત્ય અને અસત્યના, સફળતા અને નિષ્ફળતાના, સાચા અને જૂઠાના, ખોજ અને લોપના, પાપ અને પુણ્યના મિશ્રણનો બનેલો પટ છે. એ બધી પરિસ્થિતિઓ દ્વારા સ્વભાવ જ હમેશાં પોતાની અભિવ્યક્તિ માટે અને આત્માની ખોજ કરવા માટે પ્રયાસ કરતો હોય છે — **स्वभावस्तु प्रवर्तते** (પ.૧૪). એ સત્ય આપણને વિશ્વ પ્રત્યે — દૃષ્ટિની એક પ્રકારની ઉદારતા અને સમતા રાખતાં શીખવે છે, કારણ કે આપણે બધાય એક જ પ્રકારની મૂંઝવણ અને સમવિષમના ભોગ છીએ. એ બધી ક્રિયાઓ આત્માની નથી, પરંતુ પ્રકૃતિની છે. એ અજ્ઞાનને લઈને પુરુષોત્તમ મર્યાદિત થઈ જતો નથી; એ તો ઊર્ધ્વમાં રહીને શાસન કરે છે અને એના વિકારોમાં થઈને અંતરાત્માને દોરે છે. વળી, અક્ષરબ્રહ્મને પણ આ વિકારો સ્પર્શ કરી શકતા નથી; એ તો પોતાની અસ્પર્શ્ય શાશ્વતી વડે આ ક્ષરપ્રકૃતિની તડકીછાંયડીને સાક્ષીભાવે

જુએ છે અને ટેકો આપે છે. વ્યક્તિમાં રહેલો તેનો અંતરાત્મા, પ્રત્યેક માનવમાં રહેલું કેન્દ્રસ્થ સત્ પ્રકૃતિનાં કાર્યોના કરતાં વધારે મહાન હોય છે; પરંતુ પ્રકૃતિમાં થતી પોતાની બાહ્ય સમુત્ક્રાંતિમાં તે એ કાર્યોનો સ્વીકાર કરે છે. જ્યારે આપણે આ વાસ્તવિક અંતરાત્માને પ્રાપ્ત કરીએ છીએ, આપણને ટકાવી રાખનાર, અવિકારી વિશ્વાત્માને જાણીએ છીએ તથા આપણી અંદર રહેલો ઈશ્વરરૂપ પુરુષોત્તમ જે પ્રકૃતિના સમગ્ર કાર્યનો અધ્યક્ષ છે, અને તેને દોરે છે તેને જાણીએ છીએ ત્યારે આપણા જીવનના ધર્મનો આધ્યાત્મિક અર્થ આપણને પ્રાપ્ત થયો ગણાય. કારણ કે ત્યાર પછી આપણે સમગ્ર સત્-તાના સ્વામી વિષે સચેતન થઈએ છીએ અને એ પોતાના અનંત ગુણો વડે શાશ્વત કાળમાં સર્વ પ્રાણીઓમાં પોતાનો આવિર્ભાવ કરી રહેલો છે. આપણે પ્રભુની ચતુર્વ્યૂહ સન્નિધિ વિષે સચેતન થઈએ છીએ: ૧. આત્મજ્ઞાન અને વિશ્વજ્ઞાનવાળો એનો આત્મા, ૨. શક્તિ અને સામર્થ્યનો આત્મા જે પોતાની શક્તિની શોધ કરે છે, તેને પ્રાપ્ત કરે છે અને પોતાની શક્તિનો પ્રયોગ કરે છે, ૩. પરસ્પરતાનો, ઉત્પાદન, સંબંધ અને વિનિમય કરનારો આત્મા, ૪. વિશ્વમાં કાર્ય કરનારો આત્મા જે પ્રત્યેકમાં રહ્યો સર્વની સેવા કરે છે તથા પ્રત્યેકના કાર્યને અન્ય સર્વની સેવાના રૂપમાં ફેરવી નાખે છે. વળી, આપણી અંદર રહેલી પ્રભુની વ્યક્તિગત શક્તિ વિષે પણ આપણે જાગ્રત થઈએ છીએ; એ શક્તિ આ ચતુર્વ્યૂહનો ઉપયોગ કરતી હોય છે અને આપણી અંગત અભિવ્યક્તિનો વિશિષ્ટ પ્રકાર આપણને સોંપે છે, આપણા દિવ્ય કાર્યનું અને અધિકારનું નિર્માણ કરે છે અને એ બધા મારફત આપણે એની સાથે આપણી આધ્યાત્મિક એકતા પ્રાપ્ત કરીએ તથા વિશ્વમાં તે જે જે રૂપ થયો છે તે સર્વ સાથે પણ આપણી એકતા સાધીને, એની અનેકતામાં રહેલી એની વૈશ્વિકતામાં તે આપણને આરોહણ કરાવે છે.

જીવનમાં માનવના ચાર વર્ગો પાડવાનો બાહ્ય વિચાર ઉપર જે દિવ્ય કર્મનું સત્ય જણાવ્યું તેનું વધારે બહિર્મુખ કાર્ય માત્ર છે; ત્રણ ગુણોના ધર્મોમાં પોતાના કાર્યની એક જ બાજુમાં એ સત્ય મર્યાદિત બને છે. અહીં પાર્થિવ જન્મમાં માણસ મોટે ભાગે ચારમાંના એક પ્રકારમાં પડે છે એ સાચું છે,—જ્ઞાનપ્રધાન માણસ, શક્તિપ્રધાન, ઉત્પત્તિ કરનાર પ્રાણમય પુરુષ અને ગ્રામ્ય સેવા અને મજૂરી કરનાર માણસ. આ ભેદો કાંઈ મૌલિક નથી, આપણી માનવતાના આત્મવિકાસના તબક્કાઓ છે. માનવ અજ્ઞાન અને જડતાનો ભાર પૂરતા પ્રમાણમાં લઈને પોતાના જીવનનો આરંભ કરે છે. માનવજીવનના આરંભની દશામાં એના પશુ જેવા પ્રમાદના ઉપર દેહની જરૂરો, પ્રાણના આવેગો, પ્રકૃતિની આવશ્યકતાઓને લઈને ગ્રામ્ય મજૂરી કરવાની એને ફરજ પડે છે. જરૂરની ચોક્કસ રેખાની પેલે પાર જતાં સમાજના સીધેસીધા કે આડકતરા દબાણને લઈને પરિણામે જેમને મજૂરી

કરવાની ફરજ પડે છે તથા જે લોકો હજી પણ એ તમોગુણને વશ છે તેઓ શૂદ્ર છે, સમાજના મજૂરો છે. તેઓ પોતાની મજૂરીનો ફાળો જ સમાજને આપી શકે તેમ હોય છે, — અને જીવનની અનેકવિધ લીલામાં વધારે વિકાસ પામેલા માણસોની સરખામણીમાં એ મજૂરી સિવાય બીજું કાંઈ પણ આપવાની સ્થિતિમાં તેઓ હોતા નથી. ક્રિયાત્મક કર્મને લઈને માણસ પોતાનામાં રજોગુણનો વિકાસ કરે છે અને તેને પરિણામે આપણને બીજા પ્રકારનો માણસ જોવા મળે છે. એનામાં ઉપયોગી સર્જન, પેદાશ, પ્રાપ્તિ અને ભોગની સતત હાજર સહજ વૃત્તિથી તે દોરાતો હોય છે. આર્થિક અને પ્રાણમય માણસ એ વચલી સ્થિતિનો હોય છે, એ વૈશ્ય છે. આપણી સામાન્ય પ્રકૃતિમાં એ રજોગુણની વધારે ઊંચી કક્ષામાં આપણને ક્રિયાત્મકતાવાળો, અને વધારે સક્રિય સંકલ્પશક્તિવાળો, વધારે સાહસિક મહત્ત્વાકાંક્ષાવાળો, કર્મ કરવાની, યુદ્ધ ખેલવાની, પોતાના સંકલ્પને ફરજિયાતપણે બીજાઓ પાસે સ્વીકારાવવાની સહજવૃત્તિવાળો માણસ આપણે જોઈએ છીએ. અને જ્યારે એ રજોગુણ સૌથી વધારે સમર્થ હોય છે ત્યારે અન્યને દોરવાનું કાર્ય, શાસન કરવાનું, પોતાના વર્તુળમાં માણસોની મોટી સંખ્યાને ધારણ કરવાનું કાર્ય કરે છે. એવી વ્યક્તિ, યોદ્ધો, નેતા, રાજા, શાસક, રાજકુમાર, ક્ષત્રિય થાય છે. અને જ્યારે સાત્ત્વિક માનસ આગળપડતું હોય છે ત્યારે આપણને બ્રાહ્મણ, એટલે કે જ્ઞાન પ્રાપ્ત કરવાની વૃત્તિવાળો, વિચાર, ચિંતન અને સત્યની જિજ્ઞાસાવાળો માણસ મળે છે. એવી વ્યક્તિ જીવનમાં બુદ્ધિપ્રધાન નિયમ, અથવા ઊંચામાં ઊંચી હોય ત્યારે, આધ્યાત્મિક નિયમ સ્વીકારે છે અને સ્થાપન કરે છે અને એના વડે પોતાના વિચારોને અને જીવનની રીતિને પ્રકાશિત કરે છે.

માનવ-પ્રકૃતિમાં આ ચારે વ્યક્તિઓનો કાંઈક ને કાંઈક અંશ વિકસિત કે અણવિકસિત, વિશાળ કે સંકુચિત, દબાયેલો કે સપાટી ઉપર દેખાતો હમેશાં હાજર હોય છે. પરંતુ માનવજાતિના મોટા ભાગમાં એમાંની એક યા બીજી વધારે આગળપડતી થવાનો પ્રયત્ન કરતી હોય છે. કેટલીક વાર પ્રકૃતિમાં કર્મનું સમગ્ર ક્ષેત્ર એ આગળપડતી વ્યક્તિતા લઈ લેતી જણાય છે. કોઈ પણ સમાજમાં એ ચારે વર્ગો હોવા જોઈએ. ઉદાહરણ તરીકે, આપણે કેવળ પેદાશ અને વ્યાપારપ્રધાન સમાજ — અત્યારના જમાનાએ જેવો ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કર્યો છે તેવો — ઉત્પન્ન કરીએ, યા તો, મજૂરોનો બનેલો શૂદ્ર સમાજ બનાવીએ, — સૌથી આધુનિક માનસ જેનાથી ઘણું આકર્ષાય છે તે કારીગરોનો સમાજ — જેવો યુરોપના એક ભાગમાં ઉત્પન્ન કરવાના પ્રયાસો થઈ રહ્યા છે અને બીજા દેશોમાં એની હિમાયત કરવામાં આવે છે એવો — બનાવીએ, તો પણ ચાર વર્ગો તો તેમાં પણ હોવા જોઈએ. એ પ્રકારનો સમાજ રચાય તો તેમાં પણ સત્યની અને જીવનના નિયમની ખોજ કરવાને પ્રેરાયેલા વિચારકો — બ્રાહ્મણો — હશે, ઉદ્યોગના

નેતાઓ તથા ઉત્પાદનની સઘળી પ્રવૃત્તિને પોતાનામાં રહેલી સાહસની, યુદ્ધ કરવાની, અને નેતા થવાની તથા પ્રભુત્વની વૃત્તિને સંતોષવાના બહાના તરીકે વાપરનારા લોકો પણ હશે. તે ઉપરાંત, શુદ્ધ ઉત્પાદનનું જ ખાસ કાર્ય કરનારા, ધનનું જ ઉપાર્જન કરનારા તથા સામાન્ય કામદારો જેઓ ઓછામાં ઓછી મહેનત અને મજૂરીના બદલાથી સંતોષ માનતા હશે એવા પણ હશે. પરંતુ આ બધી વસ્તુઓ બાહ્ય છે અને એ જ જો સર્વસ્વ હોય તો માનવના આ ચાર પ્રકારોની યોજનાનો કશો આધ્યાત્મિક અર્થ રહેતો નથી. અથવા તો, વધારેમાં વધારે એનો અર્થ,— જેમ હિંદમાં મનાય છે તેમ, — એ હોઈ શકે કે આપણા જન્મોમાં આપણે વિકાસની એ ભૂમિકાઓમાં થઈને પસાર થવાનું છે. કારણ કે આપણે પ્રથમ તામસિક, પછી રજસ્-તામસિક, પછી રાજસિક કે રજસ્-સાત્ત્વિક વગેરે અવસ્થાઓમાં થઈને સાત્ત્વિક સ્થિતિને પહોંચવાનું છે. અંતરમાં આરોહણ કરીને અંતરના બ્રાહ્મણત્વમાં આપણી જાતને સ્થિર કરવાની છે અને એ પાયાના ઉપર ઊભા રહીને આપણે મુક્તિની ખોજ કરવાની છે. પરંતુ એમ જ જો હોય, તો ગીતા એવું જે વિધાન કરે છે કે શૂદ્ર અને ચાંડાલ પણ પોતાનું જીવન ઈશ્વર પ્રત્યે વાળીને સીધેસીધા આધ્યાત્મિક મુક્તિ અને પૂર્ણતાને પહોંચી શકે છે તેને માટે તર્કની દૃષ્ટિએ કોઈ સ્થાન રહેતું નથી.

ચાતુર્વર્ણ્યનું અસલ સત્ય તે એનું બાહ્ય સ્વરૂપ નથી, પરંતુ આપણા અંતરાત્માનું ગતિમાન થયેલું બળ છે, સક્રિય શક્તિમાં રહેલું આધ્યાત્મિક દિવ્ય પ્રકૃતિનું ચતુર્વ્યૂહવાળું સત્ય છે. પ્રત્યેક જીવ પોતાની આધ્યાત્મિક પ્રકૃતિમાં આ ચારે બાજુઓને ધારણ કરતો હોય છે, તે જ્ઞાનનો, શક્તિ અને સામર્થ્યનો, વિનિમય અને પરસ્પરતાનો, કાર્યો અને સેવાનો બનેલો આત્મા હોય છે. પરંતુ કર્મમાં અને અભિવ્યક્તિ કરનાર તત્ત્વમાં એમાંનું એક કે બીજું તત્ત્વ આગળપડતું હોય છે તથા સ્થૂલ પ્રકૃતિ સાથે આત્માનો જે વ્યવહાર છે તેને એ તત્ત્વ પોતાને રંગે રંગે છે. બીજી શક્તિઓનો જે ધર્મ હોય છે તેમને પણ એ આગળપડતો પ્રકૃતિનો ધર્મ દોરે છે, તથા તેમના ઉપર પોતાની છાપ મૂકે છે અને તેમને પોતાના કર્મમાં, વૃત્તિના અને અનુભૂતિના કાર્યમાં યોજે છે. ત્યાર પછી સ્વ-ભાવ પોતાની આગળપડતી વૃત્તિનો નિયમ,— સામાજિક વર્ગોમાં જેમ અચલાયતન પેઠે અને ગ્રામ્ય રીતે અમલમાં મૂકવામાં આવે છે તેમ નહિ પરંતુ — સૂક્ષ્મ રીતે અને સ્થિતિસ્થાપકતા સહિત અનુસરે છે. અને એ પ્રધાન વૃત્તિનો વિકાસ સાધતાં સાથેસાથે, બીજી ત્રણે શક્તિઓને પણ તે વિકસાવી લે છે. આ રીતે કામ અને સેવા કરવાની શૂદ્રવૃત્તિનો સાચી રીતે અમલ કરવામાં આવે તો તે જ્ઞાનનો પણ વિકાસ કરે છે, શક્તિને વધારે છે, પરસ્પરતાની, વિનિમયની સમતુલા યાને નિકટતા શીખવે છે તથા સંબંધોમાં સાચો અનુક્રમ પ્રગટાવે છે. ઈશ્વરના

ચતુર્વ્યૂહનો પ્રત્યેક વ્યૂહ પ્રકૃતિમાં પોતાના પ્રધાન તત્ત્વનું સંવર્ધન કરીને તથા બીજા ત્રણ વડે પોતે સમૃદ્ધ બનીને સમગ્ર સંપૂર્ણતા પ્રત્યે આગળ વધે છે. આ વિકાસ ત્રિગુણના નિયમ અનુસાર થાય છે. બ્રાહ્મણના જ્ઞાન-પ્રાપ્તિના ધર્મમાં પણ તામસિક અને રાજસિક પ્રકાર હોઈ શકે છે. શક્તિપ્રધાન ક્ષાત્રધર્મના અનુસરણમાં પાશવ અને તામસિક તથા ઉચ્ચ પ્રકારનો સાત્ત્વિક માર્ગ હોવો શક્ય છે, શૂદ્રના સેવા અને કામના ધર્મમાં પણ સમર્થ રાજસિક, અથવા તો, સુંદર અને ઉદાત્ત એવો સાત્ત્વિક પ્રકાર હોઈ શકે છે. પોતાના અંતરના અંગત સ્વધર્મના તથા એ સ્વધર્મ જે કર્મો કરવાને આપણને જીવનમાં પ્રેરે તે કર્મોના સાત્ત્વિક પ્રકારને પ્રાપ્ત કરવો એ પૂર્ણતા પ્રાપ્ત કરવાની આરંભની શરત છે. અને એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે અંતરનો સ્વધર્મ બાહ્ય, સામાજિક કે બીજા કોઈ કર્મના, ધંધાના કે ધર્મના સ્વરૂપમાં બંધાયેલો નથી. જે માનવનો અંતરાત્મા સેવા કરવામાં સંતુષ્ટ છે, અથવા તો આપણામાં સેવા કરવાની વૃત્તિમાં જે તત્ત્વ રહેલું છે તે જ્ઞાનની શોધ કરનારનું, શક્તિશાળીનું અને યુદ્ધ કરનારનું, અથવા તો પરસ્પરતા, ઉત્પાદન અને વિનિમયવાળા જીવનને પોતાની સેવા અને મજૂરી કરવાની દિવ્ય પ્રેરણાને સંતોષવાના સાધન તરીકે વાપરી શકે છે.

આ ચતુર્વ્યૂહ આત્મશક્તિના સૌથી વધારે ક્રિયાત્મક અને સૌથી દિવ્ય સ્વરૂપને પ્રાપ્ત કરવું, એ ઊંચામાં ઊંચી આધ્યાત્મિક પૂર્ણતાની વિશાળમાં વિશાળ વાસ્તવિકતાને પહોંચવાનું દ્વાર છે. જો આપણે સ્વધર્મના કર્મને આપણા અંતરમાં રહેલા પ્રભુની — પરાત્પર પુરુષોત્તમની, વિશ્વરૂપ પ્રભુની — પૂજા તરીકે ઉપયોગ કરી શકીએ તો, — અને આખરે સર્વ કર્મો એના હાથમાં સમર્પણ કરી દઈ શકીએ — **मयि संन्यस्य कर्माणि** (૫.૧૩) — તો એ કાર્ય થઈ શકે તેવું છે. ત્યાર પછી આપણે ત્રણ ગુણોની મર્યાદાને વટાવી જઈએ છીએ, તેમ ચતુર્વ્યૂહના વિભાગની તથા સર્વ પ્રકારના વિશિષ્ટ ધર્મોની મર્યાદાઓનો પરિત્યાગ — **सर्वधर्मान्परित्यज्य** (૧૮.૬૬) — કરી દઈ શકીએ છીએ. ત્યાર પછી ઈશ્વર વ્યક્તિને વિશ્વના સ્વભાવમાં લઈ લે છે, તથા આપણામાં રહેલા ચતુર્વ્યૂહવાળા પ્રકૃતિના આત્માને પૂર્ણતા અર્પે છે, અને એકતાવાળો બનાવે છે, તથા એનાં પોતાનાં સ્વનિર્મિત કર્મો પ્રભુના દિવ્ય સંકલ્પ અને વ્યક્તિમાં સિદ્ધ થયેલ પ્રભુની શક્તિ અનુસાર કરે છે.

ગીતાની આજ્ઞા છે કે પ્રભુની પૂજા **स्वकर्मणा** (૧૮.૪૬) — "પોતાનાં કર્મો વડે" કરવી જોઈએ; આપણી આહુતિ કે અર્પણ આપણી પ્રકૃતિ અને સ્વધર્મ વડે નિર્મિત થયેલાં કર્મો હોવાં જોઈએ. કારણ કે સર્જનની અને કર્મની સઘળી પ્રેરણા પ્રભુમાંથી આવે છે અને આ વિશ્વને એણે જ વિસ્તારેલું છે. એ સૃષ્ટિઓને એકત્ર રાખવા માટે — લોકસંગ્રહ માટે — પ્રભુ પોતે જ સ્વભાવ દ્વારા સર્વ કર્મો

ઉપર અધિષ્ઠાન કરે છે અને તેમને આકાર આપે છે. આપણી અંતરની અને બહારની પ્રવૃત્તિ વડે એ પ્રભુની ભક્તિ કરવી, પરાત્પર પ્રભુને આપણાં સઘળાં કર્મો યજ્ઞરૂપે અર્પણ કરવાં એ આપણા સંકલ્પમાં, સત્ત્વમાં અને પ્રકૃતિમાં એની સાથે એકતા પ્રાપ્ત કરવાનો માર્ગ છે. આપણું કર્મ આપણા અંતરમાં રહેલ સત્ય અનુસાર હોવું જોઈએ. એ કર્મ કોઈ બહારના અને કૃત્રિમ ધોરણ સાથે બાંધછોડનું પરિણામ હોવું ન જોઈએ. અંતરાત્મા અને તેની સહજ શક્તિઓનું તે જીવંત અને સાચા દિલનું પ્રાકટ્ય હોવું જોઈએ. કારણ કે એ પ્રમાણે આપણા અંતરાત્માના જીવંત અને ઊંડામાં ઊંડા સત્યનું આપણી વર્તમાન પ્રકૃતિમાં અનુસરણ કરવાથી આખરે અંતરાત્માનું શાશ્વત સત્ય જે પરા પ્રકૃતિમાં અત્યારે ઊર્ધ્વમાં રહેલું છે તેને પ્રાપ્ત કરવામાં સહાય થશે. એ ઊર્ધ્વ, દિવ્ય પ્રકૃતિમાં આપણે પ્રભુ સાથે,— અને આપણા અંતરાત્મા તથા સર્વ પ્રાણીઓ સાથે,— એકતામાં રહી શકીશું અને પૂર્ણતા પ્રાપ્ત કરીને, શાશ્વત ધર્મની મુક્તિમાં સ્થિર થઈને દિવ્ય કર્મ કરવાના દોષ-રહિત કરણ બની શકીશું.

## પ્રકરણ એકવીસમું

# પરમ રહસ્ય પ્રત્યે

ગુરુએ જે બધું કહેવાની જરૂર હતી તે પૂરું કર્યું છે, પોતાના સંદેશના સઘળા મુખ્ય સિદ્ધાંતો, તેમને ટેકો આપનારાં સૂચનો તથા અધ્યાહાર રહેલ મુદ્દાઓનું વિવરણ તેમણે અત્યાર સુધીમાં કરેલું છે. એ ઉપદેશના વિષયમાં ચારે બાજુથી જે કાંઈ મુખ્ય શંકાઓ અને પ્રશ્નો ઉપસ્થિત થઈ શકે તેવાં છે તેમના વિષે એમણે સ્પષ્ટતા કરેલી છે. હવે પોતાના સંદેશનું હાર્દ, પોતાના ઉપદેશનું કેન્દ્રસ્થ તત્ત્વ, છેવટની એક વાણી — એટલે કે નિશ્ચયાત્મક વાક્ય અને અર્થગામી સૂત્રમાં પોતાની છેવટની વાણી — ઉચ્ચારવાનાં બાકી રહે છે. આપણે એ પણ જોઈએ છીએ કે આ નિશ્ચયાત્મક, આખરી અને પોતાના ઉપદેશના કળશ જેવું સૂત્ર અત્યાર સુધીમાં જે કાંઈ કહેવામાં આવેલું છે તેનો નિષ્કર્ષ છે, સાર છે એટલું જ નથી, અને અમલમાં મૂકવા માટે આવશ્યક સાધનાનું અને સાધનાના પ્રયત્નને અને તપસ્યાને પરિણામે જે વધારે મહાન આધ્યાત્મિક ચેતના પ્રાપ્ત થાય છે તેનું એકાગ્ર વર્ણન માત્ર છે, એટલું જ નથી; એ વાણી, જાણે કે, એ વસ્તુઓથી વધારે આગળ નીકળી જાય છે, પ્રત્યેક મર્યાદાને અને નિયમને, સિદ્ધાંતને અને સૂત્રને તોડી નાખે છે અને એક એવા વિશાળ અને અપરિમેય આધ્યાત્મિક સત્યમાં પ્રવેશ કરે છે જેમાં અર્થની અનંત શક્યતા રહેલી છે; ગીતાનો ઉપદેશ કેટલો ગહન છે, એની દૃષ્ટિમર્યાદા કેટલી વિશાળ છે, એ ઉપદેશ કેટલો મહાન છે તેની એ નિશાની છે. સાધારણ ધાર્મિક બોધ કે તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત સત્યની અમુક મહાન અને જીવંત બાજુઓ ગ્રહણ કરીને માનવના અંતર-જીવનમાં દોરવણી આપવા માટે તથા એનાં કર્મને નિયમ અને આકાર આપવા માટે સત્યની એ બાજુઓને ઉપયોગી બોધ અને મંતવ્યના રૂપમાં, પદ્ધતિ અને અભ્યાસના રૂપમાં ફેરવી નાખીને સંતોષ માને છે. એનાથી તે વધારે આગળ જતી નથી, પોતાની પદ્ધતિના વર્તુળની બહાર જવા માટેનાં દ્વાર તે ખુલ્લાં કરી આપતી નથી, આપણને એક પ્રકારની, સૌથી વિશાળ મુક્તિ પ્રત્યે તથા અનિર્બાધ વિશાળતા પ્રત્યે દોરી જતી નથી. એવી મર્યાદા ઉપયોગી પણ હોય છે અને થોડા સમય માટે અનિવાર્ય પણ છે. પોતાનાં મન અને સંકલ્પમાં મર્યાદિત એવા માનવને નિયમની અને વિધિની, એના વિચારોને અને કર્મોને નિશ્ચયાત્મક અભ્યાસના પસંદ કરેલા રૂપમાં મૂકી આપે એવી દૃઢ પદ્ધતિની જરૂર પડે છે. માનવ એવા માર્ગ માટે માગણી કરે

છે જે એક જ અને ભૂલ ન થાય એવો હોય, જે દૃઢ હોઈ એના પર ચાલવું સલામત હોય અને જેની બાજુઓ પર વાડ હોય, — માનવ માગે છે મર્યાદિત ક્ષિતિજો, વાડવાળાં આરામનાં સ્થાનો. એક મુક્ત અવસ્થાથી બીજી મુક્તિ પ્રત્યે તો થોડા અને સમર્થ માનવીઓ જ ગતિ કરી શકે છે. અને છતાં, આખરે તો જે મર્યાદિત સ્વરૂપોમાં અને પદ્ધતિઓમાં મન પોતાનો મર્યાદિત ભોગ માણે છે અને પોતાનું મૂલ્ય પ્રાપ્ત કરે છે તેમાંથી મુક્ત આત્માને છૂટવાનું દ્વાર મળવું જોઈએ. આપણે જે નિસરણી પર ચડીએ છીએ તેનાથી પર થવું, એના છેલ્લામાં છેલ્લા પગથિયા પર પણ અટકવું નહિ, પરંતુ આત્માની વિશાળતામાં અબાધિતપણે અને છૂટથી વિહરવું એ પ્રકારની મુક્તિ આપણી પૂર્ણતાને માટે આવશ્યક છે. આત્માની નિરપેક્ષ મુક્તિ હોવી એ આપણી પૂર્ણતાવાળી સ્થિતિ છે. ગીતા એ સ્થિતિ પ્રત્યે આપણને આ પ્રમાણે લઈ જાય છે: એ આરોહણ કરવાનો એક એવો ઊર્ધ્વગામી માર્ગ દર્શાવે છે, એવો ધર્મ આપે છે જે દૃઢ છે અને નિશ્ચયાત્મક છે, પરંતુ જે ઘણો વિશાળ પણ છે, અને તે ધર્મ એવો છે કે પોતાનાથી અને અંતે સર્વ ધર્મોથી પેલે પાર અનંતના ખુલ્લા પ્રદેશોમાં આપણને લઈ જાય છે, સંપૂર્ણ આધ્યાત્મિક મુક્તિના ઉપર પ્રતિષ્ઠિત સંપૂર્ણ સિદ્ધિની આપણને આશા આપે છે અને તેમાં આપણને લઈ જાય છે. એ રહસ્ય गुह्यतमम् (૧૮.૬૩) — ગૂઢમાં ગૂઢ રહસ્ય છે, એની પરમ વાચાનો મર્મ છે, ગૂઢ તત્ત્વ છે; અંતરતમ જ્ઞાન છે.

સૌથી પ્રથમ ગીતા પોતાના સંદેશના સારનો અહીં ફરીને ઉલ્લેખ કરે છે. પોતાના સંદેશની સમગ્ર રૂપરેખા અને મૂળતત્ત્વ પંદર શ્લોકોના ટૂંકા વિસ્તારમાં તે રજૂ કરે છે. એ શ્લોકોની ભાષામાં એવી સંક્ષિપ્ત અને એકાગ્ર સૂત્રાત્મકતા અને અર્થઘનતા રહેલી છે જેમાંથી મૂળ વસ્તુનું તત્ત્વ જરા પણ રહી જતું નથી અને જે વાક્યોમાં એ સંદેશ રજૂ થયો છે તે સૌથી વધારે પ્રાસાદિક ચોકસાઈ અને વિશદતાવાળાં છે. એ વાક્યોને કાળજીપૂર્વક જોવાં જોઈએ, તથા આગળ જે કાંઈ કહેવામાં આવેલું છે તેના પ્રકાશમાં લાવીને ગહનતાપૂર્વક તેમને વાંચવાં જોઈએ, કારણ કે ગીતા પોતે જેને પોતાના ઉપદેશના મધ્યબિંદુમાં રહેલો અર્થ માને છે તેનો સાર અહીં આ શ્લોકોમાં આપવાનો સ્પષ્ટ ઉદ્દેશ છે. ગીતાના વિચારતત્ત્વના આરંભનું જે મૂળબિંદુ હતું ત્યાંથી એ શ્લોકો શરૂઆત કરે છે, માનવ-જીવનમાં કર્મના કોયડાથી તે આરંભ કરે છે, — એટલે કે જગતમાં કર્મો કરવાનું ચાલુ રાખવા છતાં સૌથી ઉચ્ચ આત્મસ્થિતિમાં, પરબ્રહ્મમાં પોતાના જીવનને ધારણ કરવું એમાં દેખીતી રીતે જે અસાધ્ય મુશ્કેલી રહેલી છે તેનાથી તે આરંભ કરે છે. એનો ઉકેલ લાવવાનો સૌથી સહેલો માર્ગ એ છે કે એ મુશ્કેલીને અસાધ્ય ગણી કાઢવી, જીવનને અને કર્મને માયારૂપ ગણવાં, અથવા તો જગતની જાળમાંથી જેવા આપણે આધ્યાત્મિક સત્-તાના સત્યમાં આરોહણ કરીએ કે તુરત જેનો ત્યાગ કરવાનો છે

એવી ઊતરતા પ્રકારની ક્રિયા ગણી કાઢવી. એ સંન્યાસ-માર્ગી ઉકેલ છે, — જો એને ઉકેલ કહી શકાય તો. ગમે તેમ પણ મુશ્કેલ કોયડાનો ઉકેલ લાવવાનો એ માર્ગ નિશ્ચયાત્મક અને સચોટ છે. એ માર્ગે પ્રાચીન હિંદનું સૌથી ઉચ્ચ અને સૌથી વધારે ચિંતનપ્રધાન માનસ જેવું તે પોતાના પ્રથમ, વિશાળ અને મુક્ત સમન્વયમાંથી દૂર ફંટાઈને એક ખૂણા તરફ વળ્યું, ત્યારથી વધતા જતા પ્રમાણમાં હમેશાં વળતું રહ્યું છે. તંત્રમાર્ગની પેઠે, અને પાછળથી પ્રચલિત ધર્મોના પાસાંઓ પેઠે, ગીતા પણ આધ્યાત્મિક ચેતના અને કર્મ એ બે વચ્ચેની પ્રાચીન સમતુલા જાળવવા પ્રયત્ન કરે છે. ગીતા અસલના સમન્વયનો પાયો અને વસ્તુ જાળવી રાખે છે, પરંતુ વિકાસ પામતા આધ્યાત્મિક અનુભવના પ્રકાશમાં એના બાહ્ય સ્વરૂપને બદલી નાખે છે, ફરીને નવું સ્વરૂપ આપે છે. અંતરના જીવનને સૌથી ઉચ્ચ આત્મસ્વરૂપમાં અને બ્રહ્મમાં જાગ્રત રાખીને એની સાથે સંપૂર્ણપણે પ્રવૃત્તિમય જીવનનો મેળ મેળવવાના મુશ્કેલ કોયડાને ગીતાનો ઉપદેશ ઉડાવી દેતો નથી, એના વિષે અખાડા કરતો નથી. પોતે જે ઉકેલને સાચો માને છે તે એ આગળ ધરે છે. એના પોતાના હેતુ પૂરતી જીવનના સંન્યાસમાં સચોટતા રહેલી છે એ વાતનો તે અસ્વીકાર કરતી નથી, પરંતુ ગીતા જુએ છે કે એ ઉપાય કોયડાની ગાંઠને કાપે છે, નરમ કરીને તેને ઉકેલતી નથી, અને તેથી એને ઊતરતા પ્રકારનો ગણે છે અને પોતાના ઉકેલને ચડિયાતો ગણે છે. બન્ને માર્ગો માનવની સામાન્ય અજ્ઞાની, અધો પ્રકૃતિમાંથી શુદ્ધ આધ્યાત્મિક ચેતનામાં લઈ જાય છે અને એટલા પૂરતા બન્ને ઉપાયો સાચા છે અને એમના અસલ તત્ત્વમાં એક છે એમ પણ કહી શકાય. પણ એમાંનો એક અધવચ અટકી જાય છે, અને પાછો ફરે છે ત્યારે બીજો દૃઢ સૂક્ષ્મતા અને ઉચ્ચ પ્રકારની સાહસવૃત્તિથી આગળ વધે છે, અજ્ઞાત પ્રદેશો પ્રત્યેનું દ્વાર ખોલી આપે છે, માનવને પ્રભુમાં, સંપૂર્ણતા પ્રાપ્ત કરાવે છે અને આત્માને અને પ્રકૃતિને દિવ્ય તત્ત્વમાં એક કરીને સમાધાન પમાડે છે.

એટલે, એ શ્લોકોમાંના પહેલા પાંચમાં ગીતા એવાં વાક્યોનો પ્રયોગ કરે છે જે અંતરના તેમજ બહારના સંન્યાસને લાગુ પડી શકે અને છતાં એ પ્રયોગ એવી રીતે કરે છે કે એમાંના કેટલાક શબ્દોને વધારે ગહન અને આંતરિક અર્થમાં લેવાથી ગીતા જે પદ્ધતિને પસંદ કરે છે તેનો અર્થ અને વિચાર આપોઆપ સ્પષ્ટ થઈ જાય છે. માનવનાં કર્મની મુશ્કેલી એ છે કે એનો આત્મા અને પ્રકૃતિ બન્ને અનેક પ્રકારનાં બંધનોને મર્ત્ય ભાવપૂર્વક વશ હોય છે. એ બન્ને અજ્ઞાનના કારાગારમાં છે, અહંની જાળમાં ફસેલાં છે, આવેગોની સાંકળમાં બંધાયેલાં છે, રોજિંદા જીવનના હથોડા પેઠે ઘા કરનારા દબાણને વશ છે, તમોગ્રસ્ત અને મર્યાદિત વર્તુળ જેમાંથી નીકળવાનો માર્ગ જ નથી તેમાં પુરાયેલાં છે. આ પ્રકારના

ચક્રમાં પુરાયેલા આત્માને સ્વતંત્રતા હોતી જ નથી, પોતાની જાતની શોધ કરવાની, જીવનના સાચા મૂલ્યની અને અસ્તિત્વના અર્થની શોધ કરવા માટે એને નવરાશ કે આત્મજ્ઞાનનો પ્રકાશ કશું હોતું નથી. અલબત્ત, પોતાના અસ્તિત્વ વિષે એને પોતાની સક્રિય વ્યક્તિતા અને ક્રિયાત્મક પ્રકૃતિમાંથી મળી શકે એ પ્રકારનાં સૂચનો મળતાં હોય છે, પરંતુ પૂર્ણતાનાં જે ધોરણો તે ઊભાં કરે છે તે ઘણાં જ પાર્થિવ, મર્યાદિત અને સાપેક્ષ હોઈ એના પોતાના કોયડાના ઉકેલ માટે તે સંતોષકારક ચાવીરૂપ બની શકે તેવાં હોતાં નથી. સક્રિય પ્રકૃતિ એના મનને સંપૂર્ણપણે તલ્લીન કરનારો, કામણગારો સાદ કરીને માનવને સતત બહિર્મુખ થવાની ફરજ પાડી રહી હોય ત્યારે તે પોતાના વાસ્તવિક આત્માને અને આધ્યાત્મિક અસ્તિત્વને કેવી રીતે પ્રાપ્ત કરી શકે? ત્યાગીનો સંન્યાસ અને ગીતાનો માર્ગ બન્ને એક બાબતમાં એકમત છે કે વ્યક્તિએ સૌથી પહેલાં મન જે બહિર્મુખ વૃત્તિમાં એકરાગ અથવા તો તલ્લીન થઈ જાય છે તે તલ્લીનતાનો તેણે ત્યાગ કરવો જોઈએ, એણે બાહ્ય વસ્તુઓની, એને બહિર્મુખ કરનારી માગણીને પોતાનામાંથી દૂર ફેંકી દેવી જોઈએ; તથા નીરવ આત્માને સક્રિય પ્રકૃતિમાંથી છૂટો પાડવો જોઈએ. એણે અક્રિય આત્મા સાથે તથા નીરવતામાં રહેલા જીવન સાથે એકતા કરવી જોઈએ. એણે અંતરની નિષ્કર્મ અવસ્થા યાને નૈષ્કર્મ્ય પ્રાપ્ત કરવું જોઈએ. આથી પોતાના યોગના પહેલા ઉદ્દેશ તરીકે ગીતા અંતરની આ રક્ષણકારી નિષ્ક્રિયતાને અહીં આગળ લાવે છે, સાધનાની પહેલી પૂર્ણતા યાને સિદ્ધિ તરીકે જણાવે છે.

"સર્વ વસ્તુઓમાં આસક્તિ વગરની બુદ્ધિ, કામના વગરનો અને સંયત થયેલા આત્માવાળો માણસ સંન્યાસ વડે નૈષ્કર્મ્યની પરમ સિદ્ધિને પ્રાપ્ત કરે છે".*

આત્માએ જિતેલી પ્રશાંતિવાળો, આધ્યાત્મિક અક્રિયતા અને કામનામાંથી જેમાં મુક્તિ છે એવો સંન્યાસનો આ આદર્શ સર્વ પ્રકારના પ્રાચીન જ્ઞાનમાર્ગનું સામાન્ય તત્ત્વ છે. ગીતા આપણે માટે એ આદર્શ પ્રકારના સંન્યાસને મનોવિજ્ઞાનના પાયા ઉપર અપૂર્વ પૂર્ણતા અને સ્પષ્ટતાપૂર્વક મૂકી આપે છે. આત્મજ્ઞાનની ખોજ કરનાર સઘળા જિજ્ઞાસુઓનો એ સામાન્ય અનુભવ કે માનવમાં બે જુદા પ્રકારની પ્રકૃતિઓ છે, અને જાણે કે તેનામાં બે જુદી જુદી આભાઓ, બે જુદી વ્યક્તિઓ રહેલી છે, એના ઉપર એ પાયો ઊભેલો છે. એક તો, તમસ્‌થી ઢંકાયેલી માનસિક, પ્રાણમય અને અન્નમય પ્રકૃતિની બનેલી અધોમુખ સત્-તા છે જેના સત્ત્વનું બંધારણ જ એવું છે કે તે અજ્ઞાનને અને જડતાને વશ છે અને

---

* असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।
नैष्कर्म्यसिद्धिं परमां संन्यासेनाधिगच्छति ॥ (१८,४९)

ખાસ કરીને, જડ તત્ત્વના સત્ત્વનો જે પાયો છે તે એ પ્રકારનો જ છે. એ જડ તત્ત્વ પ્રાણશકિતને લીધે ખરેખર સક્રિય અને જીવંત બને છે, પરંતુ એના કર્મમાં સાહજિકપણે આત્મવાનપણું અને આત્મજ્ઞાન હોતાં નથી. જ્યારે તે માનસિક ભૂમિકાને પ્રાપ્ત કરે છે ત્યારે થોડું આત્મજ્ઞાન અને સંવાદિતા તેને પ્રાપ્ત થાય છે. પરંતુ મુશ્કેલ પ્રયત્નને અંતે, અને પોતાની અશકિતઓ સાથે સતત ઝપાઝપી કરીને તેને પરિણામે એ વસ્તુઓ તેને મળે છે. એનાથી ઊર્ધ્વમાં આપણી આધ્યાત્મિક સત્-તાની વધારે ઉચ્ચ પ્રકારની પ્રકૃતિ તથા આત્મા બન્ને છે — જે આત્મવાન છે, આત્મપ્રકાશવાળા છે; પરંતુ એ બન્ને આપણા સામાન્ય માનસમાં અનુભવી શકાતાં નથી. આપણા અંતરમાં રહેલી આ વધારે મહાન વસ્તુની કોઈ વાર આપણને ઝાંખી થાય છે, પરંતુ સામાન્ય રીતે આપણે સચેતનપણે એની અંદર જીવન ધારણ કરતા નથી હોતા, આપણે એના પ્રકાશમાં, એની સ્થિરતામાં અને અપરિમેય ભવ્યતામાં રહેતા નથી. માનવમાં એકબીજાથી જુદા જે બે આત્માઓ રહે છે એમ કહેલું છે તેમાંનો પહેલો તો ગીતાની ત્રણ ગુણોની પ્રકૃતિનો બનેલો છે. એનું પોતાની જાતનું દર્શન અહંના ભાવમાં કેન્દ્રિત થયેલું હોય છે, કર્મ કરવાનો એનો સિદ્ધાંત અહંમાંથી જન્મેલી કામના પૂરો પાડે છે અને મનના તથા ઇન્દ્રિયોના વિષયોના પદાર્થો પ્રત્યેની આસકિત અને પ્રાણની કામના એ અહંની ગાંઠ છે. આ બધી પરિસ્થિતિનું અનિવાર્ય અને સતત પરિણામ બંધન છે, અધોમુખ પ્રકૃતિના શાસનની ગુલામી, આત્મસંયમનો અભાવ, અને આત્મજ્ઞાનની ગેરહાજરી હોય છે. બીજી વધારે મહાન શકિત અને સન્નિધિ તે અહંથી અબાધિત શુદ્ધ આત્મતત્ત્વની સત્-તા અને એની પ્રકૃતિ છે. એને હિંદનાં દર્શનોમાં આત્મા તથા નિર્વૈયકિતક બ્રહ્મ કહેવામાં આવે છે. એનું તત્ત્વ એક પ્રકારની બિનંગત સત્-તા છે, જે એક છે, અને સર્વમાં એકરૂપે રહે છે: અને એ બિનંગત અસ્તિત્વ અહં વિનાનું, એને મર્યાદિત કરનાર ગુણ વિનાનું, કામના, આવશ્યકતા અથવા જરૂર કે પ્રેરક તત્ત્વ વિનાનું હોય છે; તેથી કરીને તે અગતિશીલ અને અવ્યય હોય છે. શાશ્વતીમાં તે એનું એ જ રહે છે, એ અક્ષરબ્રહ્મ વિશ્વરૂપી ક્રિયાને જુએ છે તથા ટેકો આપે છે પરંતુ પોતે એમાં ભાગ લેતું નથી, અથવા તો એનો આરંભ કરતું નથી. જ્યારે અંતરાત્મા પોતાની જાતનો સક્રિય પ્રકૃતિમાં પ્રક્ષેપ કરે છે ત્યારે તે ગીતા જેને ક્ષર પુરુષ કહે છે તે બને છે. એ જ અંતરાત્મા પોતાની જાતને શુદ્ધ નીરવ આત્મતત્ત્વમાં, મૌલિક દિવ્ય તત્ત્વમાં ફરીને એકાગ્ર કરે છે ત્યારે ગીતા જેને અક્ષર કહે છે, અક્રિય અને અવ્યય કહે છે તે અનુભવાય છે.

તો પછી, સક્રિય પ્રકૃતિના દૃઢ બંધનમાંથી છૂટીને પોતાની આધ્યાત્મિક મુકિતને પાછી મેળવવાનો સીધેસીધો અને સાદામાં સાદો માર્ગ એ છે કે અજ્ઞાનની ક્રિયાશીલતાને લગતું જે કાંઈ છે તે બધું સંપૂર્ણપણે દૂર ફેંકી દેવું અને અંતરાત્માને

શુદ્ધ આધ્યાત્મિક અસ્તિત્વના રૂપમાં ફેરવી નાખવો. એનું નામ ब्रह्मभूय (૧૮.૫૩) — એટલે કે બ્રહ્મરૂપ થવું. અર્થાત્ અધોપ્રકૃતિના માનસિક, પ્રાણમય અને અન્નમય અસ્તિત્વને દૂર કરી દેવું અને શુદ્ધ આધ્યાત્મિક સત્‌ને ધારણ કરવું. આ કાર્ય બુદ્ધિ જે આપણું અત્યારનું સૌથી ઉચ્ચ તત્ત્વ છે તેના વડે સૌથી સારી રીતે પાર પાડી શકાય તેવું છે. એ બુદ્ધિ બધા જીવનની વસ્તુઓમાંથી અને સૌથી પહેલાં, કામનાની સચોટ ગ્રંથિ પ્રત્યેથી વિમુખ થઈ જવી જોઈએ, મન તથા ઇન્દ્રિયો જે પદાર્થોની પાછળ દોડતાં હોય તેમને માટેની આસક્તિથી તેણે મુક્ત થઈ જવું જોઈએ, — માણસે સર્વ વસ્તુઓ પ્રત્યે અનાસક્ત એવી એ બુદ્ધિરૂપ થઈ જવું જોઈએ — असक्तबुद्धिः सर्वत्र (૧૮.૪૯) — ત્યાર પછી બધી કામનાઓ અંતરાત્માની નીરવતામાં લય પામી જાય છે; સર્વ પ્રકારની સ્પૃહાથી તે મુક્ત — विगतस्पृह (૧૮.૪૯) — થઈ જાય છે. એ વસ્તુ અધોગામી આત્માનો સંયમ અને ઉચ્ચતર આત્માની પ્રાપ્તિ સાથે જ લાવે છે, અથવા તો, શક્ય બનાવે છે. એ પ્રાપ્તિ સંપૂર્ણ આત્મસંયમ ઉપર આધાર રાખતી હોય છે, અને એ આત્મસંયમ સક્રિય પ્રકૃતિના ઉપર હમેશાંનો વિજય પ્રાપ્ત કરવાને પરિણામે — जितात्मा (૧૮.૪૯) થવાને પરિણામે સ્થાપન થાય છે. આ બધાંનો અર્થ એ છે કે વસ્તુઓ માટેની કામનાનો સંપૂર્ણ અંતર-સંન્યાસ થઈ જાય છે. એવો અંતરનો સંન્યાસ આ પૂર્ણતા પ્રાપ્ત કરવાનો માર્ગ છે, તથા જે માણસે આ પ્રમાણે અંતરથી સર્વનો સંન્યાસ કર્યો હોય છે તેને ગીતા સાચા સંન્યાસી તરીકે વર્ણવે છે. પરંતુ "સંન્યાસ" શબ્દના સામાન્ય અર્થમાં બાહ્ય સંન્યાસનો પણ સમાવેશ થઈ જાય છે, અથવા તો, કેટલીક વાર તો કેવળ બાહ્ય સંન્યાસનો અર્થ જ એને લાગુ પડે છે; એટલે ગુરુ એક બીજા "ત્યાગ" શબ્દનો પ્રયોગ કરે છે, અને એ રીતે બાહ્ય અને અંતરના સંન્યાસનો ભેદ દર્શાવે છે, અને કહે છે કે સંન્યાસ કરતાં ત્યાગ વધારે સારો છે. સક્રિય પ્રકૃતિમાંથી વિમુખ થવાની ક્રિયામાં સંન્યાસીનો માર્ગ ઘણો વધારે આગળ જતો રહે છે. એ માર્ગમાં સંન્યાસને ખાતર સંન્યાસનો મોહ હોય છે, અને જીવન તથા કર્મનો બાહ્ય સંન્યાસ પણ કરવો જોઈએ, અંતરાત્માને અને પ્રકૃતિને સંપૂર્ણપણે શાંત કરી નાખવાં જોઈએ એવો એનો આગ્રહ હોય છે. એના ઉત્તરમાં ગીતા કહે છે કે જ્યાં સુધી આપણે દેહમાં વસીએ છીએ ત્યાં સુધી એવી સંપૂર્ણ અક્રિય સ્થિતિ પ્રાપ્ત કરવી શક્ય નથી. જેટલે અંશે શક્ય છે તેટલે અંશે એવો બાહ્ય સંન્યાસ કરવો હોય તો થઈ શકે. પરંતુ કર્મનો એટલો બધો છેદ ઉડાવી દેવો અનિવાર્ય નથી: ખરી રીતે, અથવા કાંઈ નહિ તો સામાન્ય રીતે, એવો આત્યંતિક ત્યાગ કરવો સલાહભરેલું પણ નથી. જે એક વસ્તુ જરૂરની છે તે સંપૂર્ણ અંતરની શાંતિ અને નિષ્ક્રિયતા છે, અને ગીતા જેને નૈષ્કર્મ્ય કહે છે તેનો એટલો જ અર્થ થાય છે.

જો આપણે એમ પૂછીએ કે જ્યારે આપણો ઉદ્દેશ શુદ્ધ આત્મસ્વરૂપ થવાનો છે, અને શુદ્ધ આત્માને અકર્તા કહેવામાં આવે છે ત્યારે પ્રકૃતિમાં રહેલા સક્રિય તત્ત્વને આ ખાસ હક્ક શા માટે આપવામાં આવે છે? તો, એનો ઉત્તર એ છે કે અક્રિયતામાં, પુરુષ અને પ્રકૃતિના છૂટાછેડા કરવામાં, આપણી મુક્તિનું સંપૂર્ણ સત્ય સમાઈ જતું નથી. પુરુષ અને પ્રકૃતિ આખરે એક જ વસ્તુ છે; સમગ્ર અને સંપૂર્ણ આધ્યાત્મિકતા આપણને પુરુષ અને પ્રકૃતિ બન્નેમાં રહેલા સર્વમય પ્રભુ સાથે એકતા કરાવે છે. ખરું જોતાં, બ્રહ્મરૂપ થવું, પુરુષની શાશ્વત નીરવતામાં પ્રવેશ કરવો, **ब्रह्मभूय** (૧૮.૫૩) થવું એ આપણો સમગ્ર ઉદ્દેશ નથી, એ અનુભવ તો એનાથી પણ વધારે મહાન અને આશ્ચર્યકારક એવા દિવ્ય ભાવને — **मद्भाव** (૧૪.૧૯) — પ્રગટ કરવા માટેનો આવશ્યક વિશાળ પાયો છે. એ સૌથી મહાન આધ્યાત્મિક પૂર્ણતાને પહોંચવા માટે આપણે પુરુષ-અવસ્થામાં, આત્મતત્ત્વમાં, ખરેખર, અક્રિય થઈ જવું જરૂરનું છે, આપણાં સર્વ કરણોમાં નીરવ થઈ જવું આવશ્યક છે; પરંતુ સાથેસાથે આત્માની ઊર્ધ્વ અને સાચી શક્તિ સહિત કાર્ય કરવાનું છે. હવે આપણે એવો પ્રશ્ન પૂછીએ કે જે બે વસ્તુઓ પરસ્પર વિરોધી દેખાય છે તેમને એકીવખતે કેવી રીતે ધારણ કરી શકાય? તો, એનો ઉત્તર એ છે કે પૂર્ણતાવાળી આધ્યાત્મિક સત્-તાની પ્રકૃતિ જ એવી હોય છે કે તે એ બેને પોતાનામાં ધારણ કરે છે; એનામાં અનંતની એ બેવડી સ્થિતિ હાજર રહે છે. બિનંગત પુરુષ નીરવ છે; આપણે પણ અંતરમાં નીરવ, નિર્વૈયક્તિક સ્વમાં ખેંચાઈને એકાગ્ર થઈ રહેવું જોઈએ. એ અક્ષર પુરુષ સર્વ કર્મોનો પોતે કર્તા છે એમ નથી જોતો, પરંતુ પ્રકૃતિ કર્મો કરે છે એમ જાણે છે. શુદ્ધ સમતામાં સ્થિર થઈને અક્ષર પુરુષ પ્રકૃતિના ગુણોનાં, શક્તિઓનાં અને પ્રકારોનાં સર્વે કાર્યોને જુએ છે. એ જ પ્રમાણે, આપણો અંતરાત્મા પુરુષરૂપે જ્યારે બિનંગત બને ત્યારે સર્વ કર્મો પોતે કરે છે એમ અનુભવવાને બદલે પ્રકૃતિના ગુણો કાર્ય કરે છે એમ તેણે જાણવું જોઈએ. સર્વ વસ્તુઓ પ્રત્યે તેણે સમ થઈ જવું જોઈએ. અને આપણે અહીં જ અટકી ન જઈએ તેટલા માટે, આપણે આગળ કૂચ કરીએ તથા આપણાં કાર્યોમાં આધ્યાત્મિક નિયમ અને દિશાને શોધી કાઢીએ, (અંતરની અક્રિયતાનો અને નીરવતાનો નિયમ માત્ર નહીં,) તેટલા માટે આપણા સંકલ્પ અને બુદ્ધિના ઉપર વશ કરવાનું વલણ ફરજિયાત કરવાનું આપણને ગીતા કહે છે. એટલે કે, આપણાં કર્મો અંતરમાંથી બદલાઈ જશે અને પ્રકૃતિના સ્વામીને, જેની પ્રકૃતિ પોતે **स्व प्रकृति** (૯.૮) છે, — "પોતાની શક્તિ છે" — તે દિવ્ય સત્‌ને સમર્પણ રૂપ બનશે. આખરે, આપણે સઘળું એ પ્રભુના હાથમાં છોડી દેવાનું છે, સઘળાનો સંન્યાસ કરવાનો છે, સર્વ પ્રકારનાં કર્મનો અંગત આરંભ — **सर्वारंभ** (૧૪.૨૫) — ત્યાગી દેવાનો છે, તથા પ્રકૃતિના બનેલા આપણા આધારને — પ્રભુના

કાર્ય માટે, તેનો હેતુ સાધવા માટે ફક્ત કરણ તરીકે રાખવાનું છે. આ વસ્તુ પૂરેપૂરી રીતે સમજાવવામાં આવેલી છે એટલે અહીં ગીતા એના વિષે આગ્રહ કરતી નથી; પરંતુ વધારે વ્યાખ્યા કર્યા વિના संन्यास અને नैष्कर्म्य જેવા સામાન્ય શબ્દો વાપરે છે.

શુદ્ધ અને બિનંગત પુરુષમાં જીવન ધારણ કરવા માટે પૂરેપૂરી અંતરની નિષ્ક્રિયતાને આવશ્યક ઉપાય તરીકે એક વાર આપણે સ્વીકારીએ ત્યાર પછી એ પરિણામ તે વ્યવહારુ રીતે કઈ પદ્ધતિ વડે લાવે છે એ પ્રશ્ન થાય છે. "આ પ્રમાણેની સિદ્ધિને પ્રાપ્ત કરીને, માનવ બ્રહ્મને કેવી રીતે મેળવે છે તે મારી પાસેથી સાંભળ. હે કુંતીપુત્ર, જ્ઞાનની એ પરમ અને એકાગ્ર દિશા છે."*

અહીં જે "જ્ઞાન" શબ્દ છે તે સાંખ્ય યોગના અર્થમાં લેવાનો છે,— ज्ञानयोगेन सांख्यानाम् (૩.૩), ગીતા જેનો સ્વીકાર કરે છે તે શુદ્ધ જ્ઞાનયોગ અહીં સમજવાનો છે. એ જ્ઞાનયોગ ગીતાના પોતાના યોગ જોડે એક છે, જેમાં યોગીઓનો કર્મયોગ સમાય છે— कर्मयोगेन योगीनाम् (૩.૩), પરંતુ અહીં કર્મ વિષેના ઉલ્લેખને તાત્કાલિક પાછળ રાખવામાં આવ્યો છે. કારણ કે આ શ્લોકમાંના "બ્રહ્મ" શબ્દનો અર્થ પ્રથમ "નીરવ બ્રહ્મ" નિર્વૈયક્તિક, અક્ષર થાય છે. ઉપનિષદ અને ગીતા બન્ને સ્વીકારે છે કે જે કાંઈ છે, જીવે છે અને ગતિ કરે છે તે સઘળું બ્રહ્મ છે; એ બ્રહ્મ ફક્ત વ્યક્તિતા વિનાનું અનંત, અથવા તો અચિન્ત્ય અને અવ્યવહાર્ય એવો નિરપેક્ષ માત્ર નથી. ઉપનિષદ કહે છે: सर्वं खलु इदं ब्रह्म (છાંદોગ્ય ૩.૧૪)—"આ સઘળું, ખરેખર, બ્રહ્મ છે," —ગીતા કહે છે: वासुदेवः सर्वम् (૭.૧૯)—"આ સઘળું વાસુદેવ છે." આ સઘળું ચર અને અચર પરમ બ્રહ્મ છે તથા આપણી ચારે બાજુએ એના હાથ અને પગ, એનાં નેત્રો અને વદનો આવી રહેલાં છે. અને છતાં, સર્વરૂપ આ બ્રહ્મમાં બે પાસાંઓ છે,—એક અસ્તિત્વ માત્રને ટકાવી રાખનાર, અક્ષર શાશ્વત આત્મા, અને બીજો, વિશ્વની ગતિ રૂપે સર્વત્ર કાર્ય કરી રહેલો સક્રિય શક્તિરૂપ આત્મા. આપણી સંકુચિત અહં-વ્યક્તિતાને જ્યારે આપણે આત્માની નિર્વૈયક્તિકતામાં લય પમાડી દઈએ છીએ ત્યારે જ આપણે સ્થિર અને મુક્ત એવા અદ્વૈતને પ્રાપ્ત કરી શકીએ છીએ અને એવા અદ્વૈત વડે જ વિશ્વગતિમાં કાર્ય કરી રહેલી પ્રભુની વિશ્વશક્તિ સાથે સાચી એકતા ધારણ થઈ શકે છે. નિર્વૈયક્તિકતા એટલે મર્યાદાનો અને ભેદનો ઇન્કાર, અને એવા બિનંગતપણામાં શ્રદ્ધા હોવી એ આપણી વાસ્તવિક સત્-તાની સ્વાભાવિક અવસ્થા છે, સાચા જ્ઞાન માટેની અનિવાર્ય પ્રાથમિક શરત

---

* सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाप्नोति निबोध मे ।
समासेनैव कौन्तेय निष्ठा ज्ञानस्य या परा ।। (१८,५०)

છે, અને તેથી કરીને સાચાં કર્મ કરવા માટેની પણ પ્રથમ આવશ્યકતા છે. એ વસ્તુ તો ખૂબ ખૂબ સ્પષ્ટ છે કે આપણા અહંની મર્યાદિત વ્યકિતતાનો આગ્રહ સેવવાથી આપણે સર્વ સાથે એક આત્મારૂપ, અથવા તો વિશ્વાત્મા સાથે તથા તેના વિશાળ આત્મજ્ઞાન સાથે, એ વિશ્વાત્માની સંકુલ સંકલ્પશકિત અને સર્વવ્યાપી વિશ્વહેતુ સાથે તદ્રૂપ થઈ શકતા નથી. કારણ કે એ અહં તો આપણને બીજાઓથી જુદા પાડે છે, આપણને બંધનમાં પૂરે છે તથા આપણી દૃષ્ટિને અને કર્મના સંકલ્પને સ્વ-કેન્દ્રિત બનાવે છે. આપણી અહં-વ્યકિતતામાં પુરાયેલા રહીને તો બીજાઓનાં દૃષ્ટિબિંદુ, લાગણીઓ અને સંકલ્પ સાથે સહાનુભૂતિ વડે, અથવા તો આપણી જાતનો સાપેક્ષ રીતે સમાસ કરીને, એક પ્રકારનો મર્યાદિત યોગ જ સાધી શકીએ છીએ. સર્વ સાથે ખરેખર એક થવું હોય, પ્રભુ સાથે તથા વિશ્વમાં કાર્ય કરતા તેના સંકલ્પ સાથે એકતા સાધવી હોય તો પહેલાં આપણે બિનંગતપણું પ્રાપ્ત કરવું જોઈએ. અહંથી તથા એની માગણીઓથી, આપણી જાતને, જગતને તથા બીજાઓને જોનારી અહં-દૃષ્ટિથી આપણે મુકત થવું જોઈએ. વ્યકિતતા કરતાં, અહંના કરતાં જુદી એવી કોઈ વસ્તુ સર્વ અસ્તિત્વની સાથે એક હોય એવો નિર્વૈયકિતક આત્મા આપણામાં હોય નહિ તો આપણે એ કાર્ય સાધી શકીશું નહીં. અહંનો લય કરવો અને એ નિર્વૈયકિતક આત્મારૂપ બનવું, આપણી ચેતનામાં એ અક્ષર બ્રહ્મસ્વરૂપ થવું એ આ યોગની પહેલી ક્રિયા છે.

તો પછી, એ સાધના કેવી રીતે કરવાની છે? પ્રથમ ગીતા કહે છે, આપણી વિશુદ્ધ થયેલી બુદ્ધિને બુદ્ધિયોગ વડે આપણામાં જે શુદ્ધ આધ્યાત્મિક સત્ત્વ છે તેની સાથે યુકત કરીને — बुद्धया विशुद्धया युक्तः(૧૮.૫૧). બુદ્ધિની બહિર્મુખતા અને અધોદૃષ્ટિને બદલીને અંતર્મુખ અને ઊર્ધ્વદૃષ્ટિ કરવામાં જે આધ્યાત્મિક પલટો થાય છે તે જ્ઞાનયોગનો મૌલિક સાર છે. વિશુદ્ધ થયેલી બુદ્ધિએ સમગ્ર સત્‌-તાના ઉપર સંયમ કરવાનો છે — आत्मानं नियम्य (૧૮.૫૧). બહાર જતી નિમ્ન પ્રકૃતિની કામનાઓ પ્રત્યેની આસકિતમાંથી એ વિશુદ્ધ બુદ્ધિએ — धृत्या — ધૃતિ વડે — અર્થાત્‌ દૃઢ અને અવિકંપ સંકલ્પ વડે આપણને વિમુખ કરવા જોઈએ, — સંકલ્પની એવી એકાગ્રતા વિશુદ્ધ આત્માની નિર્વૈયકિતકતા પ્રત્યે સંપૂર્ણપણે અભિમુખ હોય છે. ઇન્દ્રિયોએ પોતાના વિષયોનો ત્યાગ કરવાનો છે. એ વિષયો પોતાનામાં જે રાગદ્વેષ ઉત્પન્ન કરતા હોય તેમને મનમાંથી ફેંકી દેવા જોઈએ, કારણ કે વ્યકિતતાથી મુકત આત્માને કામનાઓ હોતી નથી, ઘૃણાઓ હોતી નથી. એ બધાં તો બહારના પદાર્થોના સ્પર્શો પ્રત્યે આપણી વ્યકિતતાનાં પ્રાણમય પ્રતિકાર્યો છે, અને મન તથા ઇન્દ્રિયો એ બાહ્ય સ્પર્શોને જે સમાન્તર પ્રત્યુત્તર પોતાના તરફથી આપે છે તે એમના ટેકા રૂપ, એમના પાયા રૂપ બને છે. મન, વાચા અને દેહના ઉપર સાધકે સંપૂર્ણ સંયમ મેળવવાનો છે. ભૂખ અને તરસ,

શીત અને ઉષ્ણ, શારીરિક સુખ અને દુઃખ જેવાં પ્રાણમય અને સ્થૂલ પ્રતિકાર્યોના ઉપર પણ સંપૂર્ણ સંયમ પ્રાપ્ત કરવાનો છે. આપણી સમગ્ર સત્-તાએ એ સઘળાં પ્રત્યે ઉદાસીન અને અનાસક્ત થવું જોઈએ, બાહ્ય સ્પર્શો પ્રત્યે અને એમનાં આંતરિક પ્રતિકાર્યો તથા પ્રત્યુત્તરો પ્રત્યે સમતાવાળા થઈ જવું જોઈએ. આ સૌથી સીધો અને સમર્થ એવો યોગનો કઠણ માર્ગ છે. કામના અને આસક્તિનો સંપૂર્ણ વિલય થઈ જવો જોઈએ, સંપૂર્ણ વૈરાગ્ય પ્રગટવો જોઈએ. વિજન એકાંતનું દૃઢ સેવન, અંતરતમ આત્મા જોડે ધ્યાન વડે સતત યોગમાં રહેવું, — એ વસ્તુઓની માગણી માનવ પાસેથી કરવામાં આવે છે. અને છતાં, આ કઠણ સાધનાનો ઉદ્દેશ વિશ્વકાર્યમાં ભાગ લેવાની મહેનતથી વિમુખ એવા જ્ઞાની અને ચિંતકના કોઈ પરમ, અહંપ્રધાન એવા એકાંતમાં અને શાંતિમાં સ્વ-કેન્દ્રિત થઈ રહેવું એવો મુદ્દલે નથી; એનો ઉદ્દેશ અહંનો ત્યાગ કરવાનો છે, અહંથી મુક્ત થવાનો છે. સાધકે પ્રથમ તો રાજસિક અહંનો ત્યાગ કરવાનો છે, — અહં-પ્રધાન સામર્થ્ય, ઉગ્રતા, દર્પ, કામ, ક્રોધ, પરિગ્રહની વૃત્તિ અને વાસના, આવેગોનાં દબાણ, પ્રાણની ઉદ્દામ વૃત્તિઓ, — સૌનો એણે ત્યાગ કરવાનો છે. પણ ત્યાર પછી સર્વ પ્રકારની અહંતાનો, સૌથી સાત્ત્વિક અહંતાનો પણ, ત્યાગ કરવાનો છે; કારણ કે એ સાધનાનો ઉદ્દેશ અંતરાત્માને, મનને અને પ્રાણને બંધનમાં રાખનારા 'હું'પણાથી અને 'મારા'પણાથી મુક્ત કરવાનો છે, નિર્મમ થવાનો છે. અહંનો અને એની સર્વ પ્રકારની માગણીઓનો વિનાશ કરવો એ પદ્ધતિ અહીં રજૂ કરવામાં આવી છે, કારણ કે જે નિર્વૈયક્તિક, અક્ષર આત્મા અડગ રહીને આ વિશ્વને ટકાવી રહ્યો છે તેનામાં અહંતા હોતી નથી અને કોઈ વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે તે કશી માગણી કે હક્ક કરતો નથી; તે સ્થિર અને પ્રકાશમય નિષ્ક્રિયતાવાળો હોઈ નીરવતાપૂર્વક સર્વ પદાર્થોને અને વ્યક્તિઓને સમતાવાળી અને નિષ્પક્ષપાત એવી આત્મજ્ઞાનવાળી અને વિશ્વજ્ઞાનવાળી દૃષ્ટિ વડે નિહાળે છે. તો પછી, માનવનો અંતરાત્મા પણ એ જ પ્રકારની કે એ જ નિર્વૈયક્તિકતામાં, પદાર્થોના ઘેરામાંથી મુક્ત થઈને પોતાનું જીવન ધારણ કરે તો જ વિશ્વનાં સ્વરૂપોને તથા વિકારોને જોનાર અને જાણનાર પરંતુ તેમનાથી અલિપ્ત રહેનાર એવા અક્ષર બ્રહ્મ સાથે એકતા કરવાને તે શક્તિમાન થાય છે.

ગીતા અહીં જે નિર્વૈયક્તિકતા પ્રાપ્ત કરવાની આજ્ઞા કરે છે તેનું અનુસરણ કરવાથી પ્રથમ પૂરેપૂરી અંતરની નિષ્ક્રિયતાની શાંતિ પ્રાપ્ત થાય છે અને એના અભ્યાસનાં સૌથી અંતરનાં તત્ત્વો અને પદ્ધતિ સંન્યાસની પદ્ધતિ સાથે એક છે. અને છતાં, એમાં એક બિંદુ આવે છે જ્યાં સક્રિય પ્રકૃતિની અને બાહ્ય જગતની માગણીથી પાછા પડવાની એની વૃત્તિને રોકવામાં આવે છે, તથા અંતરની એ સ્થિરતા કર્મનો ઇન્કાર કરવામાં અને સ્થૂલ ભૂમિકામાંથી વિમુખ થવામાં

પરિણમતી અટકાવવા માટે એક મર્યાદા મૂકવામાં આવે છે. विषयान् त्यक्त्वा (૧૮.૫૧)—ઇન્દ્રિયો એમના વિષયોનો જે સંન્યાસ કરે તે ત્યાગના પ્રકારનો હોવો જોઈએ,—એટલે કે ઇન્દ્રિયોમાં રહેલી આસક્તિનો, એના રસનો, નહિ કે ઇન્દ્રિયોની આવશ્યક, સાહસિક પ્રવૃત્તિનો, ત્યાગ હોવો જોઈએ. रागद्वेषौ व्युदस्य (૧૮.૫૧)—શુદ્ધ, સાચી અને સઘન એવી, દિવ્ય કાર્યમાં ઉપયોગની થાય એવી, ઇન્દ્રિયોની સરળ અને કેવળ ક્રિયા—केवलैः इन्द्रियैश्चरन् (૫.૧૧) સહિત માણસે પોતાની આજુબાજુના પદાર્થોમાં વિચરવું જોઈએ તથા ઇન્દ્રિયોના ક્ષેત્રના પદાર્થો પ્રત્યે કાર્ય કરવું જોઈએ,—પોતાની કામનાના સંતોષને માટે બિલકુલ નહીં. वैराग्य (૧૮.૫૨) હોવો જોઈએ, પણ તે જીવનની ઘૃણાનાં કે જગતનાં કાર્યો પ્રત્યે વિરસતાના સામાન્ય અર્થમાં નહીં,—પરંતુ રાગના—જેમ તેના વિરોધી દ્વેષના—ત્યાગના અર્થમાં. માનસિક અને પ્રાણમય સર્વ રાગોમાંથી, તેમ, સર્વ દ્વેષોમાંથી, સાધકે જાતને પાછી ખેંચી લેવી જોઈએ. આ માગણી એની ચેતનાનો વિનાશ કરવા માટે નહિ, પરંતુ, સંપૂર્ણ સક્રિય સમતા સ્થાપન થાય, જેમાં અંતરાત્મા વસ્તુઓના સમગ્ર અને સર્વગ્રાહી દર્શનને તથા પ્રકૃતિ સમગ્ર દિવ્ય કર્મને અબાધિત અને અમર્યાદ અનુમતિ આપી શકે, તેટલા માટે કરવામાં આવે છે. સતત ધ્યાનયોગનો આશ્રય લેવાનો અભ્યાસ—ध्यानयोगपरो नित्यम् (૧૮.૫૨)—માનવના અંતરાત્માને માટે એના પોતાના શક્તિ-સ્વરૂપનો અને નીરવતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાનો દૃઢ ઉપાય છે. અને છતાં, શુદ્ધ ધ્યાનપરાયણ જીવનને ખાતર સક્રિય જીવનનો ત્યાગ કરવાનો નથી; કર્મ તો પરમાત્માને સમર્પિત યજ્ઞરૂપે સદા કરવાં જોઈએ. સંન્યાસના માર્ગમાં કર્મ અને જગતની ઘૃણાની ક્રિયા શાશ્વત બ્રહ્મમાં વ્યક્તિના નિર્વાણને માટે તૈયારીરૂપ હોય છે અને જગતમાં કર્મનો અને જીવનનો સંન્યાસ એ ક્રિયામાં અનિવાર્ય પગલાંરૂપ છે. પરંતુ ગીતાના ત્યાગમાર્ગમાં એ ઘૃણા આપણા સમગ્ર જીવનને તથા અસ્તિત્વને, સર્વ કર્મોને પ્રભુની પ્રશાંત, આનંદમય અને અપરિમેય સત્-તા, ચેતના અને સંકલ્પ પ્રત્યે વળવાની પૂર્વ તૈયારીરૂપ હોય છે. અધોગામી અહંમાંથી અંતરાત્માની એક પ્રકારની વિશાળ અને સમગ્ર એવી ઊર્ધ્વ ભૂમિકામાં આરોહણ કરવાની પૂર્વ ભૂમિકા હોઈ પરા પ્રકૃતિની અનિર્વચનીય પૂર્ણતા પ્રાપ્ત કરવી શક્ય બનાવે છે.*

ગીતાની વિચારસરણીમાં આ નિશ્ચયાત્મક પલટો હવે પછીના બે શ્લોકોમાં (૧૮.૫૪-૫૫) દર્શાવાયો છે. એમાંનો પહેલો શ્લોક અર્થઘન અનુક્રમ આપણી આગળ રજૂ કરે છે: "જ્યારે માણસ બ્રહ્મભૂત યાને બ્રહ્મસ્વરૂપ થાય છે, જ્યારે તે પ્રસન્ન આત્મા શોક કે આકાંક્ષા કરતો નથી, સર્વ ભૂતો પ્રત્યે જ્યારે તે

---

* અહીં બે કંડિકામાં જે વિવરણ આપ્યું છે તે ૧૮,૫૧-૫૨-૫૩ શ્લોકોનું છે.

સમતાવાળો બને છે ત્યાર પછી મારી પરમ ભકિતને પ્રાપ્ત કરે છે."* પરંતુ જ્ઞાનના સંકુચિત માર્ગમાં ભકિત, એટલે કે પ્રભુના વ્યકિતસ્વરૂપ પ્રત્યે પ્રેમ અને ભકિત તો ઊતરતા પ્રકારની અને પ્રાથમિક અવસ્થા માટે યોગ્ય ગણાય છે. એ જ્ઞાનયોગનો અંત, એનું શિખર તો નિર્વૈયકિતક એવા લક્ષણહીન અક્ષર બ્રહ્મમાં પોતાના વ્યકિતત્વનો સંપૂર્ણ નિર્વાણ હોય છે, એટલે એ અક્ષર બ્રહ્મમાં ભકિતને માટે સ્થાન હોઈ શકે જ નહીં; કારણ કે ત્યાં કોઈ આરાધ્ય વસ્તુ રહેતી નથી તેમ આરાધના કરનાર ભકત પણ રહેતો નથી! સઘળું જીવ અને આત્માના નીરવ, અક્રિય, તાદાત્મ્યમાં લય પામી જાય છે. અહીં આ શ્લોકમાં આપણને એ અક્ષર અને વ્યકિતત્વ નિર્વિશેષ બ્રહ્મના કરતાં કોઈ વધારે ઉચ્ચ વસ્તુ આપવામાં આવે છે. અહીં પરમ આત્માનો ઉલ્લેખ છે જે પોતે પરમેશ્વર છે, અહીં પરમ પુરુષ છે અને પરા પ્રકૃતિ પણ છે, ક્ષર અને અક્ષરથી પર અને પોતાનાં શાશ્વતીનાં શિખરો ઉપર એ બન્નેનું સમાધાન કરનાર પુરુષોત્તમ પણ અહીં છે. અહંની વ્યકિતતાનો તો અક્ષરની નીરવતામાં વિલય થઈ જ જાય છે, પરંતુ તેની સાથે જ એ નીરવતાની પાછળ અક્ષર કરતાં વધારે મહાન એવા પરમ પુરુષનું કાર્ય ચાલુ રહે છે. અહંનું અને ત્રણ ગુણોનું અધોગામી, અંધ અને લૂલું કાર્ય પછીથી રહેતું નથી, પરંતુ એક મુકત અને અપરિમેય એવી શકિતની, અનંત આધ્યાત્મિક શકિતની આત્મ-નિર્માણ કરનારી ક્રિયા તેનું સ્થાન લે છે. સમગ્ર પ્રકૃતિ એક જ પ્રભુની શકિત થઈ રહે છે અને સર્વ કર્મ વ્યકિતનાં કરણ અને વાહન દ્વારા પ્રભુનું જ કર્મ બની રહે છે. અહંને ઠેકાણે સચેતન અને પ્રત્યક્ષ એવી આપણી સાચી આધ્યાત્મિક વ્યકિતતા પોતાની મૂળ પ્રકૃતિની મુકિત સહિત, પોતાના પરમ પદની શકિત સહિત, પ્રભુ સાથેની પોતાની સગાઈને લઈને પ્રાપ્ત થતાં ભવ્યતા અને ઐશ્વર્ય સહિત, પરમ ઈશ્વરના સનાતન અંશ તરીકે, પરા પ્રકૃતિની અવિનાશી શકિત તરીકે — ममैवांशः सनातनः (૧૫.૭), — परा प्रकृतिर्जीवभूता (૭.૫) — પ્રગટ થાય છે. માનવનો અંતરાત્મા પોતાની પરમ આધ્યાત્મિક અક્ષરતામાં પુરુષોત્તમ સાથે પોતાની એકતા અનુભવે છે તથા પોતાની વિશ્વરૂપ થયેલી વ્યકિતતામાં પ્રભુની પ્રગટ શકિતરૂપ બને છે. એવા માણસનું જ્ઞાન તે પ્રભુના જ્ઞાનની જ્યોતિ હોય છે, એનો સંકલ્પ પ્રભુના સંકલ્પની શકિત છે, વિશ્વમાં સર્વ સાથેનું તેનું અદ્વૈત પ્રભુની શાશ્વત એકતાની લીલા છે. આ બેવડા સાક્ષાત્કારમાં, અસ્તિત્વની અંદર રહેલા એક, અનિર્વચનીય સત્યની બે બાજુઓના યોગમાં, — જેમાંની એક કે બન્નેનો આશ્રય લઈને માનવ પોતાની અનંત

---

*ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ।। (१८,५४)

સત્-તાની સમીપ જઈ શકે છે તથા તેમાં પ્રવેશ કરી શકે છે, — મુકત માનવે જીવવાનું છે અને કર્મ કરવાનાં છે. તથા સર્વ સાથેના તેના સંબંધો અને પોતાના આત્માના અંતરનાં અને બાહ્ય કાર્યો અંતરની સૂઝથી જાણવાનાં છે, તથા નિર્માણ કરવાનાં છે, અથવા પોતાના પરમાત્માની પરમ દિવ્ય શકિત પાસે નિર્મિત કરાવી લેવાનાં છે. અને એ અદ્વૈત કરાવનાર સાક્ષાત્કારમાં આરાધના, ભકિત અને પ્રેમ શકય છે એટલું જ નહીં, પરંતુ સૌથી ઉચ્ચ અનુભૂતિના વિશાળ, અનિવાર્ય અને કળશરૂપી અંશ છે, જે એકમેવાદ્વિતીય પરબ્રહ્મ શાશ્વતીમાં અનેક થાય છે, જે અનેક પોતાના બાહ્ય ભેદો છતાં શાશ્વત કાલમાં એક છે, એક પરાત્પર જે આપણા અંતરમાં અસ્તિત્વનું આ રહસ્ય, આ ગૂઢ તત્ત્વ પ્રગટ કરે છે, જે પોતાની અનેકતાથી વીખરાઈ જતો નથી, તથા પોતાની એકતાથી મર્યાદિત નથી, — તેનું જ્ઞાન તે સમગ્રતાવાળું જ્ઞાન છે, આ અનુભૂતિ સુમેળ સાધનારી અનુભૂતિ છે, જે માણસને **मुक्तस्य कर्म** — મુકત રીતે કાર્ય કરવાને લાયક બનાવે છે.

ગીતા કહે છે કે આ જ્ઞાન સૌથી ઊંચા પ્રકારની ભકિત વડે મળે છે. જયારે મન પોતાની મર્યાદાઓથી પર થઈ જાય છે, એટલે કે માનસિક ચેતનાથી ઊર્ધ્વમાં રહેલા વિજ્ઞાનની દિવ્ય, આધ્યાત્મિક દૃષ્ટિ વડે જયારે માનવ સઘળું જુએ છે, તથા એનું હૃદય પણ પ્રેમ અને ભકિતના અજ્ઞાની માનસિક સ્વરૂપોથી ઊર્ધ્વમાં જઈને સ્થિર, ગહન અને અસીમ જ્ઞાન વડે પ્રકાશિત એવા પ્રેમમાં આરોહણ કરે છે, પ્રભુમાં કોઈ પરમ આનંદ, અપરિમેય ભકિત તથા આનંદની અક્ષુબ્ધ પરાકાષ્ઠા અનુભવે છે ત્યારે એ જ્ઞાન પ્રાપ્ત થાય છે. જયારે અંતરાત્મા પોતાની વિખૂટી વ્યકિતતાને ગુમાવી દે છે, જયારે તે બ્રહ્મ સાથે એક થાય છે ત્યાર પછી તે પોતાના સાચા વ્યકિતત્વમાં રહી શકે છે અને પુરુષોત્તમની પરમ જ્ઞાનપ્રકાશ આપનારી ભકિતને પામી શકે છે તથા પોતાની ગહન ભકિતની શકિત વડે પુરુષોત્તમને પૂરેપૂરો જાણી શકે છે, એટલે કે પોતાના હૃદયના જ્ઞાન વડે જાણી શકે છે — **भक्त्या मां अभिजानाति** (૧૮.૫૫). એ જ્ઞાન તે સમગ્રતાવાળું જ્ઞાન છે, જયારે હૃદયનું અગાધ ક્રાંતદર્શન, મનની નિરપેક્ષ અનુભૂતિને પૂર્ણતા અર્પે છે. — **समग्रं मां ज्ञात्वा** (૭.૧). ગીતા કહે છે કે એવો માણસ, **यावान्यश्चास्मि तत्त्वतः अभिजानाति** (૧૮.૫૫) — "હું કોણ છું અને કેટલો છું તથા મારી સત્-તાની સર્વ વાસ્તવિકતામાં અને તત્ત્વોમાં હું કેવો છું તે જાણી શકે છે." આ સમગ્રતાવાળું જ્ઞાન તે વ્યકિતમાં રહેલા પ્રભુનું જ્ઞાન છે; માનવના અંતરમાં ગુપ્તપણે રહેલા ઈશ્વરની એ સંપૂર્ણ અનુભૂતિ છે, અને એ જ્ઞાન થાય છે ત્યારે તેને માનવ પોતાની સત્-તાના પરમ આત્મા તરીકે, પોતાની પ્રકાશિત ચેતનાને જ્યોતિ આપનાર સૂર્ય તરીકે, પોતાનાં સર્વ કાર્યોના સ્વામી અને તેની સાચી શકિત તરીકે, પોતાના આત્માના પ્રેમ અને આનંદના દિવ્ય અને આદિ સ્રોત તરીકે,

ભક્તિના અને આરાધનાના પ્રણયી અને પ્રેમભાજન તરીકે જાણે છે. એ સમગ્રતાવાળું જ્ઞાન એટલે વિશ્વમાં વિસ્તરેલા પ્રભુનું પણ જ્ઞાન છે, જેમાંથી સર્વ જન્મે છે તથા જેમાં સર્વ જીવે છે અને ટકે છે તે શાશ્વતનું જ્ઞાન પણ છે,— વિશ્વના પુરુષનું એટલે વિશ્વાત્માનું પણ જ્ઞાન એમાં સમાય છે. આ સર્વરૂપ થયેલ વાસુદેવનું, પ્રકૃતિનાં કાર્યોનું શાસન કરનાર વિશ્વ-જીવનના અધીશ્વરનું પણ એ જ્ઞાન હોય છે. એ જ્ઞાન તે એની પરાત્પર શાશ્વતીમાં સદા જ્યોતિર્મય દિવ્ય પુરુષનું જ્ઞાન છે, જેની સત્-તાનું રૂપ મનના વિચારમાંથી છટકી જાય છે, પરંતુ તેની નીરવતામાંથી સરકી જતું નથી. એ અનુભૂતિ એટલે નિરપેક્ષ આત્મા, પરમ બ્રહ્મ, પરમ આત્મા, પરમેશ્વર તરીકે પ્રભુનો જીવંત સાક્ષાત્કાર છે: કારણ કે એ દેખીતી રીતે અવ્યવહાર્ય એવો એ કેવલ પોતે એકીવખતે, અને પોતાની નિરપેક્ષતામાં પણ વૈશ્વિક કર્મને ઉત્પન્ન કરનાર પુરુષ છે, તથા આ બધાં પ્રાણીઓનો ઈશ છે. મુક્ત માનવનો આત્મા એ પ્રકારની સંવાદિતા લાવનાર જ્ઞાન દ્વારા પુરુષોત્તમમાં પ્રવેશ કરે છે,— मां विशते तदनन्तरम् (૧૮.૫૫),— અર્થાત્ પરાત્પર પ્રભુના સંપૂર્ણ અને યુગપદ આનંદ દ્વારા, વ્યક્તિમાં અને વિશ્વમાં રહેલા પ્રભુના આનંદ દ્વારા તે પુરુષોત્તમમાં પ્રવેશે છે. તે પુરુષોત્તમ સાથે આત્મજ્ઞાનમાં અને આત્માનુભૂતિમાં એક થાય છે, તેની સત્-તામાં, ચેતનામાં અને સંકલ્પમાં તથા વિશ્વજ્ઞાનમાં અને વિશ્વપ્રેરણામાં એક થાય છે, વિશ્વમાં એની સાથે એક થાય છે તથા વિશ્વનાં સર્વ પ્રાણીઓ સાથેની એની એકતામાં પણ તે પોતે એક થાય છે, તથા આ વિશ્વથી તથા વ્યક્તિતાથી પેલે પાર શાશ્વત અનંતની પરાત્પરતામાં પણ તેની સાથે એક થાય છે.— शाश्वतं पदं अव्ययम्. (૧૮.૫૬) પરમ જ્ઞાનના હાર્દમાં જે પરા ભક્તિ રહેલી છે તેનું આ ઉત્કૃષ્ટ બિંદુ છે.

આ ઉપરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે સતત અવિરત કર્મ તથા જીવનની કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિમાં ઘટાડો કે ત્યાગ કર્યા વિના કરેલાં કર્મ ઊંચામાં ઊંચા આધ્યાત્મિક અનુભવ સાથે તદ્દન સંવાદી—એકરૂપ—હોઈ શકે છે એટલું જ નહિ, પરંતુ ભક્તિ કે જ્ઞાનની પેઠે એ ઊંચામાં ઊંચી આધ્યાત્મિક સ્થિતિને પહોંચવાનું સમર્થ સાધન પણ બની શકે છે. ગીતા આ બાબતમાં જે નિવેદન કરે છે તેના કરતાં વધારે ભારવાળું બીજું ભાગ્યે મળી આવશે.

"અને સઘળાં કર્મોને સદા મારામાં આશ્રય લઈને કરતો રહેનાર સાધક મારા પ્રસાદ વડે શાશ્વત અને અવ્યય પદને પ્રાપ્ત કરે છે."* આ મુક્તિદાયક કર્મનો પ્રકાર આપણા સંકલ્પની તથા આપણી પ્રકૃતિના સક્રિય ભાગોના અંતરમાં અને વિશ્વમાં

---

* सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ।
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ।। (१८,५६)

રહેલા પ્રભુ સાથે ગહન એકતા કરવાથી નિમિત્ત થાય છે. પ્રથમ તો એ કર્મ યજ્ઞ તરીકે કરવામાં આવે છે છતાં એમાં આપણી જાત કર્તા તરીકે રહે છે. ત્યાર પછી પોતે કર્તા છે એ ભાવનો ત્યાગ કરીને તથા પ્રકૃતિ જ એકમાત્ર કર્તા છે એવા જ્ઞાન સહિત કર્મ કરવામાં આવે છે આખરે પ્રકૃતિ પ્રભુની પરમ શક્તિ છે એ જ્ઞાન સહિત તથા સંન્યાસ સહિત, એટલે કે વ્યક્તિને કેવળ વાહન તથા કરણ તરીકે રાખીને, સર્વ કર્મો પ્રભુને સમર્પણ કરવાના ભાવપૂર્વક કરવામાં આવે છે. ત્યાર પછી આપણાં કર્મો સીધેસીધાં અંતરમાં રહેલા પુરુષમાંથી અને પ્રભુમાંથી પ્રગટે છે, વિશ્વના અવિભાજ્ય કાર્યનો અંશ થઈ રહે છે, તથા અસીમ પરાત્પર શક્તિ એનો આરંભ કરે છે તથા એનો અમલ કરે છે. આપણે જે કાંઈ કરીએ છીએ તે સઘળું સર્વના હૃદયમાં બિરાજતા ઈશ્વરને ખાતર કરવામાં આવે છે, વ્યક્તિમાં રહેલા પ્રભુને ખાતર, આપણી અંદર રહેલા એના સંકલ્પને સાર્થક કરવાને, સર્વ પ્રાણીઓના હિતને ખાતર, વિશ્વ-કાર્ય અને વિશ્વ-હેતુને પૂર્ણ કરવા માટે, અથવા તો, એક શબ્દમાં કહીએ તો પુરુષોત્તમને ખાતર, તથા ખરેખર તો, એની વિશ્વ-શક્તિ મારફત તેના વડે જ તે કર્મનું નિર્વહન થાય છે. આ દિવ્ય કાર્યોનું બાહ્ય સ્વરૂપ અથવા બાહ્ય પ્રકાર ગમે તે હોય તોપણ તે બંધનકર્તા નથી, પરંતુ ઊલટાં ત્રણ ગુણોની અધો પ્રકૃતિમાંથી ઊર્ધ્વમાં રહેલી પરા, દિવ્ય અને આધ્યાત્મિક પ્રકૃતિની પૂર્ણતામાં આરોહણ કરવાનું સમર્થ સાધન છે. આ મિશ્ર અને મર્યાદિત ધર્મોમાંથી છૂટા થઈને આપણે શાશ્વત ધર્મમાં વિહરીએ છીએ, જે ધર્મ આપણી સમગ્ર ચેતનાને, તથા કર્મને પુરુષોત્તમની સાથે એક કરવાથી — ચેતનાની તથા કર્મની એકતા કરવાથી — આપણામાં પ્રગટ થાય છે. અહીં જીવનમાં પ્રાપ્ત કરેલી એ એકતા ત્યાં કાલથી અતીત એવી અમરતામાં ઊર્ધ્વ ગતિ કરવાની શક્તિ લઈ આવે છે. ત્યાં ઊર્ધ્વમાં આપણે પુરુષોત્તમની શાશ્વત પરાત્પરતામાં જીવીશું.

આમ આ સાત શ્લોકોને* ગુરુએ જે જ્ઞાન આપેલું છે તેના પ્રકાશમાં કાળજીપૂર્વક વાંચીશું તો સમગ્ર મૂળ વિચારનું તથા સકળ કેન્દ્રિય પદ્ધતિનું, ગીતાના સમગ્ર યોગના સમસ્ત સારનું સંક્ષિપ્ત સર્વગ્રાહી સૂચન બની રહે છે.

* અધ્યાય ૧૮.૪૯ થી ૫૫

## પ્રકરણ બાવીસમું

# પરમ રહસ્ય

શિષ્યને એના કાર્યનો અને લડાઈના મેદાનના ઉપર પોતાના ઉપદેશનો અને યોગનો સાર ગુરુએ આપી દીધો છે, અને હવે ગુરુ એ સારને એના કાર્યને લાગુ કરી બતાવે છે; પરંતુ તે એવી રીતે કે એનો વ્યવહારુ પ્રયોગ સર્વ કર્મોને લાગુ કરી શકાય. અમુક એક કટોકટીના પ્રસંગ સાથે જોડાયેલી અને કુરુક્ષેત્રના નેતાને સંબોધાયેલી એ વાચા ઘણા વિશાળ અર્થવાળી છે તથા જે લોકો પોતાની સામાન્ય મનોદશાને પાછળ મૂકીને ઊર્ધ્વમાં આરોહણ કરવા માટે તથા સૌથી ઉચ્ચ આધ્યાત્મિક ચેતનામાં જીવન ધારણ કરવા અને તેમાંથી કર્મ કરવા માટે તૈયાર છે તે સર્વેને માટે એ વાચા એક સર્વસામાન્ય વિશ્વવ્યાપી નિયમ જેવી છે. ગીતાના યોગનો ઉદ્દેશ આ પ્રમાણે છે: અહં અને વ્યકિતતાવાળા માનસનાં બંધન તોડીને તેમાંથી બહાર નીકળવું, તથા આત્મા અને ચૈતન્યની વિશાળતામાં સ્થિત થઈને સઘળું નિહાળવું, પ્રભુને જાણવો અને એના સમગ્ર સત્ય સ્વરૂપમાં અને સર્વ સ્વરૂપોમાં તેને ભજવો, પ્રકૃતિ અને સત્-તાની પાછળ જે પરાત્પર પુરુષ રહેલો છે તેને પોતાની સમગ્ર જાત સમર્પણ કરી દેવી, દિવ્ય ચેતનાને પોતાનામાં ધારણ કરવી અને પોતે દિવ્ય ચેતનાથી આવિષ્ટ થવું, એકમેવાદ્વિતીય પ્રભુતાની, પ્રેમ અને આનંદની તથા સંકલ્પશકિત અને જ્ઞાનની ક્રિયાઓમાં રહેલી વિશ્વમયતા સાથે એકતા સાધવી, સર્વ પ્રાણીઓને પ્રભુમાં એકરૂપે જોવાં, સર્વ જેમાં પ્રભુમય છે એવા જગતના દિવ્ય પાયા ઉપર અને મુકત થયેલા આત્માની દિવ્ય સ્થિતિમાંથી—પ્રભુની ભકિત તરીકે તથા તેને સમર્પિત યજ્ઞ તરીકે કર્મો કરવાં એ ગીતાના યોગનો મર્મ છે. એ યોગ એટલે આપણી સત્-તાના અત્યારના બાહ્ય સત્યમાંથી આપણા પરમ આધ્યાત્મિક અને વાસ્તવિક સત્યમાં પરિવર્તન સાધવું. અને અત્યારની ભેદભાવવાળી માનવચેતનાની અનેક મર્યાદાઓનો, આવેગ, રાગ, અશાંતિ અને અજ્ઞાન માટે મનમાં જે આસકિત હોય છે તેનો, ઊતરતા પ્રકારની જ્યોતિ અને જ્ઞાનનો, પાપ અને પુણ્યનો, અધોમુખ પ્રકૃતિના દ્વૈતભાવવાળા નિયમ અને ધોરણનો ત્યાગ કરવાથી માણસ એ સ્થિતિમાં પ્રવેશ કરી શકે છે. એટલા માટે ગુરુ કહે છે:

"તારી જાતને સંપૂર્ણપણે મત્પરાયણ કરીને અર્થાત્ મને સમર્પણ કરીને, તારા સચેતન મનમાં સર્વ કર્મોનો મારામાં સંન્યાસ કરી દઈને,—બુદ્ધિયોગનો

આશ્રય લઈને તારી સમગ્ર ચેતનામાં સતત મારામય થઈ જા."[૧]

"એ પ્રમાણે મારામય ચિત્તવાળો જો તું થશે તો મારા પ્રસાદ વડે તું સર્વ મુશ્કેલીઓ અને જોખમોવાળા માર્ગમાં થઈને સલામત પસાર થઈ જશે; પરંતુ અહંકારને વશ થઈને તું મારું કથન સાંભળશે નહિ તો તારો વિનાશ થશે."[૨]

"અહંકારનો આશ્રય લઈને તું જે એમ ધારે છે કે—'હું યુદ્ધ નહિ કરું' એ તારો સંકલ્પ મિથ્યા છે; પ્રકૃતિ તને મારા કાર્યમાં જોતરશે—યોજશે."[૩]

"તારા સ્વભાવમાંથી જન્મેલાં કર્મ વડે બંધાયેલો તું તારા આ મોહમાં તું જે કર્મ કરવાની ઈચ્છા કરતો નથી, તે આખરે અવશપણે કરશે."[૪]

"હે અર્જુન, સર્વ ભૂતોના હૃદયમાં ઈશ્વર બેઠેલો છે, અને પોતાની માયા વડે યંત્ર ઉપર આરૂઢ થયેલાં એ પ્રાણીઓને તે ગોળગોળ ફેરવે છે." [૫]

"એ ઈશ્વરને સર્વ ભાવ વડે—તારી સમગ્ર સત્-તા સહિત તું શરણે જા અને એની કૃપાથી તું પરમ શાંતિ અને શાશ્વત પદને પ્રાપ્ત કરશે."[૬]

આ શ્લોકોમાં ગીતાના યોગનો ઊંડામાં ઊંડો મર્મ રહેલો છે, અને એના ઊંચામાં ઊંચા આધ્યાત્મિક સાક્ષાત્કાર પ્રત્યે તે આપણને દોરે છે. આપણે પણ એ શ્લોકોને એમના ગહન અર્થમાં અને એ અનુભૂતિના શિખરની સમગ્ર વિશાળતા સહિત સમજવા જોઈએ. આ લીટીઓમાં ઈશ્વર અને માનવ વચ્ચે શક્ય એવો સૌથી સંપૂર્ણ, અંતરનો ગાઢ અને જીવંત સંબંધ દર્શાવાયો છે. માનવ જે પરાત્પર અને વિશ્વરૂપ પ્રભુમાંથી જન્મ્યો છે અને જેમાં એ પોતાનું જીવન ધારણ કરી રહ્યો છે તેના પ્રત્યે એના હૃદયમાંથી પ્રગટતા અનન્ય ભક્તિભાવમાંથી, પોતાના સમગ્ર અસ્તિત્વના ઊર્ધ્વગામી આત્મસમર્પણમાંથી, પ્રગટ થતા એ શબ્દો

---

૧ चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः ।
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ।। (१८,५७)

२ मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।
अथ चेत्त्वमहंकारान्न श्रोष्यसि विनंक्ष्यसि ।। (१८,५८)

૩ यदहंकारमाश्रित्य न योत्स्य इति मन्यसे ।
मिथ्यैव व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ।। (१८,५९)

४ स्वभावजेन कौन्तेय निबद्धः स्वेन कर्मणा ।
कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोऽपि तत् ।। (१८,६०)

૫ ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।।
भ्रामयन्सर्वभूतानि यंत्रारूढानि मायया ।। (१८,६१)

૬ तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ।। (१८,६२)

માનવ-હૃદયના ભક્તિભાવની એકાગ્ર શક્તિથી નીતરતા છે. એમાં ભાવના ઉપર જે ઝોક છે તે પરમ કર્મના અંતરતમ આત્મા અને હેતુ તરીકે તથા પરમ જ્ઞાનના મર્મ અને શિખર તરીકે ગીતા પ્રભુ પ્રત્યેના પ્રેમને, એની ભક્તિને પોતાના યોગમાં જે ઊંચું અને સ્થાયી સ્થાન આપે છે તેની સાથે સંપૂર્ણપણે બંધબેસતો છે. અહીં જે વાક્યોનો પ્રયોગ થયો છે તથા જે આધ્યાત્મિક ભાવનો એમનામાં રણકો છે તે એમાં પ્રગટ થયેલા અંગત સત્યને અને પ્રભુની સંનિધિને સૌથી સઘનભાવે અગ્રસ્થાને સ્થાપે છે અને તેને સૌથી વધારે અગત્ય અર્પે છે. અહીં આપણાં સર્વ કર્મોનું સંપૂર્ણ સમર્પણ જેને કરવાનું છે, તથા જેની સાથે આપણાં સચેતન અસ્તિત્વનાં સઘળાં કરણોમાં એકતા કરીને આપણે નિકટતા અને ગાઢ પરિચિતતા આપણી પૂર્ણતાની શરત તરીકે અને નિયમ તરીકે સ્વીકારવાની છે અથવા તો જે આપણને દિવ્ય અનુગ્રહ, રક્ષણ અને છુટકારો કરવાનું વચન આપે છે તે વસ્તુ, તે તત્ત્વ મીમાંસકનો નિરપેક્ષ કે નિર્વૈયક્તિક અને ઉદાસીન સંનિધિ માત્ર કે કોઈ પણ સંબંધને સહન કરી ન શકનાર અનિર્વચનીય નીરવતા માત્ર નથી. એ તો આપણાં કર્મોનો સ્વામી, આપણા અંતરાત્માનો સખા અને પ્રણયી, આપણા પ્રાણનો પણ નિકટનો પ્રાણ, આપણી અંગત અને બિનંગત સત્-તામાં અને પ્રકૃતિમાં વસતો તથા તેનાથી ઊર્ધ્વમાં રહેલો એવો પ્રભુ જ આપણાં હૃદયને હલાવી મૂકનાર અને ગાઢ અંતરંગ એવો આ સંદેશો ઉચ્ચારી શકે તેમ છે. અને છતાં સાત્ત્વિક અથવા તો બીજી કોઈ પ્રકારની અહંભાવવાળી મનોદશામાં રહેનાર માનવ અને ઈશ્વરના કોઈ વ્યક્તિસ્વરૂપ અને પાસાં જોડે અર્થાત્ ઇષ્ટદેવતા જોડે વિવિધ ધર્મો જે સાધારણ સંબંધ સ્થાપન કરે છે તે પ્રકારનો એટલે કે માનવની ભક્ત મનોદશાએ ઘડેલો અથવા તો એના મર્યાદિત આદર્શ, અભીપ્સા કે કામનાને સંતોષવા માટે પ્રભુ તરફથી એને અપાયેલો આ સંબંધ નથી. સાધારણ મનોમય સત્‌ની ધાર્મિક ભક્તિનો સામાન્ય પ્રકાર અને તેનું પ્રત્યક્ષ સ્વરૂપ એવું જ હોય છે; પરંતુ અહીં ગીતામાં મનથી અને તેની યે મર્યાદાઓથી તથા તેના ધર્મોથી પર જનાર એવી કોઈ વધારે વિશાળ વસ્તુ રહેલી જણાય છે. અહીં સમર્પણ કરનાર વસ્તુ મનના કરતાં કોઈ વધારે ગહન વસ્તુ છે અને ઈષ્ટ-દેવતા કરતાં વધારે મહાન વાસ્તવિકતા એ સમર્પણનો સ્વીકાર કરે છે.

એ સમર્પણ કરનાર 'જીવ' છે. જીવ એટલે મૌલિક અંતરાત્મા — માનવની આદ્ય, કેન્દ્રસ્થ આધ્યાત્મિક સત્-તા, વ્યક્તિતાવાળો દિવ્ય પુરુષ. સંકુચિત અને અજ્ઞાની એવા અહંભાવથી એ જીવ મુક્ત હોય છે, તે પોતાને એક જુદી વ્યક્તિતા તરીકે જાણતો નથી, પરંતુ પ્રભુના 'સનાતન અંશ' તરીકે, પ્રભુના આવિર્ભાવના સનાતન અંશ અને શક્તિ તરીકે, તે પોતાને જાણે છે. એ જીવ એટલે અજ્ઞાનનો વિલય થઈ જવાને પરિણામે મુક્ત થયેલો અને જેણે ઊર્ધ્વમાં આરોહણ કરેલું છે

તેવો વ્યક્તિનો સત્-અંશ, પ્રભુનો સનાતન અંશ હોય છે; તથા શાશ્વત પરમાત્માની દિવ્ય પ્રકૃતિ સાથે એ જીવની પ્રકૃતિ એક થયેલી હોવાને પરિણામે પોતાની સત્ય અને પરા, દિવ્ય પ્રકૃતિમાં તે પ્રતિષ્ઠિત થયેલો હોય છે. આપણામાં રહેલું કેન્દ્રસ્થ આધ્યાત્મિક સત્ તે એ જીવ છે અને આપણા અસ્તિત્વના મૂળમાં રહેલ, એને પોતાનામાં સમાવે એવું વિશાળ, અને તેનું શાસન કરનાર દિવ્ય પુરુષ અને પરા શક્તિ સાથે આનંદની અને અદ્વૈતની સકળ પૂર્ણતાવાળો અને નિકટની સચ્ચાઈવાળો સંબંધ તે ધારણ કરે છે. વળી, આપણા સમર્પણનો સ્વીકાર કરનાર પ્રભુ કાંઈ પ્રભુનું મર્યાદિત, ઇષ્ટદેવતાનું સ્વરૂપ નથી, પરંતુ દેવાધિદેવ પુરુષોત્તમ પોતે છે. એ જ શાશ્વત પરબ્રહ્મ છે, એ જ સર્વ સત્નો અને સર્વ પ્રકૃતિનો પરમ આત્મા છે,—અર્થાત્ સત્-માત્રમાં રહેલા પુરાણ અને પરાત્પર પરબ્રહ્મ છે. આપણા મુક્ત થયેલા જ્ઞાનમાં અક્ષર, વ્યક્તિતા વગરની એવી સ્વયંભૂ સત્-તા તરીકે એ પરાત્પર પોતે પ્રથમ દેખી શકાય તેવું આધ્યાત્મિક આત્મદર્શન આપણા મુક્ત થયેલા જ્ઞાનને કરાવે છે, તે સમીપ છે, તેની સંનિધિ છે તેની એ અક્ષરનો સાક્ષાત્કાર પહેલી નિશાની છે, એના સત્ત્વનો પ્રથમ સ્પર્શ અને પ્રથમ સંસર્ગ છે. એક વિરાટ વૈશ્વિક, પરાત્પર, અનંત પુરુષ (એ પ્રભુની સત્-તાનું અગમ્ય ,ગુપ્ત રહસ્ય છે), જેના રૂપનું મન વડે ચિંતન થઈ શકે તેમ નથી તેવો अचिन्त्यरूप — છે, છતાં જ્યારે આપણી ચેતનાની શક્તિઓ, આપણાં કરણો, પોતાનાથી ઊર્ધ્વમાં ઉન્નત થાય છે, એમનાં પોતાનાં અંધ અને ક્ષુદ્ર સ્વરૂપોમાંથી જ્યોતિર્મય અને આધ્યાત્મિક એવા અપરિમેય વિજ્ઞાનમય આનંદ, શક્તિ અને જ્ઞાનમાં આરોહણ કરે છે ત્યારે આપણા ભાવ, સંકલ્પ અને જ્ઞાનને તે અતિ નિકટ અને પ્રત્યક્ષ બને છે. અનિર્વચનીય કેવળ એવો સઃ — 'તે' પોતે છે, છતાં સખા, પ્રભુ, જ્ઞાનદાતા અને પ્રણયી પણ તે છે. અહીં જે સંપૂર્ણ ભક્તિનો, આ સૌથી ગાઢ એવા અંતરના ભાવનો અને સમર્પણનો વિષય છે તે એ પોતે છે. આ યોગ, પ્રભુ સાથેનો આ સંબંધ મર્યાદાઓ પેદા કરનાર એવા સર્વે માનસિક સ્વરૂપોથી અને નિયમોથી ઉપર ગયેલી એક વસ્તુ છે,—એ બધા ઊતરતા પ્રકારના ધર્મોથી ઘણી ઊંચેની વસ્તુ છે; આપણા સત્નું અને અંતરાત્માનું એ સત્ય છે. અને છતાં અથવા ખરું જોતાં, આપણા સત્નું અને અંતરાત્માનું તે એક સત્ય છે તે કારણે, જેમાંથી સઘળું ઉદ્ભવેલું છે, જેના વડે સઘળું જીવે છે, તે પરમ પુરુષમાંથી ઉદ્ભવેલી વસ્તુ તરીકે, એની સૂચના તરીકે, નિર્દેશ તરીકે જ સઘળું સત્-તા ધરાવે છે અને કર્મ કરે છે. તેથી કરીને, એ અનુભૂતિ એક અભાવવાળી વસ્તુ નથી, પરંતુ મન અને પ્રાણ જેના પ્રત્યે નિર્દેશ કરે છે, તથા પોતાના અંતરમાં ગુપ્ત અને અસિદ્ધ સાર્થકતા તરીકે ધારણ કરે છે તે સર્વની એ ચરિતાર્થતા છે. આમ આપણે અહીં જે કાંઈ છીએ તેનો,—આપણી પ્રકૃતિનાં બધાં તત્ત્વોનો

વિલય કરી નાખવાથી, સર્વને બાતલ કરનાર અભાવાત્મક વિનાશ પ્રાપ્ત કરવાથી નહિ, પરંતુ અજ્ઞાન અને અહંનો નિર્વાણ સાધવાથી તથા તેને પરિણામે આપણાં જ્ઞાન, સંકલ્પ અને હૃદયની અભીપ્સાની અનિર્વચનીય ચરિતાર્થતા પ્રાપ્ત કરીને— એ સર્વેને ઊર્ધ્વમાં લઈ જઈને પ્રભુમાં તેમને અપરિમેય જીવન પ્રાપ્ત કરાવવાથી —શાશ્વત ઊર્ધ્વારોહણ કરાવીને निवसिष्यसि मय्येव, આપણી સમગ્ર ચેતનાને કોઈ વધારે મહાન અંતરની સ્થિતિમાં પલટાવીને તેનું રૂપાંતર સાધવાથી એ પરમ સિદ્ધિ અને આત્માની મુક્તિ પ્રાપ્ત થાય છે.

આ આખા આધ્યાત્મિક કોયડાની ગાંઠ, આ રૂપાંતર જેના સ્વરૂપની સાચી સમજૂતી સામાન્ય મનને મળવી આટલી બધી મુશ્કેલ છે, તેનો ઉકેલ અધોમુખ પ્રકૃતિમાં અહંના અજ્ઞાની જીવન અને મુક્ત આત્માનું પોતાની સાચી આધ્યાત્મિક પ્રકૃતિમાં રહેલું વિશાળ અને પ્રકાશમય જીવન એ બેની વચ્ચે જે મૌલિક ભેદ રહેલો છે તેના ઉપર સંપૂર્ણપણે આધાર રાખે છે. એમાંના પહેલા પ્રકારના, એટલે કે અહંના, અજ્ઞાની જીવનનો સંન્યાસ થવો આવશ્યક છે, બીજી સ્થિતિમાં એનું રૂપાંતર નિરપેક્ષ થવું જોઈએ. ગીતા અહીં જેટલો આપી શકાય એટલો ભાર આ બે પ્રકૃતિ વચ્ચેના ભેદના ઉપર આપે છે. એક બાજુ, આ ક્ષુદ્ર હાંફળોફાંફળો "अहंकृतो भाव:"—અહંપ્રધાન ચેતનાવસ્થા છે, જેના દૃષ્ટિબિંદુ પ્રમાણે સામાન્ય રીતે આપણે વિચારીએ છીએ, કર્મ કરીએ છીએ, લાગણી અનુભવીએ છીએ તથા જીવનના સ્પર્શો પ્રત્યે પ્રતિકાર્ય કરીએ છીએ તેવી આ ક્ષુદ્ર, અસહાય, ભેદભાવવાળી આપણી વ્યક્તિતાની—આપણને અસહાય કરી મૂકનારી, લાચાર બનાવી મૂકનારી સંકુચિતતા છે. બીજી બાજુ અમર પૂર્ણતા, આનંદ અને જ્ઞાનના અપરિમેય આધ્યાત્મિક વિસ્તારો આવી રહેલા છે જેમાં પ્રભુની દિવ્ય સત્-તા સાથે એકતા પ્રાપ્ત કરવાને પરિણામે પ્રવેશ કરવાનો આપણને હક્ક મળે છે, ત્યાર પછી આપણે શાશ્વત જ્યોતિમાં એ પ્રભુના જ આવિર્ભાવ અને અભિવ્યક્તિ રૂપ થઈ રહીએ છીએ. અને અહં-પ્રકૃતિના અંધકારમાં રહેલા એના વેશપલટા રૂપે,—બહુરૂપીના એના વેશ તરીકે મટી જઈએ છીએ. ગીતા सततं मच्चित्त: भव—એમ કહે છે ત્યારે પ્રભુ સાથેના અદ્વૈતની સંપૂર્ણતાને દર્શાવવા માગે છે. અહંનું જીવન આપણા અસ્તિત્વના બાહ્ય, માનસિક, પ્રાણમય અને સ્થૂલ સત્યના ઉપર પ્રતિષ્ઠિત છે. એ અહં-જીવનનો અધાર વ્યક્તિતાવાળા આત્મા અને પ્રકૃતિ એ બેની વચ્ચે વ્યાવહારિક સંબંધોની ગાંઠ બંધાય છે તેના ઉપર રહેલો છે. આપણો લઘુ મર્યાદિત અહં, વસ્તુઓનું બૌદ્ધિક, ભાવમય અને ઇન્દ્રિય સંસ્કારવાળું અર્થઘટન આપણામાં કરે છે. તેનો ઉપયોગ આ વિશ્વના વિરાટ કાર્યની વચ્ચે પોતાની મર્યાદિત, જુદી વ્યક્તિતાની કામનાઓ અને વિચારોને ટકાવવા અને સંતોષવા માટે તે કરે છે. આપણા બધાય ધર્મો, આપણાં સામાન્ય

ધોરણો જે વસ્તુઓ પ્રત્યેની આપણી આ દૃષ્ટિ નિર્માણ કરે છે, જે આપણા જ્ઞાનનું અને કર્મનું નિર્માણ કરે છે, તે સઘળા આ સંકુચિત અને સીમિત કરનાર પાયા ઉપર જ રચાયેલા હોય છે. અને આપણા અહંના કેન્દ્રની આજુબાજુ એમના સૌથી વિશાળ ચકકરમાં આપણે એ ધર્મોનું અનુસરણ કરીશું તોપણ એ ક્ષુદ્ર વર્તુળમાંથી આપણે બહાર નીકળી શકીશું નહીં. એ એવું વર્તુળ છે જેમાં આપણો અંતરાત્મા એક સંતુષ્ટ, અથવા તો તેમાંથી સતત છૂટવા મથતો કેદી છે એમાં તો પ્રકૃતિના ગુણોના મિશ્ર દબાણોને તે સદા વશ હોય છે.

એ ચક્રગતિમાં પુરુષ પોતાની જાતને પડદા પાછળ રાખે છે. અજ્ઞાન અવસ્થામાં તે પોતાની દિવ્ય અને અમર સત્-તાને ઢાંકે છે અને એક આગ્રહી મર્યાદિત કરનારી પ્રકૃતિના નિયમને તે વશ હોય છે. પ્રકૃતિનો એ નિયમ એટલે ગુણોનો ફરજ પાડનારો નિયમ છે. એ ત્રેવડી સીડી ઊર્ધ્વમાં દિવ્ય જ્યોતિ પ્રત્યે ઠોકર ખાતી ઉપર જાય છે, પરંતુ તેને પહોંચી શકતી નથી. એ ત્રિગુણના પાયામાં એક છેડે જડતાનો ધર્મ રહેલો છે: તમોગુણી માણસ પોતાની અર્ધજાગ્રત બુદ્ધિવાળા પ્રાણની અને ઇન્દ્રિયોના સંસ્કારવાળી પ્રકૃતિની તથા સ્થૂળ પ્રકૃતિના સંકલ્પની ઘટમાળને તથા વાસનાઓ અને સૂચનાઓના અભ્યાસરૂપ થઈ પડેલા યાંત્રિક કાર્યને નિશ્ચેષ્ટપણે વશ થાય છે. મધ્ય પ્રદેશમાં સક્રિયતાનો ધર્મ આવે છે; પ્રાણવાન એવો રાજસિક માણસ પોતાની આજુબાજુ તથા જગતના ઉપર પોતાની જાતને અસરકારક બનાવે છે. પરંતુ તોફાની આવેગોની, કામનાઓની અને અહંતાઓની પોતાને જ ઘા કરનાર અને જુલમગાર ધૂંસરીમાં વધારો કરે છે, પોતાના વિહ્વલ આપખુદ સંકલ્પના ભારમાં, પોતાની રાજસિક પ્રકૃતિની ધૂંસરીમાં વધારો કરે છે. સૌથી ઊંચે સંવાદી નિયામક એવો સત્ત્વગુણનો ધર્મ જીવનના ઉપર દબાણ કરે છે; સાત્ત્વિક માણસ તર્ક વડે પ્રાપ્ત થતા પોતાના જ્ઞાનમાં મર્યાદિત અંગત ધોરણો, પ્રકાશિત ઉપયોગિતા અથવા યાંત્રિક સદ્‌ગુણ—સ્થૂળ પુણ્યનાં ધોરણો ઊભાં કરવાનો અને અનુસરવાનો પ્રયત્ન કરે છે. તે પોતાનાં ધર્મો અને દર્શનો તથા નીતિનાં સૂત્રો, માનસિક પદ્ધતિઓ અને બંધારણો, વિચારની અને વર્તનની દૃઢ પ્રણાલિકાઓ ઊભી કરવાનો અને અનુસરવાનો પ્રયત્ન કરે છે. એ બધી જીવનની સાર્થકતાની સમગ્રતામાં બંધબેસતી હોતી નથી, અને વધારે વિશાળ એવા વિશ્વહેતુની ગતિ એ બધાં ધોરણોને સતત તોડયા કરતી હોય છે. ત્રણ ગુણોના વર્તુલની અંદર સાત્ત્વિક માણસનો ધર્મ સૌથી ઊંચો છે; પરંતુ એ પણ એક મર્યાદિત દૃષ્ટિ અને ઘણું વામણું ધોરણ છે. એનાં અપૂર્ણ સૂચનો ક્ષુદ્ર અને સાપેક્ષ પૂર્ણતા પ્રત્યે દોરી જાય છે; આપણી પ્રકાશિત વ્યકિતગત અહંતાને તાત્કાલિક સંતોષ આપનાર એ સાત્ત્વિક ધર્મ આપણા સત્‌ના કે પ્રકૃતિના સમગ્ર સત્યના ઉપર પ્રતિષ્ઠિત હોતો નથી.

હકીકતમાં, માનવનું પ્રત્યક્ષ જીવન એ ત્રણમાંના કોઈ એકનું જ બનેલું કદી જોવામાં આવતું નથી, એટલે કે તે પ્રકૃતિના શરૂઆતના કેવળ અસંસ્કૃત નિયમને યાંત્રિક અને રોજિંદા વ્યવહાર તરીકે વશ હોતું નથી, અથવા તો કેવળ કર્મ કરનાર ક્રિયાશીલ આત્માની મથામણરૂપ કે ફક્ત સચેતન પ્રકાશનો, બુદ્ધિ અને શુભ તથા જ્ઞાનનો વિજયશાળી ઉન્મેષ હોય છે એવું નથી. એ બધા ધર્મોનું મિશ્રણ માનવમાં પ્રવર્તતું હોય છે જેમાંથી આપણાં સંકલ્પ અને બુદ્ધિ ઓછા કે વધારે પ્રમાણમાં, સ્વચ્છંદી બંધારણ ઊભું કરીને પોતાનાથી થઈ શકે તેટલા પ્રમાણમાં એનો સાક્ષાત્કાર કરવા મથે છે. પરંતુ હકીકતમાં વિશ્વપ્રકૃતિમાં દબાણ કરી રહેલી જે વસ્તુઓ રહેલી હોય છે તેમની સાથે બાંધછોડ કર્યા સિવાય એવો સાક્ષાત્કાર કદી થઈ શકતો નથી. આપણી જ્ઞાનથી પ્રકાશિત સંકલ્પશક્તિ અને બુદ્ધિના સાત્ત્વિક આદર્શો પોતે કાં તો એવી બાંધછોડનું સ્વરૂપ હોય છે, બહુબહુ તો, બાંધછોડની પ્રગતિશીલ ક્રિયાઓ હોય છે (અને તેથી) સતત અપૂર્ણતાને અને વિકારની અસ્થિરતાને વશ હોય છે; અથવા તો, આદર્શો નિરપેક્ષ પ્રકારના હોય છે તો એમનું અનુસરણ પણ પૂર્ણતાના નિયમ જેવું જ થાય છે. અને વ્યવહારમાં એમને બાજુ પર મૂકવામાં આવે છે અથવા તો, એકપક્ષી અસર તરીકે જ તેઓ સફળ નીવડે છે. અને કોઈ વખત આપણે એમ કલ્પીએ કે આપણે સાત્ત્વિક આદર્શોનો સંપૂર્ણપણે સાક્ષાત્કાર કર્યો છે તો તેનું કારણ એ હોય છે કે આપણી અંદર અવચેતન અથવા અર્ધચેતન એવી બીજી શક્તિઓનું અને હેતુઓનું મિશ્રણ હોય છે જે આપણાં કર્મોમાં ઘણુંખરું આપણા આદર્શના જેટલું જ કે તેથી પણ વધારે, સક્રિય બળ પૂરું પાડતી હોય છે તેની આપણે અવગણના કરીએ છીએ. પોતાની જાત વિષેનું એ અજ્ઞાન માનવની બુદ્ધિમાં અને પોતે સાચો છે એવા ભાનમાં રહેલા સમગ્ર મિથ્યાભિમાનની સામગ્રી છે; માનવના સંતપણાની બહારની નિષ્કલંક શ્વેતતાની પાછળ એ કાળી, ગુપ્ત બાજુ આવી રહેલી હોય છે તથા જ્ઞાન, અને સદાચારની વિશાળ અહંતા પણ એ અજ્ઞાનને લીધે શક્ય બને છે. ઉત્તમોત્તમ એવું માનવજ્ઞાન અર્ધજ્ઞાન છે અને ઊંચામાં ઊંચો સદાચાર કે નીતિ મિશ્ર થયેલા ગુણોની બનેલી વસ્તુ હોય છે, અને જ્યારે સૌથી વધારે અંતરની નિષ્ઠા વડે એનું ધારણ સૌથી વધારે નિરપેક્ષ હોય છે ત્યારે પણ વ્યવહારમાં તે પૂરતા પ્રમાણમાં સાપેક્ષ હોય છે. જીવનના સામાન્ય નિયમ તરીકે સત્ત્વગુણનો કોઈ પણ નિરપેક્ષ આદર્શ વ્યવહારમાં કદી સર્વમાન્ય થઈ શકતો નથી; વ્યક્તિની અભીપ્સા અને એના વર્તનને ઊર્ધ્વગામી બનાવવા માટે તથા તેને વધારે સારી સ્થિતિએ લઈ જવા માટે અનિવાર્ય એ સાત્ત્વિક આદર્શો જ્યારે આગ્રહી બને છે ત્યારે જીવનમાં ફેરફાર લાવે છે ખરા, પરંતુ એમાં સંપૂર્ણપણે ફેરફાર કરી શકતા નથી, અને એમની સંપૂર્ણ ચરિતાર્થતા હમેશાં ભાવિના સ્વપ્નમાં પોતાની જાતને

કલ્પે છે, અથવા તો, આપણા પાર્થિવ જીવનના મિશ્ર પ્રકારના બંધારણથી મુક્ત એવી દિવ્ય પ્રકૃતિના બનેલા જગતમાં પોતાની કૃતકૃત્યતા જુએ છે. અને એ સિવાય બીજું કાંઈ સંભવિત પણ નથી, કારણ કે આ જગતની કે માનવની પ્રકૃતિ કેવળ શુદ્ધ સત્ત્વગુણની બનેલી સળંગ વસ્તુ નથી અને હોઈ શકે પણ નહીં.

આપણી શક્યતાઓની આ મર્યાદાઓમાંથી, ધર્મોના આ અવ્યવસ્થિત મિશ્રણમાંથી છુટકારાનું પહેલું દ્વાર વ્યક્તિત્વથી મુક્ત એવી નિર્વૈયક્તિકતા પ્રત્યે એક ઊચ્ચ વલણ સ્થાપન કરવાથી આપણને મળે છે. અત્યારે અહંને મર્યાદિત કરનાર મન વડે ઢંકાયેલી, અંતરમાં આવી રહેલી વિશાળ વિશ્વ-વિરાટ, સ્થિર, મુક્ત તથા સત્ય અને શુદ્ધ એવી કોઈ વસ્તુ પ્રત્યે ચેતનાને અંતર્મુખ કરવાથી એ દ્વાર હાથ લાગે છે. એમાં મુશ્કેલી એ છે કે આપણી ચેતનાની સ્થિરતા અને નીરવતાના પ્રસંગોમાં, એટલે કે નિવૃત્તિમાં, — આપણે એ નિર્વૈયક્તિકતામાં નગદ એવો છુટકારો અનુભવી શકીએ છીએ ખરા, પરંતુ એવી નિર્વૈયક્તિકતામાં રહીને પ્રવૃત્તિનો જીવનમાં સાક્ષાત્કાર કરવો એટલું બધું સહેલું નથી. વ્યક્તિતાથી પર એવા, બિનંગત, કોઈ સત્યનું અથવા તો નિર્વૈયક્તિક સંકલ્પનું વ્યવહારમાં અનુસરણ કરવામાં જ્યાં સુધી આપણે સામાન્ય માનસિક અવસ્થામાં રહીશું ત્યાં સુધી એ કાર્ય વિફળ જવાનું છે.

એ માનસને માટે જે સ્વાભાવિક અને અનિવાર્ય વસ્તુઓ છે એના વડે — આપણી વ્યક્તિતાના નિયમ વડે, આપણી પ્રાણમય પ્રકૃતિની સૂક્ષ્મ પ્રેરણા વડે, અહંના રંગ વડે, — બુદ્ધિની, મનની મર્યાદાઓ પેદા કરનાર આગ્રહના ટેકા ઉપર પ્રતિષ્ઠિત પસંદગીઓની પદ્ધતિનો જ એક અજ્ઞાત, વિશ્વાસ ઉપજાવે એવો, વેશ કે ઢાંકણ બની રહે છે. આપણું નિ:સ્વાર્થ, બિનંગત એવા કોઈ પણ સંકલ્પનું અનુસરણ આપણા પોતાના સંકલ્પની સ્વાર્થી પસંદગીઓ તથા અંધ સ્વચ્છંદી આગ્રહોને માટે વધારે મોટી સપ્રમાણતા અને દેખીતી ઉચ્ચ મંજૂરીરૂપ બની રહે છે. બીજી બાજુ નિરપેક્ષ વ્યક્તિતા પ્રાપ્ત કરવા માટે એટલી જ નિરપેક્ષ નિષ્ક્રિયતા ફરજિયાત છે એમ લાગે છે. અને એનો અર્થ તો એ થયો કે સર્વે કર્મો અહંના અને ત્રણ ગુણોના ચરખા જોડે બંધાયેલાં છે, અને જીવન અને કર્મોમાંથી પાછાં પગલાં કરવાં એ જ આ વર્તુળમાંથી બહાર નીકળવાનો એકમાત્ર માર્ગ છે. વ્યક્તિતાથી મુક્ત આ નિર્વૈયક્તિક નીરવતા આ વિષયમાં જ્ઞાનનો આખરી શબ્દ નથી, કારણ કે આપણા પ્રયત્ન વડે સાધ્ય આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કરવા માટેનો તે એકમાત્ર અને શિરોભૂત માર્ગ નથી, અથવા સમસ્ત માર્ગ અથવા આખરી મુકુટ પણ નથી. એના કરતાં વધારે સમર્થ, વધારે પૂર્ણ, વધારે ભાવાત્મક આધ્યાત્મિક અનુભૂતિ રહેલી છે, જેમાં આપણા અહંની વ્યક્તિતાનું વર્તુળ અને મનની મર્યાદાઓની ગોળ ગતિ બંને સૌથી મહાન આત્મા અને બ્રહ્મની અમર્યાદ

અનંતતામાં લય પામી જઈ શકે છે અને છતાં જીવન અને તેનાં કાર્યો સ્વીકાર્ય અને શક્ય રહે છે એટલું જ નહિ, પરંતુ એમની વિશાળમાં વિશાળ આધ્યાત્મિક પૂર્ણતાને જઈ પહોંચે છે, અને ઊર્ધ્વ ગતિ કરનાર સાર્થકતાને પણ પ્રાપ્ત કરે છે.

નિરપેક્ષ નિર્વૈયક્તિકતા, અને આપણી પ્રકૃતિની ક્રિયાત્મક શક્યતાઓ એ બેની વચ્ચેના અંતરને સાંધનાર સેતુ પ્રત્યેની ગતિમાં જુદીજુદી ભૂમિકાઓ, જુદાજુદા સ્તરો રહેલા છે. બૌદ્ધ ધર્મના મહાયાન માર્ગનું તત્ત્વજ્ઞાન અને તેની સાધના આ મુશ્કેલી-ભરેલા સમાધાનના પ્રશ્નનો ઉકેલ ઊંડી કામનારહિતતા, એટલે કે નિષ્કામ અવસ્થાના અને માનસિક અને પ્રાણમય આસક્તિ અને સંસ્કારોમાંથી લય પમાડનાર, નિર્વાણની મુક્તિના અનુભવ સાથે ભાવાત્મક બાજુથી, વિશ્વવિરાટ પરોપકારવૃત્તિ, સંસાર અને તેનાં પ્રાણીઓ માટે અમાપ કરુણાનાં ઝરણો દ્વારા શોધે છે. અને કરુણાનો એ સ્રોત જીવનના ઉપર અને કર્મના ઉપર એક ઉચ્ચ નિર્વાણની અવસ્થાનો જ સ્રોત બની રહે છે. બુદ્ધ ધર્મ સિવાયના બીજા એક આધ્યાત્મિક સાક્ષાત્કારમાં પણ એ જ પ્રકારનું સમાધાન જોવા મળે છે; તે જગતના મર્મ વિષે વધારે જાગ્રત છે, તથા તેનાં કર્મની બાજુમાં વધારે ગહન, વધારે ચેતનવાન અને સમૃદ્ધ વિશાળતાવાળો છે અને એ બાબતમાં એક ડગલું ગીતાના વિચારની નજીક છે. એ અનુભવ તાઓ-મતના વિચારકોના ઉદ્ગારમાં આપણને જોવા મળે છે અથવા તો, એમની પાછળ એવા અર્થને આપણે જોઈ શકીએ છીએ. તાઓના ચિંતનમાં નિર્વૈયક્તિક, અનિર્વચનીય શાશ્વત વસ્તુ છે જે ચેતનતત્ત્વ છે અને સાથેસાથે આ વિશ્વનું એકમાત્ર જીવન છે. તે સર્વ વસ્તુઓને નિષ્પક્ષપાતપણે આધાર આપે છે, તથા સમં બ્રહ્મ રૂપે સર્વમાં વહે છે; એ એકમેવાદ્વિતીય છે જે असत् છે, કારણ કે આપણે જે કાંઈ જાણીએ છીએ તેનાથી જુદું છે અને છતાં આ બધાં અસ્તિત્વોની સમગ્રતા એ પોતે છે. આ અનંતના મહાસાગરના ઉપર જે અજ્ઞાની વ્યક્તિતા સમુદ્રના ફીણની પેઠે રચાય છે, એની આસક્તિ અને તિરસ્કાર — રાગ અને દ્વેષ — એના દૃઢ માનસિક ભેદો વગેરે વસ્તુઓવાળી આપણી ગતિશીલ અહંતા એ તો એક સાચી વાસ્તવિકતાને, તાઓને, પરમ સર્વ સત્ અને પરમ અસત્‌ને — આપણાથી ઢાંકનાર તથા વિકૃત કરનાર અસરકારક બિંબમાત્ર છે. એ મૂળ વાસ્તવિકતાનો સ્પર્શ કરવો હોય, તેને પ્રાપ્ત કરવી હોય, તો આપણી વ્યક્તિતા અને એમાંથી ઉદ્‌ભવેલાં ક્ષુદ્ર સ્વાભાવિક સ્વરૂપોનો, આપણે જેનું ગ્રહણ કરી શકતા નથી એવી વિશ્વવ્યાપી અને શાશ્વત સંનિધિમાં લય કરીને જ સાધી શકાય તેમ છે. અને એક વાર આપણે એ વસ્તુ સિદ્ધ કરીએ ત્યાર પછી આપણે એ ઊર્ધ્વના વાસ્તવિક જીવનમાં જીવીએ છીએ, અને સર્વ વસ્તુઓમાં પ્રવેશ કરી શકે એવી એક બીજી વધારે મહાન ચેતનાને પ્રાપ્ત કરીએ છીએ અને આપણે પણ સર્વ શાશ્વત શક્તિઓના પ્રભાવ પ્રત્યે

ખુલ્લા થઈ જઈએ છીએ. એ સાધનામાં પણ, ગીતાની પેઠે જ, શાશ્વત પ્રત્યે સંપૂર્ણપણે ખુલ્લા થવું અને આત્મસમર્પણ કરવું એ જ ઉત્તમ માર્ગ જણાય છે. તાઓ કહે છે: 'તમારો દેહ તમારો પોતાનો નથી, એ તો પ્રભુની પ્રતિનિધિ મૂર્તિ છે: તમારું જીવન પણ તમારું પોતાનું નથી, એ પણ પ્રભુની પ્રતિનિધિ સંવાદિતા છે: તમારું વ્યકિતત્વ પણ તમારું પોતાનું નથી, એ પણ ભગવાનની પરિસ્થિતિને અનુકૂળ થવાની શકિતનું પ્રતિનિધિ છે.' એ માર્ગે પણ વિશાળ પૂર્ણતા અને મુકત કર્મ બંને અંતરાત્માના સમર્પણનું સક્રિય પરિણામ હોય છે. અહંપ્રધાન વ્યકિતતાનાં કાર્યો ભેદભાવ ઉત્પન્ન કરનારાં હોઈ વિશ્વપ્રકૃતિના પાયાની વિરુદ્ધ ગતિ કરતાં હોય છે. એ મિથ્યા ગતિને ઠેકાણે વૈશ્વિક અને શાશ્વત શકિતના હાથમાં પ્રજ્ઞાવાળી અને પ્રશાંત નિષ્ક્રિયતા માણસે ધારણ કરવાની છે. એવી નિષ્ક્રિયતા જે આપણને એનાં અનંત કાર્ય સાથે બંધબેસતા કરે છે, — એના સત્ય સાથે સંવાદી બનાવે છે, ચિત્તત્ત્વના આકાર આપનારા પ્રાણ પ્રત્યે તે આકારગ્રાહી બનાવે છે. એવો સંવાદ જેણે પ્રાપ્ત કરેલો હશે તે માણસ પોતે અંતરમાં નિષ્ક્રિય તથા નીરવતામાં મગ્ન થયેલો હશે, પરંતુ એનામાં રહેલો આત્મા એના સર્વે વેશપલટાઓથી મુકત હશે તથા એનામાં પ્રભુનો દિવ્ય પ્રભાવ કાર્ય કરતો જણાશે અને એ પોતે પ્રશાંતિ અને અંતરના નૈષ્કર્મ્યમાં રહેતો હશે' છતાં, પણ તે અવિરોધ્ય શકિત સહિત કાર્ય કરશે તથા એના પ્રભાવ વડે અગણિત વસ્તુઓ અને હજારો માણસો સંચાલિત થશે અને તેની છાયા નીચે એકઠાં મળશે. આત્માની નિર્વૈયકિતક શકિત એવા માણસનાં કર્મોને પોતાના હાથમાં લે છે કારણ કે એ અહંને લઈને એમના કાર્યમાં વિકૃતિ આવતી નથી અને એની મારફત અવિરોધપણે લોકસંગ્રહને ખાતર — लोकसंग्रहार्थाय — અર્થાત્ જગતને તથા તેમાં વસતા લોકોના ઉપર કાબૂ રાખવા તથા સંઘજીવન ટકાવી રાખવા માટે કાર્ય કરે છે.

આ અનુભૂતિઓ અને આરંભમાં ગીતા જે બિનંગત કર્મ કરવાનો ઉલ્લેખ કરે છે તે બેની વચ્ચે કશો ખાસ ભેદ નથી. ગીતા પણ આપણી પાસેથી કામનાના, આસકિતના અને અહંના સંન્યાસની માગણી કરે છે. અધોમુખ પ્રકૃતિથી પર થવાની તથા આપણી વ્યકિતતાને તથા તેનાં ક્ષુદ્ર બંધારણોને તોડવાની માગણી કરે છે. ગીતા પણ આપણને આત્મામાં અને બ્રહ્મમાં જીવન ધારણ કરવાની, સર્વમાં આત્માને અને બ્રહ્મને જોવાની તથા સર્વને આત્મામાં અને બ્રહ્મમાં જોવાની આજ્ઞા કરે છે. તાઓ માર્ગના જ્ઞાનીની પેઠે ગીતા પણ આપણી સ્વાભાવિક વ્યકિતતાનો અને તેનાં કર્મોનો ત્યાગ કરવાની આત્મામાં, બ્રહ્મમાં — શાશ્વતમાં ત્યાગ કરવાની માગણી કરે છે અને આ પ્રકારની એકવાકયતા મળે છે; કારણ કે બાહ્ય, ક્રિયાત્મક સમર્થ જીવન સાથે નિવૃત્તિ માર્ગમાં રહેલી અંતરની વિશાળતા અને નીરવતાનો જેમાં મેળ મળેલો છે એવી સૌથી ઉચ્ચ અને સૌથી મુકત

અનુભૂતિ માનવને માટે આ જ છે. એ અનુભૂતિમાં બંને તત્ત્વો — એક પ્રકારની બિનંગત અનંત વાસ્તવિકતા અને એક અમર શકિતનું અને એકમાત્ર શાશ્વત સત્‌નું અપરિમેય કાર્ય — એકીવખતે હાજર અથવા તો એકબીજામાં ઓગળી ગયેલાં હોય છે. પરંતુ ગીતા એમાં એક એવું અમાપ અર્થવાળું — વાક્ય ઉમેરે છે જેથી સઘળું બદલાઈ જાય છે. आत्मनि अथो मयि — ગીતાની માગણી એ છે કે આપણે સઘળી વસ્તુઓને આપણા આત્માની અંદર અને ત્યાર પછી 'મારામાં' એટલે કે 'ઈશ્વરમાં' જોવાની છે, સર્વ કર્મોનો આત્મામાં સંન્યાસ કરવાનો છે, બ્રહ્મમાં સંન્યાસ કરવાનો છે અને ત્યાર પછી પરમ પુરુષમાં, પુરુષોત્તમમાં એનો સંન્યાસ કરવાનો છે. અહીં આધ્યાત્મિક અનુભૂતિની એક વધારે વિશાળ અને વધારે ગહન સંકુલતા છે, માનવજીવનના અર્થની એક વધારે વિશાળ કાયાપલટ છે, ઝરણું મહાસાગર પ્રત્યે પાછું ફરતું હોય એવી ગુહ્ય હૃદયમાં અનુભવાતી મંત્રમુગ્ધતા છે. અહીં વ્યકિતનાં અંગત કર્મો તથા વિશ્વસમસ્તનાં કર્મો શાશ્વત કર્મોના કર્તાને, પ્રભુને, પાછાં સોંપવામાં આવે છે. આપણે માટે શુદ્ધ બિનંગતતા ઉપરનો ઝોક એ મુશ્કેલી અને અપૂર્ણતા ઊભી કરે છે, તે આપણા અંતરમાં જે પુરુષ રહેલો છે, આપણામાં જે આધ્યાત્મિક વ્યકિતતા રહેલી છે, આપણી અંતરતમ સત્‌-તામાં પોતાપણાનો જે સતત ચમત્કાર રહેલો છે તેને અનંતની અંદરના એક તાત્કાલિક, માયાવી અને ક્ષર વિકારરૂપ, — બંધારણ કે ઘડતરરૂપ બનાવી મૂકે છે. એક અનંત કેવળ અસ્તિત્વમાં છે અને ક્ષણિક લીલા સિવાય જીવંત પ્રાણીના અંતરાત્મા પ્રત્યે એ અનંતની સાચી દૃષ્ટિ છે જ નહીં. જો માનવનો આત્મા હમેશાં પુનર્જીવન પામનાર શરીરની પેઠે અનંતમાં બનતી એક નાશવંત ઘટના હોય તો માનવમાં રહેલા અંતરાત્મા અને શાશ્વત વચ્ચે કોઈ પ્રકારનો સ્થાયી અને વાસ્તવિક એવો સંબંધ હોઈ શકે નહીં.

અહં અને તેની મર્યાદિત વ્યકિત પ્રકૃતિનાં, ઉપર જણાવ્યાં તેવાં, તાત્કાલિક અને વિકારી ઘડતરો છે એ સાચું, અને તેથી એમને તોડવાં જોઈએ અને આપણે સર્વ સાથે તથા અનંત સાથે આપણો આત્મા એક છે એમ અનુભવવાનું છે. પરંતુ 'અહં' એ કાંઈ સાચી વ્યકિતતા નથી, જ્યારે અહંનો વિલય થાય છે ત્યાર પછી પણ આપણી આધ્યાત્મિક વ્યકિતતા બાકી રહે છે, ત્યાર પછી પણ સનાતન એવો 'જીવ' રહે છે. અહંની મર્યાદા જતી રહે છે અને આત્મા એકમેવાદ્વિતીય સાથે ગાઢ એકતામાં રહે છે, અને સર્વ વસ્તુઓ સાથે પોતાની વૈશ્વિક એકતા અનુભવે છે. અને છતાં એ વ્યાપકતા, વિસ્તાર અને એકતાનો આનંદ આપણો અંતરાત્મા લે છે. વૈશ્વિક કાર્ય જ્યારે સર્વમાં કાર્ય કરી રહેલી એકની એક શકિતના કાર્ય તરીકે અનુભવાય છે ત્યારે પણ, જ્યારે તેને ઈશ્વરના સંકલ્પ તરીકે, અને ગતિ તરીકે અનુભવવામાં આવે છે ત્યારે પણ માનવના જુદાજુદા અંતરાત્માઓમાં

તે જુજવાં સ્વરૂપો ધારણ કરે છે, અને એમની પ્રકૃતિમાં જુદો જ પલટો લે છે. આધ્યાત્મિક જ્ઞાનનો પ્રકાશ, અનેક શાખાવાળી વૈશ્વિક શકિત, સત્‌માં રહેલો શાશ્વત આનંદ વગેરે સઘળું આપણી અંદર અને આપણી આજુબાજુ વહીને આવે છે, આપણા અંતરાત્મામાં તે એકાગ્ર બને છે, અને પ્રત્યેક વ્યકિતની અંદરથી — જાણે જીવંત આધ્યાત્મિક ચેતનાના કેન્દ્રમાંથી તે વહે છે અને એનું આખુંયે ચક્ર અનંતમાં લુપ્ત થઈ જાય છે. વધારામાં, એવી આધ્યાત્મિક વ્યકિત પોતે દિવ્ય જીવનનું નાનું સરખું એક વિશ્વ બની રહે છે, જે પ્રભુના આવિર્ભાવ કરનારા સમગ્ર અનંત વિશ્વ, જેનો ઘણો ક્ષુદ્ર ભાગ આપણી આસપાસ આપણે જોઈએ છીએ, તેનાથી એકીવખતે સ્વતંત્ર અને અવિભાજ્ય હોય છે. એવી વ્યકિત પરાત્પરનો એક અંશ, એવી વ્યકિત પોતે સર્જક હોઈને અન્ય સર્વે જેમાં આવી રહેલાં છે એવી વૈશ્વિક ચેતનાને ધારણ કરતી હોવા છતાં તે પોતાની આજુબાજુ પોતાનું એક જગત રચે છે. એની સામે એવી દલીલ કરવામાં આવે કે આ એક માયા છે અને જ્યારે તે વ્યકિત પરાત્પર નિરપેક્ષમાં પાછી મળી જશે ત્યારે એણે ઉત્પન્ન કરેલા જગતનો લોપ થઈ જવો જોઈએ, એ બાબતમાં કશી સંપૂર્ણ ખાતરી રહેલી નથી એમ કહી શકાય. કારણ કે એવી મુકિતનો ભોગ ભોગવનાર પણ માનવનો આત્મા છે, — જેવો તે દિવ્ય કર્મ અને દિવ્ય આવિર્ભાવનું જીવંત આધ્યાત્મિક કેન્દ્ર હતો. અનંતમાં એક વ્યકિતતાના માયાવી અંડના કેવળ આત્મવિનાશ કરતાં કાંઈક વધારે સત્ય રહેલું છે. આપણા અસ્તિત્વની આ અગમ્યતાનો અર્થ એ છે કે આપણે જે કાંઈ છીએ તે એકમેવાદ્વિતીયનું કેવળ એક તાત્કાલિક નામ અને રૂપ માત્ર છીએ એવું નથી, પરંતુ આપણે કહી શકીએ કે તે દિવ્ય અદ્વૈતનો એક આત્મા અને બ્રહ્મતત્ત્વ છે. આપણી આધ્યાત્મિક વ્યકિતતા જેનો 'અહં' અજ્ઞાનમાં પડેલી ખોટી ખ્યાલ આપનારી છાયા અને વિસર્ગ છે, તે આધ્યાત્મિક વ્યકિતતામાં તેનું એવું સત્ય છે અથવા તો તે પોતે એવું સત્ય છે જે અજ્ઞાનની પેલે પાર — તમસ્‌ને પેલે પાર — પણ કાયમ રહે છે; આપણો કોઈ એવો અંશ છે — આપણામાં કાંઈક એવું છે જે પુરુષોત્તમની પરા પ્રકૃતિમાં સનાતન કાળ સુધી રહે છે — निवसिष्यसि मयि. ગીતાના ઉપદેશની આ ગહન વિશાળતા આમાં રહેલી છે કે અહંનો વિલય કરીને જ્યારે આપણે વિશ્વરૂપ થયેલી નિર્વૈયકિતકતામાં પ્રવેશ કરીએ છીએ, બ્રહ્મનિર્વાણને પ્રાપ્ત કરીએ છીએ — કારણ કે તે વિનાનો મોક્ષ અથવા તો સંપૂર્ણ છુટકારો મળી શકે નહીં — ત્યારે પણ આપણી વ્યકિતતામાં સતત જાગ્રત આધ્યાત્મિક સત્ય રહેલું છે, તેને સૌથી ઊંચી અનુભૂતિના એક ભાગ તરીકે તે સ્વીકારે છે. આ અત્યારે આપણી સ્વાભાવિક સત્‌-તા છે તે નહિ, પરંતુ પેલી આપણામાં રહેલી દિવ્ય અને કેન્દ્રસ્થ સત્‌-તા છે તે સનાતન જીવ છે. ઈશ્વર — વાસુદેવ જે પોતે સર્વ વસ્તુ

છે તે અધોગામી પ્રકૃતિના આનંદને ખાતર આપણાં મન, પ્રાણ અને દેહનો સ્વીકાર કરે છે; એની પરા પ્રકૃતિ—પુરુષોત્તમની આદ્યા આધ્યાત્મિક પ્રકૃતિ—આ વિશ્વને એકત્ર રાખે છે અને તેમાં જીવ તરીકે પોતે પ્રગટ થાય છે. તો પછી આ જીવ આદ્ય પરાત્પર પુરુષોત્તમના દિવ્ય સત્‌નો અંશ છે, જીવંત શાશ્વતની એ જીવ એક જીવંત શકિત છે. અર્થાત્ જીવ કેવળ અધોગામી પ્રકૃતિનું તાત્કાલિક સ્વરૂપમાત્ર નથી, પરંતુ ઉત્તમ પુરુષની પરા પ્રકૃતિમાં રહેલો એનો પોતાનો શાશ્વત અંશ છે, દિવ્ય અસ્તિત્વનું એક શાશ્વત સચેતન રશ્મિ છે, અને પરા પ્રકૃતિ જેમ સનાતન છે તેમ એમાં રહેલો જીવ પણ સનાતન છે. આમ એક દિવ્ય પરા પ્રકૃતિમાં જીવ પોતાનું સાચું સ્થાન પ્રાપ્ત કરે એ આપણી મુકત થયેલી ચેતનાની અવસ્થા અને ઊંચામાં ઊંચી પૂર્ણતાને એક બાજુ ગણાવી જોઈએ. એ સ્થિતિમાં, પરમ પુરુષના મહિમાની અંદર તે વસે છે અને સનાતન આધ્યાત્મિક અદ્વૈતનો આનંદ અનુભવે છે.

આપણા અસ્તિત્વમાં રહેલી આ અગમ્યતા પુરુષોત્તમના અસ્તિત્વમાં પણ એના જેવી જ અગમ્યતા રહેલી હોવી જોઈએ એમ સિદ્ધ કરે છે,—એટલે કે પુરુષોત્તમનું પણ रहस्यं उत्तमम् છે. નિરપેક્ષ કેવળની સર્વને પોતામાંથી બાતલ કરનાર વ્યકિતહીનતા એ કાંઈ તેનું ઊંચામાં ઊંચું રહસ્ય નથી. એ ઉત્તમ રહસ્ય તો એક પરમ પુરુષ, અને દેખીતી રીતે અફાટ વ્યકિતરહિતતાવાળું નિર્વૈયકિતક બ્રહ્મ, એ બંનેના,—સર્વ વસ્તુઓમાં રહેલો એક અક્ષર પરાત્પર આત્મા તથા એક અનંત અને બહુત્વવાળી વ્યકિતતા તરીકે સર્વત્ર કાર્ય કરી રહેલ બ્રહ્મ, જે અહીં પોતાની જાતને આ વિશ્વના સાચા પાયા તરીકે પ્રગટ કરે છે તે બંનેના,—અદ્વૈતના ચમત્કાર રૂપે રહેલું છે. આપણી છેવટની, ગહનમાં ગહન અને અતિ નિકટની અનુભૂતિમાં એ આત્મા તથા એ બ્રહ્મ એક પરિમેય સત્ તરીકે પ્રગટ થાય છે, જે આપણો સ્વીકાર કરે છે, જે આપણને પોતાનામાં સમાવે છે, એટલે કે કેવળ શૂન્યાત્મક લક્ષણહીન અસ્તિત્વમાં નહિ, પરંતુ ભાવાત્મકપણે, ગૂઢ રીતે, આશ્ચર્યકારક રીતે પોતાના સમગ્ર સ્વરૂપમાં તથા એના અને આપણા સચેતન અસ્તિત્વના સર્વ પ્રકારોમાં તે આપણને પ્રવેશ કરાવે છે. આ ઊંચામાં ઊંચી અનુભૂતિ અને વિશાળતમ દૃષ્ટિ આપણી પ્રકૃતિનાં કરણોને માટે એક પ્રકારની ગહન, ભાવમય અને અંત વગરની એવી સાર્થકતા આપણી આગળ રજૂ કરે છે. એટલે કે આપણાં જ્ઞાન, સંકલ્પ, હૃદયનાં પ્રેમ અને આરાધના વગેરે શકિતઓ માટે એક નવી જ સાર્થકતા દૃષ્ટિગોચર કરી આપે છે, જે આપણે વ્યકિતતા-વિહીન બ્રહ્મના ઉપર એકપક્ષી ભાર દઈએ તો સમૂળગો નાશ પામે છે, યા તો ઘટી જાય છે. કારણ કે એ પ્રમાણેનો એકપક્ષી ઝોક આપણી ઊંડામાં ઊંડી પ્રકૃતિના ભાગ તરીકે જે શકિતઓ અને ક્રિયાઓ રહેલી છે તેની સૌથી સઘન ચરિતાર્થતાને રૂંધે

છે, યા તો તે ઘટાડે છે અથવા તો તેને શક્ય થવા દેતું નથી અને પ્રકૃતિની એ સઘનતાઓ અને પ્રકાશો — આપણી આત્માનુભૂતિના સૌથી મૌલિક અને ગાઢ બંધારણ જોડે સંયુક્ત થયેલી છે. જ્ઞાનની તપસ્યા એકલી જ આપણને મદદ કરી શકે છે એવું નથી; જ્ઞાન વડે પ્રકાશિત અને ઉન્નત થયેલી હૃદયની ભક્તિ અને અભીપ્સાને પણ અંતિમ સાર્થકતામાં અપરિમેય એવું સ્થાન છે, એટલે કે એ પ્રકારના જ્ઞાનની રહસ્યમયતા વધારે સ્વચ્છ, સ્પષ્ટ અને એનો જ્ઞાનનો પ્રકાર વધારે મહાન અને સ્થિરતા સહિત સઘન ભાવવાળો હોય છે. આપણા હૃદયની ચેતનાની, મનની ચેતનાની, અને સમગ્ર ચેતનાની, સનાતન એકતાને પામેલી એવી નિકટતા પ્રાપ્ત કરવાથી — सततं मच्चित्तः થવાથી — આપણે શાશ્વત સાથેની આપણી એકતાનો સૌથી વિશાળ, સૌથી ગહન અને સૌથી સમગ્રતાવાળો સાક્ષાત્કાર પ્રાપ્ત કરીએ છીએ. પ્રભુના સૌથી ઉચ્ચ સ્વરૂપને પહોંચવા માટેનો માર્ગ પોતાની સમગ્ર સત્‌-તામાં તેની સાથે સૌથી નિકટની, ગાઢ એકતા પ્રાપ્ત કરવામાં રહેલો છે. એ એકતા વિશ્વ જેટલી વિશાળ અને પરાત્પરતાની ટોચે પહોંચેલી હોવા છતાં એના દિવ્ય ભાવાવેશમાં તે ગૂઢપણે અંગત પણ હોવી જોઈએ. વળી, આત્મા તરીકે એની પ્રકૃતિમાં પૂર્ણતા યાને સિદ્ધિ તથા દિવ્ય ચેતના પ્રાપ્ત કરવા માટે જે સાદ થાય છે તે સિદ્ધ કરવાનો માર્ગ પણ એ જ છે. બુદ્ધિ અને સંકલ્પ બંનેએ સમગ્ર જીવનને, પ્રકૃતિના સર્વે ભાગોને, ઈશ્વરાભિમુખ કરવા જોઈએ, એ ઈશ્વર સમગ્ર અસ્તિત્વના દિવ્ય આત્મારૂપ અને તેના સ્વામીરૂપ હોઈ એના પ્રત્યે એ કરણોએ અભિમુખ થવું જોઈએ, — बुद्धियोग-मुपाश्रित्य । માનવના હૃદયમાંથી બીજા બધા ભાવોનો પરિત્યાગ થઈ જઈને પ્રભુ સાથેની એકતામાં આનંદનો ભાવ અને સર્વ પ્રાણીમાં તેનો પ્રેમ માત્ર ત્યાં રહેવાં જોઈએ. ઇન્દ્રિયોનું આધ્યાત્મિક રૂપાંતર થઈ જઈને તેમણે સર્વત્ર પ્રભુને જ જોવો, સાંભળવો અને અનુભવવો જોઈએ. જીવન સંપૂર્ણપણે કેવળ પ્રભુનું જ થઈ રહેવું જોઈએ. સર્વ કર્મો પ્રભુની એકમાત્ર શક્તિમાંથી, સંકલ્પમાં, જ્ઞાનમાં, કર્મેન્દ્રિયોમાં, જ્ઞાનેન્દ્રિયોમાં, પ્રાણમાં અને દેહમાં સર્વત્ર તેના જ એકમાત્ર આરંભમાંથી પ્રગટ થવાં જોઈએ. આ માર્ગ ગૂઢપણે નિર્વૈયક્તિક છે, કારણ કે વિશ્વભાવને પ્રાપ્ત થયેલા અને પરાત્પરતાને પાછા ફરીથી પહોંચી ગયેલા આત્માના અહંનો સંપૂર્ણ વિલય થઈ ગયેલો હોય છે. અને છતાં, તે ખૂબ નિકટભાવે અંગત પણ છે, કારણ કે એ માર્ગ એક પ્રકારની ભાવની વિશ્વાતીત ઉત્કટતાને પહોંચી જાય છે, તથા સર્વમાં પોતે વાસ કરી રહ્યો છે તથા સર્વ સાથે પોતાનું અદ્વૈત છે એવી અનુભૂતિમાં લઈ જાય છે. બુદ્ધિનો તર્ક એ પ્રમાણે લક્ષણ વગરનો જાતનો નિર્વાણ કરવાની માગણી કરી શકે, પરંતુ એ કાંઈ रहस्यं उत्तमम् — પરમ રહસ્યનો આખરી શબ્દ — સંદેશો નથી.

અર્જુને પોતાનું પ્રભુનિર્મિત કાર્ય ચાલુ રાખવા માટે જે ઇન્કાર કર્યો તે એનામાં રહેલા અહંકારમાંથી પ્રગટ થયો હતો. આ ઇન્કારની પાછળ સાત્ત્વિક રાજસિક અને તામસિક અહંના વિચારોનું અને આવેગોનું મિશ્રણ અને અવ્યવસ્થા અને ભૂલોનું જાળું હતું, એના પ્રાણની પ્રકૃતિમાં પાપનો અને એનાં અંગત પરિણામોનો ભય રહેલો હતો, પોતાને થતાં શોક અને દુ:ખમાંથી હૃદય પાછું પડતું હતું, અહંના આવેગોને અંધકારથી ગ્રસ્ત બુદ્ધિ પોતાની જાતને છેતરીને ધર્મ અને પુણ્યના સારા ગણાતા વાઘાઓ વડે ઢાંકવાનો પ્રયત્ન કરતી હતી. માનવની પ્રકૃતિ પ્રભુની કાર્યપદ્ધતિથી અજ્ઞાનમાં હોવાને કારણે ઘૃણા પામે છે કારણ કે માનવના કરતાં એના માર્ગ જુદા છે, તથા એની બુદ્ધિ, લાગણી અને નાડીયંત્ર પાસે ક્રૂર અને પ્રિય એવાં કાર્યો તે ફરજિયાત કરાવે છે. પૂર્વે થયા હોત તેના કરતાં હવે પોતાના અહંકારનો દુરાગ્રહ સેવીને જો અર્જુન એના મિથ્યા અને અશકય ઇન્કાર ચાલુ રાખશે તો એ ઇન્કારનાં આધ્યાત્મિક પરિણામો અનંતગણા વધારે અનિષ્ટ આવશે, કારણ કે હવે એની દૃષ્ટિ સમક્ષ એક વધારે ઊર્ધ્વ સત્ય તથા કર્મ કરવાનો વધારે મહાન માર્ગ અને વધારે મહાન ભાવ પ્રગટ કરવામાં આવ્યાં છે. અર્જુનનો વ્યવસાય મિથ્યા છે, એની ઘૃણા નકામી છે, કારણ કે એનું સામર્થ્ય થોડો સમય નિષ્ફળ થયું હતું તેનું એ પરિણામ છે, એના ઊંડામાં ઊંડા ચારિત્ર્યમાં જે શકિતનું તત્ત્વ રહેલું છે તેમાંથી એ ઇન્કાર એક સમર્થ પણ ક્ષણિક ચલિતતા છે, પતન છે,—એની પ્રકૃતિનો સાચો સંકલ્પ અને માર્ગ એ નથી. જો અર્જુન પોતાનાં આયુધોનો ત્યાગ કરશે તોપણ એની એ પ્રકૃતિ, જ્યારે એના સિવાય પણ યુદ્ધ ચાલે છે અને કાપાકાપી તો થાય છે એ તે જોશે ત્યારે એને એ હથિયારો પાછાં લેવાની ફરજ પાડશે. એના દૂર રહેવાથી જેને ખાતર અત્યાર સુધી તે જીવ્યો છે તે સઘળા આદર્શોનો પરાજય થશે, જે મહાન કાર્યની સેવા માટે તે જન્મ્યો છે તે એના મુખ્ય નેતાની ગેરહાજરી વડે કે અપ્રવૃત્તિને લઈને નિર્બળ બન્યું છે, અસ્તવ્યસ્ત થઈ ગયું છે, એ મહાન કાર્ય સ્વાર્થી, અધર્મ અને અન્યાયના પક્ષકારોના જગતદ્વેષી અને જોહુકમી સામર્થ્યને લઈને પરાજય પામશે અને ઘા ખમશે અને જિતાઈ જશે. એ પ્રમાણે ફરીને હથિયાર ગ્રહણ કરવામાં આધ્યાત્મિક લાભ તો કશો યે નહિ રહે. અહંપ્રધાન મનના વિચારો અને લાગણીઓની ગરબડને લઈને એણે લડવાનો ઇન્કાર કર્યો હતો, અને એની પોતાની એની એ પ્રકૃતિ અહંપ્રધાન મનના લાક્ષણિક વિચારો અને લાગણીઓની ફરીને પ્રતિષ્ઠા કરીને એના ઇન્કારને એની પાસેથી પાછો ભુંસાવશે. દિશા ગમે તે હોય, પરંતુ એ પ્રમાણે અહંની સતત ગુલામીનો અર્થ તો વધારે ખરાબ, વધારે પ્રાણઘાતક એવો આધ્યાત્મિક ઇન્કાર થશે, विनष्टि—વિનાશરૂપ બનશે. કારણ કે એ પ્રમાણે કરવાથી પોતાની અધોમુખ પ્રકૃતિના અજ્ઞાનમાં એણે જે સત્યનું અનુસરણ

કરેલું છે તેના કરતાં એના અંતરના વધારે મહાન સત્યના અનુસરણમાંથી તે પતનને પ્રાપ્ત થશે. અત્યારે એક વધારે ઉચ્ચ ચેતનામાં અર્જુનને પ્રવેશ કરાવવામાં આવ્યો છે, એક નવો આત્મસાક્ષાત્કાર એને પ્રાપ્ત થયો છે, અહંપ્રધાન કર્મને ઠેકાણે દિવ્ય કર્મની શક્યતા એને બતાવવામાં આવી છે. કેવળ બુદ્ધિપ્રધાન, લાગણીપ્રધાન, પ્રાણમય અને ઇન્દ્રિયો પર નિર્ભર એવા જીવનને ઠેકાણે એક દિવ્ય અને આધ્યાત્મિક જીવનનાં દ્વાર એની દૃષ્ટિ સમક્ષ ખોલવામાં આવ્યાં છે. એને એક મહાન એવા અંધ કરણ થવાની આજ્ઞા કરવામાં આવી નથી, પરંતુ સચેતન આત્મા, જ્ઞાનપ્રકાશિત શક્તિ, પ્રભુના કરણરૂપ બનવાને સાદ કરવામાં આવ્યો છે.

એવી આજ્ઞા કરવાનું કારણ એ છે કે આપણા અંતરમાં આ શક્યતા રહેલી છે : આપણી માનવતાના ઊંચામાં ઊંચા શિખર તરીકે ઉપર જણાવેલી ચરિતાર્થતા પ્રાપ્ત કરવી અને પોતાની મર્યાદાઓનું ઉલ્લંઘન કરવું માનવને માટે શક્ય છે. માનવનું સામાન્ય મન અને એના પ્રાણ એ બંને એમની અંદર ગુપ્ત રહેલી કોઈ વસ્તુનો અર્ધ પ્રકાશિત અને મોટે ભાગે તો અજ્ઞાનમાં થતો વિકાસ તથા આંશિક અને અપૂર્ણ આવિર્ભાવ છે. માનવથી પ્રચ્છન્ન ત્યાં, એના હૃદયમાં, દેવ બેઠો છે, તે એની ચેતનાના પડદા પાછળ છે, સંપૂર્ણપણે એનું પોતાનું નથી એવા પ્રકૃતિના કાર્યસમૂહના ગાઢ આચ્છાદન પાછળ એ અક્રિય થઈ રહેલો છે અને એ પ્રકૃતિનાં કાર્યનું રહસ્ય એણે હજુ સુધી હાથ કર્યું નથી. જગતમાં માનવ પોતાની જાતને વિચાર કરતો, સંકલ્પ કરતો, લાગણી અનુભવતો અને કાર્ય કરતો અનુભવે છે અને પોતે વિખૂટો, સ્વયંભૂ કોઈ સત્ હોય, જાણે પોતાને વિચારની, સંકલ્પની, લાગણીની અને કર્મની સંપૂર્ણ સ્વતંત્રતા હોય એમ કાં તો સહજ લાગણી વડે તે માની લે છે, યા તો બુદ્ધિના વિચાર વડે કલ્પે છે, અથવા તો, કાંઈ નહિ તો વ્યવહારુ જીવનમાં એ પ્રમાણે વર્તે છે. તે પોતાનાં પાપનો, ભૂલોનો અને દુ:ખનો ભાર ખમે છે અને પોતાનાં જ્ઞાન અને સદ્‌ગુણની જવાબદારી અને પુણ્ય પોતે પોતાને માથે લે છે. એ પોતાના સાત્ત્વિક, રાજસિક, કે તામસિક અહંને સંતોષવાનો હક માગે છે અને પોતાનું ભાવિ ઘડવાની તથા જગતને પોતાના ઉપયોગમાં લેવાની પોતાનામાં શક્તિ છે એવો ગર્વ રાખે છે. એના પોતાના વિષેના એ ખ્યાલ દ્વારા પ્રકૃતિ એનામાં કાર્ય કરતી હોય છે, અને એના પોતાના ખ્યાલ પ્રમાણે પ્રકૃતિ પણ એની સાથે વ્યવહાર કરે છે, પરંતુ આખો વખત પોતાના અંતરનાં ઊંડાણમાં જે વધારે મહાન ચિત્-તત્ત્વ છે તેના સંકલ્પને તે પાર પાડતી હોય છે. માનવ ઉપર પ્રમાણેનું આત્મદર્શન કરે છે તેમાં જે ભૂલ છે તે, એની લગભગ બધી ભૂલોની પેઠે, એક સત્યની વિકૃતિ છે, એ વિકૃતિ એક પ્રકારની જૂઠી પરંતુ સચોટ એવી, મૂલ્યોની સમગ્ર એક શ્રેણિ ઉત્પન્ન કરે છે. જે વસ્તુ એના આત્માને વિષે સાચી છે તેનું એ પોતાની અહંપ્રધાન વ્યક્તિતાની છે

એવું આરોપણ કરે છે, અને તેનો વ્યવહારમાં ખોટો પ્રયોગ કરે છે, ખોટું રૂપ આપે છે અને અજ્ઞાનભરેલાં પરિણામોનો ઢગ પ્રગટાવે છે. એની સપાટી ઉપરની ચેતનામાં એક મૌલિક ખામી રહેલી છે તેમાં એનું અજ્ઞાન રહેલું છે. એ ખામીને લઈને માનવ-પ્રકૃતિની સગવડ માટેની યોજના રૂપે જે બહિર્મુખ અને યાંત્રિક ભાગ તેના પોતાનામાં રહેલો છે તેની સાથે તે એકતા કરે છે તથા એ ભાગનાં કાર્યોને જેટલે અંશે આત્મા પોતાનામાં પ્રતિફલિત કરે છે તથા એ કાર્યો જેટલે અંશે આત્માને પ્રતિબિંબિત કરે તેટલે અંશે જ તે આત્મા સાથે એકતા કરે છે. આ પ્રમાણે કરવાથી એના અંતરમાં જે અંતરતમ અને વધારે મહાન આત્મા રહેલો છે, જે એના મનને, પ્રાણને, સૃષ્ટિસર્જનને અને કર્મને એક પ્રકારનું અત્યાર સુધી નહિ પળાયેલું વચન અને પ્રચ્છન્ન સાર્થકતારૂપ બનાવે છે તેને તે જોઈ શકતો નથી. અહીં તો વિશ્વવિરાટ પ્રકૃતિ વિશ્વના સ્વામી વિશ્વાત્માની શક્તિને વશ વર્તે છે, પ્રત્યેક પ્રાણીને આકાર અર્પે છે, એના સ્વભાવ પ્રમાણે એનાં કર્મો નિર્મિત કરે છે, માનવને પણ એ જ પ્રકૃતિ ઘડે છે, એનાં કર્મો એની જાતિની સામાન્ય પ્રકૃતિના નિયમ પ્રમાણે નક્કી કરે છે, એટલે કે પ્રાણ અને દેહમાં પુરાયેલા મનોમય પ્રાણીની પ્રકૃતિના નિયમાનુસાર એનાં કર્મોનું નિર્માણ કરે છે. એ વિશ્વવિરાટ પ્રકૃતિ જ પ્રત્યેક માનવના સ્વરૂપને પણ ઘડે છે અને એના વ્યક્તિગત કર્મનું પણ એના વિશિષ્ટ પ્રકારના નિયમ પ્રમાણે અને એના મૂળ સ્વભાવના વિશિષ્ટ ફેરફાર પ્રમાણે નિર્માણ કરે છે. આ વિશ્વવિરાટ પ્રકૃતિ જ આપણાં શરીરનાં યાંત્રિક કાર્યોને તથા પ્રાણના અને નાડીયંત્રના ભાગોના કાર્યને અને પ્રક્રિયાઓને રચે છે અને તેમનું સંચાલન કરે છે. ત્યાં આપણે એ પ્રકૃતિના તાબામાં છીએ એ પણ સ્પષ્ટ છે. એ પ્રકૃતિ જ આપણાં ઇન્દ્રિયપ્રધાન મનસનું, સંકલ્પનું અને બુદ્ધિનું—એ ભાગો અત્યારની પરિસ્થિતિમાં એ સૂક્ષ્મ કરણો સ્થૂળ ભાગો કરતાં ભાગ્યે જ ઓછાં જડ છે,—સ્વરૂપ પણ રચે છે અને એના કર્મોનું સંચાલન કરે છે. ફક્ત, એટલું છે કે પશુમાં માનસિક ચેતનાની ક્રિયાઓ પ્રકૃતિની જડ આજ્ઞાવશતા જેવી હોય છે,—જ્યારે માનવમાં આ વિશિષ્ટતા છે કે તે સચેતન વિકાસનું મૂર્ત સ્વરૂપ છે જેમાં આત્મા વધારે સક્રિયપણે ભાગ લઈ શકે છે અને એ વસ્તુ એના બહિર્મુખ માનસને, એને માટે ઉપયોગી, એક રીતે અનિવાર્ય, પરંતુ ઘણે અંશે ખોટે માર્ગે દોરનારી એવી પ્રકૃતિનાં કરણોથી પોતે મુક્ત છે એવી, અને પોતાની કરણાત્મક પ્રકૃતિના ઉપર પોતાનાં વધતા જતા પ્રભુત્વની લાગણી એનામાં પેદા કરે છે. એની એ લાગણી ખાસ કરીને ખોટે માર્ગે દોરનારી, ભ્રમ પેદા કરનારી છે, કારણ કે પોતે બંધનમાં છે એ નક્કર હકીકત પ્રત્યે એ ભાન તેને આંધળો બનાવી મૂકે છે તથા પોતે મુક્ત છે એ ખોટો ભ્રમ એને પોતાની સાચી મુક્તિ અને પ્રભુત્વની

શોધ કરતાં અટકાવે છે. કારણ કે માનવની એની પ્રકૃતિના બંધનમાંથી મુક્તિ અને એના ઉપરનું પ્રભુત્વ જ્યાં સુધી માનવ તેની અંદર રહેલા પ્રભુ વિષે સચેતન થાય નહિ અને પોતાના વાસ્તવિક સ્વરૂપને, અહં સિવાય એનામાં જે સાચું આત્મતત્ત્વ છે તેને જ્યાં સુધી પ્રાપ્ત કરતો નથી, — आत्मवान् થતો નથી, — ત્યાં સુધી પોતાની પ્રકૃતિના બંધનમાંથી માનવની મુક્તિ અને એના ઉપર તેનું પ્રભુત્વ ભાગ્યે સાચું હોય છે, અને સંપૂર્ણ તો હોઈ શકતું નથી. પ્રકૃતિ મન, પ્રાણ અને શરીરમાં એ વસ્તુને પ્રગટ કરવાને મથી રહેલી છે; એ વસ્તુ એના ઉપર એક કે બીજો સ્વભાવનો નિયમ લાદે છે. આપણી અંદર રહેલા અંતરાત્માના બાહ્ય ભાવિને અને તેની સમુત્ક્રાંતિને એ વસ્તુ સાકાર બનાવે છે. એટલે, જ્યારે માનવ તેના સાચા આત્મા અને ચૈતન્યતત્ત્વની પ્રાપ્તિ કરે છે ત્યાર પછી જ તેની પ્રકૃતિ પ્રભુનું સચેતન કરણ અને પ્રકાશિત શક્તિ બની શકે છે.

ત્યાર પછી જ્યારે આપણા અસ્તિત્વના ઊંડામાં ઊંડા આત્મામાં આપણે પ્રવેશ કરીએ છીએ ત્યારે આપણને જ્ઞાન થાય છે કે આપણા અંતરમાં તેમજ સર્વમાં એક જ આત્મા અને વાસુદેવ વસે છે જેની સેવા સમગ્ર પ્રકૃતિ કરી રહી છે અને જેને તે પ્રગટ કરી રહી છે. અને આપણે પોતે એ દિવ્ય આત્મામાંથી પ્રગટેલા એના આત્મા છીએ, ચિત્‌તત્ત્વનું ચિત્‌તત્ત્વ છીએ, આપણો દેહ એના પ્રતિનિધિરૂપ પ્રતિમા છે, આપણું જીવન એના જીવનના સંવાદની એક ગતિ છે, આપણું મન એની ચેતનાનો કોશ છે, આપણી ઇન્દ્રિયો એનાં કરણરૂપ છે, આપણી લાગણીઓ અને ઇન્દ્રિયોના સંસ્કારો સત્‌ના આનંદની ખોજ છે, આપણાં કર્મો એનો હેતુ સાધવાનાં સાધન રૂપ છે. જ્યારે આપણે અજ્ઞાન હોઈએ છીએ ત્યારે આપણી મુક્તિ કેવળ છાયા, સૂચન યા તો ઝાંખી માત્ર હોય છે, પરંતુ જ્યારે આપણે પ્રભુને જાણીએ છીએ ત્યારે તે સઘળાં એની શાશ્વત મુક્તિની જ સંતતિ અને સફળ વાહિની બની રહે છે. આપણે જે પ્રભુત્વ પ્રાપ્ત કરીએ છીએ — આપણી પ્રભુતાઓ પ્રભુની શક્તિ કાર્ય કરતી હોય છે તેના પ્રતિબિંબરૂપ બને છે, આપણું ઉત્તમોત્તમ જ્ઞાન એના જ્ઞાનનો આંશિક પ્રકાશ માત્ર હોય છે, આપણા આત્માનો ઊંચામાં ઊંચો અને સૌથી સમર્થ સંકલ્પ આપણા આત્માના વિશ્વના આત્માનો જે સ્વામી છે, જે સર્વના અંતરમાં રહેલો છે તેના જ સંકલ્પનો પ્રક્ષેપ અને પ્રતિનિધિરૂપ બને છે. એ સર્વ ભૂતોના હૃદયદેશમાં રહેલો ઈશ્વર આપણી અજ્ઞાની દશામાં આપણાં અંતરનાં અને બહારનાં કર્મોમાં જાણે આપણે યંત્ર ઉપર આરૂઢ હોઈએ તેમ એની નિમ્ન પ્રકૃતિના ચક્ર ઉપર આપણને ગોળગોળ ફેરવે છે. અને અજ્ઞાનની આચ્છાદિત કે જ્ઞાનની પ્રકાશિત અવસ્થામાં આપણા અંતરમાં અને જગતમાં વસતા એ પ્રભુને ખાતર આપણું જીવન છે. આ જ્ઞાનમાં અને સત્યમાં સચેતનપણે અને

સમગ્રતાપૂર્વક જીવવું એટલે અહંમાંથી મુકત થવું, માંચામાંથી બહાર નીકળવું. બાકીના બીજા બધા ઉત્તમોત્તમ ધર્મો આ પરમ ધર્મ માટેની ફકત તૈયારી જેવા છે, અને સર્વ પ્રકારની યોગસાધના આપણા અસ્તિત્વના પ્રભુ, પરમ આત્મા અને બ્રહ્મ સાથે શરૂઆતમાં કોઈ એક પ્રકારનું મિલન સ્થાપન કરીએ, અને આખરે, જો એનો સંપૂર્ણ પ્રકાશ મળે તો એની સાથે સમગ્ર યોગ પ્રાપ્ત કરીએ તેને માટેના ફકત ઉપાય છે. સૌથી મહાન યોગ આપણી પ્રકૃતિની સર્વ ગૂંચવણો અને મુશ્કેલીઓમાંથી આપણા અંતરમાં વસતા સર્વ પ્રકૃતિના સ્વામીનો આશ્રય લેવામાં સમાયેલો છે. આપણું સમગ્ર જીવન પણ તેના પ્રત્યે વાળવું, પ્રાણ, દેહ, ઇન્દ્રિયો, મન, હૃદય અને બુદ્ધિ સર્વ કરણો સહિત એના પ્રત્યે વળવું, આપણાં જ્ઞાન, સંકલ્પ અને કર્મ એને સમર્પણ કરીને સર્વભાવેન એની જ માગણી કરવી, આપણી સચેતન સત્-તા અને કરણરૂપ પ્રકૃતિના પ્રત્યેક પ્રકાર દ્વારા એની જ ખોજ કરવી એ ઉત્તમોત્તમ યોગ છે, અને જ્યારે સઘળો સમય, સંપૂર્ણપણે આપણે એ પ્રકારની ઊર્ધ્વ અભીપ્સાને જાગ્રત રાખી શકીએ ત્યારે પ્રભુની દિવ્ય જ્યોતિ, એનો દિવ્ય પ્રેમ અને શકિત આપણો સ્વીકાર કરે છે તથા આપણામાં પ્રવેશ કરે છે. અને સર્વ સંશયો અને બાધાઓ—આત્માના અને જીવનના માર્ગમાં નડતા મોહ તથા આપત્તિઓમાંથી ઊભી થતી ગૂંચવણો વચ્ચે થઈને આપણને સલામત દોરે છે. આપણને परां शान्तिम्—પરમ શાંતિ પ્રત્યે—स्थानं शाश्वतम्—આપણા શાશ્વત અને અમરપદની આધ્યાત્મિક મુકિતમાં તે દોરી જાય છે.

બધા ધર્મો જાહેર કરીને તથા પોતાના યોગનું ઊંડામાં ઊંડું રહસ્ય પ્રગટ કર્યા પછી, આધ્યાત્મિક જ્ઞાનનો રૂપાંતર લાવનાર જે પ્રકાશ માનવની બુદ્ધિ આગળ દિવ્ય જ્ઞાનરૂપે—દૃષ્ટિરૂપે પ્રગટ કરવામાં આવે છે તેના કરતાં આ જ્ઞાન વધારે ગુહ્ય પ્રકારનું —गुह्यात् गुह्यतरम्—છે. અને એમ કહ્યા પછી ગીતા એકદમ કહે છે કે હજી એક परमं वचः—પરમ વાચા કહેવાની બાકી છે અને તે सर्वगुह्यतमम्—સર્વ સત્યથી વધારે ગુહ્ય સત્ય છે. એ પરમ ગુહ્ય રહસ્ય ગુરુ અહીં એના પરમ કલ્યાણ તરીકે અર્જુનને કહે છે, કારણ કે અર્જુન તેનો ઇષ્ટ અને પ્રિય એવો મિત્ર છે. કારણ કે ઉપનિષદે પૂર્વે જાહેર કરેલું છે કે પોતાના અસલ દેહને— स्वां तनुम्—'આત્મા જેને પસંદ કરે છે તેની આગળ જ स्वां तनुम् પ્રગટ કરે છે.' એવો વરાયેલો આત્મા જ એ રહસ્યમાં પ્રવેશ પામી શકે છે, કારણ કે, એનાં હૃદય, બુદ્ધિ અને પ્રાણમાં તે પ્રભુને સાચી રીતે પ્રત્યુત્તર આપી શકે અને તેનો જીવંત અભ્યાસ કરી શકે એટલાં નિકટ યાને સમીપનાં હોય છે. આખરે ગીતાની છેવટની પરમ વાચા બે ટૂંકા, સાદા અને સીધા શ્લોકોમાં પ્રગટ થાય છે. અને એ શ્લોકોના ઉપર કશી વધારે ટીકા કે વિવરણ કર્યા સિવાય બુદ્ધિમાં ઊંડા ઊતરીને પોતાના અર્થની સંપૂર્ણતા સદા ધારણ કરે છે, તેને એવી

અંતરની સદા વિકાસ પામતી આત્માની અનુભૂતિ જ પ્રગટ કરીને બતાવી શકે તેમ છે. કારણ કે બહારથી જોતાં એ શબ્દો પોતે એટલા બધા આછા અને સાદા છે, છતાં પોતાનામાં જે અનંત અર્થઘનતા સદા ધારણ કરે છે, તેને એવી અંતરની સદા વિશાળ બનતી અનુભૂતિ જ પ્રગટ કરીને બતાવી શકે તેમ છે. જ્યારે આ પરમ વાચા ઉચ્ચારાય છે ત્યારે આપણને લાગે છે કે આ બધા સમય શિષ્યનો આત્મા એ વાચા માટે જ તૈયાર કરવામાં આવતો હતો, અને બાકીનું બધું તો જ્ઞાનનો પ્રકાશ આપનાર અને સામર્થ્ય આપનાર સાધના અને તત્ત્વદર્શન માત્ર હતું. એ રહસ્યનું રહસ્ય — ઈશ્વરનો ઉત્તમોત્તમ અને એકદમ સીધેસીધો સંદેશ આ પ્રમાણે છે: "મારામય — મન્મય — મનવાળો થા, મારો ભક્ત, મારો પ્રેમી બન, મને યજ્ઞ કરનારો થા, મને નમસ્કાર કર; તું મને જ પ્રાપ્ત કરશે એવું મારું તને વચન છે, પ્રતિજ્ઞા છે કારણ કે તું મને પ્રિય છે. સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને મારા એકલાને શરણે આવ. હું તને સર્વ પાપોમાંથી મુક્ત કરીશ, શોક કર નહીં."*

બધો વખત ગીતા યોગના એક મહાન અને સુદૃઢ સાધનામાર્ગ માટે આગ્રહ કરતી રહી છે. એક વિશાળ અને સુસ્પષ્ટ રેખાવાળી દાર્શનિક પદ્ધતિ વિષે, સ્વભાવ અને સ્વધર્મ વિષે, જીવનને સત્ત્વગુણના નિયમ પ્રમાણે ચલાવીને તેનાથી ઊર્ધ્વમાં અમર જીવનના મુક્ત આધ્યાત્મિક ધર્મમાં એની સંપૂર્ણપણે નિર્બન્ધ વિશાળતાઓમાં, ઊંચામાં ઊંચા ગુણની મર્યાદાઓથી અનેકગુણ ઊર્ધ્વમાં રહેલા એવા અમર જીવનના મુક્ત અને આધ્યાત્મિક ધર્મમાં તે આપણને ઉન્નત કરે છે. ગીતામાં પૂર્ણતા પ્રાપ્ત કરવાના ઘણા નિયમો, ઉપાયો, આજ્ઞાઓ, વિધિઓ અને શરતો રજૂ કરવામાં આવ્યાં છે. પણ હવે જાણે એકદમ એ બધાં ધારાધોરણોનાં બંધનો તોડીને ગીતા બહાર આવે છે અને માનવના આત્માને કહે છે: "સર્વ ધર્મોને ત્યાગી દે, તારી જાતને કેવળ પ્રભુને સમર્પણ કર, ઊર્ધ્વમાં, ચારે બાજુ અને તારા અંતરમાં રહેલા પ્રભુને સમર્પણ કર. તારે જરૂર છે તે એટલાની જ છે, એ માર્ગ સૌથી સાચો અને સૌથી મહાન છે, એ સાચી મુક્તિ છે." વિશ્વના સ્વામીએ કુરુક્ષેત્રના મેદાન પર રથના સારથિ અને ગુરુ તરીકે માનવના આગળ ઈશ્વર, આત્મા અને ચિત્તત્ત્વ વિષે, આ અટપટા જગતની પ્રકૃતિ વિષે તથા માનવની બુદ્ધિ, પ્રાણ, હૃદય તથા ઇન્દ્રિયોના અંતરાત્મા સાથેના સંબંધ વિષે, તથા મર્ત્ય દશામાંથી અમરતામાં તથા એના મર્યાદિત માનસિક જીવનમાંથી પોતાની

---

* मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ।। (१८,६५)
सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।। (१८,६६)

આધ્યાત્મિક સાધના અને પ્રમાણ વડે અનંત આધ્યાત્મિક જીવનમાં માનવ કેવી રીતે આરોહણ કરી શકે તેના સફળ ઉપાય દર્શાવ્યા છે. અને માનવના અંતરમાં અને સર્વ પદાર્થમાં વ્યાપીને રહેલા બ્રહ્મ તરીકે, વાસુદેવ તરીકે તે હવે કહે છે: "આ બધી અંગત ચેષ્ટા અને સાધના — આત્મસંયમની સાધના — છેવટે જરૂરી નહિ રહે, જો તું મને સંપૂર્ણ સમર્પણ કરી શકે તો નિયમ અને ધર્મનું સઘળું અનુસરણ અને તેમનું બંધન બધુંય બાધાકારી વજન તરીકે દૂર નાખી દઈ શકાશે. તારા અંતરમાં અને સર્વ પદાર્થમાં જે દિવ્ય તત્ત્વ, જે વાસુદેવ રહેલો છે તેના એકલાના ઉપર આધાર રાખ અને કેવળ એના જ માર્ગદર્શનમાં વિશ્વાસ મૂક. તારું સમગ્ર માનસ મારા તરફ વાળ, એને મારા વિચારથી અને મારી હાજરીથી પરિપૂર્ણ કરી દે. તારા સમગ્ર હૃદયને મારા પ્રત્યે વાળ, તારા એકેએક કર્મને પછી તે ગમે તે હોય — યજ્ઞ તરીકે અને અર્પણ કરવાની આહુતિ રૂપે કર. એ પ્રમાણે કરીને, મને તારા જીવન, આત્મા અને કર્મ દ્વારા મારું કાર્ય, — મારો સંકલ્પ સિદ્ધ કરવા દે. તારાં મન, બુદ્ધિ અને પ્રાણ અને કર્મો જોડેનો મારો વ્યવહાર માણસ પોતાની મર્યાદિત બુદ્ધિ અને સંકલ્પને દોરવા માટે જે નિયમો અને ધર્મો પોતાના પર લાદે છે તેમનું અનુસરણ કરતો દેખાતો ન હોય તેથી દુ:ખી ન થા, અથવા તો ભ્રમમાં પડ નહીં. મારા ઉપાયો સંપૂર્ણ પ્રજ્ઞાના — જ્ઞાનપ્રેરિત, પ્રેમપૂર્ણ અને શક્તિના ઉપાયો હોય છે જે સર્વ વસ્તુઓને જાણે છે, અને પોતાની સઘળી ગતિઓને તે એક આખરી અને સંપૂર્ણ પરિણામ લાવવા માટે એકત્ર કરે છે; કારણ કે એ ક્રિયા સમગ્રતાવાળી પૂર્ણતાના અનેક તાણાવાણાઓને વિશુદ્ધ કરે છે અને એકસાથે વણે છે. હું અહીં તારા રથના સારથિ તરીકે, તારા અંતરના અને બહારના જીવનના સ્વામી તરીકે પ્રગટ છું, — અને હું ફરીથી મારા વચનથી ખાતરી આપું છું કે હું તને સર્વ શોક અને પાપમાંથી મારી પાસે દોરી લાવીશ. ગમે તે મુશ્કેલીઓ અને ગૂંચવણો ઊભી થાય, પણ આ વાતની ખાતરી રાખ કે તને હું એક સંપૂર્ણ દિવ્ય જીવન પ્રત્યે, — પરાત્પર પુરુષોત્તમમાં — વૈશ્વિક અને અમર જીવનમાં, — દોરી રહેલો છું. જે ગુહ્ય વસ્તુ, જે રહસ્ય પ્રગટ થાય છે — જગતના અનેક તત્ત્વબોધોમાં જે પ્રતિબિંબિત થયેલું છે અને અનુભૂતિ જેની સાખ પૂરે છે તે વસ્તુ ગીતાની દૃષ્ટિએ આપણી અંદર છુપાયેલું આપણું આધ્યાત્મિક સ્વરૂપ છે જેનાં મન અને બાહ્ય પ્રકૃતિ કેવળ આવિર્ભાવ છે, સ્વરૂપો છે. એ રહસ્ય તે પુરુષ અને પ્રકૃતિ વચ્ચેના સંબંધનું, આપણા અંતરમાં વસતો વાસુદેવ જે જીવનમાત્રનો સ્વામી છે તથા એનાં સ્વરૂપો અને ક્રિયાઓને લઈને આપણાથી આચ્છાદિત છે, તેનું રહસ્ય છે. આ સત્યો વેદાંત, સાંખ્ય અને યોગનાં દર્શનોમાં ઘણી રીતે સમજાવવામાં આવેલાં છે અને ગીતાના આગલા અધ્યાયોમાં એમનો સમન્વય કરવામાં આવ્યો છે; તથા એ બધાના દેખાતા ભેદો છતાં એ બધાં એક

જ સત્યને રજૂ કરે છે, અને યોગસાધનાના જુદાજુદા માર્ગોએ આધ્યાત્મિક આત્મસંયમના વિવિધ ઉપાયો છે જેનો આશ્રય લઈને આપણાં અશાંત, અસ્થિર મન અને અંધ બનેલા પ્રાણ પ્રશાંત બને છે અને અનંત પાસાવાળા તે એક પ્રત્યે, આત્માના અને ઈશ્વરના ગૂઢ સત્ય પ્રત્યે વળે છે. કારણ કે એ સત્ય આપણે માટે એવાં તો વાસ્તવિક તથા નિકટનાં બને છે કે આપણે કાં તો એમનામાં સચેતનપણે જીવન ધારણ કરી શકીએ છીએ તથા એમાં વાસ કરી શકીએ છીએ, યા તો શાશ્વતમાં આપણા આત્માનો લય કરી દઈ શકીએ છીએ, તથા એ સ્થિતિમાં માનસિક અજ્ઞાન આપણને ફરજ પાડી શકતું નથી."

એનાથી વધારે ગુહ્યમાં ગુહ્ય વસ્તુ ગીતાએ વિકસાવેલું દિવ્ય પુરુષોત્તમનું ગહન અને સમન્વય કરનારું સત્ય છે જે પોતે આત્મા અને પુરુષ એકીવખતે છે, પરબ્રહ્મ છે અને એકમાત્ર, નિકટ અને રહસ્યમય, અનિર્વચનીય પ્રભુ પણ છે. પુરુષોત્તમ-સ્વરૂપનું એ સત્ય બુદ્ધિને આખરી જ્ઞાનને માટે વધારે વિશાળ અને વધારે ઊંડાણવાળો બૌદ્ધિક પાયો પૂરો પાડે છે, અને આધ્યાત્મિક અનુભૂતિને—એક વધારે મહાન અને સંપૂર્ણપણે સર્વગ્રાહી અને સર્વને સમાવનાર યોગસાધના પણ આપે છે. પુરુષોત્તમ-સ્વરૂપનું વધારે ગહન રહસ્ય એક પરા, આધ્યાત્મિક પ્રકૃતિ અને જીવ એ બેના રહસ્ય ઉપર આધાર રાખે છે, એ જીવ એક બાજુથી પ્રભુની પેલી સનાતન દિવ્ય પ્રકૃતિ અને આ અભિવ્યક્ત અપરા પ્રકૃતિમાં સનાતન અંશ તરીકે રહેલો છે, અને પુરુષોત્તમના અક્ષર અસ્તિત્વમાં એ જીવ તેની સાથે એક જ આત્મારૂપે અને એક જ સારસત્ત્વરૂપે હોઈ સનાતન અંશ છે. આધ્યાત્મિક અનુભૂતિમાં વિશ્વાતીત—પરાત્પર અને અમૂર્ત, એટલે આ જગતમાં, જે કાંઈ છે તે બેની વચ્ચે પ્રાથમિક પ્રકારનો ભેદ કરવા જતાં આ વધારે ગહન જ્ઞાન બાતલ રહી જાય છે, કારણ કે આ વિશ્વથી પેલે પાર જે વિશ્વાતીત—પરાત્પર છે તે પોતે જ એકીવખતે સર્વ જગતોમાં જે કાંઈ છે તે સર્વ વસ્તુરૂપ પણ છે. પ્રત્યેક પ્રાણીના હૃદયમાં રહેલો ઈશ્વર, સર્વ પ્રાણીઓનો આત્મા અને પોતાની પ્રકૃતિમાં એણે જે કાંઈ પ્રગટ કરેલું છે તેનું આદિકારણ, તથા અનિર્વચનીય અર્થ પણ તે જ છે. એ પરાત્પર પોતાની વિભૂતિઓમાં વ્યક્ત થાય છે અને જગતના કાર્યને ફરજ પાડનારો કાલપુરુષ પણ તે છે અને અંતરાત્માનો પ્રણયી અને માશૂક, સર્વ કર્મોનો અને યજ્ઞોનો સ્વામી પણ તે જ છે. આ વધારે ગહન, વધારે સત્ય, અને વધારે ગૂઢ રહસ્ય પ્રત્યે અંતરના ઊંડાણને ખુલ્લું કરવાને પરિણામે ગીતાનો સમગ્ર જ્ઞાન, સમગ્ર કર્મ અને સમગ્ર પ્રકારની ભક્તિનો સમગ્ર યોગ ફલિત થાય છે. એમ આધ્યાત્મિક વિશ્વમયતા અને મુક્ત, પૂર્ણતાને પ્રાપ્ત થયેલ, આધ્યાત્મિક વ્યક્તિમત્તાને પ્રભુ સાથે સંપૂર્ણ અદ્વૈતની તથા એનામાં સંપૂર્ણ નિવાસ કરવાની એમ બંને પ્રકારની અનુભૂતિ એકીવખતે થાય છે—જેથી કરીને આત્માની

અમરતાનો ઘાટ તથા જગતમાં અને શરીરમાં મુકત કર્મ કરવા માટેનો આધાર અને શકિત બંને તેને એકીવખતે પ્રાપ્ત થાય છે.

અને હવે ગીતાની પરમ વાચા, ગુહ્યતમમ્ — સૌથી વધારે ગૂઢ રહસ્ય આવે છે: પરબ્રહ્મ અને પરમાત્મા એક એવો અનંત છે જે સર્વ ધર્મોથી મુકત છે અને એ આ જગતને સ્થાપિત નિયમો વડે ચલાવે છે અને માનવને તેનાં અજ્ઞાન અને જ્ઞાનના, પાપ અને પુણ્યના, સાચા અને જૂઠાના, રાગ અને દ્વેષના અને ઉદાસીનતાના, સુખ અને દુઃખના, હર્ષ અને શોકના, અને એ બન્ને વિરોધી દ્વંદ્વોના પરિત્યાગના તથા એના જીવનના સ્થૂળ, પ્રાણમય, બૌદ્ધિક, ભાવાત્મક, નૈતિક અને આધ્યાત્મિક રૂપો, નિયમો અને ધોરણો દ્વારા તે દોરી રહેલો છે, તે છતાં, એ પરબ્રહ્મ અને પુરુષોત્તમ પોતે એ બધી વસ્તુઓથી પર છે, અને આપણે પણ ધર્મોના ઉપરનો આપણો આધાર મૂકી દઈ શકીએ, એ મુકત અને સનાતન આત્માને આપણી જાતને અર્પણ કરી દઈ શકીએ અને આપણા અંતરને કેવળ એના પ્રત્યે જ સંપૂર્ણપણે અને અનન્ય ભાવે ખુલ્લું રાખવા જેટલી કાળજી લઈએ, આપણી અંદર રહેલા પ્રભુના પ્રકાશમાં, શકિતમાં અને આનંદમાં વિશ્વાસ મૂકી શકીએ તથા અભયપણે અને શોક કર્યા વગર, કેવળ એની જ દોરવણી સ્વીકારીએ, તો એ સાચામાં સાચી અને મહાનમાં મહાન મુકિત અને એને પરિણામે આપણા આત્માની અને પ્રકૃતિની નિરપેક્ષ અને અનિવાર્ય પૂર્ણતા આપોઆપ આવી મળે છે. જેને પ્રભુએ પસંદ કરેલ છે તેવા આત્માને માટેનો આ માર્ગ છે — તે લોકોને જ, જેમનામાં પ્રભુ પોતે ખૂબ આનંદ લે છે કારણ કે તેઓ એની સૌથી નિકટના છે, અંતરંગ છે, એકતા પ્રાપ્ત કરવાની વધારેમાં વધારે શકિતવાળા છે, અને એના જેવા થવાની, — એટલે કે પ્રકૃતિની સૌથી ઉચ્ચ શકિત અને ગતિને મુકતપણે અનુમતિ આપનાર, અને તેની સાથે સંપૂર્ણપણે સંવાદી, પોતાની ચેતનામાં વિશ્વમય અને આત્મામાં પરાત્પર થવાની શકિતવાળા હોય છે.

કારણ કે આધ્યાત્મિક વિકાસના ક્રમમાં એક સમય એવો આવે છે જ્યારે આપણે સચેતન થઈને જાણીએ છીએ કે આપણાં સર્વ પ્રયત્નો અને કર્મો આપણા અંતરમાં અને આપણી આજુબાજુ રહેલી એક દિવ્ય મહાન સંનિધિના ગુપ્ત અને નીરવ દબાણ પ્રત્યે આપણાં માનસિક અને પ્રાણમય પ્રતિકાર્યો માત્ર છે. આપણા મનની ત્યારે ખાતરી થાય છે કે આપણી સઘળી યોગસાધના, આપણી અભીપ્સા, આપણા પ્રયત્નો એ સઘળાં એક વધારે વિશાળ સત્યના અપૂર્ણ કે સંકુચિત સ્વરૂપો માત્ર છે, કારણ કે આપણી માનસિક માગણીઓ, પૂર્વગ્રહો, પસંદગીઓ, બૃહત્ સત્યના ખોટા અનુવાદો કે અર્ધ અનુવાદો એને વિકૃત કરે છે, અથવા તો, કાંઈ નહિ તો, એને મર્યાદિત કરે છે. આપણા વિચારો, અનુભૂતિઓ અને પ્રયત્નો સૌથી મહાન વસ્તુઓનાં કેવળ માનસિક સ્વરૂપો માત્ર

છે. અને જો આપણે એક પરમ અને નિરપેક્ષ શક્તિ અને જ્ઞાન-સ્વરૂપના હાથમાં નિષ્ક્રિયકરણ તરીકે આપણી જાતને મૂકી દઈ શકીએ તો એની એ મહાન વસ્તુઓ આપણામાં વધારે પૂર્ણતાથી, સીધેસીધી રીતે, મુકતપણે અને વિશાળપણે અને વિશ્વના અને શાશ્વતના સંકલ્પ સાથે વધારે સંવાદિતાપૂર્વક એ દિવ્ય શક્તિ પોતે, સિદ્ધ કરી આપી શકે છે. એ દિવ્ય શક્તિ આપણાથી ભિન્ન નથી; એ આપણો પોતાનો અન્ય સર્વ સાથે એક એવો આત્મા છે અને સાથેસાથે તે એક પરાત્પર સત્ છે, એક વ્યાપક વ્યક્તિ-પુરુષ છે. આપણું અસ્તિત્વ, આપણું કર્મ એક વાર એ સૌથી મહાન અસ્તિત્વ જોડે એક થઈ જાય ત્યાર પછી, આપણને અત્યારે લાગે છે તેમ, વ્યક્તિગત રીતે આપણું પોતાનું, એટલે કે માનસિક ભેદમાં રહેલું, નહિ હોય. પછીથી એક અનંતની અસીમ ક્રિયારૂપ તથા એક પરિચિત અનિર્વચનીય સન્નિધિરૂપ બની રહેશે; એ ગહન વૈશ્વિક આત્મા અને એ પરાત્પર પુરુષની આપણી અંદર થતી અભિવ્યક્તિની અને રચનાકાર્યની સતત સ્વાભાવિકતા હશે. ગીતા કહે છે કે એ પ્રમાણે સંપૂર્ણપણે થઈ શકે તેટલા માટે માનવના આત્માનું સમર્પણ નિ:શેષ થવું જોઈએ. આપણો યોગ, આપણું જીવન, આપણી અંતરની વ્યવસ્થા આ સજીવ અનંતને હાથે મુકતપણે નિર્માણ થવું જોઈએ. આપણા મનના આ કે તે ધર્મ માટેના, કે કોઈ પણ ધર્મ માટેના, આગ્રહ વડે એને આપણે પહેલેથી નિમિત કરવાં ન જોઈએ. આ યોગનો ઈશ્વર કૃષ્ણ એને સ્વીકારી પોતે ત્યાર પછી આપણો યોગ પોતાના હાથમાં લઈ લેશે અને આપણને પૂર્ણતાની શક્ય પરાકાષ્ઠાએ પહોંચાડશે, કોઈ બાહ્ય કે માનસિક ધારણની, કે મર્યાદિત કરનાર નિયમની પૂર્ણતા પ્રત્યે નહિ, પરંતુ મનને માટે અપરિમેય એવી અસીમ અને સર્વગ્રાહી પૂર્ણતા પ્રત્યે આપણને તે લઈ જશે. એ પૂર્ણતા સર્વનું એકીવખતે દર્શન કરનાર જ્ઞાને સમગ્રના સત્ય અનુસાર વિકસાવેલી પૂર્ણતા હશે,—એ સત્યમાં સૌથી પહેલું તો આપણા માનવ-સ્વભાવનું સત્ય જરૂર હશે; પરંતુ પછીથી, એનાથી જે વધારે મહાન વસ્તુ પ્રત્યે તે સ્વભાવ ખુલ્લો થશે તેનું પણ સત્ય હશે. એ બ્રહ્મનું, અમર્યાદ શક્તિનું, અમર, મુકત અને સર્વ રૂપાંતર સાધનારું એક દિવ્ય અને અનંત પ્રકૃતિની જ્યોતિ તથા મહિમાવાળું સત્ય પણ હશે.

સાધકે પોતાનું સર્વસ્વ રૂપાંતર સાધવાના કાચા મસાલા તરીકે અર્પણ કરી દેવું જોઈએ. ત્યાર પછી એક સર્વજ્ઞ ચેતના આપણાં જ્ઞાન અને અજ્ઞાન, આપણું સત્ય અને સ્ખલન વગેરેને પોતાના હાથમાં લેશે, એમનાં અપર્યાપ્ત રૂપોને દૂર ફેંકી દેશે અને સઘળાં તત્ત્વોને અનંત પ્રકાશમાં ફેરવી નાખશે. એક સર્વશક્તિમાન સત્તા આપણાં પાપ અને પુણ્યને, આપણાં શુભ અને અશુભને, આપણાં સામર્થ્ય અને નિર્બળતાને, પોતાના હાથમાં લેશે અને એમનાં ગૂંચવાયેલાં

સ્વરૂપોને દૂર કરી દેશે અને સર્વ સત્યોને પરાત્પર પવિત્રતા અને વિશ્વવ્યાપી કલ્યાણ અને અસ્ખલિત શકિતના રૂપમાં ફેરવી નાખશે. એક અનિર્વચનીય આનંદ આપણાં ક્ષુદ્ર હર્ષ અને શોકને, આપણી મોજ અને દુઃખને, પોતાના હાથમાં લઈને એમના વિસંવાદોને અને અપૂર્ણ સંવાદોને દૂર કરી દેશે, —સર્વ ધર્માન્ પરિત્યજ્ય— અને એમનું એક પરાત્પર એવા વિશ્વવિરાટ, અકલ્પનીય આનંદમાં રૂપાંતર કરી આપશે. બધા યોગમાર્ગો જે કરી શકે તે બધું સિદ્ધ કરવામાં આવશે અને તેમનાથી વધારે પણ સિદ્ધ થશે; પરંતુ તે વધારે મહાન દૃષ્ટિવાળા માર્ગો કોઈ પણ માનવ ગુરુ, સંત કે દ્રષ્ટા આપણને આપી શકે તે કરતાં, વધારે મહાન જ્ઞાન અને સત્ય સહિત તે કરી શકે છે. આ પરમ યોગસાધના જે અંતરની આધ્યાત્મિક સ્થિતિ પ્રત્યે આપણને લઈ જશે તે અહીં અત્યારે છે તે સર્વના કરતાં વધારે ઊંચી હશે, અને છતાં આ વિશ્વમાં તથા અન્ય વિશ્વોમાં જે કાંઈ છે તે સર્વને તે પોતાનામાં સમાવનારી હશે. મર્યાદા વગર, બંધન વગર, એ બધાંનું આધ્યાત્મિક રૂપાંતર કરી નાખીને તે સાધશે—સર્વ ધર્માન્ પરિત્યજ્ય—પરમાત્માનાં અનંત સત્-ચિત્ અને આનંદ આપણામાં તેની સ્થિર નીરવતામાં અને પ્રકાશિત પ્રવૃત્તિમાં પણ હાજર હશે, એ સઘળાં તો એના અસલનાં વિશ્વવ્યાપી વ્યાપક સત્ત્વ, બીબું અને પ્રકાર હોય છે. એ અનંતના બીબામાં પ્રભુ વ્યકત થશે,—પોતાની યોગમાયાથી પ્રચ્છન્ન નહિ પરંતુ પ્રગટપણે વાસ કરશે, અને જ્યારે અને જે રીતે તેની ઇચ્છા થશે ત્યારે અને તે રીતે આપણી અંદર અનંતના જે કાંઈ આકારો અને સ્વરૂપો એને ઘડવા હશે તે ઘડશે,—જે જ્ઞાનના, એના પોતાની જાતને પ્રસિદ્ધ કરનાર સંકલ્પના અને અમર આનંદના, વિચારના, પ્રેમના, આધ્યાત્મિક આનંદનાં, શકિતનાં અને કર્મનાં પ્રકાશિત સ્વરૂપો હશે,—મુકત આત્માને માટે અને અનાસકત પ્રકૃતિના ઉપર બંધન કરનારી કાંઈ અસર નહિ થાય, એક કે બીજા કોઈ ઊતરતા પ્રકારના સૂત્રમાં ન છૂટકે બંધાયા વગર. કારણ કે સર્વે કર્મો આત્માની શકિત વડે દિવ્ય મુકિતમાં—સર્વ ધર્માન્ પરિત્યજ્ય—મૂર્ત સ્વરૂપ પામશે—પ્રગટ થશે. પરાત્પર પુરુષોત્તમમાં—પરંધામમાં—સ્થિર સ્થાન—એ આ આધ્યાત્મિક સ્થિતિનો પાયો અને વિશ્વાસ હશે—થશે. એ કર્મોની મર્યાદા બાંધનારી શકિત વિશ્વસત્તા સાથે અને સર્વ પ્રાણીઓ સાથે એક ગાઢ, જ્ઞાનપૂર્ણ એકતા, જે ભેદ કરનાર મનનાં અનિષ્ટો અને દુઃખોથી મુકત થયેલ હશે, પરંતુ સાચા તફાવત વિષે જ્ઞાનપૂર્વક જાગ્રત રહેશે એવી એક ગાઢ, જ્ઞાનપૂર્ણ એકતા એ કર્મોની મર્યાદા બાંધનારી શકિત બનશે. આ સમગ્રતાવાળી મુકિતનું પરિણામ શાશ્વત અંશરૂપ જીવનની પ્રભુ સાથે, અને જે કાંઈ તે બનેલો છે તેમાં તેનાં અન્ય સ્વરૂપોમાં એક અસ્ખલિત આનંદની, એકતાની અને સંવાદિતાની અનુભૂતિ થશે. આપણામાં નવજીવનના

વિકટ કોયડાઓ જેનો અર્જુનની મુશ્કેલી એક ઘણો જ તીવ્ર નમૂનો છે, તે બધા અજ્ઞાનમાં રહેલી આપણી ભેદ કરનારી વ્યક્તિતાએ ઉત્પન્ન કરેલા છે. એ બધાનો સંપૂર્ણ વિલય સાધવાનો માર્ગ આ યોગ છે, કારણ કે એ માનવના આત્માને પ્રભુ સાથે અને વિશ્વજીવન સાથે સાચા સંબંધમાં મૂકી આપે છે અને આપણાં કર્મોને પ્રભુનાં બનાવે છે, એ કર્મોને આકાર આપનાર અને ગતિ આપનાર જ્ઞાન અને સંકલ્પ પણ એનાં જ હોય છે, તથા એ યોગને લીધે આપણું જીવન એક દિવ્ય આવિર્ભાવમાં સંવાદરૂપ બને છે.

સમગ્ર યોગ હવે પ્રગટ કરવામાં આવ્યો છે, બોધની મહાન વાચા સંભળાવવામાં આવી છે, અને પ્રભુએ પસંદ કરેલો અર્જુનરૂપી માનવ-આત્મા ફરીને પાછો દિવ્ય કર્મ કરવા માટે તત્પર થયો છે, —પરંતુ આ મહાનમાં મહાન આત્મજ્ઞાન વડે એના અહંપ્રધાન મનથી નહીં. માનવતામાં રહીને દિવ્ય જીવન જીવવાને તથા દિવ્ય કર્મ કરવાને વિભૂતિ હવે તૈયાર થઈ છે, એનો સચેતન આત્મા 'મુક્તસ્ય કર્મ' કરવાને તૈયાર થયો છે. એના મનનો મોહ ટળી ગયો છે; એના પોતાના આત્માની અને એના સત્યની જે અત્યાર સુધી સ્મૃતિ જીવનનાં ભ્રમ ઉત્પન્ન કરનારાં સ્વરૂપો અને દેખાવોથી ઢંકાઈ ગઈ હતી તે આત્માની અને તેના સત્યની સ્મૃતિ એને પાછી મળી ગઈ છે અને એની સ્વસ્થ ચેતનારૂપ બનેલી છે. સર્વ સંશય અને ભ્રમો ટળી ગયા છે. હવે પ્રભુની આજ્ઞાનો અમલ તે કરી શકે તેમ છે. એટલે હવે પ્રભુને ખાતર તથા જગતને ખાતર જે કાંઈ કર્મ એના અસ્તિત્વનો સ્વામી, જે કાલમાં અને વિશ્વમાં પોતે પરિપૂર્ણતાને પામેલો રહેલો છે તે જે કાંઈ કર્મ એને કરવાનું સોંપે અને એને ભાગે આવે તે કરવાને એ તૈયાર છે.

# ગીતાના અર્થનું હાર્દ

તો પછી ગીતાનો સંદેશ શો છે અને ગીતા રચાયા પછી પસાર થઈ ગયેલા સૈકાઓ પછી વિચારોમાં અને અનુભૂતિમાં જે મહાન રૂપાંતરો થયેલાં છે, તે બધાં જોતાં આજના માનવમનને માટે ગીતાનું સક્રિય મૂલ્ય અને આધ્યાત્મિક ઉપયોગિતા શી છે? માનવનું મન હમેશાં પ્રગતિ કરે છે, આગળ વધે છે, પોતાના દૃષ્ટિબિંદુને બદલે છે અને વિચારના સત્ત્વને વિશાળ કરતું જાય છે. એ બધા ફેરફારોની અસર એ થાય છે કે ભૂતકાળની દાર્શનિક પદ્ધતિઓ કાલગ્રસ્ત થઈ જાય છે, અથવા તો, સચવાઈ રહે છે તો એમનું મૂલ્ય કાં તો વધે છે, વિકાસ પામે છે, અથવા તો સૂક્ષ્મ રીતે કે દેખીતી રીતે એમના મૂલ્યમાં ફેરફાર થાય છે. કોઈ પણ પ્રાચીન સિદ્ધાંતમાં કે તત્ત્વમાં જેટલે અંશે એ પ્રકારની પ્રક્રિયાને સ્વાભાવિક રીતે અનુકૂળ બનવાની શકિત હોય છે તેટલે અંશે તે પ્રાણવાન ગણાય છે. કારણ કે એનો અર્થ એ થાય છે કે એ પદ્ધતિની, વિચારના એ સ્વરૂપની મર્યાદાઓ, અથવા તો કાલગ્રસ્તતાઓ ગમે તેટલી હોય તોપણ જે જીવંત દર્શન અને અનુભૂતિ ઉપર એ પદ્ધતિ રચાયેલી છે તેનું સત્ય હજી પણ સંગીન છે, અને એની પોતાની ધ્રુવ વાસ્તવિકતા અને અર્થવત્તા એનામાં હજી તે સાચવી રહેલ છે. આ દૃષ્ટિએ ગીતામાં અસાધારણ પ્રકારની પ્રાણશકિત અને સંગીનતા માલૂમ પડી છે, અને એના મૂળ સત્ત્વમાં તે મહાભારતના સમયમાં પહેલવહેલી પ્રગટ થઈ ત્યારે, અથવા તો, એના ચોકઠામાં એને બેસાડવામાં આવી ત્યારે, તે જેટલી તાજી હતી, નવીન હતી તેટલી આજે પણ છે, કારણ કે એની અનુભૂતિ ફરીફરીને જીવંત કરી શકાય તેવી છે. હિંદની ધાર્મિક વિચારણાનું સૌથી વધારે પ્રમાણભૂત રીતે સંચાલન કરનાર મહાન પ્રસ્થાન-ગ્રંથોમાં ગીતાની ગણના થાય છે અને ગીતાના ઉપદેશને હિંદના ધાર્મિક મત અને મંતવ્યોના લગભગ બધા જ પ્રકારો પૂરેપૂરા અંશમાં સ્વીકાર ન કરતા હોય તોપણ એના ઉપદેશને અમૂલ્યમાં અમૂલ્ય વસ્તુ તરીકે સ્વીકારવામાં આવેલો છે. ગીતાની અસર કેવળ તત્ત્વદર્શન કે પાંડિત્ય પૂરતી નથી, પરંતુ જીવંત અને સીધેસીધી છે, એ અસર વિચાર અને વ્યવહાર બન્નેને સ્પર્શે છે અને એના વિચારો પ્રજાનો અને સંસ્કૃતિનો પુનરુદ્ધાર અને નવજીવન પ્રાપ્ત કરવામાં અત્યારે સમર્થ ઘડનાર તત્ત્વો તરીકે પ્રત્યક્ષ રીતે કાર્ય કરી રહેલા છે. હિંદના એક મહાન વકતાએ હમણાં કહ્યું હતું કે "આધ્યાત્મિક

જીવન ગાળવા માટે જે આધ્યાત્મિક સત્યની જરૂર છે તે સઘળાં ગીતામાં મળી આવે છે." એ વાક્યનો અક્ષરોને અતિશય વળગીને અર્થ સ્વીકારવો એટલે તો પુસ્તક વિષે વહેમને પોષણ આપવું એમ જ કહેવાય. આત્માનું સત્ય અનંત છે. અને એને એ રીતે વાડમાં પૂરી દઈ શકાય નહીં. છતાં, એમ કહી શકાય કે આધ્યાત્મિક જીવનની મુખ્ય ચાવીઓમાંની ઘણીખરી ગીતામાં મળી આવે છે, તથા ગીતા પછી આધ્યાત્મિક અનુભૂતિઓ અને ખોજ થયેલી છે તે છતાં પણ આપણે એક વિશાળ પ્રેરણા અને દોરવણી માટે ગીતા પ્રત્યે હજી આજે પણ દૃષ્ટિ કરી શકીએ છીએ. હિંદની બહાર પણ ગીતાની જગતનાં મહાન ધર્મશાસ્ત્રોમાં ગણના થાય છે, જોકે યુરોપમાં એનું વિચારતત્ત્વ એની ગુમ આધ્યાત્મિક સાધના કરતાં વધારે સારી રીતે સમજવામાં આવેલું છે. એવી કઈ વસ્તુ છે જે ગીતાના વિચારતત્ત્વને અને એના સત્યને એ જીવન શકિત અર્પે છે?

અંતરના આધ્યાત્મિક સત્યના સૌથી નિરપેક્ષ અને સમગ્રતાવાળા સાક્ષાત્કાર સાથે માનવના જીવનની અને કર્મની બાહ્ય વાસ્તવિકતાઓ વચ્ચે સમાધાન કરવાનો અને એ બેની વચ્ચે એક પ્રકારની એકતા પણ કરવાના વિચારમાં ગીતાના તત્ત્વદર્શનનો અને યોગનો મુખ્ય રસ રહેલો છે. એ વિચાર સાથે ગીતા પોતાનો આરંભ કરે છે, મધ્યમાં તેને ચાલુ રાખે છે અને અંતમાં તેના પર આવે છે. એ પ્રકારનાં બે તત્ત્વો વચ્ચે બાંધછોડ તો સામાન્ય રીતે થતી જોવામાં આવે છે, પણ એ કાંઈ છેવટનો અને સંતોષકારક ઉકેલ ન ગણાય. આધ્યાત્મિકતાનું નૈતિકતામાં રૂપાંતર કરવાનો પ્રયત્ન પણ સામાન્ય છે, અને વ્યવહારના નિયમ તરીકે એનું મૂલ્ય પણ રહેલું છે. પરંતુ એ ઉકેલ માનસિક છે અને એમાં આત્માનું સંપૂર્ણ સત્ય જીવનના સંપૂર્ણ સત્ય સાથે સંપૂર્ણ વ્યવહારુ સમાધાન પામતું નથી, અને એ સમાધાન જેટલા પ્રશ્નો ઉકેલે છે તેટલા નવા ઊભા પણ કરી આપે છે. એવા પ્રશ્નોમાંનો એક લઈને જ ગીતા તેને પોતાના આરંભબિંદુ તરીકે વાપરે છે. ગીતાનો આરંભ એક બાજુ કર્મવીર રાજકુમાર, માનવોના નેતાનો, એક મહાન કટોકટીના પ્રસંગના મુખ્ય પાત્રનો ધર્મ અને બીજી બાજુ સ્થૂલ ભૂમિકા ઉપરના યુદ્ધનો, પ્રત્યક્ષ જીવનની પરિસ્થિતિમાં આચરવાનો ધર્મ,—સત્ય અને ન્યાયની શકિતઓ અને અધર્મ અને અન્યાયની શકિતઓ વચ્ચેના ઝઘડામાં આચરવાનો ધર્મ—એ બેની વચ્ચેની અથડામણને લઈને ઊભો થયેલો પ્રશ્ન લઈને ગીતા આરંભ કરે છે. એક બાજુ સમગ્ર પ્રજાનું ભાવિ અર્જુન પાસે માગણી કરી રહ્યું છે કે—"અન્યાયનો અને અધર્મનો વિરોધ કર, યુદ્ધ કર, સ્થૂલ ભૂમિકા ઉપર ભયંકર યુદ્ધ અને ખૂનખાર વિનાશ કરીને પણ તું જગતમાં સત્ય, ધર્મ અને ન્યાયના રાજ્યવાળો નવો યુગ પ્રવર્તાવ." સામી બાજુએ નીતિની લાગણી જાગ્રત થઈને એ ઉપાયને અને યુદ્ધના એ કર્મને પાપ તરીકે ગણે છે, સામાજિક કલહ,

અને અંગત દુઃખનું મૂલ્ય અવ્યવસ્થા અને ક્ષોભ રૂપે આપતાં ધૃણા પામે છે, અને હિંસા અને યુદ્ધમાંથી વિરત થવું એ જ એકમાત્ર સાચું નૈતિક વલણ છે એમ કહે છે. આધ્યાત્મિકતામાં પરિવર્તન પામેલી નીતિ અહિંસાના ઉપર ભાર મૂકે છે, તેના પાલનનો આગ્રહ કરે છે, કોઈની પણ હિંસા કે હાનિ ન કરવી એને આધ્યાત્મિક વ્યવહારનો સૌથી ઊંચો નિયમ ગણે છે. યુદ્ધ જો કરવાનું જ હોય તો તે આધ્યાત્મિક ભૂમિકા ઉપર જ થવું જોઈએ અને તે પણ કોઈ પણ પ્રકારના અવિરોધ, યાને પ્રતિકાર રૂપે, અથવા તો સહકારના ઇન્કાર રૂપે કે આત્માના વિરોધ વડે થવું જોઈએ. અને બાહ્ય ભૂમિકા ઉપર એ ઉપાય સફળ ન થાય તોપણ, — અન્યાયનાં બળો વિજયી નીવડે તોપણ, વ્યક્તિએ પોતાનો સદ્‌ગુણ તો જાળવ્યો ગણાશે અને પોતાના ઉદાહરણથી એક મહાન આદર્શને સાચો ઠરાવ્યાનું આશ્વાસન તો તેને મળી શકશે. બીજી બાજુએ અંતરની આધ્યાત્મિક દિશાનો એક વધારે આગ્રહી છેડો સામાજિક ફરજ અને નીતિનો નિરપેક્ષ આદર્શ એ બે વચ્ચેની અથડામણમાંથી ઉપર જઈને સંન્યાસની બાજુએ ઢળે એ પણ સંભવિત છે અને જીવન તથા તેનાં સર્વ ધોરણોથી, કર્મનાં ધોરણો અને તેના ઉદ્દેશોમાંથી દૂર જવાનો નિર્દેશ કરીને એક બાજુ એક બીજી જ વિશ્વથી અતીત કોઈ સ્વર્ગીય અવસ્થા પ્રત્યે વ્યક્તિને દોરે છે અને એ ઉચ્ચ સ્થિતિમાં જ માનવના જન્મ, જીવન અને મરણના ભ્રમિત મિથ્યાત્વથી અને માયાથી પર શુદ્ધ આધ્યાત્મિક અસ્તિત્વ શક્ય છે. આમાંની કોઈ પણ વસ્તુ તેને યોગ્ય સ્થાને હોય તો ગીતા તેનો ઇન્કાર કરતી નથી, કારણ કે સામાજિક ફરજ અદા કરવાનો તે આગ્રહ કરે છે, સામાન્ય સમષ્ટિના કાર્યમાં જેને પોતાનો ફાળો આપવાનો છે તેવા માણસને માટે ધર્મનું અનુસરણ ગીતા આવશ્યક ગણે છે, આધ્યાત્મિકતા અને નીતિના સંયોગના ઊંચામાં ઊંચા આદર્શ તરીકે તે અહિંસાને સ્વીકારે છે અને આધ્યાત્મિક મુક્તિને માટે સંન્યાસવાળા ત્યાગમાર્ગનો પણ સ્વીકાર કરે છે. અને છતાં, એ પરસ્પર વિરોધી પરિસ્થિતિઓમાંથી ગીતા પોતે હિંમતપૂર્વક બહાર નીકળી જાય છે; સમગ્ર જીવન એક દિવ્ય સત્‌-તાના અર્થઘન આવિર્ભાવ તરીકે આત્માનું પોતાનું છે એમ તે હિંમતપૂર્વક કહે છે અને સંપૂર્ણ માનવકર્મ અને અનંત સાથે એકતામાં રહીને ગાળેલું સંપૂર્ણ આધ્યાત્મિક જીવન એમ બન્ને એકબીજા સાથે સંવાદી હોઈ શકે છે, ઉત્તમોત્તમ પુરુષના સાક્ષાત્કાર સાથે પણ તે સંવાદી હોઈ શકે છે તથા સંપૂર્ણ દેવત્વનો તે આવિર્ભાવ કરી શકે છે એવું તે પ્રતિપાદન કરે છે.

માનવજીવનના બધા કોયડાઓ આપણું અસ્તિત્વ સંકુલ છે, જટિલ છે તેમાંથી ઉદ્‌ભવે છે, તથા એનાં મૂળ તત્ત્વો તમોગ્રસ્ત દશામાં પડેલાં છે અને એની અંતરની ઊંડામાં ઊંડી શક્તિ જે તેનું નિર્માણ કરે છે તથા એના હેતુઓ અને પ્રક્રિયાઓનું શાસન કરે છે તે શક્તિઓ ગુપ્ત છે, રહસ્યમય છે તેમાંથી એ પ્રશ્નો

જન્મે છે. જો આપણું અસ્તિત્વ એક જ તત્ત્વની બનેલી સાદી વસ્તુ હોત, કેવળ જડ પ્રાણનું કે કેવળ મનનું કે કેવળ આત્મતત્ત્વનું જ બનેલું હોત, અથવા તો, એમાંનાં કેટલાંક તત્ત્વો એકમાં, મુખ્યત્વે કરીને કે સંપૂર્ણપણે, અંતર્હિત હોત, અથવા તો આપણી અવચેતનમાં કે પરાચેતનમાં ગુપ્તપણે રહેલાં હોત તો આપણે ગભરાવાનું કે ગૂંચવણમાં પડવાનું કાંઈ જ કારણ હોત નહીં. એમ હોત તો જડતાનો અને પ્રાણનો નિયમ સર્વોપરિ હોઈ સર્વશાસક હોત, યા તો, મનોમય ચેતના પોતાના શુદ્ધ અને અવિરોધી તત્ત્વ વિષે સંપૂર્ણપણે વિશદ હોત, યા તો આધ્યાત્મિક તત્ત્વ પોતે આત્માને માટે સ્વયંભૂ અને સ્વપર્યાપ્ત નીવડત. પશુઓને પ્રશ્નો હોતા નથી, શુદ્ધ માનસિક ભૂમિકામાં રહેનાર મનોમય દેવતા કાં તો કોઈ પ્રશ્નનો સ્વીકાર કરત જ નહીં, અથવા તો બધા પ્રશ્નોને તે પોતાના મનના નિયમની વિશુદ્ધિ વડે યા તો, બુદ્ધિપ્રધાન સંવાદના સંતોષ વડે ઉકેલી શકત. શુદ્ધ આત્મા એ બધા પ્રશ્નોથી પર હોઈ અનંતમાં આત્મસંતુષ્ટ રહેત. પરંતુ માનવનું અસ્તિત્વ ત્રણ તાણાનો પટ છે, — તે એકીવખતે અગમ્યપણે સ્થૂલ, પ્રાણમય, મનોમય અને આધ્યાત્મિક એમ ત્રણે તાણાઓનો બનેલો પટ છે. અને એ ત્રણ વસ્તુઓના પરસ્પર સાચા સંબંધો કયા છે તે એ જાણતો નથી, એના જીવનની અને પ્રકૃતિની સાચી વાસ્તવિકતા, સાચું સત્ય કયું છે, એનું ભાવિ કઈ દિશા તરફ એને ખેંચી રહ્યું છે, અને એની પૂર્ણતાનું ક્ષેત્ર કયું છે તે એ જાણતો નથી.

જડ તત્ત્વ અને પ્રાણ એ બે એના પ્રત્યક્ષ પાયારૂપ છે, એમનાથી તે આરંભ કરે છે, એમના પર તે ઊભો રહેલો છે અને પૃથ્વી ઉપર અને સ્થૂલ શરીરમાં જો એને જીવન ટકાવવું જ હોય તો એમની જરૂર અને નિયમ તેણે સંતોષવાં આવશ્યક છે. સ્થૂલનો અને પ્રાણનો નિયમ એટલે જીવન ટકાવવાનો, જીવન-કલહનો, કામનાનો અને પરિગ્રહનો તથા શરીર, પ્રાણ અને અહંના પોતાના આગ્રહી વિધાનનો અને સંતોષનો નિયમ છે, જગતમાં જે બૌદ્ધિક તર્ક, જે કાંઈ નૈતિક આદર્શશીલતા, ભાવનામયતા અને આધ્યાત્મિક નિરપેક્ષતા માનવની વધારે ઉચ્ચ શક્તિઓ ધારણ કરવાની ક્ષમતાવાળી છે તે બધી ય આપણા પ્રાણમય અને સ્થૂલ દેહ — જે તેનો પાયો છે તેની વાસ્તવિકતાને અને તેના હકને મિટાવી દઈ શકે તેમ નથી. અથવા તો, પ્રકૃતિના અવિરોધ્ય દબાણ નીચે એ બેના હેતુઓ અને એની જરૂરિયાતના સંતોષોની ખોજ કરવામાંથી માનવજાતિને અટકાવી શકાશે નહીં. અથવા તો, એ બેના ઉપયોગી પ્રશ્નોને માનવના ભાવિના, એના સ્વાર્થના અને પુરુષાર્થના મહાન અને યોગ્ય ક્ષેત્ર તરીકે ગણાતા અટકાવી શકાશે નહીં. અને માનવની બુદ્ધિ પણ જ્યારે આધ્યાત્મિક કે આદર્શ ઉકેલો, — આપણા જીવનના વ્યવહારુ, આગ્રહી, દબાણ કરનારા પ્રશ્નો સિવાય બીજા બધા પ્રશ્નોના ઉકેલો — લાવી આપે છે, એમાંથી પોતાને કાંઈ પોષણ મળતું નથી એમ જુએ છે

ત્યારે એ પ્રશ્નો તરફથી પોતાનું મુખ તે ફેરવી નાખે છે અને કેવળ સ્થૂલ જીવન અને પ્રાણમય જીવનનો જ સ્વીકાર કરે છે તથા એ જીવનમાંથી સૌથી વધારે કુશળતા, હિત અને વ્યવસ્થિત સંતોષનું બુદ્ધિપૂર્વક યા તો સહજ જ્ઞાન વડે અનુસરણ કરે છે. એવા જમાનામાં જીવન ટકાવવા માટેનો સંકલ્પ અથવા તો, પ્રાણમય અને સ્થૂલ જીવનની બુદ્ધિગ્રાહ્ય પૂર્ણતા કે સામર્થ્ય પ્રાપ્ત કરવા માટેનો સંકલ્પ માનવજાતિનો ધર્મ બને છે અને એ સિવાયનું બાકીનું બધું, કાં તો ડોળઘાલુ અસત્ય, અથવા તો, તદ્દન ગૌણ વસ્તુ, તદ્દન નજીવાં અને પરાધીન પરિણામો લાવનાર, બાજુ પરના નજીવા પ્રશ્નો જ ગણાય છે.

જડ તત્ત્વ અને જીવન યાને પ્રાણ અતિ આગ્રહી અને ઘણાં અગત્યનાં તત્ત્વો છે તે છતાં માનવ જે કાંઈ છે તે સઘળો એ બેમાં સમાઈ જતો નથી, અને બુદ્ધિ યાને મન, પ્રાણ અને શરીરનો કેવળ નોકર છે અને એની સેવાના ઈનામ તરીકે મનને પોતાના અમુક શુદ્ધ માનસિક ભોગો ભોગવવાની છૂટ આપવામાં આવે છે, અથવા તો એવા માનસિક આનંદો પ્રાણના આવેગના જ વિસ્તાર અને વિકાસપુષ્પ તરીકે જ છે, સ્થૂલ જીવનના સંતોષના ઉપર આધાર રાખનારી એક પ્રકારની આદર્શ ભોગવિલાસ તરીકેની વસ્તુઓ છે એવું સંપૂર્ણપણે માનવ સ્વીકારી લઈ શકતો નથી. માનવ એક દેહ છે અને તે પ્રાણમય છે તેના કરતાં પણ વધારે નિકટપણે માનવ એક મન છે, અને બુદ્ધિ યાને મન જેમજેમ વિકાસ પામતું જાય છે તેમતેમ શરીર અને પ્રાણને પોતપોતાના વિશિષ્ટ પ્રકારના સંતોષ અને સાક્ષાત્કાર માટે પોતાનાં કરણો તરીકે ઉપયોગ કરવાનો તે વધારે ને વધારે આગ્રહ કરે છે. શરીર અને પ્રાણ એ બન્ને કરણો — એને માટે અનિવાર્ય છે અને છતાં એક ભારે બાધારૂપ છે. એમ ન હોત તો માનવને માટે કોઈ કોયડો જ રહેત નહીં. માનવનું મન કેવળ પ્રાણમય, અને સ્થૂલના ઉપર પ્રતિષ્ઠિત છે એટલું જ નથી, એનું મન બુદ્ધિપ્રધાન, સૌંદર્ય ગ્રહણ કરનારું, નૈતિક, ચૈતસિક, ભાવપ્રધાન અને ક્રિયાત્મક બુદ્ધિની શકિતવાળું પણ છે. અને એની પ્રત્યેક વૃત્તિના ક્ષેત્રમાં, એની ઊંચામાં ઊંચી અને સૌથી બળવાન પ્રકૃતિ એ હોય છે કે એ પ્રત્યેકની કોઈ નિરપેક્ષતા પ્રત્યે પહોંચી જવાનો પ્રયત્ન કરવો, — એવી નિરપેક્ષતા જીવનનું ચોકઠું એને સંપૂર્ણપણે પ્રાપ્ત કરવા દેતું નથી અને અહીં એને મૂર્ત સ્વરૂપ આપવા કે નિઃસંશયપણે સ્થૂલ વાસ્તવિકતામાં પ્રગટ કરવા દેતું નથી. આપણી અભીપ્સાઓમાં જે માનસિક નિરપેક્ષતાનું તત્ત્વ હોય છે તે કેવળ અપૂર્ણપણે ગ્રહણ થયેલ કોઈ તેજસ્વી કે ઝગઝગતા આદર્શરૂપ રહે છે, — મન એ આદર્શને પોતાના અંતરના ક્ષેત્રમાં ખૂબ પ્રત્યક્ષ કરી શકે, અંતરમાં પોતાના સર્વ પ્રયત્નના શાસક — સમ્રાટ — તરીકે જાગ્રત રાખી શકે, અને થોડે અંશે, એને જીવનમાં અસરકારક પણ બનાવી શકે, પરંતુ જીવનની બધી ઘટનાઓને તે એ

નિરપેક્ષતાની મૂર્તિમાં ફરજ પાડીને સમાવી શકતું નથી. આમ, આપણા અંતરમાં એક નિરપેક્ષ ઉપસ્થિત થાય છે, આપણી બુદ્ધિ-પ્રધાન સત્-તા જેની ખોજ કરે છે એવી બૌદ્ધિક અને તર્કના સત્યની ઉચ્ચ અનિવાર્યતા જાગ્રત થાય છે. એ જ પ્રમાણે ઋતમ્‌ના — વ્યવહારના સત્યના અને વર્તનના નિરપેક્ષને માટે આપણું નૈતિક અંતઃકરણ ગતિ કરે છે; એવો જ પ્રેમ, સહાનુભૂતિ, દયા, એકતા વગેરેની નિરપેક્ષતાને પ્રાપ્ત કરવા માટે આપણી ભાવપ્રધાન અને ચૈતસિક પ્રકૃતિ પ્રયત્ન કરે છે. આપણામાં સૌંદર્યગ્રાહી આત્મા રહેલો છે તે જેનાથી આંદોલિત થાય છે એવો આનંદ અને સૌંદર્યનો એક નિરપેક્ષ પણ જીવનમાં જાગે છે. અંતરના સંયમની, પ્રાણના સંયમની નિરપેક્ષતાને પ્રાપ્ત કરવાને માટે ક્રિયાત્મક સંકલ્પશક્તિ પ્રયત્ન કરતી હોય છે. આ બધા નિરપેક્ષો એકસામટા હોય છે અને માનવના અંતરમાં પ્રાપ્તિ યાને પરિગ્રહ સુખચેન અને સલામત સ્થૂલ જીવન ગાળવાનો પ્રાણ અને સ્થૂલ મન જે અનિવાર્ય આગ્રહ કરે છે તેના નિરપેક્ષ જોડે એ બધા અથડામણમાં આવે છે. અને એમાંના કોઈ પણ એકનો સાક્ષાત્કાર માનવની બુદ્ધિ સંપૂર્ણપણે કરી શકતી નથી, તો બધાનો સામટો સાક્ષાત્કાર તો ક્યાંથી જ કરી શકે? પ્રત્યેક ક્ષેત્રમાં તે ઘણાં ધોરણો અને ધર્મો ઉપસ્થિત કરે છે, — સત્ય અને તર્કનાં ધોરણો, ઋતમ્ અને વર્તનનાં, આનંદ અને સૌંદર્યનાં, પ્રેમ, સહાનુભૂતિ અને એકતાનાં, આત્મસંયમ અને સ્વરાટ્‌પણાનાં, જાતને બચાવવાનાં અને પરિગ્રહનાં, પ્રાણની સફળતાનાં અને ઉપભોગનાં, એમ અનેક ધોરણો પોતે ઊભાં કરે છે, અને તેમને જીવન ઉપર લાવવાનો પ્રયત્ન કરે છે. અતિ તેજસ્વી એવા એ નિરપેક્ષ આદર્શો આપણી શક્તિથી ક્યાં યે ઊંચે ઝળકતા રહે છે, અને વિરલ વ્યક્તિઓ જ પોતાનાથી થઈ શકે તેટલો, સારામાં સારો પ્રયત્ન કરીને એમની થોડે સમીપ જઈ શકે છે. જનસમૂહ તો એના કરતાં ઘણા જ ઊતરતા નિયમનું કોઈ સ્થાપિત થયેલા અને શક્ય એવા સાપેક્ષ ધોરણનું અનુસરણ કરે છે, અથવા તો, અનુસરણ કરે છે એમ જાહેર કરે છે. સમગ્રરૂપે માનવજીવન એવા આદર્શોનું આકર્ષણ અનુભવે છે; પરંતુ તે છતાં આદર્શનો તે ઇન્કાર કરે છે, પોતાના અંધકારના તમસૂમાં રહેલા કોઈ અનંતના સામર્થ્ય વડે જીવન એવા આદર્શનો વિરોધ કરે છે અને કોઈ પણ માનસિક કે નૈતિક વ્યવસ્થા સ્થાપન કરવામાં આવી હોય છે તેનો ધીમેધીમે વિનાશ કરે છે, તેને ઘસી અથવા તો ભાંગી નાખે છે. આમ થવાનું કારણ કાં તો એ હોવું જોઈએ કે એ બન્ને તત્ત્વો પરસ્પર મળે છે અને એકબીજાના ઉપર કાર્ય કરે છે તોપણ એ બન્ને તદ્દન જુદાં અને વિજાતીય તત્ત્વો છે, અથવા તો, જીવનની સમગ્ર વાસ્તવિકતાની ચાવી મન પાસે નથી. એ ચાવી મનથી કોઈ વધારે મહાન વસ્તુમાં, માનવ-પ્રાણીની માનસિકતાથી અને નૈતિકતાથી ઊર્ધ્વમાં કોઈ અજ્ઞાત તત્ત્વમાં આપણે શોધવી જોઈએ.

મનને પોતાને પોતાનાથાં ઊર્ધ્વમાં એવી કોઈ પોતાનાથી ઘણી ચડિયાતી વસ્તુ આવી રહેલી છે તેનું અસ્પષ્ટ ભાન હોય છે અને પોતાના નિરપેક્ષ આદર્શોનું અનુસરણ કરવા જતાં ઘણી વાર મન એ ઊર્ધ્વમાં રહેલા તત્ત્વ સાથે સંપર્કમાં આવે છે. એને પોતાની સમીપ અને અંતરમાં, અને પોતાના અંતરનું પણ અંતર હોય અને છતાં અપરિમેય પ્રકારે એના પોતાના કરતાં અતિ મહાન, અતિ દૂર અને ઊર્ધ્વમાં રહેલી એવી કોઈ અવસ્થાનુ, શકિતનુ, સન્નિધિનું ભાન થાય છે. એના પોતાના માનસિક નિરપેક્ષોના કરતાં પણ વધુ નિરપેક્ષ અને એમનાથી વધારે મૌલિક, નિકટ અનંત એવા, એકમેવાદ્વિતીયનાં એને દર્શન થાય છે અને એ વસ્તુને આપણે ઈશ્વર, આત્મા અથવા તો બ્રહ્મ કહીએ છીએ. મન એ વસ્તુને જાણવાનો, એમાં પ્રવેશ કરવાનો, એને સંપૂર્ણપણે ગ્રહણ કરવાનો, એની સમીપ જવાનો અને તદ્રૂપ થવાનો, એની સાથે કોઈ પ્રકારની એકતા કરવાનો, એ પરમ આશ્ચર્યની સાથે સંપૂર્ણ તાદાત્મ્ય કરીને એમાં પોતાની જાતનો સંપૂર્ણ લય કરવાનો પ્રયત્ન કરે છે. એમાં મુશ્કેલી એ હોય છે કે એ આત્મા એના શુદ્ધ સ્વરૂપમાં માનસિક નિરપેક્ષતાઓ જીવનની વાસ્તવિકતાઓથી અને સ્થૂલ પ્રત્યક્ષતાઓથી જેટલી દૂર હોય છે તેનાથી પણ વધારે દૂર જણાય છે, એટલી તો દૂર કે મન એનો પોતાના માનસિક સ્વરૂપોમાં અનુવાદ કરી શકતું નથી — અને જીવન તથા કર્મમાં તો એને પ્રગટ ક્યાંથી જ કરી શકે? — એટલા માટે આધ્યાત્મિકતાના અઠંગ નિરપેક્ષવાદીઓ પણ જોવા મળે છે જેઓ માનસિક જીવનનો ઇન્કાર કરે છે, સ્થૂલ જીવનને શાપિત ગણે છે, અને મન અને પ્રાણની ભૂમિકામાં આપણે જે કાંઈ છીએ તે બધાનો લય કરીને તેમના નિર્વાણ વડે સુખેથી પ્રાપ્ત કરેલું શુદ્ધ આધ્યાત્મિક અસ્તિત્વ ગાળવાને આતુર હોય છે. એ સિવાયની બાકીની આધ્યાત્મિક સાધના એવા નિરપેક્ષના ધર્માંધ લોકો માટે કેવળ એક માનસિક તૈયારીરૂપ, અથવા તો બાંધછોડરૂપ, જીવનને અને મનને બની શકે તેટલાં આધ્યાત્મિક બનાવવાનો પ્રયત્ન માત્ર હોય છે. અને વ્યવહારમાં માણસના મનના ઉપર સૌથી સતત દબાણ કરનારી મુશ્કેલી એના પ્રાણમય સત્‌ની માગણીઓની, એટલે કે જીવનની, વર્તનની અને કર્મના હકદાવાઓની બનેલી હોય છે, એટલે કરીને એ પ્રાથમિક પ્રયત્ન નૈતિક માનસને ચૈતસિક માનસની મદદ લઈને આધ્યાત્મિક બનાવવાની દિશામાં જાય છે. અથવા, વધારે સાચી રીતે કહેતાં એવો પ્રયત્ન એ તત્ત્વોના નિરપેક્ષ હકનો ફરજિયાત સ્વીકાર કરાવવામાં મદદ કરવા માટે આધ્યાત્મિક શકિત અને વિશુદ્ધિ લાવે છે. તથા નીતિના નિયમને અને વર્તનના સત્યને અથવા તો ચૈતસિક સત્‌-તાના પ્રેમ, સહાનુભૂતિ અને એકતાના આદર્શને જીવન જેટલી સત્તા આપે છે તેના કરતાં વધારે મહાન પ્રકારની સત્તા તેમને આપવાને માટે એમનો ઉપયોગ કરે છે. એ વસ્તુઓને

એમની કોઈ સૌથી ઉચ્ચ પ્રકારની અભિવ્યક્તિ કરવામાં સહાય આપવામાં આવે છે અને આત્માની નિરપેક્ષ એકતાનું જે સત્ય જીવનના પાયામાં રહેલું છે તેને બુદ્ધિની અને સંકલ્પશક્તિની અનુમતિ મળતાં એ વસ્તુઓને એમનો સૌથી વિશાળ, પ્રકાશમય પાયો પણ મળી જાય છે. એટલે કે સર્વ જીવંત પ્રાણીઓની મૌલિક એકતાનું સત્ય સક્રિય બને છે. જગતના મહાન ધર્મોનું બાહ્ય સત્ય સામાન્ય મનની માગણીઓ જોડે કોઈ પ્રકારે જોડાયેલી એવી આધ્યાત્મિકતાનું, ઉપયોગી સામાજિક ફરજનો અને સામાજિક વ્યવહારના પ્રચલિત નિયમનો સ્વીકાર કરવાને તત્પર તથા સંપ્રદાય, વિધિ અને મૂર્તિ વડે લોકપ્રિય થયેલી એવી આધ્યાત્મિકતા જગતના ઘણા ધર્મોનું બાહ્ય સત્ત્વ હોય છે. આ ધર્મોના પોતાના ખાસ વિજયો પણ હોય છે, કોઈ વધારે ઊર્ધ્વ જ્યોતિના કિરણને તે લઈ આવે છે, વધારે વિશાળ એવા આધ્યાત્મિક કે અર્ધઆધ્યાત્મિક નિયમની કોઈ છાયાને તે ફરજિયાત કરે છે; પરંતુ સંપૂર્ણ વિજય તેઓ પ્રાપ્ત કરી શકતા નથી, ઘણી વાર ખુલ્લી રીતે બાંધછોડ કરવામાં જ એમનો અંત આવે છે અને એવી બાંધછોડ કરવા જતાં જીવન એમનો પરાજય કરે છે. એના કોયડાઓ તો કાયમ રહે છે અને વધારેમાં વધારે ઉગ્ર રૂપમાં તે ફરીફરીને કુરુક્ષેત્રના ખૂનખાર કોયડાની જેમ ઊભા પણ થાય છે. આદર્શવાદી મન અને નૈતિક માનસ હમેશાં એ બધા કોયડાઓનો છેદ ઉડાવી દેવાની આશા રાખે છે. પોતાની અભીપ્સામાંથી જન્મેલા કોઈ સુખી ઉપાયની શોધ કરવાની અને પોતાના શાસક આગ્રહ વડે તેમને અસરકારક બનાવવાની, તથા પોતાનો એવો આગ્રહ મનની એ અધોગામી, અભદ્ર બાજુનો વિનાશ કરી શકશે એવી આશા તેઓ સેવે છે. તો બીજી બાજુએ, આધ્યાત્મિકતાને પ્રાપ્ત કરી ચૂકેલી બુદ્ધિ, ધર્મના વચન દ્વારા ભાવિમાં કોઈ અન્ય લોકમાં વિજયી સત્યયુગની આગાહી કરે છે. પરંતુ, દરમિયાન, આ પૃથ્વી ઉપર પોતાની અશક્તિની એને અડધી ખાતરી થયેલી હોય છે, આ પૃથ્વી ઉપર આત્મા એક પરદેશી જેવો છે, વિદેશથી આવીને ઘૂસી ગયેલો છે એમ લાગવાથી ધર્મ એમ જાહેર કરે છે કે આ પાર્થિવ દેહમાં પ્રગટ થયેલા જીવનમાં, અથવા તો, મર્ત્ય માનવના સમષ્ટિ જીવનમાં નહિ પરંતુ માનવતાથી પેલી તરફ રહેલા કોઈ અમર પરાત્પરમાં સ્વર્ગ અથવા તો, સાચું આધ્યાત્મિક અસ્તિત્વ જેનામાં રહેલું છે તે નિર્વાણ, આવી રહેલો છે.

આવી પરિસ્થિતિમાં ગીતા આત્માના સત્યનું, પ્રભુના, જગતના અને પ્રકૃતિના સત્યનું ફરીને નિવેદન કરે છે. પ્રાચીન ઉપનિષદોમાંથી પાછળના વિચારકોએ જે સત્યનો વિકાસ કર્યો હતો તેનો તે વિસ્તાર કરે છે, અને તેને નવો આકાર આપે છે, તથા મક્કમ પગલાં ભરીને એની કોયડાઓ ઉકેલવાની શક્તિને જીવન તથા કર્મ એ પ્રશ્નનો ઉકેલ લાવવા માટે લાગુ કરે છે. આધુનિક

માનવજાતિ આગળ જે સમગ્ર કોયડો રજૂ થયો છે તે સમસ્તને ગીતાનો ઉકેલ ઉકેલી આપતો નથી. એ ઉકેલ વધારે પ્રાચીન માનસને માટે રજૂ થયેલો હતો અને તેથી અત્યારના માનવના માનસમાં સમષ્ટિની પ્રગતિ માટે જે આગ્રહી માગણી છે તેની એમાં ગણતરી થયેલી નથી. અત્યારે માનવ-મનમાંથી વધારે બુદ્ધિજીવી અને નૈતિક આદર્શને, અને શક્ય હોય તો, વધારે આધ્યાત્મિક આદર્શને, મૂર્ત કરે એવા સામૂહિક જીવન માટે જે સાદ થયો છે તેનો એ ઉકેલમાં પ્રત્યુત્તર નથી. ગીતા સાદ કરે છે વ્યકિતને, સંપૂર્ણ સર્વાંગી આધ્યાત્મિક જીવનને માટે લાયક હોય એવી વ્યકિતને. પરંતુ માનવ-જાતિના બાકીના લોકો માટે ગીતા ધીમી પ્રગતિ કરવાનો ઉપાય સૂચવે છે; એ ધીમી પ્રગતિ પોતાના સ્વધર્મનું નિષ્ઠાપૂર્વક, વધારે ને વધારે બુદ્ધિપૂર્વક, તથા નીતિના હેતુપૂર્વક અને છેવટે આધ્યાત્મિકતા પ્રત્યે અભિમુખ થઈને ડહાપણપૂર્વક અનુસરણ કરવાથી સાધી શકાય તેમ છે એમ તે કહે છે. ગીતાનો સંદેશ બીજા ગૌણ પ્રકારના ઉકેલોને પણ સ્પર્શે છે ખરો, પરંતુ એવા ઉકેલનો તે થોડે અંશે પણ સ્પર્શ કરે છે ત્યારે પણ એનાથી જે વધારે ઊંચું અને વધારે સમગ્રતાવાળું રહસ્ય રહેલું છે તેના પ્રત્યે તે નિર્દેશ કરે છે જેમાં અત્યાર સુધી બહુ જ થોડી વ્યકિતઓએ પ્રવેશ કરવાનો અધિકાર મેળવ્યો છે.

પ્રાણમય અને સ્થૂલ પાર્થિવતા પર પ્રતિષ્ઠિત એવા જીવનનું અનુસરણ કરનાર મનને માટે ગીતાનો સંદેશ એ છે કે સમગ્ર જીવન સાચે જ વ્યકિતની અંદર થતો વિશ્વ-શકિતનો આવિર્ભાવ છે, આત્મામાંથી પ્રગટતી વસ્તુ છે, પ્રભુમાંથી પ્રસરતું કિરણ છે એ સાચું છે, પરંતુ માનવનું એ પ્રાણમય અને પાર્થિવ જીવન આત્માનું અને પ્રભુનું સ્વરૂપ આવરણ કરનારી માયા દ્વારા રજૂ કરે છે. એટલે એ અધોગામી જીવનને તેને પોતાને ખાતર અનુસરવું એનો અર્થ તો એવો થાય કે ઠોકરો ખવડાવનાર માર્ગ પર ચાલવાનો દુરાગ્રહ કરવો અને આપણી પ્રકૃતિમાં જે અજ્ઞાન છે તેનો જ જીવનનું શાસન કરનારી ગાદી ઉપર અભિષેક કરવો, અને જીવનનું પરમ સત્ય અને સંપૂર્ણ ધર્મ પ્રાપ્ત જ ન કરવો. જીવનની સંકલ્પશકિતને જિજીવિષાનો—સત્તા માટેની સંકલ્પ શકિતનો, કામનાના સંતોષનો, કેવળ શકિત અને બળનો મહિમા ગાવો, અહં અને તેની સઘળી વસ્તુઓનો પરિગ્રહ કરનારી સ્વાર્થવૃત્તિની તથા અશ્રાંત સ્વાર્થપરાયણ બુદ્ધિની પૂજા કરવી એ તો અસુરનું જીવનદર્શન છે, આસુરિક ધર્મજ્ઞાન છે. એને પરિણામે તો કોઈ મહાન આપત્તિ અને પ્રલય જ માનવને પ્રાપ્ત થાય છે. પ્રાણમય અને પાર્થિવ માનવે પોતાના જીવનના નિયમને માટે ધાર્મિક, સામાજિક અને કોઈ આદર્શનો ધર્મ સ્વીકારવો જોઈએ જેથી કરીને યોગ્ય પરિસ્થિતિમાં રહીને "કામ" અને "અર્થ"ને તે સંતોષી શકે, અને સાથેસાથે પોતાની અધોગામી વ્યકિતતાને

કેળવી પણ શકે, સંયમમાં લાવી શકે અને વ્યકિતગત અને સામૂહિક જીવનના વધારે ઊર્ધ્વગામી ધર્મ સાથે પોતાની એ અધોગામી પ્રકૃતિને ખૂબ ઝીણવટથી સંવાદમાં લાવી શકે.

બૌદ્ધિક, નીતિમય અને સામાજિક ધોરણોમાં રચ્યાપચ્યા રહેનાર માનવ-માનસ માટે, જે માનસ સ્થાપિત ધર્મોનું પાલન કરીને મોક્ષ પ્રાપ્ત કરવાનો આગ્રહ કરે છે, એટલે કે, નીતિના નિયમ, સામાજિક ફરજ અને કર્તવ્યપાલન, અથવા તો, મુકત થયેલી બુદ્ધિ જે ઉકેલો બતાવે છે તેમના સ્વીકાર માટે આગ્રહ કરે છે તેને ગીતાનો સંદેશ આ પ્રમાણે છે: એ પ્રકારની માનસિક અવસ્થા, સાચે જ, એક અત્યંત આવશ્યક અવસ્થા છે, એ પ્રકારના ધર્મનું પાલન કરવાનું છે અને સાચા ભાવપૂર્વક એનું પાલન કરવામાં આવે તો તેને પરિણામે માનવના આધ્યાત્મિક સત્‌નું કાઠું વધે છે, તથા તેને પરિણામે આધ્યાત્મિક જીવન માટે વ્યકિત તૈયાર થઈ શકે છે અને એ રીતે એવી અવસ્થા આધ્યાત્મિક જીવનની સેવા પણ કરે છે. પરંતુ એમ હોવા છતાં એ બધામાં જીવનનું સંપૂર્ણ અને આખરી સત્ય સમાઈ જતું નથી. માનવના આત્માએ એ ધર્મોથી પર તેની આધ્યાત્મિક અને અમર પ્રકૃતિના કોઈ વધારે નિરપેક્ષ ધર્મને પ્રાપ્ત કરવાનો છે. અને એ કાર્ય ત્યારે જ થઈ શકે જ્યારે આપણે અધોમુખ માનસિક તત્ત્વોનાં ઘડતરોને, તથા અહં-પ્રધાન વ્યકિતતાનાં જૂઠાણાંને દૂર કરીને, તેમનો વિરોધ કરીને આપણી બુદ્ધિ અને સંકલ્પશકિતના કાર્યને વ્યકિતત્વથી મુકત કરી શકીએ, સર્વમાં જે આત્મા છે તેની સાથે અદ્વૈત સાધીને જીવન ધારણ કરીએ અને અહંના બીબાંઓને ભાંગી નાખીને તેમાંથી અપૌરુષેય આત્માની અંદર વિકાસ પામીએ. માનવનું મન ત્રિદલ એવી અધોગામી પ્રકૃતિના સંકુચિત કરનાર દબાણને વશ વર્તતું હોય છે. એ મન પોતાનાં ધારાધોરણો તામસિક, રાજસિક કે ઉચ્ચમાં ઉચ્ચ સાત્ત્વિક ગુણને આધારે રચે છે. પરંતુ માનવ-આત્માનું ભાવિ દિવ્ય પૂર્ણતા અને દિવ્ય મુકિતની પ્રાપ્તિ કરવી એ છે, અને એ પ્રકારની પૂર્ણતા તો ઉચ્ચમાં ઉચ્ચ આત્માની મુકિતમાં સ્થિર થઈને પ્રાપ્ત કરી શકાય, એની અમાપ નિર્વૈયકિતકતામાં અને વિરાટ વિશ્વમયતામાં પસાર થઈને જ, એટલે કે મનથી પર અમિત પ્રભુની સમગ્ર જયોતિમાં અને પરમ અનંત જે સર્વ ધર્મોથી પર છે તેમાં આરોહણ કરવાથી જ પ્રાપ્ત થઈ શકે.

જેઓ અનંતના અદ્વૈતવાદી જિજ્ઞાસુઓ છે, જેઓ નિર્વૈયકિતકતાને તેની ચરમ સીમા સુધી, આખરી મર્યાદા સુધી લઈ જાય છે, જેઓ જીવનનો અને કર્મનો વિલય કરવા માટે અસહિષ્ણુ આવેગ સેવે છે એવા લોકો અનિર્વચનીય બ્રહ્મની વિશુદ્ધ નીરવતામાં સર્વ પ્રકારની વ્યકિતતામાંથી મુકત થઈ જવાનો અંતિમ હેતુ અને આદર્શ આપણી સમક્ષ મૂકે છે તે સર્વે પ્રત્યે ગીતાનો સંદેશ આ

પ્રમાણે છે: તમે જે માર્ગ સ્વીકારવા માગો છો તે અનંત પ્રયત્નોની યાત્રાનો, અનંતમાં પ્રવેશ કરવાનો એક માર્ગ છે એ તો નક્કી છે, પરંતુ એ માર્ગ સૌથી વધારે મુશ્કેલ છે. વળી, જગતના આગળ ઉપદેશથી કે ઉદાહરણથી અકર્મનો આદર્શ રજૂ કરવો એ તો ઘણું જોખમભરેલું છે. એ માર્ગ મહાન છે છતાં માનવને માટે સાચામાં સાચો માર્ગ નથી. અને એ જ્ઞાન સાચું છે છતાં માનવને માટે સમગ્ર પ્રકારનું એ જ્ઞાન નથી. પરમ, સર્વ ચેતનમય આત્મા, પરમેશ્વર, અનંત બ્રહ્મ દૂર સુદૂર આવી રહેલી અનિર્વચનીય આધ્યાત્મિક સત્-તા માત્ર નથી. એ પરમેશ્વર તો અહીં, આ વિશ્વમાં, માનવ અને દેવો દ્વારા, સર્વ પ્રાણીઓ અને જે કાંઈ છે તે સર્વ દ્વારા પ્રચ્છન્ન અને પ્રગટ રહેલો છે. એ પરમાત્માને કોઈ અવિકારી નીરવતામાં કેવળ પ્રાપ્ત કરીને નહિ, પરંતુ અહીં જગતમાં અને તેનાં પ્રાણીઓમાં તથા સર્વ સત્-તામાં અને સર્વ પ્રકૃતિમાં પણ તેને પ્રાપ્ત કરવાથી તથા પોતાની બુદ્ધિ, હૃદય, સંકલ્પશકિત અને પ્રાણશકિત એ સર્વ કરણોની સઘળી પ્રવૃત્તિને એ પરમાત્મા સાથે સમગ્ર પ્રકારની અને ઊંચામાં ઊંચી એકાગ્રતા પ્રાપ્ત કરાવવાથી માનવ પોતાના અંતરમાં આત્મા અને ઈશ્વરનો જે કોયડો રહેલો છે તેનો તથા એના પ્રવૃત્તિમય માનવજીવનનો જે બાહ્ય કોયડો હોય છે તેનો એમ બન્નેનો ઉકેલ પ્રાપ્ત કરી શકે છે. ઈશ્વર સાથે સાધર્મ્ય પ્રાપ્ત કરીને, ઈશ્વરનો આવિર્ભાવ કરતાં એક પરમ આધ્યાત્મિક ચેતના જે ભકિત અને જ્ઞાન પેઠે કર્મ દ્વારા પણ પ્રાપ્ત કરી શકાય છે તેના અસીમ વિસ્તારનો આનંદ તે ભોગવી શકે છે. અમર અને મુકત એવો એ પુરુષ પોતાની ઉચ્ચતમ અવસ્થામાંથી પોતાનાં માનવ-કર્મો કરવાનું ચાલુ રાખી શકે છે અને એ કર્મોને એક પરમ અને સર્વગ્રાહી એવી દિવ્ય પ્રવૃત્તિના રૂપમાં પરિવર્તન પમાડી દઈ શકે છે. આ જગતમાં સઘળાં કર્મોની અને જીવનની, યજ્ઞની અને જગતરૂપી વિશાળ પ્રયત્નની આખરી ચરિતાર્થતા અને અર્થસૂચકતા એ પ્રકારનું રૂપાંતર સાધવામાં રહેલી છે.

આ ઉત્તમ પ્રકારનો સંદેશો તે લોકોને માટે છે જેમનામાં એનું અનુસરણ કરવાનું સામર્થ્ય છે, એવા નેતા પુરુષો માટે, મહાન આત્માઓને માટે, ઈશ્વરના જ્ઞાતાઓ દિવ્ય કર્મના કરનારા પ્રભુના ભકતો માટે; અર્થાત્, જે પ્રભુમાં અને પ્રભુને ખાતર પોતાનું જીવન ધારણ કરે છે, જેઓ ઈશ્વર પ્રીત્યર્થે આનંદપૂર્વક પોતાનું કર્મ કરે છે, એ કર્મ જે માનવ-મનના અશાંત અંધકારથી, અને અહંની જૂઠી મર્યાદાઓથી પર હોઈ દિવ્ય પ્રકારનું કર્મ હોય છે. વળી, સાથેસાથે અહીં આપણને એક વધારે વિશાળ અને ઉદાર એવા વચનની પણ ઝાંખી થાય છે. અને આપણે એ વચનને માનવજાતિના સમષ્ટિ-સ્વરૂપમાં પણ પૂર્ણતા પ્રાપ્ત કરવા માટેનો એક જાગ્રત થશે એવી આશાનું રૂપ આપી શકીએ છીએ. કારણ કે માનવને માટે આશા છે તો માનવજાતિને માટે શાને નહીં? ગીતા જણાવે છે

કે ધારે તો બધા જ માણુસો,—નીચમાં નીચ અને પાપીમાં પાપી પણ, આ યોગમાર્ગમાં પ્રવેશ કરી શકે છે. અને સાચું આત્મસમર્પણ હોય અને પોતાના અંતરમાં વસનાર ઈશ્વરમાં નિરપેક્ષ, અટલ, અહંકારરહિત એવી શ્રદ્ધા હોય તો આ માર્ગમાં સફળતા પણ નક્કી છે. એને માટે એક નિર્ણયાત્મક પલટો લેવો આવશ્યક છે, આત્મામાં અચલ વિશ્વાસ હોવો આવશ્યક છે. પ્રભુમાં જીવન ધારણ કરવા માટે સાચા દિલનો અને આગ્રહી, સતત જાગ્રત એવો સંકલ્પ હોવો જોઈએ, આત્માની પ્રભુ સાથે એકતા માટે અને પ્રકૃતિ જેમાં પણ આપણે તેના જ સનાતન અંશ છીએ તેમાં એની મહત્તર અને દિવ્ય આધ્યાત્મિક શક્તિ સાથે એકતા કરવા માટે આપણી સંકલ્પશક્તિ જાગ્રત હોવી જોઈએ. અર્થાત્, આપણી પ્રકૃતિના સર્વ અંગોમાં પ્રભુ વડે આવિષ્ટ અને પ્રભુ જેવા આપણે થઈ રહેવું જોઈએ.

પોતાના વિચારોનો વિકાસ કરતાં કરતાં ગીતા ઘણા પ્રશ્નો અને મુદ્દાઓ, જેવા કે પ્રકૃતિની અવશ્યંભાવિતા, યાને ભવિતવ્યતા, વિશ્વરૂપી આવિર્ભાવની સાર્થકતા, મુક્ત આત્માની ચરમ અવસ્થા વગેરે ઉપસ્થિત કરે છે. એ પ્રશ્નો એવા છે કે જેના વિષે અંત વગરની અને અનિર્ણયાત્મક ચર્ચાઓ થયા જ કરેલી છે. ગીતા ઉપરની આ નિબંધમાળામાં આપણો ઉદ્દેશ ગીતાની પોતાની વસ્તુની પરીક્ષા અને એનું ભાવાત્મક વિધાન કરવાનો તથા માનવજાતિના ચિરંજીવી આધ્યાત્મિક ચિંતનમાં એનો ફાળો શો છે તથા જીવંત સાધનાનું એનું રહસ્ય શું છે તે સ્પષ્ટ કરી આપવાનો રહેલો છે. એટલે આપણે ઉપર જણાવેલા મુદ્દાઓની ચર્ચામાં ઊતરીશું નહીં, અથવા તો, એના દૃષ્ટિબિંદુ કે એના નિર્ણયથી અમે ક્યાં જુદા પડીએ છીએ તે બાબત છેડીશું નહીં. અર્થાત્, ગીતાના ઉપદેશના વિષયમાં અમારી અનુમતિમાં કશી બારી રાખીશું નહીં. અથવા તો, પાછળના સાક્ષાત્કારમાં સમર્થ હોવા છતાં, ગીતાના તાત્ત્વિક બોધ અથવા તો, એની યોગ-સાધનાથી પર જવાનો પ્રયત્ન અહીં કરીશું નહીં. માનવ જે શાશ્વત જિજ્ઞાસુ અને શાશ્વત શોધક રહેલો છે તેને એનાં વર્તમાન કુંડાળાંઓમાંથી દોરવા માટે, તથા આત્માનાં જ્યોતિર્મય શિખરો પરના વધારે સીધા કપરા ચડાવ ચડવા માટે ગીતા આજે પણ જે સંદેશ આપે છે તે જીવંત સંદેશ રજૂ કરીને આ વિષય પૂરો કરીશું તો તે પૂરતું ગણાશે.

પ્રકરણ ચોવીસમું

# ગીતાનો સંદેશ

ગીતાના દિવ્ય ગુરુની વાણીને, એના સંદેશને સંક્ષેપમાં મૂકવો હોય તો આપણે કહી શકીએ કે "કર્મનું રહસ્ય એ જ જીવનસમગ્રનું રહસ્ય છે, અસ્તિત્વમાત્રનું રહસ્ય છે. જીવન એ કાંઈ પ્રકૃતિની બનાવેલી કેવળ જડ યંત્ર જેવી રચના નથી, જીવન એ કાંઈ પ્રકૃતિના નિયમોનું માત્ર જડ ચક્ર નથી, જેમાં માનવનો આત્મા થોડા સમય માટે કે યુગો માટે અટવાઈ ગયો છે; જીવન એટલે આત્માનો, ચેતન તત્ત્વનો સતત આવિર્ભાવ. જીવન કેવળ જીવનને પોતાને ખાતર નહિ, પરંતુ પ્રભુને માટે છે, તથા માનવમાં રહેલો ચિન્મય આત્મા પરમાત્માનો પોતાનો સનાતન અંશ છે. કર્મ છે તે આત્માની શોધ કરવા માટે છે, આત્માની કૃતાર્થતા સાધવા માટે છે, આત્મસાક્ષાત્કાર કરવા માટે છે, — કેવળ તેના બાહ્ય અને પ્રત્યક્ષ વર્તમાન કે ભાવિ પરિણામને ખાતર જ કર્મ ઉપયોગનું નથી. વસ્તુમાત્રની અંદર કોઈ અંતરનો સૂક્ષ્મ, આધ્યાત્મિક નિયમ અને હેતુ કાર્ય કરી રહેલાં છે. એ નિયમ અને એ હેતુ આત્માની પરમ દિવ્ય પ્રકૃતિના ઉપર અને તેની પ્રગટ અજ્ઞાન પ્રકૃતિના ઉપર આધાર રાખે છે. કર્મનું ખરેખરું સત્ય અંતરમાં પ્રવર્તમાન નિયમમાં રહેલું છે અને મન અને તેનાં કાર્યનાં બાહ્ય સ્વરૂપોમાં એ સત્ય ગૌણપણે જ, અપૂર્ણ રીતે અને પ્રચ્છન્ન થઈને જ રજૂ થાય છે. એટલે કર્મ કરવાનો ઊંચામાં ઊંચો દોષરહિત, અને સૌથી વિશાળ નિયમ એ છે કે તમારા જીવનના ઊંચામાં ઊંચા અને ઊંડામાં ઊંડા એવા સત્યને શોધી કાઢો, અને તેમાં જ તમારું જીવન ધારણ કરો, — એને જ જીવનમાં પ્રત્યક્ષ કરો, બીજા કોઈ ધર્મનું કે ધોરણનું અનુસરણ કરો નહીં. એવું અંતરનું સત્ય પ્રાપ્ત થાય ત્યાં સુધી જીવન અને કર્મ એક અપૂર્ણ વસ્તુ, એક મુશ્કેલી, એક ઝઘડો, અને એક કોયડો જ રહેશે. તમારા સાચા સ્વરૂપની શોધ કરીને તેના સત્ય ધર્મને અનુસાર જીવન ગાળવાથી જ, અંતરની ઊંચામાં ઊંચી વાસ્તવિકતાને અનુસાર જીવન ગાળવાથી જ જીવનના કોયડાનો આખરી ઉકેલ આવશે, સર્વ મુશ્કેલીઓને અને ઝઘડાઓને તમે વટાવી જઈ શકશો, તથા તમારાં કર્મ તમે પ્રાપ્ત કરેલ આત્માની સલામતીમાં પૂર્ણતાને પ્રાપ્ત કરશે, અને તમારો આત્મા દિવ્યતાની મુદ્રાવાળાં કર્મોમાં પોતાને પ્રગટ કરી શકશે. તમારું સાચું સ્વરૂપ પ્રભુ છે, એ જ તમારો આત્મા છે, એ સત્યનો પણ સાક્ષાત્કાર કરો; તમારો પોતાનો અંતરાત્મા પ્રભુનો અંશ છે એ જ્ઞાન

પ્રાપ્ત કરો. એ જ્ઞાન પ્રાપ્ત કરીને તેને જીવનમાં ઉતારો; આત્મામાં જીવન ધારણ કરો, તમારી પરમ, આધ્યાત્મિક, દિવ્ય પ્રકૃતિમાં જીવો, પ્રભુ સાથે એક થાઓ. પ્રભુ જેવા એટલે કે દિવ્ય બનો, તમારા અંતરમાં વસતા ઉત્તમ પુરુષને, એકમેવાદ્વિતીયને તથા જગતમાં વ્યાપેલા ઉત્તમ પુરુષને — તમારાં સર્વ કર્મો પ્રથમ યજ્ઞરૂપે અર્પણ કરો. છેવટે, તમે જે કાંઈ છો, તમે જે કાંઈ કરો, તે સઘળું પરમ પ્રભુના હાથમાં સમર્પણ કરી દો, જેથી કરીને એ પોતાનો સંકલ્પ અને પોતાનાં કાર્યો જગતમાં તમારી મારફત પાર પાડી શકે. આ ઉકેલ, આ માર્ગ હું તમારી આગળ મૂકું છું. છેવટે તમને જણાશે કે બીજો કોઈ ઉકેલ છે પણ નહીં."

હિંદનાં સર્વ દર્શનશાસ્ત્રોની પેઠે ગીતા પણ એક પ્રકારના ધરમૂળના વિરોધના ઉપર ઊભેલી છે. તે વિષેનું ગીતાનું દૃષ્ટિબિંદુ અહીં રજૂ કરવું આવશ્યક છે. માનવે આત્માની શોધ કરવી જોઈએ એમ આગળ કહેવામાં આવ્યું છે, પરંતુ પોતાના સત્ય સ્વરૂપની એટલે કે આત્માની શોધ કરવી, આપણી અંદર અને સર્વની અંદર રહેલા ઈશ્વરનું જ્ઞાન પ્રાપ્ત કરવું એ કાંઈ સહેલી વસ્તુ નથી. વળી, એ જ્ઞાન આપણી બુદ્ધિ કદાચ જુએ કે સમજે તોપણ તેને સમગ્ર ચેતનમાં ઓતપ્રોત વસ્તુરૂપ, તથા આપણાં કર્મની સમગ્ર પરિસ્થિતિરૂપ બનાવવું એ પણ કાંઈ સહેલું નથી. કર્મમાત્ર તૈયાર થાય છે, ઘડાય છે, આપણી ચેતનાની કર્મ સાધનારી અવસ્થામાંથી. અને આપણી કર્મસાધક બનતી આંતર સ્થિતિ ત્રણ બાબતો પર આધાર રાખે છે: (૧) આપણી જાતને આપણે સમગ્ર સંકલ્પશક્તિ વડે સતત જેવી જોઈએ અને જાણીએ છીએ તેના ઉપર, (૨) આપણી સક્રિય તથા એકાગ્ર થયેલી ચેતના ઉપર, (૩) તથા આપણામાં રહેલ જ સમગ્ર પ્રકૃતિનો ક્રિયાત્મક પાયો છે તેના ઉપર. એટલે કે આપણી સમગ્ર સક્રિય પ્રકૃતિ આપણી જાતને જેવી જુએ છે અને માને છે, તથા જગત સાથેના આપણા સંબંધનો જે અર્થ કે હેતુ આપણે સ્વીકારીએ છીએ; ટૂંકમાં, આપણી જેવી શ્રદ્ધા હોય છે, તેવા આપણે બનીએ છીએ. આપણે જેવા છીએ તેવા આપણને બનાવનાર આપણી શ્રદ્ધા છે, પરંતુ માનવની ચેતના બે ભાગમાં વહેંચાઈ ગયેલી હોય છે. અને એ બે ભાગો જીવનના બેવડા સ્તરને અનુસરે છે. જીવનની અંતરની વાસ્તવિકતા તેનું સૂક્ષ્મ યાને અંતરનું નિગૂઢ સત્ય એક છે, તેના બાહ્ય સ્વરૂપનું સત્ય જુદું છે. એ બેમાંથી જે એકમાં માનવ રહેતો હોય છે તે પ્રમાણે કાં તો તે અજ્ઞાનમાં વસનાર માનસિક ચેતના બને છે, યા તો દિવ્ય જ્ઞાનમાં પ્રતિષ્ઠિત આત્મા બને છે.

બાહ્ય દૃષ્ટિએ જોતાં વિશ્વસમસ્તનું તથા તેના અસ્તિત્વનું એક માત્ર સત્ય આપણે જેને 'પ્રકૃતિ' કહીએ છીએ તે છે. પ્રકૃતિ એટલે સમસ્ત વિશ્વજીવનના ચરખાની સઘળી યંત્રરચનાને તથા તેના સઘળા નિયમોને ચલાવનાર શક્તિ.

આપણાં મન અને ઇન્દ્રિયોના વિષયરૂપ આ દૃશ્ય જગતને પ્રકૃતિએ જ ઉત્પન્ન કર્યું છે તથા એ દૃશ્ય જગત તથા તેમાં વસનાર માનવપ્રાણી એ બે વચ્ચે સંબંધ જોડવાનાં સાધનો તરીકે મન તથા ઇન્દ્રિયોને પણ એ પ્રકૃતિ જ પૂરાં પાડે છે. વિશ્વના આ બાહ્ય દૃશ્ય સ્વરૂપમાં પોતાનાં આત્મા, મન, પ્રાણ અને દેહ વગેરેમાં વસતો માનવ પણ આપણને પ્રકૃતિનું જ એક પ્રાણી હોય એમ લાગે છે. બીજાઓથી તે જુદું પડે છે તે માત્ર તેના દેહના, પ્રાણના અને મનના ભેદને લઈને અને ખાસ કરીને તો તેમાં રહેલી તેની પોતાની અહં-બુદ્ધિ વડે. 'અહં'ની એ સૂક્ષ્મ યોજના પ્રકૃતિએ માનવને એટલા માટે બનાવીને આપી છે કે જેથી સમર્થ ભેદો અને વિકારોની બનેલી પોતાની ચેતનાને એક નિશ્ચિત બિંદુમાં તે કેન્દ્રિત યાને એકત્રિત કરી શકે. માનવની અંદર જે છે તે સઘળું, એનો માનસિકતાવાળો આત્મા, તેનું કાર્ય, તેના પ્રાણના અને દેહના ધર્મોએ સઘળું સ્પષ્ટપણે માનવની પોતાની પ્રકૃતિના નિયમો અને ધર્મો પ્રમાણે વર્તે છે; એની બહાર તે જઈ શકે તેમ નથી, માણસ અન્યથા કાર્ય કરી શકતો નથી. અલબત્ત, પોતાના વ્યક્તિગત સંકલ્પમાં — અહંના સંકલ્પમાં અમુક મર્યાદિત સ્વતંત્રતાનું આરોપણ કરે છે પરંતુ સરવાળે એનો અર્થ કશો જ નથી હોતો; કારણ કે માનવનો 'અહં' એટલે પ્રકૃતિએ જે સર્જન કરેલું છે તેની સાથે, અર્થાત્ વિકારશીલ મન, પ્રાણ અને દેહ જે પ્રકૃતિએ માનવને માટે બનાવ્યાં છે તે બધાંની સાથે તેની એકતા કરાવનાર કરણ. માનવનો 'અહં' પ્રકૃતિની પ્રક્રિયાનું પરિણામ છે અને જેવો અહંનો પ્રકાર તેવી તેની સંકલ્પશક્તિ હશે, અને જેવો સંકલ્પ તેવું કર્મ, — બીજું શકય જ નથી.

પરંતુ માણસની પોતાની ચેતના, પોતાના સ્વરૂપ વિષેની એની શ્રદ્ધા આ પ્રકારની હોય છે કે, "હું પ્રકૃતિનું બનાવેલું એક પ્રાણી છું, સઘળાથી જુદો એક 'અહં' છું." તથા એ 'અહં' બીજાં માણસો જોડે તથા સંસાર જોડે જે જે સંબંધો બાંધે છે, પોતે જે કાંઈ વિકાસ સાધે છે, જે કાંઈ સંકલ્પને, કામનાને કે વિચારને સંતોષે છે તે સઘળું પ્રકૃતિના ક્ષેત્રમાં તેને જેટલી છૂટ હોય છે તથા પ્રકૃતિના હેતુ સાથે, અથવા તો વ્યક્તિમાં કાર્ય કરી રહેલા એના નિયમને અનુસાર બંધબેસતું હોય છે તેટલામાં જ બની શકે છે.

પરંતુ માણસની ચેતનામાં એવું કાંઈ રહેલું છે જે ઉપર જણાવેલી પ્રકૃતિની નિશ્ચિત મર્યાદાઓના કડક અને અફર ચોકઠામાં બંધબેસતું આવતું નથી. માનવમાં પોતાની અંદર રહેલી પ્રકૃતિથી જુદી એવી કોઈ વસ્તુમાં, પ્રકૃતિથી સ્વતંત્ર સત્યમાં શ્રદ્ધા હોય છે, અને જેમજેમ તેનો આત્મા વિકાસને પામતો જાય છે તેમતેમ તે શ્રદ્ધા પણ વધતી જાય છે. એ અંદરની વાસ્તવિકતામાં પ્રકૃતિ નહિ પરંતુ 'પુરુષ' અને 'આત્મા' જીવનના સર્વોપરી સત્ય તરીકે પ્રતીત થાય છે.

પ્રકૃતિ પોતે પુરુષની શક્તિ છે, પુરુષનું જ શક્તિસ્વરૂપ છે. ચેતન-સ્વરૂપ સત્, સર્વમાં એકરૂપ રહેલ સત્-સ્વરૂપ આત્મા આ વિશ્વનો સ્વામી છે, તેનો પ્રભુ છે. વિશ્વસમસ્ત ખરું જોતાં એની મર્યાદિત અભિવ્યક્તિ છે, એના એક પાદને જ પ્રગટ કરે છે. પુરુષ પ્રકૃતિનો તથા તેની ક્રિયાઓનો ભર્તા છે તથા એ પુરુષની અનુમતિ જ પ્રકૃતિના નિયમને અનિવાર્યતા તથા એની શક્તિને અને ક્રિયાઓને અસરકારકતા યાને સફળતા અર્પે છે. પ્રકૃતિની અંદર રહેલો પુરુષ તેનો જ્ઞાતા છે અને જ્ઞાતા રૂપે પોતાની જ્ઞાનજ્યોતિથી તે પ્રકૃતિને પ્રકાશિત કરે છે, તથા આપણી અંદર રહેલી પ્રકૃતિને સચેતન બનાવે છે. પ્રકૃતિનાં કાર્યોને પ્રેરણા અને ગતિ — ઉત્તેજક હેતુ આપનાર અંતરમાં રહેલી દિવ્ય ચેતનામાંથી ઉદ્‌ભવતી સંકલ્પશક્તિ તે પુરુષની જ હોય છે. માનવનો આત્મા પ્રભુનો અંશ છે અને તેથી પ્રભુની દિવ્ય પ્રકૃતિનો પણ તે હકદાર સાથી બને છે. આપણી પોતાની પ્રકૃતિ તે આપણા આત્માની અભિવ્યક્તિ છે. અને પુરુષની અનુમતિને લઈને પ્રકૃતિ કાર્ય કરી શકે છે. પુરુષની ગૂઢમાં અપ્રગટ રહેલી સ્વચેતનાને તથા તેના આત્મજ્ઞાનને તે મૂર્ત કરે છે. તથા પોતાની ક્રિયાઓ, આકારો, રૂપો તથા વિકારોની અંદર પુરુષના સત્ સંકલ્પની શક્તિ તે પ્રગટ કરે છે.

"આપણો સાચો અંતરાત્મા, આપણું સાચું સ્વરૂપ આપણી બુદ્ધિથી ગુમ રહે છે તેનાં ત્રણ કારણો છે : (૧) આપણી બુદ્ધિ અંતરની વસ્તુઓ વિષે અજ્ઞાન છે તેથી, (૨) તેણે 'અહં' જોડે ખોટી એકતા કરી છે તેથી, તથા (૩) મન, પ્રાણ અને દેહની બાહ્ય યંત્રરચનામાં તે તન્મય થઈ ગયેલ હોવાથી અંતરાત્મા ઢંકાયેલો રહે છે તેથી. પરંતુ કર્મમાં રત થયેલો માણસનો આત્મા પ્રકૃતિનાં કરણો સાથેની પોતાની તન્મયતામાંથી — એકતામાંથી એક વાર પણ પોતાની જાતને પાછી ખેંચી લઈ શકે, તેનાથી પોતે જુદો પડી શકે તથા પોતાની અંદર રહેલ અંતરાત્માને જોઈ શકે તથા તેમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખીને જીવન ગાળી શકે તો તેને માટે ત્યાર પછીથી બધું જ બદલાઈ જાય છે, પલટાઈ જાય છે. એને માટે જીવન અને સમગ્ર અસ્તિત્વ, આખું વિશ્વ જુદું જ સ્વરૂપ ધારણ કરે છે, કર્મ પણ જુદા જ અર્થમાં અને જુદે જ રૂપે દેખાય છે. આપણી સત્-તા આપણી ચેતના ત્યાર પછી પ્રકૃતિની એક નાની સરખી ક્ષુદ્ર અહંપ્રધાન સરજત રહેતી નથી; એટલું જ નહિ પરંતુ એક દિવ્ય, અમર અને આધ્યાત્મિક શક્તિની વિશાળતા તે પ્રાપ્ત કરે છે. આપણી ચેતના હમણાં જેમ એક સંકુચિત, ફાંફાં મારતી, માનસિક અને સચેતન જંતુની ચેતના છે તે મટી જઈને અનંત, દિવ્ય, આધ્યાત્મિક ચેતના બની રહે છે, અને આપણી સંકલ્પશક્તિ અને આપણાં કર્મો પણ હમણાં જેમ એક સીમાબદ્ધ વ્યક્તિના અને એક 'અહં'ના છે તેવાં પછીથી રહેતાં નથી, પરંતુ દિવ્ય અને આધ્યાત્મિક સંકલ્પ અને કર્મરૂપ બને છે. અર્થાત્, વિશ્વરૂપ સર્વાત્માનાં

અને અનંત બ્રહ્મનાં સંકલ્પ અને શકિત એક માનવઆકારનો ઉપયોગ કરીને તેની મારફત પોતે કાર્ય કરે છે."

માનવમાં પ્રગટેલા પ્રભુનો, યુગાવતારનો, દિવ્ય ગુરુનો સંદેશો આગળ ચાલે છે: "આ પલટો, આ રૂપાંતર એક મહાન રૂપાંતર છે અને એ સાધવા માટે હું પ્રભુના વરાયેલા આત્માઓને આહ્વાન કરું છું, પ્રકૃતિનાં કરણોના અજ્ઞાનમાંથી પોતાના મનને પાછું વાળી લઈને જે લોકો આત્માની ઊંડામાં ઊંડી અનુભૂતિ પ્રાપ્ત કરવા માટે અભિમુખ હોય છે તે આત્માઓ પ્રભુના વરાયેલા છે, પોતાના અંતરાત્માનું યાને ચૈત્ય પુરુષનું, તથા આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવા તરફ પ્રભુના સ્પર્શ પ્રત્યે, પ્રભુમાં પ્રવેશ કરવાની અંતરાત્માની શકિત વિષે જેઓ જાગ્રત થઈ શકે છે, જે લોકો આ શ્રદ્ધાનો અને આ મહત્તર ધર્મનો સ્વીકાર કરી શકે છે તેઓ પ્રભુના પસંદ કરેલા લોકો છે એમ જાણવું. માણસની બુદ્ધિને માટે આ ધર્મનો સ્વીકાર કરવો એ ખરેખર મુશ્કેલ છે, કારણ કે બુદ્ધિ પોતાનાં ધુમ્મસથી ઘેરાયેલાં માનસિક રૂપો પ્રત્યે, પોતે ઘડેલા ઘાટો વિષે, પોતાની અડધીપડધી જ્યોતિશિખા પ્રત્યે તથા એનાથી યે વધારે, આવરિત એવા પોતાના મનના અને પ્રાણના તથા સ્થૂલ ભાગોના અભ્યાસોને આસકત હોય છે. પરંતુ એક વાર આ માર્ગનો અંગીકાર કરવામાં આવે તો તે મહાન, ખાતરીભર્યો અને તારનારો છે; કારણ કે માનવના આત્માના અંતિમ સત્ય સાથે તે એક છે, તથા તેની ઊંડામાં ઊંડી તથા ઊંચામાં ઊંચી દિવ્ય પ્રકૃતિની એ સપ્રમાણ ગતિ છે.

"પરંતુ એ રૂપાંતર ઘણું જ મહાન છે, તે એક અસીમ પરિવર્તન છે અને તમારી પ્રકૃતિનું અને સમસ્ત અંતઃકરણનું જડમૂળથી પરિવર્તન થયા વિના અને એ રૂપાંતર પ્રત્યે સંપૂર્ણપણે અભિમુખ થયા વિના તે સાધી શકાય તેવું નથી. એ રૂપાંતર સાધવું હશે તો તમારે તમારી જાત, તમારી પ્રકૃતિ તથા તમારું જીવન સમસ્ત એકમેવ પરમ પ્રભુને — બીજા કોઈને ય નહિ — સમર્પણ કરવું આવશ્યક બનશે. જે કાંઈ રાખશો તે કેવળ તમે પ્રભુને ખાતર જ રાખશો. કોઈ પણ વસ્તુ સ્વીકારશો તે તેને પોતાને ખાતર નહિ, પરંતુ પ્રભુમાં તેનું જે સ્થાન હશે તદનુસાર તમે તેનો સ્વીકાર કરશો. અને તે પણ પ્રભુના જ એક સ્વરૂપ તરીકે તથા પ્રભુને જ ખાતર. વળી અત્યાર સુધી નહિ જાણીતાં એવાં નવાં સત્યોનો સ્વીકાર કરવાની જરૂર પણ ઊભી થશે; તમારા આત્માનું, બીજાં માણસોનું, આ જગતનું તથા ઈશ્વરનું, તથા પુરુષ અને પ્રકૃતિ સંબંધનું નવું જ જ્ઞાન સ્વીકારવા માટે તમારા મનને તમારે પૂરેપૂરું અભિમુખ કરવું પડશે, અને તેને જ સમર્પણ કરવું પડશે. એ જ્ઞાન તર્કમૂલક નહિ પરંતુ અદ્વૈતજન્ય જ્ઞાન હશે, એ જ્ઞાન એકતામૂલક જ્ઞાન હશે, વિશ્વરૂપ પ્રભુનું પણ એ જ્ઞાન હશે જેનો શરૂઆતમાં તમારી બુદ્ધિની ગ્રાહકશકિત સ્વીકાર કરશે, પરંતુ આગળ પ્રગતિ કરતાં એ

સમજણ ક્રાંતદર્શનમાં પરિણમે છે, એક નવી જ ચેતનાની અનુભૂતિ લાવે છે, અને તમારા આત્માની ચિરસ્થાયી અવસ્થારૂપ બની રહીને આત્માને માટે ક્રિયા કરવા માટેનું આવશ્યક ચોકઠારૂપ એ નવું સત્ય બને છે."

હવે જો નવીન જ્ઞાનની પ્રાપ્તિને, આ નૂતન દૃષ્ટિની તથા ચેતનાની પ્રાપ્તિને સાધક પોતાનાં સૌ કર્મોના ઉદ્દેશરૂપ જીવનના એકમાત્ર હેતુરૂપ બનાવવા માગતો હશે તો એ કાર્ય માટે સંકલ્પશક્તિની જરૂર પડશે. પરંતુ એ ઉદ્દેશ મને-કમને કરેલા કર્મોમાં, યા તો અમુક મર્યાદિત વિશિષ્ટ પ્રકારની આવશ્યક ક્રિયાઓમાં, યા તો પૂર્ણતાની પ્રાપ્તિ માટે જે થોડીઘણી વસ્તુઓ જરૂરી ગણાય તેમની પ્રાપ્તિમાં મર્યાદિત રહેશે, યા તો, ધાર્મિક જીવન માટે, વ્યક્તિગત મોક્ષને માટે આવશ્યક હોય એવાં કર્મોમાં મર્યાદિત રહેશે તો રૂપાંતરનો એ ઉદ્દેશ સાધી શકાશે નહીં. સમસ્ત માનવજીવનનાં સઘળાં ક્ષેત્રોના કર્મોનો આત્માની સમતામાં સ્થિર થઈને એવો સાધક સ્વીકાર કરશે, તથા ઈશ્વર પ્રીત્યર્થે, તથા સર્વ ભૂતોના હિતને ખાતર જરૂરી સઘળાં કર્મો તે કરશે. વળી તે રૂપાંતર સાધવામાં સર્વ કર્મોના સ્વીકારની સાથે સાધકના હૃદયનો ઉત્કર્ષ થવો પણ આવશ્યક છે. એવા હૃદયમાં એકમેવ પરમ પુરુષોત્તમને ખાતર અવ્યભિચારી અભીપ્સા જાગ્રત હોય, એમાં પ્રભુને માટે અનન્ય ભક્તિ અને પ્રેમ હોય તથા સાથેસાથે તેની સાથે એવા પ્રશાંત અને જ્ઞાનપ્રકાશિત હૃદયનો વિસ્તાર પણ થાય, જેથી કરીને એનું વિશાળ થયેલું હૃદય સર્વ પ્રાણીઓમાં વસતા પરમાત્માને ભેટી શકે એ જરૂરનું છે. વળી અત્યારના માનવની સામાન્ય અભ્યાસો અને ટેવોવાળી વ્યવહારુ પ્રકૃતિમાં પણ ફેરફાર થઈને કોઈ પરમ આધ્યાત્મિક દિવ્ય પ્રકૃતિમાં તેનું રૂપાંતર થવું આવશ્યક બને છે. ટૂંકામાં, એક નવી જ યોગસાધનાની આવશ્યકતા ઊભી થશે. એ યોગ સર્વાંગી જ્ઞાનને, સમગ્ર જ્ઞાનને, સમગ્ર સંકલ્પશક્તિને તથા કર્મને સંપૂર્ણ પ્રેમ, ભક્તિ અને અનન્ય આરાધનાને એકીવખતે ધારણ કરનારો યોગ થશે. એવા યોગની સાધના માનવ-જીવનની સર્વ શક્તિઓને તેમની આધ્યાત્મિક ચરિતાર્થતા પ્રાપ્ત કરાવનાર બનશે, અર્થાત્ આ યોગસાધનામાં માનવપ્રકૃતિનાં સર્વ કરણો, અવયવો અને ભાગો, તેની સર્વ શક્તિઓ અને ક્રિયાઓ તથા ધર્મો પોતપોતાની પૂર્ણતાને પામી શકશે.

"આગળ એક નૂતન જ્ઞાન વિષે કહેવામાં આવ્યું છે. એવું કયું જ્ઞાન છે જે સાધકની બુદ્ધિએ સ્વીકારવાનું છે, જેને આત્માની શ્રદ્ધા વડે તેણે પોષવાનું છે, જેને પોતાની બુદ્ધિ, ઊર્મિઓ અને જીવનશક્તિ માટે વાસ્તવિક અને જીવંત બનાવવાનું છે? એ જ્ઞાન એટલે પરમાત્માનું જ્ઞાન, ઉત્તમ પુરુષનું જ્ઞાન, પ્રભુના પરમ અદ્વૈતનું અને તેની અખંડતાનું જ્ઞાન છે. અર્થાત્ તે એકમેવ, પરમ, ઉત્તમ પુરુષ જે સનાતન છે, કાળ અને દિશાથી પર છે, નામ અને રૂપથી, તથા જગતથી

જે અતીત છે, એનાં પોતાનાં વ્યક્તિસ્વરૂપ અને નિર્વૈયક્તિકતા બંનેથી જે પર છે, અને છતાં તે એકમેવમાંથી જ સઘળું પ્રવર્તે છે, અનંતવિધ પ્રકૃતિમાં, અને તેનાં અસંખ્ય રૂપોમાં જે કાંઈ આપણે જોઈએ, જાણીએ છીએ તે સઘળું તે એક પરમ પુરુષને જ વ્યક્ત કરે છે, તેને જ પ્રગટ કરે છે. તે એકમેવ પરમ પુરુષના જ્ઞાનમાં એક બાજુએ નિરાકાર, નિર્વૈયક્તિક, અક્ષર, શાંત અને અપરિમેયના જ્ઞાનનો સમાવેશ થાય છે જે અક્ષર છે, અનંત છે, સમ છે, સદા અવિકારી અવ્યય હોઈ એકરૂપ રહે છે. અર્થાત્ આ બધા વિકારી અને અસંખ્ય વ્યક્તિસ્વરૂપોમાં, આત્માની આધ્યાત્મિક શક્તિઓમાં, પ્રકૃતિની અનંત શક્તિઓ, તથા આ ક્ષણિક, આભાસ માત્ર લાગતાં સંસારનાં સ્વરૂપો, શક્તિઓ અને ઘટનાઓ વચ્ચે તે એકમેવ પરમ પુરુષ અવિકારી રહે છે. વળી એનો એ જ એકમેવ અને પરમ પુરુષ પ્રકૃતિની અંદર વિકારોને પામી રહેલો દેખાય છે તે ક્ષર પુરુષનો પણ આત્મા છે, પ્રત્યેક રૂપને અનુસાર તેની જે વ્યક્તિતા છે તે એ જ છે, એ જ એકમેવ પરમ પ્રત્યેક પ્રકારમાં, જાતિમાં, ગુણમાં, અંશમાં અને ક્રિયામાં પ્રગટ થઈ રહ્યો છે. જે આત્મા સર્વભૂતરૂપ થયો છે, પરંતુ જે આ સર્વે પ્રગટ થયેલા પદાર્થોના કરતાં અનંત ગણો મહાન છે, તે જ માનવમાં પણ વસે છે, તે જ પ્રાણીમાં અને પદાર્થમાં પણ રહેલો છે, વિષય અને વિષયીમાં પણ તે જ છે, આત્મામાં અને મનમાં, જીવનમાં અને જડ તત્ત્વમાં તે આવી રહેલો છે. એ જ એકમેવ પરમ પુરુષ પ્રત્યેક સદ્‌વસ્તુમાં, પ્રત્યેક શક્તિમાં, પ્રત્યેક પ્રાણીમાં છે.

"આ યોગનો અભ્યાસ કરવો હોય તો તમારે સત્યની કોઈ એક બાજુનો જ આગ્રહ રાખવાનો નથી. જે પ્રભુને તમારે પ્રાપ્ત કરવાના છે, જે આત્માને તમારે શોધવાનો છે, જે પરમાત્માનો તમારો પોતાનો જીવાત્મા એક અંશ છે, તે એકમેવ, પરમ, ઉત્તમ પુરુષ એકીવખતે આ સઘળી વસ્તુરૂપ હાજર છે. તમારે એ બધીને, એ બધી વાસ્તવિકતાઓને પરમ અદ્વૈત સાધીને એકીવખતે જાણવાની છે, બધીમાં એકીવખતે પ્રવેશ કરવાનો છે, સર્વ સ્થિતિમાં અને સર્વ પદાર્થમાં તેનાં જ દર્શન કરવાનાં છે. જો તે એકમેવ પરમ પુરુષ આ પ્રકૃતિમાં રહેલો ફક્ત 'ક્ષર' વિકારી પુરુષ જ બન્યો હોત તો વિશ્વમાં સર્વત્ર એક, સનાતન અને વિશ્વમય આવિર્ભાવ જ પ્રગટ થયો હોત. એ એક ક્ષર સ્વરૂપમાં જ તમે તમારાં જ્ઞાન અને શ્રદ્ધાને મર્યાદિત કરશો તો તમે તમારા સતત વિકારી વ્યક્તિસ્વરૂપની પેલે પાર જઈ શકશો નહીં. એ એક સાક્ષાત્કારના પાયા ઉપર પ્રતિષ્ઠિત થશો તો તમે પરિવર્તનશીલ પ્રકૃતિના સદાને માટેના ગુલામ બની રહેશો. પરંતુ તમે કાંઈ કાળની ક્ષણોમાં વહી રહેલ આત્માના સાતત્યની સાંકળ માત્ર નથી. તમારી પોતાની અંદર નિર્વૈયક્તિક અપૌરુષેય એવી પરમ પુરુષની એક બાજુ આવી રહેલી છે અને તમારી વ્યક્તિતાનો પ્રવાહ તેને આધારે ટકી રહ્યો છે અને તમારું

એ બિનંગત સ્વરૂપ પ્રભુના પોતાના અપૌરુષેય, નિર્વૈયકિતક સ્વરૂપ સાથે એક છે, સંપૂર્ણ અદ્વૈતમાં છે. વળી, આ નિર્વૈયકિતકતા અને વ્યકિતતા એ બન્નેથી અચિન્ત્ય, ગહન અને અજ્ઞેય, અહીં પ્રગટ થયેલા તમારા અસ્તિત્વના બે છેડાઓના ઉપર અધ્યક્ષ તરીકે આવી રહેલું એવું તમારું પરમ દિવ્ય સ્વરૂપ પણ છે જેમાં તમે પોતે શાશ્વત અને પરાત્પર પુરુષ છો, કારણ કે શાશ્વત પરાત્પરતામાં તમે વસો છો.

"કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ ન કરનારી, કોઈ પણ સર્જન પોતે કદી કરતી નથી એવી સનાતન અપૌરુષેયતા એ જ જો અંતિમ સત્ય હોય તો આ જગત અને તમારો આત્મા બન્ને કોઈ પણ પ્રકારના આધાર કે પાયા વગરની માયા એટલે કે મિથ્યા વસ્તુઓ જ બની રહેત. તમારી શ્રદ્ધા અને તમારા જ્ઞાનને તમે સત્યની ફકત આ એક બાજુથી, તેના આ એક સ્વરૂપથી તમે મર્યાદિત કરશો તો જીવનનો અને કર્મનો ત્યાગ કરવો એ જ તમારી મુકિતનો ઉપાય રહેશે. પરંતુ આ વિશ્વની અંદર પ્રભુ રહેલો છે, અને તમે પણ આ જગતમાં છો એ બન્ને વસ્તુઓ સાચી છે, વાસ્તવિક છે. જગત અને તમે બન્ને તે એકમેવ, પરમ પુરુષની સાચી અને પ્રત્યક્ષ શકિતઓ અને અભિવ્યકિતઓ છો. એટલે જીવનનો અને કર્મનો સ્વીકાર કરો, તેમનો ત્યાગ ન કરો. તમારા બિનંગત સ્વરૂપમાં અને તત્ત્વમાં તમે પ્રભુ સાથે એક છો. વળી આધ્યાત્મિક વ્યકિતસ્વરૂપે પ્રેમ અને ભકિત વડે એ જ પ્રભુની અનંત વ્યકિતતા પ્રત્યે સન્મુખ થયેલ તેના પોતાના જ સનાતન અંશ તમે છો એટલે તમારી પ્રકૃતિના બંધારણને પણ પ્રભુના કર્મ કરવાના કરણરૂપ, તેના જ એક વાહનરૂપ, પ્રભુની એક વિશિષ્ટ શકિતરૂપ બનાવો અને એને માટે એવા કરણ બનવું નિર્મિત છે. એના સાચા સ્વરૂપમાં જોવા જતાં તમારી પ્રકૃતિ હમેશાં પ્રભુના કર્મનું કરણ જ હોય છે. પરંતુ અત્યારે અજ્ઞાનમાં તમારી પ્રકૃતિ અચેતનપણે અને અપૂર્ણપણે તેનું કરણ બને છે, કારણ કે અધોમુખ પ્રકૃતિ દ્વારા તે કાર્ય કરે છે તેથી તમારામાં રહેલો અહં પ્રભુના દિવ્ય સ્વરૂપને વિકૃત કરે એ જ એને માટે નિર્માણ છે એમ ગણાય. એટલે તમારી પ્રકૃતિને સચેતનપણે અને પૂર્ણ અંશે અહંના વિકારથી મુકત કરીને પ્રભુની દિવ્ય પ્રકૃતિની એક શકિતરૂપ બનાવો, પ્રભુની દૈવી શકિતના સંકલ્પ અને એના કાર્ય માટેનું એને એક વાહન બનાવો. આ પ્રમાણે કરવાથી તમારા પોતાના અંતરાત્માના સમગ્ર સત્યને તમે જીવનમાં પ્રગટ કરી શકશો તથા પ્રભુ સાથે સર્વાંગી એકતાને એટલે કે સંપૂર્ણયોગને પણ તમે પ્રાપ્ત કરશો. આ યોગ સંપૂર્ણ છે, દોષરહિત છે."

"પરમ સત્તા એ પુરુષોત્તમ છે, તે સનાતન હોઈ સર્વ પ્રકારના આવિર્ભાવથી પર છે, તે અનંત હોઈ કાલ અને દિશામાં સર્વ બંધનોથી પર છે, પોતાનાં અસંખ્ય લક્ષણો અને ગુણોથી યે પર છે; પરંતુ એનો અર્થ એવો નથી કે

અહીં આ વિશ્વમાં જે કંઈ બને છે તેની સાથે એને કાંઈ લેવાદેવા જ નથી — અને એ તો આ સંસારથી અને વિશ્વ-પ્રકૃતિથી સદા જુદો જ પોતાના ઊર્ધ્વ ધામમાં વસે છે, સર્વ પ્રાણીઓથી અતડો અને નિરાળો જ છે. એ પુરુષોત્તમ, પરમ અવર્ણનીય, અનિર્વચનીય, બ્રહ્મ છે, — વ્યક્તિતાથી પર રહેલો એવો અપૌરુષેય નિર્વૈયક્તિક આત્મા તે છે. તેવી જ રીતે વ્યક્તિતાને પ્રાપ્ત થયેલ સર્વ જીવો પણ તે છે. આ વિશ્વમાં જે ચેતન તત્ત્વ છે તે, જીવન અને જડ તત્ત્વ, પુરુષ અને પ્રકૃતિ તથા પ્રકૃતિના સર્વ કાર્યો, સઘળું એ પુરુષોત્તમનાં અનંત અને સનાતન સત્-તાનાં પાસાં છે, સ્વરૂપો છે અને પ્રવૃત્તિ છે. એ પરમ પુરુષ પરાત્પર છે અને સઘળું આવિર્ભાવમાં આવે છે તે એની અનંતતામાંથી જ આવે છે, એ સર્વ આવિર્ભાવો તેનાં જ સ્વરૂપો છે, તેની જ આત્મશક્તિઓનાં મૂર્ત સ્વરૂપ છે. એક અને વ્યાપક આત્મા તરીકે એ જ પુરુષોત્તમ આ વિશ્વની અંદર સર્વમાં રહેલો છે, અને સમરૂપે છે. એ વ્યક્તિતાથી પર બિનંગત હોઈ માણસમાં, પ્રાણીઓમાં અને પદાર્થોમાં, તથા પ્રકૃતિની એકેએક શક્તિમાં વ્યાપી રહેલો છે. એ પુરુષોત્તમ પરમ આત્મા છે અને બીજા બધા આત્માઓ એ પરમ આત્માની જ સતત જલતી શિખાઓ છે, સ્ફુલિંગો છે. જેટલાં જીવંત પ્રાણીઓ છે તે સઘળાંની આધ્યાત્મિક વ્યક્તિતા એ પરમ ઉત્તમ પુરુષના અમર અંશની બનેલી છે. આ સર્વ આવિર્ભૂત વિશ્વનો, બ્રહ્માંડનો એ પુરુષોત્તમ સ્વામી છે, બ્રહ્માંડોનો અને જંતુઓનો ઈશ્વર છે, શાસક છે. એ સર્વશક્તિમાન હોઈ કર્મમાત્રનો એ ઉત્પાદક છે, અને છતાં એમાં પોતાનાં કર્મો એને બંધનકર્તા નથી. સર્વ યજ્ઞ, તપ અને કર્મનો એ ભોક્તા છે, એ સર્વમાં છે, અને સર્વ એનામાં છે; એ પોતે જ સર્વરૂપ થયો છે, અને છતાં સર્વથી એ પોતે પર છે, અને પોતાની સૃષ્ટિઓથી મર્યાદિત થતો નથી. એ પુરુષોત્તમ પરાત્પર દિવ્ય સ્વરૂપ છે; અવતાર રૂપે એ જ અહીં જગતમાં આવે છે, પોતાની શક્તિ વડે વિભૂતિમાં પણ પ્રકાશે છે, પ્રત્યેક માનવમાં ગુપ્ત રહેલ પ્રભુ પણ તે પોતે છે. માણસો જે જે દેવતાઓની ભક્તિ કરે છે તે તે સઘળા એ પુરુષોત્તમનાં કેવળ વ્યક્તિસ્વરૂપો છે, નામો છે, એક જ દિવ્ય સત્-તાના મનોમય દેહો છે.

"પરમ પુરુષોત્તમ પરમેશ્વરે આ વિશ્વ એના પોતાના દિવ્ય તત્ત્વમાંથી, અને, એની પોતાની અનંત સત્-તામાં વ્યક્ત કર્યું છે, તથા આ જગતમાં પણ નાનારૂપે તે પોતાની જાતને પ્રગટ કરી રહ્યો છે. બધી જ વસ્તુઓ, બધા જ પદાર્થો એની શક્તિઓ છે, રૂપો છે, આકારો છે, અને એની શક્તિઓનો અને આકારોનો અંત જ નથી, કારણ કે એ પોતે અનંત છે. સર્વવ્યાપી અને સર્વધારક વ્યક્તિતાથી પર એવી આત્મસત્તા તરીકે એ જ પુરુષોત્તમ કાલ અને દિશામાં બ્રહ્માંડ સમસ્તમાં થઈ રહેલા આ અનંત આવિર્ભાવમાં વ્યાપી રહે છે તથા તેને ટેકો આપે છે. કોઈ

પણ વ્યક્તિ, વસ્તુ, ઘટના કે લક્ષણને માટે જરા પણ પસંદગી કે આસક્તિ વિના, પક્ષપાત વગર એકસરખી રીતે એ સર્વના આધારરૂપ બનીને તેને ટકાવી રાખે છે. આ શુદ્ધ અને સમ બ્રહ્મ પોતે ક્રિયા કરતું નથી, પરંતુ વસ્તુઓમાં જે ક્રિયા બને છે તેને નિષ્પક્ષપાતપણે તે ટેકો આપતું હોય છે. અને છતાં આ વિશ્વસમસ્ત રૂપે જે પ્રગટે છે તે એ જ પરમ સત્તા જ છે, — એની પરાત્પરતા રૂપે નહિ પરંતુ વિશ્વના આત્મા તરીકે, અને કાલની મૂર્તિ તે આ જગતનાં કાર્યોને પોતાના સંકલ્પ પ્રમાણે ચલાવે છે, આગળ ધપાવે છે, તથા નિર્મિત કરે છે. આ કાર્ય પોતાની અસંખ્ય રૂપ ધારણ કરનારી, ભાવિમાં મૂર્ત થનારી શક્તિ વડે — આપણે જેને 'પ્રકૃતિ' કહીએ છીએ તેના વડે — તે સાધે છે. પોતાની સૃષ્ટિઓ તે ઉત્પન્ન કરે છે, તેમને ટકાવે છે તથા તેમનો વિનાશ કરે છે. વળી પ્રત્યેક પ્રાણીના હૃદયમાં પણ તે બેઠેલો છે અને ત્યાંથી વ્યક્તિમાં આવી રહેલી ગુપ્ત શક્તિ તરીકે, — જેમ વિશ્વમાં તેની વિશ્વમય સન્નિધિમાંથી કરે છે તેમ — પ્રકૃતિની શક્તિ વડે ઉત્પત્તિ કરે છે, પ્રકૃતિના ગુણની ગહનતાની કોઈ રેખા પ્રગટ કરે છે, તથા પ્રકૃતિની ક્રિયાત્મક શક્તિમાં વસ્તુને તથા પ્રાણીને તેમના પ્રકાર, જાતિ વગેરે અનુસાર જુદાજુદા આકાર આપે છે, તથા સર્વ કર્મનો આરંભ કરે છે તથા તેમને ટકાવી રાખે છે. આ આરંભ, આ ઉત્પત્તિ તે પરમ, એકમેવ પ્રભુની પરાત્પરતામાંથી થયા કરે છે. એના આ જડ વસ્તુ-સ્વરૂપને લઈને, તથા વસ્તુઓમાં અને પ્રાણીઓમાં એ પરાત્પર વ્યક્તિ અને વિશ્વરૂપે સતત આવિર્ભાવ પામતો રહે છે. એને લઈને આ વિશ્વ એક સંકુલ વસ્તુ બની રહે છે.

"પરમ દિવ્ય સત્તાની ત્રણ સનાતન સ્થિતિઓ સદા વર્તમાન હોય છે. એક, શાશ્વત, અક્ષર આત્મ-સત્તા — સદા અને સર્વદા વર્તમાન છે એ અક્ષર સર્વ અસ્તિત્વમાં રહેલી વસ્તુઓનો પાયો છે, તેમનો આધાર છે. તેવી રીતે આ સર્વ સત્-પદાર્થો રૂપે પ્રકૃતિ જેનો આવિર્ભાવ કરે છે તે ક્ષર પુરુષ સદા અને સર્વદા રહેલો છે. એ જ પ્રમાણે દિવ્ય, પરાત્પર પુરુષ સદા અને સર્વદા રહેલો છે જે એકીવખતે ક્ષર, અક્ષર બન્ને રૂપે પોતે પ્રગટ થાય છે. તે શુદ્ધ, નીરવ, નિર્વિકાર આત્મા છે, તથા સક્રિય આત્મા પણ એ જ છે. વિશ્વનું યુગોયુગ દીર્ઘ જીવન પણ તે છે. એનું કારણ એ છે કે એ પરાત્પર એ બન્નેથી — એ બેને ભેગાં લઈએ કે છૂટાં છૂટાં લઈએ તોપણ — કાંઈ જુદી જ વસ્તુ છે તથા બન્નેથી વિશેષ પણ છે. આપણી અંદર જીવાત્મા છે તે આ પરમ સત્તાનો અંશ છે, એ પરમની જ એક સચેતન શક્તિ છે, એ પરમ આત્માનો ય આત્મા છે. એ જીવાત્મા પોતાની ગહનમાં ગહન આંતર-સત્તામાં સમગ્ર સર્વવ્યાપક પ્રભુને ધારણ કરે છે તથા પોતાની પ્રકૃતિની બાજુમાં એ જીવાત્મા વિશ્વરૂપ બનેલા પ્રભુમાં વસે છે. આ જીવાત્મા થોડા વખત માટેનું આકસ્મિક કે તાત્કાલિક સર્જન હોય છે

એવું નથી. એ પણ શાશ્વત પરમાત્માની અંદર શાશ્વત અનંતમાં ગતિ કરે છે, કર્મ કરે છે.

"આપણી અંદર જે સચેતન અંતરાત્મા રહેલો છે તે આ પરમ દિવ્ય પ્રભુની ત્રિદલ સ્થિતિમાંથી કોઈ પણ એકનો સ્વીકાર કરી શકે છે અને તેમાં પોતે ઊભો રહી શકે છે. માણસ ધારે તો આ પાર્થિવ જીવનમાં, પ્રકૃતિની વિકારીતામાં, એટલે કે ક્ષરતામાં અને કેવળ એમાં જ પોતાના જીવનને ધારણ કરી શકે છે. એ ક્ષરતામાં રહેનારો માનવ પોતાના વાસ્તવિક આત્મસ્વરૂપ વિષે, તેની પોતાની અંદર રહેલા પ્રભુ વિષે અજ્ઞાન હોય છે, અને તે કેવળ પ્રકૃતિને જ જાણતો હોય છે. પ્રકૃતિને જ તે જડ છતાં ક્રિયાત્મક અને સર્જન-શક્તિ તરીકે જુએ છે, તથા તે એમ પણ અનુભવે છે કે પોતે તથા બીજાં માણસો એ જડ પ્રકૃતિનાં સર્જનો છે; અર્થાત્ આ સમગ્ર વિશ્વ જડ પ્રકૃતિનું બનેલું હોઈ બધાં માણસો અહં સત્-તાઓ છે, વિભક્ત સત્તાઓ છે. પોતાની ચેતનાની ઉપલક સપાટી ઉપર અત્યારે એ પ્રમાણે ક્ષરતામાં જ માનવ જીવે છે. જ્યાં સુધી એ પ્રમાણે ચાલે છે, અને જ્યાં સુધી એ માનવ પોતાની આ બાહ્ય ચેતનાની પેલે પાર જતો નથી, તથા પોતાના અંતરમાં જે ગૂઢ તત્ત્વ આવી રહેલું છે તેને જાણતો નથી, ત્યાં સુધી તેના સઘળા વિચારો, તેની સઘળી વિદ્યાઓ કેવળ પડદા ઉપર, કેવળ સપાટી ઉપર પડતી પ્રકાશની છાયા જેવી જ રહે છે. આવું અજ્ઞાન શક્ય બને છે, એ અજ્ઞાનનો માનવના ઉપર અધ્યારોપ પણ થાય છે એનું કારણ એ છે કે માનવની અંદર રહેલો પ્રભુ એની પોતાની યોગમાયાના આચ્છાદન વડે ગુપ્ત રહે છે, અને માનવની અંદર રહેલી પ્રભુતાની આ વધારે મહાન એવી આધ્યાત્મિક વાસ્તવિકતા આપણી દૃષ્ટિની બહાર રહી જાય છે, અને એની આપણને ખબર પડતી નથી, કારણ કે પોતાનાં જ સર્જનો, મૂર્તિઓ તથા આકારો સાથે પોતાનાં અપૂર્ણ સ્વરૂપો જોડે તેણે એટલી તો સંપૂર્ણ તન્મયતા કરેલી હોય છે કે આપણે તેના સત્ય સ્વરૂપને જોઈ શકતા નથી. વળી એણે પોતાની પ્રકૃતિની ભ્રામક એટલે કે છેતરનારી ક્રિયાઓમાં ઉત્ક્રાંતિશીલ મનને એટલું તો એકતાર કરી દીધું હોય છે કે તેને લઈને પણ આપણે એના સત્ય સ્વરૂપને જોઈ શકતા નથી. વળી આ પ્રકારનું અજ્ઞાન શક્ય બનવાનું બીજું એક કારણ એ પણ છે કે સાચી દિવ્ય પ્રકૃતિ જે વસ્તુઓનું પોતાનું રહસ્ય છે તે બાહ્ય સ્વરૂપમાં અત્યારે પ્રગટ થયેલી નથી. આપણે બહાર દૃષ્ટિ કરીએ છીએ ત્યારે જે પ્રકૃતિ આપણી નજરે ચડે છે, આપણા દેહમાં, આપણી ઇન્દ્રિયોમાં અને આપણા મનમાં જે પ્રકૃતિ કાર્ય કરે છે તે અધો પ્રકારની છે, પરાવલંબી છે, આનુષંગિક છે, પરોપજીવી છે, એ જાદુગર અસલ ચિદ્ વસ્તુનાં રૂપો ઉત્પન્ન કરે છે, પરંતુ એ રૂપોની પાછળના આત્માને તે ઢાંકી દે છે, સત્યને સંતાડે છે, અને માણસની

દૃષ્ટિને તે કેવળ વેશ કે બહુરૂપીનાં ઓઢાં જ બતાવે છે. પ્રકૃતિ તરીકે કાર્ય કરતી આ નિમ્ન શકિત ગૌણ અને નીચેનાં મૂલ્યોનો સરવાળો જ પેદા કરી શકે છે પણ પ્રભુના આવિર્ભાવની સંપૂર્ણ શકિત, મહત્તા, ભવ્યતા, આનંદ કે મધુરતા તે પ્રગટાવી શકતી નથી. આપણી અંદર કાર્ય કરતી આ પ્રકૃતિ 'અહં'ની માયા જ હોય છે, દ્વંદ્વનું ગૂંચળું અને અજ્ઞાનનો તથા ત્રિગુણનો પટ હોય છે અને જ્યાં સુધી માનવનો આત્મા મન, પ્રાણ અને દેહની સપાટીની વાસ્તવિકતામાં રહે છે, અને પોતાના અંતરાત્મામાં અને સત્ય સ્વરૂપમાં રહેતો નથી ત્યાં સુધી તે પ્રભુને તથા પોતાના આત્માને તથા જગતને તે જેવાં છે તેવાં જાણી કે જોઈ શકતો નથી, આ માયાને તરી જઈ શકતો નથી. અને છતાં આ રૂપો, આ આકારો અને વસ્તુઓનો સ્વીકાર કરીને પોતાનાથી થઈ શકે તેવો તેમનો ઉપયોગ માનવને કરવો પડે છે.

"અત્યારે માનવ જે અધોગામી વલણવાળી પ્રકૃતિમાં રહે છે તેના પ્રત્યે પૂઠ ફેરવવી તથા અત્યારે એ જેને પ્રકાશ માને છે, પણ જે વાસ્તવમાં અજ્ઞાન છે, અંધકાર છે તેમાંથી જાગૃત થવું તથા પોતાની સનાતન તથા અક્ષર આત્મ-સત્-તાના જ્યોતિર્મય સત્યમાં જીવન ધારણ કરવું એ માનવને માટે શક્ય વસ્તુ છે. એવી અંતરની જાગ્રતિ થયા પછી માનવ એની વ્યકિતતાના સંકુચિત બંધનમાં જકડાયેલો રહેવાને બંધાયેલો નથી. ત્યાર પછી એટલે થોડા સમય માટે સંકલ્પ-વિકલ્પને વશ, કાર્યમાં રચ્યોપચ્યો રહેનારો, લાગણીઓને વશ તથા ફાંફાં મારતો અને પરિશ્રમ કરતો નાનો સરખો 'હું' એમ તે અનુભવતો નથી. ત્યાર પછી તે વિશુદ્ધ આત્મતત્ત્વની મુકત અપૌરુષેયતા અને અસીમતામાં લીન રહે છે; એ પોતે બ્રહ્મસ્વરૂપ બને છે, વસ્તુમાત્રમાં વ્યાપી રહેલ એક આત્મા જોડે તે પોતાની એકતા અનુભવે છે. ત્યાર પછી એની ચેતનામાં 'અહં'નું ભાન રહેતું નથી, અહંની જાગ્રતિ રહેતી નથી. દ્વંદ્વનાં જોડકાં એને અશાંત કરતાં નથી, શોકનો પરિતાપ કે હર્ષનો ક્ષોભ તે અનુભવતો નથી, કામનાથી એ પરિચાલિત થતો નથી, પાપનો એને ક્લેશ થતો નથી, પુણ્યની મર્યાદાઓ એને માટે રહેતી નથી, અથવા આ બધી વસ્તુઓ નહિ પરંતુ તેમની છાયા કદાચ એની ચેતનામાં રહે છે તોપણ એ જાણે છે કે એ બધાં પ્રકૃતિનાં પોતાના ગુણોની અંદર થતાં કાર્યો છે, પરંતુ એ જે સત્યમાં પોતાની ચેતનાને ધારણ કરતો હોય છે તે પોતાના સ્વરૂપનું સત્ય એ કાર્યો પ્રગટ કરે છે એમ તે જોતો નથી. પ્રકૃતિ જ એકલી કાર્ય કરતી હોય છે, અને પોતાનાં યંત્રવત્ સ્વરૂપો પ્રકૃતિ પોતાની ક્રિયા વડે પ્રગટાવે છે. પરંતુ શુદ્ધ આત્મા તો નીરવ, અક્રિય અને મુકત જ હોય છે. સ્થિર અને પ્રકૃતિનાં કાર્યોથી અસ્પૃષ્ટ એવો એ પુરુષ પ્રકૃતિનાં સર્વ કાર્યોને સંપૂર્ણ સમતાપૂર્વક જુએ છે તથા પોતે એ વસ્તુઓથી જુદો છે એમ અનુભવે છે. આ આધ્યાત્મિક અવસ્થા એક

પ્રકારની ગાઢ પ્રશાંતિ તથા મુક્તિનો સાક્ષાત્કાર કરાવે છે, પરંતુ સક્રિય પ્રભુતા નથી આપતી, સમગ્ર યાને સર્વાંગી પૂર્ણતા નથી પ્રગટાવતી; એ અનુભૂતિ પ્રગતિનું એક મહાન પગલું છે, પરંતુ સમગ્રતયા પ્રભુનું તથા આત્માનું જ્ઞાન એટલામાં સમાઈ જતું નથી.

"પરિપૂર્ણ સિદ્ધિ, સંપૂર્ણતાભરી સર્વાંગી પૂર્ણતા તો ત્યારે પ્રાપ્ત થાય છે જ્યારે પરમ પુરુષોત્તમની સમગ્રતામાં માનવની ચેતના જઈ શકે છે અને ત્યાં પ્રતિષ્ઠા પામે છે. ત્યાર પછી જેનો પોતે અંશ છે તે પરમાત્મા સાથે માનવના આત્માનો યોગ થાય છે. ત્યાર પછીથી, પ્રાણીમાત્ર જોડે પણ તે પોતાના આત્માની એકતા અનુભવે છે. આત્માની એકતા એને માટે સર્વત્ર સક્રિય બને છે, પ્રભુની ચેતનાની અને પ્રકૃતિનો આવિર્ભાવ એ બન્નેમાં તે એક અને અખંડ બને છે. અર્થાત્ ત્યાર પછી તે કેવળ મુક્ત નહિ પરંતુ સંપૂર્ણ પણ બને છે, પરમ આનંદમાં મગ્ન થઈ જાય છે, તથા છેવટની સંપૂર્ણતા પ્રાપ્ત કરવાનો અધિકારી બને છે. એ સ્થિતિમાં પ્રતિષ્ઠિત થઈને પણ શાશ્વત, અક્ષરપુરુષ તરીકે તેનો આત્મા પોતાની નીરવતામાં સઘળી વસ્તુઓને આધાર આપી ટકાવી રહેલો છે એમ તે જુએ છે. પરંતુ જ્યારે, એ પ્રમાણે અક્ષરપુરુષનો સાક્ષાત્કાર કરે છે ત્યારે વિશ્વમાં કાર્ય કરી રહેલી પ્રકૃતિ પોતાનામાં રહેલા ગુણો વડે યંત્રવત્ ચાલિત કોઈ જડ શક્તિ તરીકે પોતાનાં કર્મો કર્યે જાય છે એમ તે અનુભવતો નથી. એ સાક્ષાત્કાર પછી પ્રકૃતિને તે આત્માની શક્તિ તરીકે જુએ છે, આવિર્ભાવ પામેલી પ્રભુની શક્તિ તરીકે તેને અનુભવે છે. વળી તે એ પણ જાણતો થાય છે કે માનવમાં કાર્ય કરી રહેલી અધોમુખ પ્રકૃતિ એ જ કાંઈ આત્માના આવિર્ભાવનું ઊંડામાં ઊંડું સત્ય પ્રગટ કરતી નથી, મૂર્ત કરતી નથી. ચેતનાની ઊંચામાં ઊંચી ભૂમિકામાં એક દિવ્ય આધ્યાત્મિક પ્રકૃતિ રહેલી છે તેના વિષે તે સચેતન બને છે, જેની અંદર માનવના મન, પ્રાણ અને દેહની ચેતનામાં અત્યારે જે સઘળું અપૂર્ણપણે પ્રગટ થઈ રહેલું છે તેનું મૂળ તથા ભાવિમાં જેનો સાક્ષાત્કાર થવાનો છે તે સત્ય આવી રહેલાં છે. પોતાની અધોગામી માનસિક પ્રકૃતિમાંથી એ પરમ દિવ્ય પ્રકૃતિમાં આરોહણ કરે તો માનવ સર્વ પ્રકારના અહંમાંથી મુક્ત થાય છે. પોતે એક આધ્યાત્મિક સત્ છે એમ તે જાણતો થાય છે તથા પોતાના આત્મસ્વરૂપમાં સર્વ પ્રાણીઓ જોડે તે એકતા અનુભવે છે, પોતાની સક્રિય પ્રકૃતિમાં પોતે પ્રભુની જ સક્રિય શક્તિનું એક સ્વરૂપ છે તથા પરાત્પર અનંતનો અંશ છે એવું જ્ઞાન તેને થાય છે. એવો માણસ પ્રભુમાં જીવે છે, અને સર્વ કોઈમાં પ્રભુને જુએ છે; સર્વ પદાર્થોને પણ તે વાસુદેવરૂપે જુએ છે. હર્ષશોક, સુખદુઃખ, આશાનિરાશા, પાપપુણ્ય વગેરે દ્વંદ્વોથી તે વિમુક્ત થાય છે. વિશ્વમય ચેતનાના એક અંશ તરીકે, તેના એક સચેતન કેન્દ્ર તરીકે તે જીવે છે અને તેમાંથી

એનાં કર્મો ઉદ્‌ભવે છે; તેનામાં દિવ્ય પરાત્પર આનંદ સભર ઊભરાય છે. એનાં કર્મો દિવ્ય કર્મો જ બની રહે છે. આ સ્થિતિ ઊંચામાં ઊંચી આધ્યાત્મિક અવસ્થા છે.

"પોતાના હૃદયમાં થતા દિવ્ય સાદને જેઓ સાંભળી શકે છે તથા જેમણે ઉપર જણાવી તે શ્રદ્ધા અને જ્ઞાન બન્નેનો અધિકાર પ્રાપ્ત કર્યો છે તે સઘળાઓને હું આ ઉકેલ, આ મુક્તિ, આ પૂર્ણતાની પ્રાપ્તિ અનિવાર્ય ભાવિ તરીકે ભેટ આપું છું. એ ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત કરવા માટેનું પ્રથમ મૌલિક પગલું એ છે કે તમારી અધોગામી પ્રકૃતિનું જે કાંઈ તમારામાં છે તેનાથી વિમુખ થઈ જાઓ, તમારી સંકલ્પશક્તિ અને બુદ્ધિને એકાગ્ર કરો, તથા બુદ્ધિ, હૃદય, ઇન્દ્રિયો તથા શરીર એ સઘળાં કરણોથી જે વસ્તુ ઉપર રહેલી છે તે દિવ્ય વસ્તુમાં તમારી જાતને દૃઢપણે સ્થાપન કરો. એ પહેલું પગલું છે. ત્યાર પછી, તમારામાં જે શાશ્વત અક્ષરપુરુષ રહેલો છે, તથા અપૌરુષેય રૂપે સૌ કોઈમાં પણ રહેલો છે, પ્રાણીમાત્રમાં જે એક રૂપે વ્યાપેલો છે તેના પ્રત્યે તમારી ચેતનાને વાળો, અભિમુખ કરો. જ્યાં સુધી તમે અહંમાં અને માનસિક પોતાપણામાં રહેશો ત્યાં સુધી અવિદ્યાના એના અંત વગરના ગોળ ચક્કરમાં ફર્યા જ કરશો અને જીવનનો સાચો ઉકેલ જડશે નહીં: હૃદય અને તેની અંદરની ઇચ્છાઓથી, ઇન્દ્રિયો અને તેના આકર્ષણોથી પર થઈ જઈને, એની મર્યાદિત ઇચ્છાઓ, વિચારો તથા આવેશોથી પણ પર થઈ જઈને તમારી સંકલ્પશક્તિને અંતરના તરફ વાળો. તમારા અંતરમાં જે સનાતન તત્ત્વો છે, જે શાશ્વત વસ્તુ છે તેને પ્રાપ્ત કરો. જે સદા અવિકારી છે, અચંચળ છે, સમ છે, શાંત છે, જે સર્વ વસ્તુઓ, સર્વ શક્તિઓ તથા ઘટનાઓ પ્રત્યે નિષ્પક્ષપાત છે, કોઈ પણ કર્મથી અસ્પૃષ્ટ છે, પ્રકૃતિનાં સ્વરૂપોથી જે પોતે અવિકૃત રહે છે, એ શાશ્વત સ્વરૂપ તમે થાઓ, સનાતન આત્મા-સ્વરૂપ બનો, બ્રહ્મસ્વરૂપ થાઓ. બ્રહ્મરૂપ થવાની એ ક્રિયાને એક સ્થાયી અનુભૂતિરૂપ દૃઢ પ્રતિષ્ઠા તરીકે તમે પ્રાપ્ત કરી શકો તો તમારી ચેતના સુપ્રતિષ્ઠિત થઈ જાણવી. એ પ્રતિષ્ઠા ઉપર સ્થિર થતાં તમારી મર્યાદિત માનસિક ચેતનાએ જે વ્યક્તિપણું ઉત્પન્ન કર્યું છે તેની મર્યાદાઓમાંથી તમે મુક્ત બનશો તથા શાંતિ અને જ્ઞાનની એ અખંડ સ્થિતિમાંથી કદી તમારું પતન થશે નહીં, તમે અહંથી સદા મુક્ત થઈ જશો.

"જ્યાં સુધી તમે 'અહં'નું, અથવા તો અહંના કોઈ પણ અંગનું લાલનપાલન કરશો તથા તેને વળગી રહેશો ત્યાં સુધી વ્યક્તિતાના બંધનોમાંથી જે અપૌરુષેયતાવાળી મુક્ત સ્થિતિ છે તેને તમે પામી શકશો નહીં. કામના અને કામનામાંથી ઉદ્‌ભવતા આવેગો એ સઘળું અહંની અને અહંના અજ્ઞાનમય બંધનની નિશાની છે. કામના જ તમારી પાસે 'હું' અને 'મારું' એમ કહેવડાવ્યા

કરે છે તથા અહંતાને કાયમ બનાવે છે. અને એમ થવાને પરિણામે સંતોષ-અસંતોષ, રાગ-દ્વેષ, આશા-નિરાશા, હર્ષ-શોક, નજીવી અંગત આસક્તિઓ અને ધૃણાઓ, ક્રોધ અને આવેગો વગેરે દ્વંદ્વોને તથા સફળતા અને ગમતી વસ્તુઓ પ્રત્યે આસક્તિ પેદા કરીને તેને તથા નિષ્ફળતાના શોકને તથા દુ:ખને તથા ન ગમતી વસ્તુઓ પ્રત્યે નાપસંદગી, ને તમારી ચેતનાને વશ કરે છે. કામના બુદ્ધિમાં ભ્રમ, અને સંકલ્પશક્તિમાં સંકુચિતતા હમેશાં લાવે છે; કામના જ્ઞાનને આવરી લે છે અને તેને નિષ્ફળ બનાવે છે. કામના અને તેને પરિણામે જન્મતી પસંદગીઓ તથા ઉગ્ર આવેશોમાં જ પાપનાં અને ભૂલોનાં સમર્થ મૂળ રહેલાં છે, અને જ્યાં સુધી કામનાને તમારી અંદર સ્થાન આપો છો ત્યાં સુધી ખાતરીપૂર્વકની અને નિષ્કલંક એવી શાંતિ, ખાતરીપૂર્વકની સ્થિર, શુદ્ધ જ્ઞાનજ્યોતિ પ્રાપ્ત કરવી શક્ય જ નથી. જ્યાં સુધી કામના હોય છે ત્યાં સુધી અંતરની સાચી આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત કરવી શક્ય નથી, તથા વિચારમાં, કર્મમાં અને લાગણીઓમાં સત્યની દૃઢપણે સ્થાપના કરવી પણ સંભવિત નથી. કોઈ પણ સ્વરૂપમાં જો કામના અંતરમાં કાયમ માટે રહી જાય છે તો મહાનમાં મહાન જ્ઞાનીને પણ તે આપત્તિરૂપ નીવડી શકે છે અને કોઈ પણ સમયે સૂક્ષ્મ રીતે, કે આવેગપૂર્વક ધસારો કરીને માનવની ચેતનાને તેના દૃઢમાં દૃઢ અને સૌથી ખાતરીપૂર્વક મેળવેલા આધ્યાત્મિક સાક્ષાત્કારના પાયામાંથી તેને હચમચાવી, ચલિત કરી મૂકે છે. આમ આધ્યાત્મિક પૂર્ણતાનો યોગમાં મોટામાં મોટો શત્રુ કામના છે.

"એટલે કામનારૂપી એ શત્રુનો વિનાશ કરો; બાહ્ય સ્વરૂપે વસ્તુઓ પ્રાપ્ત કરવાની તથા તેમનો ઉપભોગ કરવાની આસક્તિનો ત્યાગ કરો. બાહ્ય સ્પર્શરૂપે તથા તમને લલચાવે એવી ઇન્દ્રિયોની માગણી તરીકે જે કોઈ વૃત્તિ આવે તે મન અને ઇન્દ્રિયોનો વિષય છે એમ સમજીને તેમનાથી વિખૂટા પડી જાઓ, આવેગોના પૂરને સહન કરતાં તથા તેમનો પરિત્યાગ કરતાં શીખો; તથા તમારાં બાહ્ય કરણોમાં આવેગોનાં પૂર ઊછળતાં હોય ત્યારે પણ તમારા અંતરના કોઈ પણ ભાગને એમની જરા પણ અસર થાય નહિ એટલે સુધી તમારા અસલ આધ્યાત્મિક સ્વરૂપમાં સલામતપણે રહેતાં શીખો. હર્ષના તથા શોકના સમર્થ હુમલાઓને તથા તેના ઝીણામાં ઝીણા સ્પર્શોને પણ સહન કરો તથા બાજુએ ફેંકી દો તથા રાગ-દ્વેષનો પણ ત્યાગ કરો. પસંદગી-નાપસંદગી દ્વંદ્વનો વિનાશ કરો, ધૃણા અને તિરસ્કારને પ્રકૃતિમાંથી નિર્મૂળ કરો. આ બધી વસ્તુઓ પ્રત્યે તમારી પ્રકૃતિમાં એક પ્રકારની ઉદાસીનતા સ્થાપો તથા કામનાના પદાર્થો પ્રત્યે પણ ઉદાસીનતા ધારણ કરો. પોતાપણાના વ્યક્તિતાનાં સઘળાં બંધનોથી મુક્ત એવા અપૌરુષેય આત્માની મૂગી અને શાંત દૃષ્ટિ વડે એ બધાંને જોતાં શીખો.

"એને પરિણામે તમે સંપૂર્ણ સમતા અને અચળ સ્થિરતાને પ્રાપ્ત કરશો.

વિશ્વમય પુરુષ પોતાની સૃષ્ટિ પ્રત્યે એ જ સમતા અને સ્થિરતા ધારણ કરીને રહેલ છે, તથા વિશ્વ-પ્રકૃતિની અનંતવિધ પ્રવૃત્તિઓને પણ એના વડે જ નભાવી રહ્યો છે. સમદર્શી બનો, અને જીવનમાંથી જે કાંઈ આવે, જય-પરાજય, યશ-અપયશ, માન-અપમાન, દુ:ખ, તિરસ્કાર, લોકો જેમાં હર્ષ માને છે તે, તથા લોકો જેમાં શોક અનુભવે છે તે સઘળી ઘટનાઓનો હૃદયની અને બુદ્ધિની સમતા વડે સ્વીકાર કરો. સઘળા માણસો તરફ, સાધુ અને પાપી તરફ, જ્ઞાની અને અજ્ઞાની બંને પ્રત્યે, બ્રાહ્મણ તેમજ ચાંડાળ પ્રત્યે, ઉત્તમોત્તમ માનવ કે નિર્જીવ જંતુ એ સઘળા પ્રત્યે સમદૃષ્ટિવાળા થાઓ. સર્વ સંબંધોનો સમભાવે સ્વીકાર કરો, —મિત્ર અને સંબંધીનો, તટસ્થ અને ઉદાસીનનો, વિરોધી અને શત્રુનો, પ્રેમી કે દ્વેષીનો સમભાવે સ્વીકાર કરો. એ બધી લાગણીઓ અહંને સ્પર્શે છે અને તમારે તો અહંથી મુક્ત થવાનું છે. એ બધા સંબંધો અંગત સંબંધો છે. જ્યારે તમારે સૌ કોઈને પોતાપણાથી પર એવા અપૌરુષેય આત્માની નજરે જોવાના છે. એ બધા ભેદો તાત્કાલિક છે, અંગત છે, તમારે એ સઘળાને જોવાના છે, પરંતુ એમની અસર તમારા પર થવા દેવાની નથી; કારણ કે તમારે એ ભેદો ઉપર નહિ પરંતુ એ ભેદો વચ્ચે જે વસ્તુ સમાનરૂપે, એકરૂપે રહેલ છે, જે એક આત્મા છે, જે સર્વ કાંઈ છે, પ્રત્યેક પ્રાણીમાં જે વ્યાપી રહેલ છે, પ્રભુ છે તથા માનવોમાં, વસ્તુઓમાં, શક્તિઓમાં અને ઘટનાઓમાં સર્વ પ્રવૃત્તિઓમાં જે કાર્ય કરી રહેલી શક્તિનું જ સ્વરૂપ છે તેને તમારે સર્વમાં જોવાની છે, તેના પર તમારી દૃષ્ટિ તમારે એકાગ્ર કરવાની છે.

"ઉપર જણાવી તે સમદૃષ્ટિ પ્રાપ્ત કર્યા પછી પણ તમારી અંદર કાર્ય ચાલુ રહેશે, કારણ કે પ્રકૃતિ સદા કાર્ય કર્યા જ કરતી હોય છે; પરંતુ તમારે જ્ઞાનપૂર્વક અનુભવ કરવો જોઈએ કે એ કર્મોના કર્તા તમે નથી. કેવળ સાક્ષીરૂપે જોયા કરો, પ્રકૃતિની સર્વ ક્રિયાઓને ડગ્યા વગર, અંતરમાં ક્ષોભ પામ્યા વગર, કેવળ સમતાપૂર્વક જોયા કરો. એના ગુણોની લીલાને અને ગુણોના જાદુને જોયા કરો; તમારી પોતાની અંદર થતા કાર્યને સ્થિરભાવે, અચંચળ રહીને જુઓ; તમારી આજુબાજુ જે કાંઈ થઈ રહ્યું છે તે પણ પ્રકૃતિના ગુણોને જ આભારી છે એ વસ્તુ સમજી લો. વળી એ વાતનું બરાબર અવલોકન કરો કે તમારાં કર્મોનું અને આજુબાજુના પદાર્થોમાં થઈ રહેલ કાર્યોનાં ફળ તમે કે બીજાઓ વાંછો છો કે ઇચ્છો છો તે પ્રમાણે આવે છે એવું નથી. કર્મનાં પરિણામો તમારાં યે નથી, તેમનાં યે નથી; પરંતુ કોઈ મહાન સર્વ શક્તિમાન સત્તા આ વિશ્વપ્રકૃતિમાં થઈને પોતાના સંકલ્પો પાર પાડે છે અને પોતાનાં કાર્યો સાધે છે, અને તેણે નિર્ધારેલાં પરિણામો નીપજી આવે છે. વળી એ વસ્તુ પણ જુઓ કે તમારા કાર્યમાં રહેલી સંકલ્પશક્તિ પણ તમારી પોતાની નથી, પરંતુ પ્રકૃતિની છે. તમારી

સંકલ્પશક્તિ એટલે તમારામાં રહેલ અહંબુદ્ધિની સંકલ્પશક્તિ, અને એ સંકલ્પશક્તિ તમારી પ્રકૃતિના બંધારણમાં જે ગુણ સૌથી વધારે આગળપડતો હોય છે તેના ઉપર આધાર રાખે છે, અને એ ગુણનો વિકાસ ભૂતકાળમાં પ્રકૃતિએ જ તમારામાં કર્યો હોય છે, યા તો વર્તમાનમાં પ્રકૃતિ જ તેને આગળ ખેંચી લાવે છે. ટૂંકામાં, તમારી સંકલ્પશક્તિ તમારી સ્વાભાવિક વ્યક્તિતાની લીલા ઉપર આધાર રાખે છે. પરંતુ પ્રકૃતિના બંધારણરૂપ એ અજ્ઞાનવાળું વ્યક્તિત્વ કાંઈ તમારું સાચું વ્યક્તિત્વ નથી. પ્રકૃતિના એ બાહ્ય બંધારણમાંથી તમારી જાતને પાછી ખેંચી લઈને તમારી અંદર રહેલી મૂક એવી અંતરની વ્યક્તિતામાં સ્થિર થાઓ. ત્યાર પછી તમે જોઈ શકશો કે તમે પુરુષરૂપ છો, તમે નિષ્ક્રિય છો, પરંતુ પ્રકૃતિ હમેશાં પોતાના ગુણોને અનુસરીને કાર્ય કર્યે જ જાય છે. તમારી જાતને યા અંતરની નિષ્ક્રિયતામાં, અંતરની અચળ શાંતિમાં સ્થાપિત કરો: તમે પોતે કર્તા છો એ માન્યતાને દૂર કરો. પુરુષ તરીકે તમે ઉદાસીન એટલે કે પ્રકૃતિની લીલાથી તટસ્થ થઈ જાઓ. પ્રકૃતિના ત્રણ ગુણોના ક્ષુબ્ધ કાર્યોથી મુક્ત, પ્રકૃતિનાં કાર્યોથી પર એવી સ્થિર ચેતના અવસ્થામાં તમારી જાતને સ્થાપન કરો. તમારા આત્માના વ્યક્તિતાથી પર સ્વરૂપમાં જે સ્વયંભૂ શુદ્ધિ રહેલી છે તેમાં તમે સલામતપણે આશ્રય લો, તમારાં કરણોમાં જે મર્ત્ય ભાવો સતત ઊઠયા કરતા હોય છે તેનાથી અક્ષુબ્ધ અને અલિપ્ત રહેતાં શીખો.

"ઉપર કહ્યું છે તે પ્રમાણે જો તમે કરી શકશો તો કોઈ વિશાળ બંધનહીનતામાં અને ગહન શાંતિમાં તમારી ચેતનાએ આરોહણ કર્યું છે એમ તમને લાગશે. ત્યાર પછી તમને પ્રભુના સાન્નિધ્યનું ભાન થશે, તમે અમર ભાવને પ્રાપ્ત કરશો, અને મન, પ્રાણ અને દેહથી સ્વતંત્ર એવી તમારી કાલથી અતીત આત્મ-સત્-તાને તમે ધારણ કરશો, તમારી આધ્યાત્મિક સત્-તા વિષે તમને પતીજ આવી જશે, અને પ્રકૃતિનાં કાર્ય-પ્રતિકાર્યથી તમે અસ્પૃશ્ય રહી શકશો, રાગ-દ્વેષ, આવેગ, પાપ અને દુ:ખ તથા શોકના ડાઘથી સદા મુક્ત થઈ જશો. ત્યાર પછી આનંદ પ્રાપ્ત કરવા માટે તથા કામનાની તૃપ્તિ માટે કોઈ માનવના ઉપર, કોઈ બહારની કે જગતની વસ્તુ ઉપર તમે આધાર રાખતા મટી જશો, પરંતુ શાંત અને સનાતન આત્માના સ્વપર્યાપ્ત એવા આનંદને તમે તમારી અંદર, તમારા અંતરમાં, અવિભાજ્યપણે ધારણ કરશો. ને ત્યાર પછી તમે એક માનસિક સત્-તા તરીકે મટી જશો, અસીમ આત્મસ્વરૂપ થઈ રહેશો. વિચારનાં સર્વ બીજોનો તથા કામનાનાં મૂળનો તથા દેહમાં જન્મ ધારણ કરવાના પ્રતીકનો પરિત્યાગ કરી દઈને જીવનને છેડે રહેલા શુદ્ધ સનાતન બ્રહ્મમાં એકાગ્રતા કરીને નીરવ આત્માની શાશ્વતીમાં તમે નિર્વાણ પામી જઈ શકશો, તમારી ચેતનાને અનંત નિરપેક્ષ બ્રહ્મમાં સંકેલી લઈ શકશો.

"પરંતુ યોગનું સંપૂર્ણ સત્ય ઉપર જણાવેલી અનુભૂતિમાં સમાઈ જતું નથી; તથા એ હેતુ તથા શરીરત્યાગનો એ માર્ગ પોતે એક મહાન હેતુ અને મહાન માર્ગ છે તોપણ તમારે માટે હું એ માર્ગની ભલામણ કરતો નથી; કારણ કે તમારા અંતરમાં રહેલો સનાતન કર્મયોગી, સઘળા કર્મનો સાચો કર્તા હું છું, અને તમારી પાસે કર્મ કરવાની માગણી હું કરું છું. તમારા આત્માને સંપૂર્ણપણે અનાસક્ત, ઉદાસીન અને તટસ્થ રાખીને પ્રકૃતિની યાંત્રિક ગતિને તમે તમારી નિષ્ક્રિય અનુમતિ આપો એવી માગણી હું તમારી પાસેથી કરતો નથી. હું તમારી પાસેથી કોઈ સંપૂર્ણ અને દિવ્ય કર્મની આશા રાખું છું, જે કર્મ પ્રભુને સમર્પિત એવા સજ્ઞાન કરણ તરીકે કરેલું હોય, તમારા અંતરમાં અને અન્યમાં રહેલા પ્રભુને ખાતર કરેલું હોય, જે જગતના કલ્યાણને અર્થે કરેલું હોય. અલબત્ત, દિવ્ય પ્રકૃતિમાં તમારું રૂપાંતર થઈને તમને પૂર્ણતા પ્રાપ્ત થાય એટલા માટે શરૂઆતમાં સાધન તરીકે એ કર્મ કરવાનાં છે, પરંતુ આખરે એ દિવ્ય પ્રકૃતિની પૂર્ણતાને પ્રગટ કરવાના એક અંશ તરીકે, પ્રભુના સમગ્ર જ્ઞાનના એક ભાગ તરીકે પણ એ કર્મનું આચરણ આવશ્યક છે. એ જાતનાં કર્મ પ્રભુના સંપૂર્ણ જ્ઞાનસ્વરૂપનો જ એક અંશ છે. પ્રભુના મહાન અને ગહન સત્યનો તથા પ્રભુમાં નિઃશેષપણે જીવન ધારણ કરવાની ક્રિયાનો એવાં કર્મો એક અંશ છે; પૂર્ણતા અને મુક્તિની પ્રાપ્તિ થયા પછી પણ કર્મ ચાલુ રાખવાં શક્ય છે અને આવશ્યક પણ છે. હું તમારી પાસેથી જે કર્મની માગણી કરું છું તે સિદ્ધ પુરુષનાં કર્મ છે, મુક્ત થયેલ આત્માનાં કર્મ છે. અત્યાર સુધી યોગનું જે વર્ણન કરવામાં આવ્યું છે તેમાં કાંઈક વસ્તુ ઉમેરવાની જરૂર છે, કારણ કે જે કહેવાયું છે તે તો જ્ઞાનયોગનું માત્ર પહેલું પગથિયું છે. પ્રભુના સાક્ષાત્કારના પ્રકાશમાં કર્મયોગનું આચરણ પણ શક્ય છે; કર્મને જ્ઞાન સાથે સંવાદી બનાવી શકાય છે. સમગ્રભાવે આત્મદર્શન અને પ્રભુદર્શન પ્રાપ્ત કરવાને પરિણામે જે કર્મો કરવામાં આવે છે, જગતમાં સર્વત્ર પ્રભુનું તથા પ્રભુમાં જગતનું દર્શન કરવાને પરિણામે જે કર્મો પ્રગટે છે તે જ્ઞાનમાંથી જ પ્રગટતાં હોય છે, જ્ઞાનની જ્યોતિની ક્રિયારૂપ હોય છે, તથા આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે અનિવાર્ય સાધનરૂપ હોઈ સાથેસાથે એ સિદ્ધિના આવિર્ભાવનો અંતરંગ અંશ પણ હોય છે.

"એટલે ઉચ્ચ તટસ્થતા અને વ્યક્તિતાથી યાને પોતાપણામાંથી, આત્માની મુક્તિની એ અનુભૂતિમાં આ વધારાનું જ્ઞાન પણ સામેલ કરો કે જે પ્રભુને આપણે નીરવ આત્મા તરીકે પામીએ છીએ તેને જ સર્વત્ર વ્યાપી રહેલા સક્રિય આત્મા તરીકે પણ આપણે પામી શકીએ છીએ. પ્રભુના એ સક્રિય સ્વરૂપમાંથી સર્વ કર્મો ઉત્પન્ન થાય છે અને એ સક્રિય પ્રભુ સર્વ સૃષ્ટિઓનો માલિક છે, તથા માનવનાં પણ સર્વ કર્મોનો, સર્વ યજ્ઞનો અને તપનો પણ એ જ સ્વામી છે.

પ્રકૃતિમાં આપોઆપ ચાલી રહેલી જે યાંત્રિકતા આપણને બહારથી જોતાં જણાય છે તેની પાછળ પ્રભુનો વ્યાપક દિવ્ય સંકલ્પ રહેલો છે અને ગૂઢતામાં ઢંકાયેલો રહીને પ્રભુનો એ દિવ્ય સંકલ્પ જ પ્રકૃતિને ફરજ પાડે છે, દોરે છે, તથા તેના હેતુઓનું નિર્માણ કરે છે. પરંતુ જ્યાં સુધી તમારી સંકુચિત વ્યકિતતાની ઘરેડમાં પુરાયેલા, અહંના અને અહંની કામનાઓના દૃષ્ટિબિંદુ વડે અંધ અને બદ્ધ એવા તમે રહેશો ત્યાં સુધી પ્રભુના એ દિવ્ય સંકલ્પને તમે જોઈ કે જાણી કે સમજી શકશો નહીં. જ્યારે તમે સંપૂર્ણપણે પોતાપણાથી એટલે વ્યકિતતાથી મુકત થઈ જશો, તથા સર્વ વસ્તુઓને આત્માની અંદર અને પ્રભુની અંદર જોઈ શકો એટલી વિશાળ ચેતનાવાળા બનશો, તથા સર્વ વસ્તુઓમાં આત્માને અને પ્રભુને તમે જોઈ શકશો ત્યારે જ તમે પ્રભુની સંકલ્પશકિતને સંપૂર્ણપણે પ્રત્યુત્તર આપી શકશો. અહીં આ જગતમાં જે કાંઈ બને છે તે આત્માની શકિતને લઈને બની આવે છે; વસ્તુમાત્રમાં વ્યાપી રહેલ જે પ્રભુ છે, પ્રત્યેક પ્રાણીના અંતરમાં પ્રભુનું જે સાન્નિધ્ય છે તેને લઈને દરેક વસ્તુ પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તે છે. આ વિશ્વોનો સર્જનહાર પોતાનાં સર્જનોથી મર્યાદિત થતો નથી; કર્મનો સ્વામી પોતાનાં કર્મોથી બંધાતો નથી; પ્રભુની દિવ્ય સંકલ્પશકિતને પોતાનાં કાર્ય તથા પરિણામો પ્રત્યે આસકિત હોતી નથી. કારણ કે તે સર્વશકિતમાન, સર્વધારક અને સર્વ આનંદમય હોય છે અને છતાં, પ્રભુ પોતાની પરાત્પરતામાંથી પણ આપણા પાર્થિવ લોકો પ્રત્યે દૃષ્ટિ કરે છે, તથા અવતાર તરીકે એ જગતમાં અવતરણ પણ કરે છે. અહીં અત્યારે તમારી અંદર પણ તે રહેલો છે; અંતરમાં રહીને પ્રત્યેક પદાર્થની પ્રકૃતિ અનુસાર એ પ્રભુ જ સર્વનું શાસન કરી રહ્યો છે. તમારે પણ પ્રભુની ચેતનામાં સ્થિર થઈને જ તમારાં કર્મો કરવાં જોઈએ તથા મર્યાદા, આસકિત કે બંધનથી મુકત રહીને પ્રભુની દિવ્ય પ્રકૃતિની પેઠે તમારે પણ કર્મ કરવાં જોઈએ. સર્વનું પરમ કલ્યાણ સાધવા માટે કર્મ કરો, જગતની યાત્રાને ટકાવવા માટે, લોકસંગ્રહ માટે, અથવા તો લોકને દોરવા ખાતર કર્મ કરો. તમારી પાસે જે કર્મની માગણી કરવામાં આવે છે તે મુકત યોગીનાં કર્મ છે; સમતાયુકત મનની ક્રિયારૂપ એ કર્મો નિષ્કામ અને નિ:સ્વાર્થ ચેષ્ટારૂપ હોય છે.

"આવાં મુકત, સમ અને દિવ્ય કર્મોના માર્ગે પ્રયાણ કરવા માટે પહેલું પગલું એ છે કે ફળ માટેની આસકિતનો અને બદલાની આશાનો ત્યાગ કરવો અને કર્તવ્ય-કર્મ હોય તે કરવા માટે જ પ્રયત્નવાન રહેવું. તમને પોતાને અંતરમાં લાગવું જોઈએ કે કર્મનું ફળ તમારું નથી, પરંતુ જગતના શાસક પ્રભુનું છે. તમારાં સઘળાં કર્મોને, સઘળી ચેષ્ટાને સમર્પણ કરી દો; અને કર્મના બદલાની ચિંતા આત્મા પર છોડી દો. આત્મા વિશ્વરૂપ વિરાટની ક્રિયામાં પોતાની જાતને પ્રગટ કરી રહેલો છે, તથા પોતાની સાર્થકતા સાધી રહેલો છે. તમારાં કર્મનું પરિણામ

પ્રભુની સંકલ્પશક્તિ વડે જ નિર્મિત થાય છે, અને એ પરિણામનું બાહ્ય સ્વરૂપ ઈષ્ટ કે અનિષ્ટ, સફળતા કે નિષ્ફળતા ગમે તે હોય, પરંતુ આ જગતમાં પોતાનો હેતુ સાધવા માટે પ્રભુ તેનો ઉપયોગ કરી લે છે. કર્મયોગનો પહેલો નિયમ એ છે કે વ્યક્તિની પોતાની સંકલ્પશક્તિ તથા કરણરૂપ સમગ્ર પ્રકૃતિ બન્ને સંપૂર્ણપણે કામનારહિત અને અનાસક્ત થઈ જવાં જોઈએ. કોઈ પણ પ્રકારના ફળની માગણી ન કરો, જે કાંઈ ફળ પ્રાપ્ત થાય તેનો સ્વીકાર કરો; વળી એનો સ્વીકાર સમતા અને શાંત પ્રસન્નતા સહિત કરો. સફળ થાઓ કે નિષ્ફળ, ચડતીમાં કે પડતીમાં નિર્ભયપણે દિવ્ય કર્મના દુર્ગમ માર્ગ પર તમારી યાત્રા ચાલુ રાખો.

"પણ કર્મયોગના માર્ગનું એ તો પહેલું જ પગથિયું ગણાય. કારણ કે તમારે કેવળ કર્મનાં ફળ વિષે અનાસક્ત થવાનું છે એટલું જ નહિ, પરંતુ તમારાં કર્મ વિષે પણ અનાસક્ત થઈ જવાનું છે. તમારાં કર્મને તમારાં પોતાનાં ન ગણો; જે પ્રમાણે તમે કર્મનાં ફળની ઇચ્છાનો ત્યાગ કર્યો છે તે જ પ્રમાણે કર્મના અને યજ્ઞમાત્રના ભોક્તા પ્રભુને તમારાં સર્વ કર્મો પણ તમારે અર્પણ કરી દેવાનાં છે. તમે જે કર્મો કરો છો તેમને તમારી પ્રકૃતિ નિયત કરે છે એ વસ્તુ તમે બરાબર સમજી લો; તમારા સ્વભાવની ગતિ ઉપર તમારી પ્રકૃતિનો અમલ ચાલે છે, અને પ્રકૃતિની સક્રિય શક્તિનો પ્રયોગ કરીને એ માર્ગે તમારા આત્માનો વિકાસ પણ એ પ્રકૃતિ જ નક્કી કરે છે. પ્રભુના માર્ગનું અનુસરણ કરવામાં તમારા મનને માર્ગે ચાલીને, ગૂંચવણ કે અવ્યવસ્થા ઊભી કરનાર, સ્વચ્છંદને વચમાં લાવો નહીં. તમારી પ્રકૃતિ માટે ઉચિત હોય એવાં કર્મનો સ્વીકાર કરો. મોટામાં મોટા અને અસાધારણ કાર્યથી માંડીને નાનામાં નાના રોજિંદા કાર્યને યજ્ઞરૂપે પ્રભુને અર્પણ કરી દો. તમારા મનની પ્રત્યેક ક્રિયા, તમારા હૃદયની એકેએક વૃત્તિ અને ઊર્મિ, તમારા દેહના પ્રત્યેક કર્મને, અંતરના અને બહારના વલણને, પ્રત્યેક પગલાને, ગતિને અને સ્થિતિને, સર્વ યજ્ઞ અને તપસ્યામાત્રના સ્વામી પ્રભુને યજ્ઞરૂપે અર્પણ કરી દો.

"ત્યાર પછી આ જ્ઞાન પ્રાપ્ત કરો કે તમે શાશ્વત સચ્ચિદાનંદના સનાતન અંશ છો અને એના સિવાય તમારી બધી શક્તિ કંઈ જ વિસાતમાં નથી. જેટલે અંશે તમારી શક્તિઓ એ પરાત્પર શાશ્વતને પ્રગટ કરી શકે છે તેટલે અંશે જ તે સાર્થક છે, બાકી તે કાંઈ જ નથી. તમારી પ્રકૃતિ દ્વારા સચ્ચિદાનંદ ક્રમેક્રમે આવિર્ભાવની સાર્થકતા પ્રાપ્ત કરતો જાય છે. ભાવિમાં પ્રગટ થનાર પ્રભુની દિવ્ય શક્તિ પોતે સ્વયં તમારી પ્રકૃતિને ઘડે છે, અને એ તમારી પ્રકૃતિમાં આકાર લઈ રહી છે. પોતે કર્તા છો એ ભાવનો ત્યાગ કરી દો; કેવળ શાશ્વત પરાત્પર પ્રભુ જ કર્મનો કર્તા છે એ સત્યનો અનુભવ કરો. તમારી પ્રકૃતિને એ પરાત્પર શાશ્વતને પ્રગટ કરવાના પ્રસંગરૂપ, તેના એક કરણરૂપ, તેની શક્તિની વાહિનીરૂપ, તેના

આવિર્ભાવનું સાધન બનાવો. તમારી સંકલ્પશક્તિ પણ એ શાશ્વતને સમર્પણ કરી દો, તથા તેની સનાતન સંકલ્પશક્તિ સાથે તેને તન્મય કરી દો. તમારી વ્યક્તિતાની અને આત્માની નીરવતામાં તમારાં સઘળાં કર્મોને તમારી પ્રકૃતિના સ્વામી પ્રભુને સમર્પણ કરી દો. પરંતુ જ્યાં સુધી તમારી અંદર અહંભાવ બાકી છે, માનસિક હક્કની લાગણી યા તો પ્રાણનો કોલાહલ ચાલુ હોય છે ત્યાં સુધી એવું સંપૂર્ણ સમર્પણ, ખરેખર યા તો સંપૂર્ણપણે, થઈ શકતું નથી. જે કર્મ થોડે અંશે પણ અહંને તૃપ્ત કરવા ખાતર કરવામાં આવે છે, યા તો જે કર્મને અહંની કામનાઓ અને સંકલ્પનો જરા પણ પાશ લાગ્યો હોય છે તે કાર્ય સંપૂર્ણપણે યજ્ઞરૂપ બની શકતું નથી. વળી, જ્યાં સુધી પ્રકૃતિમાં કોઈ સ્થળે પણ અસમતા હોય, યા તો અજ્ઞાનના પરિણામરૂપ ઘૃણા, રાગ કે પસંદગી હોય ત્યાં સુધી એ મહાન કાર્ય સારી રીતે કદી થઈ શકતું નથી. પરંતુ સર્વ પ્રકારનાં પરિણામો પ્રત્યે, સર્વ કર્મો પ્રત્યે, સર્વ પદાર્થો અને માનવો પ્રત્યે જ્યારે સંપૂર્ણ સમતા પ્રગટે છે, અને સમર્પણ જ્યારે પ્રભુના પરાત્પર સ્વરૂપને, અને નહિ કે કામનાઓને કે અહંને, કરવામાં આવે છે ત્યારે પ્રભુની દિવ્ય સંકલ્પશક્તિ, એની દિવ્ય ઇચ્છા, સ્ખલન કે વિકૃતિ વિના તમારી અંદર રહીને સર્વ કર્મોનો નિર્ણય કરી શકે છે, તથા તમારી અધોમુખ પ્રકૃતિનાં દખલ કે બાધા કરનાર પ્રતિકાર્યો વિના રૂપાંતર પામેલી તમારી પ્રકૃતિની વિશુદ્ધિમાં અને સલામતીમાં પ્રભુની પોતાની જ ક્રિયાશક્તિ એ સર્વ કર્મોનો અમલ કરે છે તથા એમને પાર પાડે છે. પ્રભુની ઇચ્છામાં રહેલી નરી શાસકતા યાને સમ્રાટ સમી સત્તાને પોતાનાં એકેએક કર્મનું સ્વરૂપ ઘડવા દેવું એ યોગમાં સ્થિત થઈને કર્મો કરવાથી જે સિદ્ધિ પ્રાપ્ત થાય છે તેની ઊંચામાં ઊંચી સ્થિતિ છે. એ પ્રમાણે થયા પછી તમારી પ્રકૃતિ પ્રભુની સાથે સતત યોગમાં રહીને, વિશ્વની ગતિનું અનુસરણ કરશે, તમારા ઊંચામાં ઊંચા આત્મસ્વરૂપને તે વ્યક્ત કરશે, પ્રભુની આજ્ઞાનું પાલન કરશે.

"જીવનનો અને કર્મનો બાહ્ય ત્યાગ કરીને મુક્તિ મેળવવાનો માર્ગ જાણીતો છે તેના કરતાં આ દિવ્ય કર્મો કરવાની મુક્તિનો માર્ગ વધારે ઊંચો છે, વધારે પૂર્ણતાવાળો છે, અને જીવનના કોયડાઓનો વધારે સારો ઉકેલ તે આપણને આપે છે. પ્રથમ તો સ્થૂલ દૃષ્ટિએ એ પ્રમાણે કર્મમાંથી સંપૂર્ણપણે વિરત થઈ જવું શક્ય જ નથી. અને અમુક અંશે તે શક્ય હોય છે તોપણ આત્માની મુક્તિને માટે તે અનિવાર્ય નથી. વળી એ પ્રમાણે કરવાથી જગતની આગળ આપણે જોખમ ભરેલો દાખલો મૂકીએ છીએ, કારણ કે એની અસર સામાન્ય માણસને ઊંધે રસ્તે દોરનારી નીવડે છે. શ્રેષ્ઠ અને મહાન પુરુષો જે પ્રકારનો દાખલો બેસાડે છે તેનું અનુકરણ અન્ય સાધારણ માણસો કરે છે. હવે, કર્મ કરવાં એ દેહધારી આત્માનો સ્વભાવ જ છે તેથી, તથા કર્મમાત્ર ખરું જોતાં શાશ્વત કર્તા પ્રભુના સંકલ્પનાં

પરિણામરૂપ હોય છે તેથી મહાન આત્માઓ અને જ્ઞાની પુરુષોએ કર્મના સ્વીકારનું ઉદાહરણ આપવું જોઈએ; એમણે કર્મને સ્થાપન કરવું જોઈએ. એવા લોકો જીવનનાં સર્વ પ્રકારનાં કાર્યો કરનારા હોવા જોઈએ, એ લોકો પ્રભુનાં કાર્યો કરનારા હોઈ મુક્ત, આનંદી અને કામનારહિત હોય છે. એમનો આત્મા અને એમની પ્રકૃતિ બન્ને બંધનહીન બનેલાં હોય છે.

* * *

"જ્ઞાન પ્રાપ્ત કરનાર બુદ્ધિ અને કર્મ કરનાર સંકલ્પશક્તિ એ બેમાં કાંઈ તમારાં સઘળાં કરણો સમાઈ જતાં નથી; તમારી અંદર હૃદય પણ રહેલું છે, અને એ હૃદયનો ધર્મ આનંદ માટે ઝંખના કરવાનો છે. એ હૃદયની શક્તિ અને એનો પ્રકાશ બન્ને આનંદ માટે ઝંખે છે એટલે તમારા આત્માની સાચી તૃપ્તિ કરવી હોય તો, તમારી પ્રકૃતિનો એ ભાગ પણ રૂપાંતર પામે એ જરૂરનું છે. એ હેતુ સાધવા માટે પ્રભુ સાથે સચેતન આનંદની મસ્તી માણી શકે એવી કોઈ ઊર્ધ્વ ભૂમિકા ઉપર હૃદયને ઊર્ધ્વ ગતિ કરાવવી જોઈએ. વ્યક્તિતાથી એટલે પોતાપણાથી પર એવા આત્માના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થતાં એક પ્રકારનો આનંદ થાય છે. અપૌરુષેયતાનો, શુદ્ધ આત્મતત્ત્વનો આનંદ અનન્ય પ્રકારનો છે. પરંતુ આત્માના સમગ્ર સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થતાં એક વધારે મહાન પ્રકારનો ત્રણ પાંખડીવાળો આનંદ અનુભવાય છે. એ અનુભવને પરિણામે પરાત્પરનાં આનંદનાં દ્વાર ખૂલી જાય છે; વિશ્વવ્યાપી, પોતાપણાથી પર આત્માના અપરિમેય આનંદમાં આત્મા બંધનહીન થઈ રહે છે; તથા સાથેસાથે આ વિવિધ પ્રકારના આનંદની અવધિને તે પામે છે : કારણ કે પ્રકૃતિની અંદર પણ શાશ્વતનો આનંદ રહેલો છે. જીવાત્મા આ જગતમાં પ્રભુનો અંશ છે, તેની અંદર આનંદ રહેલો છે. જીવાત્મા જ્યારે પોતાના અસલ સ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરે છે ત્યારે તેનો આનંદ પ્રભુના દિવ્ય આનંદની પરાકાષ્ઠાનું સ્વરૂપ ધારણ કરે છે. પ્રભુ પ્રત્યેના એ અનન્ય પ્રેમ અને ભક્તિ જગતમાં પ્રભુનાં જે અન્ય સ્વરૂપો છે તે સર્વ પ્રત્યે, સર્વ શક્તિઓ પ્રત્યે અને પ્રાણીઓ પ્રત્યેના પ્રેમમાં વિસ્તરે છે. સર્વમાં એને પ્રભુનાં દર્શન થાય છે. સર્વમાં તે પ્રભુની ભક્તિ કરી શકે છે, તેની સેવા કરી શકે છે, અથવા તો એમની સાથે એકતા અનુભવાય છે. જ્ઞાન અને કર્મની સાથે આ ત્રિવિધ સનાતન આનંદનો મુકુટ ધારણ કરો; આ પ્રેમનો સ્વીકાર કરો, એ ભક્તિ કરતાં શીખો, જ્ઞાન અને કર્મની સાથે ભક્તિને એક બનાવો. સંપૂર્ણ સિદ્ધિની એ પરાકાષ્ઠા છે.

"આ ભક્તિયોગ, આ પ્રેમયોગ તમને આત્માની વિશાળતા, અદ્વૈત અને મુક્તિના અનુભવ માટે તમારામાં ધારણસામર્થ્ય હશે તેટલી શક્તિ તમને આપશે. પરંતુ પ્રભુ પ્રત્યેની એ ભક્તિ એના જ્ઞાન સાથે એક થયેલી હોવી જોઈએ. એક એવા પ્રકારની ભક્તિ છે જે આર્ત દશામાં દિલાસો, સહાય અને છુટકારો મેળવવા

માટે પ્રભુને વાંછે છે. પ્રભુ તરફથી ભેટની, કોઈ 'અર્થની' કામના કરનાર ભક્તિ પણ છે જે પોતાના રક્ષણહાર તરીકે, માગણીઓ અને કામનાઓ પૂરી કરનાર તરીકે પ્રભુને ભજે છે. વળી અજ્ઞાનમાં રહેલ માનવ જ્ઞાનના પ્રકાશ માટે પ્રભુ પ્રત્યે જિજ્ઞાસાપૂર્વક વળે છે, એ પ્રકારની જિજ્ઞાસાભક્તિ પણ હોય છે. પરંતુ જ્યાં સુધી માનવની ભક્તિ ઉપર જણાવેલાં આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી એ સ્વરૂપોમાં મર્યાદિત હોય છે ત્યાં સુધી તેનું સ્વરૂપ ગમે તેવું ઉચ્ચ અને ઉદાત્ત હોય તોપણ તેમાં અવિદ્યાના ત્રણ ગુણોનું કાર્ય ચાલુ રહેવાનો સંભવ રહેલો છે. પરંતુ ભક્ત જ્ઞાની પણ હોઈ શકે છે. ત્યારે ભક્ત પોતાના ઇષ્ટ સાથે તદાકાર બને છે; કારણ કે એવો માનવ પ્રભુનો 'વરેણ્ય' આત્મા હોય છે. માટે અનન્ય ભાવે પ્રભુમાં તલ્લીન એવી આ જ્ઞાનભક્તિનો તમારી અંદર વિકાસ કરો; એને પરિણામે તમારું હૃદય અધોમુખ પ્રકૃતિની મર્યાદાઓથી મુક્ત થશે, ઊર્ધ્વમાં આરોહણ પામી આધ્યાત્મિકતાવાળું બનશે. પ્રભુના અપરિમેય સ્વરૂપમાં રહેલાં ગહન રહસ્યોનું ગાઢ અંતરંગતાવાળું જ્ઞાન એવા હૃદયને મળશે. એ જ્ઞાનવાળી ભક્તિ તમારી અંદર પ્રભુની દિવ્ય શક્તિનો સંપૂર્ણ સ્પર્શ અને પ્રવાહ તથા પ્રતાપ લાવશે, તથા શાશ્વત આનંદનાં રહસ્યો તમારી આગળ ખુલ્લાં કરશે. સંપૂર્ણ પ્રેમમાં જ સંપૂર્ણ જ્ઞાનની ચાવી રહેલી છે.

"પ્રભુ માટેનો આ સર્વાંગી પ્રેમ તમારી અંદર, તથા સર્વ પ્રાણીમાં રહેલ પ્રભુને ખાતર સમગ્ર પ્રકારના કર્મની પણ અપેક્ષા રાખે છે. સામાન્ય માણસ કર્મ કરે છે તે સારી કે અનિષ્ટ કામનાને વશ થઈને અથવા તો પ્રાણની ઉચ્ચ કે અધમ પ્રેરણાને લઈને કે પછી સામાન્ય કે ઉચ્ચ એવી કોઈ માનસિક પસંદગીને લઈને, અથવા મન અને પ્રાણના હેતુઓના મિશ્રણને લઈને કરે છે. પરંતુ તમારે જે કર્મ કરવાનું છે તે મુક્ત અને નિષ્કામ હોવું જોઈએ. કામનારહિત થઈને કરેલું કર્મ કોઈ પ્રકારનાં પ્રતિકાર્યો ઉત્પન્ન કરતું નથી, બંધનો ઊભાં કરતું નથી. સંપૂર્ણ સમતા, નિશ્ચલ સ્થિરતા અને શાંતિપૂર્વક, કોઈ પણ પ્રકારના દિવ્ય આવેગ વિના એ કર્મો કરવામાં આવે છે અને શરૂઆતમાં એ કર્મો 'કર્તવ્ય-કર્મ' રૂપી આધ્યાત્મિક ફરજની ધૂસરીરૂપ બને છે અને ત્યાર પછીથી આધ્યાત્મિક દિવ્ય યજ્ઞની ક્રિયારૂપ તે બની શકે છે. અને સૌથી ઉચ્ચ અવસ્થામાં એ કર્મો પ્રભુ સાથેની સક્રિય એકતામાંથી વ્યક્તિની સ્થિર અને આનંદપૂર્ણ અનુમતિના પ્રકાશરૂપ બને છે. ભક્તિના પ્રેમ વડે જે એકતા પ્રાપ્ત થાય છે તે એ ઉચ્ચ અવસ્થા કરતાં પણ આગળ જશે; શરૂઆતની નિશ્ચલ સ્થિરતાને ઠેકાણે એ સમર્થ અને ગહન આનંદની પરાકાષ્ઠા સ્થપાય છે, જે અહંતાપ્રધાન કામનાની નિર્જીવ ઉત્કટતા, વિહ્વલ આતુરતા કરતાં જુદી જ હોય છે. તે અનંત આનંદના મહાસાગરરૂપ હોય છે. એ ભક્તિ પ્રેમભાજન પ્રભુના સાન્નિધ્યને પરિણામે

હૃદયની ઊર્મિઓને હલાવી નાખનારી લાગણી, તેના સાન્નિધ્યનો વિશુદ્ધ અને દિવ્ય આવેશ પણ તમારાં કર્મમાં લાવશે. તમારા અંતરમાં — હૃદેશે રહેલા પ્રભુને માટે, સર્વ પ્રાણીઓમાં રહેલા પ્રભુપ્રીત્યર્થે કર્મ કરવાને પરિણામે સતત વહેતો આનંદ તમારામાં જાગ્રત થશે. પ્રેમ એ તો કર્મ તથા જ્ઞાન બન્નેનો મુકુટ છે.

"જ્ઞાન સાથે એકતાવાળો આ પ્રેમ છે, તમારા કર્મના ઊંડા રહસ્યરૂપી આ પ્રેમ છે, અને નિઃશેષ સમર્પણ અને સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે સૌથી સમર્થ શકિત એ પ્રેમ છે એમ તમને જણાશે. સંપૂર્ણ આધ્યાત્મિક જીવન પ્રાપ્ત કરવું હોય તો તેને માટેની શરત એ છે કે વ્યકિતની સમગ્ર સત્-તા પ્રભુની દિવ્ય સત્-તા સાથે સમગ્ર ભાવે એક થઈ જવી જોઈએ. એટલે તમે સંપૂર્ણપણે ભગવદભિમુખ થઈ જાઓ. તમારી સમગ્ર પ્રકૃતિને જ્ઞાન, કર્મ અને ભકિત વડે પ્રભુ સાથે એકતા પ્રાપ્ત કરાવો. અનન્ય ભાવે પ્રભુ પ્રત્યે પ્રયાણ કરો. તમારું હૃદય, તમારી સંકલ્પશકિત, તમારી સમગ્ર ચેતના, તમારી ઇન્દ્રિયો અને દેહ સુધ્ધાં પ્રભુના હાથમાં જરા પણ સંકોચ વગર સમર્પણ કરી દો. તમારી ચેતનાને પ્રભુ પોતાની દિવ્ય ચેતનાના સ્ખલન વગરના બીબામાં છૂટથી ઢાળી શકે એવું કરો. તમારા હૃદયને પવિત્ર, અથવા તો પ્રેમના જ્વલંત શિખામય એવા પ્રભુના હૃદય સાથે એક બનાવો. તમારી સંકલ્પશકિત પ્રભુની સંકલ્પશકિતનુ અમોઘ પરિણામ બની રહો. તમારી ઇન્દ્રિયો અને દેહ પણ પ્રભુની આનંદપુલકિત દિવ્ય ઇન્દ્રિયો અને દિવ્ય દેહરૂપ બનો. તમારી સઘળી ચેતના સહિત એ પ્રભુની પૂજા કરો, અને યજ્ઞ કરો; પ્રત્યેક લાગણીમાં અને વિચારમાં એ પ્રભુનું સ્મરણ રાખો, પ્રત્યેક પ્રેરણામાં અને કર્મમાં એને સંભારો. જ્યાં સુધી તમારાં આ બધાં કરણો સંપૂર્ણપણે પ્રભુનાં બને ત્યાં સુધી સાધનામાં મંડયા રહો, અને તમારા અંતરની ચેતનાની ગુહામાં તેમજ તદ્દન સામાન્ય અને બાહ્ય વસ્તુઓમાં પ્રભુની રૂપાંતર કરનારી હાજરી જણાય ત્યાં સુધી ખંતપૂર્વક તમારો પ્રયત્ન ચાલુ રાખો.

* * *

"આ ત્રિવિધ પ્રયત્નનો બનેલો માર્ગ એવો છે કે એને લઈને તમે તમારી અધોમુખ પ્રકૃતિમાંથી પરમ દિવ્ય એવી આધ્યાત્મિક પ્રકૃતિમાં આરોહણ કરી શકશો. એ દિવ્ય પ્રકૃતિ અત્યારે નિગૂઢ પરા ચેતના તરીકે ઊર્ધ્વમાં રહેલી છે. એ ઊર્ધ્વ પ્રકૃતિમાં જ પ્રભુના અંશરૂપ તથા તેની પ્રકૃતિના બંધારણમાં પ્રભુની દિવ્ય પ્રકૃતિ સાથે ગાઢ એકતાવાળો 'જીવાત્મા' રહેલો છે. એ દિવ્ય પ્રકૃતિમાં જીવાત્મા બહિર્મુખ થયેલી માયામાં નહિ, પરંતુ પોતાના સત્ય સ્વરૂપમાં જીવન ધારણ કરતો હોય છે. પ્રભુ સાથેની અને તેની દિવ્ય પ્રકૃતિ સાથેની આ એકતાનો આનંદ જીવાત્મા પોતાની ઉચ્ચ ભૂમિકામાં રહીને ભોગવી શકે છે. એટલે કે કોઈ પરમ વિશ્વાતીત ભૂમિકામાં અન્ય સૌથી વેગળો રહીને તે એ આનંદને માણી શકે છે;

પરંતુ અહીં પાર્થિવ જીવનમાં પણ તમે એનો સાક્ષાત્કાર કરી શકો છો, અને તમારે તે અનુભવ કરવાનો પણ છે. અહીં પાર્થિવ જીવનમાં એટલે સ્થૂળ જગતમાં અને માનવદેહમાં એ હેતુ સાધવો હોય તો અંતરાત્મામાં સ્થિર, નિષ્ક્રિય અને ગુણોથી મુક્ત થઈ જવું એટલું બસ નથી, તથા બાહ્ય કરણોના ઉપર ગુણોનાં કાર્યને સાક્ષી ભાવે જોવું તથા ઉદાસીન ભાવે એનાં યાંત્રિક પ્રતિકાર્યો પોતાનામાં થવા દેવાં એટલું પૂરતું નથી. કારણ કે આપણે તો સક્રિય પ્રકૃતિ તથા આપણો 'સ્વ' બન્ને પ્રભુને સમર્પણ કરવાનાં છે. એ બન્નેનું દિવ્યતામાં રૂપાંતર થવું આવશ્યક છે. પુરુષોત્તમ પ્રભુ જોડે તમારા સમગ્ર અસ્તિત્વનો સાધર્મ્યમાં વિકાસ થવો જોઈએ. તમારી અંદર છે તે સઘળું સચેતન આધ્યાત્મિક ભાવને — मद्भाव ને પ્રાપ્ત કરે એ આવશ્યક છે. સમર્પણ તો પૂરેપૂરું થઈ જવું જોઈએ. સર્વ ભાવથી મારામાં જ તમે આશ્રય લો, તમારી પ્રકૃતિની એકેએક સચેતન ક્રિયાની અંદર પણ મારો જ આશ્રય લો; કારણ કે આ મહાન રૂપાંતર અને પૂર્ણતા એવી એકતા સહિત સાધેલો આશ્રય જ પ્રાપ્ત કરાવી શકે છે.

યોગસાધનાની આ ઊંચામાં ઊંચી સાર્થકતા કર્મના પ્રશ્નનો ઉકેલ એકદમ લાવી દેશે, અથવા ખરું જોતાં, કર્મના કોયડાને પૂરેપૂરો દૂર કરી દઈને જડમૂળથી એનો વિનાશ કરશે. માનવકર્મ મુશ્કેલીઓથી અને ગૂંચવણોથી ભરેલી વસ્તુ છે. તે વનની પેઠે જટિલ અને એકબીજાની સાથે ગંઠાઈ ગયેલી વસ્તુઓનું બનેલું છે, અને એ કર્મરૂપી ગહન વનની અંદર થોડા ઓછાવત્તા અંધકારભર્યા રસ્તાઓ જતા જણાય છે ખરા, પરંતુ તે વનની આરપાર જતા લાગતા નથી. કર્મની એ બધી મુશ્કેલી અને જટિલતા એક જ વસ્તુમાંથી ઉદ્‌ભવે છે અને તે એ કે માનવ અત્યારે એની માનસિક, પ્રાણમય અને અન્નમય પ્રકૃતિના અજ્ઞાનમાં પુરાયેલો છે. પ્રકૃતિના ગુણો માનવને ફરજ પાડે છે, અને છતાં એની સંકલ્પશક્તિ એના પર જવાબદારીના ભાનનો બોજો નાખે છે, કારણ કે એના અંતરમાં એવું કાંઈક રહેલું છે જેને એમ લાગે છે કે 'હું આત્મા છું' અને આત્મા હોવાને કારણે પોતાની પ્રકૃતિના ભર્તા, શાસક અને ઈશ્વર પોતે બનવું જોઈએ એમ પણ તેને લાગે છે. જોકે અત્યારે તો તે બિલકુલ શાસક નથી, અથવા તે બહુ જ થોડા પ્રમાણમાં છે. અત્યારની સ્થિતિમાં એના જીવનના સર્વ નિયમો, એના સર્વ ધર્મો અપૂર્ણ, તાત્કાલિક અને કામચલાઉ તથા સારામાં સારા હોય ત્યારે પણ, થોડે જ અંશે સાચા કે યોગ્ય હોઈ શકે. જ્યારે માનવ પોતાની જાતને ઓળખે, પોતે જે જગતમાં જીવે છે તેના સાચા સ્વરૂપને જાણે, અને સૌથી વધારે તો પોતે જે સનાતન શાશ્વતમાંથી આવ્યો છે, જે સચ્ચિદાનંદની અંદર, અને જેને લઈને પોતે જીવે છે, તે અનંતને પ્રાપ્ત કરે ત્યારે જ એની એ અપૂર્ણતા દૂર થઈ શકે. એક વાર માનવ સત્ય ચેતનાને અને જ્ઞાનને પ્રાપ્ત કરે છે પછીથી એને માટે કોઈ

કોયડો રહેતો નથી; કારણ કે ત્યાર પછી એ પોતાના આત્મસ્વરૂપમાંથી, આત્મારૂપી કેન્દ્રમાંથી મુકતપણે કર્મ કરે છે, તથા આત્માના અને ઊંચામાં ઊંચી દિવ્ય પ્રકૃતિમાં રહેલા સત્ય અનુસાર તે સ્વાભાવિકપણે જીવન ગાળે છે. આ સ્થિતિ જ્યારે પરિપૂર્ણ બને છે, જ્યારે આ જ્ઞાન એની પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે પોતાની અંદર પોતે નહિ પરંતુ પ્રભુ કર્મ કરે છે એવો અનુભવ માનવને થાય છે; તે એક સનાતન અને અનંત એની અંદર અને એની મારફત પોતાનાં મુકત જ્ઞાન, શકિત અને પૂર્ણતા સહિત કાર્ય કરતો હોય છે.

"માનવની સામાન્ય પ્રકૃતિ સત્ત્વ, રજ અને તમ એમ ત્રણ ગુણોની બનેલી હોય છે. આ ત્રણમાંનો જે ગુણ એનામાં પ્રધાન હોય તેને અનુસરીને પોતાના જીવનનો અને કર્મનો અમુક નિયમ માનવ અનુસરતો હોય છે. જ્યારે તામસિક અને ઇન્દ્રિયોના સંસ્કારોને વશ માનસ હોય છે ત્યારે માનવ જડતા, ભય અને અજ્ઞાનને વશ હોઈ, કાં તો પોતાની આજુબાજુની પરિસ્થિતિના દબાણને થોડે અંશે વશ વર્તે છે તથા થોડેઘણે અંશે પોતાની કામનાઓના અનિયમિત અને ઓચિંતા આવેગોને અનુસરે છે, યા તો મંદ, અભ્યાસજડ થઈ ગયેલી એવી બુદ્ધિ વડે થયેલા રોજિંદા કાર્યક્રમમાં એ પોતાનું રક્ષણ શોધે છે. કામનામય એવું રાજસિક માનસ પોતે જે જગતમાં જીવે છે તેની સાથે ઝઘડે છે, તથા હમેશાં નવી નવી વસ્તુઓને મેળવવા મથે છે; તે હુકમ કરવા, ઝૂઝવા, જીતવા, સર્જવા તથા વિનાશ કરવા તથા એકઠું કરવા મથે છે. એ રાજસિક મન સફળતા અને નિષ્ફળતા વચ્ચે, આનંદ અને શોક વચ્ચે, ઉત્સાહ અને નિરુત્સાહ વચ્ચે ઝોલાં ખાતું હમેશાં આગળ ધપે છે. પરંતુ એમ ધસતાં એની સર્વે પ્રવૃત્તિઓમાં એ બહારથી ગમે તે નિયમનો સ્વીકાર કરતું દેખાય તોપણ, એ માનસ અધોમુખ જીવનનો અને અહંનો નિયમ જ અનુસરતું હોય છે. અર્થાત, ક્ષુબ્ધ, અકલ્યાત એવી પોતાની જાતને અને સર્વને ભક્ષી જનાર અસુરની અને રાક્ષસની પ્રકૃતિને તે અનુસરતું હોય છે. સત્ત્વગુણપ્રધાન માણસ થોડે અંશે આ સ્થિતિથી પર થઈ જઈ શકે છે, અને આ સાત્ત્વિક માનસ જોઈ શકે છે કે અહં અને કામનાના સંતોષ કરતાં કોઈ જુદો જ નિયમ અનુસરવો જરૂરી છે. અને એ પ્રમાણે તે કોઈ સામાજિક, નૈતિક કે ધાર્મિક નિયમ ઊભો કરે છે અને પોતાના ઉપર લાદે છે. સામાન્ય માણસ આ સ્થિતિથી ઊંચે જઈ શકતો નથી; એટલે કે પોતાનાં મન અને સંકલ્પશકિતને માટે કોઈ આદર્શ કે જીવનનો નિયમ કલ્પવો અને જીવનમાં અને વર્તનમાં બની શકે તેટલી વફાદારીથી તેનું અનુશીલન કરવું એ સામાન્ય માણસને માટે ઊંચામાં ઊંચી સ્થિતિ ગણી શકાય. એ સાત્ત્વિક માનસને કેળવીને એની સૌથી ઉત્તમ સ્થિતિએ એને લઈ જવું જરૂરનું છે જેથી કરીને અહંના હેતુઓના મિશ્રણને તે પૂરેપૂરું દૂર કરી દઈ શકે અને ધર્મને ખાતર

ધર્મનું અનુશીલન કરી શકે; એટલે કે એક તટસ્થ સામાજિક, નૈતિક કે ધાર્મિક આદર્શને સ્વીકારીને તેને અમલમાં મૂકી શકે. ટૂંકમાં, कर्तव्य कर्म — કર્તવ્ય સમજીને અનાસકતપણે તે તેનું આચરણ કરી શકે.

"પરંતુ પ્રકૃતિના સઘળા કાર્યનું આખરી સત્ય એ પ્રકારની કોઈ બાહ્ય માનસિકતામાં નહિ પરંતુ વધારે ગૂઢ આત્મતત્ત્વમાં, 'સ્વ'માં રહેલું છે. એ સત્ય આ છે: માનવ દેહધારી આત્મા છે અને તે સ્થૂલ અને માનસિક પ્રકૃતિમાં અંતર્હિત થયો છે, અને એ આત્મા પોતાના સ્વરૂપના કોઈ આંતરિક ધર્મ પ્રમાણે નિયત થયેલા, પોતાના વિકાસના ક્રમેક્રમે પ્રગતિ કરતા નિયમને અનુસરી રહેલો છે. એના આત્માનું બીબું એનાં મન અને પ્રાણનું ચોકઠું નિર્મે છે, એના સ્વભાવને નિયત કરે છે. પ્રત્યેક માનવનો પોતાનો સ્વધર્મ છે, એટલે કે એની અંતરની સત્-તાનો નિયમ છે જેનું પાલન તેણે કરવું જોઈએ. એ નિયમ પ્રત્યેકે શોધી કાઢવાનો છે અને અનુસરવાનો છે. એ પ્રમાણે નિયમનું અનુકરણ કરવું એ વિકાસનો સાચો નિયમ છે; એમાંથી ચલિત થવું એટલે અવ્યવસ્થા, ઢીલ અને ભૂલોને દાખલ કરવાં. તે સામાજિક, નૈતિક અને ધાર્મિક નિયમ કે તે આદર્શ માનવને માટે હમેશાં ઉત્તમ છે જે એના સ્વધર્મનું પાલન અને અનુસરણ કરવામાં એને મદદ કરે છે.

"પરંતુ આ પ્રમાણે જે કર્મો કરવામાં આવે તે સઘળાં — એમાંનાં ઉત્તમોત્તમ પણ — મનના અજ્ઞાનને અને ગુણોના કાર્યને વશ હોય છે જ. જ્યારે માનવ પોતાના આત્માને ઓળખે છે, પોતાના આત્માને જાણે છે, ત્યારે જ તે અજ્ઞાનથી પર થઈ જાય છે અને પોતાની ચેતનામાંથી અજ્ઞાનને તથા ગુણોના અવ્યવસ્થિત કાર્યને ભૂસી નાખી શકે છે. તમને આત્મજ્ઞાન થશે તથા તમે તમારા આત્માની અંદર જીવન ધારણ કરતા થશો ત્યાર પછી પણ તમારી પ્રકૃતિ તેના જૂના અભ્યાસની ઘરેડમાં ચાલુ રહેશે અને થોડા સમય માટે એના અધોમુખ ગુણો પ્રમાણે કર્મ કરવાનું ચાલુ રહેશે. પરંતુ હવે તમે એના કાર્યને સંપૂર્ણ આત્મજ્ઞાન સહિત જોઈ શકશો અને તમારા જીવનના પ્રભુને યજ્ઞરૂપે એ કાર્યને સમર્પણ કરી દઈ શકશો. એટલે તમારા સ્વધર્મનું અનુસરણ કરો, તમારો સ્વભાવ જે કર્મની માગણી કરતો હોય — પછી તે કર્મ ગમે તે હોય તોપણ — તેનું આચરણ કરો, અહંના સઘળા હેતુઓનો ઇન્કાર કરો, સ્વચ્છંદી સંકલ્પશકિત વડે કર્મનો આરંભ કરો નહીં, કામનાના અમલને પ્રકૃતિમાંથી દૂર કરો, તમારા જીવનનું સર્વ ભાવે પ્રભુને સમર્પણ થાય નહિ ત્યાં સુધી આ પ્રમાણે કરવાનું ચાલુ રાખો.

"જ્યારે એ પ્રમાણેનું સંપૂર્ણ સમર્પણ તમે સાચા દિલથી કરી શકશો ત્યારે એક પણ અપવાદ વિના તમારાં સઘળાં કર્મોના આરંભોનો તમારા અંતરમાં રહેલા પ્રભુના હાથમાં સંન્યાસ કરી દેવાની સોનેરી તક આવી છે એમ જાણવું. ત્યાર

પછી વ્યવહારના સર્વ નિયમોથી, સર્વ ધર્મોથી તમે મુક્ત થઈ જશો, તમારી અંદર રહેલી પ્રભુની દિવ્ય શક્તિ, તેનું સાન્નિધ્ય તમને પાપ અને અનિષ્ટમાંથી મુક્ત કરશે અને માનવના સદ્ગુણનાં ધોરણોથી તમને ક્યાંયે ઊંચે લઈ જશે. કારણ કે ત્યાર પછી આધ્યાત્મિક સત્-તાના અને દિવ્ય પ્રકૃતિના નિરપેક્ષ અને સ્વાભાવિક સત્યમાં અને વિશુદ્ધિમાં તમે જીવન ધારણ કરશો અને એમાંથી જ કર્મમાં પ્રવૃત્ત થશો. તમારી પ્રકૃતિ દ્વારા તમે નહિ પરંતુ પ્રભુ પોતે પોતાની સંકલ્પશક્તિનો અમલ કરશે અને તે તમારી અધોમુખ અંગત તૃપ્તિ કે કામનાને ખાતર નહિ, પરંતુ જગતમાં પોતાનો કાંઈ હેતુ સાધવાને ખાતર, તમારા દિવ્ય કલ્યાણને માટે, માનવમાત્રની પ્રચ્છન્ન કલ્યાણ-પ્રાપ્તિ માટે તે કાર્ય કરે છે. જ્ઞાનના પ્રકાશમાં પ્લાવિત થયેલી તમારી દૃષ્ટિ જગતમાં પ્રભુનાં દર્શન કરશે તથા કાલના પ્રવાહમાં થતાં કર્મોમાં પણ તે પ્રભુને જોઈ શકશે, એના દિવ્ય ઉદ્દેશને જાણી શકશે, એના આદેશનું શ્રવણ કરી શકશે. તમારી પ્રકૃતિ પ્રભુની સંકલ્પશક્તિને જ એના કરણ તરીકે સ્વીકારશે અને એની જે કાંઈ ઇચ્છા હશે તેનો કશા પણ પ્રશ્ન વગર અમલ કરશે, કારણ કે તમારી ચેતનાની સપાટી ઉપરથી અથવા તો એના ઊંડાણમાંથી આવતા પ્રત્યેક આરંભ સાથે એક પ્રકારનું સમ્રાટસમું આજ્ઞાકારી અનુલ્લંઘનીય જ્ઞાન પણ તમને પ્રાપ્ત થશે. અને એક દિવ્ય જ્ઞાન અને એના હેતુને તમે જ્ઞાનપૂર્વક અનુમતિ પણ આપશો. યુદ્ધ પ્રભુનું હશે, વિજય પણ એનો હશે, સામ્રાજ્ય પણ એનું જ સ્થપાશે.

"આ જગતમાં અને સ્થૂલ દેહમાં રહેનાર તમારે માટે આ પૂર્ણતા પરિપૂર્ણ સિદ્ધિ છે અને જે જગતોમાં સ્થૂલ જન્મ થાય છે તે જગતોથી પર રહેલી એવી સનાતન સચ્ચિદાનંદની ચેતના તમારી પોતાની ચેતના બની રહેશે, અને પ્રભુના પરમ દિવ્ય લોકમાં તમે શાશ્વત કાળ સુધી વાસ કરી શકશો. જન્મની ઘટમાળનો અને મર્ત્ય ભાવનો ભય તમને સતાવશે નહીં; કારણ કે અહીં પાર્થિવ જીવનમાં તમે પ્રભુનો આવિર્ભાવ સિદ્ધ કર્યો હશે અને મન, પ્રાણ તથા દેહમાં તમારો આત્મા અવતરેલો હોવા છતાં આત્માની વિશાળ શાશ્વતીમાં તે ભળી જઈને, — એક થઈ જઈને પોતાનું જીવન ગાળતો થઈ ગયો હશે.

"આ ગતિ એ પરમ ગતિ છે. તમારા આત્માનું અને પ્રકૃતિનું સંપૂર્ણ સમર્પણ, સર્વ ધર્મોનો પ્રભુના હાથમાં પરિત્યાગ, અને તમારી પ્રકૃતિનાં સર્વ કરણોમાં પ્રભુની દિવ્ય પ્રકૃતિને પ્રાપ્ત કરવા માટેની એક માત્ર અભીપ્સા હોવી એ પરમ ગતિ છે, ઊંચામાં ઊંચી આધ્યાત્મિક સિદ્ધિ છે. આ ગતિ એક વાર સિદ્ધ કરી શકો, શરૂઆતમાં કે માર્ગમાં, આગળ જઈને ઘણે મોડેથી એમ ગમે ત્યારે, તો પછી તમારી બાહ્ય પ્રકૃતિ ગમે તે હોય તોપણ તમારો માર્ગ નિશ્ચિત થઈ ગયો છે અને તમારી સિદ્ધિ આવ્યા વિના રહેવાની નથી એમ સમજવું.

તમારા અંતરમાં રહેલી કોઈ પરમ દિવ્ય સન્નિધિ તમારી યોગસાધનાને પોતાના હાથમાં લઈ લેશે અને તમારા સ્વભાવની દિશામાં તેને વેગપૂર્વક પ્રગતિ કરાવીને સંપૂર્ણ ચરિતાર્થતા પ્રાપ્ત કરાવશે. અને ત્યાર પછી, તમારા જીવનનું અને કર્મનું સ્વરૂપ ગમે તે હો તમારી ચેતના સદા સભાનપણે પ્રભુમાં જ સર્વાંગી અને સર્વ કર્મ કરતી થઈ જશે અને તમારા અંતરના અને બહારના એકેએક કાર્યમાં, તમારા અંતરની અને બહારની એકેએક ગતિમાં પ્રભુની દિવ્ય શક્તિ પોતે કાર્ય કરતી હશે. આ પરમ માર્ગ છે, કારણ કે આ પરમ રહસ્ય છે, આ અગમ્ય માર્ગ છે અને છતાં અંતરની ચેતનાની એક એવી યાત્રા છે જેને સૌ કોઈ સિદ્ધ કરી શકે, જેનો સાક્ષાત્કાર સૌ કોઈ કરી શકે તેમ છે. તમારા સાચા આધ્યાત્મિક જીવનનું આ સૌથી ગહનમાં ગહન અને સૌથી વધારે અંતરંગ સત્ય છે."